# अगत्यनी भलामण.

આ દળદાર અંક ત્હમારા હાથમાં આવે ત્હારે પ્રથમ બે બોલ (પૃષ્ઠ ૪૦૧), સંયુક્ત એટલે? (૪૧૨-૧૦), હોમરૂલ! હોમરૂલ!! (૪૧૨-૧૪), સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહને લગતા સમાચાર (૪૧૨-૧૪), ત્હમે ક્યહાં ઉભા છો? (૮૦૯) એટલા લેખો તથા પુંઠાના ૩ પૃષ્ટપરનું લખાણ વાંચવું અને તે પછી બીજા લેખો વાંચવા શરૂ કર્યાં પહેલાં—

## अंदरनुं कार्ड भरी तुरत रवाना करवुं.

---

# जैनहितेच्छु.

# THE JAIN-HITECHHU.

દુનિયાભરમાં જ્યહાં જ્યહાં જૈનતત્વ છૂપાયલું હોય ત્યહાં ત્યહાંથી ત્હેને બહાર લાવનારૂં, વિકસાવનારૂં અને માત્ર જૈનત્વને જ પૂજનારૂં પત્ર.

---

" 'जीववुं' ए कीडानुं लक्ष्य छे; 'जीतवुं' ए जैननुं लक्ष्य छे."

---

પુસ્તક ૧૯-૨૦ ] [ મે ૧૯૧૮

મુખ્ય લેખક

વા. મો. શાહ.

પ્રકાશક:—શંકરાભાઈ મોતીલાલ શાહ, ટૅક્નોલૉજીકલ કૅમીસ્ટ.

तमाम पत्रव्यवहारः

'जैनहितेच्छु' ऑफिस—नागदेवी स्ट्रीट—मुंबई.

આ અંકનો રૂ. ૧] વાર્ષિક મૂલ્ય (પોસ્ટેજ સાથે) માત્ર ૦-૮-૦ [પ્રતિ ૫૦૦૦

સૂચના:- આ અંકના વિષયોની સવિસ્તર અનુક્રમણિકા જોવા માટે દરેક લેખ વિચારપૂર્વક-ધીમે ધીમે-અભ્યાસીની પેઠે વાંચવા વિનંતિ છે. સમાજશાસ્ત્ર, માનસશાસ્ત્ર, તત્ત્વજ્ઞાન, વ્યવહાર, ધર્મ, કેળવણી, ઇત્યાદિ ઘણા વિષયોનું જ્ઞાન આમાંથી મળી શકે તેમ છે. લખનારનો શ્રમ ત્હારે જ સફળ થાય કે, વાંચનાર અગાઉથી બાંધી રાખેલા વિચારોને એકીસર બાજુએ મૂકી બુદ્ધિપૂર્વક વાંચે અને બુદ્ધિપૂર્વક મનન કરે

# છે કોઈ સાચા દીલનો સખાવતી ?

## 'હું ૨૦,૦૦૦ આપવા તૈયાર છું'—
## —જો બીજો ગૃહસ્થ ૨૦,૦૦૦ આપે તો !

### ચાલીશ હજારનું પુણ્ય બીજા ગૃહસ્થને !

એક જૈનબન્ધુ ઑફર મોકલે છે કે, "હું મધ્યમ સ્થિતિનો માણસ છું. 'સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહ'થી સમસ્ત જૈન કોમ તેમજ દેશને મ્હોટો લાભ છે એવી મ્હારી અંતરની શ્રદ્ધા છે. એ સંસ્થાને મ્હારી શક્તિ મુજબ 'ફુલ નહિ ને ફુલની પાંખડી' મ્હેં આપી છે. પરન્તુ એ સંસ્થાને કાયમને માટે પગભર કરવા ખાતર મ્હારો વિચાર છે કે મ્હારે દેવું કરીને પણ રૂ. ૨૦,૦૦૦ આપવા; પરન્તુ મ્હારી એટલી રકમથી કાંઈ ઈરાદો બર આવી શકે નહિ. હું જરા તકલીફમાં મૂકાઉં, પણ જો સંસ્થા કાયમની પગભર થતી હોય તો મ્હારા દુઃખ માટે હું ચિંતા ન કરૂં તે ઉચીત છે, પણ

**જો કોઈ ગૃહસ્થ રૂ. ૨૦.૦૦૦ આ સંસ્થાને**

**એકમષ્ઠિ દાન કરવા બહાર પડે તો—તે શરતે—**

**હું રૂ. ૨૦.૦૦૦ આપવા ખુશી છું.**

આપના ઉપર કોઈ એવા સાચી લાગણીવાળા સખાવતી ગૃહસ્થનો સંતોષકારક પત્ર આવે તો મ્હારી પાસેથી રૂ. ૨૦,૦૦૦ મંગાવી લેશો. મ્હારી આ ઑફર તા. ૧ લી જુલાઈ ૧૯૧૮ સુધી ખુલ્લી છે. વધુમાં કહીશ કે, મ્હારી રૂ. ૨૦૦૦૦ ની રકમનું પુણ્ય, મ્હારી ઑફર સ્વીકારનાર સખાવતે બહાદુર ગૃહસ્થને જ મળો એમ મ્હારી પ્રાર્થના છે."

ઉપરના પત્રની ઑફર ઉપાડી લેવા શ્રીમંત સુજ્ઞોને વિનંતિ છે. પત્રવ્યવહાર:—

'જૈનહિતેચ્છુ' ઑફિસ—નાગદેવી સ્ટ્રીટ—મુંબઈ.

# જૈનહિતેચ્છુ.

પુસ્તક ૧૯-૨૦ ] [ સપ્ટેમ્બર ૧૯૧૭ થી જુન ૧૯૧૮.

## બે બોલ.

જુન, ૧૯૧૭નો અંક ૩૨૬ પૃષ્ટનો દળદાર અંક પ્રગટ થયા પછી ('સંયુક્ત જૈનવિદ્યાર્થીગૃહ'ના હિતાર્થે ઑકટોબરમાં બહાર પાડેલો ૧૦૦પૃષ્ટનો ખાસ અંક બાદ કરતાં) આજ સુધીમાં 'હિતેચ્છુ'ના ઇન્તેજાર વાચકોને વિવિધ સામાજીક,તાર્કિક કે તાત્વિક વિચારોનો ખોરાક આપવા હું શક્તિમાન થયો નહતો. એ અરસામાં ઘણે ભાગે હું બ્રાહ્મણ મટી ક્ષત્રિય થયો હતો; લખવા-વાંચવા-વિચારવાનું બાજૂએ રાખી કર્મયોગમાં પડયો હતો. લેખો, સામાજિક કે તાત્વિક વિચારો આપે છે; કર્મયોગ, સમાજશાસ્ત્ર અને તત્ત્વજ્ઞાન ભજવાવે છે. ગયા જુનથી આજ સુધીમાં મ્હારી વિધિ મ્હને કર્મક્ષેત્રમાં ધક્કા મારતી રહી છે. આ મહીનાઓમાં સમાજના બાહ્ય તેમજ આંતર સ્વરૂપનો અનુભવ મળે એવા ઘણા પ્રસંગોમાંથી હું પસાર થયો છું. ન્હાનીમ્હોટી કેટલીએ સેવાઓ, કેટલાંએ ગુપ્ત કે ખુલ્લાં યુદ્ધો, કેટલીએ મુસાફરીઓ, અપીલો, વ્યાખ્યાનો, લેખો અને મુલાકાતોના આ પ્રસંગમાં મ્હેં ઘણુએ થાક, ઘણુએ કંટાળા, ઘણીએ નિરાશાઓ, ઘણીએ ગુપ્ત કે ચાહન કૃતેહો અને ઘણુએ આનંદોનો અનુભવ મેળવ્યો છે, એટલું જ નહિ પણ તે તે પ્રવૃત્તિઓની મધ્યમાં મ્હારામાં આવતી પ્રાસંગિક 'ઓટ'ને 'ભરતી'માં બદલી નાખવા ખાતર ન છૂટકે-ગરજે-વાંચવા પડેલાં પુસ્તકોએ અને કરવા પડેલા મનને પણ મ્હને સ્વર્ગથી વિશેષ આનંદ અને નરકથી વિશેષ 'કષ્ટ'નો પણ હિસ્સો ચખાડયો છે. મ્હારી બુદ્ધિ તેમજ હૃદય સાથે શરીરનો પણ એ મન્થન કાળ હતો-હજીએ છે. જીંદગીની કહેવાતી સગવડો વચ્ચે હું તપું છું, વગર દરદે દરદી છું, કોઇનું કાંઇ લીધા વગર ઘણાની શત્રુતા અનુભવું છું; એટલું જ નહિ પણ તત્વનો અભ્યાસ અને મનન જ્હેને ઘણાઓ શાન્તિ આપનાર માને છે તે મ્હને એવી લાગણીનો અનુભવ કરાવે છે કે જેવી લાગણી સુવર્ણને અગ્નિમાં નાખવાથી થતી હોય. હર્ષ અને ખેદ, આશા અને નિરાશા,

ચાહ અને તિરસ્કાર એ દ્વંદ્વોએ આટલા જોરથી થોડાં જ હૃદયોમાં તોફાન કર્યું હશે. આ સમયમાં લેખો લખી આપવા પ્રકાશક તરફથી અનેક વખત આગ્રહ કરવામાં આવ્યો હતો, પરન્તુ હું લખી શકું તેમ જ નહોતું. સમુદ્રની મુસાફરી વચ્ચે એક બેટ આવવાની રાહ જોવી પડી હતી અને તે આવતાં ત્ય્હાં હું થોડા દિવસ થોભી ગયો અને લખાયું તે લખી ગયો. આ અંકમાં ત્હમે તે વાંચી શકશો. આમાં કોઇ લાવણ્યમયી વાર્ત્તા નથી કે જે ત્હમને કલાકો સુધી શ્વાસ રોકીને અનુસરવાનું આકર્ષણ કરે, કોઇ દાનપુણ્યનો સાદો ઉપદેશ નથી કે જે ત્હમે સડેડાટ વાંચી શકો. એમાં માનસશાસ્ત્ર, અધ્યાત્મ, ન્યાય, તત્ત્વજ્ઞાન અને આરોગ્યશાસ્ત્રને લગતાં મૂળતત્ત્વોને જૂદા જૂદા પોશાક પહેરાવી રજુ કરાયલાં છે. એકીસાથે વાંચી જવાની તે ચીજો નથી, જો કે એ કઠીન તત્ત્વો સમાચાર સાથે કે ચાલુ બનાવો ભેગા ઓતપ્રોત કરાયલા હોઇ વાંચવાની જીજ્ઞાસા તો પ્રેરશેજ. એક પણ લેખ, એક પણ નોંધ, એક પણ સમાચાર, એક પણ ચર્ચા અમુક તત્ત્વનું શિક્ષણ આપવાના આશય વગર લખાયલી નથી. એમાં જ્ઞાતિઓને જાણવા જોગ તત્ત્વો છે, સંઘોને જાણવા જોગ તત્ત્વો છે, દેશપ્રેમીઓને જાણવા જોગ તત્ત્વો છે, આરોગ્ય, શક્તિ અને નીતિ શોધનારાઓ માટે ખોરાક છે, બુદ્ધિવાદની ઉજાણી ઇચ્છનારાઓ માટે ખોરાક છે, અધ્યાત્મની ખાઇઓ અને ટેકરામાં ભટકવા ઇચ્છનાર માટે 'પહાડી વંટોળીઆ' પણ છે. સુધારક, પત્રકાર, લેખક, વક્તા જો ઇર્ષાભાવથી વાંચશે તો તો મ્હને ગાળો જ દેશે, 'કોરા મગજ'થી વાંચશે તો કાંઇક પામી શકશે. મ્હારૂં લખાણ એ મ્હારા જીવનનો તરજુમો છે, કોઇના વિચારોનો પડઘો કે પ્રતિછાયા નથી. કોઇના વિચારોને હું આભારી નથી એમ કહેવા હું માગતો નથી; એથી ઉલટું, વંચાયલું સર્વ, જોવાયલું સર્વ, વારસામાં મળેલું સર્વ, સાંભળેલું સર્વ અને અનુભવેલું સર્વ એક સ્થળે મળી એક રસ થઇ ત્ય્હાંથી ત્હેનો પ્રવાહ નીકળે છે, પણ તે પ્રવાહ એક 'ખાસ ચીજ' કે જે ઘણી ચીજોના એકરસ થવાથી બની છે ત્હેનો છે. કેટલાકને તેથી આનંદ થશે, કેટલાકને દુઃખ પણ થશે. કેટલાકને તે 'સમકિત' લાગશે, કેટલાકને 'મિથ્યાત્વ' પણ લાગશે. કેટલાકને તે આત્મદમનનું ફળ લાગશે, કેટલાકને મિથ્યાભિમાનનું કડવું તુંબડું પણ લાગશે. પણ જે છે તે તે છે. હું કોઇને માટે બીજો થઇ શકું નહિ, કોઇ મ્હારે

માટે બીજો થઇ શકે નહિ.

હું માત્ર એટલું ઇચ્છું છું કે, આ અંકમાંના કોઇ એક વાક્ય ઉપર છૂટો અભિપ્રાય ન બાંધતાં તે વાક્યને આખા અંકના એક અંગ તરીકે ગણવા વાચકો કાળજી રાખશે. મ્હારૂં છૂટું છવાયું વાક્ય ચોરીને ત્હેના પર ટીકા કરવી એ મ્હારૂં ખુન કરવા બરાબર છે.

*　　*　　*　　*

એક મધ્ય રાત્રીએ મ્હને સૂતેલો જાંઇ મ્હારા હૃદયે મ્હારી બુદ્ધિ પર ઘુરકીઆં કરી કહ્યું: "ઓ નિર્દય! દયાની ઠંડી ચીજને આગ જેવી ભાવનાનો લેબાશ પહેરાવી બિચારા લોકસમૂહ વચ્ચે ઘુસાડતાં ત્હને કાંઇ શરમ નથી આવતી? તેથી તું લોકસમૂહને શાન્તિ ઉપજાવશે કે અશાન્તિ એનો ત્હને કાંઇ ખ્યાલ છે?"

બુદ્ધિએ એવડા જોરથી જવાબ વાળ્યોઃ "શાન્તિ અશાન્તિનું ધોરણ ત્હારે માટે છે, મ્હારે માટે ઉપયોગીતાનું ધોરણ માલેકે નિયત કર્યું છે. તું ખુશીથી તે ધોરણને વફાદાર રહે; એમાં જ માલીક તરફની વફાદારીનું પાલન છે. સાથે, મ્હને પણ આપણા માલીકની આજ્ઞાનું પાલન કરવા દે."

હૃદયે પૂછ્યું: "માલીકની આજ્ઞા આગળ હું લાચાર છું. પણ એક બીજી રીતે હું ત્હને દોષિત ઠરાવી શકીશ. બોલ, લાખ્ખો માણસો વચ્ચે એ ભયંકર તત્ત્વ મૂકવાથી લાભને બદલે ગેરલાભ ઘણાને થશે નહિ શું? ત્હારા 'ઉપયોગીતા'ના સિદ્ધાન્તને એથી આઘાત થશે નહિ શું?"

બુદ્ધિએ કહ્યું: "આખી દુનિયા કે દુનિયાનો મ્હોટો ભાગ સુધરી જાય એમ હું કદાપિ ઇચ્છું નહિ; અને મ્હારો પ્રયાસ એ અશક્ય રસ્તે હોય જ નહિ. હું 'થોડા'—'અધિકારી'—ઉન્નત આત્માઓને લક્ષમાં રાખીને જ બોલું છું. પરન્તુ ક્રોડો માણસો પૈકી કયા 'અધિકારી' અથવા 'ઉન્નત' છે તે શોધી કહાડવાનું કામ રહેલું નથી; તેમજ ઘેરેઘેર ફરીને 'અધિકારી' મળે ત્હેને જ મ્હારી વાત કહેવી એ ઘણા વખતનો ભોગ આપવા બરાબર છે. તેથી હું મ્હારા વિચારો છૂટા વેરૂં છું; અધિકારી હશે તે ત્હેને ચાખી ખાત્રી કરી સ્વીકારશે અને ત્હેમાંથી પુષ્ટિ મેળવશે. અનધિકારી ત્હેની કટુતા જોઇને જ દૂર ભાગશે, અને કદાપિ ખાશે તો અપચો થશે. કોઇને કંઇ નુકસાન ન જ થાય એવું કાંઇ કરવું અશક્ય છે. વળી જો, હૃદય! કોઇનો લાભ કે ગેરલાભ જોવાની મ્હને માલેકની આજ્ઞા નથી. હું પોતે તો આંધી છું; માલેક જ્યહાં દોરવી જાય ત્યહાં જવું

એ જ મ્હારો 'સદ્‌ગુણ' છે. ત્હારે મ્હારા પર ધુરકીઆં કરવા નહિ; માલકને પૂછી શંકાનું નિવારણ કરવું."

અને હું તુરત જ જાગી ઉઠયો અને બન્ને તરફ એક તીણી નજર ફેંકી કે તુરત બન્ને પોતપોતાની ગુફામાં છુપાઇ ગયાં! મ્હેં એક ગર્જના સાથે કહ્યું: "ખબરદાર કૂતરાંઓ! કારણો અને પરિણામોની પંચાયતમાં ત્હમારે કદાપિ ઉતરવું નહિ. ત્હમને મ્હેં તેવો અધિકાર આપ્યો છે શું? **ચુપચાપ** મ્હારી આજ્ઞાનું **પાલન** કરો, અને આજ્ઞાના **આશય** મ્હારી પાસે રહેવા દો. જાઓ, સુવરો! હમણાં પોઢી જાઓ; ખબરદાર, ગાઢ નિદ્રા લેજો; સ્હવારમાં ત્હમારે બીના ઘઉં દળવાના છે."

× × × × ×

આ અંકની ભાષા—મ્હારાં બીજાં દરેક લખાણો અને ભાષણોની ભાષા માફક—કેટલાકોને ઉગ્ર, કડક, આગ જેવી લાગશે. કોઇને આમ લાગે કે તેમ લાગે તે બાબતની મ્હને પોતાને ચિંતા કે ડર નથી, પરન્તુ જે આશય ફલીભૂત કરવાનો છે ત્હેમાં એવી ગેરસમજુતોથી કાંઇક કાંઇક ખલેલ પડવાનો સંભવ રહે છે, જે દૂર થાય એ મતલબથી અત્રે થોડોક ખુલાસો કરવાની રજા લઇશ. પ્રથમ તો મ્હારા દરેક વાચકને, આજના અંકમાં 'જૈન પત્રો અને પત્રકારો' એ મથાળાની 'નોંધ'માં **ભાષાના જે વિવિધ પ્રકાર** બતાવ્યા છે અને કોણ શા માટે અમુક ભાષા વાપરે છે તે સંબંધમાં જે **કુદરતનો કાનુન** બતાવ્યો છે તે સ્હમજવા અરજ કરીશ. એ સામાન્ય ખુલાસા ( general explanation ) પછી અંગત ખુલાસો કરવાની રજા લઇશ કે, મ્હારી જે ભાષાની ઉષ્ણતા માટે ફર્યાદ કરવામાં આવે છે તે જ ભાષાના અત્યંત 'ઠંડા'પણા માટે મ્હને પોતાને શરમ આવે છે! આ દેખીતા વિરોધનું વાસ્તવિક કારણ સ્હમજવા જેવું છે. હું જ્યહારે લખવા બેસું છું ત્યહારે જે બનાવ કે વિષય ઉપર મ્હારા મગજમાં વિચારો ધમસાણ મચાવી રહ્યા હોય છે અને જે વિચારો મ્હારી કલમમાં ઉતરવા જોર કરી રહ્યા હોય છે તે જ લખવાનો મ્હારો રીવાજ છે;-બીજા શબ્દોમાં કહું તો અગાઉથી ધારી મૂકેલા કે કોઇએ ફરમાવેલા વિષય ઉપર હું લખી શકતો નથી, માત્ર આંતરપ્રેરણાથી જ લખું છું; અને લખતી વખતે જે બનાવ ઉપર લખવાનું હોય છે તે બનાવની વિવિધ સ્થિતિઓ ( stages ) સીનેમાની ફીલ્મ માફક મ્હારી નજર સ્હામે

ફરતી રહી હોય છે, તે બનાવમાં ભાગ લેતી વ્યક્તિઓનાં એ પહેલાંનાં કૃત્યોનો સ્થૂલ દેખાવ પણ દૃષ્ટિ સમક્ષ ખડો થાય છે, તેઓના મગજની લંબાઇ–પહોળાઇ અને મગજની અંદરના માવાનું હલન–ચલન અને હેની quality અને quantity, તથા હેમના હૃદયની અંદરનાં ચિત્રોઃ આ સર્વ મ્હારી સ્હામે એટલા આસ્હેબ-પણાથી અને એટલી ત્વરાથી હાજર થાય છે કે એક સેકંડ માત્ર પણ હું મ્હારૂં ધ્યાન બીજી કોઈ દિશામાં લઇ જઇ શકતો નથી. પછી એ સઘળા દેખાવો પર મ્હારી દૃષ્ટિનાં કિરણો પડી હેમને ઓગાળી નાખે છે, હેની જાણે કે વરાળ બનતી હોય, અને તે વરાળ મ્હારા મગજ ઉપર આગના હરફ થઈ ચ્હોંટે છે. તે આગના હરફનો પછી મ્હારે 'ભાષા'માં 'તરજુમો' કરવો પડે છે, અને તે એટલો દમ વગરનો–એટલો શુષ્ક અને એટલો રોતડ હોવાનું, હું જ્યહારે ફુરસદે તે ફરીથી વાંચી જાઉં છું ત્ય્હારે, મ્હને 'ભાન' થાય છે કે તે વખતે મ્હને મ્હારા ઉપર જ તિરસ્કાર ભાવ ઉપજે છે. આ આખી ક્રિયા કેમ બનતી હશે હેનો ખ્યાલ હર એક માણસ લાવી શકે નહિ. ગમે તેમ હો, પણ મ્હારી કહેવાતી ઉગ્ર ભાષા—જે મ્હારી દૃષ્ટિએ નિર્માલ્ય છે–નું મૂળ કારણ મ્હેં ઉપર લખ્યું તે જ છે. જે જે સંસ્થાઓ કે વ્યક્તિઓની પ્રવૃત્તિ ઉપર મ્હેં ટીકા કરી છે અને તે ટીકા અતિ તીવ્ર ગણાઇ છે, તે તે સંસ્થા કે વ્યક્તિઓ પૈકી કોઇ સાથે મ્હારે અંગત વૈર નથી, બલ્કે હેમાંના કેટલાક તો મ્હારા સ્નેહીઓ–શુભેચ્છકો અને કેટલાક તો મિત્રો છે; અને એવી સંસ્થાઓ પૈકી કેટલીક તો એવી છે કે જ્હેની મ્હેં યથાશક્તિ સેવા કરી છે અને ટીકાઓ કર્યા પછી પણ સેવા કરી છે. ખાનગી જીવનમાં મ્હેં કોઇ તરફ શત્રુદૃષ્ટિએ જોયું સરખુંએ નથી એ હું અભિમાન સાથે કહેવાને હક્કદાર છું. સ્થાનકવાશી કૉન્ફરન્સ જ્યહારે ત્રણ વર્ષ સુધી બંધ રહી અને ક્રોડપતિ પ્રમુખ પોતે સંખ્યાબંધ શહેરોને અરજ કરી ચૂક્યા કે ખર્ચ અમો આપીશું તેમજ કામ કરનારા માણસો પણ અમો આપીશું અને હમે હમારા ગામમાં કૉન્ફરન્સ ભરવાનો યશ લ્યો, તે છતાં કોઇએ કૉન્ફરન્સને આમંત્રણ આપ્યું નહિ ત્ય્હારે, જો કે કૉન્ફરન્સના મૂખપત્રમાં હર વખત મ્હારા ઉપર બેસુમાર ખોટાં આળ અને ગાળોનો વર્ષાદ વર્ષી રહ્યો હતો તે છતાં, અને કૉન્ફરન્સ માટે કોશીશ કરવાની મ્હને અરજ પણ કર-

વામાં આવી ન હતી તે છતાં, હું સ્વેચ્છાથી મુસાફરીએ ઉપડી ગયો હતો અને જે ગૃહસ્થને મ્હારો શત્રુ બનાવવામાં આવ્યો હતો ત્હેના જ ઘેર જઇ ત્હેના જ ખર્ચે કૉન્ફરન્સ ભરવાનું આમંત્રણ લઇ ત્હેના હાથે જ કૉન્ફરન્સ ઑફિસ ઉપર તાર કરાવી ગુપચુપ ઘેર ચાલ્યો આવ્યો હતો. પાછળથી કૉન્ફરન્સ ઑફિસની અમુક વર્ત્તણુકથી ચમકી તે ગૃહસ્થે સમ્મેલનને મુલતવી રાખવાનું ઠરાવ્યું ત્હારે કૉન્ફરન્સઑફિસના પગારદાર સેક્રેટરી પોતાના વતનમાં ઉપડી ગયા અને મ્હારે ફરી હૈદ્રાબાદ જઇ બાજી સુધારવી પડી હતી અને સમ્મેલન માટે ઘણુંજ નજીકનું મૂહૂર્ત્ત નક્કી કરાવવું પડ્યું હતું. તે થઇ રહ્યા પછી તે ગૃહસ્થ ઉપર એસી૦ સેક્રેટરીનો તાર આવ્યો કે ત્હેને માટે અમુક ટ્રેનપર ગાડી મોકલવી. એક પગારદાર નોકર એક વડીલ પ્રત્યે એવી આજ્ઞા કરે તે ત્હેને અસહ્ય લાગવાથી તે ગૃહસ્થે ગાડી કે માણસ કાંઇ મોકલ્યું નહિ, અને ત્હેને–તે શહેરથી અજાણ્યા મુસાફરને લેવા રાત્રીએ હું એકલો ભાડાની ગાડી કરી સ્ટેશને ગયો હતો અને ત્હેને મ્હારા ઉતારા પર લઇ જઇ ત્હેના ભોજનનો પ્રબંધ મ્હારે જ કરવો પડ્યો હતો, તથા મજકુર ગૃહસ્થ સાથે પ્રિતિ પણ મ્હેં જ જોડી આપી હતી. ત્યાર પછી મુંબઇ પાછા ફર્યા બાદ પ્રમુખ મેળવી આપવાની મ્હને ત્રણ અરજન્ટ તારથી અરજ થવાથી ત્હેમણે પસંદ કરેલાં નામો પૈકીના બે ગૃહસ્થને મળી મુશ્કેલીથી સ્હમજાવી નિમણુક કરી જવાબ આપ્યો ત્હારે તે નિમણુક રદ કરી મ્હારૂં અને તે બન્ને સદ્ગૃહસ્થોનું અપમાન કરીને જ નહિ અટકતાં ઍસી. સેક્રેટરી મુંબઇ આવીને મ્હને કહેવા લાગ્યા કે ત્હેમણે એક એવા ગૃહસ્થને પ્રમુખ નીમ્યા છે કે જ્હેમણે મ્હને કૉન્ફરન્સથી બાતલ કરવાનો ઠરાવ એ જ કૉન્ફરન્સમાં પસાર કરવાની શરતે એ પદ સ્વીકાર્યું છે ! એ વખતે રા. મોહનલાલ દલીચંદ દેસાઇ બી. એ. એલ. એલ બી. અને બીજા મિત્રો બેઠા હતા. આ સમાચાર ગમે તેવા શાન્ત મનુષ્યમાં પણ વૈરની આગ ઉત્પન્ન કરવાને પુરતા હતા; પરન્તુ મ્હેં તે ઍસી. સેક્રેટરીને, તે તે વખતે મ્હારા ઘરમાં હોવાથી, એક પરોણા કે દેવ તરીકેનું સન્માન આપ્યું હતું. મ્હારા મિત્રોએ મ્હારી આ વર્ત્તણુક માટે મ્હને નિર્બળ–દુનિયાદારીના અનુભવ વગરનો—'ભોળો' કહી પુષ્કળ ઠપકો આપ્યો હતો, અને તે છતાં જ્યહારે હૈદ્રાબાદવાળા ગૃહસ્થે મ્હને કૉન્ફરન્સમાં હાજર રહેવા ઉપરાઉપરી બે તાર કર્યા ત્યહારે મિત્રોને નાખુશ કરીને તથા નવા જ શરૂ કરેલા ધંધાને છોડીને,

મ્હેં પોતે બોલાવ્યાવેલી કૉન્ફરન્સમાં મ્હને જ હમેશને માટે બૉ-યકોટ કરનારા નાલાશીભર્યા કાર્યક્રમનો પ્રેક્ષક બનાવવા કરાયેલું આ-મંત્રણ સ્વીકારી હું ત્હાં વખતસર હાજર થયો હતો. રસ્તામાં મ્હેં મ્હારી વિરૂદ્ધ છપાયલાં હૅન્ડબીલો વ્હેંચાતાં જોયાં હતાં. અમુક ઠરાવ કર-વાની શરતે જ પ્રમુખે પ્રમુખપદ—જીંદગીમાં પહેલી જ વખત જાહેર જીંદગીને લગતું કાર્ય—સ્વીકાર્યું હતું તે હું જાણતો હતો. પંડિત લા-લન મ્હારા ભેગા જ ઉતર્યા હતા અને તેઓ સાક્ષી પુરી શકશે—મ્હેં ત્હેમની વિરૂદ્ધ અસહ્ય લેખ થોડા વખત ઉપર જ લખ્યો હતો તે છતાં—કે, મ્હેં ત્હાં કેવી શાન્તિથી કામ લીધું હતું, કેટલી હ-દની ઉદારતાથી હું મ્હને સંઘબહાર મૂકવાની પ્રબળ ઇચ્છાવાળી અને તે છતાં મ્હારાથી બેહદ ડરતી **દુશ્મન ટોળીનો 'નાયક' બની** ત્હેમનો ધારેલો ઠરાવ નિર્વિઘ્ને પસાર કરાવી આપવા બ્હાર પડયો હતો, મ્હારા પ્રશંસકોની મ્હોટી સંખ્યાને શાન્ત રહેવાની ફરજ પાડી કેવી રીતે મ્હેં **પોતે જ મ્હારી વિરૂદ્ધનો** ઠરાવ **પ્લેટફૉર્મ પરથી રજુ કર્યો હતો,** અને કેવી રીતે કાંઇ પણ તોફાન ન થવા દેતાં ઇજ્જતભેર બચી જઇને વિરોધીઓ પાસેથી શાસ્ત્રો-દ્ધારક ફંડ શરૂ કરાવી તે કામ માટે વીસેક હજારની મ્હોટી રકમ કૉન્ફરન્સને તેઓ પાસેથી જ અપાવી હતી! શું આ કામ જ્હેની પ્ર-કૃતિમાં વૈરભાવ કે ઇર્ષાભાવ હોય ત્હેનાથી બની શકશે? આ બનાવ મ્હેં **આટલાં વર્ષોસુધી**—મ્હારી પાસે **પોતાનું પેપર હોવા છતાં**—જાહેર કર્યો ન હતો એ પરથી એટલું પણ સ્હમજાશે કે હું માનને માટે મરી પડનારામાંનો એક નથી. અત્યારે તે બનાવની યાદદાસ્તી **એટલા માટે** કરાવવી પડી છે કે, મ્હારી **ભાષા** ઉ-પરથી મ્હારા **આશય કે પ્રકૃતિને** ગેરઇનસાફ આપવામાં કેટલી ભૂલ થાય છે તે એ **દાખલાથી** સ્હમજી શકાય તેમ છે. માનની લાગણી મ્હારી કલમ પર અસર કરી શકે છે કે નહિ તે એટલા ઉપરથી જોઇ શકાશે કે, મ્હારા મુશ્કેલ દિવસોમાં જ્યારે પોરબંદર સંઘે મ્હને અત્યંત પ્રેમપૂર્વક આમંત્રણ આપીને મ્હારૂં જાહેર સ્વાગત કર્યું અને માનપત્ર આપ્યું તે વખતે જ મ્હેં ત્હેમને કડવી લાગે એવી કેટલીક વાતો કહી હતી અને છાપી હતી.

માન કે ઇર્ષા મ્હને દોરવે છે એવો આરોપ તદ્દન પાયા વ-

બરનો છે, અને તે મ્હને જેટલું નુકશાન નથી કરતો તેટલું પબ્લીકને કરે છે.

આથી હું એમ નથી કહેવા માગતો કે હું ભૂલ નથી જ કરતો કે ન જ કરૂં. માણસમાત્ર ભૂલને પાત્ર છે: સમ્પૂર્ણતા કોઇ ખૂણે નથી. હું માત્ર એટલો જ દાવો કરી શકું અને કરૂં છું કે, મ્હારો આશય ભ્રષ્ટ કે સ્વાર્થી નથી અને બુદ્ધિવિષયક ભૂલ ન કરી બેસું એ માટે પણ હું મ્હારા અનુભવ, વાચન અને વખતે બીજાની સલાહ સુદ્ધાંનો પુરતો ઉપયોગ કરવાની કાળજી રાખું છું. હમણાંના એકેક અંકના લખાણ માટે ઓછામાં ઓછો એક મહિનો એકાંતવાસ સેવું છું, બ્હારની અસરોથી બચવા એટલો ચેતતો રહું છું. બની શકે તેટલી માહેતી મેળવું છું, સમર્થ વિચારકોનાં પુસ્તકોની સહાય લઉં છું, અને લખાયલું 'મૅટર' પ્રેસમાં મોકલ્યા પહેલાં અથઇતિ બેથી ત્રણવાર વાંચી જાઉં છું, એટલું જ નહિ પણ ત્રણવાર પ્રુફ મ્હારી જાતે જ તપાસતો હોવાથી તે વખતે પણ કોઇ વિચાર કે મત સંબંધી ભૂલ સુધારવાની તક મ્હને મળે છે. આથી વિશેષ પ્રમાણિકતાની આશા એક લેખક પાસેથી ભાગ્યે જ રાખી શકાય.

પ્રહાર કે પ્રશંસાના પાત્ર તરીકે મ્હેં કોઇ દિવસ તુચ્છ બાબત કે તુચ્છ પાત્રને પકડયું નથી. ન્યુસપેપરો ઉપર પ્રહાર કરવામાં કેટલું જોખમ છે, તેઓ કેવા ડંસીલા હોય છે, કેટલી કેટલી રીતે તેઓ વૈર ખાનગી તેમજ જાહેર કામમાં લઇ શકે તેમ છે, એ જાણવા છતાં અને ન્યુસપેપરવાળાઓને પ્રસન્ન રાખવાની 'કળા' સારી રીતે જાણવા છતાં મ્હેં કોઇ દિવસ ત્હેમનાપર પ્રહાર કરવાની તક ગુમાવી નથી. શ્રીમંત પ્રમુખોના ભાષણ પર મ્હેં કદાપિ પ્રહાર કર્યો નથી, પરન્તુ કેળવાયલા પ્રમુખોના ભાષણ પર તો ઘણુંએ ચુંથણું ચુંથ્યાં છે. સામાન્ય સાધુઓના ન્હાનામ્હોટા દોષ વખતે મ્હેં કલમનો ઉપયોગ કર્યો નથી, પરન્તુ તપસ્વી માણેકચંદજી, પંડિત જવાહરલાલજી, આચાર્ય નેમવિજયજી, યોગનિષ્ઠ બુદ્ધિસાગરજી જેવા જૈનોના મ્હોટા ભાગના હૃદય ઉપર કાબુ ધરાવતા જબરજસ્ત સાધુઓની છેડછાડ અવશ્ય કરી છે. રા. દયારામ ગીડુમલ પર જ્ય્હારે આખી ગુજરાત નિર્દય બકબકાટ કરવા લાગી પડી હતી ત્ય્હારે જહેનું મ્હોં પણ મ્હેં કદાપિ નહિ જોયું હતું તેવા તે અ-

જાણ્યા ગૃહસ્થનો બચાવ મ્હેં એકલાએ જ કર્યો હતો. પંડિત લાલન જેવા લોકપ્રિય વિદ્વાન પર, ત્હેમણે જ્યહારે ન્હાનાં બાળકોનું માનપત્ર સ્વીકાર્યું ત્યહારે, જે પ્રહાર મ્હેં—ત્હેમના મિત્રે—કર્યા હતા એવા આજ સુધી ત્હેમના કટ્ટા શત્રુઓએ પણ કર્યા નહિ હોય. લાલા લજપતરાય અને મહાત્મા ગાંધી વચ્ચે દયાના સિદ્ધાન્તને અંગે વાગ્યુદ્ધ ચાલ્યું ત્યહારે લોકપ્રિય પાર્ટીનો નહિ પણ લોકોને ખુંચતા સિદ્ધાન્તવાળી પાર્ટીનો જ મ્હેં પક્ષ કર્યો હતો. 'પાટણની પ્રભુતા' વિરૂદ્ધ ચોતરફ બાળજીવોની ચીચીઆરી થઇ હતી અને કોર્ટે ચ્હડવાની વાત ચાલતી હતી ત્યહારે તે અજાણ્યા લેખકના વગર 'ફી'ના વકીલ તરીકે આખી જૈન કોમથી જૂદા પડી મ્હેં સજ્જડ બચાવ કર્યો હતો. આ સઘળા બનાવો એક ચીજ તો જરૂર સાબીત કરે છે કે, મ્હેં અંગત હિત–અહિતના દૃષ્ટિબિંદુને કદાપિ માન આપ્યું નથી તથા લોકમતની વહેલડીમાં બેસવાના 'તુચ્છ શોખ' કરતાં જંગલમાં એકલા પગપાળે ચાલવાનું મ્હેં વધારે પસંદ કર્યું છે. લોકપ્રિયતા અને તુચ્છતા એ બે સાથે મ્હને સ્વાભાવિક વૈર છે. હું એવો જ ઘડાયો છું;બાકી તો લોકોને જેમ માનવું હોય તેમ માને ( મ્હારો આ ખુલાસો પણ મ્હારા આશયને સ્હમજી મ્હારી સૂચનાઓથી લાભ ઉઠાવવા જેઓ તૈયાર હોય ત્હેમને જ માટે છે ). મ્હારી વાંસળી જે ધાતુની બનેલી છે તેવો જ અવાજ આપી શકે. લોખંડની વાંસળી–શ્રોતાની ઇચ્છાના માન ખાતર–પીતળની વાંસળી જેવો અવાજ આપી શકે નહિ, અને પીતળની વાંસળી–કોઇની આજ્ઞાથી–લોખંડની વાંસળી જેવો અવાજ આપી શકે નહિ. એ તો ધાતુનો સવાલ છે; પ્રકૃતિનો સવાલ છે. પ્રકૃતિ બદલાઇને બીજી થઇ શકે નહિ. એ પ્રકૃતિ કોઇને આનંદ આપનારી થઇ પડે અને કોઇને ખેદ આપનારી પણ થઇ પડે: એમાં કોઇનો દોષ કહાડી શકાય નહિ. ઘઉંની ઇચ્છાવાળાએ 'ધાનમંડી' કે 'દાણાપીઠ'માં જવું જોઇએ, તરકારીની ઇચ્છાવાળાએ 'શાકબજાર' કે 'વેજીટેબલ માર્કીટ' માં જવું જોઇએ, અને તાજા શેરડીના રસની ઇચ્છાવાળાએ ચાલીને ખેતરમાં જવું જોઇએ. ક્યહાં જવું એ મનુષ્યની જરૂરીઆતનો સવાલ છે; પણ તે શેરડીના રસવાળાને દાણાપીઠમાં ન બેસવા માટે ઠપકો આપી શકે નહિ ! હું કોઇને કહેતો નથી કે મ્હારી દુકાને આવો; હું કોઇને, ઉત્તેજન ખાતર ગ્રાહક થવા અરજ

કરતો નથી; મ્હારા ખરાબમાં ખરાબ દિવસોમાં પણ ' જૈનસમાચાર ' ને મથાળે હું છાપતો કે " ઉત્તેજન ખાતર કે ધર્મ ખાતર કોઇએ ગ્રાહક થવું નહિ; વિચારો પસંદ હોય ત્હેમણે જ ગ્રાહક થવું "—અને તે છતાં તે વખતે એ ભલાઇ પણ લોકોને ભારે પડતી હતી ! કેટલાકો તે કથનને 'મગરૂરી' ઠરાવતા હતા ! દુનિયાને કોણ સંતોષી શક્યું છે ? અને એવી સહસ્રમુખી દુનિયાને —સુવાવડી સ્ત્રીની માફક અનેક જાતના દોહદવાળી દુનિયાને—શેક્સપીઅરની ' many-faced monster thing ' રૂપ દુનિયાને કોણ રીઝવી શકવાનો હતો? એટલા જ માટે તો, 'મહાવીર કહેતા હવા ' એ લેખમાંનો મ્હારો મહાવીર કહે છે:—

" અને મ્હારી ભાષા જેટલી ' સિંહ ' થી અને ' બાળક '-થી સ્હમજી શકાય છે તેટલી ગાયથી અને લોકગણથી નથી સ્હમજી શકાતી; અને સિંહના ઉચ્છવાસને પણ ગાયો તો દુર્ગંધ જ માને છે ! ઓ દેવોના વલ્લભ ! એટલા માટે હું પ્રાયઃ ગુફાઓ સાથે કે પહાડોની ટોચ સાથે કે આકાશનાં વાદળાં સાથે કે મ્હારા પોતાના ઉત્પન્ન કરેલા ' વિચારો ' રૂપી પુત્રો સાથે વાતો કર્યા કરૂં છું અને કવચિત્ કવચિત્ કોઇ ' દુનિયા ' સ્હામે ' બળવો ' કરનાર ' સિંહ ' મળી જાય છે તો ત્હેની સાથે વાત કરૂં છું.

"ઓ દેવોના વલ્લભ ! એ **'તનદુરસ્તી'–એ 'મસ્તી' ' દુનિયા ' ને ભડકાવનારી છે; કારણ કે વાડામાં કે ઘરમાં ખીલે બંધાઇ રહેવામાં અને બે ગજની જમીનપર નિરાંતે આળોટવામાં કે આસ્તે આસ્તે ચાલવામાં જ એમની 'સુરક્ષિત જીંદગી' ની સહીસલામતી છે !**

" ' લીલી ઘાસ ' એમના ખીલે આવીને પડે, તે ખાઇને ત્ય્હાં જ આળોટી જવાની ત્હેમને મહેરબાનીભરી છૂટ મળે,—એ 'ધર્મ' એમને શિખવવા માટે વર્ષો અને સૈકાઓ સુધી અનંતા 'ભરવાડો'એ શ્રમ સેવ્યો છે. કહે ગૌતમ ! કહે હવે ત્હેમને પોતાની સહીસલામતીને અસર કરનારી વાણી કેમ ' પસંદ ' પડે ?"

***

એ જ મ્હારા મહાવીરે ગૌતમને હાથ આપવાની ના કહી હતી. પોતાની મુક્તિ પોતે—અનેક સંકટોને આવ્હાહન આપીને તે દ્વારા—મેળવવાનું કહી અંત સમયે ' ધકકો માર્યો ' હતો ! મ્હારા તે મહાવીરનો સિદ્ધાન્ત જ આજના હિંદને બચાવી શકે તેમ છે.

દયાની, મહેરબાનીની, ભીખની પોકો હિંદને બચાવી શકશે નહિ જ—ઉલટી વધારે પાયમાલી કરાવશે. ઝડઝમકવાળી ભાષાના રસીઆઓ ' મહાવીર કહેતા હવા ' એ લેખમાં માત્ર હૃદયવેધક કથા —બહુ તો તત્ત્વજ્ઞાનની કલ્પના—માત્ર જુએ છે; પણ ત્હેમને હજી ખબર નથી કે તે વીસમી સદીના હિંદનું રાષ્ટ્રિય ગીત છે. મહાવીરના ઉપદેશની આજે જેટલી જરૂર છે તેટલી અગાઉ કોઇ કાળે નહોતી. પ્રલયકાળનો ક્રૂર પવન વાઇ રહ્યો છે: બદલાતા યુગનાં સઘળાં ભયાનક ચિન્હો ( જેઓનું લાગણી શરીર નિગોદના જીવ જેવું મુડદાલ ન હોય ત્હેમની સમક્ષ ) ખુલ્લાં થયાં છે. તે ભયાનક ભાવિષ્ય માટે તૈયારી કરવા ઇચ્છનારે ભયાનક ભાષા જ વાપરવી પડશે. એક લેખક બીજું શું કરી શકે ? તે કાંઇ રાજ્યસત્તા ધરાવતો નથી કે કાયદાકાનુન વડે સમાજવ્યવસ્થા સુધારી શકે અને ઉત્સાહની આગ પ્રેરનારી સખ્તાઇથી લોકોને રીઢા બનાવી શકે; તે બહુ તો ભાષાની ચુંટલીથી લોકોને ગુસ્સે કરી ' જગાડી ' શકે. એમ કરવામાં લોકોના ગુસ્સાનુ જોખમ છે, ડેફેમેશનનો કાયદો ( મનુષ્યની પ્રમાણિકતા અને સરળતાને વટલાવનાર તે બલા ) વળી ઘુરકીઆં કરે છે, બીજાં પણ જોખમ ઘણાં છે; પરન્તુ આ સઘળું સ્હમજીને જ્યહારે એક માણસ ચુંટલી ખણે છે ત્યહારે જહેમને માટે તે એટલું જોખમ ખેડે છે તેઓ ત્હેના આશયને સ્હમજવાની પણ શું ના કહેશે ? ભલા બંધુઓ ! ગર્ભાશયથી બહાર પડતા બાળકને ચુંટલી ખણી રડાવનારને નિર્દય કે શત્રુ કે સ્વાર્થી માનવા જેટલી આત્મઘાતી ભૂલ ન કરો. હિંદના ભાવીનું ભયાનક ચિત્ર હું જ્યહારે આળેખું છું ત્યહારે એમ ન માનતા કે, હું કોઇ કલ્પનાના વાદળમાં મહાલું છું. એ ભયનો બરાબર ખ્યાલ આપવાને મ્હારી પાસે પુરતા શબ્દો નથી. હું ફરીફરી અરજ કરૂં છું કે, ધર્મો, પંથો અને જ્ઞાતિઓના રગડા ઝગડા બે વર્ષ માટે મોકુફ રાખ્યા વગર, સહેજસહેજમાં એકબીજાથી છેડાઇ પડી અંદરોઅંદર બહાદુરી બતાવવાની મૂર્ખાઇ છોડયા વગર, અને સમાજવ્યવસ્થા શિક્ષણ તથા ઉત્સાહ એ ત્રણ બાબત પર સમ્પૂર્ણ લક્ષ આપી તે પાછળ સઘળાની સઘળી શક્તિનો વ્યય કરવા તૈયાર થયા વગર, આપણે જીવી શકવાના નથી જ. આ સંબંધમાં આ અંકના છેલ્લા ભાગમાં તેમજ શરૂના ભાગમાં મ્હોટા ટાઇપમાં છાપેલા બે

લેખો છે તે તરફ હું દરેક ધર્મના, દરેક જ્ઞાતિના અને ધર્મ કે જ્ઞાતિની શ્રદ્ધા વગરના હિંદીનું લક્ષ ખેંચવા પરવાનગી માગું છું. ‘ જૈનહિતેચ્છુ ’ પત્રમાંના ‘ જૈન ’ શબ્દમાં, કાયરતા, નિર્માલ્યતા, તુચ્છતા, હલકા સ્વાર્થ અને હીચકારાપણા સ્હામે યુદ્ધ કરી શકે એવા હિંદુ-મુસલમાન-ખ્રિસ્તી-ઢેડ કે ગમે તે જ્ઞાતિ કે દેશના મનુષ્યનો સમાવેશ થાય છે; અને તેથી મ્હારી અપીલ સઘળાઓપ્રત્યે છે. તે અપીલનો પડઘો ‘ જૈન ’ જ પાડી શકશે; જેની પ્રકૃતિમાં -જેના બંધારણમાં-જેના હૃદયમાં જૈનત્વ હશે તે જ તે અપીલનો પડઘો પાડી શકશે. તે લેખના જવાબ માટે આ અંકમાં પોષ્ટ કાર્ડ મોકલવામાં આવ્યાં છેઃ જોઉં છું કે કેટલા અને કેવા પડઘા તે કાર્ડ દ્વારા પાડવામાં આવે છે !

* * *

આજના અંકમાં કયા વિષયો ચર્ચ્યા છે અને દરેક વિષયને અંગે કયા કયા સિદ્ધાન્તોનો સમાવેશ થાય છે ત્હેની એક જૂદી યાદી આપવામાં આવી છે તે તરફ વાચકનું લક્ષ ખેંચું છું.

* * *

લગભગ ૨॥ વર્ષથી આ પત્રનું લવાજમ વસુલ કરવા માટે વેલ્યુપેબલ પદ્ધતિનો માર્ગ ગ્રહણ કરવામાં આવ્યો નથી. આ વિશ્વાસનો ઘણાઓએ સદુપયોગ કર્યો નથી. સેંકડો નહિ પણ સુમારે ત્રણ હજાર ગ્રાહકોએ હજી લવાજમ મોકલ્યું નથી. એમને હું ઠપકો આપવા માગતો નથી.લવાજમ નહિ મળવાથી આ પત્રના પ્રકાશકને કે મ્હને અંગત એક પાઇનું પણ નુકશાન નથી; કારણ કે બે વર્ષનું સઘળું ખર્ચ મ્હારે શિર લેવાયું છે, જ્યહારે સઘળું લવાજમ “ સંયુક્ત જૈનવિદ્યાર્થી ગૃહ ” ને અર્પણ કરાયલું છે. જેઓ એ ઉપયોગી સંસ્થાનું હક્કનું લ્હેણું ડુબાવશે તેઓ બેવડા દોષિત થશે, એટલું જ હું ત્હેમના ધ્યાન પર લાવવા માગું છું. જેઓને ‘ હિતેચ્છુ ’ વિનામૂલ્ય મળતું હોય ત્હેમણે પણ સંસ્થાને તો કાંઇક રકમ મોકલવી જ જોઇએ. વાર્ષિક આઠ આના જેવા નમાલા લ્હેણા માટે-ત્રણ વર્ષના રૂ. ૧॥ જેવી નમાલી રકમ માટે—હજારો વેલ્યુપેબલ કરવાની ખટપટ કરવી પડે એ શું પસંદ કરવા જોગ છે ? પ્રકાશકે આ અંક વી. પી. દ્વારા મોકલવા ઇચ્છયું હતું, પરન્તુ મ્હેં તેમ કરતાં ત્હેને અટકાવ્યો છે. પૈસા ભરવાની ઇચ્છા હોય

કે ન હોય ત્હેમને પણ આ અંક વાંચવા દેવો જ એવી મ્હારી પ્રબળ ઇચ્છા છે. અંક રવાના થયા પછી એક મહીનો રાહ જોવાની પ્રકાશકને ભલામણ કરી છે: તેટલી મુદત દરમ્યાન સઘળાનું લવાજમ—અને લવાજમ ઉપરાંત કાંઇક વધુ રકમ—મનીઑર્ડર દ્વારા આવી જશે એમ આશા રાખવામાં આવે છે. આવતો અંક એક મહીના પછી આપવાનો ઇરાદો છે, તે વખતે જેઓનું લવાજમ બાકી હશે તેઓ સઘળા ઉપર, એક વર્ષનું લવાજમ ચ્હડેલું હોય કે બે વર્ષનું કે ત્રણ વર્ષનું, તો પણ, **રૂ. ૨ નું વી. પી. કરવામાં આવશે.** દરેકનું જૂદું જૂદું ખાતું તપાસવાનું બની શકશે નહિ. જેમના મનીઑર્ડર નહિ આવ્યા હોય ત્હેમને સર્વને આવતો અંક રૂ. ૨) ના વી. પી. થી રવાના કરવામાં આવશે. જે ગ્રાહક મહાશયો પાસે તા. ૩૧-૧૨-૧૯૧૮ ના દિવસે **ત્રણ વર્ષનું** લવાજમ ચડતું હોય ત્હેમણે ત્રણ વર્ષના લવાજમનો રૂા. ૧ાા અને 'વિદ્યાર્થી ગૃહ' માટે રૂ ૦ાા વધારાનો એમ ગણીને રૂ, ૨) ભરી વી. પી. છોડાવવું; જેઓ પાસે તા. ૩૧-૧૨-૧૮ ના દિવસે **બે વર્ષનું** લવાજમ ચડતું હોય ત્હેમણે બે વર્ષના લવાજમનો રૂ ૧) અને 'વિદ્યાર્થી ગૃહ' માટે વધારાનો રૂ. ૧ એમ સ્હમજી રૂા. ૨) નું વી. પી. સ્વીકારી લેવું, અને જ્હેમની પાસે **એકજ વર્ષનું** લવાજમ લેણું થતું હોય ત્હેમણે રૂા. ૦ાા લવાજમનો અને રૂા. ૧ાા વિદ્યાર્થીગૃહ માટે વધારાનો એમ સ્હમજી રૂા. ૨) ચુકવી વી. પી. છોડાવવું. સવાલ માત્ર રૂપીઆ—આઠ આનાનો છે અને તે પણ પ્રકાશક કે લેખકના ઘરમાં નહિ પણ જૈન વિદ્યાર્થીઓની સેવામાં જાય છે તે ભૂલવું જોઇતું નથી.

☞ જેઓની ઇચ્છા લવાજમ ઉપરાંત માત્ર આઠઆના કે રૂપિયો જ નહિ પણ કાંઈક વધારે રકમ 'વિદ્યાર્થીગૃહ'ના હિતાર્થે મોકલવાની હોય તેઓએ **વેલ્યુપેબલની રાહ ન જોતાં** આ અંક પહોંચે કે પંદરેક દિવસની અંદર ઇચ્છા મુજબ રકમ મોકલી આપવા મહેરબાની કરવી.

ધ્યાનમાં રહે કે, વધારાની રકમ જ માત્ર નહિ પણ લવાજમની રકમ પણ, 'વિદ્યાર્થીગૃહ'માં જ આપવામાં આવે છે.

એકેક ગ્રાહકને મન એક બે કે પાંચ રૂપિયા કોઇ મ્હોટી વાત નથી; એવી રીતે ૪૦૦૦ ગ્રાહકો દીલ મ્હોટું રાખે તો, ન્હાની ન્હાની રકમો મળીને ૧૦ કે ૨૦ હજારની રકમ 'વિદ્યાર્થીગૃહ' ને મળી

જાય. લવાજમ 'વિદ્યાર્થીગૃહ'ને અર્પણ કરી 'હિતેચ્છુ'નું બે વર્ષનું સઘળું ખર્ચ માથે લેવામાં સુમારે ૫૦૦૦ રૂ. નો બોજો મ્હારી પેઢીને માથે આવવા છતાં 'વિદ્યાર્થીગૃહ'ને ઓછામાં ઓછા ૧૫૦૦૦ રૂપિયા પણ ન મળે તો તેથી ખેદ જ થાય. 'હિતેચ્છુ'ના ગ્રાહકોએ લવાજમનો ઉપયોગ કેવા કલ્યાણકારી માર્ગે કરાય છે તે તરફ, કેટલો ભોગ તે માટે અપાય છે તે તરફ, તેમજ ગ્રાહકો પાસે ત્રણ ત્રણ વર્ષ સુધી લવાજમ પડયું રહેવા દેવામાં કેટલી હદનો વિશ્વાસ કરવામાં આવે છે તે તરફ, જરા ધ્યાન આપવું જોઇએ. એથી વધારે બીજું શું કહું ? મ્હારૂં કામ સૂચના અને અરજ કરવાનું છેઃ પોતાની વફાદારી બતાવી આપવાનું કામ વાચકોનું પોતાનું છે. 'હિતેચ્છુ' લાખો વખત વાંચવા છતાં જો તેઓમાં આટલી વફાદારી પણ ઉત્પન્ન ન થાય—આટલો પણ સ્વાર્થત્યાગ ન ઉત્પન્ન થાય—તો તે માટે એક રીતે હું જ ઠપકાને પાત્ર છુંઃ કારણ કે મ્હારા જીગરમાં એમને બુઝવવા પુરતું ચૈતન્ય નથી. મુંબઇ, તા. ૧-૫-૧૯૧૮.

વાડીલાલ મોતીલાલ શાહ.

તા. કઃ—આ અંકમાં એકંદરે ૪૭૨ પૃષ્ટ છે. સપ્ટેમ્બર ૧૯૧૭ના અંક તરીકે ૯૬ પૃષ્ટ, ડિસેમ્બર ૧૯૧૭ના અંક તરીકે ૯૬ પૃષ્ટ, તથા માર્ચ અને જુનના અંક તરીકે ૧૯૨ પૃષ્ટ મળીને એકંદરે ૩૮૪ પૃષ્ટ આપવાં જોઇએ ત્હેને બદલે—મોંઘવારીના આ વખતમાં—૪૭૨ પૃષ્ટનું નક્કર વાચન આપવામાં આવ્યું છે, એટલે કે ૮૮ પૃષ્ટ વધારે છે; તે ઉપરાંત 'વિદ્યાર્થીગૃહ માટે ખાસ અંક' ૧૦૦ પૃષ્ટનો આપ્યો હતો તે ગણતાં ૧૮૮ પૃષ્ટ, હક્ક કરતાં પણ વધારે, આપવામાં આવ્યાં છે. આ એક જ અંક પાછળ રૂ. ૨૮૦૦ ખર્ચ થયું છે. 'વણિકનાં લેખાં' આ ઑફિસમાં ગણાતાં નથી. ગ્રાહકમહાશયે પણ એવા જ ઉદાર થઇ લવાજમને બદલે ૫-૧૦ રૂપિયા વિદ્યાર્થીગૃહને મોકલી આપવા જોઇએ છે.

☞ અંક ઘણો જ મ્હોટો થઇ જવાથી, અને તાકીદના કારણથી, પ્રુફમાં કોઇકોઇ સ્થળે ભૂલો રહી જવા પામી છે અને કોઇ સ્થળે જ્યહાં જૂના ટાઇપ વપરાયલા છે ત્યહાં 'ત્હેમને' ને બદલે 'મને' વંચાય છે (કારણ કે મુશીનમાં અક્ષર ભાગી ગયા છેઃ) એવી ભૂલો હરકોઇ વાચક સુધારીને વાંચી શકે તેમ છે. આ અંક પાકા પૂંઠાથી બંધાવી લેવા ભલામણ છે.

# विषयोनी सूचि.

૧ બે બોલ. ૪૦૧

' હિતેચ્છુ ' ના મુખ્ય લેખકના આશયો સંબંધે ખુલાસો.

૨ વિષયોની સૂચિ ... ... ... ... ૪૧૨-૩

૩ સંયુક્ત એટલે ? ... ... ... ૪૧૨-૧૦

૪ હોમરૂલ ! હોમરૂલ ! ... ... ... ૪૧૨-૧૧

૫ સંયુક્ત મહાવીર સંઘ. ... ... ... ૪૧૨-૧૪

૬ 'સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહ'ને લગતા સમાચાર. ૪૧૨-૨૧

૭ તાકીદે જોઇએ છે વૉલંટીઅર (તદ્દન મફત નહિ જ!) ૪૧૨-૪૭

૮ આરોગ્ય-બોધ (તનદુરસ્તી અને શક્તિનું શાસ્ત્ર) ...૪૧૩

૯ મ્હારી ઉપવાસની કહાણી........................ ૪૧૫

ઉપવાસથી થતા શારીરિક અને આધ્યાત્મિક લાભ. ઈચ્છાશક્તિ વધારવામાં ઉપવાસનો ફાળો. સામાયિક, પૂજન, વ્રત આદિ ધાર્મિક ક્રિયાના લાભ.

૧૦ ગુપ્ત દરદોની વધતી જતી ભયંકરતા. ૪૩૩

કોઇ અંગ અપવિત્ર કે શરમભરેલું નથી. શરમ અંગમાં નથી, પણ અંગના દુરૂપયોગમાં છે. માણસ અતિશ્રમથી તૂટી પડતો નથી. હરીફાઇ વધતી જાય છે—શક્તિ ઘટતી જાય છે. વીર્યશુદ્ધિ માટે સામાન્ય નિયમો. વિલાસી મગજોને કેમ સુધારી શકાય ?

૧૧ જૈન સમાજની પ્રગતિના વ્યવહારૂ ઈલાજ. ૪૩૭

કલકત્તા ખાતે મળેલી શ્વે. જૈ. કૉન્ફરન્સના પ્રમુખનું યાદગાર વ્યાખ્યાન.

૧૨ સમયના પ્રવાહમાં ( Current Topics ):— ૪૫૫

(૧) અગીઆરમી જૈન શ્વે. કૉન્ફરન્સના પ્રમુખના ભાષણનું અવલોકન:— ૪૫૫

વ્યાપારી દૃષ્ટિ સત્ય કેવા રૂપમાં કહે ?

'જીવતી શ્રદ્ધા' અને વાનપ્રસ્થાશ્રમનો પુનરુદ્ધાર.

વિદ્યાપ્રચારનાં કાર્યક્ષેત્રો તથા સાધનો.

સમાજસ્થિતિનું ચિત્ર; 'ઉપદેશ' 'આદેશ' અને 'વસ્તુસ્થિતિનું ચિત્રલેખન'—એ ત્રણ પ્રકારનાં કથન.

પ્રમુખે વિધવાલગ્નની હીમાયત કરી છે કે?
વિધવાશ્રમો ખોલવાની 'વાતો' વડે વિધવાપ્રશ્નનો ફડચો લાવી શકાશે ખરો?...હિસાબી ગણત્રી.
વિચારવાતાવરણ સુધારવા માટે કેવી જાતનું સામાયિક પત્ર નીકળવું જોઇએ?
'જૈન ઍસોસીએશન ઑફ ઇંડિયા'ને કલમ બદલવાની અરજ.
ધાર્મિક સંસ્થાઓ તરફના પોતાના હક્ક લોકોએ સ્હમજવા.
હું મૂર્તિપૂજક જૈન હોઉં તો શું કરૂં?
શિખરજીવાળો મુકદમો, પંચદ્વારા ફેંસલો કરાવવાની લડતનો અથઇતિ ઇતિહાસ. કોનો કેટલો દોષ છે? હવે શું કરવું?
કૉન્ફરન્સના પ્રમુખોનો જીવનમંત્ર શું હોવો જોઇએ?
(૨) કલકત્તા કૉન્ફરન્સ ઉપર ઉડતી નોંધ. ૪૯૮
આ સમ્મેલન કયા ૪ બનાવો વડે ફતેહમંદ ગણાયું?
હિંદુયુનિવર્સીટીમાં ધર્મતત્વ કેટલી હદ સુધી અને કેવા રૂપમાં દાખલ કરાવવું ઇષ્ટ છે? એક ભયની ચેતવણી.
હિંદુયુનિવર્સિટી જૈનોને જૂદાં કવાર્ટર્સ જૈનોના ખર્ચે આપે એ 'અપમાન' છે અને કવૉરન્ટાઇન છે!
નવા જનરલ સેક્રેટરીને હિતસલાહ.
સમ્મેલનમાં ઑન. માલવિયાજીએ શું કહ્યું?—એક નવું 'વ્રત'.
જેટલા પ્રમાણમાં ઉદાર એટલા પ્રમાણમાં કલહપ્રેમી!
અર્જુનલાલજીવાળો સવાલ, પ્રમુખ, બિસાટ અને ગુજરાતી પત્ર.
પ્રશંસાના માખણ ઉપર લડાઇ દરમ્યાન કન્ટ્રોલર જોઇએ!
સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહના વિદ્યાર્થીઓ તરફથી પ્રમુખને તાર સંદેશો.
(૩) હિંદી પ્રધાનને જૈન કોમ તરફનું માનપત્ર. ૫૦૨
'જૈન ઍસોસીએશન ઑફ ઇંડિયા' કે જે માત્ર શ્વે૦ મૂ૦ જૈનોથી જ બનેલી છે અને બીજા ફીરકાના અનુયાયીઓને ત્હેના મૅમ્બર તરીકે નહિં લેવાનો નિયમ છે, તેણે આખા હિંદના ત્રણે ફીરકાના જૈનોના નામે સરકાર સાથે કરેલો પત્રવ્યવહાર.
દિગમ્બર, શ્વે૦ મૂ૦ તથા સ્થાનકવાશી જૈનો તરફની 'નોટીસ'

વગર આમંત્રણે વાડીલાલ ના આવી શકે !
સ્થા. આગેવાન મેઘજીભાઇનાં બે બાણુ નકામાં ગયાં !
છેવટે શું થયું ?
જાહેર પત્રોની ટીકાઓ.

(૪) જર્મનીમાં અનુષંગી લગ્નો: એ શું નવી જ શોધ છે?—એ ઉપરથી ઉપજતા વિધવાલગ્નના સવાલની ચર્ચા. ... ... ... ... ૫૨૩

જર્મનીમાં નવો કાયદો થવાની વાતો; હિંદમાં પૂર્વે શું થયું? હમણાં પણ શું થાય છે? નીતિની ભાવના (Concept) માત્ર relative (સાપેક્ષ) છે.
મનુષ્યની ઉત્પત્તિ સંબંધમાં પ્રખ્યાત ફીલસુફ શૉપનહોરના વિચારો વિસ્તારથી. સ્ત્રી પુરૂષ વચ્ચેના આકર્ષણનું મૂળ કારણ. સંયોગ (અને નહિ કે માત્ર માનસિક પ્રેમ) માટે મનુષ્યપ્રકૃતિ તરશે છે. સંતાનમાં પિતાની ઇચ્છાશક્તિ અને માતાનું બુદ્ધિતત્ત્વ ઉતરે છે.
જૈનદૃષ્ટિએ લગ્ન અને પુનર્લગ્ન, મનુષ્યની ઉત્તમ મધ્યમ અને કનિષ્ટ પ્રકૃતિના સ્વાભાવિક રસ્તા.
મહેલમાં રહેવું ઇષ્ટ ખરૂં, પણ સઘળાને મહેલમાં જ રહેવાની ફરજ પાડવી શકય નથી તેમ જ ઇષ્ટ પણ નથી. ધર્મદૃષ્ટિએ મુદ્દલ લગ્ન ઇષ્ટ નથી. છતાં વ્યવહાર ખાતર ઇષ્ટ ઠરાવવું પડયું છે. ત્યાં જેમ ધર્મ, વ્યવહાર સાથે ભળી ગયો (જરૂરીઆતના જોરને તાબે થઇને), તેમજ જ્યારે જરૂરીઆતનું જોર પુનર્લગ્નની ફરજ પાડે ત્યારે ત્હેને પણ સ્વીકારવું પડે.
સમાજનું હિત અને વ્યક્તિનું હિત. સમાજના અને વ્યક્તિના હક્ક. એ સંબંધમાં કેવી કેવી મર્યાદાઓ હોઇ શકે? અનેક નયથી અવલોકન.
પુનર્લગ્નની છૂટ થવા છતાં પતિ પાછળ મરી પડનારી સ્ત્રીઓ અને સ્ત્રી પાછળ મરી પડતા પતિઓ તો દુનિયાના અંત સુધી થવાના જ.
વિધવાશ્રમથી વિધવાપ્રશ્નનો નીકાલ આવી શકશે ?
વિધવાલગ્નને મહાપાપ ઠરાવી પોક મૂકનારા ‘ધર્મી જીવડા’ઓને બેલ્જીઅમ, ઈંગ્લંડ અને જર્મનીમાં ઉપદેશ આપવા મોકલવા જોઇએ છે !

વિધવાલગ્નથી વર્ણસંકર પ્રજા થાય ખરી કે ?
વિધવાલગ્ન અને હિંસાનો પ્રશ્ન. ધર્મનું તત્ત્વ 'લગ્ન' જેવા 'વ્યવહાર'માં કેટલી હદ સુધી જોડી શકાય ?
જૈન શ્રાવક—શ્રાવિકાના ચોથા વ્રતના શબ્દોની તપાસ.
'પુરૂષ ફરીને પરણે છે તો સ્ત્રીઓ કેમ નહિ ?' એ દલીલની બન્ને બાજુની તપાસ.

'અમોને વિધવાલગ્ન નથી જોઇતું' એવા વિધવાના લેખની ચિકિત્સા. એનો અર્થ અને એને પ્રેરનાર તત્ત્વ.
વિધવાલગ્નની વિરૂદ્ધ અને તરફેણના લડવૈયાના આશયોની તપાસ. અંગત લાભનો આરોપ કોના ઉપર મૂકી શકાય ?
'દરેક રીવાજ, કાનુન, સુધારણામાં સુખ–દુઃખ તો કુદરતી રીતે જ રહેલું છે' એ સત્યની કબુલાત અને એમાંથી લેવાનો ધડો.
ઇચ્છાતૃપ્તિને પાપ ગણો કે ચાહે તે ગણો, પરન્તુ સૌ એક અથવા બીજી રીતે ઇચ્છાતૃપ્તિની કોશીશ તો કરે છે જ. સાધુઓ અને પાદરીઓના દાખલા.
લગ્ન, પુનર્લગ્ન, સમાજના હક્ક અને વ્યક્તિના હકના સંબંધમાં ૧૩ સૂચનાઓ.
રા. ન્હાનાલાલ દલપતરામ કવિ M. A. એમના એક સૂત્રની તપાસ.

(૫) જૈનોમાં થયેલાં બે પુનર્લગ્નો—એક 'વિધવા—વિવાહ સહાયક સભા'ની સ્થાપના............૫૫૬
લગ્ન મુદલ ન કરવું એ બાબતના આ લેખકના એક વખતના વિચારો, અને પશ્ચાત્ અનુભવ.
એક પુનર્લગ્ન સંબંધમાં જાહેર પેપરોના વિચારો.
પંજાબમાં બીજું જૈન પુનર્લગ્ન અને 'વિધવાવિવાહ સહાય સભા'ની સ્થાપના.

(૬)'નૂતન ગુજરાત'નો કાઉન્ટ ટૉલ્સ્ટૉય.........૫૬૬
મહાત્મા ગાંધીએ ગુજરાતમાં પ્રેરેલું નવજીવન.
Passive અને Active resistence શું છે ?
'અંતઃકરણના અવાજને માન આપનાર' તો નવો ફીરકો !
હિંદના ત્રણ દેશનાયકો.

(૭)એક મુકાબલો—આર્યસમાજીઓનાં અને
જૈનોનાં ફંડો... ... ... ... ...૫૭૧
વૈરાગ્યની ત્રણ ભૂમિકાઓ:ધનપરના મોહનો ત્યાગ, શરીર
પરના મોહનો ત્યાગ, બુદ્ધિપરના મોહનો ત્યાગ.
એકી વખતે એકજ બાબત પર શક્તિ વ્યય કરવાનો સિદ્ધાંત.
જૈન સાધુ અને વિદ્વાનોના ઉપદેશથી મ્હોટાં
ફંડ નહિ થઇ શકવાનું આધ્યાત્મિક કારણ.
(૮) 'દશા શ્રીમાળી હિતેચ્છુ'નું અવલોકન.... ...૫૭૫
જૂદીજૂદી કોમો અને ફીરકાઓની ખાસ સંસ્થાઓ
હોવી ઇષ્ટ છે ?
' જ્ઞાતિ એટલે રાષ્ટ્રની વ્યક્તિ. '
ફંડો,ફાળાઓ અને ટીપોના વાજબી—ગેરવાજબીપણાની તપાસ.
' માન્યતા' એક વાત છે, hard facts જૂદી વાત છે.
કલાપિનો ઉતારો કરનાર લલિતા પ્રત્યે.
દહીં—દૂધમાં પગ ન રાખતાં ગમે તે એક સિદ્ધાન્તના
વફાદાર મિત્ર બનવું એ જ પત્રકારનું કર્તવ્ય છે.
વાંકાનેર મહાજનનો પુનર્લગ્ન બાબતમાં અભિપ્રાય,
એની ઉંડી તપાસ અને મહાજનને ધન્યવાદ.
સુધારક અને મ્યુનીસીપલ બંબાવાળાનો મુકાબલો.
સહન કરી બેસી રહેવાની સલાહ વિધવાને આપનાર પ્રત્યે !
(૯)મહાત્મા ગાંધી અને વિધવાલગ્ન. ૫૮૨
(૧૦)વડોદરા રાજ્યમાં બાળલગ્ન અને વૃદ્ધલગ્ન વિ-
રૂદ્ધ કાયદા. ... ... ... ... ૫૮૪
કાયદો કે કોઇ કામ ડરતાં ડરતાં કરે તો ઇચ્છિત ફળ
ન જ આવે. કાયદાની નબળાઈ નિરાશાજનક પરિ-
ણામ ઉપજાવે છે; હવે સખ્ત કાયદો જ ઇષ્ટ પરિ-
ણામ લાવી શકે.
સખ્ત કાયદા કેવા રાજાથી થઇ શકે ?
બાળલગ્નનિષેધક કાયદા ઉપર કેટલી બધી ચીજોનો આધાર
છે ?......Become hard, O ye kings !
(૧૧)પ્રમાણિકતા અને ખરી વસ્તુસ્થિતિનું ભાન લોકો

કયહારે મેળવશો ? ... ... ... ૬૦૦
ખ્રિસ્તી થયેલા જૈન ગ્રેજયુએટ અને મૂર્ત્તિપૂજાનો ઉપદેશ આપનાર સ્થાનકવાશી સાધુઃ એમાં પ્રમાણિક કોણ?
બુદ્ધિ, ભક્તિ અને પ્રવૃત્તિને પસંદ પડતા જૂદાજૂદા ધર્મો.
જૈનો પીળો ચાંડલો કેમ કરે છે ?

(૧૨)જૈન પત્રો અને પત્રકારો—કેવા છે ? કેવા જોઇએ? ૬૦૮

(૧૩)કોલ્હાપુર દરબારનો વિચિત્ર વિદ્યાપ્રેમ... ...૬૩૦
પ્રાચિન અને અર્વાચિન રાજાઓની ભાવના.
ત્રણ ખોટઃ-નિડર સાધુ, પ્રજાવત્સલ નગરશેઠ તથા પોતાના રાજ્યની સેવા નજીવા પગારથી કરતા વિદ્વાનો.

(૧૪)જાગૃત હિંદ ... ... ... ... ...૬૩૩
જાગૃતિનાં ચિન્હો; નવા શંકરાચાર્યના વિચારો અને પ્રવૃત્તિ; અસ્પૃશ્યત્વ વિરૂદ્ધ સમર્થ પુરાણપ્રેમી દેશનાયકો; ભારતનો ગર્ભકાળ; એક જ અવાજ-એકજ વર્ત્તન.

(૧૫)હાથનાં કર્યાં હૈયે વાગ્યાં ! ૬૩૮
લોકોત્તર ધર્મને લોકધર્મ બનાવવાના ગેરલાભ.
'ચમત્કાર'થી લાભ કે ગેરલાભ ?
પૂજ્ય તત્ત્વોથી અતિપરિચય,—માનસશાસ્ત્રનો નિયમ.

(૧૬)આનું નામ તે પ્રમાણિકતા !..................૬૪૭
સુધારકો તેમજ કુધારકો વિરૂદ્ધ ન્યાયસર લડત.
લડાઇથી લાભ જ છે-બન્ને રીતે.

(૧૭)'જૈનમિત્ર'ને સમર્પણ !..........................૬૫૦
સુધારાની હીલચાલ એ કાંઇ પાંડિત્યની ચર્ચા નથી.

(૧૮)હવે ધર્મરાજ બોલ્યો ખરો ! ૬૫૨
'જૈન લગ્નવિધિ'ની કિંમત આંકવાની એક ' કસોટી.'

(૧૯)અતિરક્ષાનું પરિણામ...............................૬૫૩
હથિઆર ભયંકર કે અવિશ્વાસ ?
ખરી વફાદારી, વિરૂદ્ધ, lip loyalty.

(૨૦)ધર્માદાખાતાનાં કમનશીબ..........................૬૫૫
ધાર્મિક ખાતાઓમાં ચોરી કેમ થતી હશે ?

(૧૨)એક મંત્રનો અર્થ........................................૬૫૮
જૈનમંદિરમાં ખૂણે બેસીને જલેબી ખાવાનો ઉપદેશ.
૧૩ નગ્ન સત્ય (માત્ર વિચારકો માટે )..............૬૫૯
( આમાં તત્ત્વજ્ઞાન, માનસશાસ્ત્ર અને આંતરપ્રેરણાથી મળતાં અનેક ગૂઢ સત્યો લખાયાં છે. દરેક શબ્દ પુરતો વખત લઇને વાંચવાથી જ ત્હેનાં રહસ્યો સ્હમજાશે. )
૧૪ જૈન પ્રજાનો મૃત્યુઘંટ- ... ... ... ૬૯૦
' જૈન પ્રજા ૫૦-૧૦૦ વર્ષમાં જરૂર મરશે '-એવી એક જૈનબન્ધુએ કરેલા ભવિષ્યકથનની બારીક ચિકિત્સા.
૧૫ શુદ્ધ-છતાં લોકવિરુદ્ધ-ના કરવું ?.............. ૭૧૨
' કોઇ કામ ' શુદ્ધ ' હોય છતાં લોકવિરૂદ્ધ હોય તો ના કરવું " એવા એક સૂત્રની તરફેણમાં રા. મોતીચંદ-ભાઇ સોલીસીટરનો લેખ; રા. પરમાણંદદાસ હાઇકોર્ટ-પ્લીડર તરફથી ત્હેનું ખંડન; બીજા બે વિદ્વાનોના અ-ભિપ્રાય; ' હિતેચ્છુ'ના મુખ્ય લેખકનું ' અવલોકન '. (આ વિષય ઘણો લાંબો થઇ ગયો છે, પરન્તુ ત્હેમાંથી ઘણુંઘણું શિખવાનું મળે તેમ છે.)
૧૬ વિવિધ. ( ઘણી અગત્યની ચાલુ ચર્ચાઓ. ) ૭૭૫
૧૭ ત્હમે ક્યહાં ઉભા છો ?.............................. ૮૦૯
૧૮ જાહેર ખબરો અને વધામણી.........૮૬૯ થી ૮૭૨

# आवता अंक माटे लखाइ चूकेला विषयो.

૧ ' અમૃતલાલ શેઠનું અડવાડીઉં ' એ કથાનો અધુરો ભાગ પૂરો લખાઇ ગયો છે. ચાલુ અંકમાં સ્થળસંકોચના કારણે છાપી શકાયો નથી; આવતા અંકમાં આવશે.

૨ મુહપતિ એટલે શું ? ત્હેનો ગુપ્ત આશય; આરોગ્ય અને ચારિત્રબળ ખીલવવામાં મુહપતિ કેવી રીતે ઉપયોગી થઇ શકે ? એક વિદ્વાન યુરોપીય ડૉક્ટરનો અભિપ્રાય. મુહપતિનો દુરૂપયોગ.

૩ જીવદયા અને ધર્મની ઝીણી વાતો લખવા માટે પ્રસિદ્ધ થયેલા એક જૈન લેખકના હાથથી લખાઇ આવેલો "જૈનધર્મ અને લડાઇ " એ મથાળાનો વાંચવાલાયક લેખ.

( બીજા લેખો અંક આવે ત્યારે જ જોજો ! )

# સંયુકત એટલે ?

આખરે બહાદૂર અને બુદ્ધિશાળી બ્રિટિશ રાજ્યે પણ
પોતાના અને પાડોશી રાજ્યોનું

**સંયુકત** લશ્કર અને સેનાધિપતિ કરવાનું ડહાપણ સ્વીકાર્યું.

બળવાન દુશ્મનને હરાવવા સંયુક્ત બળ જ કામ લાગે છે.

## જૈન ભાઈઓ !

ત્હમારી આસપાસ અને ત્હમારા મધ્યમાં
અજ્ઞાન, કુસંપ, વ્હેમો અને સહાનું
સંયુક્ત શત્રુલશ્કર ત્રાસ વર્તાવી રહ્યું છે !
ત્હેને ત્હમે કેવી રીતે હઠાવશો ?
છૂટાછવાયા ફીરકા અને ગચ્છોથી કાંઈ નહિ બને;
સંયુકત બળ જ કામ લાગશે !
માટે જ
'સંયુક્ત જૈન વિદ્યાર્થી ગૃહ' સ્થપાયું છે.

તે
ત્હમારા સઘળા ફીરકામાં વિદ્યા ફેલાવશે.
ત્હમારા સઘળા ફીરકામાં એકતા ફેલાવશે.
ત્હમારા સઘળા ફીરકામાં નવું ચૈતન્ય રેડશે.

## 'સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહ'

ત્રણે જૈન ફીરકાનું સૈયારૂં મંદિર છે.

## 'સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહ'

એક જ એવું ધામ છે, કે જ્યહાં ત્હમે સઘળા મતભેદ
અને મ્હારૂં ત્હારૂં ભૂલી સરસ્વતી દેવીની ભક્તિ કરી શકો.
વિદ્યાર્થીઓને સ્કૉલરશીપ આપી ભક્તિ બતાવો !

# होम रूल! होम रूल!!

કોને જોઇએ છે? બોલો, કોને જોઇએ છે?
આયર્લેંડને મળવાની તૈયારી છે;
कुदरत आपवा बेठी छेः
બોલો, કોને હોમ-રૂલ જોઇએ છે?
શું <u>ત્હમને</u> તે જોઇએ છે?

ત્હમારા દીલને તે જોઇએ છે? પૂછો, પૂછો,—
જીંદગીમાં એકવાર તો દીલને વફાદાર થાઓ!
ત્હમારા મ્હોંને હોમરૂલ જોઇએ છે,—
ત્હમારા દીલને હોમરૂલની ગરજ નથી.
કડવી ઝેર જેવી વાત છે, કેમ?
શત્રુ જેવાં વચન લાગે છે, કેમ?
એક વાર-સદાને માટે એક વાર-કડવું સાંભળી લ્યો!
ત્હમને ત્હમારી અંદરની વ્યવસ્થામાં પૂરી સ્વતંત્રતા છે;
સમાજને કેળવવામાં, ઘરસંસારના સડા દૂર કરવામાં,
સામાજિક ઐક્ય કરવામાં
ત્હમને સમ્પૂર્ણ 'હોમ-રૂલ' હોવા છતાં
त्हमे आज सुधीमां साचा दीलथी शुं कर्युं ?
साचा दील वगर कोई चीज मळती नथी,
અને મળેલી ચીજ પણ સુખ આપતી નથી,
खात्री राखो के,
વિદ્યા, ઐક્ય અને જુસ્સા વગર
સત્તા મળે જ નહિ,
અને મળે તો સુખકર થઈ શકે પણ નહિ.

* * * * *

દેશનાયકો હવે તે સત્ય સ્હમજ્યા છે.

**હવે** દેશનાયકોએ કેળવણીના પ્રચારનું કામ,
અસ્પૃશ્યત્વ આદિ સમાજસડા દૂર કરવાનું કામ,
હિંદુ-મુસલમાન-પારસી વચ્ચે ઐક્ય રચવાનું કામ
સાચા અંતઃકરણથી ઉપાડી લીધું છે.

**ए साचुं अंतःकरण ज 'होमरुल' ने लायक छे.**

**હવે કુદરત ત્હમને હોમરૂલ આપવા તૈયાર છે!**

**પણ ત્હમે પ્રજાજનો તે લેવા તૈયાર છો?**

हुं त्हमने पूछुंछुंः जैन धर्मना १३ लाख हिंदीओने—

બોલો ત્હમે હોમરૂલ લેવા તૈયાર છો?

બોલો ત્હમે વિદ્યાપ્રચાર માટે ભોગ આપવા તૈયાર છો?

બોલો ત્હમે ત્રણ ફીરકાના વૈર ભૂલવા તૈયાર છો?

બોલો ત્હમે સમાજના ભયંકર સડા દૂર કરવા તૈયાર છો?

कहो 'हा',—अने काले ज त्हमने होमरुल मळशे.

## 'સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહ'

અને

## 'જૈન હિતેચ્છુ' પત્ર

**વિદ્યા, એકતા, સમાજસુધારણા અને ઉત્સાહનું વાતાવરણ ફેલાવવા માટે જ ત્હમારા વચ્ચે મથી રહ્યાં છે.**

એનું ખર્ચ ત્હમારે માથે નથી:

**એની સેવાઓ ત્હમારા માટે છે.**

**પક્ષપાત અને સુંવાળાપણું છોડી 'જૈનહિતેચ્છુ' વાંચો**

અને

**પક્ષપાત અને સાંકડું દીલ છોડી 'સંયુક્ત જૈનવિદ્યાર્થીગૃહ'ના વિદ્યાર્થીઓને સ્કૉલરશીપો આપો!**

ध्यान राखो के,

વર્ષે આઠ આનામાં ૪૦૦ થી ૬૦૦ પૃષ્ટનું નક્કર વાંચન આપનાર,
ઉદારમાં ઉદાર વિચારો અને દીર્ઘદૃષ્ટિવાળી સલાહો આપનાર,
ત્હમારી ગાળો ખાઇને પણ ત્હમારી સાચી સેવા બજાવનાર,
'जैनहितेच्छु' कांइ पण बदलो मागतुं नथी.

એના કડવા વચનમાં ત્હમારી સેવા સિવાય બીજો
**કયો સ્વાર્થ એમાં સંભવી શકે ?**
**મૂલ્ય આપવું ન આપવું ત્હમારી ઇચ્છાની અને શક્તિની**
**વાત છે: પણ 'જૈનહિતેચ્છુ' નિર્મળ દીલથી વાંચો**
**અને**
**વિદ્યા, ઐક્ય, સમાજસુધારણા તથા જુસ્સાના**
**પ્રચારના ત્હેનાં કામોમાં ભાગીદાર બનો.**

# એક હાથે તાળી પડી શકતી નથી.

**एकलो माणस शुं करी शकशे ?**

**તે ત્હમારી ગાળો ખાઇને પણ સલાહ આપ્યા કરશે,**
**તે ત્હમારો અંદર વિચારવાતાવરણ ફેલાવી શકશે,**
**તે પોતાના સમય અને શરીરને ત્હમારી સેવામાં આપશે,**
**તે પોતાનાં નિર્માલ્ય આર્થિક સાધન ત્હમારા ચરણમાં મૂકશે;**

## પણ

**શું એ નિર્માલ્ય આર્થિક સાધનથી ૧૩ લાખ જૈનોમાં**
**કેળવણી આદિ તત્ત્વોનો જોઇતો ફેલાવો થઈ શકશે ?**
**શું ત્હમારામાંના દરેકની ફરજ નથી કે એ સમાજસેવાના**
**યજ્ઞમાં જોડાવું અને યથાશક્તિ આહૂતિ આપવી ?**
**શું સૈયારૂં ઘર બળતી વખતે ત્હમે જોઈ જ રહેશો ?**
**શું ત્હમને ત્હમારા 'ઘર'ની દરકાર નથી ?**
**અગર શું ત્હમને હૃદય જ નથી ?**

# हृदय जो खरेखर होय तो
# 'संयुक्त महावीर संघ' नी योजना

**आ पत्रमां छपायली छे ते लक्षपूर्वक वांचो अनें**

# आजे ज-हमणां ज
# स्वयंसेवक लीस्टमां नाम नोंधावो.

# કાર્ડ ભરીને હમણાં જ રવાના કરો.

# " સંયુક્ત મહાવીર સઘ."

**આશય:**—સમસ્ત જૈન સમાજમાં વિદ્યા, ઐક્ય, સમાજ-સુધારણા અને જુસ્સા ( Spirit ) નો પ્રચાર કરવો એ આ 'સંઘ'-નો આશય છે.

**કાર્યમર્યાદા:**--જૈનસમાજની હાલની વસ્તુસ્થિતિ તથા આ 'સંઘ'ની પોતાની શક્તિ એ બન્નેનો ખ્યાલ રાખી હાલ તુરતમાં 'સંઘ'ને કરવાનાં કામો મર્યાદિત રાખવામાં આવશે. (૧) પ્રવૃત્તિ અને (૨) વિચારવાતાવરણ ફેલાવવું: એ બે જાતનાં કામો પૈકી હાલ તો માત્ર વિદ્યાપ્રચાર માટે જ પ્રવૃત્તિ કરવામાં આવશે; અને ઐક્ય, સમાજસુધારણા તથા જુસ્સો: એ ત્રણ તત્ત્વોની બાબતમાં શાન્તિથી વિચારો જ માત્ર ફેલાવવામાં આવશે. આ છેલ્લી બાબતમાં હાલ તુરતમાં-સંજોગો વિચારીને ખાસ ઠરાવ કરવામાં ન આવે ત્હાંસુધી-'સંઘ' પોતાના નામે અને ખર્ચે કાંઇ પગલું ભરશે નહિ, જો કે 'સંઘ'ના સભ્યોનો ખાનગી વ્યક્તિ તરીકે એવું પગલું ભરવાનો સામાન્ય હક્ક આથી જોખમાશે નહિ.

**'સંઘ'નું પ્રજાસત્તાક બંધારણ:**—આ સંઘમાં દુનિયાના કોઇ પણ ભાગમાં રહેતા, હરકોઇ ફીરકાના અને હરકોઇ વિચારના, જૈનસાધુ તેમજ સાધ્વી,શ્રાવક તેમજ શ્રાવિકા, તેમજ જૈન તત્ત્વજ્ઞાન તરફ અને આ ' સંઘ ' તરફ સહાનુભૂતિ ધરાવતા હરકોઇ અજૈન સ્ત્રીપુરૂષ પણ દાખલ થઇ શકશે. સભ્યોના બે વર્ગ બનશે:-

(૧) સંઘનો મૂળ આશય જૈનસમાજની સેવા કરવાનો હેઇ, જે બંધુ કે જે બ્હેનમાં સમાજસેવાની આગ એટલી તીવ્ર હોય કે પોતાની વાર્ષિક આમદાનીમાંથી ખર્ચ ક્હાડતાં બચતી રકમનો સોળમો હિસ્સો આ 'સંઘ'ને અર્પણ કરતા રહેવાનું વ્રત લે, તેઓને આ 'સંઘ'ના ' સાધુ ' તરીકે ઓળખવામાં આવશે. ( એ વર્ગની બ્હેનોને ' સાધ્વી ' *તરીકે ઓળખવામાં આવશે. ) કોઇ પણ ફીરકાના ત્યાગી કે ગૃહસ્થ આ સંઘના આશયો ફલીભૂત કરવાના સતત ઉદ્યમ કરવાનું મહાવ્રત લેશે ત્હેમને પણ આ વર્ગમાં ગણવામાં આવશે.

---

*સાધુ સંસ્કૃત શબ્દ છે; ત્હેનો સામાન્ય અર્થ માત્ર એટલો છે કે પવિત્ર પુરૂષ, સજ્જન, સાધના કરનાર; અહીં તે "જૈનસમાજની ઉન્નતિની સાધના કરનાર પુરૂષ" એ અર્થમાં વપરાતો શબ્દ છે.

(૮) જે બંધુ કે બ્હેન વર્ષે ઓછામાં ઓછા રૂ. ૧) ભર્યા કરશે ત્હેમને આ 'સંઘ' ના 'સ્વયંસેવક' અને 'સ્વયંસેવિકા' નામથી ઓળખવામાં આવશે.

ફરજો:—'સાધુ' તેમજ 'સ્વયંસેવક' સર્વેને નીચે લખેલા નિયમો પાળવા પડશે અને નીચે લખેલી સૂચનાઓના અમલ માટે તેઓએ હૃદયથી કોશીશ કરવી જોઇશે.

(૧) પોતાની માન્યતાઓ અને શ્રદ્ધામાં ચુસ્ત રહેવાનો પોતાને હકક છે; પણ તેથી જૂદી માન્યતા કે જૂદી શ્રદ્ધા ધરાવવાનો બીજા માણુસને પણ એટલો જ હકક છે એ સિદ્ધાન્ત સ્વીકારીને નિયમ કરવો પડશે કે, કોઇના ધર્મને ધિકકાર કે અપમાન પહોંચાડવાથી પોતે દૂર રહેશે અને એવાં કોઇ કામોમાં કોઇ પણ માણુસને પોતે પ્રત્યક્ષ કે પરોક્ષ સહાય નહિ કરશે. (ન્યાયપૂર્વક ચર્ચા કરવાનો કોઇનો હક્ક તેથી જતો રહેશે નહિ.)

(૨) 'સંઘ' ના સભ્યો વધારવા તથા સંઘનું ભંડોળ વધારવા તેમજ સંઘના આશયો ફલીભૂત કરવા પોતાથી બનતો પ્રયત્ન, ઉપદેશ અને સમજાવટ દ્વારા, જ્યહારે જ્યહારે પ્રસંગ મળશે ત્યહારે ત્યહારે, જરૂર કરશે, એવું 'વ્રત' લેવું જોઇશે.

(૩) 'જૈનહિતેચ્છુ' પત્ર કે જે આ 'સંઘ' નું મુખપત્ર રહેશે (પરન્તુ ત્હેનું ખર્ચ 'સંઘ' ને માથે નાખવામાં આવશે નહિ) તે દરેક સભ્યે અને સભ્યાએ પુરેપુરૂં વાંચવા કે સાંભળવા કોશીશ કરવી જોઇશે અને ગામના ઓછામાં ઓછા પાંચ માણુસોને તે વાંચવાની પ્રેરણા કરવી જોઇશે.

(૪) પોતાના અંતઃકરણ વિરૂદ્ધનું કોઈ પણ પ્રકારનું ખર્ચ—જેમકે કારજ, લગ્નપ્રસંગે જરૂર ઉપરાંતની શોભા પાછળ થતું ખર્ચ, વગેરે—કરવામાં આવે તો એવા કુલ ખર્ચનો સોળમો હિસ્સો આ 'સંઘ'ને મોકલવો જોઇશે. તેમજ પોતાના કુટુમ્બમાં કાંઇ શુભાશુભ પ્રસંગો પ્રાપ્ત થાય અને તે પ્રસંગે કાંઇ રકમની સખાવત કરવી જ હોય તો તે વખતે ખર્ચવાની રકમનો ઓછામાં ઓછો દશમો હિસ્સો પોતાના આ 'સંઘ'ને મોકલવાની કાળજી રાખવી જોઇશે.

(૫) જ્યહાં સુધી પોતાનું ચાલી શકે ત્યહાં સુધી પોતાના પુત્રને ૧૭ વર્ષની અને પુત્રીને ૧૪ વર્ષની ઉમર પુરી થતા સુધી નહિ પરણાવવાનું વ્રત પોતાના આત્મપ્રભુની સાક્ષીએ લેવું જોઇશે.

(૬) પોતાના પુત્ર અને પુત્રીને કમમાં કમ પ્રાથમિક કેળવણીથી તો બેનશીબ નહિ જ રાખે એવું આત્મપ્રભુની સાક્ષીએ વ્રત લેવું જોઇશે.

(૭) સમાજમાં જે જે સડા ચાલતા હોય ત્હેને દૂર કરવા માટે કોઇ પણ માણસ નિઃસ્વાર્થે અને પ્રમાણિકપણે કોશીશ કરે ત્ય્હારે ત્હેના સંબંધમાં કોઇની વાતો ઉપરથી એકદમ મત બાંધવાની ટેવને વશ ન થતાં, ત્હેની સઘળી હકીકત મેળવતાં સુધી વિરૂદ્ધનો કે તરફેણનો મત ન બાંધવાની અને તટસ્થ રહેવાની પ્રમાણિક કોશીશ કરવાનું વ્રત લેવું જોઇશે. પુરતી માહેતી મેળવ્યા પછી પોતાનું અંતઃકરણ કહે તે પક્ષ લેવાને હરેકને સમ્પૂર્ણ સત્તા છે.

(૮) જ્યહારે જ્યહારે દેવદર્શન કે મુનિદર્શન કે ધાર્મિક ક્રિયાની તક મળે ત્ય્હારે ત્ય્હારે તે તકમાંથી કાંઇક પણ તત્ત્વ શિખવાની આ 'સંઘ'નો દરેક સભ્ય અને સભ્યા કાળજી રાખશે.

(૯) જ્યહારે કોઇ પણ ખરડો, ફંડ, અપીલ પોતાની પાસે રજુ કરવામાં આવે ત્ય્હારે, વાહવાહથી લલચાઇને કે કોઇને સારૂં લાગે તે ખાતર, કે પોતાના નામનો શિલાલેખ થાય એ ઇચ્છાથી, અગર કોરી દયાની જ લાગણીથી રકમ આપી દેવા પહેલાં ઉપયોગ-હિત અહિતનો સવાલ-દેશ અને સમાજની આજની સ્થિતિનો સવાલ-વગેરેનો બુદ્ધિપૂર્વક વિચાર કરવાને પુરતો વખત લીધા પછી જ જવાબ આપવાની, આ 'સંઘ'ના દરેક સભ્ય અને સભ્યાને **ભલામણ કરવામાં આવે છે.** [ આવી બાબતમાં કોઇ 'સભ્ય' કે 'સભ્યા' આ 'સંઘ'ની ઑફિસની સલાહ પૂછાવશે તો ઘણી ખુશીથી યથામતિ સલાહ લખી મોકલવામાં આવશે. )

(૧૦) આ 'સંઘ'ના કેળવાયલા સભ્યો અને સભ્યાઓ પોતાની ફુરસદના વખતમાં 'સંઘ'ના ઉદ્દેશોની સફલતા માટે ન્હાની મ્હોટી મુસાફરી અને ભાષણો કરશે; અને જ્યહાં જ્યહાં બની શકે તેમ હોય ત્ય્હાં ત્ય્હાં તે સ્થળના સભ્યો એક સ્થાનિક સભા સ્થાપવા કોશીશ કરશે.

(૧૧) આ સંઘના સભ્યે પોતાના આત્માની સાક્ષીએ એવો નિયમ લેવો જોઇશે કે, કોઇ પણ પંચમાં, કૉન્ફરન્સમાં, સભામાં, જ્ઞાતિના મેળાવડામાં કે ધાર્મિક સમ્મેલનમાં પોતાનો અભિપ્રાય આપવાની ફરજ પડે ત્ય્હારે અંતઃકરણને પૂછીને તે મુજબનો જ અભિપ્રાય નિડરતાથી તે જાહેર કરશે.

(૧૨) આ સંઘના દરેક સભ્યે દરરોજ એકાન્તમાં ઓછામાં ઓછી ૧૫ મીનીટ ગુજારવાની અને તે દરમ્યાન આ 'સંઘ'ના તમામ સભ્યો અને સભ્યાઓનું આત્મબલ અને ઉપયોગીપણું વધે એવી ભાવના ભાવવાની, તેમજ સંઘસેવાના માર્ગ વિચારવાની કાળજી રાખવી જોઇશે.

**સંઘનો ભંડારઃ**—બન્ને પ્રકારના સભ્યો તરફથી મળતી વાર્ષિક ફી તથા છૂટક ભેટો વગેરે આવકની પહોંચ 'જૈનહિતેચ્છુ'માં પ્રકટ કરવામાં આવશે, અને તે તમામ રકમ, વ્યવસ્થાપક મંડળ મારફત કોઇ સદ્ધર બૅન્ક, મીલ કે શાહુકારને ત્યહાં વ્યાજે મૂકવામાં આવશે.

**વ્યવસ્થાપક સમિતિ** 'સંઘ'માં ઓછામાં ઓછા ૧૦૦ સભ્યો જોડાયેથી મુકરર કરવામાં આવશે. ત્યહાં સુધી નીચે સહી કરનાર નાણાં જાળવશે અને હિસાબ રાખશે.

વ્યવસ્થાપક સમિતિમાં ત્રણે જૈન ફીરકાના સભ્યોની પસંદગી કરવામાં આવશે. દેશવ્યાપક કીર્તિવાળા ગૃહસ્થોને આ સમિતિમાં મેળવવા કોશીશ કરવામાં આવશે; પરન્તુ મ્હોટાં નામો મેળવી જ શકાશે એવી ખાત્રી આપી શકાય નહિ; કારણ કે આ 'સંઘ' ના સિદ્ધાન્તો જહેમને માન્ય હોય તેઓ જ ત્હેમાં જોડાઇ શકે; નામ ખાતર કોઇ જોડાય તેથી 'સંઘ'નું હિત નથી અને મ્હોટાં નામોથી કંઇ નૈતિક અસરમાં વધારો થઇ શકે નહિ.

**ભંડોળનો ઉપયોગઃ**—'સંઘ' ની જે આમદાની થશે ત્હેનો ઉપયોગ હાલમાં તો મુખ્યત્વે વિદ્યાપ્રચારમાં જ થશે; અને આગળ જતાં અનુકૂળતા મુજબ અને વ્યવસ્થાપક સમિતિની ઇચ્છા મુજબ ઐક્ય, સમાજસુધારણા આદિ 'સંઘ'ના બીજા આશયોની સફલતામાં પણ થશે. કુલ આવકનો મ્હોટો ભાગ (સમિતિ ઠરાવશે તેટલો) ત્રણે જૈન ફીરકાના વિદ્યાર્થીઓની સેવામાં ખર્ચાશે.

**જન્મતિથિ**—આ 'સંઘ'નું કામ મહાવીરજયન્તિ (તા૦ ૨૪મી એપ્રીલ ૧૯૧૮)ના શુભ દિવસે શરૂ કરાયલું ગણવામાં આવશે.

## પ્રાર્થના.

શ્રી મહાવીર પિતામહના પગલે ચાલવાની અને એ રીતે શ્રી મહાવીરના સંઘની તથા પોતાના આત્માની ઉન્નતિ કરવાની જે જે પવિત્ર સાધુઓ, સાધ્વીઓ, શ્રાવકો, શ્રાવિકાઓની ઇચ્છા હોય તે દરેકને—ત્હેમના હૃદયમાં રહેતા મહાવીર દેવને—નમ્ર

પ્રાર્થના છે કે, ખરી ભક્તિ અને ખરા પુણ્યને ઓળખવાની ત્હમને દરેકને બુદ્ધિ મળો અને એ બુદ્ધિનો ઉપયોગ કરવાની ઇચ્છાશક્તિ મળો !

ત્હમારા પોતપોતાના ગચ્છમાં કાયમ રહીને, સમસ્ત ગચ્છોના સમૂહ રૂપ મહાવીર સંઘની ભક્તિ કરવાના કામમાં શામેલ થવાની ત્હમને સન્મતિ સૂઝો !

## વિનંતિ.

આ યોજના પુરી વાંચી, વિચાર કરી, જ્હેમને તે અંતઃકરણથી પસંદ પડે ત્હેમણે આ સાથેના પોષ્ટકાર્ડમાં સહી કરી મોકલવાની મહેરબાની કરવી.

નિયમો વગેરેનો છેવટનો નિર્ણય, ૧૦૦ સભ્યોનાં નામ મળી ગયા પછી ત્હેમાંથી બનાવાયલી વ્યવસ્થાપક સમિતિને હાથે થશે. તે વખતે છેવટની મંજુર થયેલી યોજના અને ધારાધોરણ છાપી પ્રગટ કરવામાં આવશે.

કાર્ડ ભરી મોકલનાર સજ્જનોને પ્રાર્થના કરવામાં આવે છે કે, 'સંઘ'ના 'સાધુ' વર્ગમાં નામ નોંધાવવું કે 'સ્વયંસેવક' વર્ગમાં, તે આપની ઇચ્છાની વાત છે. પરન્તુ એક સૂચના કરવાની તો મ્હને જરૂર પરવાનગી આપશો કે, ઘરબાર છોડી તથા કષાયને વશ કરી પંચમહાવ્રતધારી જૈન સાધુની દીક્ષા લેવાનું સદ્ભાગ્ય તો આજે થોડાના જ નશીબમાં છે; પરન્તુ (૧) સજ્જન તરીકેના સામાન્ય નિયમો પાળવાનું અને (૨) પોતાની આવકમાંથી ખર્ચ જતાં બચતા ભાગનો પણ સોળમો હિસ્સો સમાજઉદ્ધારના મહાયજ્ઞમાં આપવાનું કામ કાંઇ એટલું બધું મુશ્કેલ નથી. લાખો ખ્રિસ્તીઓ પોતાના ધર્મનો ફેલાવો કરનારી મુક્તિફોજને પોતાની વાર્ષિકઆવકનો અમુક હિસ્સો આપવાનું વ્રત લે છે અને તેથી આજે હજારો નહિ પણ ક્રોડો રૂપિયા ખર્ચવાની તાકાદ 'મુક્તિફોજ'માં આવી છે. સ્વામીનારાયણ પંથ અને શિખધર્મમાં પણ દરેક માણસે વર્ષે અમુક રકમ સંઘના સામાન્ય ભંડોળમાં આપવી પડે છે. આ વસ્તુસ્થિતિ જોતાં ત્હમને શું એમ નથી લાગતું કે આપણામાંના થોડાકો જો પોતાની બચતનો ( નહિ કે આવકનો ) સોળમો હિસ્સો 'સંયુક્ત મહાવીર સંઘ'ના સામાન્ય ભંડોળમાં આપવાનું

જ્ઞાત લઇશું તો એક મ્હોટી રકમ સહેલાઇથી એકઠી કરીને તે વડે આસ્તેઆસ્તે વિદ્યાનો બહોળો પ્રચાર કરવામાં આપણે સારી ફતેહ મેળવી શકીશું ? જમણથી એક વખતનો આનંદ થશે, વરઘોડાથી એક બે કલાકનો આનંદ થશે, અહીંતહીં પરચુરણ દાન કરવાથી મ્હોટું કાર્ય કાંઇ થવા પામશે નહિ, પણ 'મહાવીર સંઘ'ના સામાન્ય ભંડોળમાં રકમો એકઠી થવાથી સેંકડો જૈનો કેળવાશે અને એકેક કેળવાયલો જૈન ઓછામાં ઓછું પોતાના કુટુંબને તો સારી સ્થિતિમાં લાવી શકશે જ, કદાચ કોઇ અસાધારણ પાણીવાળો નીકળશે તો સમાજને પણ ઉપયોગી થઇ પડશે. આ ફળ સદાકાળ વધતું ને વધતું જાય તેવું છે. સંપ, સંસારસુધારો, જુસ્સો એ સર્વ પણ કેળવણીને પ્રતાપે આપોઆપ આવવા લાગશે. આ, સઘળી ઉન્નતિની ચાવી છે. આખી દુનિયામાં મહાન ફેરફાર થવા લાગ્યા છે, હરીફાઇ એટલી વધી પડી છે કે જો હિંદ આગળ નહિ વધે તો ચગદાઇ જ જશે; કાં તો આગળ વધો અને કાં તો ચગદાઇ મરો; એ બે જ માર્ગ છે. છો તે સ્થિતિમાં પડી રહેવા દે એવા આજની દુનિયાના સંજોગો નથી. આજે બીજી પ્રજાઓ નબળી પ્રજાનો ભક્ષ કરવાને તલપી રહી છે. ફરીફરીને વિનવું છું કે આજે આપણને કોઇ ચાલુ સ્થિતિમાં બેશી રહેવા નહિ જ દે. એ વાત હવે આપણા હાથમાં રહી નથી. આપણે કાં તો સમર્થ બનવું જોઇશે, અગર તો બીજાનો ભક્ષ બનવું જોઇશે. પહેલો રસ્તો, એટલા માટે, લીધા સિવાય આપણો છૂટકો જ નથી. પ્રમાદ અને બેદરકારી આપણને હવે કોઇ રીતે પાલવે તેમ નથી. ટુંકી નજર અને ઘર સંભાળી બેસવાની પ્રકૃતિ હવે આપણને પાલવી શકે તેમ નથી. હિંદના લોકનાયકો માથાં મૂકીને કામ કરી રહ્યા છે. દરેક કોમે પોતપોતાના વર્ગમાં વિદ્યા, સંપ અને જુસ્સાનો પ્રચાર કરવાનું કામ ઉપાડી લઇને આપણા દેશનાયકોની મહેનત બચાવવી જોઇએ છે અને આપણા વધેલા બળ સાથે આપણે ત્હેમના કામમાં જોડાવું જોઇએ છે.

આવી વસ્તુસ્થિતિમાં, સજ્જનો, શું ત્હમે 'સંયુક્ત મહાવીર સંઘ'ના 'સાધુ' બનવા આનાકાની કરશો—રે કરી શકશો ? પૂછો ત્હમારા હૃદયને. હું મ્હારા હૃદયને ફરી ફરી વીસ વખત પૂછી ચૂક્યો અને ત્હેણે જવાબ આપ્યો કે, સોળમો હિસ્સો 'મહાવીર સંઘ'ને અર્પણ કરવા માત્રથી ત્હારૂં ઋણ ઓછું થતું નથી; ત્હારી

સઘળી બચત, ત્હારો સઘળો સમય અને ત્હારૂં આખ્ખું શરીર મહાવીરને અર્પણ કરીશ ત્ય્હારે જ ત્હારો ઉદ્ધાર છે. મુરબ્બીઓ! ત્હમે પણ ત્હમારા હૃદયને પૂછી જુઓ,—શાન્તિથી, એકાગ્રતાથી, પ્રમાણિકતાથી પૂછી જુઓ અને જે જવાબ ત્ય્હાંથી મળે તે જવાબ મુજબનો 'વર્ગ' આ સાથેના કાર્ડમાં લખો.

જેઓ બીજા એટલે 'સ્વયંસેવક વર્ગ'માં નામ નોંધાવવા ઈચ્છતા હોય ત્હેમને પણ 'સાધુ વર્ગ' વાળી દલીલ પ્રથમ વાંચવા વિનંતિ છે. જૈન શાસ્ત્રનું ફરમાન છે કે, પ્રથમ સાધુનો ધર્મ ઉપદેશવો; અને જ્હેને તે મુશ્કેલ લાગે ત્હેને પછી શ્રાવકનો ધર્મ ઉપદેશવો. ત્હમને, સજ્જનો, હું પ્રથમ 'સાધુ'વર્ગમાં દાખલ થવા અરજ કરૂં છું; અને ત્હમારી ભક્તિ એટલી તીવ્ર ન હોય તો, છેવટે 'સ્વયંસેવક' વર્ગમાં દાખલ થવા અરજ કરૂં છું. પરન્તુ ત્હેમાં પણ વર્ષે રૂ ૧) ઓછામાં ઓછો આપવાની જે ફરજ છે ત્હેનો અર્થ ત્હમારે બરાબર સ્હમજવો જોઇએ. રૂ. ૧) ઓછામાં ઓછો છે તે ઓછી આવકવાળાની સગવડ માટે છે; ત્હમારી આવક ત્હમારા ખર્ચ કરતાં વધારે હોય તો ત્હમે 'શ્રીમંત' જ છો, પછી ત્હમારી પાસે હજારોની મુડી ન હોય ત્હેની કાંઇ ચિંતા નથી. ત્હમારે ત્હમારા હૃદયને અને નાણાંથેલીને પૂછીને અને સમાજની સ્થિતિનું ચિત્ર આંખ આગળ રાખીને, વર્ષે રૂ. ૧) થી જેટલું બને તેટલું વધારે મોકલવાની કોશીશ કરવી જોઇએ છે. ત્હમે હજાર જ આપો, સો આપો, પચીસ આપો, કે દશ આપો, એ કહેવાની મ્હને સત્તા નથી. એ ત્હમારી પોતાની ભલી મતિ અને ઇચ્છાશક્તિનો સવાલ છે, હું ત્હેમાં હાથ ઘાલીશ નહિ.

અને હવે એક વાત વિશેષ. ત્હમે આ 'સંઘ'ના સભ્ય તરીકે નામ ભરી મોકલો ત્યાર પછી ત્હમારી પહેલામાં પહેલી અને મ્હોટામાં મ્હોટી, પવિત્રમાં પવિત્ર ફરજ એ છે કે, ત્હમારા પીછાનવાળામાંથી જેટલા વધારે સભાસદ મેળવી શકો તેટલા મેળવશો. પૅમ્ફલેટ અને નામ ભરવાનાં કાર્ડ જોઇએ તેટલાં મંગાવી લેશો.

સભાસદોની સારીસરખી સંખ્યા નોંધાઇ ગયા પછી, ત્હેમણે કરવાનાં કામો બાબતમાં અવારનવાર સૂચનાઓ અને અપીલો પ્રગટ કરવામાં આવશે. તા૦ ૨૪-૪-૧૯૧૮.

'જૈનહિતેચ્છુ 'ઑફિસ
પ્રિન્સેસ સ્ટ્રીટ
મુંબઇ

શ્રી મહાવીરનો
સેવક
વાડીલાલ મોતીલાલ શાહ.

# श्री संयुक्त जैन विद्यार्थी गृह.

## जाणवा जोग खबरो.

મુંબઇ ખાતે 'સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહ'માં ૪૦-૪૧ વિદ્યાર્થીઓની હાજરી રહ્યા જ કરે છે. પ્લેગના કારણથી ગુજરાત-કાઠિયાવાડના જૈન-અજૈન વિદ્યાર્થીઓને આ સંસ્થા સુંદર આશ્રય સ્થાન થઇ પડયું હતું. વિદ્યાર્થીઓએ તે વખતે પોતે અગવડ વેઠીને પણ થોડા વખતને માટે આશ્રય લેવા આવતા બહાર ગામના બંધુવિદ્યાર્થીઓ માટે સગવડ કરી આપવાની ભલમનસાઈ બતાવી હતી.

અમદાવાદ ખાતેના 'સંયુક્ત જૈન વિદ્યાર્થી ગૃહ'ને ત્યહાંના સખ્ત પ્લેગના વખતમાં જ્યહારે સ્કુલો અને કૉલેજો બંધ રહી હતી તે અરસામાં બંધ રાખવાની જરૂર પડી હતી, પરન્તુ દોઢ મહીનામાં પ્લેગ શાન્ત થતાં પુનઃ કામ ચાલુ થયું હતું.

મ્હારી મુસાફરી દરમ્યાન ઇંદોર હાઇકોર્ટના જજ્જ શ્રીયુત જે. એમ. જૈની M. A. Bar-at-Law મુંબઇ 'ગૃહ'ની મુલાકાતે આવ્યા હતા અને બે કલાક સુધી રોકાઈ બારીક તપાસ કર્યા બાદ તથા વિદ્યાર્થીઓના સહવાસમાં આવ્યા બાદ ઇંદોર ઉપડી ગયા હતા, જ્યહાંથી ત્હેમણે 'ગૃહ'ના સુપ્રીન્ટેન્ડન્ટ પર નીચે મુજબ પત્ર લખ્યો હતોઃ—

પ્રિય સુપ્રિન્ટેન્ડન્ટ; સાર્વત્રિક ભ્રાતૃભાવ એ જ સત્યનો આત્મા છે. બન્ધુ વાડીલાલ તે લક્ષ્યને પહોચ્યા છે. મુંબઇ અને અમદાવાદ ખાતે આવેલાં ત્હેમનાં 'વિદ્યાર્થીગૃહો' એ કથનનો સંગીન અને છટાદાર પુરાવો છે. નાતાલની રજામાં મ્હેં જ્યહારે મુંબઈ 'ગૃહ'ની મુલાકાત લીધી ત્યહારે વિદ્યાર્થી બંધુઓની ચપળતા, સ્વાત્મસંશ્રય તેમજ નમ્રતા અને સભ્યતા જોઇ હું આશ્ચર્યચકિત થયો હતો. મહાવીર પ્રભુના આ યુવાન અનુયાયીઓની પ્રગતિ થાઓ એમ હું પ્રાર્થું છું. મ્હને આશા છે કે આ યુવકમંડલ મનુષ્યો, મનુષ્યોથી ઉતરતા જીવો તથા મનુષ્યથી ચ્હડીઆતા જીવોમાં જૈનત્વ પ્રેરવા મન-વચન-કાયાથી કોશીશ કરશે.

*J. L. Jaini.*

**M. A., M. R. A. S., Bar-at-Law**

**Judge, High Court, Indore.**

## જાણીતા આગેવાનોની મુલાકાતો.

(૨) દિગમ્બર અગ્રેસર અને 'રૂના રાજા' દાનવીર રાયબહાદૂર શેઠ હુકમચંદજી સાહેબે વિદ્યાર્થીગૃહની ખાસ મુલાકાત લઈ વીઝીટ બુકમાં બેહદ સંતોષ અને આશિર્વાદોથી ભરપૂર ઉલ્લેખ કર્યો હતો એટલુંજ નહિ પણ વિદાય થતી વખતે, વિના આગ્રહ, માસિક રૂ. ૧૦૦) ની સ્કૉલરશીપ દેવાની પોતાની ફરજ જણાવી હતી. જે શેઠ સાહેબે સરકારને લાખ્ખોની રકમ આપી છે, ત્હેમને મન રૂ.૧૦૦)-ની સ્કૉલરશીપ જૈન કોમની વિદ્યાવિષયક પ્રવૃત્તિમાં આપવી એ કોઇ મ્હોટી વાત નથી.પરન્તુ,કેટલાક દિગમ્બર ભાઇઓ હાલમાં ચાલતા શ્વેતામ્બર-દિગમ્બર ઝગડાને આગળ કરીને ત્હેમને આ સંયુક્ત ખાતામાં સહાય કરતાં રોકે છે. ખરી વાત છે કે ટંટા ચાલતા હોય ત્હારે મન સંકોચાય, પરન્તુ એ સવાલ ત્હારે જ થઈ શકે કે જ્યહારે કોઈ શ્વેતામ્બર મૂર્ત્તિપૂજક વર્ગને લગતું જ કામ હોય.સમસ્ત જૈન કોમની સાથે સંબંધ ધરાવતું કાંઈ કામ હોય, કે જે વળી વિદ્યાને લગતું હોઈ રાષ્ટ્રિય સેવાનું કામ ગણાવું જોઇએ અને નહિ કે માત્ર કોમી સેવાનું,અને જહેનો સ્થાપક પણ કાંઇ ધાર્મિક યુદ્ધમાં જોડાયલા પંથોમાંનો નથી,—એ સંજોગોમાં શેઠ સાહેબે ત્હેમને અટકાવનાર દિગમ્બર ભાઇઓને શાન્તિથી પણ હિમતથી ઉચીત જવાબ આપવો જોઇએ છે. શેઠ સાહેબે પોતાના સ્વધર્મી ભાઇઓનું માન રાખવું જોઇએ એ વાત ખરી છે, પરન્તુ અગ્રેસર થયા તેથી કાંઇ બીજાઓના ગેરવાજબી દબાણને તાબે થવા માટે બંધાયલા નથી. શેઠ સાહેબ પોતે બુદ્ધિમાન છે અને ત્હેમને સલાહની ભાગ્યે જ જરૂર છે. આશા છે કે તેઓ પોતાના હૃદયના પવિત્ર અવાજ પ્રમાણે વર્ત્તન કરવા શીઘ્ર શક્તિમાન થશે.

(૩) ઝાલરાપાટનના નગરશેઠ શ્રીયુત બીનોદીરામજી બાલચંદજીવાળા શ્રીયુત લાલચંદજી શેઠીએ ઉજ્જૈન મિલ્સના એજંટ શ્રીયુત મદનમોહનજી જૈની તથા રાયબહાદૂર શેઠ કસ્તુરચંદજી સાથે 'વિદ્યાર્થીગૃહ'ની મુલાકાત લઇ ઘણો સંતોષજનક અભિપ્રાય લખ્યો છે; એટલુંજ નહિ પણ આ 'નૂતન જૈનસમાજના ભવિષ્યના અગ્રેસર' યુવાને માસિક રૂ. ૬૦) ની સ્કૉલરશીપ ૮ વર્ષ સુધી આપવાનું

જાહેર કરી પહેલા વર્ષની રકમ મોકલાવી પણ આપી છે. મ્હારા ઉપર અંગત નિર્મળ નિઃસ્વાર્થી પ્રેમ રાખનાર આ દિગમ્બર બન્ધુનો આભાર માનવાના વિવેકથી હું ઇરાદાપૂર્વક દૂર રહીશ.

શેઠ કસ્તુરચંદજી અને શેઠ કલ્યાણમલજી સાહેબે 'ગૃહ'ને સહાય કરવાનું વચન આપ્યું છે, જે માટે તેઓનો આભાર માનુંછું.

(૪) સ્થાનકવાશી મુનિશ્રી હર્ષચન્દ્રજી વગેરે તથા શ્વેતામ્બર મૂર્તિપૂજક વર્ગના ખરતર ગચ્છીય ઉપાધ્યાય શ્રીસુમતિસાગરજી પન્યાસ તથા વક્તા મુનિશ્રી મણિસાગરજી વગેરેએ મુંબઈ ખાતેના ગૃહમાં સાથે પધારી નિરીક્ષણ કર્યું હતું અને ત્હેમનાં વ્યાખ્યાનોનો લાભ લેવા ત્રણે સંપ્રદાયના ગૃહસ્થો 'ગૃહ'માં એકઠા મળ્યા હતા. આ વખતે કોઈ જાતનું ફંડ કે અપીલ કરવામાં નહિ આવે, એવું મ્હારા હમેશના નિયમાનુસાર, અગાઉથી જાહેર કરવામાં આવ્યું હતું. બન્ને સંપ્રદાયોના મુનિવરોએ અને પંડિત લાલને ઐક્ય તથા વિદ્યાવૃદ્ધિ ઉપર વ્યાખ્યાન કર્યાં હતાં અને સંસ્થા તરફ સમ્પૂર્ણ દીલસોજી જણાવી ત્હેનો ઉદય ઇચ્છિયો હતો. યથામતિ જવાબ મ્હારા તરફથી અપાયા બાદ સભા વિસર્જન થઈ હતી. મુનિશ્રીના ઐક્યપ્રેમ અને વિદ્યાપ્રેમ માટે અંતઃકરણથી આભારી છું.

(૫) મ્હારા વૉલંટીઅરમિત્રોની સાથે ધોરાજીનિવાસી શેઠ પોપટભાઇ નેમચંદ તથા શેઠ રવજીભાઈ નેમચંદ તથા રા. ત્રિભુવનદાસ નેમચંદ વસનજીએ 'ગૃહ'ની મુલાકાત લીધી હતી અને વિદ્યાર્થીઓએ ત્હેમનું સ્વાગત કર્યું હતું. વિદાય થતી વખતે શેઠ પોપટભાઇએ સંતોષ જાહેર કરતાં રૂ. ૫૦૦) ની રકમ સ્કૉલરશીપ ફંડમાં આપી હતી, જે આભાર સાથે સ્વીકારવામાં આવી હતી. ગયા અંકમાં પણ ત્હેમની તરફના રૂ. ૫૦૦ ની પહોંચ હતી. કુલ્લે રૂ. ૧૦૦૦ તેઓએ મોકલ્યા છે.

(૬) શોલાપુરના દિગમ્બર અગ્રેસર શેઠ હીરાચંદ નેમચંદ મુલાકાતે આવી ઘણો લાંબો અને સંતોષજનક શેરો કરી ગયા છે અને પોતાની લાગણીની સાબીતી તરીકે અમુક દાન પણ નોંધી ગયા છે.

(૭) વિદ્વાન મુનિ માણેક અને બીજા કેટલાક બન્ને ફીરકાના મુનિવરો અમદાવાદ ખાતેના વિદ્યાર્થી ગૃહની મુલાકાત લઇ સંતોષ જાહેર કરી ગયા છે. મુલાકાતે આવેલા તમામ મુનિવરો અને ગૃહસ્થોનો હેવાલ એક પત્રમાં આપવા જેટલી જગા ફાજલ પડી શકે નહિ તેથી અત્રે તેઓ સર્વનો આભાર માની આ પ્રકરણ અહીં

સમાપ્ત કરૂં છું. પરન્તુ શેઠ અંબાલાલ સારાભાઇની બોર્ડીંગના અનુભવી અને સમાજપ્રેમી હાઉસ માસ્ટર રા. મનસુખલાલભાઇની આ સંસ્થા પ્રત્યેની લાગણી માટે તથા શ્વે૦ અગ્રેસર શેઠ લાલભાઇ ત્રિકમદાસનાં સુશિક્ષિત ધર્મપત્નીએ પોતાના સખીમંડળ સહિત લીધેલી મુલાકાત માટે ત્હેમનો આભાર માનવાનું હું મુલ્તવી રાખી શકું નહિ. આ બ્હેને લગભગ ૧।। કલાક બેસીને કેળવણી, જૈન શાસ્ત્રો, તત્ત્વજ્ઞાન વગેરે સંબંધમાં જે બુદ્ધિશાળી સવાલજવાબ મ્હારી સાથે કર્યા હતા તેથી મ્હારા હૃદયમાં ત્હેમના માટે ઉંચું માન ઉત્પન્ન થયું હતું. એ દિવસ ક્યારે આવે કે મ્હારી જૈન બ્હેનો મીસ નાઇટેન્ગેલની માફક સમાજસેવામાં યાહોમ કરી બહાર પડે ! શ્રીમતી અનસૂયા બ્હેને શરૂઆત કરી છે એ માટે એમને હાર્દિક ધન્યવાદ !

## કોઇ શિખવશો કે કેવી રીતે ધન્યવાદ આપવો ?

મ્હારા શબ્દકોષમાં જ્યહારે કોઇ લાગણી દર્શાવવાનો શબ્દ જડતો નથી ત્યહારે હું મુંઝાઉં છું અને લાગણીને સમૂળગી દાબી દઇને નિષ્ઠુર—લુખ્ખો–આભારરહિત બની જાઉં છું. એવો એક પ્રસંગ અત્રે સંક્ષેપમાં જણાવીશ. ભાઇ તુળશીદાસ મોનજી કરાણી નામના એક શ્વેતામ્બર મૂર્તિપૂજક બન્ધુએ એક દિવસ માસિક પંદર રૂપિયાની આઠ વર્ષની સ્કૉલરશીપના પહેલા હપ્તાના રૂ. ૧૮૦) અને આ દાન બે મહીના વહેલું કરવું જોઇતું હતું ત્હેને બદલે મોડું સૂઝ્યું ત્હેના પ્રાયશ્ચિતના રૂ. ૨૦) મળી રૂ. ૨૦૦) મોકલ્યા. રીતસરનો આભારનો પત્ર ત્હેમને લખવામાં આવ્યો. એટલામાં દીપમાલિકા પ્રસંગ આવ્યો; 'હિતેચ્છુ'નો ખાસ અંક વાંચી ત્હેમણે શારદાપૂજન નિમિત્તે રૂ. ૫૦૧) ની ભેટ 'ગૃહ'ને મોકલી આપી. પછી થોડા દિવસ બાદ પંદર રૂપિયાની સ્કૉલરશીપના બીજા ત્રીજા ચોથા વર્ષના હપ્તા તરીકે રૂ. ૫૪૦) નો ચૅક મોકલી આપ્યો. ત્યાર બાદ એક પત્રમાં રૂ. ૭૨૦) નો એક અને રૂ ૬૦૧ નો બીજો એમ બે ચૅક મોકલી આપતાં લખ્યું કે "પ્રિય બન્ધુ ! આ સાથેનો રૂ. ૭૨૦ નો ચૅક મ્હારા તથા મ્હારા મિત્ર રા. પ્રભુદાસ શેશકરણ તરફની સ્કૉલરશીપના ખાતામાં જમા કરશો અને રૂ. ૬૦૧) નો બીજો ચૅક 'વધારાની મદદ' તરીકે જમા કરશો. લી. સેવક તુલસીદાસ" આ પત્ર તા. ૨૫ માર્ચે લખેલો છે અને પછી 'મહાવીર જયન્તિ'ના દિવસે રૂ. ૬૦૧)-નો ચૅક 'જયન્તિની ખુશાલીમાં' મોકલી આપ્યો છે ! એમનો ઉપકાર હું માનવાનો નથી; કારણ કે તે પોતાને મ્હારા 'સેવક' લખી મ્હને

કફોડી દશામાં મૂકે છે. ભાઈ તુલશીદાસ અને ભાઈ પ્રભુદાસ—બન્ને ભાગીદારોએ મળીને—મ્હારા પર જુલમ કરવા માંડયો છે. જૈન કોમને કામની કદર નથી એવા મ્હારા તહોમતને ખોટું પાડી મ્હને જૂઠો ઠરાવવાનો તેઓએ એકસંપ કર્યો છે; અને સેવકના 'સેવક' બની સેવકને આશ્ચર્યમાં ગરકાવ કરી મુંગો બનાવી દીધો છે.ભાઇઓ! કાંઇ પણ અંગત સંબંધ વગર, કાંઇ પણ પ્રાર્થના થયા વગર, પોતાની સ્થિતિ પણ એવી શ્રીમંત ન હોવા છતાં, ફક્ત મ્હારા નિર્ભાગ્ય 'હિતેચ્છુ'ના શબ્દોની કદર કરીને આટલી હદની લાગણી બતાવનારા ત્હમારા હૃદયને કયા પૂજાપાથી હું પૂજું? વ્યવહારના આભાર વડે તે ઉચ્ચગામી આત્માને હું કેવી રીતે કલુષિત કરવાની હિમત ધરી શકું? ઇચ્છિવાનું મ્હારા હાથમાં હોય તો ત્હમારે માટે હું શું ઇચ્છું? ત્હમે મ્હારા 'સિદ્ધાન્તો' અને 'લાગણી'ઓ વચ્ચે યુદ્ધ જગાડી મ્હને હચમચાવી નાખ્યો છે. હું ત્હમને 'આશિર્વાદ' ન આપી શકું; માત્ર 'શાપ' જ આપી શકું, અને તે એ જ કે, ત્હમે અનંત કાળને માટે અકિંચન અને અશરીરી થાઓ!

વિદ્યાર્થીગૃહ ચાલે કે કાલે બંધ પડે, હું જીવું કે કલાક પછી મરણ પામું, લોકો સંસ્થાને પોતાની બનાવે કે તોડી નાખે,—ગમેતેમ થાય—મ્હારૂં મિશન પાર પડયું છે અને હવે હું કાંઈક દીલાસા સાથે મરી શકીશ.

## વિદ્યાર્થી, ત્હારૂં કલ્યાણ હો!

ગયા અંકમાં અમદાવાદ 'ગૃહ'ના બે વિદ્યાર્થીઓ પર્યુષણની રજામાં લિંબડી જઈ ત્યાંથી અમુક રકમ એકઠી કરી તે રકમ ત્યાંના 'બોર્ડીંગ હાઉસ' ને જ વિના માંગે અને મ્હને પૂછાવ્યા સિવાય અર્પણ કરી આવ્યાના ખબર પ્રગટ થયા હતા. હમણાં મુંબઇના વિદ્યાર્થીગૃહના એક વિદ્યાર્થી (ભાઇ બી. કે. વરડયા) મૅડીકલ કૉલેજની છેલ્લી પરીક્ષામાં પાસ થઇ સંસ્થા છોડી ગયા પછી થોડા જ દિવસના અરસામાં મોરાદાબાદથી મ્હને લખે છે: "વડીલ બંધુ! મ્હારી ખરી મુશીબત વખતે મ્હને અભ્યાસનાં સઘળાં સાધન કરી આપવા સાથે મ્હારા તરફ જે પ્રેમ અને મમતા બતાવવામાં આવ્યાં છે ત્હેનો યત્કિંચિત્ બદલો પણ હું કેવી રીતે વાળી શકીશ? ત્હમારી શુભાશિષોથી પાસ થતાં વેંત જ મ્હને અત્રે ઍસી૦ સર્જનની જગા રૂ. ૧૫૦ના પગારથી મળી છે. મ્હારો પહેલા મહિનાનો પગાર

મ્હને કાલે મળશે; ત્હેમાંથી રૂ. ૧૦૦ હું મોકલી આપીશ, તે સ્વીકારશો. મ્હને સંસ્થાએ ખરી વખતે આપેલી લોન હું ગમે તેટલી કરકસર કરી તાકીદે પૂરી કરીશ અને સંસ્થાની સેવા જીંદગીપર્યંત કરવાને બંધાયલો રહીશ. ત્હમે જે ઉંચા સિદ્ધાન્તો વાતચીત દરમ્યાન અને ભાષણો દ્વારા મ્હારા જીગરમાં ઉતાર્યા છે તે કોઇ રીતે ભુંસાવા પામે નહિ એ જ હું પ્રાર્થું છું. સેવા બજાવવાની મ્હને તક મળે એમ હું ઇચ્છું છું. ખુશીમાં હશો. ત્હમારો લઘુ બન્ધુ, **બી. કે. વરડયા** **(M. B., B. S. Asst. Surgeon.)**

ભાઇ વરડયાનો મનીઑર્ડર પહોંચ્યો છે. સંસ્થા પ્રત્યેના આવા સ્નેહ અને વફાદારી માટે ત્હેમને હું ધન્યવાદ આપું છું. બીજા વિદ્યાર્થીઓ—પછી તેઓ આ સંસ્થામાં રહેતા હો કે હિંદની હરકોઇ સંસ્થામાં—આ બંધુનો દાખલો લઇ વફાદારી અને સમાજસેવા શિખે એમ હું અંતઃકરણથી ઇચ્છું છું. એક વિદ્યાર્થી બી. એ. કે બૅરીસ્ટર કે સીવીલીઅન કે વ્યાપારી થાય એમાં કાંઈ મ્હોટું આશ્ચર્ય નથી; તેઓના હૃદયમાં દેશસેવા કે જનસેવાનાં બીજ રોપાય એ જ મ્હોટી ચીજ છે. સુંદર ફુલમાં સુગંધી ન હોય તો તે શા કામનાં? હિંદને આજે એવા વિદ્યાર્થીઓની જરૂર છે કે જેઓ ભણે—ખૂબ ભણે—પહેલા વર્ગમાં પાસ થાય એવું ભણે—પરન્તુ તેથીએ વધારે સેવાધર્મનો પાઠ ભણે—અને અભ્યાસ પૂરો કર્યા બાદ યથાશક્તિ સમાજસેવામાં ફાળો આપે. ત્હેમાં પણ શ્રેષ્ટ તો તે જ છે કે, જે મહીને પાંચસો રળવાની સ્થિતિમાં છતાં રોટલા ખર્ચથી સંતોષ વાળી પોતાની ખીલેલી બુદ્ધિ અને ભરજુવાનીનો લાભ સમાજસેવાના હરકોઇ મિશનને અર્પે. જ્યહાં સુધી વિદ્યાર્થીઓ પોતાની જ આબાદી તરફ નજર રાખીને ભણશે ત્યહાં સુધી આ દેશમાં કોઈ જાહેર ખાતું આબાદ થઇ શકવાનું નથી. "પ્રથમ દેશ, પછી કોમ, પછી કુટુંબ અને પછી પોતે" આ મુદ્રાલેખ યુવાન હિંદીએ સદાસર્વદા નજર સ્હામે રાખવો જોઇએ છે. "પ્રથમ હું, પછી કુટુંબ, પછી સગાંવ્હાલાં, પછી નાત, પછી ગામ, પછી જીલ્લો અને પછી દેશ" એવું શિખવનાર હિંદમાતાનો દ્રોહી—ખૂની—શત્રુ છે.

## મ્હને આટલો મોડો કેમ યાદ કર્યો?

એક ઉંચામાં ઉંચા કુટુંબના નબીરા અને શ્વેતામ્બર મૂર્તિપૂજક અગ્રેસરને ત્યહાં એક સ્હવારે હું મ્હારા એક વૉલંટીઅરની સાથે

જઈ ચ્હડયો. હું 'વિદ્યાર્થીગૃહ 'ની વાત શરૂ કરૂં છું એટલામાં તે ગૃહસ્થ વચ્ચે જ બોલી ઉઠયાઃ "મ્હને આટલો મોડો કેમ યાદ કર્યો? મ્હેં ત્હમારી યોજના અને કામ કરવાની રીતનો પુરો અનુભવ લીધો છે. હવે ત્હમે પોતે મ્હારા નામ સ્હામે જેટલી રકમ લખો તેટલી આપવા હું ખુશી છું." આવી સજ્જનતા અને વિશ્વાસનો રખેને લેશ માત્ર દુરૂપયોગ થયો ગણાય એ ચિંતાથી મ્હેં ૮ વર્ષ સુધી ચાલુ રહે તેવી માસિક રૂ. ૪૦)ની સ્કૉલરશીપ ત્હેમના નામ સ્હામે ભરી, ત્યહારે ત્હેમણે કહ્યું કે "માત્ર આઠ વર્ષ સુધી જ નહિ પણ, સંસ્થાની હયાતી હોય ત્યહાં સુધી એ સ્કૉલરશીપ લીધાં કરજો; અને ત્હમારા વૉલંટીઅરને ઉઘરાણીની તકલીફ ન આપતાં પહેલા વર્ષની રકમ તથા તે સાથે શારદાપૂજનની રકમ ત્હમારી સાથે જ લેતા જાઓ, એ શરતે કે મ્હારૂં નામ પ્રકટ કરતા નહિ અને મ્હારી છબી પણ મૂકતા નહિ. કારણ કે, હું જે આપું છું તે ત્હમારા ઉપર ઉપકાર કરવા ખાતર નહિ, પણ ત્રણ ફીરકા વચ્ચે ઐક્યની ભાવના ઉત્પન્ન કરવા, ત્હમારા પ્રશંસાપાત્ર કાર્ય અને આત્મભોગની કદર તરીકે અને મ્હારા આત્મહિતાર્થે આપું છું"...એવો દિવસ ક્યહારે આવે કે **તમામ** જૈન શ્રીમંતો **આવી** કદરદાની, આશય અને કાર્યની કિમત સ્હમજવાની **આવી** દરકાર, તથા એક સુંદર કામ સુંદર રૂપમાં કરવાની કળા શિખે !

## એક બ્હેન સમુદ્રપારથી કદર કરે છે !

મસુઆ ( આફ્રિકા )થી એક બ્હેન રૂ. ૨૫)ની રકમ પોતા તરફની ભેટ તરીકે વિદ્યાર્થીગૃહને મોકલતાં જણાવે છે કે, '**હિતેચ્છુ**'નો ગયો અંક વાંચવાથી તેણીના ઉપર જે સચોટ અસર થવા પામી હતી ત્હેને પરિણામે પોતાની પાસે જે કાંઈ તે વખતે શીલીકમાં હતું તે તેણીએ મોકલી આપ્યું હતું. પોતાનું નામ પણ બહાર પાડવાની આ ભલી બાઇ મના કરે છે. કલ્પનાશક્તિ ( Imagination )-ની બાબતમાં સરેરાસ પુરૂષ કરતાં સરેરાસ સ્ત્રી સ્વભાવથી જ ચ્હડીઆતી હોય છે, માત્ર તેણીની તે શક્તિને પીછાનવી જોઇએ છે અને ખીલવવી જોઇએ છે. **આર્યસમાજની** કન્યાપાઠશાળા માટે એક **મ્હોટું** ફંડ કરવાનું વ્રત લઇને એક કુમારિકાએ મુસાફરી કરી હતી અને તેણીનું વ્રત સફળ થયું હતું. અધ્યાત્મવાદ અને **હિંદસેવા** માટે મીસીસ એનીબિસાંટે જે કર્યું છે ત્હેની તારીફ કોઇ શબ્દોમાં થઇ

શકે તેમ નથી. મીસ નાઈટીન્ગેઇલે આખી જીંદગી બ્રહ્મચર્ય પાળીને યુદ્ધક્ષેત્રની મધ્યમાં ઘવાયલાઓની સારવાર કરવામાં તથા હિંદમાં આરોગ્યનાં સાધનો ઉભાં કરવામાં જે ફાળો આપ્યો છે તેથી તેણીનું નામ આખી દુનિયામાં અમર થયું છે. સ્ત્રીઓ જ્યહારે પ્રકાશ પામે છે ત્યહારે પોતાના પતિ, પિતા, પુત્ર, સંબંધીઓ—રે અજાણ્યા મનુષ્યો પાસે પણ 'અપીલ' કરીને જનસેવાનાં કામોમાં મ્હોટી મદદ મેળવી આપનાર થઈ પડે છે. ગુજરાતના એક મ્હોટા શહેરના નગરશેઠની સુશીલ પત્નિ પોતાના પતિ પાસે લાખો રૂપિયાનાં દાન કરાવવાં માટે અમર નામ કરી ગઇ છે. આર્યસમાજના મેળા વખતે લાલા લજપતરાયનું ભાષણ સાંભળ્યા બાદ તુરત જ કેટલીક બાઇઓએ પોતાના અંગ ઉપરનાં તમામ આભૂષણ ગુરૂકુળને કહાડી આપ્યાં હતાં! હિંદમાં આવી 'દેવી'ઓનો હજી છેક જ દુષ્કાળ પડયો નથી એટલે દરજ્જે સંતોષ માનવા જેવું છે.

## એક કુમારીકાની 'બ્હેનપણી'!

બ્હેન દમયન્તી મણિલાલ માણેકચંદ (મૂળ વતન સરધાર, હાલ મુંબઈ) લખે છેઃ—"બાપુ, હું તમારી પાસે એક મહેરબાની માગવા ઇચ્છું છું. મને બાળકી ધારીને મારી વાત હશી કાઢો નહીં તો હું માગવાની હિમત ધરી શકું. હું બાળકી છું ખરી, પણ બોર્ડીંગ જેવી વિદુષીની બ્હેનપણી છું. એ બ્હેનપણાં તમારા 'હિતેચ્છુ'ના ઉપદેશોએ કરાવ્યાં છે, તેથી તમારાથી મને બાળકી ગણીને મારી માગણી હશી કાઢી શકાશે નહીં. મારા પિતાજી મને કોઇ કોઇ વખતે બક્ષીસ આપે છે તે હું સાચવી રાખું છું, તથા કોઈ કોઈ વખતે હાથની કારીગરીથી કરાતા કામના વેચાણમાંથી કાંઇક કાંઇક મેળવું છું. એવી રીતે મારી પાસે થોડીક રકમ એકઠી થઈ છે અને તે હું મારી બ્હેનપણીને આપવા ઇચ્છું છું. મહીને રૂ. ૫) ની એક સ્કોલરશીપ તમને પસંદ પડે તે વિદ્યાર્થીને મારી વતી પાંચ વર્ષ સુધી આપશો. મારી આ તુચ્છ રકમ સ્વીકારશો તો મારા ઉપર મહેરબાની થઈ સમજીશ. કારણ કે તેથી સેવાનું એક પણ કામ કરી શકવાનો મને ગુપ્ત આનંદ થશે."

એક કુમારિકા—આટલી ન્હાની ઉમરની—આવો સેવાભાવ શિખે એ જૈન કોમને માટે ખરેખર શુભસૂચક છે. વજ્રના દીલવાળા કેટલાક જૈન શેઠીઆઓએ આવી વાત વાંચવી જ ન જોઇએ; નહિ

તો કદાચિત્ ઢાંકણીમાં પાણી લઇ ડૂબી મરવાની ઇચ્છા થશે !

## પ્લેગમાં સપડાયેલો બચ્યો !

એક આશ્ચર્યજનક ઘટના—ખરેખર બનેલી હકીકત-રજુ કરવાની તક મળવા માટે હું પોતાને અહોભાગ્ય સ્હમજું છું. એક અજાણ્યો યુવાન જૈન મ્હારી ઑફિસમાં આવી મ્હારી પૂછપરછ કરવા લાગ્યો. કોઇએ મ્હારા સ્હામે આંગળી કરવાથી અને પીછાન કરાવવાથી તેણે મ્હારા ટેબલ પર રૂ. ૨૫) મૂકી કહ્યું: "માફ કરજો, મ્હેં ત્હમને કોઈ દિવસ જોયેલા ન હોવાથી વિનય કરી શકયો નહતો. મ્હારા ગામ ભંડારીઆમાં ભયંકર પ્લેગ ચાલે છે. મ્હારા કુટુંબનાં કેટલાંક માણસો પણ ત્હેનો ભોગ થયા છે. છેવટે મ્હારા સગ્ગા ભાઇને પ્લેગ લાગુ પડવાનો તાર મ્હને મળ્યો, તેજ વખતે મ્હેં 'હિતેચ્છુ' તાજુંજ વાંચેલું હોવાથી મ્હેં મનમાં સંકલ્પ કર્યો કે જો મ્હારાભાઇને આરામ થશે તો હું રૂ. ૨૫) સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહને ભેઠ કરીશ. ત્યાર બાદ તુરતમાં જ આશ્ચર્યજનક રીતે મ્હારા ભાઇને આરામ થયો અને તે હવે પોતાનું કામકાજ કરી શકે છે. તેથી એ રકમ આપવા આવ્યો છું. આ નિમિત્તે મુલાકાતનો લાભ મળ્યો એ મ્હારૂં સદ્ભાગ્ય છે."

આ Phenomena ( કુદરતી બનાવ ) કેમ બને છે ત્હેનું સાયન્સ સ્હમજાવવાની આ તક નથી. પરન્તુ આ હકીકત ખરી છે એની ખાત્રી થવા માટે હું જાહેર કરીશ કે તે યુવાનનું નામ મી. મગનલાલ વિઠ્ઠલદાસ છે. અત્રે જાહેર કરેલી હકીકત અક્ષરસઃ ખરી હોવાની ખાત્રી ત્હેની મુલાકાતથી કે પત્ર લખીને પૂછાવવાથી થઇ શકશે. મ્હેં તે માણસને તે દિવસે જીંદગીમાં પહેલીજ વખત જોયો હતો અને તે વખતે મ્હારી પાસે ૩ માણસો હાજર હતા.

ગયા અંકમાં પૃષ્ટ ૩૫૪ માં લગભગ એવી જ જાતનો દાખલો વર્ણવ્યો હતો. હૃદયની સાચી દાનત કે ખોટી દાનત કેવાં પરિણામો ઉપજાવે છે તે સ્હમજવાને આવા દાખલાઓ કામે લાગે છે. તેથી એક તાજો બનેલો બીજો દાખલો પણ અત્રે જણાવવાની રજા લઇશ. એક સામાન્ય સ્થિતિના વ્યાપારીમિત્રે એક ન્હાની સ્કૉલરશીપ આપવાનું વચન આપ્યું. રીવાજ મુજબ તે નામ પ્રસિદ્ધ પણ થઇ ગયું. થોડા જ વખતમાં તે વ્યાપારીમિત્રને અણધાર્યો મ્હોટો નફો મળ્યો. દરમ્યાનમાં વૉલંટીઅરોએ વચન અપાયલી રકમની ઉઘરાણી કરી.

આજે આપું, કાલે આપું, એમ કરતાં મહીનાઓ વીતવા લાગ્યા. વૉલંટીઅરોને પચાસ અને મ્હને પોતાને ૧૦ ધક્કા થયા: અંતે... જણાવવાને અત્યંત દુઃખી છું કે,......અંતે મિત્રે રળેલી અને હાથમાંની સઘળી દોલત જોતજોતામાં ગુમાવી. કોઇને કદાચ એમ પણ લાગશે કે દાઝેલા ઉપર ડામ દેવો જોઇતો ન હતો. ત્હેમને હું જવાબ આપીશ કે, દુઃખમાં સપડાયલા **શત્રુ** તરફ ત્હેને દુઃખ થાય એવું કાંઇ પણ વર્ત્તન કરવાની નીચતા મ્હારાથી થાય જ નહિં; પણ આ ગૃહસ્થ મ્હારા **મિત્ર** છે, શત્રુ નથી. અને સુખમાં માણસને ઉપદેશ લાગતો નથી, દુઃખમાં કલ્પનાશક્તિ તીવ્ર બને છે અને તેવે પ્રસંગે એક કટાક્ષ હજાર શાસ્ત્રવચન કરતાં વધારે અસરકારક થઈ પડે છે.માટે આ સખ્તાઇ—જો ત્હેને 'સખ્તાઇ' કહી શકાય તો—કરવાનો મ્હને 'હક્ક' છે. આહા, દુનિયામાં કેટલી કેટલી જાતનાં દુઃખ છે ! ભૂખથી પણ દુઃખ થાય, અને **અતિ**ભોજનથી પણ દુઃખ થાય ! વર્ષાદ ન પડે તેથી દુઃખ થાય અને **અતિ** વર્ષાદ પડેથી પણ દુઃખ થાય ! જેની પાસે કાંઇ નહોતું એવા હજારો માણસો લડાઇના આ અસાધારણ સંજોગમાં હજારો—લાખો રૂપિયા રળીને ઢમઢોલ બન્યા છે. ગઇ કાલના ભીખારીઓ આજે મ્હોટા ' શેઠ સાહેબ ' બન્યા છે. ચાંદીનાં સાંકળાં જ્હેમને નહિ મળતાં તેઓ આજે સોનાના દાગીનાને તો હાથ પણ અડકાડતા નથી: ત્હેમની નાજુક શેઠાણીઓને હીરા—મોતી—માણેક જ જોઈએ છે ! ટ્રામનો એક આનો ખર્ચી શકતા નહોતા તેઓ ઘરની મોટરો દોડાવવા લાગ્યા છે. એ બધું બદલાયું તે સાથે એમના **વિચારો** પણ બદલાઈ ગયા છે ! કાલે તેઓ કૃપણ શ્રીમંતોને ગાળો દેતા, આજે પોતાની સ્વાર્થાંધતાનો બચાવ કરવા હિંમત ધરે છે ! ત્હેમનું ખર્ચ વધાર્યું છે ખરૂં પણ તે ઠાઠમાઠમાં, મૅમ સાહૅબને શણગારવામાં અને કોઇ કોઇ દાખલામાં મહીને રૂ. ૨૦૦ કે ૫૦૦ ની વેશ્યા રાખવામાં ! બિચારાઓને ઓછી જ ખબર છે કે, છપ્પનીઆમાં **ભૂખથી** જેટલાં મરણ નહોતાં નીપજતાં તેટલાં મરણ ઘણા દિવસની ભૂખ પછી એકાએક મળી જતા **હદપારના આહારથી** નીપજતાં હતાં. ત્હેમને ઓછી જ ખબર છે કે, ત્હેમની શેઠાણીઓને હાલમાં પહેરાવવામાં આવતાં હીરા—માણેક લાખો મનુષ્યોના લોહીથી બનેલા પદાર્થ છે! ત્હેમને ઓછી જ ખબર છે કે, 'ઍરેબીઅન નાઇટ્સ 'માંના મીઆંભાઇને નિદ્રાવસ્થામાં રાજાનો સ્વાંગ પહેરાવી રાણીઓએ પતિ કહી ખૂબ બહેકાવ્યા અને એક રાત્રીએ નિદ્રાવશ સ્થિતિમાં ગંધાતા ગાભા

પહેરાવી રસ્તા ઉપર મૂકી દીધા ત્યારે જાગી ઉઠેલા મીઆંભાઇને એવડું દુઃખ થયું હતું ! એ ઠગારી લક્ષ્મીનાં રમકડાંઓ ! યાદ રાખજો કે જેટલા જલદી ઉંચા ચ્હડયા છો તેટલાજ જોરથી નીચે પટકાવાના છો. કુદરત ત્હમને કસે છે-પારખું જુએ છે—નાટક ભજવે છે, હેની ત્હમને કશી ખબર નથી. ખૂબ લહેર કરો, ખૂબ મઝા માણી લ્યો, અચ્છી તરહ ' બાઈ સાહેબો ' ને શણગારી ટીકીટીકીને દર્શન કરી લ્યો;—કારણ કે કુદરતનો **બીજો** દાવ થોડા જ વખતમાં ખેલાવાનો છે અને જીતેલો થોડાજ વખતમાં જીતાઇ જવાનો છે ! **એટલા** ઉંચા ચ્હડાવીને ત્હમને નીચે પટકવાના છે કે ગોટલાં છોતરાં પણ હાથ લાગવાનાં નથી ! લડાઇનાં પરિણામો હજી પડદા પાછળ છૂપાયલાં છે ! ત્હેમાં ત્હમારી વ્યાપારકુશળતા કામ લાગવાની નથી. ખીલી લ્યો, ખૂબ ખીલી લ્યો, ચીમળાવા માટે—હા કરમાવા માટે—ખીલાય તેટલા ખીલી લ્યો. પણ ચીમળાતી વખતે એમ ના કહેતા કે " મ્હારા ખીલવાના દિવસોમાં મ્હને કટુ શબ્દ કહેનાર ઉપર ગુસ્સો કરી ત્હેને ' નિર્દય ' અને ' નિંદક ' કહેવાની મ્હારી મૂર્ખતા ઉપર હવે મ્હને પશ્ચાત્તાપ થાય છે. ".....હું તો ખરેખર નિષ્ઠુર છું—ત્હમારા જ પ્રત્યે નહિ, મ્હારા પોતાના પ્રત્યે પણ નિષ્ઠુર છું, અને કુદરત દેવી પોતે પણ નિષ્ઠુર છે—તે હમેશાં સોટીથી જ શિખવે છે-'લડાઇ'થી જ પ્રજાઓને શિક્ષણ આપે છે; પણ એ ગઇ કાલે જ પારકી દયા માટે જંખતા—મદદ માટે હાથ લાંબો કરી આંસું પાડતા—આજના શ્રીમંતો ! **ત્હમારી** દયા ક્યહાં ગઇ ! ત્હમે દયાના હીમાયતીઓ—પરમાર્થની વાતો કરનારાઓ—લોભી શ્રીમંતોને ગાળો આપવામાં આનંદ માનનારાઓ—**ત્હમારી** પરમાર્થવૃત્તિ આજે ક્યહાં ઘરાણે મૂકી આવ્યા ? લક્ષ્મીના કેફમાં, જમાનાના જડવાદી મોજશોખમાં, સ્વાર્થના દારૂમાં અંધા બનેલા એ ધૂર્તો ! **હવે** ત્હમે જોઈ શકશો કે ગરીબાઇમાં ત્હમારૂં હૃદય દયાની જે વાતો કરતું હતું તે તો **દયા લેવા** ઇચ્છતું હતું—દયા **દેવા** નહિ !......એટલા જ માટે કહું છું કે, ત્હમે **ઠગારા** છો, ત્હમે ' ગુલામમાર્ગી ' છો—ત્હમે દેશદ્રોહી—ધર્મદ્રોહી—હરામખોરો છો; અને ફરીથી કહું છું કે ત્હમને હમણાં મળતી લક્ષ્મી માત્ર ત્હમને એવડા જોરથી નીચે પટકીને **શિક્ષણ** આપવા માટે જ ત્હમારી પાસે આવી છે. માતાને વૈરી બનાવનારા એ પાપીઓ ! ચેતો, શરમાઓ, આંખ ખોલીને જુઓ કે ત્હમે શું કરી રહ્યા છો અને શું ભોગવવું પડશે !

## કલકત્તા સ્થાનકવાશી સંઘ.

મ્હારી કલકત્તાની મુસાફરી વખતે ત્ય્હાંના કેટલાક સ્થા. જૈન ભાઇઓએ જૈનશાળામાં મ્હને આમંત્રણ આપ્યું હતું અને એક સામાન્ય ભાષણ થયું હતું. તે વખતે મ્હને ફરમાવવામાં આવ્યું હતું કે મ્હારે 'વિદ્યાર્થીગૃહ' માટે 'અપીલ' કરવી; પરન્તુ કલકત્તાના ભાઇઓની ભલી મતિનો મ્હને એટલો વિશ્વાસ હતો કે વિદ્યાર્થીગૃહ માટે અપીલ કરવી મ્હને યોગ્ય લાગ્યું નહિ. તેઓ પૈકી રા. લક્ષ્મીદાસ પીતામ્બરદાસે રૂ. ૫૦૦)તથા રા, ગુલાબચંદ આણંદજીભાઇએ રૂ. ૫૦૦) વગર વિનંતિએ આપ્યા હતા અને મ્હને રોકવા કોશીશ કરી હતી પરન્તુ જેઓને આવી સારી લાગણી છે તેઓને મ્હારી હાજરી કે ઉશ્કેરણી કે અપીલની જરૂર જ ન હોય—તેઓ મ્હારી ગેરહાજરીમાં ઓર વિશેષ સેવા બજાવી શકશે—એમ ધારી હું ત્ય્હાંથી રવાના થયો હતો.

## દૂર દેશાવરના સજ્જનોની ભલી લાગણી.

ગયા અંકમાં મ્હેં લખ્યું હતું કે " કરાંચી, ઝાંઝીબાર, મસુઆ, કલીકટ, એડન, માંડલે, રંગુન, કલકત્તા, કોચીન, મદ્રાસ, વગેરે સ્થળોમાં રહેતા જૈનબંધુઓ પૈકી અકેક બબ્બે સજ્જનો જો થોડા દિવસ સુધી દરરોજ અકેક કલાકનો ભોગ આપે તો વિદ્યાર્થીગૃહ માટે મ્હોટી રકમ એકઠી થવા પામે તેમ છે." અને મ્હને જણાવતાં હર્ષ થાય છે કે કેટલાક કદરદાન ગૃહસ્થોએ મ્હારી એ સૂચના ઉપાડી લઇને યથાશક્તિ પ્રયત્ન કર્યો છે. દાખલા તરીકે:—

(૧) એડન કમ્પથી રા. ફુલચંદ લીલાધર વોરાએ ( આજના અંકમાં અન્યત્ર યાદી પ્રગટ કરી છે તે મુજબ )રૂ. ૧૨૬૨।। ની રકમ એકઠી કરી મોકલી છે, જેમાંની મ્હોટી રકમ રૂ. ૫૦૧ ની આપનાર ગૃહસ્થે પોતાનું નામ જાહેર નહિં કરવા ભલામણ કરેલી છે અને એક લાગણીથી ભરપૂર પત્ર છાપવા મોકલ્યો છે; પણ તે પત્રમાં મ્હારી પ્રશંસા હોવાથી કેટલાકોને કાંઈ કાંઇ તર્ક વિતર્ક થાય એ વિચારથી છાપવાનું માંડી વાળ્યું છે. વિશેષ રકમ માટે પ્રયત્ન ચાલુ છે.

(૨) ઝારીઆ (બંગાલ)માંથી રા. તથા અન્ય મિત્રોએ કોશીશ કરી રૂ. ૭૩૫) એકઠા કરી મોકલ્યા છે. આ શહેરથી

કેટલાક ઉત્સાહી બન્ધુઓ મ્હને કલકત્તા ખાતે મળવા અને ત્હેમની સાથે લઇ જવા આવ્યા હતા તેઓએ ખાત્રી આપી હતી કે ઘણા ભાઇઓ મ્હને ઝરીઆમાં જોવા-સાંભળવા ઇંતેજાર હતા અને હું જો જઈ શકું તો સારી રકમ મળવાનો પુરો સંભવ હતો. પરન્તુ તે વખતે **શિખરજી**વાળા ટંટાની શાન્તિની હીલચાલમાં હું એટલો રોકાયલો હતો કે મ્હારે 'વિદ્યાર્થીગૃહ'ના હિતનો ભોગ આપવો પડ્યો હતો. હું આશા રાખીશ કે **ઝરીઆ**ના મ્હારા પ્રેમીઓ મ્હને આવા અનિવાર્ય કારણને લઈ હું ત્હેમના હૃદયનો પડઘો ન પાડી શક્યો તે માટે ક્ષમા કરશે અને પોતાની ફરજ મ્હારી હાજરીમાં જેટલી સારી બજાવવા ધારતા હતા તેથી પણ વધારે સારી રીતે મ્હારી ગેરહાજરીમાં બજાવશે.

(૩) **કલીકટના** એક પ્રેમી બન્ધુએ રૂ. ૧૦૦૦) પોતાની તરફના મોકલી આપ્યા છે અને પોતાનું નામ જાહેર કરવાની મના કરવા સાથે એક અત્યંત લાગણી ભર્યો પત્ર લખી કામ કરવાના ઉત્સાહમાં વધારો કર્યો છે. રકમ પોતાના ધારવા પ્રમાણે મોડી મોકલવા માટે ખેદ દર્શાવ્યો છે અને હજી વિશેષ રકમ મોકલવાની ઇચ્છા જણાવી છે.

આ સર્વ ગૃહસ્થોનો અંતઃકરણપૂર્વક આભાર માનતાં અરજ કરીશ કે હજી તેઓ તે તે સ્થળોમાંથી અને આસપાસનાં સ્થળોમાંથી બનતી રકમ ઉઘરાવી મોકલવા કોશીશ કરશે. **રંગુન, મોલમીન, ઝાંઝીબાર, મદ્રાસ, કોચીન, હૈદ્રાબાદ** એ શહેરો હજી **તદ્દન કોરાં** રહી ગયાં છે.તે દરેક શહેરમાં મ્હને ચાહનારા અને મ્હારા 'મિશન' પર પ્રેમ ધરાવતા ઘણા બન્ધુઓ છે. તેઓ પોતાની ફરજ બજાવવામાં બાકી નહિ જ રાખે એવી મ્હારી દૃઢ શ્રદ્ધા છે. એક બે યુવાનો ઉત્સાહથી એવો નિયમ કરે કે દરરોજ એક કલાક ફરીને પોતાના શહેરમાં વસતા જૈનોને મળવું અને વિદ્યાર્થીગૃહની હકીકતથી વાકેફ કરી દાનની બાબતમાં ત્હેમની ઇચ્છા મુજબ આપવા સૂચના જ માત્ર કરવી, તો પણ ઘણું બની શકે.

## એક ફાળણીઉ !

થોડા દિવસ ઉપર 'વિદ્યાર્થીગૃહ'ને અંગે એક મ્હોટી યોજના કરીને હું **ઝાલરાપાટણના મહારાજા-રાજરાણા** સર **ભવાનીસિંહજી** બહાદુરની મુલાકાતે ગયો હતો (કે જે યોજના ત્હેનું ચોક્કસ પરિણામ આવતાં સુધી જાહેર કરવા હું ખુશી નથી) તે વખતે તે રાજ્યના

ભૂતપૂર્વ સેનાપતિ મ્હને મળ્યા અને ઘણી લાગણીપૂર્વક ત્હેમના ઘેર ભોજન માટે લઇ ગયા. વાતચીત દરમ્યાન જાણવા પામ્યો કે તેઓ **સ્થાનકવાશી** જૈન છે! અસલી જૈન તેજ ત્હેમના મ્હોં ઉપર મ્હેં જ્યહારે જોયું ત્યહારે આજના 'વાણીયા જૈન 'પણા માટે મ્હેં એક ઉંડો નિસાસો નાખ્યો. વિદાય થતી વખતે તેઓએ અંધારામાં મ્હારા હાથમાં એક કાગળીઉં આપ્યું અને કહ્યું કે ત્હેને હમણાં તપાસશો નહિ! એકલા પડયા પછી તે 'કાગળીઉં' જોતાં રૂ. ૨૦૦) ની નોટો નીકળી આવી! ક્ષત્રિયો-ક્ષત્રિયાત્માઓ 'દયા' કે 'સખાવત' કરતા નથી એમ જે હું 'નગ્ન સત્ય' માં વારંવાર કહેતો આવ્યોછું ત્હેનો અર્થ આ પૂરાણા ક્ષત્રિય જૈનની રીત પરથી મ્હારા વાચકો સ્હમજી શકશે. તેઓનું નામ શ્રીયુત નૃસિંહદાસજી છે. તેઓ છે તો **ઓશવાલ**, પણ તલવાર સાથે વંશપરંપરાનો નાતો છે! ઝાલાવાડ રાજ્ય એવા ક્ષત્રિય સેનાપતિઓ માટે વાજબી મગરૂરી લઇ શકે.

## 'યોગનિદ્રા' છોડવાની ફરમાશ.

કસાલા (સુએઝની નહેર થઇને) મુકામેથી ભાઇ રામજી શામજી **દશ પૌંડ** મોકલે છે (વિગત અન્ય સ્થળે જોવામાં આવશે) અને વિદ્યાર્થીગૃહને વિજય ઇચ્છતાં મ્હારી આંખ ઉઘાડવા લખે છે કે "હવે '**જૈનસમાચાર**'ને 'યોગનિદ્રા'માંથી ક્યહારે મુક્ત કરશો?" ભલા ભાઈ! '**જૈનસમાચાર**' યોગનિદ્રામાં પણ ત્હેનું કામ કરી રહ્યું છે! અને વળી વખત આવશે ત્યહારે સ્થૂલ રીતે પણ કામ કરી બતાવશે! હાલ તો ત્હમારી લાગણીઓ અને નિંદાત્મક (!) '**જૈનસમાચાર**' તરફના ત્હમારા આવા ઉંડા પ્રેમ માટે જ ઉપકાર માનીશ.

## હિસાબ અને શીલીક.

ગયા અંકમાં તે વખત સુધીમાં વસુલ થયેલી રકમની પહોંચ આપવામાં આવી હતી, જે એકંદરે રૂ. ૬૮૭૩-૬-૦ની પહોંચ હતી. આ અંકનો છેલ્લો ફૉર્મ છપાવા સુધીમાં આવેલા રૂ.૧૯૭૨૬-૨-૦ની પહોંચ આમાં છપાયલી જોવામાં આવશે. એકંદરે રૂ.૨૬૫૯૯-૮-૦ આજ સુધીમાં આવી ગયા છે. આમાં 'હિતેચ્છુ' ના લવાજમ પેટે આવેલી રકમો, બક્ષીસો, સ્કૉલરશીપો, ઉઘરાણું કરી મોકલાવેલી રકમો વગેરે તમામનો સમાવેશ થઈ જાય છે. આ સઘળી રકમ ત્રણ નામથી ઇંડિઆ બૅન્કમાં મૂકવામાં આવી હતી, જેમાંથી રૂ. ૧૧૦૦૦) ની રકમ ઉ-

પાડીને મોરારજી ગોકલદાસ **સ્પી**નીંગ એન્ડ **વી**વીંગ કંપની લીમીટેડ-માં ૬ ટકા વ્યાજે બાર મહીના માટે મૂકવામાં આવી છે.

મળતી **સઘળી** રકમો "સ્કૉલરશીપ ફંડ" માં જ લઇ જવામાં આવે છે.

આ સાલમાં અપાયલી સ્કૉલરશીપોનો હિસાબ વર્ષ આખરે મૅનેજીંગ કમીટી પાસે ધોરણસરની પહોંચો સાથે રજુ કરી તથા સર્ટી-ફાઇડ ઍકાઉન્ટન્ટ પાસે પાસ કરાવી, સ્કૉલરશીપ ખાતામાં ઉધાર-વામાં આવશે.

ન્હાની કે મ્હોટી કોઈ પણ રકમ, ચાલુ ખર્ચમાં **નહિ** વાપર-વાનો નિયમ છે તે એક વાર **ફરીથી** યાદ કરાવવામાં આવે છે.

## જરૂરીઆત.

સંસ્થા માટે ઘણી મ્હોટી રકમની જરૂરીઆત છે. મહીને ઓછામાં ઓછા રૂ. ૧૨૦૦) ની સ્કૉલરશીપ આઠ વર્ષ સુધી મળે એટલાં વચનો જોઇએ, તથા-તે ઉપરાંત-સ્કૉલરશીપ ખાતે પરચુરણ એકમુષ્ટિ દાન તરીકે મળતી રકમોનો સરવાળો ઓછામાં ઓછો **એક લાખ રૂપિયાનો** થાય એટલી પરચુરણ મદદો જોઇએ, કે જેથી તે એક લાખ રૂપિયાનું વ્યાજ વધ્યાં જ જાય, અને એમાંથી વિદ્યા-વૃદ્ધિનું કામ **નિરંતર** ચાલ્યાં કરે. અત્યાર સુધીમાં-આઠ માસની સખ્ત મહેનતને પરિણામે માત્ર રૂ. ૨૫૦૦૦ એકઠા થઈ શક્યા છે અને આઠ વર્ષ સુધી આપવાની મહીને શુમારે રૂ. ૫૫૦ જેટલી સ્કૉલર-શીપોનાં વચનો મળ્યાં છે. મહેનતના પ્રમાણમાં, મ્હારા સ્નેહીઓની સંખ્યાના પ્રમાણમાં, વિદ્યાર્થીગૃહના ઉંચા આશયોના પ્રમાણમાં, તથા લડાઇએ લોકોની સ્થિતિમાં કરેલા અસાધારણ ફેરફારના પ્રમાણમાં આ રકમ અત્યંત અલ્પ ગણાય, એમ કહ્યા સિવાય ચાલશે નહિ. અલબત, જૈનસમાજમાં **આવી જાતના** કામ માટે આટલો પણ શોખ ઉત્પન્ન થાય છે એ સંતોષ લેવા જેવું છે. તેમજ પહેલા પાંચ મહીના કરતાં બીજા પાંચ માસમાં ત્રણ ઘણી આમદાની થઈ શકી છે તે પ્રગતિસૂચક છે એ વાતની ના પાડી શકાશે નહિ. પરન્તુ ઘણા મ્હોટા શ્રીમંતો, મધ્યમ સ્થિતિના પરન્તુ મ્હારા તરફ માન ધરાવતા ગૃહસ્થો, સ્નેહીઓ અને સંબંધીઓ હજી તદ્દન કોરા રહી ગયા છે.

દાખલા તરીકે રા. બા. ~~કાળીદાસ~~ નારણદાસ, શ્રીયુત રામલાલ પન્નાલાલ કિમતી, શ્રીયુત નરોત્તમદાસ ભાણજી, શેઠ ચાંપશી ભારા, શેઠ મોતીલાલ દલસુખરામ, શેઠ પુંજાભાઈ હીરાચંદ, શેઠ પોપટલાલ મોહોકમદાસ, શ્રીયુત બછરાજજી રૂપચંદજી, શેઠ પુનમચંદ કરમચંદ કોટાવાળા, શેઠ જેઠાભાઈ વર્ધમાન, શ્રીયુત શોભાગમલજી મુથા, શ્રીયુત નેમીચંદજી શિરેમલજી, શ્રીયુત બાલમુકુંદદાસ ચંદનમલ, શેઠ અંબાવીદાસભાઇ ડોસાણી, શેઠ નેમચંદ વસનજી, રા. માંડણભાઇ ઘેલાભાઇ, શ્રીયુત ફુલચંદજી કોઠારી, શ્રીયુત નથમલજી ચોરડિયા, શેઠ સવચંદભાઇ આણંદજી, શેઠ ગુલાબચંદ દેવચંદ, કોમીન મિત્રમંડળ વગેરે વગેરે પાસે 'સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહ'નો હક્ક આબાદ ઉભો છે. તેઓ મ્હને એકલો–મદદગાર વગર જાતે જ બધે સ્થળે ફરી વળવાને અશક્ત–જાણી પોતાની મેળે જ યથામરજી સ્કૉલરશીપો મોકલી આપવાની મહેરબાની કરે તો મ્હારા ઉત્સાહમાં કેટલો વધારો થાય ?

અને હવે, 'હિતેચ્છુ' ના ગ્રાહક મહાશયોને માટે બે અક્ષર કહ્યા સિવાય ચાલે તેમ નથી. 'હિતેચ્છુ' પાછળ હજારો રૂપિયાનું ખર્ચ કરી પાંચ પાંચ હજાર નક્લો મોકલવા છતાં ત્હેના **લવાજમ**ના પૈસા પણ–કે જે **આખેઆખી** રકમ 'વિદ્યાર્થીગૃહ' માં જમા આપવાનો ઠરાવ છે–પચાસમા હિસ્સા જેટલા પણ હજી વસુલ થયા નથી. આ ખરેખર ઘણી જ ખેદજનક બાબત કહેવાય. આ એક જ અંકની કિમત જો રૂ. ૨) રાખવામાં આવી હોત તો વધારે ન કહેવાત. ત્હેને બદલે ૨–૩ વર્ષના કુલ અંકોની કિમત તરીકે રૂ. ૨) મોકલવાનું પણ જેને ના પાલવે ત્હેને માટે શું કહેવું ? આ સંબંધમાં આ અંકમાં અન્યસ્થળે 'અપીલ' છાપી છે તે તરફ ધ્યાન આપવા દરેક ગ્રાહક મહાશયને વિનંતિ કરવામાં આવે છે. આશા રાખું છું કે, મ્હારા લેખો હમેશ વાંચનારા મિત્રો એવા નિર્માલ્ય કદાપિ નહિ બને કે, માલની ઓછામાં ઓછી કિમત અને તે પણ ધર્માદામાં જમા કરવાની શરતે–મોકલવાની આનાકાની કરે. આવતો અંક પ્રગટ થવા પહેલાં કોઇ ગ્રાહક તરફથી ૫૦, ૨૫ કે ૧૦ અને કોઇ તરફથી ૫, ૪, ૩ કે ૨ રૂ. ઓછામાં ઓછા લવાજમ તરીકે મનીઑર્ડર દ્વારા આવશે અને 'વિદ્યાર્થીગૃહ' ના સ્કૉલરશીપ ફંડને પુષ્ટિ મળશે. 'હિતેચ્છુ' ના શિષ્યો ! 'વિદ્યાર્થીગૃહ' **ત્હમારૂં** છે, મ્હારૂં

નથી. ત્હેના વિજયનો યશ **ત્હમને** છે. એ કામ કોઇ શ્રીમંત શેઠીઆએ ઉપાડયું નથી, ત્હમારી પાસે દરરોજ ઉપદેશ કરનાર એક નિર્ધન માણસે પોતાના ધંધાના સહયોગી સાથે મળીને ઉપાડયું છે, કે જેની મિલ્કત તરીકે ત્હમારો ચાહ માત્ર છે. ત્હમારા ચાહ અને ત્હમારી મદદની ખાત્રી ઉપર જ આ ગજા ઉપરાંતનું કામ ઉઠાવવામાં આવ્યું છે. ત્હમે પોઢી રહેશો તો કલંક ત્હમને છે, કલંક 'હિતેચ્છુ' પત્રને છે. ત્હમારામાંના કોઇ રૂ. ૧૦૦-૨૦૦ અને કોઇ ઓછામાં ઓછા રૂ. ૨) મોકલીને પાંચહજાર ગ્રાહકોના લવાજમ તરીકે ઓછામાં ઓછા રૂ. ૧૫૦૦૦ ન આપી શકો તો લવાજમ છોડી દેવામાં મ્હેં આપેલો રૂ. ૬૦૦૦) નો ભોગ નકામો જ છે અને 'હિતેચ્છુ' પત્રનું જીવવું પણ નકામું છે. **ત્હમને જો 'હિતેચ્છુ' ના લવાજમ તરીકે 'વિદ્યાર્થીગૃહ' ને ૨-૫ રૂપૈડી આપવાનું પણ મન થઇ શકયું ન હોય તો 'હિતેચ્છુ'-નું જીવવું ફોકટ છે.** મ્હારી શક્તિઓનો ભોગ તે પત્ર લખવા માટે રાત્રીદિવસની એકેક મહીનાની કેદ ભોગવવામાં કરવા કરતાં હું બીજા વધારે ફલદાયક જાહેર કામમાં જ તે શક્તિઓનો ઉપયોગ કરૂં તે વધારે ઇષ્ટ છે. આ એક જ વખત-છેલ્લી વખતની-અપીલ કરી ચૂપ રહીશ અને જુલાઈ સુધીમાં 'હિતેચ્છુ' ના ગ્રાહકો તરફથી કેટલું લવાજમ વસુલ થાય છે અને તે દ્વારા કેટલી સહાય 'વિદ્યાર્થીગૃહ'-ને મળે છે તે જોવા થોભ્યા પછી જો પરિણામ છેક જ નિર્માલ્ય હશે તો હું વર્ષ આખરે 'હિતેચ્છુ' નું લવાજમ વધારીશ અગર પત્ર તદ્દન બંધ કરીશ.

## નવાં વચનો.

રા. રા. વેલજીભાઇ લખમશીભાઈ નપુભાઇ બી. એ. એલ. એલ. બી. એઓ તરફથી રૂ. ૪૦) ની માસિક સ્કૅારલશીપ ૮ વર્ષ માટે આપવાનું વચન મળ્યું છે. તથા રા. છોટાલાલ કેશવજી તથા રા. મલુકચંદ કેશવજી મુકાદમ તરફથી પણ એવી જ રૂ. ૪૦ની સ્કૅાલરશીપનું વચનમળ્યું છે. 'એક જૈન' નું પણ એવું જ વચન છે. શેઠ બિનોદીરામજી બાલચંદજીનું રૂ. ૬૦) ની સ્કૅાલરશીપનું ૮ વર્ષનું વચન છે. એક 'જૈન' નું વાર્ષિક રૂ. ૨૦૦) ની સ્કૅાલરશીપનું વચન છે. મી૦ ધારશી પ્રેમચંદ તરફથી માસિક ૮) ની ૮ વર્ષની સ્કૅાલરશીપનું વચન છે. આર. છગનલાલની કંપની તરફથી ૮ વર્ષ સુધી રૂ. ૧૦ ની સ્કૅાલરશીપનું

વચન છે. મેસર્સ એન. રૅાયની કું, તરફથી રૂ. ૨૫) આઠ વર્ષ સુધી, શેઠ મૂળચંદભાઈ જીવરાજ તરફથી વાર્ષિક રૂ. ૧૫૦) આઠ વર્ષ સુધી, રા. છક્કડભાઈ ઉમેદરામ શાહ અમદાવાદવાળા તરફથી દર વર્ષે રૂ. ૨૫૨) મુજબ ૮ વર્ષ સુધી, રા. પાનાચંદભાઈ જેચંદભાઈ મ્હેતા તરફથી દર વર્ષે ૬૦) મુજબ ૮ વર્ષ સુધી, રા. N તરફથી રૂ. ૬૦) મુજબ ૮ વર્ષ સુધી, રા. રામજી શામજી તરફથી રૂ. ૬૦) મુજબ ૮ વર્ષ સુધી.

☞ કોઇ ગૃહસ્થે વચન આપ્યું હોય અને તે અહીં નોંધવું રહી ગયું હોય તો કૃપા કરી ખબર આપવી. તેમજ કોઇ ગૃહસ્થે કાંઇ પણ ન્હાની મ્હોટી રકમ પોષ્ટ દ્વારા યા કોઈવી મારફત સંસ્થા માટે મોકલી આપી હોય અને ત્હેની પહોંચ આ યાદીમાં કે આ અંકમાં છપાયલી પહોંચમાં છપાઈ ન હોય તો કૃપા કરી તાકીદે મ્હને કે સંસ્થાના સહકારી સ્થાપક રા. મણીલાલ મોહોકમદાસ શાહને કે કમીટીના કોઇ મૅમ્બરને ખબર આપવી, કે જેથી ઘટતી તપાસ કરી શકાય.

## વચન આપનારા ગૃહસ્થોને સૂચના.

જે જે ગૃહસ્થોએ સ્કૅાલરશીપોનાં વચનો આપવા મ્હેરબાની કરી છે ત્હેમનો વિદિત થાય કે, આ 'ગૃહ'ના વિદ્યાર્થીઓના અભ્યાસનું પહેલું વર્ષ મે માસમાં પુરૂં થાય છે. ૧૯૧૮ ના મે માસની અંદર કોઈ પણ મહીનામાં આપેલા વચનવાળી સ્કૅાલરશીપ, ૧૯૧૭ ના જુનથી શરૂ થતી ગણાય છે. ૧૯૧૮ ના મે થી **બીજું** વર્ષ શરૂ થયું ગણાય છે. માટે જેઓએ વચન મુજબની સ્કૅાલરશીપ ન મોકલી હોય તેમણે હવે ૧૯૧૭ તથા ૧૯૧૮ **બન્ને** વર્ષની **ભેગી રકમ** મોકલવા કૃપા કરવી, અને જેઓએ પહેલા વર્ષની રકમ મોકલી દીધી હોય ત્હેમણે હવે તાકીદે બીજા વર્ષની સ્કૅાલરશીપ (૧૯૧૮ ના જુન થી ૧૯૧૯ ના મે સુધીની) મોકલી આપવા કૃપા કરવી; કારણ કે જુન મહીનામાં કૅાલેજો ખુલશે તે વખતે વિદ્યાર્થીઓને છ છ મહીનાની ફી, પુસ્તકો વગેરે માટે સામટી રકમો આપવી પડશે. માટે કૃપા કરી, ઉઘરાણીની રાહ ન જોતાં, વચન આપ્યા મુજબની સ્કૅાલરશીપ (બાર માસની) આ સૂચના વાંચીને તુરત મોકલી આપવી.

# નાણાંની પહોંચ. ( તા. ૧-૫-૧૯૧૮ સુધીની )

૫૦૦) નામદાર રાજરાણા સર ભવાનીસિંહજી બહાદુર, ઝાલરા પાટણ.
૩૫૦૧) મેસર્સ હીરજી ખેતશીની કંપની.
૧૦૦૦) 'એક ગૃહસ્થ'—કલીકટ.
૨૯૬૩) મેસર્સ તુલશીદાસ મોહનજી કરાણી તથા પ્રભુદાસ શેશકરણ—ઘાટકોપર (ગયા અંકમાં રૂ. ૧૮૦+૨૦ ની પહોંચ છપાઈ છે તે ઉપરાંત, ચાર પ્રસંગે ૫૪૦+૧૩૨૧+૫૦૧+૬૦૧=૨૯૬૩)
૭૨૦) શ્રીયુત બીનોદીરામજી બાલચંદજી, ઝાલરાપાટન.
૫૦૦) શ્રી સ્થાનકવાસી કૉન્ફરન્સ ઑફિસ—દિલ્લી.
૫૦૦) શેઠ નેમચંદભાઇ હરખચંદ—ધોરાજી.
૫૦૦) શ્રીયુત રતનલાલજી સુરાણા—રતલામ.
૫૦૦) શેઠ લક્ષ્મીદાસ પિતામ્બરદાસ—કલકત્તા.
૫૦૦) શેઠ ગુલાબચંદ આણંદજી— „
૪૮૦) શેઠ મલુકચંદ અને છોટાલાલ કેશવજી—મુંબઇ.
૪૮૨) 'એક ગૃહસ્થ'—મુંબઇ (૪૮૦+૨)
૫૦૦) શેઠ રાજમલજી લખીચંદજી—જામનેર (ખાનદેશ)
૩૦૦) શેઠ જેશીંગભાઇ મોહનલાલ—મુંબઇ.
૨૫૦) શ્રીયુત રણછોડલાલ નાથાભાઈ.
૨૦૦) એક મિત્ર—રાજપુતાના.
૨૦૦) શ્રીયુત નૃસિંહદાસજી—ઝાલરાપાટણ.
૨૪૦) શેઠ હરજીવનદાસ નેમીદાસ—મુંબઈ.
૧૮૦) રા. બરોડીઆ—મુંબઈ.
૧૫૦) શેઠ મગનલાલ પોપટલાલ—મુંબઇ.
૧૫૦) શેઠ મૂળચંદ જીવરાજ—મુંબઈ.
૧૨૫) શ્રીયુત કનીરામજી બાંઠીયા—બીનાસર ( બીકાનેર ) ( અને હજી રૂ. ૬૦) બાકી છે. )
૧૨૫) મેસર્સ ચતુર્ભુજ મોહનજી એન્ડ સન્સ—સિકંદ્રાબાદ.
૧૨૦) શ્રીયુત ઉંકારલાલજી બાફણા—મંદશોર.
૧૨૫) શેઠ જમનાદાસ ખુશાલદાસ—મુંબઇ.

૧૨૧) શેઠ માધવલાલ ધરમશી—મુંબઇ.
૧૨૦) શેઠ સુખલાલ મોનજીભાઇ— ,,
૨૧૮॥। જુનાગઢના ફાળાની હુંડી શીકરાઇ તેના.
૨૧૧) મસુઆના ફાળાની ,, ,, ,,
૬૦) બ્હેન દમયન્તી મણિલાલ—સરધાર.
૮૦) એક મિત્રને પહેલો હફતો—
૬૦) રા. અભેચંદભાઈ કાલિદાસ વકીલ—જેતલસર કૅમ્પ.
૬૦) રા. પાનાચંદભાઈ જયચંદ, એસી૦ પોલી૦ એજંટ, પાલણપુર.
૧૦૩) મેસર્સ ત્રિભુવનદાસ ધારસીની કંા.—મુંબઇ.
૬૫) રા. N.—મુંબઇ.
૬૦) રા. ખીમજી ગણશી—મુંબઈ.
૬૦) રા. મણીલાલ સુંદરજી—કલકત્તા.
૫૦) રા. ચુનીલાલ રામજીભાઇ—મુંબઇ.
૭૦) રા. જેચંદભાઈ નથુભાઇ કોઠારી—વડાલ.
૪૦) રા. મણીલાલ વનમાળી શાહ—રંગુન.
૧૬) રા. ટી. નેમચંદ કપુરચંદ— ,,
૫૦) રા. મોહનલાલ દલીચંદ દેસાઈ B. A. LL. B.
૪૧) ડૉકટર લલ્લુભાઇ છગનલાલ શાહ—અમદાવાદ.
૨૫) રા. C—સાલઓની.
૨૫] શેઠ બીરદીચંદજી ગુલાબચંદજી—પનવેલ.
૫૨) શેઠ દીપચંદ ગોવિંદજી—મુંબઈ.
૨૧) રા. દલીચંદ જગજીવન શાહ—,,
૨૦) રા. છોટાલાલ ત્રિભુવનદાસ—ભાવનગર.
૨૫) રા. અમૃતલાલ નાગરદાસ— ,,
૨૫) રા. લખમીચંદ મંગળજી ટોલીઆ—ઘાટકોપર.
૨૫) રા. પોપટલાલ ઠાકરસી—નીલગીરી
૨૫) રા. લખમીચંદ મોહનલાલ—હથોડા
૨૫) રા. દલસુખભાઈ જમનાદાસ શાહ—મુજપુર.
૨૫) રા. ફતેચંદભાઇ રામચંદ વકીલ—સાદરા.
૨૫) રા. રણછોડલાલભાઈ છગનલાલ—,,
૧૩) રા. નીહાલચંદભાઈ સોની B. A. LL. B.,,
૫૧) શેઠ હશળચંદ લખીચંદ—કલકત્તા.
૬૫) રા. ચુનીલાલ નાગજીભાઇ—રાજકોટ.
૫૦) મેસર્સ સુરાના, દલાલની કું.—મુંબઈ.
૨૫) રા. મગનલાલ વિઠ્ઠલદાસ—ભંડારીઆ.

૨૫) 'અખિલ વ્હેન'—ફલીકટ
૫૧) રા. જીવણભાઈ જેચંદ–મુંબઇ.
૨૫) રા. પ્રેમજીભાઇ નેમચંદભાઇ–કલકત્તા.
૧૧) રા. ગીરધરલાલ સુંદરજી–માંગરોળ.
૨૦) રા. સાકરચંદ ભાયચંદ શેઠ–મુંબઇ
૧૦) રા. સાંકરચંદ વીસનજી–,,
૧૦) રા. અભેચંદ કલ્યાણજી–નારનોલ.
૧૫) રા. ઝવેરચંદ ત્રિભુવન–સીતારામપુર.
૧૦) રા. વનમાળીદાસ ગુલાબચંદ–મુંબઇ.
૧૦) એક 'બન્ધુ'.
૧૫) શ્રી લાલપુર સંઘ હા. રા: વીરચંદ લાલચંદ
૧૦ (મનીઑર્ડર)
૧૫) રા: દેવચંદ કુંવરજી મારફત–એડનકેમ્પ (૫ શાહ ગોપાળજીભાઇ ૧૦ શાહ જડુલાલ ખુ.)
૧૦) ડૉકટર બુધરદાસ બ્હેચરદાસ L. R. C. P.
૧૦) રા. વ્રજલાલ વીરપાળ—રંગુન.
૧૦) રા. ઝવેરચંદ માધવજી—રાંધેલ.
૧૦) મેસર્સ મોદી બ્રધર્સ—રંગુન.

૧૦) રા. વખતચંદ સવજીભાઈ શાહ.
૧૦) રા. રા. અભેચંદ કાનજીભાઈ–કુસુન્દા.
૧૦॥ રા. મોહનલાલ ભુરાભાઈ—નડીઆદ.
૧૦) રા. વ્રજીવનદાસ વેલજીભાઈ—કલકત્તા.
૧૧॥ ગઢડા જૈનશાળા હા. સોમચંદ તુલસીદાસ.
૧૦) રા. ત્રીકમદાસ જુઠાભાઈ—મુંબઇ.
૧૦) રા. જેઠાલાલ નથુભાઇ મોહેલાલ–રહુ.
૧૧) રા. ઝવેરચંદ નથુભાઈ—મુંબઇ.
૧૨) રા. માનસંગ મંગળજી—ઉના
૧૧) રા. કરસનદાસ નાનજી—મુંબઇ.
૧૦) રા. ધનજીભાઈ ડુંગરસી—,,
૧૦) રા. દેવચંદ મુળચંદ શાહ–,,
૧૫) રા. દામોદર ગોરધનદાસ–ઉરણ.
૫) રા. ચુનીલાલ રામજીભાઈ–મુંબઈ.
૫) રા. 'પાટીદાર'
૫) રા. ઠાકરશી પ્રેમજી.
૫) વેરાવળના ફાળાના બાકી હતા તે વસુલ.
૫) રા. નાગજી કેશવજી ખેતાણી—મુંબઇ.

૫) રા. મણીલાલ પાનાચંદ—બદરખા.
૮॥= રા. ખીમરાજજી ધનરાજજી—અંકરીઆ.
૫) રા. ચુનીલાલ રામજી વલંદા—મુંબઇ.
૫) લક્ષ્મીબાઈ, શેઠ રતનશી ખુશાલની વિધવા.મોરવાડા.
૫) રા. સોમચંદ તુલસીદાસ—ગઢડા.
૫) રા. માણેકલાલ ઓધડદાસ—કોચીન.
૫) રા. ખીમજીભાઇ ગણેશ—મુંબઈ
૫) ચીમનલાલ પ્રેમચંદ—મુંબઇ
૫) એક 'સેવક'—મસુઆ
પા॥= રા. છોટાલાલ હિમતલાલ.
૫) શેઠ ફુલચંદજી જૈની—દિલ્લી.
૫) રા. નાગજી કાળીદાસ કામદાર—જુનાગઢ.
૮॥ રા. દેવશી વીરાણી—ભૂજપૂર.
૫) રા. એક 'ગૃહસ્થ'
૭)= રા. વસરામ કપુરચંદ—ધ્રોળ.
૫) રા. નેમીચંદજી પુનમચંદજી—પીસર્વે.
૫) રા. હીરાચંદ ભીમજી તથા લીલાધર વલમ—મસુઆ
૩) રા. નેમચંદ નારણદાસ—કઠોર.

૫) રા. કેશવજી વેલજી
૫) રા. લખમીચંદ રતનશી શાહ—ગોધરા.
૫) રા. પ્રભુલાલ દેવકરણ—રાજકોટ.
૫) રા. દયાશંકર કુરજી—રાજકોટ.
પા. શેઠ રીખવદાસ નરવાયા—મુંબઈ.
૫) રા. બાલચંદ પિત્તામ્બરદાસ—ટીંટોડા.
૫) રા. અમીચંદ ગુલાબચંદ દોશી—સાવરકુંડલા.
૫) રા. હરખચંદ કાલીદાસ—બગસરા.
૫) રા. ઘેલાભાઇ ત્રિભુવન—કુકસ.
૫) રા. લાલજીભાઇ અભેચંદ—ગોંઠળ.
૬) રા. સુખલાલ અમુલખ—જલગામ.
૫) રા. હરીલાલ છગનલાલ—ખંભાત.
૫) રા. કરસનજી નંદલાલ—રાજકોટ.
૫) રા. મોહનલાલ ઉજમશી—કેમેન્ડાઇન.
૫) રા. કાલીદાસ અમથાભાઇ—ઇબક.
૫) રા. શીવલાલ રાયચંદ—અણોર.
પા 'મણીભદ્રજીનો દેવાલય.'
૫) રા. નરસિંહદાસ લક્ષ્મીચંદ—ચેનાંગચાંગ.

૨ા રા. લલ્લુભાઈ જેઠાલાલ—અમદાવાદ.
૨) રા. પોપટલાલ કેવળચંદ શાહ—રાજકોટ.
૨) રા. દેવચંદ જેચંદ—મુંબઈ.
૨) ડૉક્ટર પ્રાણજીવનદાસ માણેકચંદ—અમદાવાદ.
૩) રા. શાન્તિદાસ હંસરાજ શાહ—મુંબઈ.
૩) રા. રૂપચંદ માણેકચંદ—મુંબઇ.
૨) રા. શીવલાલ લક્ષ્મીચંદ.—રંગુન
૨) ડૉક્ટર વી. એક્ષ. દોશી—પુના.
૨) રા. એ. કે. મેઘાણી—નારનોલ.
૩) મેશર્સ જીવણલાલ બ્રધર્સ—કવેટા.
૨) રા. જીવરાજ દેવચંદ—બેલા.
૩) શ્રીયુત રામચંદજી ફુલચંદજી—ભોપાલ.
૨ા „ હુકમચંદજી દેવીચંદજી—ગરોટ.
૩) રા. નરભેરામ મોરારજી.
૩ા રા. હંસરાજ ખેતસી—મુંબઈ.
૩) રા. વીરચંદ સવજી મોદી—કલકત્તા.
૨) રા. અમૃતલાલ રતનશી—ઝરીઆ.
૨) રા. વિઠ્ઠલદાસ ધનજીભાઇ.
૨) રા. ટી. ડી. દોશી—કવેટા.
૩) રા. મૂળચંદ ભીમજી—ભાણવ.
૩) રા. વાલજી માધવજી—રંગુન.

૩) રા. પ્રાણજીવનદાસ રૂગનાથદાસ—રાજકોટ.
૨ા રા. છગનલાલ લખમીચંદ—રહુ
૨) રા. દોલાચંદ દલછારામ—મુંબઇ.
૨) રા. રવચંદ છગનલાલ—કાવીઠા.
૨) રા. સુંદરજી જીવણ—ઢવાણા
૨) રા. મણીલાલ સુંદરજી—કલકત્તા
૨ા શ. અમૃતલાલ મોતીચંદ દોશી—મોરબી
૨) રા. નંદલાલ ભાણજી—મોટા કોટડા.
૩) રા. સુખલાલ ભુધરભાઇ—અડવાલ
૨) રા. રા. જીવરાજ હરખચંદ—કલીકટ.
૨) રા. ઇશ્વિરલાલ મયાશંકર—બીદડા
૨) રા. ટોકરસી રતનસી—મુંબઇ
૩) રા. લવજી વલમજી ઝરીઆ
૩) રા. મોહનલાલ હીમચંદ વકીલ—પાદરા
૨) ડૉક્ટર વીરચંદ એલ દોશી.
૨) રા. દુર્લભદાસ લખમીચંદ—મુંબઇ.
૩ા રા. નારણજી ભાણજી સોલાણી—વાંકાનેર.
૨) રા, મણિલાલ.
૨) ડૉક્ટર સૌભાગ્યચંદ કેવળચંદ—રંગુન.
૨) રા. પાનાચંદ એમ મહેતા—ગોંડળ.
૨) રા. અંબાલાલ હરખચંદ—ભડકવા.

૨) રા. ઘેલાભાઇ જેઠાલાલ—મુંબઈ.
૨) રા. ચુનીલાલ લખમીચંદ— ,,
૩) રા. રાયચંદ વીરપાળ—અંકલેશ્વર.
૩॥ રા. અમૃતલાલ લાલચંદ
૨) રા. દયાળજી કરમચંદ—સરધાર.
૨॥ રા. કેશવલાલ ફીલાચંદ—મુંબઇ.
૨) રા. હરગોવનદાસ લલ્લુભાઈ
૨) રા. મગનલાલ નગીનદાસ—મુંબઇ.
૨) રા. પ્રેમજી રામજી—દેસલપુર.
૨) રા. પ્રભાશંકર ટી. દોશી—કલકત્તા

૪૦॥= 'હિતેચ્છુ'ના લવાજમની પરચુરણ રકમોનો સરવાળો.

**શ્રી ઝરીયા જૈન એસોસીએશન તરફથી થયેલો ફાળો.**

૧૦૧] રા. ભાયચંદ ફૂલચંદ દોશી
૧૦૧) રા. મોરારજી લાલચંદ માટલીયા
૫૧) રા. કાળીદાસ જશરાજ મહેતા
૫૧) રા. ભાઇચંદ નકુ દોશી
૩૫) રા. અંદરજી ઘેલાભાઇ પટેલ
૩૫) રા. પ્રાગજી વલભજી દોશી
૩૫) રા. અભેચંદ કહાનજી મહેતા
૩૫) રા. ઝવેરચંદ ત્રીભુવન મહેતા
૩૦) રા. ઉમીયાશંકર કેશવજી મહેતા
૨૫) દા. લવજી વલમજી માટલીયા
૧૫) રા. ગોવીંદજી વહાલજી સંઘવી
૧૫) રા. ભવાન રાયચંદ દોશી
૧૧) રા. હીરજી કહાનજી દોમડીયા
૧૦) રા. જગજીવન અભેચંદ ઉદાણી
૧૦) રા. માણેકચંદ પુરૂષોત્તમ દોશી
૧૦) રા. બહેચરદાસ ભાણજી દોશી
૧૦) રા. ઝવેરચંદ ચતુરદાસ સંઘવી
૧૦) રા. બહેચરદાસ પ્રાગજી દોશી
૧૦) રા. નાથાભાઈ ગોરધનદાસ પારેખ
૮) રા. સોમચંદ કુંવરજી શાહ
૬) રા. જૂઠાલાલ અંદરજી સંઘાણી
૫) મેસર્સ એમ. આર. બ્રધર્સ
૫) રા. કપુરચંદ રવજી મહેતા.
૫) રા. પોપટલાલ જસરાજ મહેતા
૫) રા. મોતીચંદ ડોસા દોશી
૫) રા. માવજી દામજી કંદોઈ
૫) રા. શામળજી પુંજા મહેતા
૫) રા. ચતુર્ભુજ મોતીચંદ મહેતા
૫) રા. ન્યાલચંદ નેણસી દોશી
૫) રા. ગુલાબચંદ ગોકળદાસ ગાંધી

૫) રા. હાકેમચંદ ગુલાબચંદ મહેતા
૫) રા. મગનલાલ એન્ડ નાનચંદ
૫) રા. હાકેમચંદ ફુલચંદ મહેતા
૫) રા. વર્નેચંદ રૂપચંદ મહેતા
૫) રા. છોટાલાલ જમનાદાસ શાહ
૪) રા. નથુભાઇ જસરાજ મહેતા
૪) રા. નાનચંદ સવચંદ પારેખ
૩) રા. મોતીચંદ જસરાજ મહેતા
૩) રા. મોહનલાલ રવદાસ દેશાઈ
૩) રા. ડાહ્યાભાઇ માણેકચંદ શેઠ
૩) રા. ચતુર્ભુજ માવજી શાહ
૨) રા. દુર્લભજી નવલચંદ મહેતા
૨) રા. વીરજી પ્રાગજી દોશી
૨) રા. ગોકળદાસ શીરાજ
૨) રા. રેવાશંકર લીલાધર સંઘવી
૨) રા. રતનશી પાનાચંદ મહેતા.
૨) રા. મોહનલાલ રાઘવજી કોઠારી.
૨) રા. મગનલાલ માધવજી સોની.
૨) રા. મણીલાલ નરભેરામ પારેખ.
૨) રા. ધનજી દામજી કંદોઈ.
૧) રા. જસવીર પોપટ ગાંધી.
૨) રા. નરસિંહદાસ જગજીવન.
૨) રા. રેવાશંકર સાકરચંદ સંઘવી.
૨) રા. અમૃતલાલ રતનશી સંઘવી
૪) પરચુરણ.
૭૩૪+૧ હુંડીયામણપેટે=૭૩૫) વસુલ.

**એડનમાં થયેલો ફાળો ( હા. શા. હરખચંદ કાલીદાસ વગેરે ):—**

**૫૦૧) ' એક ગૃહસ્થ '**
૫૧। રા. મેઘજીભાઈ ચાંપસી
૫૧। રા. હીરાચંદ સુંદરજી
૨૫) રા. કપુરચંદ લખમીચંદની કું.
૨૫। શેઠ મૂલજી રાઘવજી
૩૫। શેઠ. નરભેરામ ગોપાળજી
૩૫। શેઠ બહેચરદાસ ગોપાળજી
૨૫। શેઠ. જેચંદ ચતુર્ભુજ
૧૦૧। શેઠ. લખમીચંદ ભગવાનદાસની કું.
૫૧) શેઠ. નથુભાઈ મેઘજી
૫૧) શેઠ કપુરચંદ મૂલજી
૫૧) શેઠ કાનજી પ્રેમચંદ
૫૧) શેઠ લીલાધર કાળીદાસ,
૫૧) શેઠ ગીરધરલાલ વહાલજી
૨૫। શેઠ વખતચંદ પુરૂષોત્તમ
૧૦। શેઠ નેમચંદ રતનશી

૧૫) શેઠ ધનજી લીલાધર
૧૦। શેઠ અભેચંદ સવચંદ
૧૦। શેઠ કેસવલાલ તલકચંદ
૧૦। શેઠ ફૂલચંદ કપુરચંદ
૭૦। 'સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહનો શુભેચ્છક'
૫) રા. પોપટલાલ જીણાભાઈ શાહ

---

૧૨૬૨। વસુલ.

**શ્રીયુત હરખચંદ પ્રેમરાજ ચાંદવડવાળા તરફથી થયેલો ફાળો.**

૫) શાહ કુંદણમલજી ભુતાણે
૫) શાહ. ગોપાળજી ભાગચંદ
૫) શાહ ચાંદમલજી મૂલતાનમલજી
૫) શાહ ભીકચંદજી લલવાની
૫) શાહ. દીપચંદજી કુશાલચંદજી
૨) શાહ. નેમીચંદજી રાયચંદજી
૨) શાહ. મુલતાનમલજી રતનચંદજી
૨) શાહ. પેમરાજજી ચુનીલાલજી
૨) શાહ. ઉત્તમચંદજી શીવલાલજી
૨) શાહ. હરખચંદજી રામચંદ્રજી
૨) શાહ. પેમરાજજી સુરાણા
૨) શાહ. જસરાજજી મોતીલાલજી
૨) શાહ. લછીરામજી ભીકચંદજી
૨) શાહ. હંસરાજજી રતનલાલજી
૨) શાહ. ઘોંડીરામજી બાલચંદજી
૪) શ્રી ભારતમંડળ
૩૦॥ પરચુરણ

---

૭૯॥ વસુલ.

**કસાલા (આફ્રીકા) નો ફાળો.**

૪ પાઉન્ડ ૫ શી૦ રા. રામજી શામજી તરફની માસિક આઠ વર્ષ સુધી ચાલુ રાખવાની સ્કૉલરશીપનો પહેલા વર્ષનો હફતો.
૩ „ ૫ „ રા. દેવકરણ હંસરાજ
૧ „ ૦ „ રા. ભગવાનદાસ દેવકરણ
૧ „ ૦ „ રા. વીરચંદ હીરાચંદ
૦ „ ૧૦ „ રા. હંસરાજ કાલીદાસ

૧૦ પાઉન્ડનો મનીઑર્ડર મોકલેલો, તેના પોષ્ટઑફિસે રૂ. ૧૪૯) આપ્યા છે.

# —તાકીદે જોઇએ છે—

## બુદ્ધિશાળી, સેવાપ્રેમી, ઉત્સાહપૂર્ણ વૉલન્ટીઅર.

મ્હારા હાથમાંનાં જાહેર કામો તેમજ આવી પડતાં અણુધાર્યાં કામોને પહોંચી વળવા માટે એક **ખરેખર લાયક** વૉલન્ટીઅરની અત્યંત આવશ્યકતા છે, કે જે ગુજરાતી (**અથવા હિંદી**) અને **અંગ્રેજીમાં સારી રીતે** પત્રવ્યવહાર કરી શકે, હિસાબ રાખી શકે, મિશન પર કોઇ પણ સ્થળે મોકલવાની જરૂર હોય તો સારી છાપ પાડી શકે, ન્હાના મ્હોટા કામથી કંટાળે નહિ કે શરમાય નહિ અને દરેક કામમાં માત્ર **મુખ્ય મુખ્ય** સૂચનાઓ મળવાથી **સ્વતંત્ર રીતે** તે કામ બજાવી શકે. **સામાન્ય** માણસની આ કામ માટે જરૂર **નથી.** જે માણસ કોઈ શ્રીમંત વિદ્યાવિલાસી ગૃહસ્થના પ્રાઇવેટ સેક્રેટરી તરીકે રહે તો માસિક રૂ. ૧૫૦ થી ૩૦૦ મેળવી શકે એવા **લાયક** વૉલંટીઅરની જ મ્હને જરૂર છે. પગારદાર માણસ રાખવા હું ખુશી નથી ત્હેનાં બે કારણો છે; (૧) જે માણસ ૧૫૦ થી ૩૦૦ સુધીના પગારની દરકાર ન કરતાં વૉલંટીઅર બને ત્હેના **આશયની નિર્મળતા** પર ભરોંસો રાખી શકાય અને ત્હેની સેવા-ધર્મની આગળ દશ માણસ જેટલું ફળી ઉપજાવી શકે. ત્હેના હાથે લખાતા પત્રમાં ત્હેનો સેવાભાવ ઝળક ઉઠે અને સ્હામા પક્ષને સજ્જડ અસર કરી શકે. મુલાકાતમાં પણ તે જેવી છાપ બેસાડી શકે તેવી એક સમર્થ વક્તા પણ ન બેસાડી શકે; કારણ કે ભાષા કે વાક્ચાતુરી જે નથી કરી શકતી તેટલું હૃદયની આગ કરી શકે છે એ વાતની મ્હને સંપૂર્ણ ખાત્રી છે. (૨) જેવાતેવા જ્ઞાનવાળાથી મ્હારા હાથમાંનાં કામો બની શકે નહિ અને ઉલટાં બગડે; અને સારા જ્ઞાનવાળાને રોકવા માટે મ્હોટો પગાર આપવો પડે. એવા મ્હોટા પગાર આપવા જેટલી સગવડ નવાં ખાતાં પાસે હોઇ શકે નહિ. હિંદને પોતાની આંતર્વ્યવસ્થા સુધારવા માટે એકબે નહિ, પણ સેંકડો ખાતાં ખોલવાં પડશે અને દરેક ખાતાને પ્રમાણિક તેમજ બુદ્ધિશાળી કાર્યવાહકો જોઇશે. પ્રમાણિકતા અને સામાન્ય અક્કલની ભારે કિંમત ભરવાની શક્તિ હિંદમાં નથી. જો બુદ્ધિશાળી સેંકડો પુરૂષોમાંથી થોડા પણ પુરૂષો આત્મભોગ ન આપી શકે તો હિંદને સુખી થવાની આશા રાખવાનો હક્ક નથી. કહેવાની ભાગ્યે જ જરૂર રહે છે કે, જે વૉલંટીઅર માટે હું ભિક્ષા માગું છું ત્હેને ત્હેની જરૂરીઆતો અને લાયકાતના પ્રમાણમાં માસિક રૂ. ૪૦ થી ૭૫ સુધીની રકમ પગાર તરીકે <u>નહિ</u> પણ ભોજનખર્ચ તરીકે આપવામાં આવશે.

આવા ૨-૩ વૉલંટીઅરોની જરૂર છે, પણ હાલ તુરતને માટે એક જ વૉલંટીઅરથી શરૂ કરી, કામ વધારવા બાદ, બીજા વૉલંટીઅર દાખલ કરવાનું ઉચિત ધાર્યું છે.

કેમ તેમજ દેશની એક સાથે સેવા બજાવવાના 'મિશન'ખાતર થોડોક આત્મભોગ આપવા જેઓ ઇચ્છતા હોય ત્હેમણે કૃપા કરી નીચેને શિરનામે લખવું. સાથે ઉમર, અભ્યાસ, ફીરકો, જે જે લાઇનમાં નોકરી કે વ્યાપાર કર્યો હોય તે, હાલ શું કરે છે તે, પોતાને માથે કેટલાં માણસના ઉદરનિર્વાહનો આધાર છે અને ત્હેનું ઓછામાં ઓછું માસિક ખર્ચ કેટલું જોઇએ તે, તથા વિશેષ હકીકત લખવા યોગ્ય હોય તે સર્વ સ્પષ્ટ લખવું. **ઉપરાંત,** દરેક ઉમેદવારે જૂદા કાગળમાં નીચેના બે ટુંકા લેખ લખી મોકલવાઃ—

(૧) એક શ્રીમંત ગૃહસ્થ રૂ. ૫૦,૦૦૦ ના ખર્ચે નવું મંદિર બંધાવવા ઇચ્છેછે અને તે કેવા આકારનું બાંધવું તે બાબતમાં ત્હમારી સલાહ પૂછે છે, ત્હેને માત્ર ૨૫ લીટીમાં જ જવાબ લખો.

(૨) ત્હમારી પાસે કાંઇ પણ મુડી નથી અને ત્હમારે દેશસેવામાં જ જીંદગી ગાળવી છેઃ તે ઇચ્છા કેવી રીતે સફળ કરશો? માત્ર ૪૦ લીટીમાં સંક્ષિપ્ત યોજના લખો.

ઉપરનો પત્ર તથા યોજના ગુજરાતી, હિંદી કે અંગ્રેજી ત્રણમાંની ગમે તે ભાષામાં લખી મોકલવી.

પ્રિન્સેસ સ્ટ્રીટ, } સ્વયંસેવકનો સેવક.

મુંબઇ. } **વાડીલાલ મોતીલાલ શાહ.**

**તા. ક.**—સરકારી કે સ્ટેટની નોકરીમાંથી રીટાયર થયેલા (પરન્તુ સેવાભાવની આગ હોય તેવા જ) ગૃહસ્થોને આવા કામમાં જોડાઇને પોતાના આત્માની ઉન્નતિ સાથે સમાજસેવા બજાવવાની વધારે સગવડ હોઈ શકે. જે જાતનાં કામો માટે વૉલંટીઅરની જરૂર છે તે એવાં છે કે, થોડી સૂચનામાત્ર મળવાથી આખું કામ પોતે સંભાળી શકે, નહિ બતાવેલું કામ પણ વખત વિચારીને કરી શકે, વ્યવસ્થા ગોઠવવામાં બુદ્ધિ ચલાવી શકે અને સઘળી **ખાનગી** પ્રવૃત્તિને **છોડી** એક જ કાર્ય ઉપર સઘળું લક્ષ આપી શકે. અર્ધદગ્ધ, કે હોંશીઆર હોવા છતાં અડધા મનથી કામ કરનારની જરૂર નથી, તેમજ શિખાઉને તૈયાર કરવાની મ્હને ફુરસદ નથી.

# आरोग्य बोध.

ડૉ. પીબલ્સ M. D., M. A., Ph. D. ૯૫ વર્ષની ઉમરે એક પુસ્તક લખતાં કહે છે કે: " ઘણા માણસો મ્હને પૂછે છે કે આટલું લાંબું અને તનદુરસ્ત જીવન ત્હમે કેવી રીતે પામ્યા ?" હું એમને ટુંકો જવાબ આપું છું કે–" ચ્હા, કાફી, મદ્ય અને કોઇ પણ જાતનાં ' સ્ટીમ્યુલન્ટ ' ( ક્ષણિક જુસ્સો આપનારાં પીણાં ) તેમજ તમાકુ અને માંસથી હું દૂર રહું છું; દીર્ઘશ્વાસ, હમેશ સ્નાન, શરીર અને મગજની પુષ્કળ પ્રવૃત્તિ, નિરંતર આનંદી રહેવાની કાળજી, જીંદગીનું અમુક લક્ષ્યબિંદુ કલ્પીને ત્હેને અહોનિશ નજર સ્હામે રાખવાની સંભાળ તથા ઇચ્છાશક્તિની કસરત : આ ચીજોનો હું કદાપિ ત્યાગ કરતો નથી. " આ દરેકની અગત્ય અને કિંમત ઉપર વાંચનારે શાન્તિથી વિચાર કરવો ઘટે છે.

* * *

આનંદી રહેવાની ' ટેવ ' પાડી પડાય છે. બનાવટી હસતું મ્હોં રાખવાની કાળજી રાખશો તો ધીમે ધીમે એવી ' પ્રકૃતિ ' બની જશે. Overcome Nature by ' Art. '

* * *

એસીઆ અને અમેરીકાના લોકોએ ઉત્તર દિશા તરફ મસ્તક રાખીને સુવું જોઇએ.

* * *

મગજને ખરાબ કરવું હોય તો ઉજાગરા કરો. સ્હવારના ૫ વાગ્યા પહેલાં ઉઠો અને તે વખત પહેલાંના જેટલા કલાકો બચાવી શકાય તેટલા ગાઢ નિદ્રામાં ખર્ચો. ગાઢ અને કાંઇ પણ જાતના ખલેલ વગરની નિદ્રા એ શરીર અને મગજને તાજગી બક્ષનારી ઉત્તમોત્તમ દવા છે. બહુ ચિંતા અને ક્રોધના આવેશ પ્રસંગે પણ ઉંઘ અસર-

---

* જૂદા જૂદા ગ્રન્થો વાંચવાથી ઉદ્ભવેલા વિચારો, લખનાર–એક બિમાર ' અભ્યાસી. '

કારક દવા છે. ઉંઘવાની ઓરડીની દીવાલોનો રંગ બનતાં સુધી આછો વાદળી રાખો, જે મગજને શાન્તિ આપનારો છે. દરેક માણુસ માટે જૂદી પથારી હોવી જોઇએ, પતિ પત્નીની જ માત્ર નહિ પણ બાળકની પથારી પણ જૂદી જ હોવી ફાયદાકારક છે. જેને જલદી ઉંઘ ન આવતી હોય ત્હેણે સહેજ ઝડપથી ૦ા કે ૦ાા માઇલ ચાલવું, અને પછી હાથ-પગ વગેરે શરીરનો અડધો ભાગ ગરમ જળમાં ઝબોળવો અગર ગરમ જળથી સ્નાન કરવું અને સુઇ જવું.

* * *

મિત્રો, સ્નેહીઓ અને પત્નીઓ પોતાના વ્હાલાને નુકશાન કરવાની ઇચ્છા વગર પણ ત્હેને મોડી રાત્રી સુધી અર્થ વગરની વાતોમાં રોકીને કેટલું ભયંકર નુકસાન કરી બેસે છે એ બાબતનું જો ત્હેમને ભાન થાય તો હજારો બુદ્ધિશાળી અને ઉપયોગી યુવાનો અકાલે વૃદ્ધ, બીમાર અને જીંદગીથી કંટાળેલા થઇ જતા બચી જાય.

* * *

ત્હમે કોઇ મિત્રને મળવા ખાતર કે કોઇ પાસે સલાહ પૂછવા ખાતર કે કોઇ પાસે ત્હમારૂં કાંઇ કામ કરાવવા ખાતર ત્હેની મુલાકાતે જાઓ તો ત્હમારા આનંદ કે હિતની દરકાર ભલે કરજો, પણ સ્હામા માણસના આનંદ, હિત અને માનસિક આરોગ્યનો નાશ કરનારા ન થઇ પડાય ત્હેનો ખાસ 'વિવેક' રાખજો. ત્હમારી મુલાકાત અસાધારણ લાંબા વખત સુધી ચાલુ રાખશો નહિ. નકામાં ગપ્પાંમાં ત્હેને રોકી રાખશો નહિ. ત્હમને પોતાની સોબતનો આનંદ કે પોતાની સલાહ કે સેવાનો લાભ આપનાર માણસને નકામો દંડવા જેટલી નીચતા કરશો નહિ (અને ખરેખર એ અજાણ્યે થતી ભૂલ મ્હોટી નૈતિક નીચતા જ છે.)

* * *

માણસ જેમ જેમ વધારે વિસ્તૃત જાહેર જીવનમાં પ્રવેશ કરતો જાય તેમ તેમ ત્હેણે મુલાકાતો લેવા અને દેવાની બાબતમાં વધારે 'વિવેક' શિખવો જ જોઇએ. જેમ વધારે બહોળું જાહેર જીવન, તેમ વધારે શક્તિની અને વધારે શાન્ત મગજની જરૂર; અને શક્તિ અને શાન્ત મગજ માટે પુરતા આરામની જરૂર; અને જાહેર-

જીવનને અંગે કરવી જોઇતી સંખ્યાબંધ પ્રવૃત્તિઓને પહોંચી વળવા સાથે પુરતો આરામ મેળવવાની સગવડ કરવી, એમાં વિવેકબુદ્ધિ ( Discrimination ) અને ઇચ્છાશક્તિ (Will-power)ની અનિવાર્ય જરૂર પડે એ દેખીતું છે. આરામ એ ત્હમારો વારસાહક્ક છે એમ માનો, અને તે ઉપર કોઇને-મિત્રને, પત્નીને કે શત્રુને-તરાપ મારવા દેશો નહિ.

* * *

ઉદાસી, ચ્હીડીઆપણું, કંટાળો, થાક એ વગેરે ચિન્હો ઘણે ભાગે તો અશક્તિનાં પરિણામો હોય છે; માનસિક વિકૃતિ બહુધા અશક્તિમાંથી ઉદ્‌ભવતી હોય છે. એવે વખતે શાન્તિ, ક્ષમાબુદ્ધિ, દયા, ધર્મ વગેરે વિષયોનો ઉપદેશ કરવો નકામો છે, તેમજ દવાઓ ખવરાવવી પણ નકામી છે. હકીકતમાં તે મનુષ્યનો સંચો જ બગડી ગયો છે; આખો સંચો સાફ કરવા તથા સુધારવા સિવાય બીજી કોઇ દવા કામ લાગી શકશે નહિ. તેવા માણસે પોતાની સ્થિતિની ગંભીરતા સ્હમજવી જોઇએ છે અને યાદ રાખવું જોઇએ છે કે આખી જીવનપ્રણાલિકા બદલી નાખ્યા સિવાય ત્હેનું દરદ જવાનું નથી; અને જીવનપ્રણાલિકા બદલી નાખવા માટે માત્ર એક વખત ડબ્બાડમરા નિયમો ઘડી કાઢયા તેથી કાંઇ સરવાનું નથી. નિયમોનું પાલન કરવામાં જોઇતો આગ્રહ-ઇચ્છાશક્તિ-તો ત્હેની તે વખતની નિર્બળતાને લીધે બહુધા ગેરહાજર જ હોય છે. એવે વખતે મનુષ્યે જેમ બને તેમ ઓછી જંજાળ, ઓછી ફરજો રાખવી, ધ્યાન આપવું પડે એવા ઓછામાં ઓછા સંજોગો હોય તેવે સ્થળે રહેવા જવું અને ત્યાં એકેક નિયમના પાલનની 'પ્રૅક્ટીસ' લેવી, તે નિયમ ઉપર એકાગ્રતા કરવી અને એક નિયમમાં ટેવાઇ જવાય એટલે બીજો નિયમ શરૂ કરવો. વહેલા ઉઠવાનો નિયમ, વહેલા સૂવાનો નિયમ, વારંવાર સ્વચ્છ પાણી પીવાનું યાદ કરવાનો નિયમ, વચલા ગાળામાં કાંઇ પણ નહિ ખાવાનો નિયમ, આનંદી મ્હોં રાખવાનો નિયમ, ઓછામાં ઓછું બોલવાનો નિયમ, ખુબ ફરવાનો નિયમ, વગેરે નિયમોની 'પ્રૅક્ટીસ' પાડવાથી શરીરનો સંચો સુધરવા સાથે એકાગ્રતા અને ઇચ્છાશક્તિની ખીલવટનો લાભ પણ થવા પામશે.

* * *

પ્રથમ કાબુમાં રહેતાં શિખો, પછી કાબુ કરવાને લાયક થશો. કોઇ એક માણસની આજ્ઞામાં રહેવાની ટેવ પાડવાથી ત્હમને પોતાની વિવિધ ક્ષુધાઓનો અવાજ દાબવાની શક્તિ પ્રાપ્ત થશે અને તે શક્તિ જેમ જેમ વધતી જશે તેમ તેમ ત્હમે બીજાઓ ઉપર કાબુ મેળવવાને લાયક બનતા જશો. આરોગ્ય અને આધ્યાત્મિક યોગ્યતા મેળવવાનો રસ્તો સહેલો છે, પણ જન્મથી વારસામાં મળેલી અને સોબતથી કે પુનરાવર્તનથી ઠસેલી સંખ્યાબંધ કુટેવો તે સહેલે રસ્તે પણ મક્કમપણે જવા દેતી નથી. કોઇ કોઇ વખત ત્હમે તે ટેવોનો ત્યાગ કરવા ઘણીએ નિશ્ચય કર્યો છે પણ એ નિશ્ચય થોડી મીનીટો, થોડા કલાકો કે થોડા દિવસોમાં દબાઇ જાય છે. એવે વખતે એક જ માર્ગ ત્હમારે માટે ખુલ્લો છે અને તે એ છે કે, ત્હમારી સ્વેચ્છાથી ત્હમારી સ્વતંત્રતા ત્હમને જેનામાં વિશ્વાસ હોય તેવા હરકોઇ મનુષ્યને વેચો,—ત્હેને સત્તા આપો કે તે ત્હમારી પાસે અમુક નિયમોનું પાલન જબરદસ્તીથી કરાવે.

* * *

અડસટ્ટો કહાડવામાં આવ્યો છે કે, માણુસ જાતનો અડધો ભાગ ૧૦ વર્ષની વયે પહોંચવા પહેલાં મરી જાય છે, અને જે અડધો ભાગ જીવે છે ત્હેમાંના કેટલામાં કાંઇ ' માલ ' હોય છે તે આપણે નજરે જોઇએ છીએ ! ઘેરોઘેર અને લગભગ નિરંતર કાંઇ નહિ ને કાંઇ દરદ જોવામાં આવે છે; માણુસ જાતના શરીર પર જીવતા અમાનુષી તમીઓની સંખ્યા ઉભરાઇ ગઇ છે; પ્રત્યક્ષ દરદથી નહિ ગ્રસાયલા જણાતા મનુષ્યો પૈકીના પણ મ્હોટા ભાગના ગાલ બેઠેલા, આંખો ફીકી કે ઉંડી ગયેલી અને શરીર ફુરતી કે ચેતન વગરનું નજરે પડે છે;—અને છતાં વીસમી સદીનો માણુસ ગર્વ કરે છે કે જમાનો બહુ આગળ વધ્યો છે ! જ્હાં જ્હાં દરદ કે મુડદાલપણું છે ત્હાં ત્હાં શરીરશાસ્ત્રનું અને કુદરતના કાનુનનું અજ્ઞાન અવશ્ય છે અને તે ન હોય તો તે જ્ઞાનનો અમલ કરવાની ઇચ્છાશક્તિની ખોટ તો અવશ્ય હોવી જોઇએ. ( જ્ઞાન એટલા જ માટે ઇચ્છવા જોગ છે કે તે ઇચ્છાશક્તિને સહાયભૂત થઇ પડે. ) અજ્ઞાન તેમજ ઇચ્છાશક્તિની ખોટ એ બન્ને, વીસમી સદીને હીણપ લગાડનારાં તત્વો છે.

* * *

દર વર્ષે આપણે ૭០០០០០០ શ્વાસ લઇએ છીએ, જે દ્વારા ૧០០០០០០ ઘન ફુટ હવા અંદર લઇએ છીએ, અને તે દ્વારા ૩૫០០ ટન લોહી શુદ્ધ કરીએ છીએ. ચોખ્ખી અને પુરતી હવાની અને શ્વાસ લેવાની **સાચી રીત**ની કિંમત આ આંકડાઓ ઉપરથી સ્હમજાશે. ઑક્ષીજન અને ઓઝોન જ્યહાં વધારે પ્રમાણમાં મળે તેવાં સ્થળો ( પહાડ, સમુદ્ર, જંગલ ) ને દરેક દેશના વૃદ્ધોએ ' પવિત્ર ધામ ' માન્યાં હતાં એનું મુખ્ય કારણ આ જ છે. જેમ બને તેમ ઉંડો દમ લ્યો; મ્હોં બંધ રાખીને નાક દ્વારા શ્વાસ ખેંચાય તેટલો ખેંચો અને પછી ધીમે ધીમે છોડો. આ પ્રૅકટીસ દરરોજ ચાલુ રાખો.

× × ×

Edward Hooker Dewey M. D. નામનો પ્રખ્યાત ડાકટર પોતાના પચ્ચીસ વર્ષના અનુભવ પછી ' True Science of Living ' નામનું શાસ્ત્ર લખે છે, જે મ્હોટા દળદાર પોથાનો કુલ સાર માત્ર એટલો જ છે કે, ખોયેલી તનદુરસ્તી પાછી મેળવવા તથા જાળવવા અને વધારવા માટે ( ૧ ) અમુક અમુક અંતરે **ઉપવાસ** કરો, ( ૨ ) **કુદરતી** રીતે ભૂખની ખરી **લાગણી** ન થાય ત્હાં સુધી કોઇ પણ ચીજ મ્હોંમાં મુકો નહિ, ( ૩ ) પુરતા પ્રમાણમાં અને શાન્ત ઉંઘ લેવાનું ચૂકો નહિ ( ૪ ) ચ્હા-કાફી-દારૂ-તમાકુ અને માંસથી તદ્દન દૂર રહો, ( ૪ ) દીર્ઘશ્વાસ લેવા માટે જંગલ, પહાડ, દરીઆ કીનારે, અગર ગામ બહાર ખુલ્લા મેદાનમાં ફરવા દરરોજ અને અવશ્ય જવાની ટેવ પાડો. આ ચાર સિદ્ધાંતો—ખાસ કરીને પહેલા બે સિદ્ધાંતોનું—કિંમતીપણું સ્હમજાવવા માટે દાખલા અને દલીલોથી સેંકડો પાનાં ત્હેણે ભર્યાં છે. તે કહે છે " Take away food from a sick man's stomach and you have begun, not to starve the sickman, but the Disease " ( બીમારના પેટમાંથી ખોરાક લઇ લ્યો, એટલે **બીમાર**ના ભુખમરાની નહિ પણ **બીમારી**ના ભુખમરાની ક્રિયા શરૂ થશે. ) લગભગ દરેક જાતના દરદીને માટે આ પ્રિસ્ક્રિપ્શન જ ડૉ. ડેવી લખે છે અને પોતે હજારો દરદીઓને વગર દવાએ આ રીતે મટાડયાનો ઉલ્લેખ ઉપર કહેલા પુસ્તકમાં ત્હેણે કર્યો છે. મેકફેડન નામનો જાણીતો કસરતબાજ જે પોતે ક્ષયના રોગમાંથી કુદરતી ઇલાજો વડે બચી જવા પામ્યા પછી એ વિષય ઉપર વધારે ને

વધારે વિચારવા-શોધવામાં ગુંથાયો હતો અને હમણાં જેણે આરોગ્યપર સંખ્યાબંધ ઉત્તમોત્તમ ગ્રંથો બહાર પાડયા છે તે પણ લખે છે કે, ચાંદી-પ્રમેહ વગેરે ચેપી રોગો માટે દવાઓ નકામી છે, તેવા દરદીએ ૨-૩ **ઉપવાસ કરવા પછી** મિતાહાર, આરામ, સ્નાન અને ઠંડા જળના પ્રયોગનું સેવન કરવું.

× × ×

ઈ. સ. ૧૮૯૪ માં લંડનનો એક પ્રખ્યાત પાદરી George F. Pentecost લખે છે કે, જ્યહારે જ્યહારે ત્હેને ધર્મ સંબંધી વ્યાખ્યાન આપવું પડતું ત્યહારે ત્યહારે તે ભુખ્યે પેટે જ તે કામ કરતો અને તેથી ત્હેનું મગજ ઘણું શાન્ત રહેતું અને વિચારોનો પ્રવાહ મજાનો નીકળતો, પગ થાકતા નહિ અને અવાજ એક સરખો ચાલ્યા કરતો. જૈન સૂત્રગ્રંથો યોગવહન ક્રિયા વગર ન જ વાંચવાં એવું જે ફરમાન છે, ત્હેનું કારણ એ પણ હોઇ શકે કે યોગવહન ક્રિયામાં ઉપવાસાદિ ચાલુ હોવાથી પેટ અને મગજ ત્હેની સ્વાભાવિક સ્થિતિમાં હોય અને તેથી શાસ્ત્રોનાં ગુઢ રહસ્યો તરફ કુદરતી રીતે લક્ષ દોડે.

* * *

સગર્ભા સ્ત્રીનો સમાગમ કરનાર પતિ પોતાના પુત્રનો જ ખુની છે.

* * *

ઓહ નિર્માલ્યતા—ઓહ આજના જમાનાની કૃત્રીમ ' શરમ ' ! પૂર્વના બલવાન આર્યોએ ' લિંગ ' ની પૂજા દાખલ કરી, કે જેથી ત્હેનો દુરૂપયોગ થવા ન પામે ( સામાન્યતઃ જેની ' પૂજા ' થાય ત્હેના તરફ ' બહુમાન ' હોય જ, અને બહુમાનને લીધે પૂજાપાત્રનો દુરૂપયોગ કે અપમાન થવા પામે નહિ. ) ખુદ જૈનોના પણ બલવાન પૂર્વાચાર્યોએ તીર્થંકરોનો ઇતિહાસ લખતાં તેઓના ગુપ્ત અવયવોનું પણ વિસ્તારથી વર્ણન લખવામાં ' શરમ ' માની નથી ( વાંચો ત્રિશષ્ઠિ શલાકા પુરૂષ ચરિત્ર ). માણસ જેમ જેમ વધારે ને વધારે કૃત્રીમ, વધારે ' નાજુક '-નિર્માલ્ય થતો ગયો તેમ તેમ ' શરમાળ ' બનતો ગયો,-અને આશ્ચર્ય તો જુઓ કે જે અવયવો અને જે ક્રિયાને ' શરમના વિષય ' ત્હેણે માન્યા તે જ અવયવો અને તે જ ક્રિયામાં અને તે સંબંધી વિચારોમાં અહોનિશ રચ્યોપચ્યો રહેવામાં ત્હેને ' શરમ ' આવતી નથી ! મનુષ્યશરીર એ દેવમંદિર છે, ગુપ્ત

અનાયલા અવયવો એ મંદિરના અધિષ્ટાતા દેવ-દેવો છે અને બાકીના તમામ અવયવો એમના સહકારીઓ ( અમલદારો, કાર્યવાહકો ) છે; કોઇ અવયવ નાપાક-અપવિત્ર-નથી, અને કોઇ અવયવ માટે મનુષ્યે શરમાવું જોઇતું નથી. શરમાવું જોઇએ છે માત્ર અવયવોના દુરૂપયોગ માટે, અવયવોની બેદરકારી માટે, અવયવોના કદરૂપાપણા કે કમજોરીપણા માટે, કે જે કદરૂપાપણું અને કમજોરી તે દેવોનો અવિનય, દુરૂપયોગ કે અપમાન કરવાથી જ ઉદ્ભવે છે. કયા વર્તનથી દેવોનું અપમાન કે અવિનય થયો ગણાય તે જે માણસ જાણતો નથી તે, કયા વર્તનથી દેવોનું બહુમાન, વિનય કે ભક્તિ થાય છે તે પણ જાણી શકતો નથી.

*　　*　　*

ગુપ્ત અવયવોની ક્રિયા શરીરના તમામ બંધારણ અને તનદુરસ્તી ઉપર સચોટ અસર કરે છે, એનું કારણ એ છે કે તમામ Nervous System સાથે તે અવયવોને સંબંધ છે. શરીરમાં ચાલતી કોઇ પણ ક્રિયા એવી નથી કે જે કરવાથી, વીર્ય બનવામાં અને વીર્યપાત થવામાં જેટલો Nervous power નો વ્યય થાય છે, તેટલો વ્યય થતો હોય. તેથી એ ખુલ્લી વાત છે કે, જેટલે દરજ્જે મનુષ્ય એ અવયવોની જાળવણી રાખશે, જેટલે દરજ્જે ત્હેનો ઓછામાં ઓછો ઉપયોગ કરશે, તેટલે દરજ્જે ત્હેની જીવન શક્તિનો સંગ્રહ થશે અને વધારો થશે, કે જે સંગ્રહાયલી અને વધેલી જીવન શક્તિને ચાહે તો તે દરરોજના જીવનક્રમમાં વાપરે ( અને તે ક્ષેત્રમાં ફતેહ મેળવે ), અગર સમાજનેતા કે દેશનેતા બનવામાં વાપરે ( અને તે ક્ષેત્રમાં ચળકી ઉઠે ), અગર તો અંગબળના અદ્ભૂત પ્રયોગો કરવામાં વાપરે ( અને દુનિયાના 'પંતુજી' ઓમાં અજીત શિરદાર ગણાય ), અગર તો વિશ્વના ચમત્કારોનાં મૂળ શોધવામાં ખર્ચે ( અને મહાન 'વિચારક' કે 'યોગી' તરીકેનો ગુપ્ત આનંદ ભોગવે, ) અગર **તનદુરસ્ત** પત્નીની **વધારેમાં વધારે ઉલ્લાસની મીનીટોમાં** પોતા કરતાં વધારે સમર્થ સંતતી ઉત્પન્ન કરવામાં ત્હેનો વ્યય કરે ( અને એ રીતે જનસમાજ સમક્ષ 'શક્તિ' ની ભાવનાનો મૂર્તિમંત દાખલો રજુ કરે. )

*　　*　　*

યાદ રાખજો કે શરીરબળમાં એકકા ગણાતા મલ્લોને, એ

ઇર્ષા ઉપજાવે એવી કીર્તિ મેળવવા તેમજ જાળવી રાખવા ખાતર, સ્ત્રીસુખનો સદંતર ભોગ આપવો પડે છે. મહાન રાજદ્વારી, વિચારક, ધર્મગુરૂ કે અધ્યાત્મી બનવામાં સુખ સ્હમજનારા મનુષ્યો ! ત્હમે માનેલું એ મહાન સુખ શું સ્ત્રી-સહવાસના ત્યાગ વગર કે એ બાબતની વધુમાં વધુ મિતવ્યયતા વગર મેળવવાની આશા કદાપિ રાખી શકો ? લક્ષબિંદુ જેટલું ઉંચું, તેટલાં ત્હેમાં જોખમો અને સંકટો વિશેષ; અને જોખમો અને સંકટોમાં ટકી રહેવા માટે સાહસ, ધૈર્ય, શોધક બુદ્ધિ અને યુદ્ધશક્તિની ખાસ જરૂર પડે એ પણ દેખીતું છે; અને એ સઘળું, ઉભરાઈ જતા વીર્ય વગર-સુરક્ષિત સર્જન શક્તિ વગર-કોઈ કાળે બને તેમ નથી.

* * *

અફસોસ ! યુવાનો જાણતા નથી કે, વૃદ્ધાવસ્થા પણ આવવાની છે, અને તે વખત માટે શક્તિઓનો સંગ્રહ અનિવાર્ય જરૂરનો છે. તેઓ જાણતા નથી કે, એક વખતની ક્ષણિક મજા આખી જીંદગીને રદબાતલ કરનારી થઇ પડે છે, અગર જેના પિતા તરીકે પોતાને જાહેર કરતાં શરમાવું પડે એવી સંતતી ઉત્પન્ન કરનાર થઇ પડે છે, અને એક પછી એક એમ એવા ઘણા મનુષ્યોની એકેકી ભૂલને પરિણામે લાંબે સરવાળે એક આખી જાતિ નિર્માલ્ય થઇ સ્થૂલ તેમજ સૂક્ષ્મ ગુલામીમાં સબડે છે.

× × ×

ભાગ્યશાળી હતા તે ગ્રીક લોકો, કે જેઓનો કાયદો નિર્માલ્ય બાળકોને જન્મતા વેંત પહાડ ઉપરથી ફેંકી દેવાનું ફરમાવતો ! આજના 'બિચારા' અને 'દયાળુ' સુધરેલાઓ (!) ને તે કાયદો જુલમી-રાક્ષસી લાગે છે (અને નબળાઓને સબળતાનું દરેક કામ ભયંકર જ લાગે). પરન્તુ પોતાના પ્રિય બાળકને જન્મતાંવેંત પહાડ પરથી ફેંકી દેવાતું જોયા પછી કયો પુરૂષ કે કઇ સ્ત્રી નિર્બળ બાળક ઉત્પન્ન થાય એવા સંજોગોમાં સમાગમ કરવાની હિમત ધરશે ? સઘળી શુભાશયવાળી સખ્તાઇ સુખકર જ છે; સઘળી સગવડ, રાહત, છુટછાટ અને ભલાઇ પરિણામે નિર્માલ્યપણાને વધારનારી-માણસ જાતને પંતુજી બનાવનારી-છે.

× × ×

વિદ્યાર્થીઓ ! સીનેમા હાઉસ તથા નાટકશાળામાં ત્હમે સુ-

દૂર જશો નહિ એવું ફરમાન ત્હમને આપી શકાય એવા આજના દેશ-કાળ નથી; પરન્તુ એટલું તો કહેવું જ પડશે કે, ત્હમારા ચિત્તને વલોવી નાખનાર અને ત્હમારા મગજને નિર્બળ કરી નાખનાર એ સ્થળોથી જેમ બને તેમ દૂર રહેવામાં જ ત્હમારૂં ભવિષ્યનું સુખ રહેલું છે; અને જે થોડામાં થોડા પ્રસંગો એવે સ્થળે જવાના મળે તેમાં, સ્ત્રીઓના રૂપ અને હાવભાવથી ત્હમારી લાગણીઓને ઉશ્કેરાઇ જવા દેશો નહિ; ધ્યાન રાખજો કે ત્હમે જે કાંઇ જુઓ છો તે માત્ર નાટક છે—સાચું નથી—અને નાટકનો પ્રયોગ થોડા કલાક માટે છે, જ્યહારે ત્હમારૂં જીવન સો શરદ ઋતુઓ માટે છે. જીવનક્ષેત્રમાં લાંબો વખત ટકી રહેવા માટે ત્હમારે સાદા અને તનદુરસ્ત પદાર્થો અને વિચારોનો ખપ કરવો જોઇશે, નહિ કે ટાપટીપ અને કૂદકા ભૂસકાનો. ત્હમારૂં શરીર પવિત્ર મંદિર છે: એને વિષયવિકારના કાળા ધાબાથી ભ્રષ્ટ કરશો નહિ. હમણાં તો વીર્ય સંઘર્યા કરો, વધાર્યા કરો; પછી જ્યહારે ત્હમે દુનિયામાં સ્વતંત્ર રીતે ત્હમારૂં ગુજરાન ચલાવવાને—એટલું જ નહિ પણ બીજા એકાદ બેને પણ સહાયભૂત થવાને—શક્તિમાન બન્યા છો એવી ત્હમને ખાત્રી થાય ત્યહારે ત્હમે 'સામાજિક હક્ક' તરીકે ખુશીથી સ્ત્રીનો સહવાસ ઇચ્છજો; અને ત્યહારે પણ જનસમાજને શોભારૂપ થઇ પડે એવાં સંતાન ઉત્પન્ન કરવા માટે જ, નહિ કે પાશવ વૃત્તિઓને ઉશ્કેરવા અને ક્ષણિક તૃપ્તિ મેળવવા માટે. સ્ત્રીનો દુરૂપયોગ કરનાર પતિ વિશ્વનો અપરાધી છે, સમાજને કંગાલ બનાવવાનો ગુન્હો કરનારો છે,—રે પોતાનું, પોતાની નામ માત્ર માનેલી પત્નીનું અને પોતાની ભાવી પ્રજાનું ખુન કરનાર કસાઇ છે. યુવાન મિત્ર! મનુષ્યને મળેલું થોડું સરખું વીર્ય એ દુનિયાની અમૂલ્યમાં અમૂલ્ય ચીજ છે, ખુદ ખુદાઇ-બ્રહ્મત્વ છે, રે આપોઆપ ઇશ્વર છે. એ ઇશ્વરથી ભલે સુંદર સૃષ્ટિ ઉત્પન્ન થાય, પણ એનો દુરૂપયોગ કરનાર કાંઇ સહિસલામત બચી શકશે નહિ.

× × ×

કાબુલમાં જનાકારી કરનાર પુરૂષને ગામ વચ્ચે મસ્તક સુધી જીવતો દાટી ત્હેના ઉપર ગામલોકો પાસે પથરાનો અને થુંકનો વર્ષાદ વર્ષાવવામાં આવતો. ત્યહાંના લોકોના મ્હો ઉપર લોહી કેટલું ઉછાળા મારી રહ્યું છે અને શરીરમાં ચૈતન્ય કેટલું કૂદી રહ્યું છે તે જોનાર

ત્હેમના ઉપર કહેલા કાયદાને ફાયદો તુરત સ્વીકારશે. કેટલાક જંગલી દેશોમાં બેઇજ્જત કરાયલી સ્ત્રીનો પતિ કે પિતા ગુન્હેગારને પંચના હુકમથી અને પંચની રૂબરૂમાં, તીરંબાજીથી ઠાર કરે છે. માત્ર 'સુધરેલા' દેશોમાં જ દુરાચાર કે શિથિલપણા ઉપર ' દયા " ખાવામાં આવે છે !

× × ×

ગુપ્ત અવયવો અને જીભ એ બે ઉપર કાબુ રાખતાં જે માણસ શિખ્યો નથી તે માણસ કોઇ દિવસ સાચો વિજેતા, મહાન પુરૂષ, વિચારક, સમાજનેતા કે મસ્તયોગી થવાને લાયક નથી.

* * *

દર એકાદસીએ ઉપવાસ કરવાનું પુરાણોમાં પ્રબોધ્યું; પૌણિમાએ ઉપવાસ કે બને તો પોષધ કરવાનું જૈન શાસ્ત્રોએ શિખવ્યું; અસલી ક્રાઇસ્ટે દર રવિવારે કામકાજ તેમજ ખોરાકથી પરહેજ રહેવાનું ફરમાવ્યું. ધર્મના નામથી શક્તિ પ્રેરનારા આ તમામ ધારાશાસ્ત્રીઓ ( સમાજનેતાઓ અથતા ' મનુ 'ઓ ) જબરા 'કલા'બાજ ( Artist ) હતા. દેવોનાં ધામ અને તીર્થંકરોનાં ધામ પહાડોના શિખરે જ બતાવ્યાં અને ખરી ભક્તિ કરવાની ઇચ્છાવાળાએ ચાલીને જ ત્હાં જવું એવું ફરજયાત ઠરાવનારાઓને (ત્હેમના 'સત્ય'ને નહિ પણ ત્હેમની હિતાવહ 'કલા'ને ) હજારો ધન્યવાદ ઘટે છે. એ 'કલા'ના લાભો ગણ્યા ગણાય તેમ નથી.

× × ×

વિદ્યાર્થી ! ત્હારા ઓરડામાં આજના પંડિતોની કે સાધુઓની છબીઓ ન રાખતાં પ્રાચિન ગ્રિક કે પ્રાચિન ક્ષત્રિયની છબી રાખજે, કે જેથી ત્હારી સમક્ષ ફુદકા મારતી શક્તિની ભાવના નિરંતર બની રહેવા પામે. ટપકતી જુવાની, બહાર આવેલી છાતી, વિશાળ બાહુ, તેજસ્વી સુંદર અને મુશ્કેલીઓને હસી કહાડતો હોય એવો ચહેરો, આગ વર્ષાવતી આંખો, વિશાળ કપાળઃ એ ચિન્હોમાં શક્તિ વાસો કરે છે, કૃત્રિમ વિનયને ધિક્કારતો ઉદાર સ્વભાવ ત્હાં ખેલતો હોય છે. ' ભલા ' અને ' બુરા ' ની પેલી પારનું અધ્યાત્મ ત્હાં જ વસી શકે છે.

× × ×

તે યુવાન ભાગ્યશાળી છે, કે જે એમ કહી શકે કે, " એ

પિતા ! હું પિતા થવાની સઘળી લાયકાતો મેળવી શકું ત્ય્હાં સુધી મ્હને પુત્ર તરીકે જ રહેવા દેવાની ત્હમારી હિમત અને સદ્‌બુદ્ધિને મ્હારા લાખ્ખો પ્રણામ હો ! "

× × ×

દાન, તપ, આદિ કોઇ પણ શુભ પ્રવૃત્તિનું જો કાંઇ 'ફળ' હોય અને એ ફળ કોઇ દેવોના જ હસ્તક અપાતું હોય તો હું તે દેવોને કહું કે " ઓ ભલા દેવો ! મ્હને ત્હમારા દેવલોકનાં સુખ નથી જોઇતાં; મ્હને ત્હમારે કાંઇ પણ આપવું જ હોય તો એટલું જ આપો કે નમી ગયેલી કમરવાળા, સાંકડી છાતીવાળાં, ચપટા મ્હોંવાળા, ઉંડી પેઠેલી નિસ્તેજ આંખોવાળા, કીડાની પેઠે ચાલનારા, વાતવાતમાં હાથ જોડીને ઉભા રહેનારા, ઉત્સાહ અને આશા વગરના, જીવનકલહમાં દાખલ થવા પહેલાં જ ત્હેનાથી છુટવા નાશનારા 'નારકીઓ'ને હું કદાપિ જોવા ન પામું......કારણ કે, જે ભૂમિ પર તેવાઓ ચાલે છે તે જ ભૂમિનું નામ 'નરક' છે અને જ્ય્હાં ત્હેમનાં દર્શન નથી ત્ય્હાં 'સ્વર્ગ' જ છે. "

× × ×

ઓ તાંદુલ મત્સ્ય ! જે મગરમચ્છની આંખના એક ખુણામાં તું પડયો રહ્યો છે તે મગરમચ્છ કરતાં તું એટલો બધો વધારે ' પાપી ' છે, કે જેટલો તે ત્હારાથી વધારે બલવાન છે ! જેમ શક્તિ વધારે, તેમ ઉદારતા ( દરેક પ્રકારની ) વધારે; જેમ શક્તિ ઓછી, તેમ. લોભ-તુચ્છતા-નીચતા-સંકુચિતતા વધારે.

× × ×

સ્હવારના ૫ થી ૭ વાગ્યા વચ્ચેનો વખત તાજગી આપનારો છે, કે જે તાજગી આખા દિવસના કામનો પાયો છે. પાયા વગરના મકાનની સુંદરતાની જેટલી કિમત, તેટલી જ કિમત સ્હવારની તાજગી વગરના દિવસભરના કાર્યક્રમની.

× × ×

અમેરિકાનો પ્રખ્યાત ડાક્તર પીબલ્સ ( Dr. Peebles ) આરોગ્યરક્ષા માટે ૧૫ આજ્ઞાવચનો લખે છે, જેમાંનું ૯ મું આ છે: " સ્હવારે ૧૦ વાગે અને સાંજે ૫ વાગે એમ દિવસમાં માત્ર બે જ વખત સાદું મદ્યમાંસરહિત ભોજન લ્યો. " જૈનોના રાત્રી-ભોજનત્યાગના સિદ્ધાંતની કિમત પશ્ચિમના શોધકો અને ડાક્ટરો સ્હમ-

જવા લાગ્યા છે. તે ડાકટર કહે છે, ન્હા–કાફી અને સ્હવારનો નાસ્તો તદ્દન બંધ કરો અને દિવસમાં માત્ર બે વખત જમો; વચલા વખતમાં કાંઇ પણ ચીજ ન ખાશો. ચોખ્ખું પાણી પથારીમાંથી ઉઠતાં વેંત અને સૂતાં પહેલાં પુષ્કળ પીઓ અને દિવસમાં કામકાજને લીધે પાણી પીવાનું યાદ ન રહે તેટલા માટે કામ કરવાની જગાએ પાણીનો પ્યાલો ભરી રાખો કે જે વારંવાર નજરે પડે અને પાણી પીવાનું યાદ આવ્યા કરે.

* * *

દેવલોક એ કોઇ **સ્થિતિ**વિશેષનો ખ્યાલ આપનારી ભાવના છે, કે ભૂમિનું નામ છે એનો નિર્ણય તો સાક્ષાત્ અનુભવથી જ થઇ શકે; પરન્તુ દેવલોકનું શાસ્ત્રોક્ત વર્ણન તો હરકોઇ નાસ્તિકને પણ પસંદ પડશે જ. કહે છે કે, દેવોને મનુષ્યો માફક જન્મની વેદના નથી તેમ વૃદ્ધાવસ્થાનું દુઃખ નથી, તેઓ ફુલની શય્યામાંથી નીકળી આવે છે અને સદા યુવાન જ રહે છે. વળી એવું પણ શાસ્ત્રકથન છે કે જેમ દેવોનો દરજ્જો મ્હોટો તેમ ત્હેમનામાં કામભોગ ઓછો —તે એટલે સુધી કે અમુક દેવો તો માત્ર સ્ત્રીના એક વિચાર માત્રથી સંતોષ પામે છે. તદ્દન સાચી વાત ! એક સમ્પૂર્ણતયા તનદુરસ્ત સ્ત્રી પ્રસવે છે ત્હારે પ્રસવવેદના મુદ્દલ નથી હોતી. જંગલમાં મજુરી કરનાર સ્ત્રી રસ્તે ચાલતાં બાળક પ્રસવે છે અને તુરત જ ત્હેને ઉપાડી ચાલતી થાય છે. તનદુરસ્તીને પ્રસવનો ડંખ ન જ હોય. સો અને તેથી વધારે વયના મનુષ્યો શરતમાં દોડે છે, એટલી વયે પરણે છે અને ઉંચામાં ઉંચા પુસ્તકો રચી શકે છે તથા યુવાનો સાથે પેટ ભરીને હસી શકે છે એવું જાણ્યા પછી કોણ કહેશે કે સમ્પૂર્ણતયા રક્ષાયલી તનદુરસ્તીને વૃદ્ધાવસ્થાનો ડંખ લાગી શકે છે ? વળી માણસ જેમ સ્ત્રીસમાગમમાં વધારે મિતવ્યયી તેમ વધારે તાકાદવાળો હોય છે, એવું જાણનારા બુદ્ધિશાળીઓ–દેવો–સ્ત્રીસમાગમથી તદ્દન પણ દૂર રહી શકે છે. અને 'દેવો' ને હરાવનાર તરીકે પ્રસિદ્ધ થયેલા 'યોગી' લોકો તો સ્ત્રીના વિચારથી–emotion માત્રથી–પરહેજ રહેતા. ખરૂં કહીએ તો, સંગ્રહાયલી શક્તિ એ જ 'દેવ' પણું–દેવત્વ–છે; અને દેવત્વનો સારામાં સારો ઉપયોગ ( જગકલ્યાણકારી જ્ઞાનની શોધ ઇત્યાદિ કરવામાં થતો તે શક્તિઓનો ઉપયોગ ) એ જ 'યોગી' પણું છે.

× × ×

# મ્હારી ઉપવાસની કહાણી.

કેટલુંક થયાં મ્હારામાં શારીરિક અશક્તિ વધતી જાય છે, જો કે ખાસ દરદ જેવું કાંઇ જ નથી. કામ કરવાની બાબતમાં, જેટલું કામ મ્હારે કરવું જોઇએ ( મ્હારા ધોરણથી ) અને જેટલું કામ મ્હારી પાસે શીલીકમાં રહે છે તે બન્નેના પ્રમાણમાં હું ઘણું જ થોડું-બલ્કે કાંઇ જ નહિ-કરી શકું છું. જે થોડી શક્તિ બચત છે ત્હેનો પણ મ્હોટો હિસ્સો મનુષ્યો, બનાવો અને વસ્તુઓની વિચિત્રતા યાદ કરી દીલગીર થવામાં અને ખાસ કરીને મ્હારી પોતાની અશક્તિ-મુખ્યત્વે ઇચ્છાબલ સંબંધી અશક્તિ-અને ભૂલો માટે ખેદ કર્યા કરવામાં ફોકટ ખર્ચાઇ જાય છે.

આ સ્થિતિમાં જીવવું તે મૃત્યુ બરાબર જ છે. ' જીવન ' તે છે કે જ્હેમાં મનુષ્ય ચૈતન્યમય, નાચતો-કૂદતો, મનુષ્યો-બનાવો અને વસ્તુઓનું વૈચિત્ર્ય જોવા છતાં તે ઉપર **હસતો,** પોતાની ભૂલોનું ભાન થવા છતાં તે ભૂલોના ' નાટક ' ઉપર પણ હસતો અને ભૂલો ફરી થવા ન પામે એવા સંયોગો ઘડવાની ઇચ્છાશક્તિથી ઉભરાતો, સમયના પ્રવાહમાં ' ખેંચતો ' નહિ પણ હસવા સાથે તરતો, ઇચ્છવા જોગ પરિણામો અને બનાવો અને પ્રાપ્તિઓ ઉપર અવિશ્વાસનું છૂપું હાસ્ય કરતો અને નહિ ઇચ્છવા જોગ પરિણામો વગેરે ઉપર કૃત્રીમ હાસ્ય હસતો-**એવો** હોય. એવું જીવન શું હું જીવતો હતો ?

સત્યસુંદરીને નગ્ન કરી નીહાળવાની મ્હને કેટલુંક થયાં લત લાગી હતી અને તેથી હું ઘણા ઘણા ' અટકચાળા ' કરતો, ત્હેની કિંમત તો હું નહિ ભરતો હોઉં ? તેણીનું વૈર તો મ્હારા સ્થૂલ જીવન ઉપર ઉતરી આવતું નહિ હોય ? અથવા પૂર્વ જન્મોમાં કરેલી જ્ઞાનની આશાતનાઓ સીનેમેટોગ્રાફની ફીલ્મના ગુંચળા રૂપે બનીને હમણાં આસ્તેઆસ્તે ઉકલતી જતી હોય અને ત્હેમાંનાં સૂક્ષ્મ ચિત્રો ( ભાવો ) સ્થૂલ રૂપે મ્હારા જીવન ઉપર પડી ત્હેને રંગી નાખતાં હોય-કે દાબી દેતાં હોય-એમ તો નહિ હોય ?

જે હો તે હો; મ્હને એટલું ' ભાન ' ચોક્કસ હતું કે હું જીવતો દેખાવા છતાં જીવતો નહોતો.

એ સ્થિતિમાં એકદા હું એક બુકસેલરની દુકાને જઇ ચ્હડયો અને કોઇ ખાસ પુસ્તક નહિ માગેલું હોવા છતાં બુકસેલરે પોતા પાસે આવેલા નવા ' લૉટ ' માંથી વીશેક પુસ્તકો મ્હારી પાસે ધર્યાં. કોઇ પણ જાતનો વિચાર કર્યાં વગર તે પુસ્તકો હું ઘેર લઈ ગયો અને વાંચવામાં* ગુંથાયો. ' હિતેચ્છુ ' નો અંક કયારનોએ લેણો થઇ ચુકયો હતો, પરન્તુ અત્યાર સુધી એક અક્ષર પણ લખવાની મ્હને ' રૂચિ ' થઇ નહોતી, એ સંજોગ આ સ્થળે મ્હારે નોંધવો જોઇએ છે.

આરોગ્ય, માનસશાસ્ત્ર, સ્પીરીચ્યુઆલીઝ્મ અને અધ્યાત્મને લગતાં આ પુસ્તકો પર હું ઉપરટપકે નજર નાખી ગયો શા કારણથી, તે હું જાણતો નથી, પણ મ્હને ઇચ્છા થઇ આવી કે, મ્હારે આજે કાંઇજ ખોરાક લેવો નહિ. બુધવાર સ્હવારથી શુક્રવાર સાંજ સુધી તે ઉપવાસ ચાલુ રાખ્યો. પહેલે દિવસે એકવાર અને બીજે દિવસે ૩ વખત અબ્બે કપ છાસ પીધી, અને શુક્રવાર સાંજે દાળ–ભાત ખાઇ ઉપવાસ ભાગ્યો. ઉપવાસથી ટેવાયલા જૈનોને આ રમત જેવા ઉપવાસની વાત હસવા જેવી લાગશે; પણ દર મહીને પોષધ કરવાની ટેવવાળો હું છેલ્લાં દશેક વર્ષથી એક પણ ઉપવાસ કરવા પામ્યો નહતો તે વાત ધ્યાનમાં લેતાં, તથા હાલની મ્હારી શારીરિક અને માનસિક સ્થિતિ કે જેનું કાંઇક સ્વરૂપ આ લેખના અગ્રભાગમાં વર્ણવ્યું છે તે વિચારતાં, આ ન્હાનો તપ કાંઇક અર્થસૂચક હતો ખરો.

આ ઉપવાસ ધર્મશાસ્ત્રોમાં કહેલા 'તપ'ની જાતનો નહતો, પણ આરોગ્યશાસ્ત્રમાં વારંવાર સૂચવવામાં આવતા 'ઉપાય'ની જાતનો હતો. તે દ્વારા મ્હેં કોઈ આકાશમાંના સ્વર્ગ અને સ્વર્ગની અપ્સરા રૂપી ' અક્ષાસ ' મેળવવાની ઇચ્છા રાખી નહતી, પણ તાત્કાલિક સ્વર્ગ–સાફ પેટ અને સાફ મગજ–કે જે પર મ્હારો 'વારસા હક્ક' હતો તે ફરી મેળવવા ઇચ્છા રાખી હતી.

ખોરાક નહિ લેવાથી નબળા પડી જવાય છે એવો ' વ્હેમ '

---

* આ પુસ્તકોનો સાર વાચકવર્ગના હિતાર્થે આ અંકમાં જૂદે જૂદે સ્થળે આપવામાં આવ્યો છે.

મ્હને મૂળથી જ નહોતો. લાંબા વખતની અત્યંત નબળાઇ છતાં હમણાં લગભગ ૩ દિવસ સુધી ખોરાક ન લેવાથી મ્હારામાં કશી વિશેષ નબળાઇ આવી નહોતી, બલ્કે જે શાન્તિ, સંતોષ અને સુખની લાગણી મ્હેં આ ત્રણ દિવસોમાં અને તે પછીના બે દિવસોમાં અનુભવી છે તેવી છેલ્લા એક વર્ષમાં કદાપિ અનુભવી નહોતી. એ દિવસોમાં છાસના એક ઘુંટડામાં મ્હને જે લહેજત આવતી તે કોઇ દિવસ સુંદરમાં સુંદર મીઠાઇ કે અન્ય કોઇ ભોજનમાં મ્હને જણાઇ નહોતી. ચાલવાનું અને લખવાનું કામ જે હું છેલ્લા થોડા દિવસોથી લગભગ મુદ્દલ કરી શકતો નહતો તે આ બે દિવસ દરમ્યાન મ્હારા તનદુરસ્ત દિવસો જેટલું જ હું કરી શક્યો હતો, અને આશ્ચર્ય તો એ છે કે બે માઇલ સુધી ચાલ્યા પછી અને બે કલાક લખ્યા પછી કાંઇ થાક કે કંટાળાની લાગણી થવાને બદલે આનંદની લાગણી અનુભવાઇ હતી. પેટ પરનો બોજો ઓછો થઇ ગયો હતો અને પેટની બેચેની લગભગ તમામ દૂર થઇ ગઇ હતી.

ઉપવાસને અંતે મ્હને લાગ્યું કે કોઇ રાતે હું મ્હારી હાલની પ્રવૃત્તિને એક માસ સુધી છોડીને કોઇ અજાણ્યા ગામડામાં જઇ શકું અને ત્હાં એક અઠવાડીઉં કોઇ પણ જાતના—છાસના પણ—ટેકા સિવાય ઉપવાસ કરી સ્હવારે અને સાંજે જંગલમાં ભટકયા કરૂં, બપોરે વાંચ્યા કરૂં, બને તેટલું મૌનવ્રત પાળું અને રાત્રે સ્નાન કરીને ઉંધ્યાં જ કરૂં, તથા બીજા ત્રણ અઠવાડીઆમાં માત્ર સંગીત, છાસ અને માઇલો સુધી ભટકવાનું તથા પ્રાતઃકાળમાં એક કલાક ધ્યાન એમાં જ મસ્ત રહું તો મ્હારા શરીરને અને મગજને નવું ચૈતન્ય અવશ્ય પ્રાપ્ત થાય.

પણ ઉપવાસની કહાણીનો વિશેષ અગત્યનો ભાગ તો હજી હવે આવશે. કેટલુંક થયાં ઉપાધિઓ, ચિંતાઓ, શંકાઓ, ખટપટો, નિરાશાઓ અને તર્કોથી મ્હારૂં મગજ ડોહોળાઇ ગયું હતું અને સ્વર્ગનાં સાધનો વચ્ચે હું પ્રત્યક્ષ નરકની યાતના ભોગવી રહ્યો હતો. ઉપવાસ દરમ્યાન સમુદ્ર કિનારે સાંજ સ્હવાર ફરવા વખતે અને વાચનગૃહમાં પુસ્તકો વાંચતી વખતે, મ્હારામાં દટાઇ ગયેલા બલવાન તત્ત્વજ્ઞાનમય વિચારો 'તરી આવ્યા' અને ચિંતાઓ અને ઉપાધિઓ ઉપર બેચાર વખત મ્હારાથી મન સાથે જ હશી જવાયું. દશ્ય દુનિયા—ત્હેમાંના પદાર્થો અને જેને 'બનાવો' કહીએ છીએ તે સુદ્ધાં—મ્હારા મગજના એક ખુણાનું બિંદુ માત્ર હોય એવું લાગ્યું.

એ મગજમાં એવી અનેક દુનિયાઓ સ્રજાવા લાગી અને લય પામવા લાગી ! શૉપનહોરનું ' The World as Thought and Will ' આખ્ખું મ્હારા અસ્તિત્વમાં ઓતપ્રોત થતું લાગ્યું. અરે આ જ દુનિયા ! આ જ દુનિયાના કહેવાતા બનાવો ! અને એને માટે કે એના વડે ખેદ, ડર અને દુ:ખ ? કેટલું મિથ્યાત્વ ! કેવી નિર્બળતા !

શહેરો અને શહેરી જીંદગીને વિદ્વાનો–ખાસ કરીને ફીલસુફો અને સાધુઓ–એ ધિક્કારી છે; એ ધિક્કાર શહેરોનાં મકાનો કે માણસો ઉપર નથી, પરન્તુ શહેરોની અતિ જંજાળ ઉપર છે. જાગ્યા ત્યારથી મોડી રાત્રે પથારીમાં જતાં સુધી અનેક ન્હાનીમ્હોટી પ્રવૃત્તિઓ, મુલાકાતો, યોજનાઓ, વિચારોમાં લાગ્યા જ રહેવું અને શક્તિના પાતાળકુવા રૂપ 'હું' ત્હેના તરફ એક પણ નજર ફેંકવાનું સ્મરણ ન થવા દેવું, એના જેવો ' ખોટનો ધંધો ' બીજો કયો હોઇ શકે ? શકિતમાત્ર 'હું' માંથી —આત્માના કૂવામાં મગજની ડોલ નાખવાથી—આવે છે. આત્મચિન્તવનને જ્હાં અવકાશ નથી ત્હાં, શીલીકમાંની શકિત જલદી ખર્ચાઇ જાય છે અને નબળાઇ જ—દેવાળું જ માત્ર–શીલીકમાં રહે છે. 'હું' ના કૂવામાં મગજની ડોલ નાખવાથી નબળામાં નબળો માણસ પણ વધુ નહિ તો એક દિવસ ચાલે એટલું પણ 'જળ'—એટલી પણ શકિત––તો અવશ્ય મેળવી શકે છે. એટલા જ માટે પૂજન, સામાયિક આદિ એક દિવસ ચાલે એટલું જળ આપનારાં સાધન યોજવામાં આવ્યાં છે, અને પોષધ આદિ લાંબોકાળ ચાલે એટલું જળ આપનારાં સાધન ઉભા કરવામાં આવ્યાં છે. [ All this is *creation*-all this is 'art'—but a very very *usefnl* 'art' that tends to give life, strengthen life, make one feel and enjoy Life.] પૂજનદ્વારા—જો પૂજનના હેતુની સ્હમજપૂર્વક તે થતું હોય તો—દુ:ખરૂપ દેખાતી દુનિયાને હસી શકનારા, દુનિયાને ફેરવી શકનારા, તરછોડી શકનારા, રમાડી શકનારા ' ખેલાડી'ઓ ( artists ) ની શકિતની ભાવનામાં ડૂબવાનો પ્રસંગ મળે છે, અને તેથી 'શક્તિ'નો પ્રવાહ મળે છે. સામાયિક દ્વારા શરીર અને મન બન્નેને ગોપવી ' હું ' ના કૂવામાં પડવાનું અને શક્તિ મેળવવાનું બની શકે છે. પોષધદ્વારા ચોવીશ કલાક સુધી એ કૂવાના જળમાં જ જળક્રિડા કર્યા કરવાનું અને લાંબો કાળ ચાલી શકે એટલી શક્તિ મેળવવાનું બને છે.

પૂર્વના જે જૈનો–શ્રાવકો–ની તારીફ સૂત્રોમાં કરવામાં આવી

છે તેઓ મહીનામાં ઓછામાં ઓછા બે 'પોષધ' કરતા અને દરરોજ સામાયિક કરતા. તેઓનું ઇચ્છાબલ ( will-power ) ગજબ હતું. દોસ્તીના સાર રૂપ વફાદારી અને આત્મભોગ, અને શત્રુતાના સાર રૂપ કટ્ટરતા—એ બન્ને પૈકી જે રસ્તે ત્હેમને જવું પડતું તે રસ્તાના બીજા છેડા સુધી પહોંચ્યા સિવાય ત્હેમને તૃપ્તિ થતી નહિ. ગરીબાઇના ડંખને સહન કરવા માત્રની જ નહિ પણ હસી કહાડવાની તાકાદ તેઓ ધરાવતા; જુલમીમાં જુલમી અને અમ્રરંગી રાજાઓની દીવાનગીરી પણ તેઓ કરી શકતા; જબરામાં જબરૂં સાહસ કરવાને કૂદી પડતા; રાગરંગની મઝા પેટ ભરીને લૂટી શકતા અને રાગરંગનો ત્યાગ ક્ષણમાત્રમાં અને કાંઇપણ અરેકાર સિવાય કરી શકતા. કેટલી એમની ઇચ્છાશક્તિની ખીલવટ !

ઇચ્છાશક્તિ એ જ મનુષ્યત્વનું ખરૂં ધન છે—બળ છે—મનુષ્યત્વ છે અને ત્હેને પ્રાપ્ત કરવા ઇચ્છતા માણસે **પોતા ઉપર જુલમ** કરવા તૈયાર રહેવું જોઇએ. આજના જમાનાનો મ્હોટો રોગ કોઇ હોય તો તે એ છે કે બીજાઓની મદદથી ( પૈસાની કે મહેરબાનીની ) દુઃખ મટાડવાની—સુખ મેળવવાની—નીતિ ફેલાવે છે. કોઇને અપચો કે બંધકોશ થયો તો જાઓ ડાકટર પાસે, પૈસા આપીને અને ગરીબ હો તો દયા યાચીને લ્યો દવા, અને એ **બહારની મદદથી** મટાડો રોગ ! અગાઉના જમાનામાં અપચો થતો જ ભાગ્યે અને થતો તો ઝટ મનુષ્ય લાંઘણુ કરી લેતો, લાંબી મુસાફરી કરતો કે સખ્ત મહેનત કરવા લાગી જતો અને એ પ્રમાણે **પોતાની મદદથી** પોતાનું દુઃખ ટાળતો. શ્રમ સેવવાની ઇચ્છા હોવી એ ઇચ્છાશક્તિની હાજરીનું ચિન્હ છે. સુરાજ્ય કરતાં સ્વરાજ્ય, પ્રજા ગમે તેટલી અભણ—સંપવગરની—બુડથલ હોય તો પણ, વધારે ઇચ્છવા જોગ છે, એનું કારણ એ જ છે કે સુરાજ્યમાં બીજી પ્રજા ત્હમારા પેટમાં પીચકારીદ્વારા ખોરાક મૂકી આપશે પણ તેથી કાંઇ શક્તિ ખીલશે નહિ. જ્યહારે સ્વરાજ્યમાં ત્હમારે હાથે કષ્ટ સહીને ખોરાક ઉપજાવવો જોઇશે—રાંધવો જોઇશે—ખાવો જોઇશે અને પચાવવો જોઇશે અને તે સઘળી ક્રિયાઓની વિધિ બરાબર નહિ આવડતી હોય તો ગરજે અખતરા કરવા પડશે, અખતરામાં નિષ્ફળતા અને દુઃખ સહવાં પડશે ખરાં પણ બુદ્ધિ અને ઇચ્છાશક્તિ ખીલવા જરૂર પામશે, જેને પરિણામે માત્ર પોતાનું જ સજ્ય જાળવવાની નહિ પણ બીજાઓનું રાજ્ય મેળવવાની શકિત આવશે. બહેતર છે એક દુઃખમય સ્વરાજ્ય,

અનિષ્ટ છે દેવોથી ચાલતું પણ પરરાજ્ય ! અરે જૈનો એ સિદ્ધાંત મૂળથી જ સારી પેઠે સ્હમજેલા છેઃ તીર્થંકરને ત્હેમણે શાસનના 'મહારાજા' કહ્યા ખરા, પણ એ જ તીર્થંકર 'સંઘ'ને નમન કરે એવું ઠરાવવાને પણ તેઓ ચૂકયા નથી !–અને ધ્યાનમાં રહે કે 'સંઘ'માં 'ગૃહસ્થ'(laymen) પણ આવી ગયા ! ત્હારે રાજ્ય કોનું—રાજાનું કે પ્રજાનું ? સુરાજ્ય કે સ્વરાજ્ય ? અને એ જ તીર્થંકરો શિખવતા કે ત્હમારી મુકિત અમે આપી શકીએ નહિ, તે તો ત્હમે જ મેળવી શકો; લેશ માત્ર મહેરબાની કરવાની—સુખ આપવાની— દુઃખ હરવાની શકિત અમારામાં નથી, તે તો ત્હમે જ ત્હમારા માટે કરી શકો. ત્હમારી ઇચ્છાશકિત ખીલવો અને ત્હમારી મુકિત—ત્હમારો વારસા હક્ક— ત્હમે જ મેળવો. એ ઇચ્છાશકિત ખીલવવા માટે જ સામાયિક કે ધ્યાન કે પૂજન કે ઉપવાસ આદિ વ્રત કરો, નહિ કે એ દ્વારા અમારી મહેરબાની મેળવવા માટે.

ખરૂં છે કે જ્હારે લોકો ઇન્દ્રિયસુખના લોલુપી બનવા લાગ્યા અને ઇન્દ્રિયસુખ એ જ ત્હેમનું દૃષ્ટિબિંદુ બની ગયું ત્હારે ત્હેમનામાં શક્તિદાતા પ્રાર્થના, પૂજન, સામાયિક, ધ્યાન આદિની ગરજ ઉત્પન્ન કરવા માટે તે તે ક્રિયાઓના ફળ તરીકે દેવલોકનાં સુખ ( રળ્યા વગર અઢળક દ્રવ્યની માલેકી, સુંદરમાં સુંદર એવી હજારો અપ્સરાઓ કે દેવીઓના ભોગવિલાસ, લાંબી જીંદગી, નાટયરંગ આદિ ) મળશે એવી લાલચ મૂકવી પડી ( again a clever 'art' ). જેમ પતાસાં અને પેંડાની લાલચ આપી આજે લોકોને સાધુ પાસે ખેંચી લાવવામાં આવે છે, વરઘોડા અને આંગીના ભભકાથી લોકોને દેવાલય તરફ આકર્ષવામાં આવે છે, તેમજ સ્વર્ગની અપ્સરાઓની લાલચ આપીને પૂર્વાચાર્યોએ ' લોક ' ગણને શક્તિદાતા ક્રિયાઓ તરફ ખેંચવા કોશીશ કરી હતી, જો કે નરૂં તત્ત્વજ્ઞાન અથવા નિશ્ચયનયના પ્રેમીઓએ જગાએ જગાએ એમ પણ લખી દીધું છે કે, મેરૂપર્વત જેટલા ઓઘા મુહપતિ કરવા છતાં ( હજારો ભવ સુધી સાધુ બન્યા કરવા છતાં ) અને પૂજન તથા તપ આદિ કરવા છતાં માણસની મુક્તિ–નિર્બળતાથી છૂટકારો–છે નહિ.

ઇચ્છાશક્તિ ખીલવવાના હેતુપૂર્વક થતાં દરેક વ્રત, તપ, જપ ઇષ્ટ છે. અને ઇચ્છાશક્તિ ( will-power ) એ જ સુખનું સાધન છે. સમજપૂર્વક થતા પ્રાસંગિક ઉપવાસથી ઇચ્છાશક્તિને પો-

પણ મળે છે, અમુક ચીજ ગમે તેટલી પ્રિય હોય કે લાભકારક હોય તે છતાં ત્હેના વગર અમુક મુદ્દત સુધી ચલાવી લેવાનો નિ· યમ કરવાથી પણ ઇચ્છાશક્તિને પોષણ મળે છે, વાહવાહ ખાતર નહિ પણ પોતાની ઇચ્છાથી થતા દાનમાં મીલ્કત ઉડાવવાથી પણ ઇચ્છા શક્તિ ખીલે છે, મહેરબાની માગવા આવનાર માણસની સ્થિતિ ગમે તેટલી દયાજનક હોય પણ ઉંડો વિચાર કરતાં તે મ- દદને પાત્ર ન હોય તો તેવે વખતે ત્હેના કાલાવાલા સ્હામે બહેરા કાન કરવામાં પણ ઇચ્છાશક્તિની ખીલવટનો લાભ છે. તેવી જ રીતે નુકશાન કે અપમાન પહોંચાડે તેવું કોઇ કાર્ય મિત્ર કે શત્રુ તરફથી બન્યું હોય તેવે વખતે વૈરની ધૂનને દબાવી દઇ નુક- શાનના ' ભાન ' ને પવનમાં ફેંકી દેવાની ટેવથી પણ ઇચ્છાશક્તિ ખીલે છે; અને પ્રિયજનના પણ નીચ કાર્ય વખતે 'દયા'ની સ્વાભા- વિક લાગણીને કૂદી જઇ દંડ આપવામાં પણ એવો જ લાભ છે.

સઘળા દયાળુ—રખેને કોઇને જરા પણ કષ્ટ કે શ્રમ પડી જાય એવા ડરથી બંધાયલા—કાનુન, સમાજરચના, રાજ્યરચના અને ધર્મશાસ્ત્રો મનુષ્યની ઇચ્છાશક્તિને પાયમાલ કરે છે. સમાજરચના અને શાસ્ત્રરચનામાં જેમ સખ્તાઇ વધારે, તેમ ઇચ્છાશક્તિ વધારે ખીલતી જોવાઇ છે અને સુખની લાગણી ઉભરાઇ જતી જોવામાં આવી છે. નાજુકતા એ જ પાપ, સખ્તાઇ એ જ પુણ્ય ( એક દૃષ્ટિએ. )

કુદરતની સખ્તાઇ, કુદરતના કોપ(='દુઃખ') દુનિયામાંથી કોઇ દિ- વસ અદૃશ્ય થયા નથી અને થશે નહિ. જેને દુનિયામાં રહેવું છે અને જીવવું છે ત્હેને–ગમે તેવી સાવચેતીઓ અને શોધોનો લાભ લેવા છતાં–કોઇ નહિ ને કોઇ વખત કુદરતની સખ્તાઇ અનુભવવાની છે ને છે જ, અને એમ છે ત્હારે ત્હેનાથી સખ્તાઇ ખમવા જેટલી ઇચ્છાશક્તિ મેળવ્યા વિના કેમ ચલાવી શકાય ?

વધસ્થંભ ઉપર ચ્હડાવવામાં આવવા છતાં ક્રાઇસ્ટની ઇચ્છા- શક્તિ અડોલ રહી અને એને મોતનું ' ભાન ' થવા પામ્યું નહિ. ગજસુકુમારના માથા ઉપર અંગારા મૂકવા છતાં એની ઇચ્છાશક્તિ બળી નહિ અને એને શરીરના દહનનું 'ભાન' થવા પામ્યું નહિ;– પરન્તુ આજે લોકો એ બન્ને પુરૂષોની અંદરની શક્તિને બાદ ક-

રવાને બદલે વધસ્થંભને અને અંગારાને કે શરીરને કે આકૃતિને પૂજવા દોડે છે !—અને માને છે કે તેઓ ભકિત અથવા ધર્મ કરે છે !

ખોટી ભકિતઓ, ખોટાં વ્રતોએ, ખોટા સિદ્ધાન્તોએ મનુષ્યને નિર્બલ-ઇચ્છાશકિતહીન-બનાવી દીધો છે; **શક્તિ**ની ભકિત, **શક્તિ**નું વ્રત, **શક્તિ**નો સિદ્ધાન્ત એ જ માત્ર પુનઃ મનુષ્ય-રે સિદ્ધ-બનાવવાની યોગ્યતા ધરાવે છે.

ખાવું તે શકિતના ભકત માટે પાપ નથી, ઉપવાસ કરવો તે શકિતના ભકત માટે અનિષ્ઠ નથી; દિવસો સુધી સખ્ત મજુરી કરવી તેમજ તદ્દન આરામમાં કલાકો સુધી પડયા રહેવું એમાંનું કાંઇ એને માટે વર્જ્ય નથી; શરીર અને સુંદરી એને માટે નરકનું દ્વાર નથી, તેમજ શરીર અને સુંદરીનો સ્વેચ્છાથી ત્યાગ કરવામાં એને મન પાપ નથી. તે ખાય તે શકિત માટે, ભૂખ્યો રહે તે પણ શકિત માટે; જાગે તે શક્તિ માટે, અને ઘોંટાય તે પણ શકિત માટે; કામ કરે તે શક્તિ માટે, અને પડયો રહે તે પણ શકિત માટે; ખર્ચે તે શકિત માટે, અને લોભ કરે તે પણ શકિત માટે; દયા કરે તે શક્તિ માટે, અને સખ્તાઇ કરે તે પણ શક્તિ માટે; ભોગી બને તે શક્તિ માટે, તેમજ ત્યાગી બને તે પણ શક્તિ માટે; 'સત્ય' (Truth) નો ઉપાસક બને તે શક્તિ માટે, તેમજ 'કલા' (Art) ને ઉપાસક બને તે પણ શક્તિ માટે; સ્હામો થાય તે શક્તિ માટે, તેમજ નમી જાય તે પણ શક્તિ માટે; કાંઇ ન ઇચ્છે તે શકિત માટે, અને ન ઇચ્છવા જોગ ઇચ્છે તે પણ શક્તિ માટે.

આ છે શક્તિવાળાનો ધર્મ ! એ ધર્મનો મહીમા ઓર છે; હું હું જો કવિ હોત તો કહેત કે—

શક્તિની ભક્તિ થકી, બન્યા મહા અરિ-**હંત**;
કથા શક્તિની સુણશે, બનશે યોદ્ધા (કે) સંત !

V. M. Shah.

# ગુપ્ત દરદોની વધતી જતી ભયંકરતા.*

ગુપ્ત દરદો આજની દુનિયામાં બેહદ ફેલાયાં છેઃ—ચાંદી, પ્રમેહ આદિ ભયંકર દરદો આજે સુધરેલી દુનિયામાં—અને લગભગ તમામ પ્રજાઓમાં—બેહદ ફેલાયલાં છે. આ દરદો વંશ-પરંપરા ચાલ્યા કરે છે અને તનદુરસ્ત દેખાતાં સ્ત્રી–પુરૂષોમાં પણ કોઇ વખતે ત્હેમનાં છુપાં મૂળ હોય છે. મનુષ્યને જાનવરથી પણ ખરાબ સ્થિતિમાં લાવનાર, શારીરિક તેમજ માનસિક આરોગ્ય અને શક્તિઓનો સચોટ સંહાર કરનાર, પ્રજાત્વનું સત્યાનાશ વાળનાર આ દરદો દરદીનાં **પોતાનાં** જ દુષ્કર્મોથી નીપજ્યાં હોય છે એવો કાંઇ નિયમ નથી, પરંતુ એ દરદવાળા મનુષ્યને ચુંબન કરવાથી, સાથે બેસીને જમવાથી, એવા દરદીએ વાપરેલા વાસણ કે વસ્ત્રનો ઉપયોગ કરવાથી પણ એ દરદોનો ચેપ લાગે છે. ન્હાનાં બચ્ચાંઓમાં પણ આવો ચેપ ઘણી વખત લાગેલો હોય છે. માટે દરેક છોકરા અને છોકરીને મનુષ્યશરીરની કિંમત અને ત્હેનું બંધારણ સ્હમજાવવું જોઇએ છે અને જે જે ગફલતોથી, અજ્ઞાનતાથી તેમજ દુરાચારથી મનુષ્યશરીર નકામું, રોગી, બોજારૂપ, કંટાળારૂપ અને બીજાઓ માટે પણ ભયંકર બને છે તે તે સર્વ વાતો—કશી પણ શરમ રાખ્યા સિવાય–દરેક છોકરા છોકરીને સ્હમજાવવી જોઇએ છે. વખતસર અપાયલી ચેતવણી અને જ્ઞાન કોઇ વખતે લાંબાં અને ઇલાજ ન થઇ શકે તેવાં ત્રાસદાયક દુઃખોનો સંભવ અટકાવનાર થઇ પડે છે. સ્ત્રી કે પુરૂષનું કોઇ અંગ અપવિત્ર નથી, શરમભરેલું નથી, પાપના ખજાના રૂપ નથી; દરેક અંગ એક ઉપયોગી હથીઆર છે અને દરેકમાં ત્હેની ખાસ પવિત્રતા છે. શરમ અંગમાં નથી, પણ અંગનો દુરૂપયોગ કરનાર માણસની દુર્મતિમાં છે. અંગનું બંધારણ શું છે, એની તનદુરસ્ત સ્થિતિ કેવી હોય, એનો સદુપયોગ અથવા પોતાને અને બીજાને વધારેમાં વધારે હિત પહોંચાડી શકાય એવી જાતનો ઉપયોગ કેવી રીતે થાય, શું શું

---

* ડૉ. વુઇલ્યમ લી હાવર્ડ એમ. ડી. ના પુસ્તકનું દોહન, લખનાર વા. મો. શાહ.

કરવાથી ત્હેનો દુરૂપયોગ થયો ગણાય, અને દુરૂપયોગનાં માઠાં ફળ કેવાં આવે છે, આ બાબતો દરેક સ્ત્રી.પુરૂષે જાણવાનો હક્ક છે, ફરજ છે,—એ જાણવામાં કે જણાવવામાં શરમાવું એ જ શરમભર્યું છે.

**માણસ બહુ મહેનતથી કે મગજના બહુકામથી તૂટી પડતો નથી.**—શરીર કે મગજના અતિશ્રમથી માણસનું શરીર-બંધારણ તૂટી પડે છે એ માન્યતા તદ્દન ખોટી છે. શ્રમથી દરેક સ્નાયુ કસરત પામી વધારે તાકાદવાળા બને છે. કોઇ માણસ પોતાની શકિત બહારનો શ્રમ સેવે તો થોડુંક નુકસાન થાય, કે જે **આરામ**થી દૂર થઇ શકે; પરન્તુ ત્હેનું શરીર કે મગજ ક્ષીણ થઇ જાય કે 'તૂટી પડે' એ વાત તો ખોટી છે. ત્હારે શરીર શીથીલ કે ક્ષીણ પડી જવાનું અને મગજ નિર્માલ્ય થઇ જવાનું કારણ શું હશે ? કાં તો માણસ પોતે જીભ કે જનનેન્દ્રિયનો ગુલામ થઇ-વિવેકદષ્ટિને છૂટાછેડા આપી-અતિક્રમણ કરે ત્હેનું તે પરિણામ હોય, અગર વારસામાં મળેલાં ગુપ્ત દરદનાં જંતુ અમુક વયે દેખા દે, ત્હેનું તે પરિણામ હોય. બન્ને બાબતમાં, અતિક્રમણ અથવા 'વિવેકચક્ષુના છૂટાછેડા' એ જ શારીરિક અને માનસિક પતનનું મૂળ કારણ છે.

**એક મ્હોટું કમનશીબ**--દુનિયામાં આજે હરીફાઇ વધતી જાય છે. મજબુત શરીર, દરેક પ્રસંગે ખરો માર્ગ જોઇ શકે એવી નિર્મળ અને ચપળ બુદ્ધિ, અને પસંદ કરાયલા માર્ગ ઉપર હરકોઇ જોખમે અને નિડરતાથી ચાલ્યા કરવાની દઢ ઇચ્છાશક્તિ ( will-power ) એ ત્રણ જેનામાં હોય તે જ ટકી શકે તેમ છે; બાકી નબળાઓનો તો મરો જ છે. આ પ્રમાણે એક બાજુથી તીવ્ર હરીફાઇ પ્રતિદીન વધતી જાય છે, ત્હારે બીજા હાથ ઉપર માણસજાતના શારીરિક અને માનસિક બળનો ઘટાડો પણ વધતો જતો જોવામાં આવે છે. એ જ આ જમાનાનું મ્હોટું કમનશીબ છે. રીવાજો, રૂઢીઓ, વ્યક્તિગત આદતો, ફેંશનો, ખોટી માન્યતાઓ, ખોટી શરમો અને શરમભરેલી હિમ્મતોઃ આ સર્વ બલાઓ આજે મનુષ્યની પાયમાલીનું કામ કરી રહી છે. આ જમાનામાં જેને ટકવું હશે ત્હેણે-પછી તે પુરૂષ હો વા સ્ત્રી હો-જન્મથી મરણ સુધીના બધા વખતમાં દરેક ચીજમાં અતિક્રમણથી દૂર રહેવું જ જોઇશે, વિવેકબુદ્ધિને જાગતી રાખવી જ જોઇશે, ખાસ કરીને સ્ત્રી-પુરૂષના સંયોગને લગતા સવાલોમાં વધારેમાં વધારે કાળજી અને દુરંદેશી રાખવી જ પડશે.

**વીર્યપાત વગર આરોગ્ય રહે નહિ એવો વહેમ.**—(૧) એવો વહેમ ખરેખર વિનાશકારક છે. માણસ મૃત્યુ સુધી વીર્યપાત ન થવા દે તેથી હેના આરોગ્યને નુકસાન થવાને બદલે ઉલટો **વિશેષ** લાભ છે. (૨) જે એોને તત્ત્વજ્ઞાન પર સ્વાભાવિક પ્રેમ છે તેઓએ બનતાં સુધી આખી જીંદગી અવિવાહિત ( અને અપવાદ રહિત ) ગાળવાનો નિશ્ચય કરવો જોઇએ. (૩) ચેપી દરદોવાળા અને ખાસ કરીને ગુપ્ત દરદ જેમને એક વાર પણ થયું હોય હેમણે પરણવું ન જોઇએ અને રાજ્યે કે સમાજે તેવાને પરણતાં અટકાવવાં જોઇએ. (૪ જેતામાં કૂદકા મારતી જુવાની ન હોય તેવાઓએ, તેવી સ્થિતિ પ્રાપ્ત ન થાય ત્હાં સૂધી, પરણવાની લોલુપતાને વશ રાખવી જોઇએ. (૫) પરણેલાં સ્ત્રીપુરૂષોએ સમાગમપ્રસંગ જેમ બને તેમ થોડા અને લાંબા અંતરે રાખવા જોઇએ, અને તે નિયમ જળવાઇ શકે તે ખાતર અલાયદાં બીછાનાં રાખવાં જોઇએ. સમાજે કે શાસ્ત્રે કે પુરોહિતે એક સ્ત્રી અને એક પુરૂષના હાથ મેળવી આપ્યા તેથી કાંઇ તેઓમાંની એકકે વ્યક્તિને અતિક્રમણનો—પાશવ વૃત્તિનો—પવિત્ર અંગોના દુરૂપયોગનો—હક્ક મળ્યો સ્હમજવાનો નથી. જે સમાજે એક સ્ત્રી-પુરૂષને જોડી આપ્યા તે સમાજની સેવા—હેને પોતા કરતાં પણ વધારે શક્તિઓવાળું સંતાન આપવાના રૂપમાં—કરવાની જવાબદારી **સાથે** તે આનંદનો હક્ક મળ્યો છે એ કોઇ કાળે ભૂલવું જોઇતું નથી.

**જાનવરો અને જંગલી મનુષ્યો કરતાં પણ આજના લોકો ઉતરે છે !**—સઘળા દેશના જંગલી લોકોમાં જુવાન છોકરા છોકરી પર ઘણોજ અંકુશ રાખવામાં આવે છે અને વ્યભિચારને મ્હોટામાં મ્હોટો ગુન્હો ગણવામાં આવે છે. એક બળવાન જાતિ એક ઓછી તાકાદ ધરાવતી જાતિ ઉપર ચ્હડી આવતી તો હરકોઇ બ્હાને બળવાન જાતિને સ્ત્રીના રાગરંગમાં નાખી સ્ખલિત કર્યા પછી નબળી જાતિ હેને હરાવી શકતી. જાનવરોમાં પણ વિષયવાસના અમુક કાળે જ ઉદ્ભવે છે મનુષ્ય—આજનો મનુષ્ય—કે જે 'સ્વતંત્ર મનુષ્ય' હોવાની મગરૂરી કરે છે, તે જ પાશવ વૃત્તિનો સૌથી મ્હોટો ગુલામ બન્યો છે. જેને લગ્નકરારે હરકોઇ વખતે સ્ત્રી પાસે જવાની સ્વતંત્રતા બક્ષી છે, જેની પાસે બીજી સ્ત્રી પાસે પહોંચવા માટે જોઇતું ધન અને બીજાં સાધનો મોજુદ છે, જેની પાસે હજી સુધી વીર્યનો ખજાનો અખૂટ રહેવા પામ્યો છે, તેવો મનુષ્ય તે સઘળાં સાધનો મોજુદ હોવા છતાં—અને હેનો ઉપયોગ કરવાની હેને સ્વતંત્રતા

હોવા છતાં—જો તે તેવી આત્મઘાતી લાલચોને તાબે થવાની હિમ્મત-ભરી 'ના' કહે તો જ તે પોતાને 'સ્વતંત્ર મનુષ્ય' કહેવડાવાને હક્કદાર છે.

**થોડીક સૂચનાઓ:**—(૧) છોકરા—છોકરીની સંયુક્ત શાળાઓ ઇચ્છવાજોગ નથી. (૨) પુત્રી કે સ્રીને યુવાન પુરૂષો સાથે એકાંત કરવા દેવામાં મ્હોટું જોખમ છે. (૩) જેનું મન વિલાસી થઇ ગયું હોય તેવાં સ્રી—પુરૂષોએ પોતાની સુધારણા કરવી હોય તો પોતાને માટે સખ્ત નિયમો પોતે જ ઘડવા અને જ્યહારે જ્યહારે તે નિયમનો ભંગ થઇ જાય ત્યહારે ત્યહારે પોતે જ પોતાને સખ્ત શિક્ષા કરવી: અંગકસરત થાકી જવાય ત્યહાં સુધી કરવી કે જેથી વિષયવાસના ઠંડી પડશે. એવે પ્રસંગે કરવાની અંગકસરતમાં ફુટ બૉલ, કુસ્તી, મુક્કાબાજી, દોડવાની શરત ઇત્યાદિ પ્રકારની કસરતો વધારે ઠીક થઇ પડશે. એવાં માણસોએ બનતાં સુધી આજકાલના સીનેમૅટોગ્રાફ અને ઇશકી નાટકોથી દૂર રહેવું ઇષ્ટ છે. (૪) મહીનામાં એક જ વખતના સમાગમની જેઓએ ટેવ પાડી છે તેવાઓ ૭૦ વર્ષે પણ પિતા બનવાની તાકાદ ધરાવે છે અને યુવાનીની સઘળી મઝાઓ અનુભવી શકે છે. મજબુતમાં મજબુત માણસે પણ અઠવાડીઆમાં એકથી વધારે વાર વીર્યસ્રાવ થવા દેવો એ જબરામાં જબરો ગુન્હો છે.

જાણવાનું અને પાળવાનું થોડું જ છે, ભૂલવાનું—ત્રીસરી જવાનું—છોડી દેવાનું ઘણું છે. તેથી જ આજે પુસ્તકો વધી પડ્યાં છે. કુદરતનો કાયદો સરળ અને સીધો છે; ત્હેને અનુસરો એટલે પછી લાખ્ખો દવાઓને શોધવા—ઓળખવા—બનાવવા તથા ખાવાની ખટપટ કરવી જ નહિ પડે. શરીર એ મજુર કે મહારાજા, પંડિત અને તત્ત્વવેત્તા, પુરૂષ તેમજ સ્રી, ત્યાગી તેમજ ભોગી સર્વનું ઇચ્છિત પદાર્થ મેળવી આપનારૂં કિમતી સાધન છે; અને વીર્ય એ શરીરનો રાજા છે. વીર્યનો દુર્વ્યય કરનાર અને વીર્યને મલીન કરનાર ગુન્હેગાર આગળ ચોર, લૂટારા, જુગારી, વિશ્વાસઘાતી, ઉડાઉ, કૃપણ કે સ્વાર્થીનો ગુન્હો કાંઇ બીસાતમાં નથી. ફક્ત વીર્ય જાળવો એટલે ત્હમારૂં સર્વ જળવાશે: શરીરબળ જળવાશે, બુદ્ધિબળ જળવાશે, ઇચ્છાબળ જળવાશે, બીજાઓ પર જય મેળવવાની શક્તિ જળવાશે, માત્ર **જળવાશે** જ નહિ,—પણ **વધશે**.

---

# जैन समाजनी प्रगतिना व्यवहारु इलाज.

एे सम्बन्धमां कलकत्ता खाते मळेली छेल्ली श्वेताम्बर
जैन कॉन्फरन्सना प्रमुख श्रीयुत खेतशीभाई
खीअशी जे. पी. ना भाषणमांथी
मळी शकता ईसारा.

यद्भक्तेः फलमर्हदादिपदवीं मुख्यं कृषेः सस्यवत् ।
चक्रित्वं त्रिदशेंद्रतादितृणवत् प्रासंगिकं गीयते ॥
शक्तिं यन्महिमस्तुतौ न दधते वाचोऽपि वाचस्पतेः ।
संघ सोऽघहरः पुनातु चरणन्यासैः सतां मन्दिरम् ॥

श्री वीरशासनरसी स्वामीभाईओ, तथा वीरशासन-
थी सहानुभूत धरावता सद्गृहस्थो !

અગાઉ કદાપિ નહિ જોવામાં આવેલા એવા **ખાસ સંજોગો** અને વસ્તુસ્થિતિઓ વચ્ચે મળતા જૈન કૉન્ફરન્સના આ અગીઆરમા સમ્મેલનના પ્રમુખ તરીકેનું જોખમદારીભર્યું કામ બજાવવા ત્હમો શ્રી સંઘે મ્હને જે આજ્ઞા કરી છે ત્હેને હું માનપૂર્વક—જોકે મહાન જોખમદારીના ભાનને લીધે બ્હીતાં બ્હીતાં—માથે ચ્હડાવું છું અને આપ સર્વનો આભાર માનવા સાથે, મંગલાચરણમાં મ્હેં **શ્રી સંઘની** જે પ્રાર્થના કરી છે, તે પ્રાર્થના પ્રાકૃત શબ્દોમાં અને થોડા રૂપાન્તર સાથે ફરીથી કરૂંછું કે, બલવાન ઈંદ્ર પણ જેની પ્રશંસા કરે એવી **શક્તિ જૈન સમાજમાં ઉત્પન્ન કરવાના આપણા કામમાં** આપ મ્હને સહાયભૂત થશો, કે જેથી જૈન સમાજ જગતમાં દૈવી પુરૂષોના સમૂહ તરીકેનું પોતાનું મહાન સ્થાન પુનઃ પ્રાપ્ત કરવા ભાગ્યશાળી થાય.

સ્વામીભાઈઓ ! ચાલુ સંજોગોને હું **ખાસ સંજોગો** કહુંછું ત્હેનાં કારણો છે. આજથી ૧૬ વર્ષ ઉપર ફલોધી મુકામે આ કૉન્ફરન્સ પહેલપ્રથમ મળી ત્યાર પછી મુંબઈ, વડોદરા, પાટણ,

અમદાવાદ અને ભાવનગર મુકામે ત્હેની બેઠકો થઇ, જે દરેક પ્રસંગે જૈન સમાજનો ઉત્સાહ ઉત્તરોત્તર વધતો જતો જોવામાં આવ્યો હતો, જો કે તે વખતે પણ જૈન સમાજની આંતર્સ્થિતિ તંદુરસ્ત અને બલવાન કરવા તરફ તો પુરતું લક્ષ અપાઇ શક્યું ન હતું, અને તે પછી પુના, મુલતાન અને સુજાનગઢ શહેરમાં કરાયલાં સમ્મેલનોમાં તો બહુધા ઉત્સાહની પણ ન્યુનતા દૃષ્ટિગોચર થઇ હતી. કૉન્ફરન્સ ઑફિસ પોતે કહી ચુકી છે કે, સુજાનગઢની બેઠક પછી તો કૉન્ફરન્સ ભયંકર બીમારીમાં પસાર થતી હતી. સુભાગ્યે મુંબઇના સુશિક્ષિત વર્ગને તે અણીના વખતે સન્મતિ સુઝી અને પરિણામે દશમી કૉન્ફરન્સ મુંબઇમાં બોલાવીને તેઓએ મજબુત બંધારણ રચ્યું અને એ રીતે કૉન્ફરન્સની પ્રગતિના ઇતિહાસમાં નવું પ્રકરણ આરંભ્યું. તથાપિ, આ ૧૬ વર્ષના તબક્કામાં એક બુદ્ધિશાળી, સંપીલો અને સમૃદ્ધિવાન જનસમૂહ જે પ્રગતિ કરી શકે તેવી પ્રગતિ આપણે નથી કરી શકયા, એ સત્ય આપણે ખુલ્લા દીલથી સ્વીકારવું જોઇશે, અને આપણી પ્રગતિને બાધા કરનારાં તત્ત્વો શોધી દૂર કરવાનો વિવેક પણ આપણે આદરવો જોઇશે. પ્રથમ તો, હું ધારૂંછું કે, જ્ઞાતિઓ, સંઘો અને સાધુમુનિરાજો તરફની તકરારો આપણી ઇહલૌકિક પ્રગતિમાં ડખલ ન કરવા પામે એવી કાળજી રાખવામાં આપણે બેદરકારી રાખી છે; બીજું, લક્ષ્મી અને વિદ્યાના સંયોગ વગર કોઇ મહાન કાર્ય બનવું સંભવતું નથી. એ વ્યવહારૂ સિદ્ધાંત સતત્ દૃષ્ટિ સમક્ષ રાખવાનું આપણાથી બની શકયું નથી; અને ત્રીજું, ઘણાં કામોમાં આપણી અતિ મર્યાદિત સંઘશક્તિ વ્હેંચી નાખવા કરતાં થોડાં જ પણ તાત્કાલિક જરૂરનાં કામોમાં સઘળી શક્તિનો વ્યય કરવાની પદ્ધતિ હજુ સુધી આપણે અંગીકાર કરી શકયા નથી. આ મુખ્ય કારણોને લીધે સંઘની પ્રગતિ માટે જોઇતાં સાધનો મેળવવામાં અને જોઇતી પ્રવૃત્તિઓ કરવામાં ગોકળગાયની ગતિથી વધારે ગતિ આપણે કરી શકયા નથી. પરિણામે કૉન્ફરન્સની લોકપ્રિયતા પણ ઓછી થવા પામી છે, જે એટલા ઉપરથી જણાશે કે છેલ્લી કૉન્ફરન્સ વખતે તે પછીની કૉન્ફરન્સો અનુક્રમે ગુજરાત, રાજપૂતાના અને પંજાબમાં ભરવાનું જાહેર થઇ ચુકવા છતાં તેમ બની શકયું નથી, એટલુંજ નહિ પણ વિદ્યાવૃદ્ધિને અંગે 'એજ્યુકેશન બૉર્ડ' ની સુંદર યોજના કરવા છતાં એ સૌથી વધારે જરૂરના કાર્યને પણ અત્યાર સુધીમાં

કાંઇ તાકાદ મળી શકી નથી. જે વખતે **પારસી** કોમ અને લુહાણા કોમ દર વર્ષે હજારો નહિ પણ **લાખો** રૂપિયાનાં ફંડ વિદ્યાપ્રચાર માટે કરી શક્યા છે, તે વખતે—લડાઇના અને અસાધારણ આવકના ખાસ તખક્કામાં પણ—તે કોમો કરતાં સંખ્યા અને સાધનમાં વ્હડીઆતી એવી આપણી કોમની કૉન્ફરન્સ વિદ્યાવૃદ્ધિ જેવા સર્વોપરી આવસ્યક્તા ધરાવતા કામ માટે કાંઇ પણ સંગીન કરી શકી નથી એ શું આપણી નિષ્ફળતા સિવાય બીજું કાંઇ સૂચવી શકે છે ? મ્હારા માનવંતા બંધુ શ્રીયુત ગુલાબચંદજી ઢઢાએ ગઇ સાલમાં વાંચેલો કૅાન્ફરન્સનો રિપોર્ટ બોલે છે કે “ કેળવણી પાછળ ૧૯૬૦ થી ૧૯૭૧ સુધીમાં—૧૧ વર્ષના અરસામાં—રૂ. ૩૦ હજાર ખર્ચવામાં આવ્યા છે.” આપણી આ સ્થિતિ આપણને સાફ કહી આપે છે કે, **આપણે રોગી યા ભયાનક સ્થિતિ વચ્ચે પસાર થઇએ છીએ.**

પરન્તુ, **આખી દુનિયામાં યુદ્ધે નવા જુસ્સો ઉત્પન્ન કર્યો** છે, બહુરંગી હિંદી પ્રજાએ લાંબા વખતની આલસ્ય, કુસંપ અને બેદરકારીની બેડીઓ તોડી સ્વરાજ્યની જબ્બર લડત ચલાવવા માંડી છે, કલકત્તા શહેર આજે પ્રવૃત્તિ અને શક્તિની આગ વરસાવી રહ્યું છે. આ ઉત્સાહનો શુભ ચેપ જૈન ભાઇઓને પણ લાગે એ અસંભવિત નથી. કલકત્તાના આપણા જૈન ભાઇઓએ કૉન્ફરન્સની મંદ દશા અને સમસ્ત દેશની ઉગ્ર પ્રવૃત્તિનો ખ્યાલ તથા મુકાબલો કરી કૉન્ફરન્સને અહીં જ આમંત્રણ આપ્યું એ બહુ ડહાપણભર્યું પગલું છે, અને મ્હને વિશ્વાસ છે કે હિંદસ્વરાજ્યનાં અમૂલ્ય રત્નો તુલ્ય પ્રજાકીય આગેવાનોએ પોતાના પ્રખર વિચારોનાં જે આંદોલનો આ ભૂમિ પર અત્યારે ફેલાવ્યાં છે ત્હેની અસર ત્હમો સર્વ બંધુઓ જરૂર ઝીલશો અને જે હિંદી પ્રજાના પુનરૂત્થાન માટે તે મહાપુરૂષો તનતોડ શ્રમ સેવી રહ્યા છે તે **હિંદી પ્રજાના એક ઉપયોગી અંગના**—એટલે કે જૈન સમાજના—પુનરૂત્થાન માટે ત્હમો બંધુઓ જરૂર **ઐકયબલ, ધનબલ અને વિદ્યાબલ એકઠું કરશો.** હિંદના ઉદ્ધારનાં આંદોલનો આ ભૂમિ પરથી સર્વત્ર ફેલાય છે એ કાંઇ નવાઇની વાત નથી; આ તે જ ભૂમિ છે કે જ્યહાં ભૂતકાલમાં પણ ઘણાખરા **તીર્થંકરો અને** તત્વજ્ઞાનીઓ પાકયા હતા, જેમણે પોતાનાં તેજસ્વી કીરણો આખા હિંદ પર જ નહિ પણ

દુનિયા પર પ્રસરાવ્યાં હતાં. તે જ ભૂમિ પર, અને ઉત્સાહપૂર્ણ ખાસ સંજોગોમાં, આપણે એકઠા મળ્યા છીએ, તો શું આપણે આપણા ઇતિહાસમાં એક નવું અને અભિમાન લેવા યોગ્ય પ્રકરણ ઉમેરવાને કોશીશ નહિ કરીશું ? આ પ્રશ્નનો ઉત્તર હું કે કોઈ એક વ્યક્તિ આપી શકે નહિ,–સઘળી વ્યક્તિઓના **સમૂહ** અથવા શ્રીસંઘે પોતે જવાબ આપવાનો છે; અને મ્હેં મંગલાચરણમાં **શ્રી સંઘને જ** દુઃખ હરનાર અને પવિત્ર કરનાર દેવ તરીકે સંબોધી પ્રાર્થના કરી છે; કારણ કે **સંઘબળ** (Collective Strength ) **એ જ હરકોઇ સમાજનો મુક્તિનો મંત્ર છે અથવા શાસનરક્ષક દેવ છે.** ગૃહસ્થો ! હું એક વ્યાપારી છું અને ત્હમો જાણો છો તેમ વ્યાપારીનાં ખાસ લક્ષણ એ હોય છે કે ( ૧ ) ચોતરફની સ્થિતિ અને રૂખનો બારીકાઇથી વિચાર કરવો, ( ૨ ) કલ્પના અને સિદ્ધાન્તો કરતાં હકીકતો અને આંકડાઓ ઉપર વધારે ધ્યાન આપવું, અને ( ૩ ) આકસ્મિક નફાથી ફુલાઇ ન જતાં તથા નુકસાનથી નાસીપાસ ન થતાં હિમતથી આગળ ને આગળ વધવા મથવું. અને હું માનુંછું કે કોઇ પણ કોમ, સમાજ કે દેશની આબાદી માટે આથી વધારે સારો અને વ્યવહારૂ માર્ગ બીજો ભાગ્યે જ હોઇ શકે. વ્યાપારમાં કવિતા કે કલ્પનાના કુદકા કામે લાગતા નથી, અને દેવોની પ્રાર્થના મદદગાર થતી નથી; પરન્તુ જેને લુખ્ખી હકીકતો ( dry facts ) અને ગણત્રીઓ (Figures ) કહેવામાં આવે છે તે ઉપર પુરતું ધ્યાન આપી પ્રકાશિત ભવિષ્યની આશાએ અશ્રાન્ત શ્રમ સેવ્યા કરવાની રીત જ કામ લાગે છે; અને એટલા માટે, મ્હારા દીલોજાન સ્વામીભાઇઓ, **હું ત્હમોને મીઠી મીઠી વાતો, કલ્પનાઓ અને હવાઇ તરંગો ન આપી શકું અને એક વ્યાપારી તરીકે લુખ્ખી હકીકતો અને કંટાળા ભર્યા આંકડાને રસ્તે દોરી જાઉં તો મ્હને ક્ષમા કરશો.**

## પ્રગતિનો મૂળ મંત્ર—'જીવતી શ્રદ્ધા.'

જેમ જૈન સમાજ, તેમજ જૈન કૉન્ફરન્સ પણ, અત્યાર સુધીમાં સારી પ્રગતિ કરી શકી નથી ત્હેનું મુખ્ય કારણ મ્હને **જીવતી શ્રદ્ધા ( Living Faith ) ની ખામી લાગે છે.** ક્રિયાકાંડ વગેરે ઉપર જે શ્રદ્ધા રાખીએ છીએ **તે જાતની શ્રદ્ધાની હું અત્યારે વાત કરતો નથી,** પણ, " હું પ્રતિદિન આગળ ને આગળ

વધતો, અનંત શક્તિ પ્રાપ્ત કરવાની **શકયતાવાળો જ્ઞાનમય આત્મા છું " એવી** શ્રદ્ધા તરફ હું ત્હમારૂં લક્ષ ખેંચું છું,-**માન્યતા**ની નહિ, પણ **જીવતી શ્રદ્ધા**ની તરફ હું ત્હમારૂં ધ્યાન ખેંચું છું. આપણા શરીર, ઘરસંસાર, વ્યાપાર, રાજકીય પ્રવૃત્તિ, સંઘ, ગુરૂ આદિ દરેક **બાબતપર વિચારવા કે કામ કરવાનો પ્રસંગ આવતાં આ શ્રદ્ધા આપણા હૃદયમાં જીવતી જાગતી હોવી જોઇએ.** જે ઘરસંસારથી, જે વ્યાપારથી, જે મેળાવડાથી, જે સુધારાથી, જે ગુરૂથી, જે ક્રિયાકાંડથી, જે રાજકીય હીલચાલથી આપણે આપણા અને આપણી આસપાસના આત્માને જરા પણ વિકસાવી ન શકીએ તે ઘરસંસાર, તે વ્યાપાર, તે મેળાવડો, તે સુધારો, તે ગુરૂ. તે ક્રિયાકાંડ અને તે રાજકીય હીલચાલ નકામી છે, નહિ ઇચ્છવા જોગ છે, જડવાદ છે—પછી ભલે ત્હેનો બાહ્ય દેખાવ ગમે તેટલો મોહક હોય અને દેખીતો લાભ ગમે તેટલો મ્હોટો હોય. '**જીવતી શ્રદ્ધા**'-**ના આ એક જ પાયા ઉપર આપણી સઘળી વ્યક્તિગત તેમજ સામાજિક પ્રવૃત્તિઓ થવી જોઇએ છે.** જો એ ભાવના આપણા હૃદયમાં વાસ કરે અને જાગતી જ્યોત ફેલાવે તો આપણા **વેપારીઓ** સોના રૂપાના ઢગલા એકઠા કરી ખુશી થવા માટે નહિ પણ પોતાના અને સમાજના આત્માને વિકસાવવાનાં સાધન મેળવવા માટે જ વ્યાપાર કરશે; આપણા **ભણેલાઓ** હોદ્દા અને માન ચાંદ મેળવવા કે ભાષણોના ભભકા કરવા ખાતર નહિ પણ વિદ્યાથી આત્મપ્રકાશ વધારી તે વધેલી શક્તિ વડે **વધારે આબાદ** રીતે સમાજને સહીસલામત રસ્તે દોરવા ખાતર જ વિદ્યાભ્યાસ કરશે; અને આપણા સાધુ મુનિરાજો એક ગચ્છ કરતાં બીજો ગચ્છ કે એક સાધુ કરતાં બીજા સાધુ ચ્હડીઆતા છે એવો દેખાવ કરવા માટે નહિ પણ આત્માની અનંત શક્તિઓનું એકીકરણ કરવાને ત્યાગી આશ્રમ મદદગાર છે એમ જાણી એકીકરણ કરાયલી શક્તિઓ વડે સમાજને ઉંચે લઇ જવા ખાતર જ સાધુ બનશે. જો આ જાતનો જુસ્સો—આ જાતની જીવતી શ્રદ્ધા—ની ત્હમને કિંમત સ્હમજાય તો કૉન્ફરન્સની અને તે દ્વારા જૈન સમાજની ઉન્નતિને મુદ્દલ વિલંબ લાગે નહિ; કારણ કે **તે શ્રદ્ધાને પરિણામે** સમાજમાં વાનપ્રસ્થાશ્રમનો પુનરૂદ્ધાર થશે અને અમુક ઉમર પછી આમદાનીનો લોભ ન કરતાં રીટાયર થયેલા ફતેહમંદ વેપારીઓ, ડાકટરો, વકીલો અને પૅન્શન લઇ

સરકારી નોકરીમાંથી રીટાયર થયેલા અમલદારો પોતાના લાંબા વખતના જીવનકલહના પરિણામે મળેલા અનુભવ અને લાગવગ સમાજસેવામાં **સમ્પૂર્ણત:** અર્પણ કરવા બહાર પડશે. કોઇ પણ કોમની આબાદી માટે આવા અનુભવીઓની **આખી** સેવાઓ સિવાય **ચલાવી શકાય નહિ.** ખુંચખાંચ શોધવા માટે, કટોકટીના પ્રસંગે રસ્તો કરી આપવા માટે, યુવાનોમાં ઉત્સાહ પ્રેરવા માટે, શ્રીમંતો પર લાગવગ ચલાવવા માટે, સરકારમાં કોમી અવાજ ઉઠાવવા માટે આવા 'અર્ધ સાધુ'ની—ખાનગી પ્રવૃત્તિથી રીટાયર થઇને જાહેરને જીંદગી અર્પણ કરવાનું 'વ્રત' લઇ બેઠેલાઓની હયાતી વગર કોઇ સમાજ આગળ વધી શકે નહિ. ઇતિહાસપ્રસિદ્ધ પ્રાચિન સ્પાર્ટનોની જાહોજલાલી ત્હેમના વૃદ્ધ સલાહકારો અને સ્વયંસેવકોને જ આભારી હતી, કે જે વૃધ્ધોની સલાહ અને આજ્ઞાને માથે ચ્હડાવવામાં યુવાન ટોળું હમેશ ગર્વ માનતું. આપણા માનવંતા સ્વયંસેવકો સદ્ગત શેઠ પ્રેમચંદ રાયચંદ, શેઠ કેશવજી નાયક, શેઠ લાલભાઇ દલપતભાઇ વગેરેની સેવાઓ આપણે કોઇ દિવસ ભૂલી શકીશું નહિ; તેઓનાં નામો આજે પણ—અંધારી રાત્રી વચ્ચે તારાઓની પેઠે—પ્રકાશી રહ્યાં છે. સ્વર્ગસ્થ રાયબહાદૂર બાબુ બદ્રીદાસજી સાહેબ, કે જેમના સ્વર્ગવાસની નોંધ લેતાં મ્હને ઘણું દુ:ખ થાય છે, ત્હેમણે પણ કોમી સેવાઓ દ્વારા પોતાનું નામ આપણા વચ્ચે અમર કર્યું છે. આ સર્વની ખાલી પડેલી જગાઓ પૂરવા માટે **હવે આપણને લોકમાન્ય ગોખલે અને મહાત્મા ગાંધી જેવા થોડાએક વાનપ્રસ્થાશ્રમી અર્ધસાધુઓ** [Missionaries] **ની જરૂર છે.**

## વ્યવસ્થાપૂર્વક કામ કરનારા 'સેવકો' બહાર પડો !

ત્ર્હારે કૉન્ફરન્સને ફતેહમંદ અને કોમને આબાદ કરવી જ હોય તો મ્હેં હમણાં કહ્યું તેવા કામ કરનારાઓએ બહાર પડવું જોઇએ છે. ત્હેમને **લોકો** પોતાના સાચા 'આગેવાન' માનશે, જો કે **તેઓ તો** પોતાને 'સમાજસેવક' તરીકે ઓળખાવવામાં જ સંતોષ માનશે. બાર મહીને કે બે વર્ષે એકઠા મળવાથી, થોડાએક ભાષણોથી કે હજાર–બેહજાર રૂપીઆ એકઠા કરવાથી કાંઇ સમાજનું હિત સાધી શકાશે નહિ. બધા ધંધા અને ધરજંજાળ છોડી સમાજ સેવાને જ ધંધો બનાવનાર થોડાએક પુરૂષોએ તો **અવશ્ય** બહાર પડવું જોઇએ છે અને ત્હેમણે એક ઉંચા પગારના સુશિક્ષિત સેક્રે-

ટરીની સહાયથી આખો દિવસ કૉન્ફરન્સનું જ કામ કર્યા કરતું જોઇએ છે. (૧) સમાજની સેવા એ પોતાની જ સેવા છે **એવી શ્રદ્ધા સાથે** સમાજસેવા કરવાની 'આગ' હોવી એ 'સેવકો' અથવા આગેવાનોનું પહેલું લક્ષણ હોવું જોઇએ, (૨) પોતાના સમાજની સ્થિતિ અને આસપાસની દુનિયાની સ્થિતિનો **મુકાબલો** કરી શકવા જેટલું **'ખુલ્લું' દીલ** હોવું એ બીજી ગ્યોગ્યતા છે, (૩) સમાજપ **અસર** પાડી શકે એવી સ્થિતિ [Social Status] અને ઇચ્છા શક્તિ (Will-power) હોવી એ ત્રીજી લાયકાત છે, અને (૪) સમાજહિતમાં પોતાના સઘળા લાભો અને જરૂર પડે તો લોકપ્રિયતાને પણ **હોમવા તૈયાર** હોવું એ ચોથી લાયકાત છે. **આવા** સમાજસેવકો અર્ધો ડઝન પણ જો **આપણે** મેળવી શકીએ તો મ્હને **વિશ્વાસ** છે કે જૈન જગતનું કલ્યાણ કરવામાં દસ વર્ષથી વધારે વખત ભાગ્યે જ લાગે; કારણ કે ધનનું સાધન આપણા સમાજમાં સદ્ભાગ્યે પુગતું છે, દયાની લાગણી પણ બીજી કોમોના મુકાબલે પ્રબલ છે, સામાન્ય અક્કલમાં પણ આપણે ઉતરતા નથી,—માત્ર આપણામાંના દરેકના વિશ્વાસપાત્ર બની દરેકની શક્તિઓનું કેન્દ્રસ્થાન કૉન્ફરન્સ બને એવી **પદ્ધતિસરની** મહેનત લેનારા સ્વયંસેવકો અથવા આગેવાનોની જ ખામી છે, કે જેઓ હજારો મોતીને સાંકળનાર દોરી તરીકે ઉપયોગી થઇ પડે.

## કામની શરૂઆત ક્યહાંથી થવી જોઇએ ?

બંધુઓ! **આપણે જ્યહારે વાતો કરવા બેસીએ છીએ ત્યહારે એકપણ વાતને છોડતા નથી.** બાળલગ્ન, વૃદ્ધવિવાહ, ફજુલ ખર્ચ, કજોડાં આદિ અનેક હાનીકારક રીવાજોની આપણે દર મહાસભા વખતે પોકો મુકીએ છીએ, અથવા દૈવને પ્રાર્થના કરીએ છીએ કે તે આ વસ્તુસ્થિતિને સુધારવા કૃપા કરે. **રોદણાં રોવાં અને પારકી આશા રાખવી એ બન્ને નિર્બલતાનાં ચિન્હો છે.** વીરભક્તો! આપણાં **પોતાનાં** જ દુઃખ કાપવામાં આપણે **ગતિમાન** નહિ થઇએ તો બીજાનાં દુઃખ કાપવાનું તો આપણાથી બનશે જ કેમ ? અને સુભાગ્યે, **દેખાતી** હજારો પ્રકારની ખામીઓ આપણે સાધારણ રીતે ધારીએ છીએ તેટલી અભેદ્ય નથી. માત્ર **એક** જ પ્રયાસથી–બુદ્ધિના વિકાસ માત્રથી–તે સર્વે અજ્ઞાનજન્ય બલાઓ આપોઆપ દૂર થાય તેમ છે. બુદ્ધિના વિકાશ માટે કેળવણીનો પ્રચાર

એ રાજમાર્ગ છે. પરંતુ એ પાછળ આપણે **સાચા દીલથી કદી** લાગ્યા જ નથી. આ વીસમી સદીમાં જ્હારે યુરોપ-અમેરીકા **વી-આન**ની ઝડપથી આગળ વધે છે અને આપણી હિંદી કોમો પૈકીની કેટલીક **ઘોડાગાડીની** ઝડપથી આગળ વધે છે, ત્હારે **આપણે** હજી **ખટારા**માં જ પડયા રહ્યા છીએ અને તે ખટારો પણ **આગળ** વધે છે કે **પાછળ** કુચ કરે છે ત્હેનું આપણને ભાન નથી. આપણા ૧૦૦૦ ભાઇઓ પૈકી ૪૯૫ માત્ર **લખી વાંચી** જાણે છે, અને અંગ્રેજી શિક્ષણ તો ૧૦૦૦ માં ૨૦ ને જ મળે છે, જ્હારે બ્રહ્મોસમાજી વર્ગમાં દર ૧૦૦૦ પુરૂષોમાં ૭૩૯ લખી વાંચી જાણે છે અને ૫૮૨ અંગ્રેજી જાણે છે. આપણી આ નામોશીભરી અજ્ઞાન દશા તરફ આપણું લક્ષ સૌથી પહેલું જવું જોઇએ છે, **પ્રાથમિક શાળાઓ કે સ્કુલો અને કૉલેજો આપણે બીજી કોમોથી જુદા પડીને સ્થાપવી એ મ્હને જરૂરનું લાગતું નથી.** હિંદી પ્રજા **સાથે મળીને** સાર્વજનિક પ્રાથમિક શાળાઓ અને હાઇસ્કુલો સ્થળે સ્થળે સ્થાપવામાં આપણે મદદગાર થવું જોઇએ છે અને તે **ઉપરાંત** આપણું પોતીકું લાખ્ખો રૂપિયાનું ફંડ કરીને જૈન વિદ્યાર્થીઓને **સ્કૉલરશીપો** આપી અભ્યાસ વધારવાની સગવડ કરી આપવી જોઇએ છે. તમામ મ્હોટાં મ્હોટાં શહેરોમાં **જૈનના ત્રણે ફીરકાના વિદ્યાર્થીઓને સાથે રહી**ને અભ્યાસ કરવાની સવડ મળે એવાં **વિદ્યાર્થીગૃહો** અથવા બોર્ડીંગ હાઉસો સ્થાપવાં જોઇએ છે, હાલ ચાલતાં સઘળાં બોર્ડીંગ હાઉસો સઘળા ફીરકા માટે **ખુલ્લાં મુકાવાં જોઇએ** છે, તેમજ સઘળાં બોર્ડીંગ હાઉસોની સુંદર વ્યવસ્થા માટે એક સુશિક્ષિત અનુભવી ઇન્સ્પેકટર નીમાવો જોઇએ છે. આ બધી યોજના મ્હોટા પાયા ઉપર અને લાખ્ખોના ખર્ચે થવી જરૂરની છે. આજે વ્યાપારમાં પણ **અંગ્રેજી** જ્ઞાનની પહેલી જરૂર પડે છે, મુસાફરીમાં એ ભાષાનું જ્ઞાન જરૂરનું થઇ પડયું છે, વકીલાત-વૈદું-નોકરી અને રાજકીય પ્રવૃત્તિમાં એના સિવાય ચલાવી શકાતું જ નથી. વળી યુધ્ધે ઉત્પન્ન કરેલી પરિસ્થિતિઓથી હિંદ આખી દુનિયા સાથે વધારે સંબંધમાં-સ્પર્ધામાં આવ્યું છે અને આવશે. આ **સંજોગોમાં** માતૃભાષાના જ્ઞાન સાથે અંગ્રેજી ભાષાનું જ્ઞાન **લગભગ દરેક માણસે** મેળવવું જરૂરનું છે અને તેવી જાતના ભાષાજ્ઞાન **ઉપરાંત** ધંધાનું જ્ઞાન મેળવવું એ વળી બીજો પ્રશ્ન છે.

ધંધાની હરીફાઇ દિનપ્રતિદિન તીવ્ર થતી જાય છે. જીવનકલહ વધારે ને વધારે ઉગ્ર બનતો જાય છે. યુધ્ધે યુરોપને પહોંચાડેલા નુકશાનનો લાભ લેઇ જૅપૅન વ્યાપારને એકહાથ કરવા લાગ્યું છે અને હિંદ ત્હેના કુદરતી સાધનોના ખજાના છતાં મ્હોં વિકાસી બેસી રહ્યું છે. **સરકારની મદદના અભાવ માટે આપણે જો બુમો પાડીને જ બેસી રહીશું તો, સો વર્ષે પણ ન મળી શકે એવી તક ગુમાવી બેસીશું.** આવા વખતે જૈન કોમે તેમજ દરેક સમજદાર કોમે નાતો, ધર્મપંથો અને લોકરીવાજના ઝગડાને એક બાજુ રાખી પોતપોતાથી બને તેટલા પ્રયત્ને લાખ્ખો કરોડો રૂપિયા એકઠા કરી વ્યાપારહુન્નરની ખીલવટ પાછળ વગર વિલંબે લાગી જવું જોઇએ છે. પ્રોફેસર બોઝની મહાન યોજના દેશને ખરેખર આશિર્વાદરૂપ થઇ પડશે; તાતાનું લોખંડ અને બૅન્કિંગને લગતું સાહસ પણ એવું જ ઉપકારી થઇ પડશે. હવે દરેક કોમે પોતાનાં સંતાનોને જરૂર જેટલું અંગ્રેજી ભાષાનું જ્ઞાન આપ્યા બાદ આવાં ખાતામાં શિખવા મોકલવાં જોઇએ છે, અગર વ્યાપારમાં પાવરધા કરવા જોઇએ છે. આમ થવા માટે દરેક કોમે લાખ્ખો રૂપીયાનું ખર્ચ કરવા તૈયાર રહેવું જોઇએ છે. મ્હને ભય છે કે, પશ્ચિમના જડવાદની અસર આપણા યુવાનોને પોતાના ધર્મ તથા જ્ઞાતિ તરફ બેદરકાર બનાવવામાં પરિણમી છે અને **હજી જો આપણે તે યુવાનોને મદદ કરવા બહાર નહિ પડીએ તો** આપણી સાથે જોડાઇ રહેવાને ત્હેમને મુદ્દલ આકર્ષણ થશે નહિ. તેઓમાં આપણા ધર્મ કે સમાજ પ્રત્યે આદર અને મ્હારાપણાની લાગણી ત્ય્હારે જ આવી શકે કે જ્ય્હારે આપણે ત્હેમનો હાથ પકડી ત્હેમને અજ્ઞાન અને ભુખમરામાંથી બચાવવા તૈયાર છીએ એવું ત્હેમને બતાવી શકીએ. ત્હમે **ત્હમારા** તાનમાં મસ્ત રહી ત્હેમને વીસારશો, તો સ્વાભાવિક રીતેજ તેઓ **ત્હમને** અને પરિણામે ત્હમારા સમાજ તથા ધર્મને પણ વિસારશે જ. **કેળવાયલાઓ મ્હોટે ભાગે કોમ કે ધર્મથી અતડા રહેતા જોવામાં આવ્યા હોય તો ત્હેનો દોષ શ્રીમંત અને આગેવાન વર્ગ ઉપર સહીસલામતીથી મુકી શકાય, કે જેમણે પોતાની કોમના નિર્ધન પણ વિદ્યારસિક સંતાનોને અભ્યાસનાં સાધનો માટે પ્રેમપૂર્વક પોતાની પાસે બોલાવવાની દરકાર કરી નથી અને ગમે તેમ ભીખ માંગી પોતાનું ફોડી લેવા દીધા છે.** શું જૈન વ્યાપારીઓ, ધારાશા-

સ્ત્રીઓ, જામેલા ડાકટરો અને મ્હોટા પગારના અમલદારો એકેક બબ્બે જૈન વિદ્યાર્થીને ન નિભાવી શકે ? અને એમ થાય તો શું દરવર્ષે હજાર વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ આપવાનું મુશ્કેલ છે ? આ સ્થળે મ્હને 'જૈન વિદ્યોત્તેજક ફંડ' ના જન્મદાતા મુનિશ્રિની ઉદારચિત્તતા યાદ આવે છે અને તે સાથેજ ખટપટ અને બેદરકારીએ તે ઉપકારી ખાતાને બાલ્યાવસ્થામાં જ સુવાડી દીધાનું દુઃખભર્યું સ્મરણ થઇ આવે છે. સુભાગ્યે બીજો એક એવોજ પ્રયાસ મ્હોટા પાયા ઉપર હાલમાં શરૂ થયો છે તે આશાજનક ચિન્હ છે. ન્હાના કોળીએ વધારે જમવાની પદ્ધતિથી ચાલતાં એવાં ખાતાંઓને જો દરેક સશકત જૈન બન્ધુ સ્કૉલરશીપો આપે તો દરેક પ્રાંતના અને દરેક ફીરકાના જૈન વિદ્યાર્થિઓને આગળ વધવાનું ઘણું જ સુગમ થઇ પડે.

## વિદ્યાપ્રચાર માટે બીજા સરળ રસ્તા.

શ્રીમંતો તરફની મદદ ઉપરાંત વિદ્યાપ્રચાર માટે **લોકગણની** નજીવી **પરંતુ સહાનુભૂતિસૂચક** મદદ મેળવવાની તજવીજ કરવી જરૂરની છે, અને તે માટે કૉન્ફરન્સે 'સુકૃત ભંડાર ફંડ' ને નામે માથા દીઠ ચાર આના ઉઘરાવી ત્હેનો અડધો ભાગ કેળવણીના પ્રચારમાં ખર્ચવાનું રાખ્યું છે તે બહુ દુરંદેશીભર્યું પગલું છે. ખરૂં છે કે અત્યાર સુધી આપણે તે રસ્તે અતિ નિર્માલ્ય રકમ જ મેળવી શકયા છીએ; પરંતુ **એક તરફથી** થોડાએક મુનિરત્નો આ બાબતમાં સ્થળે સ્થળે ઉપદેશ કરવાની કૃપા કરે, અને **બીજી તરફથી** થોડાએક દરેક ગામ અને શહેરના ઉત્સાહી યુવાનો પોતપોતાના ગામમાંથી 'સુકૃતભંડાર ફંડ' ઉઘરાવી લેવાની વર્ષમાં એકજ મહીનો કોશીશ કરે, તો દરવર્ષે હજારો રૂપિઆ આ ખાતે મળી શકે તેમ છે. સાધુ વર્ગ અને યુવાન વર્ગમાં માત્ર **ઉત્સાહ પ્રેરવાનીજ** જરૂર છે અને તે માટે **નિયમિત પત્રવ્યવહાર અને મુસાફરીદ્વારા શુભ વાતાવરણ ફેલાવી** શકે તેવા **કાર્યદક્ષ ઍસીસ્ટંટ સેક્રેટરીની અનિવાર્ય** જરૂર રહે છે. 'સુકૃત ભંડાર ફંડ' સિવાય વિદ્યાપ્રચારના પવિત્ર મિશનની સફલતા માટે બીજા પણ વ્યવહારૂ રસ્તા હયાતી ધરાવે છે. **શારદાપૂજન, મહાવીરજયંતિ** તથા **સંવત્સરી**—આ ત્રણ તહેવારો એવા છે કે જે પ્રસંગે ગરીબમાં ગરીબ જૈન પણ કાંઇક દાન કરવા **સ્વાભાવિક**

**રીતે** થાય છે. આ દાનની ઇચ્છાને વધારે પ્રબલ કરવી અને ત્હેને **એકજ** દિશા તરફ **વાળવી** એટલું જ માત્ર કરવાનું રહે છે. વિદ્યાપ્રચારમાં દાન દેવું એજ **ખરૂં** શારદાપૂજન છે અને જ્ઞાનના સાગર મહાવીર પિતાના જન્મ અને મોક્ષની ખુશાલી મનાવવાનો પણ એ જ સર્વોત્તમ માર્ગ છે એમ જો હજારો પૅમ્ફલેટો દ્વારા, જાહેર પેપરોદ્વારા, સાધુમહાત્માઓના ઉપદેશદ્વારા અને કૉન્ફરન્સના ઉપદેશકો દ્વારા જનસમાજને **ઠસાવી શકીએ** તો તે ન્હાની ન્હાની રકમમાંથી દર વર્ષે હજારો રૂપિયાનું સાધન વિદ્યાપ્રચાર માટે અવશ્ય મેળવી શકીએ.

## કેળવણી અને કૉન્ફરન્સની ફતેહ માટે કેળવાયલાઓની સામેલીઅતની જરૂર.

પરન્તુ ઘણું કામ તો **કેળવાયલા** વર્ગે ઉપાડી લેવું જોઇએ છે. શેઠીઆ વર્ગે અને સાધુ વર્ગે સમાજ અને ધર્મને આજ સુધી ટકાવી રાખ્યો છે. ત્હેમણે પોતાથી બનતું **પોતાની રીતે** કર્યું છે. દેશકાળ બદલાયા છે અને નવી રીતે અને નવે રસ્તે કામ કરવાની જરૂર છે એમ કેળવાયલો વર્ગ જ પોકાર કરે છે તો શા માટે પોકાર કરીને તેઓ બેસી રહે છે ? કૉન્ફરન્સ એ નામ નવા જમાનાને અનુસરવાની હિમાયત કરનારા કેળવાયલા વર્ગે જ પાડયું છે છતાં કૉન્ફરન્સ અને તે દ્વારા સમાજની ઉન્નતિ માટે કેળવાયલા વર્ગે **અભિમાન લેવા યોગ્ય** કામ બજાવ્યું નથી એમ તેઓ પોતે સ્વીકારશે. એક કૉન્ફરન્સથી બીજી કૉન્ફરન્સ **વચ્ચેના વખતમાં** જાહેર પેપરોમાં લખાણો કરીને તથા રજાના દિવસોમાં મુસાફરી કરીને ભાષણો દ્વારા લોકમત કેળવવાનું તથા કેળવણી ફંડ માટે બનતી મદદ મેળવી આપવાનું કામ **તેઓએ** હાથ ધરવું જોઇએ છે. 'જૈન એજ્યુકેશન બોર્ડ'સાથે ચાલુ પત્રવ્યવહાર કરી તે સંસ્થાના ચાલકોની મુશ્કેલીઓથી **જાણીતા થઈ** ત્હેને દૂર કરવાના રસ્તા **સૂચવવાનું** તથા બની શકે તો તેવી મુશ્કેલીઓ દૂર કરવાની જાતે **કોશીશ કરવાનું** કામ પણ ત્હેમણે જ બજાવવું જોઇએ છે. પોતે યથાશક્તિ રકમ આપી બીજાઓના દીલ ઉપર, કેળવણીથી માણસ કેટલો સેવાભાવવાળો **બની શકે છે** તે બતાવી દાખલો બેસાડવાનું કામ પણ તેઓનું જ છે.

## આપણી સંખ્યામાં થતો જતો ભયંકર ઘટાડો.

હવે હું એક ઘણાજ ખેદજનક અને નહિ છોડી શકાય એવા

વિષય ઉપર આવીશ. ઉન્નતિ–ઉન્નતિની બૂમો વર્ષો થયાં આપણે પાડતા આવ્યા છીએ, પરન્તુ એવી બૂમોને પરિણામે આપણી સંખ્યા વધવાને બદલે ઘટવા પામી છે તે તરફ આપણે બેહેરા કાન કરતા આવ્યા છીએ. ઇ. સ. ૧૮૯૧ માં **હિંદ**ના કુલ જૈનોની સંખ્યા ૧૪, ૧૬, ૬૩૮ હતી, ૧૯૦૧ માં ( આપણી કૉન્ફરન્સના જન્મની લગભગમાં ) તે સંખ્યા ઘટીને ૧૩, ૩૪, ૧૪૦ સુધી આવી હતી, અને ત્રણે જૈન ફીરકાની કૉન્ફરન્સોના પુર તંદુરસ્ત જમાનામાં તે સંખ્યા વધવા તો શું પણ કાયમ રહેવાને બદલે ૧૯૧૧ માં ૧૨,૪૮,૧૮૨ જેટલી સંખ્યાપર આવી ગઈ હતી; મતલબ કે જે ૧૦ વર્ષના જમાનાને આપણે **ઉદયનો જમાનો માનીએ છીએ** તે જમાનામાં તો લગભગ **લાખ માણસો આપણામાંથી ઓછાં** થયાં છે, એટલુંજ નહિ પણ પહેલાં કરતાં ઘટાડાનું **પ્રમાણ** પણ વધતું ગયું છે. **બૌધ્ધો, ક્રિશ્ચિયનો, શિકખો, મુસલમાનો અને પારસી**ઓમાં સંખ્યા વધતી ગઇ છે અને વિશાળ હિંદુ કોમમાં ૩/૧૦ ટકા જેટલો ઘટાડો થતો ગયો છે, જ્યહારે આપણામાં ૬॥ ટકા જેટલો ઘટાડો થતો ગયો છે. આથી સમજાશે કે આપણે ઘણા જ ભયંકર **અને** ખાસ સંજોગો વચ્ચે પસાર થઇએ છીએ, **અને પા**રસી, શિખ કે **હિં**દુ કોમ પણ જાગવામાં અને સુધારા કરવામાં પ્રમાદ કરશે તો **ત્હેમને એટલો ભય નથી કે જેટલો આપણને** છે. માટે આપણે આ વધતા જતા વિનાશનું **મૂળકારણ** નિષ્પક્ષપાત અને નિડર રીતે શોધવું જોઇએ છે. હવાપાણી, શરીરબંધારણ વગેરે બાબતમાં આપણે બીજી હિંદી પ્રજા **જેટલીજ** સગવડ–અગવડ ધરાવીએ છીએ, ગરીબાઇ કાંઇ બીજી કોમો કરતાં આપણામાં વધારે નથી, **તો પછી** બીજી હિંદી કોમો કરતાં આપણા ઘટાડાનું પ્રમાણ આટલું મ્હોટું આવવાનું **કારણ શું**? હું ધારૂં છું કે આપણા **આજના સમાજવ્યવહારમાં** જ એ રોગનાં **મૂળ** છે. રોટી–બેટીવ્યવહારમાં આપણે ઘણા સંકુચિત દૃષ્ટિવાળા બની ગયા છીએ અને ત્હેને પરિણામે અયોગ્ય લગ્નો અને વિધવા તથા વિધૂર વધી પડયા છે. મરણસંખ્યામાં તેથી વધારો થતો જાય છે અને યુવાન છતાં જેમને અવિવાહિત જીંદગી ફરજ્યાત રીતે ગાળવી પડે છે તેઓ ઉત્પાદક થઇ શકતા નથી. આ પ્રમાણે મરણના પ્રમાણમાં આજની રૂઢિએ વધારો કર્યો અને જન્મના સંભવ ઘટાડયા, અને

બહારની સંખ્યા આપણામાં દાખલ કરવાનું ડહાપણ તો આપણે ધરાણે જ મૂકયું છે ! બહારનાઓને દાખલ કરવાની વાત તો દૂર રહી, પણ જૈન ધર્મ પાળનારા લોકો સાથે પણ પ્રાંતભેદ, જાતિભેદ અને ફીરકાભેદને લીધે આપણે લગ્નવ્યવહાર કરતા નથી ! વધારે શું કહું, એકજ ધર્મ અને એક જ જાતિ છતાં સાથે બેસીને જમવામાં પણ આપણે વટલાઇ જઇએ છીએ ! ત્હમે કહેશો કે આપણે સુધર્યા, ડાહ્યા થયા; પણ મ્હને ભય લાગે છે કે સુધરવાને બદલે આપણે બગડતા તો નથી જતા ? આપણા વિદ્વાન મહાત્મા શ્રી **આત્મારામજી મહારાજ** આપણને જણાવે છે કે, આપણા પૂર્વજો હિંદુઓએ સ્થાપેલા જ્ઞાતિભેદને મચક આપતા નહિ અને **ધર્મ**ના ધોરણ પર જ **સમાજ રચતા** તથા સંખ્યાબળ અને ઐકયબળ જમાવતા. તેઓ કહે છે કે, શ્રી મહાવીર પ્રભુની પછી ૭૦ વર્ષે આપણા મહાન ગુરૂ શ્રી રત્નપ્રભસૂરિએ સુતાર, ક્ષત્રિ, વણિક અને બ્રાહ્મણ કોમોનાં ૧૮૦૦૦ ધરોને જૈન બનાવીને તેઓ વચ્ચે રોટી-બેટીવ્યવહાર જોડયો હતો અને એ રીતે જૈનસમાજ રચ્યો હતો. તેવીજ રીતે શ્રી હરિભદ્રસૂરિએ, લોહાચાર્યે અને જીનસેન આચાર્યે પણ રજપૂત, સુતાર વગેરેના હજારો લોકોને જૈન બનાવી પરસ્પર રોટી-બેટીવ્યવહાર કરાવ્યો હતો. ખુદ શ્રીમદ્ **આત્મારામજી** મહારાજ પોતે કહે છે કે “ જૈન શાસ્ત્રમાં તો જે કામ કરવાથી **ધર્મમાં** દૂષણ લાગે તે વાતની જ મના છે; **બાકી તો** લોકોએ પોતપોતાની રૂઢિઓ **માની** લીધી છે. **આજે પણ કોઇ સર્વ જાતિઓને એક કરે તો કાંઇ હરકત નથી.** ” મધ્યકાલિન હિંદુ ધર્મગુરૂઓએ જ્ઞાતિ-ઉપજ્ઞાતિની બેડીઓ જડીને હિંદી સમાજને જે નિર્માલ્યતાનું ભૂત વળગાડયું હતું તે ભૂતને આપણા વ્યવહારકુશળ અને ઉદારચિત્ આચાર્યોએ **ધાર્મિક એકતાના મંત્રથી** દૂર કર્યું હતું, અને તે છતાં આજે આપણે એવા નિર્માલ્ય બન્યા છીએ કે જ્ઞાતિ-પેટાજ્ઞાતિના ભૂતને તાબે થઇ ગયા છીએ. આ ભૂતે આપણી કેવી દશા કરી છે ત્હેનું ભયંકર ચિત્ર હું ત્હમારી નજર આગળ મૂકવાની રજા લઇશ. ઇ. સ. ૧૯૧૧ ની સાલમાં જૈન કોમમાં ૬૪૩૫૫૩ પુરૂષો હતા, જેમાંના ૩૧૭૬૧૭ કુંવારા હતા, અને ૬૦૪ ૬૨૬ સ્ત્રીઓ પૈકી ૧, ૮૧, ૭૭૫ કુવારી હતી. આમાંથી બાલક અને વૃદ્ધ—એટલે સંતાન પેદા કરવાને અયોગ્ય—વ્યક્તિઓની સંખ્યા બાદ કરીએ તો, એટલે ૨૦ અને ૪૫ વર્ષની

વચ્ચે ૨૩૩૦૩૫ પુરૂષોમાં ૫૯૯૧૨ કુંવારા અને ૧૫ થી ૪૦ વર્ષની વચ્ચે ૨,૫૩૮૫૪ સ્ત્રીઓમાં ૫૯૨૮ કુંવારી હતી. **મ્હોટી ઉમરની આટલી બધી કન્યાઓ કુમારી રહેવાનું એક જ કારણ છે, અને તે એ કે, ન્હાની ન્હાની જ્ઞાતિઓને લીધે વર મળી શકયા નહતા.** ૫૫ જૈન જ્ઞાતિઓ ૧૦૦ થી પણ ઓછાં ઘર સાથે બેટીવ્યવહાર કરે છે! આમાં સંખ્યા ઘટતી જાય તો આશ્ચર્ય પામવા જેવું શું છે? ઉપર આપેલા આંકડા પરથી જણાશે કે પરણવા યોગ્ય ઉમરની ૫૯૨૮ કુમારિકાઓથી થતી જોઇતી મનુષ્યવૃદ્ધિ આપણે ગુમાવીએ છીએ, એટલુંજ નહિ પણ બીજી રીતે પણ નુકસાન ચાલુ રહે છે. **ન્હાની નાતોનો લીધે** કજોડાં અને **કન્યાવિક્રય વગેરે થવા પામે છે અને પરિણામે વિધવાપ્રમાણ વધી પડ્યું છે,** એટલે સુધી કે ઇ. સ. ૧૯૧૧ માં ૬ લાખ સ્ત્રીઓમાં ૧॥ લાખ વિધવાઓ હતી, મતલબ કે ૨૫ ટકા જેટલું વિધવાનું પ્રમાણ હતું, જે દેશની તમામ કોમોના વિધવાપ્રમાણ કરતાં **ઘણું જ વધારે છે.** આટલી બધી વિધવાઓના શાપ સામે કઇ કોમ તરી શકવાની હતી ખેદની વાત તો એ છે કે ૨૦ થી ૪૦ વર્ષની વયની ૨ લાખ સ્ત્રીઓમાં લગભગ અડધો લાખ સ્ત્રીઓ વિધવા હતી, કે જે વૃદ્ધવિવાહ અને સંકુચિત પેટાજ્ઞાતિઓનું જ પરિણામ છે. આ આંકડા ઉપર આપણે એમ ને એમ પડદો નાખી શકીએ તેમ નથી. આ પ્રશ્ન પર આપણા સમાજે શાન્તિથી વિચાર કરવાની હજી સુધી તક લીધી નથી એ આપણું કમનશીબ છે. બધી કોમો કરતાં વધારે ભયંકર સ્થિતિમાં આપણી કોમ પસાર થતી હોવાથી આપણે આ વિનાશ અટકાવવા માટે **બીજા કરતાં વધારે** દુરંદેશીથી અને વધારે હિંમતથી કામ લેવાની જરૂર છે. રસ્તો સહેલો છે, પણ રૂઢિ કે જે ધર્મનું ખોખું પહેરીને સમાજને ડરાવે છે ત્હેના પંઝામાંથી છૂટવું મુશ્કેલ છે. લગ્નની વિવિધ પ્રણાલિકાઓ, સહભોજન ઇત્યાદિ બાબતો માત્ર સામાજિક વિષય છે, નહિ કે ધાર્મિક; માટે એમાં ધર્મલોપનો '**હાઉ**' **મનાવનારાઓ** સાથે શાંત રીતે દલીલ કરીને **સમાજને વિનાશથી બચવાના રસ્તા** ખુલ્લા કરી આપવા જોઇએ છે. સ્વામીવત્સલ ભોજનનો અર્થ આજે ભૂલાઇ ગયો જણાય છે. જૈન ધર્મ પાળતા વણિક, પાટીદાર ભાવસાર વગેરે તમામ ભેગા બેસી જમે એ રીવાજ આજે કેટલાક પોતાને સુધરેલા **નહિ** કહેવડાવતાં ગામોમાં આબાદ ચાલ્યો આવે

છે; પણ સુધરેલા કહેવાતાઓએ 'સ્વામીવાત્સલ્ય'ની જગાએ 'આભડછેટ'ની પધરામણી કરી છે! આ છે આપણું સુધારાનું ચિન્હ! શું આપણે કલ્પિત ભેદો તથા શાસ્ત્રવિરૂદ્ધ વહેમો અને બેડીઓને છોડી આપણા સમાજના પ્રતિદિન થતા વિનાશને રોકવાની તાકીદ કરવી જોઇતી નથી? સ્વામીભાઇઓ, આ સવાલો પર ઉંડા વિચાર કરવા, નિડરપણે જાહેરમાં ઉહાપોહ કરવા અને વ્યવહારૂ રસ્તા યોજવા હું ત્હમોને આગ્રહપૂર્વક અરજ કરૂં છું.

## ઐક્યના વ્યવહારૂ માર્ગો.

આત્મબંધુઓ! આજની રાજકીય સ્થિતિ વચ્ચે આપણે ઐક્ય વગર જીવી શકવાના નથી એ તો નિર્વિવાદ છે. રોટી-બેટી વ્યવહારની આડખીલો ધીમે ધીમે નહિ પણ ત્વરાથી દૂર કરવાની કોશીશ કર્યા વગર અને નિરૂત્પાદક સ્ત્રી-પુરૂષોની ભયંકર સંખ્યામાં ઘટાડો કરવાની યોજના વગર જૈનસમાજને ટકાવવાનું કામ મુશ્કેલ જ નહિ પણ મ્હને તો અશક્ય લાગે છે. અને જૂદા જૂદા જૈન ગચ્છોની માન્યતા તરફ મતસહિષ્ણુતા વગર પણ આપણે આપણું જીવન ટકાવી શકવાના નથી. માન્યતાઓ અને ક્રિયાભેદોને આગળ કરી આપણા વચ્ચે વેરઝેર ઉત્પન્ન કરનારાઓને-પછી તે ગૃહસ્થ હો વા ત્યાગી હો-આપણે મજબુત હાથથી દાબી દેવા જોઇએ છે. જૈન સમાજના એકીકરણમાં આડખીલરૂપ થઇ પડનાર સિવાય બીજા તમામ તરફ આપણે મતસહિષ્ણુતા બતાવવી જોઇએ છે; પણ આપણી હયાતીના મૂળમાં-અને તે પણ ધર્મના જ નામે-કુઠાર મારનાર કલહપ્રેમીઓને આપણે ઉત્તેજન આપવું જોઇતું નથી, કે ઉત્તેજન મળવા દેવું જોઇતું નથી. આ કામ માટે એક ઉદાર વિચાર ધરાવતું સાપ્તાહિક કે દૈનિક પત્ર ગુજરાતી તેમજ હિંદી ભાષામાં અને નામમાત્રની કિમતથી પ્રગટ થાય અને લોકમત કેળવે એમ હું અંતઃકરણથી ઇચ્છું છું. વળી દરેક જૈન સભાઓ, એસોસીએશનો અને મંડળોનાં દ્વાર જૂદા જૂદા પ્રાંત અને ગચ્છના જૈનો માટે ખુલ્લાં થવાં જોઇએ છે. મંદીરો અને ખાતાંઓની તપાસણી માટે કૉન્ફરન્સ ઑફિસ તરફથી ઇન્સ્પેકટરો નીમાયા છે તે કામ બહુ દુરંદેશીભર્યું થયું છે, પણ તે ઇન્સ્પેકટરોએ એક પણ ખાતાને તપાસવાનું છોડી દેવું જોઇતું નથી અને એક પણ સાર્વજનિક

ખાતાનો વહીવટ અમુક શહેરની જ કે અમુક ગચ્છની જ વ્યક્તિ-
ઓના હાથમાં રાખવાની રીત વધારે વખત ચાલુ રહેવા દેવી જો-
ઇતી નથી, પરંતુ પ્રતિનિધિત્વનું બહોળું ધોરણ કરવાની ફરજ
પાડવી જોઇએ છે, કે જેથી સઘળાઓ તેમાં રસ લેતા બને અને
ખાતું વધારે દેખતું અને વધારે મજબુત બનવા પામે. ધાર્મિક ઝગડા
આ જમાનામાં ચલાવી શકાય તેમ નથી એ તરફ હું ત્હમારૂં ખાસ
લક્ષ ખેંચવા માગું છું. **શિખરજી, મક્ષીજી** વગેરે તીર્થોને લગતા
ઝગડા જીનદેવના ભક્તો વચ્ચે જ થવા પામે અને એક જ પિતાના
બે પુત્રો એકબીજા સ્હામે યુદ્ધમાં જોડાય એ **આપણા સામાજિક
બળ અને આર્થિક બળ તેમજ ધર્મભાવનાને વિનાશક છે
અને હરકોઈ રીતે અટકાવવા યોગ્ય છે.** આપણી કોમ વ્યાપારી
કુનેહ માટે પ્રસિદ્ધ છે, તો શું આપણે પરસ્પર એકઠા મળી આપણા
વાંધાઓનો નીકાલ અંદરો અંદર ન કરી શકીએ ? કેટલાક સુજ્ઞ
સજ્જનોએ આ રસ્તે લોકમત કેળવવા ભગીરથ પ્રયાસ થોડું થયાં
સેવવા માંડયો છે, પરંતુ જ્યહાં સુધી બન્ને ફીરકાની કૉન્ફરન્સ જેવી
વજનદાર સંસ્થાઓ **વચ્ચે પડીને** સુલેહ કરાવવા બહાર ન પડે
ત્યહાં સુધી છુટક છુટક વ્યક્તિઓના પ્રયાસ ફતેહમંદ થાય એવો
સંભવ બહુ થોડો છે. જીન દેવની ભક્તિપૂજા માત્ર શ્વેતામ્બરો જ
કરે અને દિગમ્બરો નહિ, અગર માત્ર દિગમ્બરો જ કરે અને
શ્વેતામ્બરો નહિ, એમ તો બન્ને પક્ષમાંથી કોઇનું દીલ કહેશે નહિ.
હું આગળ વધીને કહીશ કે **ત્રણ લોકના નાથ જીનદેવની ભ-
ક્તિપૂજાનો હક્ક જૈન કુળમાં જન્મેલાઓને જ નહિ પણ
જૈન ધર્મપર સહાનુભુતિ ધરાવનારા દરેક જીવાત્માને હોવો
જોઇએ.** હું ઇચ્છું છું અને બન્ને શ્રી સંઘોને નમ્રતાપૂર્વક પ્રાર્થના
કરૂં છું કે કલકત્તાના જે પ્રાચીન કીર્તિવાળા પ્રદેશમાં ઍક્ષ્ટ્રીમીસ્ટ
અને મૉડરેટ પક્ષો એક થઇ હિંદમાતાની મૂર્તિ એક સાથે પૂજે છે
તે ભૂમિને જ, શ્વેતામ્બર-દિગમ્બરના મતભેદ દૂર કરી જીનરાજની
મૂર્તિ એક સાથે પૂજવાની સગવડ કરી આપવાનો યશ પ્રાપ્ત થાય.

ગૃહસ્થો ! હું હવે ત્હમને વધારે વખત રોકવા માગતો નથી.
ચાલુ દેશ-કાળમાં જે **સાર્વભૌમ અગત્યનો બે બાબતો** પર
ભાર મૂકવાની અનિવાર્ય જરૂર હતી તે બે બાબતો-ઐક્યબળ અને
વિદ્યાબળ-ઉપર જ મ્હેં મ્હારૂં કથન ગોંધી રાખવા કાળજી રાખી
છે. હું જાણું છું કે શાસ્ત્રોદ્ધાર, જીવદયા, સાધુસુધારણા, જીર્ણોદ્ધાર,

ઇત્યાદિ અનેક બાબતો પર બોલવાની જૈન કૉન્ફરન્સોના પ્રમુખોની રૂઢિ છે, કે જે રૂઢિને હું માન આપી શકયો નથી. પરન્તુ હું 'ઉપયોગિતા' ( Utility ) ના સિદ્ધાન્તનો શ્રદ્ધાળુ હોઇ તાત્કાલિક જરૂરીઆતોને જ વળગી રહ્યો છું અને તેમ કરવામાં કોઇને મ્હારી ભૂલ થતી જણાતી હોય તો ક્ષમા ચાહી માત્ર બે જ મુદ્દાપર થોડું બોલી મ્હારૂં કથન ખતમ કરીશ.

## હિન્દુ યુનીવર્સીટી અને જૈનો.

કેળવણીના ક્ષેત્રમાં એક આવકારદાયક પ્રગતિ–હિન્દુ યુનિવર્સિટી'ના રૂપમાં–કરી શકવા માટે હું સમસ્ત હિન્દુ કોમને મુબારકબાદી આપું છું અને દેશકાળને અનુસરતી એ શરૂઆતને હું સમ્પૂર્ણ વિજય ઇચ્છું છું; તે સાથે વખતસરની સૂચના કરી લેવાની મ્હારી ફરજ અદા કરીશ કે, બીજી હિંદુ કોમોની સાથે જૈન સમાજે પણ એ સંસ્થાને પોતાની માની ગર્વ લેવો જોઇએ છે. અને ત્હેને પુરતી સહાય આપવી જોઇએ છે; તેમજ એ યુનીવર્સીટીએ પણ બુદ્ધિબળ અને હૃદયબળના ચમત્કારિક ખજાના તુલ્ય જૈન સાહિત્યના અભ્યાસ માટે કરવી જોઇતી દરેક સગવડ ખરા દીલથી કરવી જોઇએ છે.

## જૈન વફાદારી અને પંડિત અર્જુનલાલજી શેઠી.

જે પ્રતાપી સામ્રાજ્યની શીતલ છાયા નીચે આપણે વસીએ છીએ ત્હેને હમણાં ભયંકર યુદ્ધમાં જોડાવું પડયું છે. આખા હિંદે પોતાના રાજ્યકર્તાઓ તરફ વફાદાર રહી જે મદદ કરી છે તે માટે નામદાર શહેનશાહ પણ પોતાનો હાર્દિક સંતોષ બતાવી ચુકયા છે. હિંદની સાથે હિંદની એક ન્હાની પણ ઉપયોગી વ્યાપારી કોમે–અર્થાત્ જૈન કોમે–પણ કરોડો રૂપિયાની સહાયતા આ કટોકટીના પ્રસંગે કરીને પોતાની વફાદારી બતાવી આપી છે. આપણા સ્વધર્મબંધુ દાનવીર શેઠ હુકમચંદજીએ એકલાએ જ એક ક્રોડ રૂપિયાની વૉર–લોન લઇ આખા દેશમાં જૈન વફાદારીનું ઉંચું ધોરણ સાબીત કરી આપ્યું છે. એવા પ્રસંગે આપણા એક અર્ધસાધુ ( Missionary) અથવા પંડિત–શેઠી અર્જુનલાલજી બી. એ.–ને કોઇપણ જાતના આરોપ કે તપાસ વગર વર્ષો સુધી જેલમાં પુરી રખાયા છે તે માટે સમસ્ત જૈન કોમનું હૃદય બહુ પીડાય છે. નામદાર

હિંદી પ્રધાન રાઈટ આનરેબલ મી. માણ્ટેગ્યુ સાહેબ હિંદની પરિસ્થિતિઓ તપાસવા અત્રે પધાર્યા છે તો વફાદાર જૈનકોમની લાગણીનો ખ્યાલ તેઓ નામદાર જરૂર રાખશે અને અર્જુનલાલજીને મુકત કરી જૈનકોમના દીલ બ્રિટિશ સલતનત સાથે વધારેને વધારે મજબુત રીતે જોડશે એમ આપણે આશા રાખીશું. નામદાર હિંદી પ્રધાનના વિચારો ઘણા ઉદાર છે અને તેઓ હિંદ—બ્રિટનનું મજબૂત ઐકય રચવાનું કામ પાર પડી બન્ને પ્રજાઓના આશિર્વાદ અને ધન્યવાદ પ્રાપ્ત કરશે એમ ચોતરફથી રખાતી આશામાં આપણે પણ સામેલ છીએ અને ન્યાયી સરકાર યુદ્ધમાં વિજય મેળવે એવી પ્રાર્થનામાં હંમેશ જોડાયા છીએ.

છેવટે, સદ્‌ગૃહસ્થો, ત્હમોએ મ્હને આપેલા પ્રમુખપદ માટે તથા શાન્તિ અને ધીરજથી લાંબો વખત મ્હને સાંભળવાની કરેલી મહેરબાની માટે હું ત્હમારો અંતઃકરણપૂર્વક આભાર માનું છું અને વિનંતિ કરૂંછું કે, જે 'જીવતી શ્રદ્ધા' નો ઇશારો મ્હારા ભાષણની શરૂમાં હું કરી ગયો છું તે **જીવતી શ્રદ્ધા** દીલમાં રાખીને, કૉન્ફ્રન્સમાં રજુ થતા પ્રશ્નોનાં નિરાકરણ **શુદ્ધ ચિત્તે** અને **બુદ્ધિપૂર્વક** કરશો અને **ત્હમારો ઉદય ત્હમારા જ હાથે થવાનો છે** એ વાત ધ્યાનમાં રાખી જરૂરી કાર્યો અને આવશ્યક સુધારા ઉપર **વગર વિલંબે** લાગી પડશો, કે જેથી **શા**સનાયક દેવ પણ ત્હમારી તે શુભ પ્રવૃત્તિ જોઈ પ્રસન્ન થઇ ત્હમારામાં વધુ અને વધુ શકિત પ્રેરશે અને ત્હમને સ્વપરનું કલ્યાણ સાધવામાં નિપુણ બનાવશે.

---

## ખાસ ભલામણ.

**કલકત્તા જૈન કૉન્ફરન્સના પ્રમુખનું ઉપર આપેલું ભાષણ અને તે ઉપર આ પછીનાં પૃષ્ઠોમાં આપેલું અવલોકન કાળજીપૂર્વક વાંચવા જૈનના ત્રણે ફીરકાના આગેવાનો, મુનિઓ તથા શુભેચ્છકોને આગ્રહપૂર્વક ભલામણ કરવામાં આવે છે.**

# समयना प्रवाहमां.
# Current Topics.

## (१) अगीआरमी जैन श्वेताम्बर कॉन्फरन्सना प्रमुखना भाषणनुं अवलोकन.

કલકત્તા ખાતે હિંદી પ્રજાકીય મહાસભાના સમ્મેલન પ્રસંગે મળેલી અગીઆરમી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સના પ્રમુખના ભાષણનું અવલોકન કરતાં મુંબઇ સમાચાર, સાંજવર્તમાન, હિન્દુસ્તાન વગેરે દૈનિક પત્રોએ તેમજ જૈન પેપરોએ પુષ્કળ પ્રશંસા કરી છે એટલુંજ નહિ પણ 'જૂની સ્કૂલ' ના સંરક્ષક 'જૈન ધર્મ પ્રકાશે' પણ પ્રમુખના દરેક શબ્દ તરફ પ્રીદાગીરી જાહેર કરી છે, જેથી હવે અત્યાર સુધીમાં કૉન્ફરન્સના પ્રમુખો તરફથી થયેલાં ભાષણોમાં શ્રેષ્ટ મનાયલા એ ભાષણ માટે 'હિતેચ્છુ' તરફના એક વધુ પ્રશંસાપત્રની કાંઇજ જરૂર રહેતી નથી. જે કાંઇ જરૂરનું છે તે, પ્રશંસા કે તિરસ્કારથી વેગળા રહી, તે ભાષણના આશયો ખુલ્લા કરી બતાવવા એ જ છે, કે જેથી તે તરફ સમાજનું લક્ષ ખેંચાવા પામે. અને એ જ દષ્ટિબિંદુથી આ અવલોકન લખવાની અગત્ય વિચારી છે.

આખું ભાષણ એક **વ્યાપારી** દૃષ્ટિથી લખાયલું છે. વ્યાપારી અને વિદ્વાન એ બેનાં દષ્ટિબિન્દુઓ તેમજ બોલવા-ચાલવાની પદ્ધતિઓ ભિન્ન હોય છે. એક વ્યાપારી હકીકતો ( Facts ) અને આંકડા ( figures ) એકઠા કરવા **વધારે** કાળજી રાખે છે અને તેવાં સાધનો પર જ આધાર રાખીને નિર્ણયો ઉપર આવે છે, અને તે નિર્ણયો **જાહેર** કરવાની ત્હેને **જરૂર** જ જણાય તો તે **સાવચેતીભર્યા** શબ્દો દ્વારા જ પોતાનું કથન કથે છે. વેપારમાં જ્યહારે નફા-ટોટાનો સવાલ હોય છે, ત્યહારે સ્હામા પક્ષને અપ્રિય લાગે એવી વાત-જો કે પોતાની **ખાસ** રીતે-સંભળાવી દેવામાં વેપારી શરમ રાખતો નથી. કલકત્તા કૉન્ફરન્સના પ્રમુખે આજ સુધીના બીજા પ્રમુખોના રીતથી

જૂદા પડીને—કોમ અને કૉન્ફરન્સ સંબંધી ખરી સ્થિતિની હકીકતો અને આંકડાનો અભ્યાસ કરી તે ઉપરથી પોતાને લાગતો ભય જાહેર કરવામાં શરમ રાખી નથી, જો કે તે ભય ત્હેમણે બહુ સાવચેતી-ભર્યા શબ્દોમાં જાહેર કર્યો છે, કે જેથી નાજુક લાગણીવાળાઓનાં દીલની આળી ચામડી દુખાઇ જાય નહિ અને તેઓ નકામો ખળભળાટ કરી ઐક્યને સ્થળે કલહની પધરામણી કરી બેસે નહિ. તેઓએ ખુશામત કે ખોટી શરમને પસંદ કરી નથી, તે સાથે નિરર્થક કુસંપ થવા ન પામે એવી વ્યવહારૂ કાળજી રાખવા પણ ચુકયા નથી. ત્હેમણે કૉન્ફરન્સની અને કોમની ભયંકર બીમારી સાબીત કરી આપી છે, અને તે સાથે જ તે નિરાશાજનક સત્યકથનથી લોકો હતાશ ન બને એટલા માટે ઉત્સાહપ્રેરક શબ્દો રૂપી art ( કલા )નો પણ ત્હેમણે સ્થળે સ્થળે છૂટથી ઉપયોગ કર્યો છે. આ 'કલા' નો સૌથી વધારે લક્ષ ખેંચનારો ભાગ "પ્રગતિનો મૂળ મંત્ર—'જીવતી શ્રદ્ધા'" એ મથાળાવાળો પૅરેગ્રાફ છે. તેઓ કહે છે: "**માન્યતાની** નહિ, પણ **જીવતી શ્રદ્ધાની** તરફ હું ત્હમારૂં ધ્યાન ખેંચું છું."..."આપણા શરીર, ઘરસંસાર, વ્યાપાર, રાજકીય પ્રવૃત્તિ, સંઘ, ગુરૂ આદિ **હરેક બાબત** પર વિચારવા કે કામ કરવાનો પ્રસંગ આવતાં આ શ્રદ્ધા આપણા હૃદયમાં **જીવતી જાગતી** બેઠેલી હોવી હોઇએ."..."જે ઘરસંસારથી, જે વ્યાપારથી, જે મેળાવડાથી, જે સુધારાથી, જે ગુરૂથી, જે ક્રિયાકાંડથી, જે રાજકીય હીલચાલથી આપણે આપણા અને આપણી આસપાસના આત્માને જરા પણ વિકસાવી ન શકીએ તે ઘરસંસાર, તે વ્યાપાર, તે મેળાવડો, તે સુધારો, તે ગુરૂ, તે ક્રિયાકાંડ અને તે રાજકીય હીલચાલ નકામી છે, નહિ ઇચ્છવા જોગ છે, જડવાદ છે—પછી ભલે ત્હેનો **બાહ્ય** દેખાવ **ગમે તેટલો** મોહક હોય અને **દેખીતો** લાભ **ગમે તેટલો** મ્હોટો હોય."..."જીવતી શ્રદ્ધાના આ એકજ પાયા ઉપર આપણી વ્યક્તિગત **તેમજ** સામાજિક પ્રવૃત્તિઓ થવી જોઇએ છે." આ શબ્દોના **આત્મામાં** જે મહત્તા છૂપાયલી છે ત્હેની કિમત આંકવા લેખિનીમાં તાકાદ નથી, વાંચનારે એ વાકયોની એકેક શબ્દની પાછળ રહેલો ભાવ કલ્પનામાં મૂર્તિમાન કરવા કોશીશ કરવી જોઇએ છે, કે જેથી ત્હેનામાં નૂતન શક્તિ ઉત્પન્ન થશે.

' જીવતી શ્રદ્ધા ' ( Living Faith )ને પરિણામે વિદ્વાનો, વેપારીઓ અને સાધુઓ દરેકનાં **લક્ષબિંદુ** જ બદલાઇ જશે; " વિદ્યાર્થીઓ હોદ્દા અને માનચાંદ મેળવવા ખાતર કે ભાષણોના આડંબર કરવા ખાતર કે એશઆરામનાં સાધનો મેળવવા ખાતર નહિ પણ વિદ્યાથી આત્મપ્રકાશ વધારી તે **વધેલી** શક્તિ વડે **વધારે આબાદ રીતે** સમાજને સહીસલામત રસ્તે દોરવા ખાતર જ વિદ્યાભ્યાસ કરશે; વેપારીઓ સોનારૂપાના ઢગલા એકઠા કરી ખુશી થવા માટે નહિ પણ પોતાના અને સમાજના આત્માને વિકસાવવાનાં **સાધન** મેળવવા માટે જ વ્યાપાર કરશે; અને મુનિરાજો એક ગચ્છ કરતાં બીજો ગચ્છ કે એક સાધુ કરતાં બીજા સાધુ ચ્હડીઆતા છે એવો દેખાવ કરવા માટે નહિ પણ ' આત્માની અનંત શક્તિઓનું એકીકરણ કરવાને ત્યાગી આશ્રમ મદદગાર છે, એમ જાણી એકીકરણ કરાયલી શક્તિઓ વડે સમાજને ઉંચે લઇ જવા ખાતર જ સાધુ બનશે. "

પ્રમુખ મહાશય કહે છે તેમ " જો ત્હમને આ જાતના જુસ્સા (Spirit) ની—આ જાતની જીવતી શ્રદ્ધાની—કિમત સ્હમજાય તો કૉન્ફરન્સની અને તે દ્વારા જૈન સમાજની ઉન્નતિને મુદ્દલ વિલંબ લાગે નહિ; કારણ કે તે **શ્રદ્ધાને પરિણામે** સમાજમાં **વાનપ્રસ્થાશ્રમનો** પુનરૂદ્ધાર થશે." ...હાં, અહીં જ પ્રમુખ મહાશયની 'કલા'નું લક્ષબિંદુ છે. ભાષણો, ફંડો, મેલાવડા, ધૂમધામ વગેરે કશાથી પ્રમુખ મહાશયનું દીલ ખુશ થાય તેવું નથી, ( એ 'બાળકોના ખેલ' 'બાળકો ' ને હર્ષઘેલા કરી શકે; વ્યાપારી બચ્ચો નગદ નફા—Solid profit—વિના પ્રસન્ન થઇ શકે જ નહિ અને ત્ય્હારે પણ પ્રસન્નતાનાં બ્યુગલ આજના વિદ્વાન વક્તાઓની માફક ફુંકવા નવરો હોય નહિ); ત્હેમનું સઘળું લક્ષ 'વાનપ્રસ્થાશ્રમ'નો પુનરૂદ્ધાર કરવા તરફ છે, કે જે આશ્રમ સિવાય કોઇ પણ સમાજ આગળ વધી શકે નહિ કે બચી શકે નહિ. જે સમાજની બધી વ્યક્તિઓ નોકરી કે ધંધામાં જ મશગુલ હોય, જે સમાજના વૃદ્ધો પણ દુનીઆદારીનાં ચામડાં ચુંથવાથી છૂટી શકતા ન હોય, તેવા સમાજને બચાવવાને કૉન્ફરન્સો, ભાષણો અને ફંડોમાં કાંઇ તાકાદ નથી. અને એટલા જ માટે તેઓએ સઘળા ઇલાજોનો એક ઇલાજ (a Master Key) બતાવ્યો છે અને વાનપ્રસ્થાશ્રમની જરૂર તથા સ્વરૂપપર વિસ્તારથી વિવેચન કર્યું છે,

એટલું જ નહિ પણ ખરા સ્વયંસેવકમાં કયાં તત્વો હોવાં જરૂરનાં છે તે પણ બતાવ્યું છે. શું શ્વેતામ્બર મૂર્તિપૂજક, શું શ્વેતામ્બર **સ્થાન**કવાસી કે શું દિગમ્બર, ત્રણે સંપ્રદાય માટે આ આષધિ એકસરખી અને અનિવાર્ય આવશ્યકતાવાળી છે. " **આવા** સવાજસેવકો અર્ધો ડઝન પણ જો આપણે મેળવી શકીએ તો મ્હને વિશ્વાસ છે કે જૈન જગતનું કલ્યાણ કરવામાં **દસ વર્ષથી વધારે વખત ભાગ્યેજ લાગે;** કારણ કે, **ધન**નું સાધન આપણા સમાજમાં સદ્ભાગ્યે પુરતું છે, **દયા**ની લાગણી પણ બીજી કોમોના મુકાબલે પ્રબલ છે, **સામાન્ય અક્કલ** ( Common Sense ). માં પણ આપણે ઉતરતા નથી,—માત્ર આપણામાંના દરેકના **વિશ્વાસપાત્ર** બની દરેકની શક્તિઓનું **કેન્દ્રસ્થાન** કૉન્ફરન્સ બને એવી જાતની અને **પદ્ધતિસર**ની મહેનત લેનારા સ્વયંસેવકો અથવા આગેવાનોની જ ખામી છે, કે જેઓ **હજારો** મોતીને સાંકળનાર દોરી તરીકે ઉપયોગી થઇ પડે. "

આ પ્રમાણે પ્રમુખમહાશયે જૈન સમાજની મ્હોટામાં મ્હોટી તંગી તરફ પ્રથમ લક્ષ ખેંચ્યું છે. અને અત્રે ઉમેરવું જોઇએ છે કે, તે તંગી ન્હાનાસૂના પ્રમાણમાં નહિ પણ સો ટકા જેટલી છે. પોતાનો સઘળો વખત, સઘળી શક્તિઓ અને સઘળું હૃદય **સમાજસેવા** પાછળ આપીને પ્રમાણિકતાથી એ કામ પાછળ લાગી રહેલી એવી એક પણ વ્યક્તિ હાલ નજરે પડતી નથી. અનુભવ, ઇચ્છાબલ અને પ્રમાણિકતા સાથે **સેવાભાવ** ધરાવનારી એક પણ વ્યક્તિ જે કોમમાં ન હોય તે કોમ કોઇ દિવસ પ્રગતિ કરી શકે નહિ. આપણું દળ હમણાંના રૂસિયાના નાયક વગરના દળ જેવું છિન્નભિન્ન અને એક બીજાનાં ગળાં કાપવામાં મસ્ત છે અને એ મસ્તીને તેઓ પ્રગતિ કે સેવા માની ફુલાયાં કરે છે! કોઇ ધંધા કે નોકરીના સ્વાર્થથી તો કોઇ ખોટી મ્હોટાઇના લોભથી થોડું કરે છે; પણ તે થોડું શુભાશયવાળું નથી હોતું, અગર તેવું હોય છે તો ઇચ્છાબળના તત્વથી બેનશીબ હોય છે. શ્વેતામ્બર-દિગમ્બરના શિખરજી સંબંધી ઝગડાના સમાધાન બાબતમાં કલકત્તા કૉન્ફરન્સ વખતે થયેલી હીલચાલ પ્રસંગે આ સત્યનો પ્રત્યક્ષ પુરાવો જોવામાં આવ્યો હતો.

આમ હોઇ, પ્રમુખ મહાશયે વાનપ્રસ્થાશ્રમ ઉપર મૂકેલો ભાર તદ્દન ઉચીત છે. ત્યાર પછી તેઓ ' કામની શરૂઆત ક્યહાંથી થવી

જોઇએ ?' એ મુદ્દા ઉપર આવે છે અને સમાજની સઘળી શક્તિઓનો ઉપયોગ **હાલમાં તો** વિદ્યાપ્રચાર પાછળ કરવા આગ્રહ કરે છે. આ સંબંધમાં બોલતાં ત્હેમના મુખમાંથી નીચેના કિમતી ઉદ્‌ગાર નીકળે છે:—

(૧) રોદણાં રોવાં અને પારકી આશા રાખવી એ બન્ને નિ-બળતાનાં ચિન્હો છે. સરકારની મદદના અભાવ માટે આપણે જો બુમો પાડીને જ બેસી રહીશું તો, સો વર્ષે પણ ન મળી શકે એવી તક ગુમાવી બેસીશું. આવા વખતે જૈન કોમે તેમજ દરેક સમઝદાર કોમે નાતો, ધર્મપંથો અને લોકરીવાજના ઝગડાને એક બાજુ રાખી પોતપોતાથી બને તેટલા પ્રયત્ને લાખો કરોડો રૂપિયા એકઠા કરી વ્યાપાર–હુન્નરની ખીલવટ અને વિદ્યાવૃદ્ધિ પાછળ વગરવિલંબે લાગી પડવું જોઇએ છે.

(૨ **દેખાતી** હજારો પ્રકારની ખામીઓ, આપણે સાધારણ રીતે ધારીએ છીએ તેટલી અભેદ્ય નથી. માત્ર એક જ પ્રયાસથી–બુદ્ધિના વિકાસ માત્રથી–તે સર્વ અજ્ઞાનજન્ય બલાઓ આપોઆપ દૂર થાય તેમ છે.

(૩) કેળવણીના પ્રચાર પાછળ આપણે **સાચા દીલથી** કદી લાગ્યા જ નથી ૧૯૬૦ થી ૧૯૭૧ સુધીના ૧૧ વર્ષમાં તે ખાતે આપણે માત્ર ૩૦ હજાર રૂપીઆ જ ખર્ચ્યા છે.

(૪) આ વીસમી સદીમાં જ્હારે યુરોપ **વિમાનની** ઝડપથી આગળ વધે છે અને આપણી હિંદી કોમો પૈકીની કેટલીક **ઘોડાગાડી**-ની ઝડપથી આગળ વધે છે, ત્હારે આપણે હજી **ખટારામાં** જ પડયા રહ્યા છીએ અને તે ખટારો પણ **આગળ** વધે છે કે **પાછળ** કુચ કરે છે ત્હેનું આપણને ભાન નથી. આપણા ૧૦૦૦ ભાઇઓ પૈકી ૪૯૫ માત્ર **લખીવાંચી** જાણે છે, અને અંગ્રેજી શિક્ષણ તો ૧૦૦૦ માં ૨૦ ને જ મળે છે, જ્હારે બ્રહ્મોસમાજી વર્ગમાં દર ૧૦૦૦ પુરૂષે ૭૩૯ લખી વાંચી જાણે છે અને ૫૮૨ અંગ્રેજી જાણે છે. આપણી આ **નામોશીભરી** અજ્ઞાન દશા તરફ શું આપણું લક્ષ **સૌથી પહેલાં** જવું જોઇતુ નથી ?

(૫) પ્રાથમિક શાળાઓ, સ્કુલો અને કૉલેજો આપણે બીજી કોમોથી જુદા પડીને સ્થાપવી એ મ્હને જરૂરતું લાગતું **નથી. હિંદી પ્રજા સાથે મળીને** સાર્વજનિક પ્રાથમિક શાળાઓ અને હાઇસ્કુલો

સ્થળે સ્થળે સ્થાપવામાં આપણે મદદગાર થવું જોઇએ છે, અને તે **ઉપરાંત** આપણું પોતાનું લાખો રૂપિયાનું ફંડ કરીને જૈન વિદ્યાર્થીઓને **સ્કૉલરશીપો** આપી અભ્યાસ કરવાની સગવડ કરી આપવી જોઇએ છે.

(૬) **તમામ** મ્હોટાં મ્હોટાં **શહેરોમાં** જૈનના ત્રણે ફીરકાના વિદ્યાર્થીઓને **સાથે રહીને** અભ્યાસ કરવાની સવડ મળે એવાં વિદ્યાર્થીગૃહો અથવા બોર્ડીંગ હાઉસો સ્થાપવાં જોઇએ છે.

(૭) હાલ ચાલતાં સઘળાં બોર્ડિંગ હાઉસો સઘળા ફીરકા માટે **ખુલ્લાં** મુકાવાં જોઇએ છે, તેમજ સઘળાં બોર્ડિંગ હાઉસોની સુંદર વ્યવસ્થા માટે એક સુશિક્ષિત અનુભવી ઇન્સ્પેકટર નીમાવો જોઇએ છે.

(૮) મ્હને ભય છે કે, પશ્ચિમના જડવાદની અસર આપણા યુવાનોને પોતાના ધર્મ તથા જ્ઞાતિ તરફ બેદરકાર બનાવવામાં પરિણમી છે અને હજી જો આપણે તે યુવાનોને મદદ કરવા બહાર નહિ પડીએ તો આપણી સાથે જોડાઇ રહેવાને ત્હેમને મુદ્દલ આકર્ષણ થશે નહિ. ત્હમે **ત્હમારા** તાનમાં મસ્ત રહી ત્હેમને વિસારશો, તો **સ્વાભાવિક રીતે જ** તેઓ **ત્હમને** અને પરિણામે ત્હમારા સમાજ તથા ધર્મને પણ વિસારશે જ.

(૯) શું જન વ્યાપારીઓ, ધારાશાસ્ત્રીઓ, જામેલા ડાકટરો અને મ્હોટા પગારના અમલદારો એકેક બબ્બે જૈન વિદ્યાર્થીને ન નિભાવી શકે ? અને એમ થાય તો **શું** દર વર્ષે હજાર વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ આપવાનું મુશ્કેલ છે ?

આગળ ચાલતાં પ્રમુખમહાશય વિદ્યાપ્રચાર મ્હાટે જોઇતી મ્હોટી રકમને પહોંચી વળવા માટે **ચાર આના ફંડ, શારદાપૂજન** અને **મહાવીર જયન્તિ**ની ખુશાલીમાં મળવા સંભવતી ભેટો, ઇત્યાદિ રસ્તા સૂચવે છે, જે સઘળા વ્યવહારૂ અને ઉપયોગી છે અને વિનાવિલંબે અમલમાં મૂકવા ઘટે છે. પરન્તુ ગમે તેટલા વ્યવહારૂ અને ઉપયોગી એ રસ્તા હોવા છતાં, રસ્તાનો ઉપયોગ કરનાર એક કુશળ અને ભારે પગારનો ઍસીસ્ટંટ સેક્રેટરી રોકવો એ પહેલામાં પહેલી જરૂરીઆત છે, એમ પ્રમુખનું કહેવું છે, જે તદ્દન સાચું છે. ધામધુમોમાં લાખોનું ખર્ચ કરનારી એકંદરજન કોમ લાભકારી તત્વ પાછળ ખર્ચ ક-

રવામાં હમેશ કંજુસ રહી છે અને તેથી જ ત્હેનું એક્કે કામ સુધરતું નથી. સ્થાનકવાસી કે શ્વેતામ્બર મૂર્ત્તિપૂજક કે દિગમ્બર કૉન્ફરન્સો આજ સુધી કાંઇ સંગીન કામ કરી શકી ન હોય તો ત્હેનું મૂળ કારણ ઉંચા અનુભવવાળો અને સારા પગારવાળો પગારદાર ઍસીસ્ટંટ સેક્રેટરી રોકવામાં થતી ગફલત એ જ છે. મૅનેજીંગ કમીટીઓ માત્ર નામની હોય છે; શ્રીમંત તેમજ ભણેલા મૅમ્બરો પુરી હાજરી પણ આપતા નથી, તો કામકાજમાં એકાગ્ર ચિત્તે લાગવાની તો વાત જ શી કરવી? અને ટુંક પગારના ઍસીસ્ટંટ સેક્રેટરીઓ રાખવાથી નથી પડી શકતી ત્હેમની કાંઇ અસર, નથી કરી શકતા તેઓ કાંઇ ઉંડો વિચાર, કે નથી હોતું ત્હેમનામાં જોખમદારીનું ભાન. હું નથી કહેતો કે મ્હારી માન્યતા ખોટી ન જ હોય, પણ—ખરી કે ખોટી-મ્હારી પ્રમાણિક માન્યતા છે કે, જ્યહાં સુધી જૈન કૉન્ફરન્સમાં ઍસી. સેક્રેટરીની જગાએ જૈનને જ રાખવાનો મોહ ન છૂટી શકે અને તે જગાના પગારમાં થતી મૂર્ખતાભરી કરકસર છોડી દેવામાં ન આવે, ત્યહાં સુધી કોઇ પણ ફીરકાની કૉન્ફરન્સ સંગીન કે સીધા રસ્તાનું કામ કરી શકવાની જ નથી. દરેક ફીરકામાં ચાર ચાર અને પાંચ પાંચ લાખ માણસો જેટલી અનુયાયીઓની સંખ્યા હોઇ નાણાં એકઠાં કરવા માટે મ્હોટું ક્ષેત્ર છે, સાધન પણ છેક જ નબળાં (બીજી કોમોના મુકાબલે) પડમાં નથી-બલ્કે વ્યાપારી કોમ હોઇ બીજી કોમો કરતાં નાણાં એકઠાં કરવાનું વધારે મ્હોટું સાધન જૈન કોમ પાસે છે, અને તે છતાં જીવદયા, સંસારસુધારો, એકાદ ઉત્તમ પ્રતિનું પેપર, એકાદ બોર્ડીંગ હાઉસ કે શાસ્ત્રોદ્ધાર માટે જ્યહારે ફંડ કરવાનું હોય છે ત્યહારે ન્હાનીસરખી રમતડી કરીને આપણી કૉન્ફરન્સો અટકી જાય છે! નદી કીનારે તરસ્યા મરવું તે આનું જ નામ! આનું કારણ એ છે કે, શું કરવું જરૂરનું છે અને ત્હેમાં પણ પહેલ શાની કરવી ઘટે છે એ બાબતનો વિવેક અને નિર્ણય કરી શકે તેવો અને નિર્ણયને અમલમાં મુકવા માટે જોઇતાં સાધનો મેળવવાના રસ્તા યોજી શકે અને તે માટે પદ્ધતિસર કામ કરી શકે એવો એક આખો વખત કામ કરનારો ઍસીસ્ટંટ સેક્રેટરી રાખવાની કોઇએ દરકાર કરી નથી. અને શું આવી યોગ્યતાવાળો માણસ મહીને ૫૦-૬૦ રૂપૈડીમાં મળી આવે એ સંભવિત છે? મ્હને ભય છે કે ત્રણે ફીરકાની કૉન્ફરન્સો રોદણું

રોતી રોતી જ મરી જશે અને હેમના મૃત્યુલેખમાં લખાશે કે "બિચારીઓ સરોવરકિનારે 'પાણી પાણી' કરતી દેહ છોડી ગઇ અને અવગતિ પામી !"

પ્રમુખમહાશયનો ત્રીજો અને ઘણો જ અગત્યનો મુદ્દો સમાજની વધતી જતી મૃત્યુસંખ્યા બાબતમાં હતો. અહીં હેમણે જે આંકડા આપ્યા છે તે ખાસ ધ્યાન ખેંચે તેવા છે તેથી, તથા તે આંકડાપરથી નીકળતો સાર સ્હમજવામાં એક બાળક જૈનપત્રકારે ભૂલ કરી છે તે ભૂલ સુધારવાની જરૂર છે તેથી, એ ભાગ ઉપર જરા વધારે બોલવાની મ્હને જરૂર લાગે છે.

મનુષ્યપ્રકૃતિ છે કે જે કામ કે જે સંસ્થા સાથે પોતાનો સંબંધ હોય તે કામ કે તે સંસ્થામાં ગમે તેટલી નિર્માલ્યતા કે નિરૂપયોગીતા હોય તો પણ હેની પ્રશંસા જ થતી જોવા તે ઇચ્છે છે; કારણ કે તે સંસ્થાનો દોષ તે પોતાનો દોષ છે અને પોતાનો દોષ નીકળે તે કોઇને ગમતું નથી. પરન્તુ તેથી કાંઇ જાહેર સંસ્થાના દોષ શોધી કહાડવાનું અને શુદ્ધ બુદ્ધિથી હેને જાહેરાત આપવાનું મુલતવી રાખવું જાહેરને પાલવી શકે નહિ. જૈનના ત્રણે ફીરકાની કૉન્ફરન્સો જૈન કોમની આબાદી માટે ભરાતી હોવાનો દાવો કરે છે, પરન્તુ હકીકતો અને આંકડાઓ જો કાંઇ 'ચીજ' હોય તો ત્રણે ફીરકાની કૉન્ફરન્સોના જન્મ પહેલાં જૈન કોમની જે ખરાબ સ્થિતિ હતી તે કરતાં આજે લગભગ એક દાયકો કૉન્ફરન્સોનાં રણસીંગાં ફુંકાયા બાદ કોમની સ્થિતિ ઓછી ખરાબ થવાને બદલે વધારે ખરાબ થઇ છે એમ કહ્યા સિવાય ચાલશે નહિ. હિંદની બૌદ્ધ, ક્રિશ્ચિયન, શિખ, મુસલમાન અને પારસી કોમની સંખ્યા વધતી ગઇ છે એમ સેન્સસ બોલે છે, અને વિશાળ હિંદુ કોમમાં માત્ર ત્રણ ટકા જેટલો જ ઘડાડો થયો છે, ત્હારે જૈન કોમમાં ૬॥ ટકા જેટલો ઘટાડો થયો છે, અને તે પણ ઇ. સ. ૧૯૦૧ થી ૧૯૧૧ સુધીના વખતમાં એટલે કે ત્રણે ફીરકાની કૉન્ફરન્સોના ધાંધલમય જમાનામાં ! ઇ. સ. ૧૯૦૧ ના પહેલાના દાયકામાં ૫॥ ટકા જેટલો ઘટાડો હતો; મતલબ કે ત્રણ ત્રણ મહાન કૉન્ફરન્સો દર વર્ષે ભરવાની ધમાચકરી કરવાને પરિણામે જૈન કોમની સંખ્યા ઘટતી અટકાવી શકયા નથી, એટલું જ નહિ પણ કૉન્ફરન્સોની હયાતી અગાઉના વખત કરતાં હમણાં ઘટાડાનું પ્રમાણ વધતું જતું જોવામાં

આવ્યું છે! કોઇ પણ સામાન્ય અક્કલવાળો માણસ પૂછી શકશે કે, આ કઇ જાતની પ્રગતિ (progress)? કઇ જાતની સેવા? કૉન્ફરન્સો પાછળ લાખ્ખો રૂપિયાનાં ખર્ચ અને વખત અને શક્તિનો ભોગ આપ્યાનું આ કઇ જાતનું પરિણામ? ત્ય્હારે શું આપણે અંધારામાં તો કૂચ કરતા નથી?

હા, એમ જ છે. આપણે ઉન્નતિના નામે અવનતિમાં કૂચ કરીએ છીએ, પરન્તુ કહેવાતી હીલચાલોના નાયકો એ વાત ખુલ્લી કરાયલી જોવા ખુશી નથી; કારણ કે એથી એમની નામોશી છે. ખરી વાત એ છે કે, જો વર્ષો સુધી અમારા હાલના આગેવાનોની સલાહ મુજબ ધાંધલ અને ખર્ચ કરવાને પરિણામે અમારી સ્થિતિ સુધરવાને બદલે ઉલટી વધારે ને વધારે બગડતી ગઇ છે એમ જાહેર થઇ જાય તો લોકોની ત્હેમના ઉપરની શ્રદ્ધા તૂટી જાય અને વગર મહેનતે, વગર ખર્ચે અને નહિ જેવી લાયકાતથી મળતી આગેવાની (અને આગેવાનીમાંથી ઉદ્ભવતા બીજા પરોક્ષ અંગત લાભો) બંધ થઇ જાય, એટલા જ માટે સઘળા ફીરકાની કૉન્ફરન્સના સત્તાધારીઓ હમેશ કૉન્ફરન્સના દોષ બતાવનારાઓ સ્હામે ઘુરકીઆં કરતા આવ્યા છે. પરન્તુ, જૈન કૉન્ફરન્સોના ઇતિહાસમાં પહેલી જ વખત કલકત્તા કૉન્ફરન્સના પ્રમુખ મહાશયે જૈન કોમની ઘટતી જતી સંખ્યાનું અને કૉન્ફરન્સની દયાજનક સ્થિતિનું ખરૂં ચિત્ર આંકડાઓ સાથે રજુ કર્યું હતું કે જેના સ્હામે અવાજ ઉઠાવવાનું સાહસ ભાગ્યે જ કોઇ બુદ્ધિમાન મનુષ્ય ખેડી શકે. આ આંકડાઓ સાથે પ્રમુખે કહ્યું હતું કે "આથી સ્હમજાશે કે **આપણે ઘણા જ ભયંકર અને ખાસ સંજોગો વચ્ચે પસાર થઇએ છીએ,** અને પારસી, શિખ કે હિન્દુ કોમ પણ જાગવામાં અને સુધારા કરવામાં પ્રમાદ કરશે તો ત્હેમને એટલો ભય નથી કે જેટલો આપણને છે. માટે આપણે આ વધતા જતા વિનાશનું મૂળ કારણ નિષ્પક્ષપાત અને નિડર રીતે શોધવું જોઇએ છે." તદ્દન સાચી વાત છે; ૧૯૧૭ની સાલ સુધી જે ઘટતી સંખ્યાનું ભાન લોકોને થવા ન દેવાની આપણે કાળજી (!) રાખી હતી તે ઘટતી સંખ્યાનું ભાન જ કરાવીને બેસી ન રહેતાં આપણે ત્હેનાં મૂળ કારણો શોધવાં અને જાહેર કરવાં જોઇએ છે, અને ધ્યાનમાં રહે કે–મૂળ કારણ શોધવામાં **નિષ્પક્ષપાતપણું** નામનું તત્વ જેટલું જરૂરનું છે તેટલું જ તે તત્ત્વ વડે શોધાયલાં મૂળ કારણો જાહેર

કરવાના કામમાં **નિડરપણું** નામનું તત્ત્વ જરૂરનું છે. આ બન્ને તત્ત્વો પ્રમુખના કથનમાં હાજર છે તે ત્હેમના આ શબ્દોપરથી જણાશે: "હવાપાણી ( climate ), શરીરબંધારણ ( physical constitution ) વગેરે બાબતમાં આપણે બીજી હિન્દી પ્રજા **જેટલી** જ સગવડ-અગવડ ધરાવીએ છીએ; ગરીબાઇ કાંઇ બીજી કોમો કરતાં આપણામાં વધારે નથી; તો પછી બીજી હિન્દી કોમો કરતાં આપણા ઘટાડાનું પ્રમાણ એટલું મ્હોટું આવવાનું કારણ શું? હું ધારૂં છું કે **આપણા આજના સમાજવ્યવહારમાં જ એ રોગનાં મૂળ છે.**" અને પછી પ્રમુખ આપણા આજના સડેલા સમાજનું ચિત્ર-ઘણા જ સાવચેતીભર્યા શબ્દોમાં-રજુ કરે છે. 'સાવચેતી ભર્યા' એવા શબ્દનો ઉપયોગ હું એટલા માટે કરૂં છું કે, એમણે કોઇ સ્થળે 'અમૂક કરો, કે અમૂક ન કરો' એવો 'આદેશ' કરવાથી દૂર રહી માત્ર દુઃખદાયક સ્થિતિ જ વર્ણવી બતાવી છે અને છેવટે કહ્યું છે કે, "આ આંકડા ઉપર આપણે એમને એમ પડદો નાખી શકીએ તેમ નથી. **આ પ્રશ્ન પર આપણા સમાજે શાન્તિથી વિચાર કરવાની હજી સુધી તક લીધી નથી એ જ આપણું કમનશીબ છે.** બધી કોમો કરતાં વધારે ભયંકર સ્થિતિમાંથી આપણી કોમ પસાર થતી હોવાથી આપણે બધા કરતાં વધારે દુરંદેશીથી અને વધારે હિમતથી કામ લેવાની જરૂર છે." આજ સુધી કૉન્ફરન્સોએ આ વધારેમાં વધારે અગત્યના વિષયને અંગે કાંઇ જ કર્યું નથી તેથી સમાજનું આ પ્રમાણે આ પ્રમુખ લક્ષ ખેંચે છે અને કહે છે કે "રસ્તો સહેલો છે, પણ 'રૂઢી' કે જે 'ધર્મ'નું ખોખું પહેરીને સમાજને ડરાવે છે ત્હેના પંઝામાંથી છૂટવું મુશ્કેલ છે. લગ્નની વિવિધ પ્રણાલિકાઓ, સહભોજન ઇત્યાદિ બાબતો માત્ર સામાજિક વિષય છે, નહિ કે ધાર્મિક; માટે એમાં ધર્મલોપનો 'હાઉ' મનાવનારાઓ સાથે શાન્ત રીતે દલીલ કરીને સમાજને વિનાશથી બચવાના રસ્તા ખુલ્લા કરી આપવા જોઇએ છે." અને તેઓ મર્હુમ શ્રી આત્મારામજી મહારાજ જેવા લોકમાન્ય આચાર્યના શબ્દો ટાંકી બતાવીને પછી 'અપીલ' કરે છે કે, "સ્વામી ભાઇઓ! આ સવાલો ઉપર ઉંડો વિચાર કરવા, નિડરપણે જાહેરમાં ઉહાપોહ કરવા અને વ્યવહારૂ રસ્તા યોજવા હું ત્હમોને આગ્રહપૂર્વક અરજ કરૂં છું." સલાહ આપવાની આ મહાશયની રીત કેવી ખુબીવાળી છે તે માત્ર માનસ-

શાસ્ત્ર અને તર્કશાસ્ત્રના અભ્યાસીઓ જ કહી શકશે. જેઓને જૈન શાસ્ત્રનો અનુભવ હશે તેઓ જાણતા હશે કે સાધુઓ કેટલીક બાબતમાં માત્ર 'ઉપદેશ' આપી શકે, 'આદેશ' ન આપી શકે; પરન્તુ કલકત્તા જૈન કૉન્ફરન્સના પ્રમુખે તો આદેશ તેમજ ઉપદેશ–બન્નેથી દૂર રહી માત્ર 'ચિત્ર' આપ્યું છે, કે જે ચિત્ર જોઇને બુદ્ધિશાળીઓ કરવા યોગ્ય કરવા પ્રેરાય. હું કહી ગયો છું–અને પ્રમુખે પોતે પોતાના ભાષણમાં સ્વીકાર્યું છે–કે, ત્હેમણે એક વ્યાપારીના દૃષ્ટિબિંદુથી પોતાનું વક્તવ્ય કર્યું છે. ત્હેમની જગાએ એક સંસારસુધારક કે સમાજશાસ્ત્રી જો બોલવા ઉઠયો હતે તો તે આટલી દાક્ષિણ્યતા ન રાખતાં ખુલ્લી રીતે કહેતે કે અમુક કરો, રે એટલેથી જ ન અટકતાં તે અમુક ઠરાવો પસાર કરવાનો પણ આગ્રહ કરતે. પરન્તુ એક વ્યાપારી 'શાહ' તરફથી આપણે એટલી હદના વર્તનની ભાગ્યે જ આશા કરી શકીએ. હાસ્યાસ્પદ વાત તો એ છે કે, આટલું સાવચેતીભર્યું કથન પ્રમુખે કરવા છતાં ત્હેમની કચ્છી કોમના એક બાળક પત્રકારે પ્રમુખને મળેલા લાયક અને અસાધારણ માનને તોડી પાડવા જેવા કટાક્ષ કરવામાં આનંદ માન્યો છે ! તે છોકરૂં–જેને નથી સમાજશાસ્ત્રની ગંધ કે નથી તર્કશાસ્ત્રની ગંધ–રે નથી સામાન્ય સભ્યતાનો પણ અંશ–તે કહે છે કે (૧) પ્રમુખનું ભાષણ છે તો ઘણું ઉત્તમ પણ તે બીજા પાસે લખાવ્યું છે અને (૨) લખનારે પ્રમુખના મ્હોંમાં વિધવાલગ્નની હીમાયત (કે જે બાબતમાં પ્રમુખ વિરૂદ્ધ છે) મુકી છે. આ શિખાઉ લેખકને જો સામાન્ય અક્કલ પણ હોત તો પ્રમુખનું ભાષણ કોઇ બીજા પાસે લખાવવાની વાત–તે ખરી હોય તો પણ–પ્રગટ કરવાની મૂર્ખતા કરત નહિ; કારણ કે તેથી પ્રજાને લાભ કશો નથી, અને પ્રમુખની કીર્ત્તિને ઝાંખપ લગાડવાનો ગેરલાભ તો અવશ્ય છે. શેઠ ખેતશીભાઇએ પોતાનું પ્રમુખ તરીકેનું ભાષણ પોતે લખ્યું છે કે બીજા પાસે લખાવ્યું છે તે વાતની ચર્ચાથી પણ હું તો દૂર જ રહીશ, કારણ કે તેથી કોઇ જાતનું પબ્લીક હિત સંભવતું નથી; પરન્તુ હું પૂછીશ કે કૉન્ફરન્સના કયા પ્રમુખે પોતાનું ભાષણ પોતે જ લખ્યું હતું? અને ખુદ નૅશનલ કૉન્ગ્રેસના પ્રમુખો કે જેઓ ધારાશાસ્ત્રીઓ અને રાજદ્વારીઓ હોય છે તેઓ પણ શું વધારેમાં વધારે ઉપયોગી બનવાના આશયથી બીજાઓ પાસે ભાષણ લખાવતા કે સુધરાવતા નથી? વળી જૈન જેવી એક

પ્રાયઃ અજ્ઞાન કોમના પ્રમુખ થવામાં વિદ્વત્તાના તત્ત્વની અનિવાર્ય હાજરી હોવી જોઇએ એમ કોઇ કહી શકશે નહિ; અને શેઠ ખેતશીભાઇએ વિદ્વત્તાનો દાવો કદાપિ કર્યો પણ નથી. પ્રમુખ તરીકે ચુંટાતા ગૃહસ્થોમાં જે લાયકાતની જરૂર છે તે **પાકટ અનુભવ અને કોમી સેવાનો મૂર્ત્તિમંત પ્રેમ** છે; અને તે બન્ને બાબતોમાં શેઠ ખેતશીભાઇએ પોતાની લાયકી મુંગી રીતે પુરવાર કરી બતાવી છે. ત્હેમણે ભાષણ પોતે લખ્યું હોય કે કોઇ પાસે લખાવ્યું હોય–ગમે તેમ હોય ત્હેની મ્હને કે સમાજને કાંઇ ચિંતા નથી–પરન્તુ તે ભાષણના વિચારો અને સલાહો અનુભવપૂર્ણ અને ઉત્તમ છે એમ તો ખુદ વિરોધીઓએ પોતે મુખેથી તેમજ જાહેર પેપરોદ્વારા કબૂલ કર્યું છે, અને પ્રમુખનો કોમી સેવાનો પ્રેમ આજસુધીના તમામ પ્રમુખોના દાનના સરવાળા કરતાં વધી જાય છે તે ઉપરથી તથા શિખરજીવાળા કલહની શાન્તિ માટે ત્હેમણે કરેલા શુભ પ્રયાસ ઉપરથી સ્પષ્ટ જણાઇ આવે છે. રહી હવે કટાક્ષકારની વિધવાલગ્નવાળી વાત. એ બાબતમાં એટલું જ કહેવું બસ થશે કે, પ્રમુખના ભાષણને ફરીફરીને સો વખત ઉથલાવી જવા છતાં મ્હને ત્હેમાં એક અક્ષર પણ વિધવાલગ્નના ઉપદેશનો જડયો નથી. અને હું, પ્રમુખ ઉપર આ બાબતનો આક્ષેપ કરી કચ્છી કોમ કે જેમાં હમણાં પુનર્લગ્ન બાબતમાં બે પક્ષો પડેલા છે ત્હેને ઉશ્કેરવાની કોશીશ કરનાર બાળક પત્રકારને ખુલ્લી ચૅલેન્જ આપીશ કે, ત્હેણે તે ભાષણમાંથી પુનર્લગ્નનો ઉપદેશ કરનારા શબ્દો ટાંકી બતાવવા. પુનર્લગ્ન કરવા યોગ્ય છે અગર કરવા યોગ્ય **નથી**, પરસ્પર બેટીવ્યવહારનો સુધારો ઇષ્ટ છે અથવા અનિષ્ટ છે, એવા **અભિપ્રાયો** દર્શાવવા એ એક પ્રમુખ કે આગેવાન માટે **ગુન્હાભર્યું નથી**, એટલુંજ નહિ પણ વસ્તુતઃપોતાનો અંગત અભિપ્રાય ખુલ્લા દીલથી જાહેર કરવો એ ત્હેનું પવિત્ર કર્ત્તવ્ય છે–કહો કે 'સદ્ગુણ' છે (અને તે અભિપ્રાય ભૂલભરેલો છે એવું જ્યહારે પણ ત્હેને જણાય ત્યહારે ત્હેનો ખુલ્લી રીતે ત્યાગ કરવાની પ્રમાણિકતા હોવી એ વળી **એથીએ** મ્હોટો 'સદ્ગુણ' છે); પરન્તુ અભિપ્રાય જણાવવો એ ગુન્હાનું કામ ન હોવા છતાં કલકત્તા કૉન્ફરન્સના પ્રમુખે તો વિધવાલગ્ન બાબતમાં પોતાનો કાંઇ જ અભિપ્રાય–**તરફેણમાં કે વિરૂદ્ધમાં**–બતાવ્યો જ **નથી**. હું જાણું છું કે એક

સ્થાનિક દૈનિક પત્રે પ્રમુખના ભાષણને પુનર્લગ્નની તરફેણ કરનારૂં માની ત્હેની તારીફ કરી છે; પરન્તુ ત્હેનું કારણ પ્રમુખના ભાષણમાં વિધવાલગ્નને ઉત્તેજન આપનારો શબ્દ નથી, પણ એક સુધારક પત્રકારે માની લીધેલા અને ત્હેના મગજમાં અહર્નિશ રમી રહેલા એક સિદ્ધાન્તનું પ્રતિબિંબ છે. "નાની નાની નાતોને લીધે કજોડાં, કન્યાવિક્રય વગેરે થવા પામે છે અને પરિણામે વિધવાનું પ્રમાણ વધી પડયું છે, એટલે સુધી કે ઇ. સ. ૧૯૧૧ માં ૬ લાખ સ્ત્રીઓમાં ૧ાા લાખ વિધવાઓ હતી, મતલબ કે ૨૫ ટકા જેટલું વિધવાનું પ્રમાણ હતું, જે દેશની તમામ કોમોના વિધવાના પ્રમાણ કરતાં ઘણું જ વધારે છે." આ શબ્દો શું વિધવાલગ્નની હિમાયત કરે છે? પ્રમુખ તો કહે છે કે "૨૦ થી ૪૦ વર્ષની વયની ૨ લાખ સ્ત્રીઓમાં લગભગ ૦ાા લાખ સ્ત્રીઓ વિધવા હતી, જે **વૃદ્ધવિવાહ અને સંકુચિત પેટાજ્ઞાતિઓનું જ પરિણામ છે."** જો કારણ અને અસર ( Cause & Effect ) વચ્ચે કાંઇ સંબંધ હોય તો, વિધવાપ્રમાણ વધી પડવારૂપ 'અસર'નું **'કારણ'** વૃદ્ધવિવાહ અને સંકુચિત પેટાજ્ઞાતિઓ છે એમ બતાવનાર પ્રમુખના કથનનો **એક જ** અર્થ થઇ શકે અને તે એ કે, વૃદ્ધવિવાહ અટકાવો અને સંકુચિત પેટાજ્ઞાતિઓને તોડી બેટીવ્યવહારની મર્યાદા વિશાળ બનાવો. પ્રમુખના કથનનો આંતર આશય આ એક જ હોઇ શકે અને ત્હેમાં પુનર્લગ્નની લેશ માત્ર ગંધ છે જ નહિ. પરન્તુ આપણે બધા સારી રીતે જાણીએ છીએ કે, સમાજની આજની શિથિલ દશામાં વૃદ્ધલગ્ન બંધ કરવાની તાકાદ કોઇનામાં નથી, રે જે જે ગામ, જ્ઞાતિ કે સંઘે વૃદ્ધલગ્ન વિરૂદ્ધ કાયદા કર્યા છે ત્હેના કાયદા પણ 'પૈસાના પુરા અને અક્કલના અધુરા' ધરડા ખચ્ચરોએ તોડયા છે અને ઉપરથી વળી પોતાના પક્ષમાં બીજાઓને લઇને તડ પાડયાં છે. મતલબ કે સમાજના આજના આગેવાનોમાં એ બળ નથી રહ્યું કે વૃદ્ધલગ્નોને અટકાવી વિધવા થવાના સંભવોને રોકી શકે; તેમજ બેટીવ્યવહારની હદ બહોળી કરવાની પણ ત્હેમનામાં તો શું પણ ખુદ બહુબોલા સુધારકોમાં પણ તાકાદ નથી. માત્ર ૧૦૦ ધરોમાં જ કન્યાની આપ–લે કરનારી થોડી ને ઘણી ૫૫ જૈન જાતિઓ આજે હયાતી ધરાવે છે! છે કોઇ જૈન શેઠીઓ, સાધુ કે સુધારક એવી તાકાદવાળો કે જે આ હીણપદભરી વિનાશક

પ્રથાને અટકાવી શકે ? ત્હારે પછી-હવે હું **પ્રમુખના ભાષણને બાજુએ મૂકી** મ્હારૂં **પોતાનું** કથન ખુલ્લા શબ્દોમાં કરવાની રજા લઇશ કે-ત્હારે પછી શા માટે ' આ અટકાવો અને તે અટકાવો ' એવી **નિષેધક** સલાહોનાં બ્યુગલ ફુંકવામાં 'બિચારા' જૈન લેખકો મસ્ત બને છે ? વિધવાઓની સંખ્યા ૨૫ ટકા જેટલી ભયંકર છે, અને તે કૂદકે ને ભૂસકે વધતી જાય છે, અને પંદર વીસ વર્ષથી બાળલગ્ન-વૃદ્ધવિવાહ વગેરે અટકાવવાના ભાષણો જોશબંધ થતાં હોવા છતાં અને **દાયકાઓ થયાં જૈન સાધુઓ શીલવ્રતનો ઉપદેશ ઘેરેઘેર આપતા હોવા છતાં** વૃદ્ધો અને બાળકો પરણતા બંધ કે ઓછા થયા **નથી.** તેથી વિધવાઓની સંખ્યા ઓછી કરવાની તો શું પણ છે તેથી **વધી ન પડે એટલી પણ રક્ષા કરવાની** આપણામાં તાકાદ નથી એમ **સાબીત થઇ ચૂકેલું** છે,-એવા સંજોગોમાં હદીલા લોકો શું મ્હોં લઇને વિધવાલગ્નની ચર્ચાને-રે ગંધને-રે માની લીધેલી ગંધને પણ ગાળો દઇ પોતાની પવિત્રતા બતાવવા બહાર પડતા હશે ? આ બાળકોના કહેવાનો કાંઇ અર્થ હોય તો તે એટલો જ છે કે, "અમો બાળલગ્ન અને વૃદ્ધવિવાહ અટકાવવાની **'વાતો'** કર્યા કરીશું અને એ ' વાતો ' વડે સ્ત્રીવર્ગ તરફની અમારી લાગણી અને ભલાઇનું પ્રદર્શન કર્યા કરીશું, અને સ્ત્રીવર્ગે તે'વાતો'અને તે'પ્રદર્શન'ચાલ્યા કરે તેટલા સૈકાઓ સુધી દીલાસો માની લઇ હજારોની-લાખોની **સંખ્યામાં** મુંગે મ્હોડે રંડાયા જવું અને ઘરને ખુણે બેસી રડયા કરવું. વિધવાઓનું **પ્રમાણ** આજે પચીસ ટકા જેટલું થઇ ગયું છે અને હજી વધીને ૫૦ ટકા થાય **ત્યહાં** સુધી અમારી 'વાતો'-માં જ તેઓએ દીલાસો લીધાં કરવો અને સમાગમની કુદરતી પ્રેરણાને **બલાત્કારથી** રોકવી, ન રોકાય તો છૂપાં કુકર્મો કરવાં, પણ જો કુકર્મો છૂપાવવાની કળામાં તેઓ નાપાસ થશે તો ત્હેમને અમો અધર્મી-નીચ-પતીત-ભૃષ્ટ વગેરે ગાળોના તોફાની ઝાપટાથી ભીંજાવી દેવા ચુકીશું નહિ. **અમારી** ફરજ માત્ર ' ફલાણું અટકાવવું ' એવી ' વાતો ' કર્યા કરવા પુરતી જ છે; **ત્હેમની** ફરજ જીંદગીભરનું મહાદુઃખ મુંગે મ્હોડે સહન કરવાની છે. **અમારી** ' વાતો ' માં કહેવાતી વ્યવસ્થા કરવામાં **અમો** નપુંસકપણું બતાવીએ તે માટે અમારે માથે દોષ મૂકવાનો કોઇને હક્ક નથી, પણ **ત્હેમના** અર્થાત્ સ્ત્રીવર્ગના ' જીંદગી પર્યંત મુંગે મ્હોડે મહાદુઃખ

સહન કરવા'ના કર્ત્તવ્યપાલનમાં તેઓ નિર્બળતા બતાવશે તો હેમના પર ખાસડા મારવાનો અમારો હક્ક છે............પુનર્લગ્ન ? છીટ્, સ્ત્રીને વળી પુનર્લગ્ન કેવું ? એ અમૃત તો માત્ર અમારા માટે જ ' રીઝર્વ્ડ ' છે ! સ્ત્રીને રંડાપો પ્રાપ્ત થાય તો રંડાપામાંથી ઉદ્ભવતાં એ મ્હોટાં દુઃખો પૈકી ઉદરપોષણના સાધનનું દુઃખ દૂર કરવા માટે જગાએ જગાએ વિધવાશ્રમો ખોલવાં એવી અમે ' વાતો ' કર્યા કરીશું,અને સંભોગની કુદરતી લાગણીની મર્યાદિત તૃપ્તિ સંબંધી દુઃખની બાબતમાં અમે કહી દઈશું કે સ્ત્રીને એ દુઃખ થવુંજ ન જોઈએ, કારણ કે સ્ત્રી કાંઇ જીવ નથી અને તેથી હેમાં ' લાગણી ' નું તત્ત્વ હોઇ શકે જ નહિ, અને તેમ છતાં કોઇ મૂર્ખાને તેવી ' લાગણી ' થઇ શકતી હોય તો તેણે તે લાગણીને શ્વેતમાનોપેત યા પીત વસ્ત્રોમાં ઢાંકી દેવી અર્થાત્ દીક્ષા લઇને ' પવિત્રતા ' નો દેખાવ કરી લેવો !......પહેલો ઇલાજ અર્થાત્ સ્થળે સ્થળે વિધવાશ્રમો ખોલવાં તે, બાળલગ્ન અને વૃદ્ધવિવાહ અટકાવવાની અમારી ' વાતો ' જેવી એક વિશેષ ' વાત ' માત્ર છે એ અમો સારી રીતે જાણી શકીએ છીએ; કારણકે ૧।। લાખ જૈન વિધવાઓ પૈકી માત્ર ત્રીજો ભાગ એટલે ૫૦,૦૦૦ વિધવાઓને જ જો ઉદરનિર્વાહ માટે મદદની જરૂર વાળી માનીએ અને એકેક વિધવાશ્રમમાં ૫૦૦–૫૦૦ વિધવાઓ ( પાંજરાપોળમાં લવરડાંને ઠાંસીને પુરાય છે તેમ ) પુરીએ, તો પણ ૧૦૦ વિધવાશ્રમ સ્થાપવા પડે, અને એવા દરેક વિધવાશ્રમ માટે ૫૦,૦૦૦ નું મકાન ગણતાં ૫૦ લાખનાં તો મકાનો જ માત્ર જોઇએ, અને લાખોની કિંમતનો ઘરવખરો જોઇએ, તથા એકેક સ્ત્રીનું ખાધાખર્ચ મહીને માત્ર રૂ. ૪) ગણીએ તો પણ દર વર્ષે ૨૪ લાખનું ખર્ચ કરવું પડે; વ્યવસ્થા કરનારી–ધર્મ શિક્ષણ આપનારી વગેરે સ્ત્રીઅધિકારીણીઓ અને મહેતા નોકર વગેરેના પગારનું ખર્ચ વળી જૂદું પડે ! આ સઘળા માટે ઓછામાં ઓછું પાંચ કરોડ રૂપિયાનું ફંડ જોઇએ ! અને આ તો હાલની વિધવાસંખ્યા પૈકી માત્ર ત્રીજા ભાગના ઉદરપોષણનું જ ખર્ચ થયું, જો કે ખરેખર તો વિધવાઓનો વધારે મ્હોટો ભાગ ઉદરપોષણની અગવડથી મરતો હોય છે. અને જૈન કોમને જોઇતી બીજી સેંકડો ચીજો–જેવી કે જૈનશાળાઓ, જૈન કન્યાશાળાઓ, જૈન કૉન્ફરન્સો, જૈન બોર્ડિંગો, જૈન લાઇબ્રેરીઓ,

જૈન ગુરૂકૂળો, જૈન અપાસરા, જૈન દેરાસર, જૈન હાઇસ્કુલો, જૈન કૉલેજો, જૈન સભાઓ, જૈન પોલીટીકલ કૉન્ફરન્સો ( ' જૈન રાજ્ય ' રહી ગયું ! ) વગેરે કે જેમાંની કેટલીક સંસ્થાઓ તો અમોને દરેક પ્રાંતમાં—રે દરેક શહેર અને ગામડાંમાં પણ સ્થાપવાનો ઉપદેશ આજકાલ થયા કરે છે—આ સર્વ માટે પણ કરોડો રૂપિયાની રકમ જોઇએ તે વળી જૂદી ! આ હિસાબે જ્યહારે અમો એક અબજ રૂપિયાનું ફંડ કરી શકીએ ત્યહારે જ વિધવાશ્રમો ખોલવાનો વારો આવે અને ત્યહારે જ વિધવાઓના ઉદરનિર્વાહનો રસ્તો કરી શકીએ. ત્યહાં સુધી ૧।। લાખ વિધવાઓએ હવા ખાઇને રહેવું !...અને અમે એ પણ ( મનમાં તો ) સારી પેઠે જાણીએ છીએ કે, કદાચિત્ અમારા આકાશમાં રહેતા દેવો અમારા નીતિપરાયણ આશ્વાસનો ( ! ) ના પુણ્યના બદલામાં અબજો રૂપિયાનો વરસાદ વરસાવે અને ત્હેમાંથી અમે પુરૂષ વર્ગ માટે બધી સંસ્થાઓ ખોલી ચૂકયા પછી વિધવાશ્રમો ખોલીએ પણ ખરા અને તે સાથે નીતિ—ધર્મ અને શીલનો ઉપદેશ કરવાનો ખાસ બંદોબસ્ત પણ કરીએ તો પણ, સ્ત્રીસંજ્ઞા અને પુરૂષસંજ્ઞા જે સંયોગ માટે કુદરતી રીતે જ તરસ્યાં કરે છે ( પશુ—પક્ષી—મનુષ્ય સર્વમાં ) તે તો અટકવાનું નથી જ. અમને ખબર છે કે, અમારા મહાપવિત્ર મહાનિશીથ સૂત્રમાં લક્ષ્મણા સાધ્વીનો અધિકાર વર્ણવ્યો છે, જેમાં લખ્યું છે કેઃ—લક્ષ્મણા સાધ્વી સર્વ આચાર—જ્ઞાન પ્રમુખની જાણ થઇ. તેણે એક દિવસ ચકલા—ચકલીને મૈથુન સેવતાં દીઠાં. તે પક્ષીઓનો કામક્રીડા જોઇને તે સાધ્વીનાં લક્ષણ ભંગ થયાં ! પાપ—કર્મના ઉદયે કરીને તેણીએ મનમાં ચિન્તવ્યું કે, ' આ ચકલીએ શું સુકૃત્ય કર્યાં હશે કે જેથી પોતાના ભર્તાર સાથે સ્વેચ્છામુજબ નિરંતર અનેક પ્રકારનાં સુખવિલાસ ભોગવવા પામે છે. આમને વિલાસમાં જોઇને મ્હને પણ એવો જ હર્ષ થાય છે....સાધુ—સાધ્વીને પક્ષીનું મૈથુન જોવાની શ્રીજિનેશ્વરે મના કરેલી છે, પણ તે કેમ ના કરે ? તેઓ તો વીતરાગ હોવાથી વેદવિકાર સર્વ ક્ષય થયેલા છે તેથી તેઓ સવેદી જીવનાં દુઃખની કદર ન જ જાણી શકે. '...આ દોષ માટે તેણીએ ૫૦ વર્ષ સુધી ઉગ્ર તપસ્યા કરી તો પણ મરીને વેશ્યાપુત્રી તરીકે જન્મ પામી અને ત્હેના ગુહ્ય સ્થાનમાં ધખધખતો લોખંડનો સળીઓ નાખવામાં આવ્યો અને તેણી મરીને છઠ્ઠી નરકે ઉપજી. હવે, અમો સમજીએ છીએ કે, સર્વ આચાર અને જ્ઞાનની

જાણકાર અને તે સાથે વળી સાધ્વી-આર્યિકા-એવી સ્ત્રી પણ સંયોગની ઇચ્છાને દાબી શકી નહિ, તો આજે અમારા જેવા સાઠ સાઠ વર્ષની ઉમરે પંદર પંદર વર્ષની જુવાન સ્ત્રીઓના કટાક્ષમાં રમતા અને કામચેષ્ટા કરતા પુરૂષોના ભ્રષ્ટ વાતાવરણમાં રહેતી વિધવાએ ઉપદેશ માત્ર સાંભળવાથી તે કુદરતી ઇચ્છાને સમૂલ નાબુદ કરી શકે એ કોઇ કાળે બનવાનું જ નથી; અને નહિ બને એટલે પછી તેવી 'ઇચ્છા'ઓમાં બળતી વિધવાએ મરીને વેશ્યાપુત્રી તરીકે જન્મ પામશે અને એ વખતે પોતાની ઘણા કાળની દબાયલી ઇચ્છાઓ વ્યાજસાથે પુરી કરી લેશે !"

પુનર્લગ્નના વિરોધીઓના કથનનો કંઇ પણ અર્થ હોય તો તે ઉપર લખ્યો તે જ છે. તેઓમાં પ્રમાણિકતા ( honesty of purpose ) નો તો છાંટો એ નથી અને દયાનો અંકુરો પણ નથી.

આટલું મ્હારા તરફનું કથન કર્યા પછી હવે હું પ્રમુખના ભાષણ તરફ પાછો ફરીશ. પ્રમુખે વિધવાલગ્ન કે એવા કોઇ સુધારાનો ઉપદેશ કર્યો છે એમ કહેનારા એમની જ્ઞાતિના બાળ લેખકનું તહોમત તદ્દન ખોટું છે, જ્યહારે સત્ય તો એ છે કે મ્હારા જેવો કોઇ પ્રમુખ થયો હોત તો વિધવાલગ્નનો ઠરાવ પસાર કરાવીને જ ઉઠત, અગર કૅાન્ફરન્સનાં કોમી ફારસો વધુ વખત ચાલવા ન દેતાં ત્હેને વીખેરી નાખત.પરન્તુ આ કથન હું મ્હારા દૃષ્ટિબિંદુથી કરૂંછું, વ્યાપારી દૃષ્ટિબિંદુવાળાને તે અનુકૂળ ન હોઇ શકે એ સ્વીકારવા જેટલો ઉદાર હું અવશ્ય થઇશ, અને તેથી પ્રમુખને દોષ દેવાથી દૂર રહીશ ( આ વિષયની વિશેષ ચર્ચા આ પછીની " નોંધ 'માં વાંચો. )

આગળ ચાલતાં પ્રમુખે જૈન સમાજ માટે ઐક્યની આ જમાનામાં કેટલી જરૂર છે તે ઉપર આવતાં કહ્યું હતું કે, " આજની રાજકીય પરિસ્થિતિઓ વચ્ચે આપણે ઐક્ય વગર જીવી શકવાના નથી એ નિર્વિવાદ છે." પરન્તુ જૈનોને જીવવું છે જ ક્યહાં ? મરવું એ એમને મન ઇષ્ટ છે; એમની દૃષ્ટિ દેવલોકની અપ્સરાઓ તરફ છે, કે જે થોડા ઉપવાસથી કે પૂજાથી કે સાધુના કહેવા પ્રમાણે થોડાક રૂપિયા ખર્ચી નાખવાથી ( સસ્તી કિંમતે ) મળી શકે છે એમ ત્હેમને શિખવવામાં આવ્યું છે. દેશ કે સમાજ તરફ ત્હેમની નજર જઇ શકે તેમ નથી; કારણ કે તે નજર રહામે અહર્નિશ સ્વર્ગનાં વિમાનો અને વાદ્ય કરતાં કિંમતી

મોતીનાં ઝુમરો તથા અનુપમ લાવણ્યવાળી હજારો દેવાંગનાઓનાં જ ચિત્રો ખડાં હોય છે. પોતાનો પંથ જ ખરો અને બીજા બધા ખોટા એમ ત્હેમને પૂંછડું પકડાવનારા 'ભરવાડો' ત્હેમને આપસ-આપસમાં લાતો અને સીંગડાં મારવામાં એટલા મસ્ત રાખે છે કે એથી દેશ અને સમાજ મરે છે કે જીવે છે એટલું જોવા–જાણવાની પણ ત્હેમને દરકાર રહેવા પામી નથી ભલા પ્રમુખે,એટલા માટે,ઠીક જ કહ્યું હતું કે "માન્યતાઓ અને ક્રિયાભેદોને આગળ કરી આપણા વચ્ચે વેરઝેર ઉત્પન્ન કરાવનારાઓને–પછી તે ગૃહસ્થ હો વા ત્યાગી હો–આપણે મજબુત હાથથી દાબી દેવા જોઇએ છે. જૈનસમાજના ઐકીકરણમાં આડખીલરૂપ થઇ પડનાર **સિવાય** બીજા **તમામ** તરફ આપણે મતસહિષ્ણુતા બતાવવી જોઇએ છે, પણ આપણી હયાતીના મૂળમાં–અને તે પણ ધર્મના જ નામે–કુઠાર મારનાર કલહપ્રેમીઓને આપણે ઉત્તેજન આપવું જોઇતું નથી કે ઉત્તેજન મળવા દેવું જોઇતું નથી." અને હું ઉમેરીશ કે, જો જૈન બંધુઓ આ સલાહ સ્વીકારે તો આજના મ્હોટા મ્હોટા આચાર્યો, પંડિત ગણાતા સાધુઓ, વૃદ્ધ શ્રાવકો તથા ઘણાખરા પત્રકારોને આ સમાજમાં ઉભા રહેવું પણ ભારે થઇ પડે ! અને તેથી જ તેઓ મતસહિષ્ણુતાનો ઉપદેશ કરનારની સ્હામે થાય છે.

ઐક્યપર બોલતાં પ્રમુખવર્યે કેટલીક વ્યવહારૂ સૂચનાઓ કરી છે તે ધ્યાનમાં લેવા યોગ્ય છે. ત્હેમણે બતાવેલા ઇલાજ બે પ્રકારના છે: (૧) વિચારવાતાવરણ સુધારનારા, અને (૨) ક્રિયાત્મક. પહેલા ઇલાજ તરીકે તેઓ કહે છે કે "આ કામ માટે એક ઉદાર વિચાર ધરાવતું સાપ્તાહિક કે દૈનિક પત્ર ગુજરાતી તેમજ **હિંદી** ભાષામાં–અને તે પણ **નામ માત્રની કિંમતથી**–પ્રગટ થાય અને લોકમત કેળવે એમ હું અંતઃકરણથી ઇચ્છું છું." આ ત્રણ લીટીની સલાહ-પર એક આખું પુસ્તક રચાય એટલું કહેવા જેવું છે. આ જમાનામાં વિચારવાતાવરણ સુધારવા માટે ન્યુસપેપર જેવું અર્થસાધક બીજું એક પણ સાધન નથી. પરન્તુ એક સાધન જેટલું લાભ કરવામાં પ્રબળ હોય એટલું જ જો તે વીપરીત થાય તો ગેરલાભ કરવામાં પણ પ્રબળ હોઇ શકે; અને ગેરલાભનો ભય એક ન્યુસપેપરમાંથી ન થવા પામે એટલા માટે પહેલામાં પહેલી જરૂરીઆત એ છે, કે તે પેપર 'ધંધા' તરીકે નીકળતું ન હોવું

જોઇએ, એક ગચ્છ કે એક સાધુ કે એક સિદ્ધાન્તના પક્ષકાર તરફથી નીકળતું ન હોવું જોઇએ, અને કોઇ પણ બનાવ, વસ્તુ, મનુષ્ય કે હકીકત ઉપર અનેક દૃષ્ટિબિંદુથી જોઇ શકવા જેટલા વિશાળ વાચન-મનન અને પવિત્રતા વગરના મનુષ્ય તરફથી નીકળતું ન હોવું જોઇએ. તે સાથે તે પત્રના વિચારો સર્વત્ર ફેલાવા પામે એટલા માટે ત્હેની કિમત નામ માત્રની જ રાખવી જોઇએ, એટલું જ નહિ પણ હજારો પ્રતો વિનામૂલ્ય પણ ફેલાવી શકાય એટલી આર્થિક સગવડ કરી રાખવી જોઇએ. એક લાખ રૂપિયાની મુડીથી આ પ્રયોગ ફતેહમંદીથી કરી શકાય તેમ છે, અને આટલા જૈન શ્રીમંતો આજની જૈન કોમની દશા પર ખોટાં આંસુ પાડે છે તેઓ પૈકીનો કોઇ એક જ—જો માત્ર પ્રમાણિક થવા માગતો હોય તો—તેટલી રકમ કહાડી શકે તેમ છે. આ બાબતમાં મ્હેં એક યોજના પણ કરી હતી અને ઉદાર વિચારના એક દિગમ્બર વિદ્વાન, શ્વેતામ્બર વિદ્વાન તથા એક **સ્થાન**કવાશી વિદ્વાનના અધિપતિપણા નીચે આવા એક સાપ્તાહિક પત્રની ગુજરાતી તેમજ હિંદી એમ બે આવૃત્તિઓની પચીસ પચીસ હજાર પ્રતો કહાડવાની અને જ્યહાં એક પણ જૈનનું ઘર હોય ત્યહાં—છેવટે વિનામૂલ્ય પણ—એક પ્રત તો મોકલવાની યોજના કરી હતી, કે જે યોજનાના અમલ માટે ભીખ માગવી નહિ એવો મ્હારો નિશ્ચય હોવાથી અનુકૂળ તકની રાહ જોતા બેસવું પડયું હતું. આવા પત્રની હયાતી માત્ર પાંચ જ વર્ષ રહેવા પામે તો પણ બસ છે; પછી ત્હેની જરૂર પણ રહેશે નહિ. હું સ્હમજું છું કે હાલ તો આ વિચાર 'હવાઇ તરંગ' જ ગણાશે. પણ ત્હેની ચિંતા નથી; આંબા મોસમે જ પાકે છે. અને **તીવ્ર ઇચ્છાબળથી** કરાયલી ભાવના જ્યહારે ત્યહારે પણ સ્થૂલરૂપમાં ઉગી આવ્યા સિવાય રહેતી નથી જ. After all, everything in the world is the materialisation of the Will & Idea.

અસ્તુ; પ્રમુખે **ઐક્ય પર બોલતાં,** ન્યુસપેપરની જરૂર સંબંધે એ જ લીટી કહ્યા પછી, બીજી સૂચનાઓ—તે જ વિષયમાં—નીચે મુજબ આપી છેઃ—

(૧) " દરેક જૈનસભાઓ, એસોસીએશનો, અને મંડળોનાં દ્વાર જૂદા જૂદા પ્રાંત અને ગચ્છના જૈનો માટે ખુલ્લાં થવાં જો-

ઇએ છે." આપણે ઇચ્છીશું કે 'જૈન ઍસોસીએશન ઑફ ઇંડિયા' પોતાની કોમના આગેવાન ગૃહસ્થની આ સલાહને સત્કાર કરે અને ત્હેના નિયમોમાં જ્હાં "૧૮ વર્ષ અથવા વધારે ઉમ્મરનો કોઇ પણ શ્વેતામ્બર મૂર્ત્તિપૂજક જૈન આ ઍસોસીએશનનો સભાસદ હવે પછી લખેલા નિયમો અનુસાર થઇ શકશે" એવા શબ્દો છે ત્હાં 'શ્વેતામ્બર મૂર્ત્તિપૂજક' ને બદલે 'કોઇપણ ગચ્છનો જૈન' એવા શબ્દો મૂકવાની ભલાઇ કરે. આ બાબતમાં અગાઉ એક બે પ્રસંગે કડવાશ ઉત્પન્ન થવા જેવો વખત આવ્યો હતો, જેનું દુઃખદાયક સ્મરણ અત્રે કરાવવા હું ખુશી નથી. પરન્તુ એટલું તો યાદ કરાવવું મ્હને ઉચિત લાગે છે કે, મી. મૉણ્ટેગ્યુને સમસ્ત જૈન કોમ તરફનું માનપત્ર આપવા સાથે ધારાસભામાં ખાસ પ્રતિનિધિત્વનો હક્ક માગવા માટે મળેલી ઉક્ત ઍસોસીએશનની સભાના વિવેકી પ્રમુખ રા. ગુલાબચંદભાઇએ એક પ્રશ્નના ઉત્તરમાં સ્વીકાર્યું હતું કે, માત્ર શ્વેતામ્બર મૂર્ત્તિપૂજક વર્ગના જ મેમ્બરોથી બનેલી સંસ્થાથી સમસ્ત જૈન કોમને લાગતીવળગતી બાબત પર સત્તાવાર રીતે કાંઇ કહી કે કરી શકાય નહિ એ ખરૂં છે, પણ આ સભા આટલાં વર્ષોથી એમ કરતી આવી છે અને કોઇએ અવાજ ઉઠાવવાની દરકાર કરી નથી તેથી એમ જ ચાલ્યાં કરે છે. ત્હેમણે તેમજ તે વખતે હાજર રહેલા મેમ્બરો પૈકીના પણ કેટલાકોએ હવે પછી ઍસોસીએશનમાં બીજા જૈન ફીરકાના મેમ્બરો દાખલ કરવાની વાત પસંદ કરી હતી. આ બનાવ યાદ કરીને, અને તા. ૨-૩-૧૮ ના રોજ સદરહુ ઍસોસીએશન તરફથી મોકલાયલો પત્ર કે જેમાં "આપને આ સાથે મોકલેલા નિયમોમાં કાંઇ પણ સુધારો વધારો કરવાનો યોગ્ય જણાય તો તા. ૩૧ માર્ચ ૧૯૧૮ અગાઉ લખી જણાવશોજી" એવી વિનંતિ કરવામાં આવી છે તે પત્રના જવાબ રૂપે, સૂચવવા રજા લઇશ કે ભવિષ્યમાં નિરર્થક ઝગડાઓ અટકાવવા માટે, તથા નામ પ્રમાણે કામ થવામાં વધારે સુગમતા થાય એટલા ખાતર ઍસોસીએશનના ઉકત નિયમમાં એટલો ફેરફાર કરવાની અનિવાર્ય જરૂર છે.

(૨) " મંદીરો અને ધાર્મિક ખાતાંઓની તપાસણી માટે કૉન્ફરન્સ ઑફિસ તરફથી ઇન્સ્પેકટરો નિમાયા છે તે કામ બહુ દુરંદેશીભર્યું થયું છે, પણ તે ઇન્સ્પેકટરોએ એક પણ ખાતાને તપાસવાનું છોડી દેવું જોઇતું નથી અને એક પણ સાર્વજનિક

ખાતાનો વહીવટ **અમુક શહેરની જ કે અમુક** ગચ્છની જ વ્યક્તિઓના હાથમાં રાખવાની રીત **વધારે વખત** ચાલુ રહેવા દેવી જોઇતી નથી; પરંતુ **પ્રતિનિધિત્વનું** બહોળું ધોરણ કરવાની **ફરજ પાડવી** જોઇએ છે, કે જેથી **સઘળાઓ** તેમાં **રસ લેતા અને** અને ખાતું **વધારે** દેખતું અને **વધારે** મજબુત બનવા પામે. ”

પ્રમુખની આ સલાહ, મ્હને ભય છે કે, કોમના બડેખાંઓને મુદ્દલ પસંદ નહિ પડી હોય. મંદીરો અને ધાર્મિક ખાતાંઓની કુલ સત્તા હમેશ બડેખાંઓના હાથમાં જ હોય છે અને ત્હેમને સત્તા છોડવી ગમતી નથી. આજે ઇંગ્લંડને માથે જીવન-મરણનો ભય આવી ઉભો છે ત્ય્હારે પણ તે હિંદને પોતાના વિશ્વાસમાં લેવા ખુશી નથી, એ વાત કોણ નથી જાણતું ? આપણે અંગ્રેજોને તે માટે ઠપકો આપીએ છીએ, પણ આપણે પોતે સત્તા પામીએ છીએ ત્ય્હારે એનું એ જ કરીએ છીએ ! સૌને સાર્વભૌમપણું જોઇએ છે, કોઇને વહેંચીને ખાવું પસંદ નથી ! અને વળી વાતો કરવા બેસશે ત્ય્હારે ડાહ્યાડમરા અને પવિત્ર બની કહેશે કે, “ શું કરીએ ભાઇ, ધર્મ ખાતર આ બધી જંજાળ વ્હોરવી પડે છે. અમો ન સંભાળીએ તો કામ બગડી જાય, એટલા માટે સત્તા અમારે હાથ રાખવી પડી છે ! ” પછી આ ધર્માત્માઓ ધર્મને કેવી રીતે સંભાળે છે તે તો ત્હેમનું દીલ જાણે કે જ્ઞાની મહારાજ જાણે ! દેવાલયોનાં નાણાં કેટલાએ ટ્રસ્ટીઓ હજમ કરી ગયા; કેટલાએ બડેખાંઓ એમાંથી ગમે તેવો લાભ ઉઠાવે છે; અને કેટલાક થોડા કે જેઓ પાપના અને નરકના ભયથી દેવદ્રવ્યને પોતાના લાભમાં વાપરવાથી દૂર રહ્યા છે તેઓ પણ બેદરકારીના ગુન્હેગાર નથી એમ તો ભાગ્યે જ બન્યું છે. દેવદ્રવ્યનો મ્હોટો ભાગ તાબાના માણસો વડે ખવાઇ જાય અગર બીનજરૂરી જ નહિ પણ પાપમય કોર્ટોના ઝગડા લડવામાં કે મારામારીમાં ખર્ચાઇ જાય એ શું ટ્રસ્ટીઓનો દોષ નહિ કે ? અને તે છતાં સત્તાભૂખ્યા બડેખાંઓ ધાર્મિક ખાતાની વ્યવસ્થામાં પ્રતિનિધિત્વનું ધોરણ દાખલ કરવાની ના જ કહેતા રહેવાના ! કૉન્ફરન્સ જેમ બીજી ધાર્મિક સંસ્થાઓના હિસાબ અને વહીવટમાં માથું મારવા જાય છે તેમ મહાન અને જબરા માણસોના હાથ તળેની સંસ્થાઓના હિસાબ અને વહીવટમાં માથું મારવાની હિમત ધરી ન શકે તો એવી કૉન્ફરન્સો છેક જ નકામી

છે અને સમાજ સમક્ષ અપ્રમાણિકતાનો પદાર્થપાઠ રજુ કરનારી છે એમ જ માનવું પડે. સ્થાનકવાશી કૉન્ફરન્સના હિસાબના ચોપડા ત્હેના પગારદાર સેક્રેટરીને તારથી હુકમ આપવા છતાં મૅનેજીંગ કમીટીની બેઠકમાં લાવવામાં આવ્યા નહોતા; કેટલાક દિગમ્બર પત્રકારો ત્હેમની તીર્થરક્ષક કમીટીના હિસાબ માટે પણ—અને ગેર-વ્યવસ્થા માટે પણ—બુમો પાડી ચૂક્યા છે; શ્વેતામ્બર મૂર્તિપૂજક વર્ગની સર્વોપરી અને માલદાર સંસ્થાના હિસાબ માટે ભાવનગર કૉન્ફરન્સ વખતે રા૦ બન્ધુ ગોવિંદજી મૂળજી મેપાણી અને બીજાઓની લડત ચાલી હતી. આવા બનાવો શું સૂચવે છે? ખુદ આગેવાનો કૉન્ફરન્સના આશયોને અનુસરવા તૈયાર નથી તો બીજાઓને માટે 'ઠરાવો' ઘડીને કાગળીઆં કાળા કરવાથી શું લાભ થવાનો છે? દરેક જૈન ફીરકાના શ્રાવકોએ હવે તો પ્રતિજ્ઞા લેવી જોઇએ છે કે, જે સંસ્થાની વ્યવસ્થામાં પ્રતિનિધિતત્ત્વ ન હોય અને જેનો હિસાબ દરસાલ બહાર પડતો ન હોય એવી કોઇ પણ સંસ્થામાં એક પાઈ પણ ન આપવી. આવો ઠરાવ એટલે **નિશ્ચય** ખુદ શ્રાવકોએ જ કરવો જોઇએ છે. જ્હાં સુધી લોકો આંધળા બની પૈસા આપ્યા કરશે ત્હાં સુધી ત્હેમના ખર્ચે બડેખાંઓ વધારે ને વધારે શક્તિમાન અને autocrats બનતા જશે. આગેવાનોએ આમ કરવું 'જોઇએ' અને તેમ કરવું 'જોઇએ' એવું નીતિશાસ્ત્ર 'નકામું' છે, એથી કાંઇ અર્થ સરવાનો નથી લોકોએ પોતાના હકો સ્હમજતા થવું જોઇએ અને પોતાના હકો છીનવી લેનારને કાન પકડીને ઠેકાણે લાવવા બહાર પડવું જોઇએ. વળી ધર્મનિમિત્તે અપાતાં નાણાં પરસ્પરના યુદ્ધમાં ન ખર્ચાય એની પણ ભક્તિમાનોએ કાળજી રાખવી જોઇએ છે. દાખલા તરીકે અમુક તીર્થપર દિગમ્બરોને ન આવવા દેવાની ઇચ્છાથી થતી મુકદમાબાજીમાં જો એવાં નાણાં ખર્ચાતાં હોય તો શ્વેતામ્બર પબ્લીકે પ્રમાણિક વિરોધ લેવો જોઇએ. હું જો શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન હોઉં તો કહું કે "મ્હારા દેવપર મ્હને એટલો ભક્તિભાવ છે કે એમની પૂજા જેમ બને તેમ વધારે માણસો કરે તેવી કોશીશ કરવામાં હું આનંદ પામું. શિખરજી કે મક્ષીજી કે બીજા કોઇ પહાડો પર ખરેખર મ્હારી જ માલેકી હોય તો પણ હું તે સ્થળે દિગમ્બરોને ઘણી જ પ્રસન્નતાથી પૂજન કરવા આવવા દઉં,—રે સ્થાનકવાશીઓ મૂર્તિપૂજા સ્વીકારતા નથી તો પણ તેઓ ત્હાં આવી ભગવાનની શાન્ત મુદ્રા સામે એકાગ્ર ચિત્તે ઉભા રહી

હૃદયમાં ધ્યાન ધરવામાં મશગુલ બનતા હોય તો તેથી પણ હું ખુશી થાઉં; એટલું જ નહિ પણ જૈનેતરો પણ જો મ્હારા જૈન દેવની પૂજા કરવા આવે તો તે જોઇ હું બેવડો ખુશી થાઉં. મ્હારા ભગવાનને અમુક ફીરકાની ટુંક મર્યાદામાં ગોંધી રાખવાનો વિચાર સરખો પણ મ્હને અસહ્ય લાગે. જો બીજા જૈનોની અને અમારી પૂજનવિધિ જૂદી હોવાના કારણે તકરાર ઉભી થતી હોય તો હું, જેમ સગ્ગી માતાએ પોતાના બાળકના ટુકડા કરી વ્હેંચી લેવા તૈયાર થયેલી બનાવટી માતાને તે છોકરો આખ્ખો ને આખ્ખો સોંપી દેવામાં જ પુત્રવાત્સલ્ય માન્યું તેમ, હું પણ તીર્થસ્થળ આખ્ખું ને આખ્ખું મ્હારા બીજા જૈન ભાઇઓને સોંપવા ખુશી થાઉં અને તે સ્થળે બીજું મંદિર કરાવી લઈ ત્હાં પૂજન કરી સંતોષ માનું; કારણ કે તે પવિત્ર ભૂમિના એકેક બિંદુપર સિદ્ધો થઇ ગયા હોવાથી તમામ જમીન એક સરખી પવિત્ર છે. છોકરા પરનો હક્ક છોડવાથી મન વાળવાનું એક પણ સાધન ન રહેતું હોવા છતાં પુત્રવત્સલ માતાએ છોકરાને વહેંચી ન લેતાં આખ્ખે આખ્ખો તે બીજી સ્રીને આપવાની ઉદારતા બતાવી, જ્યહારે મ્હને તો અમુક પહાડપર જ્યહાં અમુક મંદીર કે પગલાં છે તે જગા ત્હેની પૂજા કરવા ઇચ્છતા મ્હારા ભગવાનના બીજા સેવકોને સોંપી દેવા છતાં પણ નજીકની બીજી જગા કે જ્યહાં પણ એટલા જ પરમપુરૂષો થઇ ગયા છે ત્હેનો લાભ લેવાનો તો કાયમ જ રહે છે. પુત્ર ઉપરના દુનીયાવી પ્રેમ ખાતર જો એક સામાન્ય માતા આટલી ઉદાર થઇ શકી, તો પ્રભુ ઉપરના આધ્યાત્મિક પ્રેમ ખાતર હું ધર્માર્થી પુરૂષ શું મ્હારા જ દેવના ભકતોના લાભમાં આટલીએ ઉદારતા ન કરી શકું? અને ન જ કરી શકું તો હું ખરો ભક્ત નથી, મ્હારા ભગવાનની કીર્તિને ઝાંખપ લગાડનારો ઢોંગી છું. તેથી પણ આગળ વધીને જો હું મારામારી, ગાળાગાળી, લાંચરૂશવત, કે કોર્ટ દ્વારા લડીને ધર્મ નિમિત્તે એકઠું થતું ધન ખર્ચી નાખી મ્હારા દેવના ભકતોને પૂજા કરતા અટકાવવામાં આનંદ માનું તો હું દિગમ્બર કે શ્વેતામ્બર હોવાનો ગમે તેટલો દાવો કરૂં તે છતાં મ્હારા જેવો મ્હારા ભગવાનનો દ્રોહી બીજો કયો હોઇ શકે?" હું જો મૂર્તિપૂજક જૈન હોઉં તો એમ જ કહું અને એમ જ કરૂં; અને મ્હને સોળે સોળ આના ખાત્રી છે કે એ હૃદયની પવિત્રતાનો પડઘો પાડયા વગર વિરૂદ્ધ પક્ષ રહી શકે જ નહિ, અને મ્હારી ભલાઇ કરતાં પણ

વધારે ભલાઇવાળી દરખાસ્ત રજુ કર્યા વગર રહી શકે જ નહિ. પણ ક્યહાં છે એ ભલાઇ? ક્યહાં છે ભગવાનની ભક્તિ? આજે તો જોઇએ છે મ્હોટાઇ અને મ્હોટાઇ માટે જોઇએ છે યુદ્ધો, તે પણ પારકાને ખર્ચે અને હિસાબે અને જોખમે!

મ્હને કહી લેવા દો, આ પ્રસંગે મ્હારે માટે મુંગા રહેવું એ ભયંકર ગુન્હા સમાન છે. શિખરજીને લગતા કેસનો પંચદ્વારા ફેંસલો કરાવવાના મ્હારા 'મિશન'ની શરૂઆતમાં દિગમ્બરો પૈકી તો માત્ર બેચાર સજ્જનોની જ સહાનુભૂતિ હતી, જ્યહારે સુમારે એક ડઝન જેટલા શ્વેતામ્બર સજ્જનોની સહાનુભૂતિ શરૂમાં જ મળવા માટે મ્હેં તે પક્ષને વાજબી ધન્યવાદ આપ્યો હતો. આગળ વધવાની હિમત મ્હને મળી હોય તો તે આ શ્વેતામ્બર મહાશયોને જ આભારી છે, એમ છતાં મ્હારે આજે શ્વેતામ્બર પક્ષની શીથીલતા માટે ઇસારો કરવો પડે છે તે માટે હું બહુ દીલગીર છું. શરૂમાં દિગમ્બર પક્ષનો, સુલેહના મિશન પ્રત્યે, ખુલ્લો તિરસ્કાર હતો. મ્હારી હીલચાલ વિરૂદ્ધ ત્હેમના મ્હોટા આગેવાનોની સહીઓ સાથેનું પેમ્ફલેટ કહાડવામાં આવ્યું હતું અને ધર્મ માટે લડવું એ ઇષ્ટ છે એમ સાબીત કરનારી દલીલો આપવા સાથે મ્હારૂં અંગત અપમાન પણ ત્હેમાં કરવામાં આવ્યું હતું, જે મ્હેં ચુપકીથી સહવું વાજબી ધાર્યું હતું. આગળ જતાં ઇંદોરમાં 'મહાવીર જયન્તિ' ના જાહેર મેળાવડાનું પ્રમુખપદ લેવા મ્હને બોલાવવા આવેલા દિગમ્બર પત્રકાર સાથે ઈંદોર જઇ એ માન શેઠ હુકમચંદજી (દિગમ્બર કોમના તાજ વગરના રાજા) ને અપાવી ત્હેમની સમક્ષ સભામાં મ્હેં શિખરજીવાળા ટંટાની શાન્તિ માટે તીખા શબ્દોમાં અપીલ કરતાં તેઓનું હૃદય એટલું પીગળ્યું હતું કે ત્હેમણે તે જ ક્ષણે જાહેર કર્યું હતું કે, "જૈનોમાં અંદરોઅંદર આવા ટંટા થવા પામે એ '**बहुत शर्मकी बात**' છે-'**निहायत शर्मकी बात**' છે......બન્ને પક્ષમાં કેટલાક ઉશ્કેરણી કરનારાઓ છે, જેમને લીધે જ આવા ટંટા ઉભા થાય છે, અને લાખોના ખર્ચે લંબાયા કરે છે...મી. વાડીલાલના આ પવિત્ર ઉદ્યમનો ખરો આશય હવે હું સમજ્યો છું અને હું ખાત્રી આપું છું કે એ મિશન માટે મ્હારા મન-વચન-કાયાથી સેવા બજાવવા હું તૈયાર છું; ત્યહાં સુધી કે જૂતી ઉઠાવવી પડે તો પણ તૈયાર છું, આકાશ-પાતાળમાં જવું પડે તો પણ તૈયાર છું... જૈન સમાજમાં ઐક્ય અને શાન્તિ પ્રસર્યા વગર સમાજબળ કદાપિ

વધવાનું નથી એ ચોકકસ છે અને મહાવીર દેવના સાચા ભકતોથી આવી જાતનાં ધાર્મિક યુદ્ધો થઈ શકે નહિ...ખેર, થયું તે થયું; હજીએ સમય છે. પંચ મારફત સમાધાન કરવાને હજીએ સમય છે. નીચલી કોર્ટનો ફેંસલો એવો મળ્યો છે કે જેથી કોઇ જીત્યુંએ કહેવાય નહિ અને હાર્યું પણ કહેવાય નહિ; આવે પ્રસંગે પંચદ્વારા સમાધાન કરવામાં આવે તો બન્ને પક્ષનું નાક ઉંચું જ રહેવા પામે. જે બંધુ આ પ્રસંગે જૈનસંઘમાં ઐકય કરાવશે ત્હેનો જન્મ સફળ થશે...અમે સમાધાન માટે તૈયાર છીએ." આ પ્રમાણે દિગમ્બર કોમના મ્હોટામાં મ્હોટા આગેવાનનું વલણ બદલાયું હતું અને સમાધાનનું વચન મળ્યું હતું. અને તેથી ઉત્તેજીત બની અમદાવાદ જઇ શેઠ આણંદજી કલ્યાણજીની કમીટી વચ્ચે આ બાબત રજુ કરી હતી અને કેટલાક સવાલ-જવાબ અને દલીલો થયા બાદ તેઓએ પણ ખુશી બતાવી હતી; ફક્ત બંગાલના શ્વેતામ્બર આગેવાનોની મરજી મેળવવાની બાકી હતી. છેલ્લી કલકત્તા કૉન્ફરન્સનો પ્રસંગ હાથ આવતાં, તે સમ્મેલનમાં જવા પહેલાં હું દિગમ્બર અગ્રેસરોને મુંબઇમાં મળ્યો હતો અને કલકત્તા પધારવા વિનંતિ કરી હતી, એ આશયથી કે કૉન્ફરન્સ ખાતર ત્હાં હાજર થવારા શ્વે૦ અગ્રેસરો સાથે તેઓની મુલાકાત થઇ શકે. કલકત્તા માટે રવાના થવા પહેલાં શ્વેતામ્બર-દિગમ્બર વર્ગના અમુક આગેવાનોની ખાનગી મુલાકાત પણ યોજવામાં આવી હતી. કલકત્તા પહોંચ્યા પછી મ્હને જણાયું કે દિગમ્બર આગેવાનોને કૉન્ફરન્સના મંડપમાં આવવા દેવા માટે કૉમ્પ્લીમેન્ટરી ટીકીટો આપવા પણ ત્હાંના આગેવાનો ખુશી નહતા! વિસ્તારથી સઘળી હકીકત કહેવાનો સમય હજી પાકયો નથી, પણ એટલું કહી શકાશે કે એક યા બીજી ઉદાર આશયવાળી યુક્તિથી એવું કરી શકાયું કે, દિગમ્બર આગેવાનો કૉન્ફરન્સનું કામ ચાલતું હતું તે પ્રસંગે મંડપ પાસેના હૉલમાં આવ્યા, અને સુલેહની ઑફર બંધુભાવે તેઓએ રજુ કરી. આવેલા ગૃહસ્થો ઘણા મ્હોટા શ્રીમંત અને મોભ્ભાદાર હતા, નહિ કે 'માસ્તર લોકો.' ત્હેમના નિર્માનીપણા તરફ શ્વેતામ્બર આગેવાન મહાશયોનું લક્ષ ખેંચી મ્હેં ત્હેમને વિનવ્યા હતા કે તેઓએ દિગમ્બર મહાશયોને return visit (વળતી મુલાકાત) આપવી; એમાં પોતાની સજ્જનતા દેખાશે. કેટલીક મુશ્કેલી બાદ એ return visit પણ થઇ. દિગમ્બર આગેવાનોએ તે જ પ્રસંગે ગાંધી, માલવીયા કે તિલક મહાશય પાસે ઇનસાફ લેવા ખુશી બતાવી; શ્વેતા-

મ્બર ભાઇઓએ જૈનોનો સંપ જૈનો ન કરી શકયા એવું ન દેખાય એટલા ખાતર શુભ આશયથી સૂચવ્યું કે, બન્ને પક્ષના અમુક ગૃહસ્થોને પંચ નીમી હેમની પાસેથી જ છેવટનો ઇનસાફ લેવો. દિગમ્બરોએ તુરત પોતાના પક્ષનાં નામો આપ્યાં અને શ્વેતામ્બર નામો નકકી કરવા અરજ કરી. અમદાવાદ કૉન્ફરન્સના પ્રમુખ મહાશયના ઘેર કૉન્ફરન્સના આગેવાનોને પાર્ટી આપવામાં આવી હતી તે વખતે શ્વેતામ્બર અગ્રેસરોએ આ વિષય માંહોમાંહે ચર્ચ્યો અને અમુક નામો આપવાનું ખાનગી રાહે નક્કી પણ કર્યું, પણ જણાવ્યું કે કુલકત્તાથી પાછા ફર્યા બાદ ફરી ત્હાં જઇ લવાદનું કામ કરીશું. આ જવાબ પછી દિગમ્બર આગેવાનોને પહોંચાડવામાં આવ્યો હતો, અને તે વખતે એક તાજા ન્યુસપેપરમાંથી એક દિગમ્બર રાયબહાદુરે વાંચ્યું હતું કે શિખરજી પહાડના વેચાણ બાબતમાં કાઉન્સીલમાં સવાલ જવાબ થયા છે. ત્હેમણે કહ્યું કે, જો શ્વેતામ્બર ભાઇઓ સુલેહની વાતો કરતા જવા સાથે ખાનગી રાહે પહાડની ખરીદી માટે કોશીશ કરતા હોય તો અમને સહન કરવું પડે. શ્વેતામ્બર સજ્જનોએ કહ્યું કે, અમે તે બાબતમાં કાંઇ જાણતા નથી; પણ ધારો કે એમ પણ બને અને પહાડનો કબજો શ્વેતામ્બરોના હાથમાં જાય તો પણ ધરમેળેની સમાધાનીથી ત્હમને ત્હમારા વાજબી હકકો મળવામાં હરકત આવે નહિ જ. ત્યાર બાદ મુંબઇ જઇને તાકીદે સકળ સંઘની મંજુરીથી પંચ નીમવાનું કામ કરવાનું નક્કી કરી સૌ છૂટા પડયા. મોહમયી મુંબઇમાં હવે આ કામ આવી પડયું ! અહીંની બધી હીસ્ટરી જાહેરમાં મૂકવામાં હિત જણાતું નથી; અહીં એટલું કહેવું બસ થશે કે, એવું રૂપ આવ્યું કે કૉન્ફરન્સ ઑફિસ મારફત આ કામ કરવું. કૉન્ફરન્સ ઑફીસની મીટીંગમાં આ સવાલ મૂકાયો, ચર્ચાયો અને દિગમ્બરોના આવેલા પત્રનો શું જવાબ લખવો એ બાબતમાં કલકત્તાવાળા અમુક બાબુને પૂછવાનું ઠરાવ્યું, જો કે તે બાબુ કલકત્તામાં થયેલી ગોઠવણમાં શામેલ હતા તેથી ત્હેમને ફરી પૂછવાનું કાંઇ રહેતું નહોતું. દિગમ્બર ભાઇઓએ તુરત હજારીબાગના કમીશનરની પાસે જઇને રૂબરૂમાં અરજી આપી, એવી મતલબની કે, તેઓ બન્ને પક્ષના અમુક ગૃહસ્થોના પંચની મારફત ધરમેળે ચુકાદો કરાવવા ખુશી છે અને સરકારે તેમ કરવા દેવું. તેઓએ બન્ને પક્ષના પંચોનાં નામ પણ તે અરજીમાં સૂચવ્યાં હતાં (દિગમ્બર પંચોનાં

નામ પોતાની ઇચ્છા મુજબ, અને શ્વેતામ્બર પંચોનાં નામ કલકત્તા મુકામે થયેલી વાતચીતના આધારે.) કમીશનરે તે માગણી ઉપરથી શ્વેતામ્બર પક્ષને પત્ર લખ્યો કે તેઓ તેમ કરવા ખુશી છે કે અને ખુશી હોય તો અમુક તારીખે લવાદોને હાજર રાખવા. આ પછી ૫-૭ દિવસના અરસામાં જ દિગમ્બરોના જાણવામાં આવ્યું કે શ્વેતામ્બર અગ્રેસરની પહાડની માલેકી મેળવી લેવાની તજવીજ પુરી થઇ ચૂકી છે. અને આ શ્વેતામ્બર બાબુ તે જ છે કે જેઓએ સુલેહના મિશનની શરૂઆતમાં એક લાગણી ભર્યા પત્રમાં લખ્યું હતું કે, હું ત્હમને સમ્પૂર્ણ વિજય ઇચ્છું છું; હાલમાં જો કે મ્હારા વડીલની હયાતીમાં મ્હારાથી વ્યવહારૂ મદદ આપી શકાય તેમ નથી, તથાપિ જો ત્હમે અત્રે આવો તો હું વડીલશ્રીને સ્હમજાવી ત્હેમની સમ્મતિ મેળવી આપવા બનતું જરૂર કરીશ. આ ગૃહસ્થના વડીલશ્રી હાલ સ્વર્ગસ્થ થયા છે અને હવે તેઓ પોતાની ઇચ્છાના એકલા માલીક છે, છતાં સુલેહની ખુલ્લી વાતો દરમ્યાન પહાડ ખરીદી લેવાની ધાંધળ ત્હેમને કેમ ગમી હશે તે હું હમજી શકતો નથી. સંભવ છે કે, મક્ષીજીમાં દિગમ્બરોને મળેલી તાજી જીત વૈરની લાગણી પ્રેરનારી થઇ પડી હોય. આમ બનવું એ સ્વાભાવિક છે, તેથી હું એમને દોષ નહિ દઉં; પણ મ્હોટા પુરૂષોએ સામાન્ય મનુષ્યો કરતાં વધારે ઉદાર અને સહનશીલ વર્ત્તનનો દાખલો બેસાડવો જોઇએ એટલું તો કહેવું પડશે. દિગમ્બરોએ પણ મક્ષીજી કેસનું જજમેન્ટ મળ્યા બાદ એટલેથી અટકીને ચક્ષુ દૂર કરવાની સત્તાનો ઉપયોગ કરવાનું, શિખરજી બાબતમાં પંચની નીમણુક થાય છે કે નહિ તે જોવા માટે, મુલ્તવી રાખ્યું હોત તો વધારે ઠીક થાત. આ પ્રશ્ન અત્યારે એટલો ગુંચવાયલો અને દુઃખદાયક થઇ પડયો છે કે ત્હેના ઉપર વિશેષ બોલવા જતાં જે થોડોઘણો પણ બાજી સુધરવાનો સંભવ હોય તે દૂર થઇ જવાનો ભય રહે છે. તેથી હું કોઇ ઉપર કટાક્ષ કરવાથી ઇરાદાપૂર્વક વેગળો રહીશ. માત્ર એટલું જ કહીશ કે, પહાડ હાથમાં આવ્યો તેથી કોઇએ ખુશ કે નાખુશ થઇ જવાનું નથી. સજ્જનોના એક સમૂહે સજ્જનોના બીજા સમૂહને આપેલું ગમે તેવું ખાનગી તોપણ વચન તે વચન જ છે અને જ્યહાં સુધી તે ન પાળવામાં આવે ત્યહાં સુધી જૈનકોમના માથાપરથી ભવિષ્યના ટંટાની ધાસ્તી દૂર થવાની નથી. દિગમ્બર પેપરોમાં હમણાં નાણાં એકઠા કરવા બાબતમાં અપીલ પર અપીલ છપાયા કરે છે. ખબર નથી

પડતી કે નાણાં વડે તેઓ શું કરવા માગે છે. એ તો ગમે તેમ હો, પણ એક બીજાનો દોષ કહાડવામાં અને બન્ને પક્ષનાં નાણાંનો નિરંતર પ્રવાહ વહેવડાવવામાં ચુરત રહેવાને બદલે શ્વેતામ્બર પક્ષે જૈન સમાજના નાણાંનો વ્યર્થ દુરૂપયોગ થતો અટકાવવા ખાતર તાકીદે બન્ને પક્ષના દશ દશ પંચોને એકઠા કરી સુલેહનો માર્ગ કરી લેવો જોઇએ છે, કે જેથી હારવા-જીતવાનાં બ્યુગલ બંધ થવા પામે અને ખોટી ઉશ્કેરણીઓ ઠંડી પડે. *શ્વેતામ્બર કૉન્ફરન્સના

* આ લખાણનું બીજીવારનું પ્રુફ સુધારવા માટે મ્હારી પાસે મોકલવામાં આવ્યું તે દિવસે બે નવી બાબતો મ્હારા વાંચવામાં આવી, જેનો ઉલ્લેખ અત્રે કરવાની જરૂર છે. પહેલું એ કે, દિગમ્બર આગેવાન શેઠ હુકમચંદજીની સહીવાળી એક જાહેર ખબર આજે માર્ચમાં એક દિગમ્બરપત્રનાં વાંચવામાં આવી, જેમાં શિખરજી માટે લડવા સારૂ દોઢ લાખ રૂપિઆના ફંડની અપીલ કરવામાં આવી છે. તેજ વખતે શ્વેતામ્બર ફીરકાના 'જૈન' પત્રના તા. ૨૪ માર્ચના અંકના મુખ્ય લેખમાં કેટલીક ટીકા વાંચીને મનને ઘણું દુઃખ થયું. સુલેહની જ્હેને કિમત છે ત્હેનાથી એક પણ પક્ષનો દોષ કહાડનારી વાતો જાહેરમાં મુકી શકાય નહિ, તેથી મ્હારે 'જૈન' પત્રની ટીકાનો પુરો જવાબ વાળવામાં ઉદાસીનતા ધારણ કરવી પડે છે. ઇશારા માટે એટલું કહીશ કે, અમુક અમલદારને 'હુકમચંદજી શેઠ ખાનગીમાં મળ્યા' અને તેથી 'શ્વેતાંબર સમાજે સમેદશિખરની કુલ માલેકી ખરીદી લીધી' એવા એ પત્રકારને મળેલા સમાચાર પર, આવા ખેંચતાણના સંજોગો ધ્યાનમાં રાખ્યા હોત તો, તેઓ આધાર રાખત નહિ. 'ખાનગીમાં મળ્યા' કે જાહેરમાં મળ્યા એ વાતનો તોડ એટલા ઉપરથી થઇ શકશે કે ત્હેમણે લવાદ ઉપર કેસ મુકવાની લેખીત અરજી આપેલી છે. શું આવી અરજી આપવામાં મલીન આશયનો સમાવેશ હોઇ શકે છે કે જેથી 'ખાનગી: મુલાકાત'નો આરોપ મૂકવાનું કારણ મળે? અને શ્વેતામ્બર ભાઈઓની પહાડના કબજા માટેની હીલચાલ તો ઘણા વખત ઉપરની હતી, જે કુલકત્તા કોન્ફરન્સ વખતેજ અને તે પણ ધારાસભાના મેમ્બરોમાં થયેલા પ્રશ્નના છપાયલા તાજા રિપોર્ટ પરથી જ દિગમ્બરો જાણવા પામ્યા હતા. બીજું એ પણ ધ્યાનમાં રાખવા જેવું છે કે, હુકમચંદજી શેઠ ખાનગીમાં અમલદારને મળ્યા અને તેથી શ્વેતામ્બરોએ પહાડની માલેકી ખરીદી લીધી, એમ કહેવું એ પણ એક અમલદાર માટે ખોટો મત ઉત્પન્ન કરાવવા જેવું થાય છે. અમલદારે હુકમચંદજીની લેખીત અરજીપરથી શ્વેતામ્બર પક્ષકારને તા. ૧-૨-૧૮ ના ઑાફીસીઅલ પત્રથી પૂછાવ્યું હતું કે તેઓ લવાદ માટે તૈયાર છે કે કેમ? આમાં ખાનગી-વગર ખાનગી જેવું હતું જ શું? અને જો હુકમચંદજી ખાનગીમાં મળ્યા

પ્રમુખ મહાશયે અને ત્હેમના પુત્ર કે જેઓ હમણાં જનરલ સેક્રેટરીઓમાંના એક તરીકે નીમાયા છે ત્હેમણે સુલેહ માટે કલકત્તા ખાતે પ્રશંસાપાત્ર પ્રયાસ સેવ્યો હતો, એટલું જ નહિ પણ પોતાના ભાષણમાં પણ આ માટે અસરકારક શબ્દો કહ્યા બાદ એ મતલબનો 'ઠરાવ' પણ પસાર કરાવ્યો હતો, અને છેલ્લા દિવસે ઉપસંહારના ભાષણમાં જણાવ્યું હતું કે, જો સુલેહનો આ પ્રયાસ સફળ થયો હોત તો ત્હેની શુભ યાદગીરીમાં ત્રણે ફીરકાને ઉપયોગી થઇ પડે એવું એક મ્હોટું કામ સુમારે લાખેક રૂપિયાના ખર્ચે કરવાનો ત્હેમનો નિશ્ચય હતો, પરન્તુ 'કમનશીબે તે કામ અધુરૂં રહી ગયું છે અને હજી પણ જો પાર પડશે તો તેઓ પોતાનો શુભ ઇરાદો અમલમાં મૂકવા ખુશી થશે.' લાખ રૂપિયા જેવી મ્હોટી રકમના ખર્ચે સુલેહનો સ્મરણ સ્થંભ રોપાય અને ત્હેનો લાભ ત્રણે જૈન ફીરકા ભોગવે એવી ઉદાર ભાવના આજ સુધીમાં કોઇ પણ જૈન વ્યક્તિમાં મ્હેં જોઇ હોય તો તે માત્ર કલકત્તા કૉન્ફરન્સના સીધાસાદા પ્રમુખ શેઠ ખેતશીભાઇમાં જ. શિખરજીની માલેકી માટે જમીન આસમાન એક કરતા મુરબ્બીઓ! ભલા થઇ

---

તેથી શ્વેતામ્બરોએ પહાડ ખરીદી લીધો એવું 'જૈન' પત્રનું કથન માની લેવામાં આવે તો, એનો અર્થ એટલો જ થઇ શકે કે શ્વેતામ્બરો પણ ખાનગી ખટપટ કરી પહાડ મેળવી ગયા. આવું કથન બન્ને કોમોને તેમજ અમલદારને હીણપદ લગાડનારૂં છે. અને તે જેમ 'જર્નાલીસ્ટીક ડીસીપ્લીન'-થી વેગળું છે તેમજ સત્ય હકીકતથી પણ વેગળું છે. દિગમ્બરોએ ફંડ માટે કોશીશ કરી એ વાત ખરી છે પણ તે ક્યહારે? શ્વેતામ્બરોના લાભમાં સહી થયા પછી ચાર દિવસે. અને તે છતાં, દિગમ્બરો ફંડ કરવા લાગ્યા તેથી શ્વેતામ્બરોએ લવાદની વાત બાજુએ મુકીને પહાડ ખરીદવા જવું પડયું એમ કહેવું એ તદ્દન બેહુદું છે. વળી હુકમચંદજી હાલ સારૂં રળ્યા છે માટે તેઓ ખાનગી ખટપટથી પહાડ મેળવી લેવા ઇચ્છતા હતા એવો ઇશારો કરવો એ પણ બુદ્ધિમાનનું કામ નથી. હુકમચંદજી રળ્યા જ છે તો પછી શા માટે તેઓ જાહેર ફંડ માટે લોકોને અપીલ કરવા નોટીસ છપાવે છે? અને શું માણસ રળે છે તે જ્યહાં ત્યહાં ફેંકી દેવા કે કોઇને આપી દેવા રળે છે? અને એમ તો શું શ્વેતામ્બર સજ્જનો પણ નથી રળ્યા? આવા તર્કો ઉપરથી કોઈના ઉપર ખોટા આરોપ મૂકવા એ પ્રમાણિક ખબરપત્રીનું ભૂષણ નથી અને સુજ્ઞ પત્રકારે હમેશાં આવા તકરારી મામલામાં ખબરપત્રીના કેટલા શબ્દ માનવા અને કેટલા ન માનવા તે બાબતમાં પુરતો વિવેક વાપરવો ઘટે છે. જો દિગમ્બર શેઠ હુકમચંદજી કે શ્વેતામ્બર કોઈ એક ગૃહસ્થ પોતાના પૈસે આ યુદ્ધ કરતા હોત તો હું નાહક મ્હારો સમય

જીદ્દ છોડો અને જૈન સમાજના ઐકયના દલાલ બનો. શિખરજીનો કબજો ત્હમારા હાથમાં રહેશે તો તેથી કાંઇ મોક્ષ નહિ મળી જાય, પણ શિખરજીનો ઝગડો પતાવવામાં મદદગાર થઇ પાંચ લાખ શ્વેતામ્બરો અને ચાર લાખ દિગમ્બરોનો હસ્તમેળાપ કરાવી ત્હેમનાં હૃદયને ઠારશો તો ત્હેના પરિણામે તો જરૂર સ્વર્ગના હક્કદાર બનશો. મહાનુભાવ, ત્હમે સજ્જન છો, શ્રીમંત છો, માનવંતા છો એ બધું શાના પ્રતાપે છે? પૂર્વ જન્મમાં સરળતા, નમ્રતા, સજ્જનતા, ઉદારતા વગેરે ધારણ કર્યા હશે ત્હેનાં એ ફળ છે. શુભ વૃત્તિ અને શુભ કાર્યોનાં ફળ ચાખ્યા પછી શું ત્હમે ઉદાર વૃત્તિ બતાવતા અટકી જશો? શું પહાડનો કબજો મળી જવાથી તીર્થંકરો કે દેવો ખુશ થઇ જઇ ત્હમને બદલામાં મોક્ષ આપી દેશે? અગર શું ત્હમારા શ્રાવકો ત્હમને તે સેવા માટે પગ ધોઇ પૂજશે? લોકોના માનપર ભરોસો ન રાખો. જેઓ આજે ત્હમને માન આપશે તેઓ કાલે જ બીજા કોઈ સ્વાર્થના નુકશાન વખતે ત્હમને અપમાન પહે-

---

અને શક્તિનો ભોગ સુલેહના કામમાં આપત જ નહિ. પુષ્કળ રળવા પામેલાઓ પણ પોતાને જે યુદ્ધ પસંદ છે તે યુદ્ધ સમાજનાં નાણાંથી ચલાવે છે તેથી જ મ્હને ખેદ થાય છે અને તેથી જ બન્ને પક્ષના જૈન પત્રકારોને અરજ કરૂં છું કે યુદ્ધની ઉશ્કેરણીમાં પરિણમે એવો કાંઈ રિપોર્ટ કે ટીકા લખવા પહેલાં તેઓ બે વાર વિચાર કરે. વળી કોર્ટે ભૂલ કરી છે એમ બન્ને 'પક્ષકારો' ભલે બોલે, પણ પત્રકારોએ બોલવું જોઈતું નથી; કારણ કે જે પુરાવા અને હકકોની-જજમેન્ટ મળ્યા પછી-વાતો થાય છે તે આટઆટલી મુદતો પડવા છતાં—આટઆટલો સમય મળવા છતાં—કેસમાં કેમ રજુ ન કરવામાં આવ્યા? જે હક્કને એવું મ્હોટું ગંભીર રૂપ આપવામાં આવે છે કે જો તે હક્ક ગયા તો જાણે કે ધર્મનો જ લોપ થઇ જશે અને એના રક્ષણ માટે લાખો રૂપિઆ લડાઈમાં ખર્ચવાની ઉશ્કેરણી થાય છે, તેવા ઉપયોગી હક્કની બાબતમાં હાથમાંના પુરાવા રજુ કરવા જેટલી પણ દરકાર ન કરવામાં આવે એ શું આગેવાનોનો જેવો તેવો દોષ છે? અને જ્યારે આવા જ આગેવાનો મારફત હજીઆ લડવાના છે તો પછી લડવા કરતાં પંચ દ્વારા સમાધાન કરવું એ પોતાના હિતની દૃષ્ટિએ પણ સલાહભર્યું નથી? હું તો માનું છું કે કોર્ટ ભૂલતી નથી, પક્ષકારો પણ ભૂલતા નથી; માત્ર કુદરત આ બાજી ખેલી રહી છે—એવી રીતે કે એક કેસમાં એક પક્ષને હરાવે અને બીજા કેસમાં બીજા પક્ષને, અને બન્નેને એ પ્રમાણે હરાવી-થકાવી સુલેહની ગરજ વાળા બનાવે. કુદરતના માર્ગનું અવલોકન કરનાર હજી ધારે તો હાર-જીતનાં સરખાં ત્રાજવાં છે તે તકનો લાભ લઇ 'જરૂરીઆત'ને 'સદ્ગુણ' બનાવી 'પંચ'નું શરણ લઇ શકે.

ચાડવા પણ તેટલા જ તૈયાર થશે. જૈન સમાજના હિત તરફ નજર રાખીને વર્તશો તો દુનિયા ત્હમને માન આપે કે ન આપે તો પણ ત્હમારૂં હૃદય તો ગુપ્ત આનંદ અનુભવશે જ અને ત્હમારૂં ભવિષ્ય પણ પ્રકાશિત જ બનશે. રસ્તો સીધો અને સહેલો છે. હમણાં તો ત્હમે જીતી ગયા છો, વિજેતા બની ચૂકયા છો. વિજતા તરીકે આગળ આવીને કહેવું કે "અમો જીત્યા છીએ તે માત્ર ત્હમારા દુરાગ્રહને તોડવા માટે જ, પણ સરકારની નજરમાં જીતવા કરતાં દેવની નજરમાં જીતવું અમો વધારે પસંદ કરીએ છીએ, માટે આવો, બંધુઓ, આવો અને આ પહાડની બાબતમાં ત્હમને જે હકકો જોઇએ તે ખુશીથી લ્યો. ત્હમે અમારા ભાઇઓ છો; સ્વામીભાઇની ઇચ્છા તૃપ્ત કરવા ખાતર અમો અમારા ગમે તેવા લાભો જતા કરવાને પણ તૈયાર છીએ." અને ખાત્રી રાખજો કે આ ભલમનસાઇનો દુરૂપયોગ નહિ જ થવા પામે પણ ઉલટો બેવડો લાભ થશે. આટલેથી જ આ ચર્ચા પર હું પડદો નાખીશ.

પ્રમુખ મહાશયના ભાષણનું અવલોકન અહીં લગભગ પુરૂં થાય છે. હા, ત્હેમણે 'હિંદુ યુનિવર્સીટી' બાબત તથા પંડિત અર્જુનલાલજી* બાબત પોતાના છાપેલા ભાષણમાં ઉલ્લેખ કર્યો હતા ખરા; પણ તે બાબતમાં અત્રે તો એટલું જ નોંધવા જેવું જણાય છે કે, હિંદુ યુનિવર્સીટીમાં જૈન સાહિત્યની સગવડ કરવા માટે ત્હેમણે પોતે ૧૫૦૦૦ ની મ્હોટી રકમ આપી હતી અને રૂ. ૫૦૦ જેવી તુચ્છ રકમ મ્હારી તરફની સ્વીકારવાની અરજ—હું સ્થાનકવાશી હોવા છતાં—મંજુર રાખવાની ઉદાર દૃષ્ટિ બતાવી હતી અને એકંદરે લાખેક રૂપિયા એ ઉત્તમોત્તમ કામ માટે ત્હાં જ ભરાયા હતા. અગાઉની કોઇ પણ કૉન્ફરન્સમાં આવું સારૂં ફંડ થયું નહોતું. આ ઉપરાંત કલકત્તા ખાતે એક ધર્મશાળા, ઉપાશ્રય, લાઇબ્રેરી વગેરેની ગરજ સારે એવું મકાન બાંધવામાં પણ પ્રમુખશ્રીએ રૂ. ૨૫૦૦૦ ની રકમ તે પ્રસંગે જાહેર કરી હતી, જેમાં બીજા કચ્છી પ્રતિનિધિઓએ મ્હોટો ઉમેરો કર્યો હતો અને સ્થાનિક જૈનોની રકમ ઉમેરાતાં લગભગ લાખેક રૂપિયા થવાનું સંભળાતું હતું. ઉપરાંત બીજાં પણ

---

* અર્જુનલાલજી બાબતમાં એક પેરેગ્રાફ પ્રમુખના ભાષણમાં છપાઇ ગયેલો હતો; મુંબઇનાં જાહેર પેપરોમાં પ્રમુખનું ભાષણ છપાયું ત્હેમાં પણ તે પેરેગ્રાફ વાંચવામાં આવ્યો હતો; પરન્તુ કલકત્તા પહોંચ્યા પછી કેટલાકોની હઠથી એ પેરા રદ કરાવી ભાષણ ફરીથી રાતોરાત છપાવવાની ફરજ પડી હતી.

ભિન્નભિન્ન ખાતાંઓમાં પ્રમુખશ્રીએ રૂ. ૨૦ થી ૨૫ હજારની સખાવતો તે અરસામાં કરી હતી. કલકત્તા ખાતે મળેલી શ્વેતામ્બર મૂર્તિપૂજક કૉન્ફરન્સ, આ પ્રમાણે, પ્રમુખના ઉત્તમ ભાષણ તેમજ ઉદાર દાન માટે વાજબી મગરૂરી લઇ શકે. કાંઇ પણ અતિશયોક્તિ વગર કહી શકાય કે જૈનના કોઇ પણ ફીરકાની કોઇ પણ કૉન્ફરન્સ વિચાર તેમજ આચાર બન્નેની બાબતમાં આવું રૂડું પરિણામ લાવી શકી નથી.

પ્રમુખના છેવટના શબ્દો–ઉપસંહારનાં વચનો–ખરેખર અમૂલ્ય હતા અને તમામ અગ્રેસરોએ ગોખી રાખવા જેવા હતા. તેઓએ કહ્યું હતું કેઃ–" કૉન્ફરન્સની ત્રણ દિવસની બેઠક હવે પુરી થઇ છે અને આપણે બીજી બેઠકમાં ભેગા મળીએ તે પહેલાં મ્હારે છેવટના બે બોલ કહેવા જોઇએ છે. આપ ભાઇઓએ આ મહાસભાનું પ્રમુખપદ આપીને મ્હને જે મ્હોટું માન બક્ષ્યું છે તે માટે હું ખરા દીલથી આપ સાહેબોનો ઉપકાર માનુંછું. **આ માન હું આખી જીંદગી સુધી જીગરમાં જાળવી રાખીશ અને એ માનને લાયક બનવાની હું હમેશ કોશીશ કરતો રહીશ.** હું સારી રીતે સ્હમજુંછું કે એક કોમના પ્રમુખ થવામાં એટલી મ્હોટી જોખમદારી છે કે **એ પદને શોભાવવા માટે ત્હેણે આખી જીંદગી સુધી સમાજસેવક બની રહેવું જોઇએ.** સજ્જનો ! મ્હને જોઇને સંતોષ થયો છે કે મ્હારા પ્રથમના ભાષણમાં સૂચના કર્યા મુજબ ત્હમોએ સંપ અને **વિદ્યાવૃદ્ધિ** એ બે મહાન અગત્યના વિષયો ઉપર પૂરતું ધ્યાન આપી કિમતી ઠરાવો કર્યા છે, એટલું જ નહિ પણ વિદ્યાવૃદ્ધિને અંગે એક મ્હોટું ફંડ હિંદુ યુનિવર્સિટી માટે કરીને ત્હમારી લાગણી કાર્યમાં મૂકી બતાવી છે; આવી જ રીતે ખરૂં **વિચારવાની** અને ખરૂં **કરવાની** વૃત્તિ દર કૉન્ફરન્સ વખતે ચાલુ રાખશો તો જરૂર સંઘની ઉન્નતિ તાકીદે થશે. **સંપની બાબતમાં ત્હમે જે ઠરાવ કર્યો છે તે માટે હું ત્હમોને મુબારકબાદી આપું છું.** આ બાબતમાં મ્હારા ભાષણમાં કરેલી સૂચનાની કિમત ત્હમને એ ઉપરથી થશે કે લોકમાન્ય તિલક, મહાત્મા ગાંધી અને ઑનરેબલ મદનમોહન માલવિયા જેવા દેશરત્નો પણ ત્હમારી સમક્ષ પધારીને **સમસ્ત જૈન કોમમાં** એકતા કરવા માટે ઉપદેશ આપી ગયા છે અને અંદરોઅંદરના ક્લેશને તીલાંજલિ આપવાનો આગ્રહ કરી ગયા છે. **શાણા માણસો માટે ઇસારો માત્ર બસ છે.**

મ્હોટા પુરૂષોનાં વચનને માથે ચ્હડાવે તે જ સુખી થશે. હું માત્ર એટલું જ કહી શકું; કારણ કે મ્હને ત્હમારી બુદ્ધિ અને ભલાઇમાં વિશ્વાસ છે અને મ્હને ખાત્રી છે કે આપણે કલકત્તા છોડીએ તે પહેલાં આપણા સંપના ઠરાવને તથા ત્રણે મહાપુરૂષોની સલાહને અમલમાં મૂકવાનું વ્યવહારૂ પગલું ભરવાનું ડહાપણ આપ જરૂર બતાવશો જ. સંપ ચાહનારે છૂટછાટ જરૂર મૂકવી જોઈએ. એક વેંત નમશે તો બીજો હાથ નમશે. દીલ સાફ હોય ત્યહાં ટંટો ઉભો રહી શકે જ નહિ

" સજ્જનો ! કૉન્ફરન્સના બંધારણમાં પણ ત્હમો સારૂં કામ કરી શકયા છો, તે માટે ત્હમને મુબારકબાદી આપતાં હું નમ્રતાપૂર્વક અરજ કરૂં છું કે, હવે જ્યહારે કૉન્ફરન્સના ઇતિહાસમાં સુધારણાનું નવું પાનું આપણે આ વખતે શરૂ કરી દીધું છે ત્યહારે તે પાનું ઉંચામાં ઉંચાં કામો વડે પુરૂં ભરવું એ કૉન્ફરન્સના કાર્યાધિકારીઓનું ખાસ કર્ત્તવ્ય છે.

"એક કૉન્ફરન્સથી બીજી કૉન્ફરન્સ સુધીના વખતમાં આન્દોલન અને ઉત્સાહપૂર્વક કામ કરવા તરફ ધ્યાન આપવા મ્હારી ખાસ વિનંતિ છે; અને પ્રતિનિધિ સાહેબોને પણ મ્હારી અરજ છે કે આ કૉન્ફરન્સના વિજય કે પરાજયના યશ અને અપયશમાં ત્હમારો ભાગ છે તે ભૂલશો નહિ, ત્હમારે દૂરથી જોઇ રહેવાનું નથી પણ જે ઠરાવો ત્હમારી હાજરીમાં અને ત્હમારી સમ્મતિથી આજે થયા છે તે ઠરાવોનો અમલ કરવામાં કૉન્ફરન્સ ઑફિસને ત્હમારે સતત્ મદદ કરવાની છે વાત કદાપિ ભૂલશો નહિ. " વગેરે, વગેરે, વગેરે.

આ ભાષણમાં ત્હેમણે (૧) પોતાની ફરજ (૨) કૉન્ફરન્સના કાર્યવાહકોની ફરજ તેમજ પ્રતિનિધિઓની ફરજ મીઠા નમ્ર શબ્દોમાં કહી બતાવી છે. આગળ જતાં રા. કુંવરજીભાઇ આણંદજી ( 'જૈનધર્મપ્રકાશ' ના સમ્પાદક ) પ્રત્યે ખુલ્લી રીતે કેટલુંક સ્પષ્ટ વક્તવ્ય કર્યું હતું, જેમાં ત્હેમના અમુક પુરાણા દોષનું સ્મરણ કરાવ્યું હતું અને કચ્છીઓને ભાઈ તરીકે ગણવા વિનંતિ કરી હતી. 'બુઢ્ઢાબાવા'-ની તે વખતની સ્વાભાવિક નમ્રતા, છટા, ઍકટીંગ વગેરેથી સભાજનો અંજાઇ ગયા હતા અને પાણી પાણી થઇ ગયા હતા એમ કબુલ કર્યા વગર એમના દુશ્મનોને પણ ચાલશે નહિ. રા. કુંવરજીભાઇને ત્હેમણે પોતાના ઉદાર સ્વભાવથી જીતી લીધા હતા; એ જય ખરેખર અભિમાન લેવા યોગ્ય અને સમાજને પણ હિતાવહ હતો. રા. કુંવરજીભાઇએ પણ જવાબ વાળવામાં પુષ્કળ સાકર પીરસી દીધી હતી. આપણે ઇચ્છીશું કે તે ઐક્ય બન્યું રહે અને કુંવરજીભાઇએ આપેલું વચન નજીકના ભવિષ્યમાં સફળ થવા પામે.

# (२) कलकत्ता कॉन्फरन्स उपर उडती नोंध.

આજ સુધીમાં મળેલી જૈન કૉન્ફરન્સો પૈકી કોઇએ કાંઇપણ દીલાસો લેવા જોગ કામ કર્યું હોય તો તે કલકત્તા ખાતે મળેલી અગીઆરમી શ્વે૦ મૂ૦ કૉન્ફરન્સ હતી એમ સઘળાઓ સ્વીકારશે. એમ તો બધીએ કૉન્ફરન્સો ઠરાવો કરે છે તથા લાંબાં ટુંકાં ભાષણોનો અને યથાશક્તિ મંડપ અને સરઘસોનો દેખાવ કરે છે, પણ કલકત્તા કૉન્ફરન્સમાં હિંદુ યુનિવર્સિટીમાં જૈન સાહિત્ય શિખવવાના કામ માટે જે લાખેક રૂપિયાનું ફંડ થયું અને પ્રમુખ તરફથી જૂદી જૂદી સંસ્થાઓને જે દાન મળ્યું, મહાત્મા ગાંધી, લોકમાન્ય તિલક અને ઑન. પંડિત માલવિયાજી જેવા હિંદના ત્રણ મહાન રાજકીય નેતાઓએ હાજરી આપીને કિમતી ઉપદેશ આપ્યો, તથા તીર્થને લગતાં યુદ્ધોનું ઘરમેળે સમાધાન કરવાની હિમાયત કરનારો ઠરાવ (યુદ્ધ ક્ષેત્ર વચ્ચે) પસાર થયોઃ આ બનાવો તે કૉન્ફરન્સને અગત્ય અને બીજી સઘળી કૉન્ફરન્સો કરતાં સરસાઇ આપનારા લેખાશે.

હિન્દુ યુનિવર્સિટીને અંગે થયેલા ફંડ સંબંધમાં 'જૈન ધર્મપ્રકાશ' પત્ર લખે છે કે "હિંદુ યુનિવર્સિટીમાં જૈન સાહિત્યશિક્ષણ અને રેસીડન્સીને અંગે કાયદામાં એવું લખાઇ ગયું છે કે, જૈનો ખાસ ખર્ચ આપે તો તેમને માટે અલગ Jain Chair (પ્રોફેસર) જૈન અભ્યાસની ગોઠવણ કરી આપવી. એને માટે કુલ ત્રણ બાબતોનો ખર્ચ થવાનો હિસાબ થતાં તે બાબતમાં રૂ. ૮૮૦૦૦ જેટલી રકમ આપણા ફાળા તરીકે આપવાની વ્યવસ્થા થઇ ગઇ છે. તે સંબંધી કાર્ય કરવા એક કમીટી નીમવામાં આવી છે, બાકીની રકમનો કેટલોક ભાગ સ્થાનકવાસીઓ આપશે. કાંઇક ભરાયલી રકમમાં વધારો થશે અને અરધી રકમ દિગમ્બર બંધુઓ આપશે. એ વગેરે વિગતો મુકરર કરવાનું કાર્ય એ કમીટી કરશે. આ કાર્ય બહુ વ્યવહારૂ થયું છે." અલબત શ્વેતામ્બર ભાઇઓએ ઘણી સારી રકમથી એક ઘણા વ્યવહારૂ કાર્યની શરૂઆત કરી છે અને હજી તેઓ ત્હેમાં વધારો કરી શકશે એમ પણ દેખાય છે. દિગમ્બર ભાઇઓએ પણ પોતાનો ફાળો આપવો જોઇએ છે, તેમજ સ્થાનકવાશી ભાઇઓએ પણ. પરન્તુ, ભૂતકાળમાં બનતું આવ્યું છે તેમ ભવિષ્યમાં પણ અંદરો અંદર કલહ થવા ન પામે

અને યુનિવર્સિટી જેવી સાર્વજનિક સંસ્થામાં જૈનોનો ખરાબ દેખાવ થવા ન પામે એટલા માટે કેટલીક **ચેવતણી** આપવાની જરૂર રહે છે. કહેવામાં આવે છે તેમ **ત્રણ** કામોને અંગે ફંડની જરૂર છેઃ મંદિર બાંધવા માટે, રેસીડેન્સ્યલ ક્વૉર્ટર્સ અથવા જૈન વિદ્યાર્થીઓને રહેવાનાં **જૂદાં મકાન** બાંધવા માટે, તથા જૈન ધર્મનું તત્ત્વજ્ઞાન શિખવનાર પ્રોફેસરનો પગાર આપવા માટે. આ સ્થળે દેશદૃષ્ટિથી મ્હારે મ્હારા વિચારો—તે ગમે તેવા અપ્રિય લાગે તોપણ-કહેવાની જરૂર છે. મ્હને ભય છે કે, હિન્દુ યુનિવર્સિટીના જન્મદાતા **માલવિયાજી** ધર્મની સેવાના અસાધારણ અને હદપારના ધખારામાં દેશને લાભ કરતાં કદાચિત્ ગેરલાભ કરનારા વધારે થઇ પડશે. યુનિવર્સિટીનો મુખ્ય આશય માનસિક વિભૂતિઓ આપવાનો છે, અને આ **ખાસ** યુનિવર્સિટીમાં **ધર્મ**તત્ત્વ ઉમેરવામાં આવ્યું છે તે માત્ર એટલા જ કારણથી કે પાશ્ચાત્ય શિક્ષણથી આ દેશના વિદ્યાર્થીઓ **પોતાપણું** ભૂલી જવા ન પામે અને પોતાના દેશ માટે તેઓમાં માનની લાગણી બની રહેવા પામે. હિંદના એક હજાર ને એક ન્હાના મ્હોટા ધર્મપંથોના ભેદો આ સંસ્થામાં દાખલ કરી શકાય નહિ, કારણ કે તેથી તો ઉલટું આજ સુધી ચાલ્યા આવતા ભેદભાવોને પુષ્ટિ મળશે, કે જે આ દેશની ખાણાખરાબી કરનાર થઈ પડયા છે, અને વળી ઝગડા વધવા પામશે; એટલું જ નહિ પણ કેટલાક ધર્મની માન્યતાઓ તો એવી સંકુચિત છે કે હેને જો યુનિવર્સિટીમાં જગા મળી તો વિદ્યાર્થીઓ સંકુચિત દીલના થયા વગર રહેવાના નહિ. જે જરૂરનું છે તે એટલું જ કે, **વેદધર્મ** અને **જૈનધર્મ** એ બે હિંદના મુખ્ય ધર્મોનું તત્ત્વજ્ઞાન—માત્ર ફીલસુફી—શિખવવાનો બંદોબસ્ત કરવો, કે જે ફીલસુફીઓ **વિચાર શક્તિને ખીલવનારી અને જગત્ તથા જીંદગીના કોયડાને ઉકેલવામાં મદદગાર થાય તેવી** છે. વેદ ધર્મને માનનારામાં જે સંખ્યાબંધ પંથો અને ભેદો છે અને જૈન ધર્મને માનનારામાં પણ, હેની સાથે એક યુનિવર્સિટીને કાંઇ લેવાદેવા **ન હોઈ શકે**, અને તે તે ધર્મપંથોની ધાર્મિક ક્રિયાઓ સાથે પણ. જ્યહાં સઘળા ધર્મના યુવાનો વસતા હોય, ત્યહાં જૂદીજૂદી ધર્મક્રિયાઓ અને પંથશિક્ષણો તથા ભિન્નભિન્ન પ્રકારની મૂર્ત્તિઓ દાખલ કરવી એ કોઇ રીતે ઈષ્ટ નથી. પ્રથમ તો University Education-ના આશયોને જ આ રીત હરકત કરનારી છે; પરન્તુ તે મુદ્દો

પંથમોહવાળાઓ અને કેળવાયલા પણ ટુંકી દૃષ્ટિના લોકો માન્ય રાખશે નહિ એ હું જાણું છું. તથાપિ જૂદા જૂદા ફીરકાવાળાના પોતાના જ દૃષ્ટિબિંદુથી જોઇએ તો પણ ત્હેમને પણ આ રીત કોઇક વખત નડશે. દાખલા તરીકે ધારો કે દિગમ્બર જૈન વિદ્યાર્થીઓ માટે એક દિગમ્બર મંદિર ત્હાં બાંધવામાં આવ્યું; હવે આપણે જાણીએ છીએ કે દિગમ્બર પ્રતિમાજી નગ્ન સ્વરૂપે હોય છે, એટલુંજ નહિ પણ શ્રી ગોમટજીનું જે ચિત્ર પૂજ્યભાવથી રાખવામાં આવે છે ત્હેમાં પુરૂષ-ચિન્હ ખુલ્લેખુલ્લું અને આખ્ખું ચિતરવામાં આવું હોય છે. નગ્ન મૂર્તિને માનવાની પ્રથા પાડનારા મહાપુરૂષોનો મૂળ આશય 'નગ્ન સત્ય' (naked Truth)ની ભાવનાને પ્રગટ કરવાનો—અને તેથી પ્રશંસાપાત્ર—છે એમ હું પોતે કહીશ, પરન્તુ કૉલેજના અજૈન વિદ્યાર્થીઓ કાંઇ એવો ઉદાર ખ્યાલ લાવશે નહિ અને સંભવ છે કે કોઇ નહિ ને કોઇ અજૈન વિદ્યાર્થી તે પવિત્ર પદાર્થને અપમાન આપનારો શબ્દ બોલશે કે અટકચાળો કરશે, તે વખતે અંદરો અંદર ધાર્મિક ટંટા જ ચાલશે કે બીજું કાંઇ? બ્રાહ્મણોના એક ભાગમાં લિંગપૂજાની રૂઢિ છે; હવે જો કે પ્રખ્યાત ફીલસુફ શોપનહોર એ થિઅરીનો ઘણો સુંદર અર્થ બતાવે છે તોપણ જુવાન વિદ્યાર્થીઓ યુનીવર્સીટીના સ્થળમાં થતી લિંગપૂજા જોઇને શું કહેશે? ધારો કે જૈનો તરફથી આપવાના ફાળામાં સ્થાનકવાશી જૈનોએ પણ હિસ્સો આપ્યો અને તેઓએ દિગમ્બર મંદિર અને શ્વેતામ્બર મંદિરની બાજુમાં પોતાના પંથના વિદ્યાર્થીઓ માટે એક સ્થાનક બાંધવાનો હકક રજુ કર્યો ( જેવો હકક કરતાં કેટલાંક ચર્ચાપત્રો મ્હને મળ્યાં પણ છે ) અને એ સ્થાનકમાં કોઇ સ્થા. સાધુ મુહપતિસહિત આવ્યા, તે વખતે—જો કે મુહપતિનો બચાવ પણ છે તો પણ—બીજા ધર્મના વિદ્યાર્થીઓ પૈકી એકાદ કોઇ ત્હેની ઠેકડી નહિ જ કરી બેસે એની શું ખાત્રી? (વિદ્યાર્થી-પ્રકૃતિ પ્રાય: સર્વત્ર એક સરખી જ હોય છે; અને સાયન્સ તથા લૉજીક સાથે જુવાનીની પ્રકૃતિ ભળે ત્હાં ક્રિયાકાંડના કોઈ સ્વરૂપ પરનો પવિત્ર ઝભ્ભો ખસી જાય અને awe and respect અદૃશ્ય થાય તો એમાં બહુ આશ્ચર્ય પામવા જેવું નથી.) એવી જ રીતે ધર્મશિક્ષણની બાબતમાં પણ મુશ્કેલી નડવાની છે. જૈનના ૩ ફાંટા છે, જેમાં શ્વેતામ્બર મૂર્તિપૂજક અને સ્થાનકવાશી તો એક જ સૂત્રોને માનનારા છે, પણ દિગમ્બરોના તો ધર્મગ્રંથો પણ જૂદા જ છે; અને પહેલા બેમાં પણ ક્રિયાકાંડના સંબંધમાં મુખ્ય

વાંધો છે. આ સંજોગોમાં હિન્દુ યુનિવાર્સિટીમાં જે એક પ્રોફેસર જૈન ધર્મ પર ભાષણ આપવા માટે **તમામ જૈનોના ખર્ચે** રાખવામાં આવશે, તે શું શિખવશે ? આ બધી મુશ્કેલીઓ દૂર કરવાનો માત્ર એક જ રસ્તો મ્હને જણાય છે અને તે એ છે કે, જૈન તત્વજ્ઞાન જ જેથી મળી શકે એવાં- કર્મગ્રંથ જેવાં-પુસ્તકો જ ચલાવવાં અને ક્રિયાકાંડ અને ત્હેનો બોધ કરનારાં પુસ્તકો સાથે યુનિવર્સિટીએ કાંઇ સંબંધ રાખવો નહિ. તેવીજ રીતે તમામ હિંદુ વિદ્યાર્થીઓને માત્ર ઉપનિષદ્ ગ્રંથો અને તે ઉપર પ્રકાશ પાડતા ગ્રંથો જ શિખવવા. જીંદગી અને જગત્ ઉપર યુરોપ જે દૃષ્ટિથી જુએ છે તે કરતાં હિંદ જૂદી-અને વધારે ઉંડી-દૃષ્ટિથી જુએ છે, માટે હિંદની બે પ્રાચિન ફીલસુફીઓ—કે જે ઉપનિષદોમાં અને કર્મગ્રંથોમાં સમાયલી છે તે જ હિંદી વિદ્યાર્થીઓને શિખવવા યોગ્ય છે. આ બેમાં ફીરકા કે પંથનું નામનીશાન નથી, તે તો માત્ર Universal Truths about Natureનું શોધન કરવા પુરતી જ દરકાર રાખે છે, અને યુનિવર્સીટીને તે જ ચીજ કામની છે. " અહીં ધર્મનું શિક્ષણ પણ આપવામાં આવશે અને ત્હમે માત્ર ૦।। કલાક ત્હમારા દેવના મંદિરમાં જાઓ છો પણ અહીં તો ચોવીશે કલાક ત્હમારી દૃષ્ટિ મંદિર તરફ રહે એવી રીતે મધ્યમાં મંદિર રાખવાનું છે " એવી મતલબના **માલવિયાજી**ના શબ્દો orthodox લોકોને પ્રથમ દૃષ્ટિએ બહુ મીઠા અને લલચાવનારા લાગે એ સ્વાભાવિક છે અને એમની નબળી બાજુને-emotional side ને-ગલગલીઆં કરવાથી પૈસા પણ વધારે નીકળી આવે એ પણ સ્વીકારવા યોગ્ય છે, પરન્તુ દેશને તેમજ પ્રથક્ પ્રથક્ પંથવાળાઓને પણ એથી ભવિષ્યમાં નુકસાન થવાનો જે ભય છે તે તરફ બુદ્ધિશાળીએ આંખમીંચામણાં કરવાં જોઇતાં નથી. ધ્યાનમાં રહે કે, કૉલેજમાં ભણનારામાં બધી જાતના યુવાનો હોય છે, **આર્યસમાજીઓ**, **બ્રહ્મોસમાજીઓ**, વગેરે પણ. હું જો હૃદયથી મૂર્ત્તિપૂજક જૈન હોઉં તો એ સઘળાઓના નિવાસસ્થાન વચ્ચે મ્હારી પૂજ્ય જૈનમૂર્ત્તિ રાખવામાં હું ગૌરવ સ્હમજું નહિ. **માલવિયાજી** તરફ મ્હને માન છે છતાં કહેવું પડશે કે આ બાબતમાં તેઓ કાચું કાપતા હોય એમ **મ્હને** જણાય છે. તેઓ ન જ ભૂલ કરે એમ કોઇએ માની લેવાનું નથી. પરદેશગમન કરનારાની સંખ્યા દરેક કોમમાં આટલી બધી વધી પડી છે તેવે વખતે-અને અનેક પુરાણપ્રેમીઓએ પણ પોતાની હઠ છોડી દીધી છે

તેવે વખતે-માલવિયાજીએ 'હોમરૂલ'ની લડત માટે ઇંગ્લંડ ઉપડી જવા પહેલાં કાશીના પંડિતોને આ વિષયની ચર્ચા માટે આમંત્રણ આપ્યું એ શું નિર્બળતાની અવધિ નથી ? પરદેશગમન એ જો એમના "સનાતન ધર્મ" થી નિષેધાયલું જ હોય તો ત્હેમણે "હોમરૂલ" માટે પણ ઇંગ્લંડ જવાની હા ભણવી નહોતી, અને જો નિષેધાયલું નથી એવી પોતાના અંતરાત્માને ખાત્રી હોય તો પછી કાશીના પંડિતોના અભિપ્રાયો માગવાની નિર્બળતા-પારકા મત ઉપર આધાર રાખવાની નબળાઇ (જેને ભર્તૃહરિ 'મૂઢ'તા કહે છે) ત્હેને તાબે થવું જોઇતું નહોતું. અને આટલી ઉમર સુધી પૂર્વ અને પશ્ચિમનું જ્ઞાન પામવા છતાં, અને સમુદ્રયાત્રા બાબતમાં થયેલી અનેક ચર્ચાઓનો અનુભવ છતાં, ત્હેમની બુદ્ધિ આવા એક ક્ષુલ્લક વિષય ઉપર પણ નિશ્ચય બાંધવાને શક્તિમાન ન થઇ હોય તેથી જ જો પંડિતોના અભિપ્રાય પૂછ્યા હોય તો-તો, અફસોસ, ન્હાને મ્હોડે મ્હોટી વાત કરવાનું સાહસ ખેડવું પડે છે કે-તો તેઓ હિંદુ યુનિવર્સિટીની વાત કરવાને યોગ્ય પુરૂષ ગણાય નહિ. અને યુનિવર્સિટી જેવી સંસ્થાની સાથે જૂદા જૂદા ધર્મપંથોના મંદિરોને જોડવાની માલવિયાજીની પસંદગી પણ એવી જ નાપસંદ કરવા જેવી છે. "મ્હારા ધર્મનું બહુમાન થયું ! યુનીવર્સીટીમાં પણ મ્હારા ધર્મને સ્થાન મળ્યું !" એવા ઉદ્ગારો આજે તો ધર્મઘેલા લોકો કહાડશે જ, પણ પરિણામ આવશે ત્ય્હારે ખબર પડશે. આવી બાબતમાં લોકોની પસંદગી પર આધાર રાખી શકાય જ નહિ; સમાજશાસ્ત્ર અને માનસશાસ્ત્રના અભ્યાસી થોડાઓએ ભવિષ્ય તરફ નજર રાખીને કામ લેવું જોઇએ છે. હિંદની નબળાઇ મુખ્યત્વે ત્હેના ટોપલાબંધ ધર્મપંથોને આભારી છે એ સત્ય હજારોવાર પુરવાર થઈ ચૂક્યું છે અને હજી માલવિયાજી નવેસરથી એ સવાલને તપાસવા અને અખતરા કરવા નવરા થાય છે તે આશ્ચર્યભર્યું છે.

જૈન વિદ્યાર્થીઓ માટે જૂદા ક્વૉર્ટર્સ (રહેઠાણ) કરવાં અને તે જૈનોના ખર્ચે બાંધવાં, એ વાત પણ કોઇ બુદ્ધિમાન હિંદીને ગળે ઉતરી શકશે નહિ. શું જૈન અને બીજા હિંદુ વિદ્યાર્થીઓ ભેગા રહે એ અનિષ્ટ છે ? શું માલવિયાજીને, હિંદુ વિદ્યાર્થીઓને જૈનનો ચેપ લાગવાનો કે જૈનોને હિંદુ વિદ્યાર્થીનો ચેપ લાગવાનો ભય છે અને તેથી ક્વૉરન્ટાઇન કરવા તૈયાર થયા છે ? ખરી વાત તો એ છે કે, બધા હિંદી વિદ્યાર્થીઓ ભેગા રહેવાથી એક બીજા-

નાં **ખાસ લક્ષણો** ( Characteristics ) ની અદલાબદલી થઇ સઘળાને લાભ થાય, તેમજ હિંદી તરીકેની ભાવના પણ આહારાદિ એક સાથે કરવાથી જ પુષ્ટ થાય. જૈનોને જો **પંથમોહને** છૂટો છેડો આપવાની સલાહ સ્વીકારવી પાલવતી હોય તો હું કહીશ કે, તેઓએ ફંડ ભલે એને બદલે બાર લાખનું કરવું પણ તે પૈકી **Jain** chair ને લગતા ખર્ચ સિવાયની બાકીની રકમ વગર શરતે યુનિવર્સીટીના ભંડોળમાં જ આપી દેવી. જૈન મંદિર કે સ્થાનક **અને** જૈન વિદ્યાર્થીઓ માટે જૂદા ક્વૉર્ટર્સની કાંઇ ધામધૂમ કરવી નહિ. 'બૉમ્બે ક્રોનિકલ' ના એક વિદ્વાન હિંદુ ચર્ચાપત્રીએ સાબીત કરી આપ્યું છે તેમ, 'હિંદુ ધર્મ' એવી કોઇ ચીજ હયાતી ધરાવતી નથી; વેદ ધર્મ, જૈન ધર્મ એ શબ્દો સાચા છે, તેમ વિદેશીઓએ **આર્યાવર્તની પ્રજાને** આપેલું 'હિંદુ' નામ લાંબા વખતના પરિચયથી ઘરગતુ થઇ પડવાથી '**હિંદુ પ્રજા**' એમ બોલવામાં હરકત નથી, કે જે 'હિંદુ પ્રજા'માં શૈવી, વૈષ્ણવ, **આર્યસમાજી**, જૈન, બુદ્ધીસ્ટ વગેરે તમામનો સમાવેશ થઇ જાય છે. '**હિંદુ** યુનિવર્સીટી'નો કાંઇ અર્થ હોય તો **હિંદના** પ્રાચીન ધર્મો-**વેદ**, **જૈનીઝમ અને** બુદ્ધિઝમના તત્ત્વજ્ઞાનના અભ્યાસ સાથે પાશ્ચાત્ય વિદ્યાઓ શિખવનારી મહાસંસ્થા એટલો જ છે. જૈનો પણ **હિંદુ** જ છે **અને** તેથી ત્હેમણે **હિંદુ યુનિવર્સીટીના** બીજા વિદ્યાર્થીઓથી **અલગ**—અને ખાસ **પોતાના જ ખર્ચે** બંધાવેલા—ક્વૉર્ટર્સમાં રહેવું એ ઇષ્ટ નથી તેમ **સહ્ય** પણ નથી.

કલકત્તા જૈન કૉન્ફરન્સની સરસાઇ જે ચાર બનાવોને આભારી ત્હેમાંનું **બીજું** કારણ હવે આપણે તપાસીશું. તે, પ્રમુખના મ્હોટા દાનને લગતું છે. આજ સુધીના એક પણ જૈન ફીરકાની કૉન્ફરન્સના પ્રમુખે આવું મ્હોટું દાન કર્યું નથી. કચ્છીઓ આજ સુધી કૉન્ફરન્સમાં ભાગ લેતા નહોતા—ત્હેનાં કારણો અત્રે ચર્ચવામાં લાભ નથી—પણ જ્યહારે તેઓએ પહેલી જ વખત ભાગ લીધો ત્યહારે બધા કરતાં વધારે ઉદારતા અને શુખ દેખાવ કરી બતાવ્યો તે શું સૂચવે છે ? આટલો વખત એમની દરકાર નહિ કરવાથી શ્વેતામ્બર મૂર્તિપૂજક કોમે નુકસાન ઉઠાવ્યું છે એવું એમને હવે ભાન થયું છે, અને તેથી જ પ્રમુખના પુત્ર રા. હીરજીભાઇને હવે તેઓએ રૅસીડન્ડ જનરલ સેક્રેટરી નીમ્યા છે. મોડી મોડી પણ

આંખ ઉઘડી એટલું જ ઠીક છે. પણ હજી ભોજનભેદની નબળાઇ વીસમી સદીને કલંક સમાન તે મૂર્ખતા—તાકીદે દૂર કરવાનું પગલું ભરાય છે કે કેમ તે તો જોવાનું જ રહે છે. આ સ્થળે એ પણ કહી લેવું ઉચિત છે કે, નવા કચ્છી હોદ્દેદારે પોતાની બુદ્ધિ અને સ્વાતંત્ર્યપ્રેમનો પૂરેપૂરો ઉપયોગ કરીને કૉન્ફરન્સ ઑફિસને જાગતી બનાવવા **પુષ્કળ શ્રમ સેવવો જોઇશે,** કે જેથી પિતાએ જેમ **ઉદારતા** વડે કચ્છી કોમની કીર્ત્તિ વધારી તેમ પુત્રે **બુદ્ધિબળથી** કીર્ત્તિ વધાર્યાનું કહેવાય. કૉન્ફરન્સમાં જોહુકમી અને અંધેર પુષ્કળ ચાલે છે,—burocracy નું રાજ્ય છે; ઉંડી નજર(foresight) અને બલવાન ઇચ્છાશક્તિ (strong will power)**એ બે તત્વો વડે જ** તે સંસ્થાને આબાદ કરી શકાશે. લાલન-**શી**વજીવાળો ઝગડો એ બીજું કાંઇ નહિ પણ અમુક સાધુઓને માનનારાઓની જોહુકમીનું ચાલ્યા કરતું વિનાશક પૂછડું છે, કે જે વર્ષોના વહેવા છતાં ઝંપીને પડયું રહેતું નથી. આ બન્ને બંધુઓની વિરૂદ્ધમાં મ્હેં એટલું બધું લખ્યું છે કે મ્હને અત્યારે ત્હેમની હિમાયત કરનાર માનવાનું સાહસ માત્ર બાળજીવો સિવાય બીજા કોઇ ભાગ્યે જ કરી શકે. મ્હારી દલીલ એટલી જ છે કે, કૉન્ફરન્સને વ્યક્તિગત માન્યતાઓ અને આચારો સાથે સંબંધ હોઇ શકે નહિ; અને અમુક સાધુઓને અમુક શ્રાવક ન ગમ્યા એટલા ખાતર ત્હેમને કૉન્ફરન્સમાં ન આવવા દેવા એવી જોહુકમી કરવાની સત્તા કૉન્ફરન્સના સત્તાધીશોને ન હોઇ શકે. કોઇપણ વ્યક્તિના વિચારો અને ઉપદેશો કે લખાણો માટે કૉન્ફરન્સના જાહેર મેળાવડા વચ્ચે ખટપટ અને કોલાહલ શા માટે થવા દેવાં જોઇએ? શ્વે. મૂ. જૈન તરીકે જ્હેમને કૉન્ફરન્સના પ્રતિનિધિ કે વક્તા તરીકે આવવાનો દરેક જન્મસિદ્ધ હકક છે, ત્હેમનો તે હક્ક ખેંચી લેવાની સાધુઓના શિષ્યોને તો શું પણ બાપને પણ સત્તા ન હોઇ શકે; બલ્કે સાધુઓને શ્રાવકોની કૉન્ફરન્સના કામમાં માથું મારવાની જ સત્તા ન હોઇ શકે. અહીં તો નેવનાં પાણી મોભે જાય છે! આ એક દૃષ્ટાંત માત્ર બતાવીને હું નવા રૅસીડન્ટ જનરલ સેક્રેટરીને **વસ્તુસ્થિતિનો ખ્યાલ માત્ર** આપવા માગું છું, અને **આવી** વસ્તુસ્થિતિમાં **કેટલી કુનેહ** અને કેટલી દૃઢતાથી કામ લેવું જોઇશે તે **સૂચવવા માગું છું;** વળી, સાગમાં સારૂં પરિણામ લાવવા માટે એક વિદ્વાન સહૃદય પ્રાઇવેટ સેક્રેટરી મેળવી લઇને ત્હેને કૉન્ફરન્સ ઑફિસનું કામ સોંપવાની અગત્ય તરફ પણ લક્ષ ખેંચવા માગું છું.

હવે હિંદના ૩ મહાન રાજદ્વારીઓએ આપેલા ઉપદેશ તરફ આવીએ. લોકમાન્ય તિલક, મહાત્મા ગાંધી અને ઑન૦ માલવિયાજી એ ત્રણેના વકતૃત્વથી જૈન કૉન્ફરન્સ ઉપર વીજળીક અસર થઇ હતી. **ત્રણેના ઉપદેશમાં મુખ્ય વાત જૈનો અંદરો અંદર લડે છે તે હતી.** (શિખરજી વગેરેને લગતા ધાર્મિક યુદ્ધોનો ઘરમેળે નીકાલ કરવા અને ઐકયબળ વધારવા ત્રણેએ ભાર મૂકીને આગ્રહ કર્યો હતો. ભાષણોના પ્રેમી જૈનોએ ) નાટકનાં ગાયનમાં મઝા માનનારાને ભાષણના ચ્હડતા–પડતા ધ્વનિથી ઘડીભરની મઝા પડે એ સ્વાભાવિક છે !) ત્રણે મહાપુરૂષોની વાતો ઉપર તાલીઓ તો ખૂબ પાડી, પણ એમનાં મન જરા પણ પીંગળ્યાં હોય એમ મ્હને તો લાગ્યું નહિ. શિખરજીના ભયંકર અને ખર્ચાળ ઝગડાના સમાધાનની તમામ સામગ્રી તે વખતે તૈયાર હતી, કોશીશ કરનારે કોશીશમાં બાકી રાખી નહોતી, પણ તાળીઓ પાડનારાં અને " તીર્થોના ઝઘડાઓનો લવાદી મારફત નીકાલ કરવાનું આ કૉન્ફરન્સ ખાસ પસંદ કરે છે; કારણ કે તેવી રીતે લવાદી મારફત ઝગડાઓનો નીકાલ થવાથી જૈનકોમની લાખો રૂપિયાની **નકામી** બરબાદી થતી અટકે છે" એવો 'ઠરાવ' પાસ કરનારા શ્વેતામ્બર જૈનોએ, "મ્હને ત્હમારી બુદ્ધિ અને ભલાઇમાં વિશ્વાસ છે અને મ્હને ખાત્રી છે કે આપણે કલકત્તા છોડીએ તે પહેલાં આપણા સંપના ઠરાવને તથા ત્રણે મહાપુરૂષોની સલાહને અમલમાં મૂકવાનું વ્યવહારૂ પગલું ભરવાનું ડહાપણ ત્હમે જરૂર બતાવશો જ." એવા શબ્દોમાં પ્રમુખ મહાશયે બતાવેલી આશાને સાચી પાડી નહિ તે નહિ જ. મ્હને કહેતાં બહુ દુઃખ થાય છે, પણ આ તો 'મુખમાં રામ, બગલમાં છૂરી' જેવું વર્તન થઈ જાય છે. બચાવમાં કહેવામાં આવશે કે કૉન્ફરન્સ તો ઠરાવ માત્ર કરી શકે, લડનારા લડે તેમાં કૉન્ફરન્સ શું કરે ? પણ આ માત્ર આત્મઠગાઇ છે. કૉન્ફરન્સ એ કોઇ નામ માત્ર કે કલ્પના નથી પણ આગેવાનોનું ટોળું છે, અને લડનારા પણ આ જ આગેવાનોમાંના હોય છે. જેમણે સંપના ઠરાવમાં હા ભણી છે તેઓ જ યુદ્ધના નાયકો હોય છે. સુલેહની માગણી સ્હામા પક્ષ તરફથી થાય એવા અનુકૂળ વખતે પણ લડવાના જ ઘાટ ઘડાય એના જેવું અફસોસજનક બીજું શું હોઇ શકે ? સઘળી બાજી તૈયાર હોવા છતાં હાલ તુરત તો ખાનગી રાહે બધું નકકી કરી રાખવાનું આવે એ કેવી વાત !

અને બીજી વખત એકઠા મળવાનું ઠરાવી 'કળા' થી અવસર ચુકાવી દેવામાં આ યુક્તિ હું પ્રથમથી જ સ્હમજ્યો હતો અને મ્હેં સમાધાનીની કોશીશમાં સામેલ રહેનાર અમુક વ્યક્તિને ઇસારો પણ કર્યો હતો, પરન્તુ મ્હારા માથા ઉપર ન્હાની સરખી ટોપી માત્ર હતી, ચમકદાર પાઘડીનું ધમાલું નહોતું ! વળી હું જન્મથી ( by birth ) એક સ્થાનકવાશી જૈન હતો તેથી આનગી રાહે ગમે તેટલી સમજાવટ અને પ્રવૃત્તિ કરૂં પણ હક્ક તરીકે કાંઇ દબાણ કરી શકું તેમ નહોતું કે સબજેકટસ કમીટીમાં દરખાસ્ત લાવી મ્હારા લાગવગથી ઠરાવ પસાર કરાવી દેવાની મ્હને સત્તા નહતી. મ્હને એ બાબતનો ખેદ જરાકે નથી; કારણ કે ગાંધી અને તીલક મહારાજ જેવાના શબ્દોને પણ તાલીઓમાં જ ઉડાડી દેવામાં આવ્યા તો મ્હારી હીલચાલ ફતેહમંદ ન થાય એમાં બહુ ખેદ જેવું ન હોઇ શકે; પરન્તુ મ્હને મ્હારા પિતામહ—મ્હારા પોતાના અને મ્હારા જ પિતામહ—મહાવીરનું શાસન દુરાગ્રહને લીધે નિર્બળ પડે છે અને ભ્રષ્ટ થાય છે એ જ વાતનું દુઃખ થાય છે; અને તેટલા જ માટે વગર આમંત્રણે—વગર હકકે-વગર માને—જ્યહાં ત્યહાં ધુસીને કાંઇક લૂલોલંગડો યત્ન કરવા પ્રેરણા થઇ આવે છે,—બાકી તો મ્હારૂં નાક જહેમની સેવા કરવા જતાં મ્હને અપમાન સહવું પડે છે ત્હેમના કરતાં ઘણું મ્હોટું છે ! પણ 'સ્વાભિમાન' અને 'માનમાં મરી પડવું' એ બે ચીજો જૂદી જ છે.

માલવિયાજીએ કહ્યું હતું કે " ત્હમારૂં દળ ન્હાનું છે, પણ ત્હમારી પાસે લક્ષ્મીનું બળ વિશેષ છે. પરન્તુ યાદ રાખજો કે એ બળને ત્હમે એક બીજાની સ્હામે ટગ—ઓફ્—વોરની માફક ખેંચવામાં વાપરશો તો બળશૂન્ય થશો. મ્હેં સાંભળ્યું છે કે દિગમ્બર—શ્વેતામ્બરમાં ટંટા ચાલે છે, તે જાણી મ્હને બહુ દુઃખ થાય છે. ત્હમે બીજાને જીનધર્મી બનાવવા ઠરાવ કરોછો અને જે જૈન જ છે ત્હેને જૂદા માનશો તો બીજાને જૈન કેવી રીતે કરી શકશો ? લડવાનું છોડી દઇ તે નાણાં વડે વિદ્યાપ્રચાર કરો. ત્હમને ગવર્નમેન્ટની મદદ ન હોય તો પણ ત્હમારા દરેક છોકરા—છોકરીને કેળવવાનું કામ બજાવી શકો એવાં ત્હમારાં સાધનો છે. હું ત્હમને કહું છું કે ત્હમે જેમ બાર વ્રત લ્યોછો તેમ એક તેરમું વ્રત લ્યો કે ત્હમારામાંનો દરેક સશક્ત માણસ ઓછામાં ઓછા એક બાળક કે

બાલિકાને પોતાના ખર્ચે જરૂર ભણાવશે જ; કારણકે **એ વ્રતમાં બારે વ્રત સમાઇ જાય છે અને ત્હેમાં જ ત્હમારો ઉદય છે.** ત્હમારૂં દળ ક્રમ:**હોવાથી સંગઠન થવું સહેલું છે.** ત્હમે પ્રત્યેક ગામવાર લીસ્ટ કરી .હમારાં બાળક-બાળકીઓ ક્ટેલાં છે, શું ભણે છે વગેરેની નોંધ કરો અને જે ન ભણતાં હોય ત્હેને ભણાવવાની જોગવાઇ કરી આપો, ભણતાં હોય પણ સાધનનો ખામી હોય ત્હેને જરૂર પુરતાં સાધન આપો. જેમને પુત્ર-પુત્રી નથી તેઓ તે મેળવવા ફાંફાં મારે છે, પરન્તુ પૃથ્વિની સંપત્તિથી કે ચક્રવર્તીની સત્તાથી પણ તે ચીજ મળી શકે તેમ નથી, કેમકે તે તો ઇશ્વરી નિયમને આધીન છે. મતલબ કે સંતતીનું મૂલ્ય અમાપ છે. દુનિયાના તમામ વિજ્ઞાની, દાકતરો અને પ્રોફેસરો મળીને પણ હજી એક જીવ ઉત્પન્ન કરી શકયા નથી; આવી અણમોલ ચીજ અર્થાત્ બાળકો રૂપી ધન ત્હમારી કોમમાં હોય ત્હેના તરફ બેદરકારી ન રાખતાં **તે સર્વને કેળવવાનું વ્રત લ્યો.** ત્હમે ત્હમારા પોતાના બાળક ઉપર જે પ્રેમ બતાવો છો તે તો **સ્વાર્થી** પ્રેમ છે ( કારણકે તે ત્હમને રળીને ખવરાવશે એવી ત્હમને આશા હોય છે ), પરન્તુ ત્હમારી **કોમનાં બાળકોને** ભણાવવામાં ત્હમારાં નાણાંનો ભોગ આપશો તો તે **સાચો-નિ:સ્વાર્થ પ્રેમ** છે અને તેથી ત્હમારી આધ્યાત્મિક ઉન્નતિ જરૂર થશે. ફરી કહુંછું કે **જો ત્હમે અકેક જૈન અકેક બાળકને કેળવવાનું વ્રત લેશો તો થોડાં વર્ષોમાં એક પણ જૈન અભણ રહેવા પામશે નહિ.** "×

---

×માલવિયાજીના આ શબ્દો કલકત્તામાં બોલાયા તે પહેલાં આઠમાસ અગાઉ મુંબઇ અને અમદાવાદ ખાતે "**સંયુકત જૈન વિદ્યાર્થિગૃહ**"ના રૂપમાં એ ભાવના સ્થૂલ રૂપે જન્મ પામી ચૂકી છે, જેનું ધોરણ એ જ છે કે પંથભેદોને દૂર રાખીને, દરેક સશકત જૈને અકેક જૈન વિદ્યાર્થીને કેળવવા જેટલી સ્કૉલરશીપ આપવી. આ સંસ્થા કોઇ એક વ્યક્તિ ઉપર મ્હોટા દાનનો બોજો નાખતી નથી; મહિને ૫૦, ૪૦, ૩૦, ૧૦ કે ૫ રૂપિયા આઠ વર્ષ સુધી આપવાનાં વચનો મેળવવામાં સંતોષ માને છે. પરન્તુ આઠ આઠ મહીનાની અસીમ મહેનત છતાં-૧૩ લાખની જૈન સંખ્યામાંથી-૨૫ વિદ્યાર્થીના નિભાવ જેટલાં પણ વચન હજી મળી શકયાં નથી. જૈન શ્રીમંતો ! બાપુ અકેક સ્કૉલરશીપ જેટલું નજીવું દાન તો કરો; 'ટીપે ટીપે સરોવર ભરાય છે.'

આ 'નોટ્સ'નો **ચોથો** મુદ્દો તીર્થને લગતા યુદ્ધોનું ઘરમેળે સમાધાન કરવાની અને સમસ્ત જૈનોમાં સામાન્યતઃ સમ્પ કરવાની હિમાયત કરનારો ખાસ ઠરાવ કલકત્તા કૉન્ફરન્સમાં પસાર થયો તે છે. આ બાબતમાં ત્રીજા મુદ્દાને અંગે બોલતાં પુષ્કળ વિવેચન થઇ ગયું છે તેથી અત્રે વિશેષ કહેવા જેવું રહેતું નથી. તોપણ **જૈન સમાજની હયાતી અને વિનાશનો આ પ્રશ્ન** હોવાથી એ ઉપર જેટલું લખાય કે બોલાય તેટલું હું ઓછું માનુંછું. મ્હારા ફેફસામાં જૈનભાઇઓના પુણ્યે જો બળ હોત અને મ્હારા ગળામાં જો તાકાદ હોત તો હું ગામોગામ અને ઘેરેઘેર છાપરા ઉપર ચ્હડીને બોલ્યાં કરત કે "ઓ દેશદ્રોહી અને મહાવીરદ્રોહી જૈનો ! હવે તો બહુ થયું, અંદરોઅંદરની કાપાકાપી અને મારામારીથી હવે તો છેક જ મૃતપ્રાય બની ગયા છીએ. **ધર્મ**માં તો આપણે જીવતા રહ્યા નથી, માત્ર **ધન**માં જરાતરા જીવીએ છીએ; અને તે પણ કહેવા માત્ર ! પડતીના ચિન્હરૂપ તિરસ્કાર ભાવ અને નરકના ચિન્હરૂપ ધમંડ છોડો, બાપુ છોડો, વીરા છોડો; નહિ તો દોષિતના પાપે થોડાઘણા નિર્દોષ માણસો પણ નાહક પાયમાલ થશે. દાવાનળમાં સુકાં ઝાડની સાથે શું લીલાં પણ નથી બળતાં ? "

કલકત્તા કૅન્ફરન્સમાં દિગમ્બર માનનીય આગેવાનોને કૉમ્પ્લીમેન્ટરી ટીકીટો (કે જે પારસી, યુરોપીઅન જેવાને પણ મોકલવામાં વાંધો નડયો નહોતો તે) નહિ મોકલવાના દુરાગ્રહ ઉપરથી તે વર્ગના હમણાંની એક પ્રકૃતિનું સ્મરણ મ્હને દુઃખ સાથે થઇ આવે છે. એ કોમ જેટલી પૈસામાં અને ઉદારતામાં ચ્હડીઆતી છે તેટલી જ દ્વૈતબુદ્ધિમાં—મુકાબલે—સરસાઇ ભોગવે છે. **સ્થાન**કવાશી સમાજ તરફનો ત્હેનો તિરસ્કાર તો વ્યાપક અને પ્રસિદ્ધ છે અને જો કે સંપની વાતો કરવાની આજકાલ જે 'ફૅશન' થઇ પડી છે તે ફૅશનની ખાતર શ્વેતામ્બર વર્ગના પત્રકારો અને વિદ્વાન બુદ્ધિસાગરજી * જેવા મુનિઓ **સ્થાન**કવાસી આપણા ભાઇઓ છે એમ લખે-બોલે છે ખરા તો પણ અવારનવાર એ પંથ અને એ સમાજની બુરાઇ અને અપમાન કરવાના પ્રસંગ ઉત્પન્ન કરવામાં હજી સુધી થાકયા નથી. તથાપિ એ **વાતને** અત્યારે વિસ્તારવાની જરૂર નથી ( એ વાતથી હું દૂરજ રહીશ. ) પરંતુ મુંબઇ જેવા ઉદાર વિચારવાતાવરણ વાળા **શહેરમાં** સ્થ-

* પુરાવા માટે વાંચો મહારાજશ્રીનું નવું રચેલું પુસ્તક " ગચ્છમત પ્રબંધ. "

પાયલી " જૈન ઍસોસીએશન આફ ઇંડિયા " પોતાના બહોળા અ-ર્થવાળા નામથી અને " જૂદાજૂદા શહેરોમાં અને પ્રાંતોમાં વસતા જૈનોમાં મૈત્રીભાવ ખીલવવા તેમજ સંપ અને સહોદ્યોગ સ્થાપવા અને વધારવા, હિંદુસ્થાનમાં સર્વત્ર જૈનોની ઉન્નતિ માટે કેળવણીની ભિન્ન ભિન્ન શાખાઓમાં કેળવણીની વૃદ્ધિ કરવા, અને હિંદુસ્તાનમાં જૈન કોમના ધાર્મિક, ધર્માદા અને બીજાં ખાતાંઓ તેમજ ટ્રસ્ટ ફંડો ઉપર દેખરેખ રાખવા માટે ઉપાયો યોજવા "-ના **વિસ્તૃત આશય** જાહેર કરીને સરકાર તથા દુનિયાને એ સંસ્થા **આખા હિંદના અને તમામ જૈન ફીરકાની પ્રતિનિધિ સંસ્થા** છે એવું **માનવા દોરી,** એમાં **શ્વેતામ્બર** મૂર્તિપૂજક જૈન સિવાય બીજા કોઇને સભાસદ તરીકે લેવાની સાફ ના કહે, એ શું મ્હારા કથનનો વિશેષ પુરાવો નથી? ખુદ શ્વેતામ્બર મૂર્તિપૂજક વર્ગના પણ કચ્છી વર્ગ સાથે ભોજન પણ ન કરવું એવો તિરસ્કાર-ભાવ વળી શું સૂચવે છે? પોતાના જ પંથમાં પણ પાંચમ માન-નારાને વિસારી ચોથનું માન વધારવાના ઘાટ ઘડવા એ શું સૂચવે છે? ખરેખર પૈસામાં અને **ઉદારતામાં વ્હડીઆતી** એવી આ શ્વેતામ્બર મૂર્તિપૂજક કોમમાં તિરસ્કાર ભાવ અને કુસંપનો પ્રચાર બીજા કરતાં-**પ્રમાણમાં**-વધારે છે, એ તો તેઓમાંના નિષ્પક્ષપાતી પુરૂષો પોતે જ કબુલ કરશે. હું આ એમને હીણપદ આપવા માટે કહેતો નથી; એમ કરવાથી મ્હને કાંઇ પણ ખરો કે કલ્પિત પણ લાભ થવાનો દૂરનો પણ સંભવ નથી. હું કોઇ પણ એક ફીરકાનો અનુયાયી નથી એ ખુલ્લંખુલ્લા થયેલી વાત છે; મ્હારો ધર્મ તે છે કે જેને કાંઇ નામ નથી, જેમ કે પાણીને રૂપ-રંગ કે સ્વાદ નથી; તે છતાં મર્યાદિત દુનિયામાં દરેક ચીજની માફક સત્યને પણ વ્યાખ્યાની કે વિશે-ષણની મર્યાદા આપવી જ પડતી હોવાથી એમ કહું તો ચાલે કે, મહા-વીરે જે સત્યો પ્રબોધ્યાં હતાં ત્હેને શોધવા-સ્હમજવાની કોશીશ કરવી એ જ મ્હારો ધર્મ છે. આમ હોઇ મ્હને **સ્થાન**કવાશી કે દિગમ્બર પંથનો પક્ષ કરવાથી કે શ્વેતામ્બરોના દોષ કહાડવાથી કાંઇ પણ લાભ નથી કે દીલનો સંતોષ પણ નથી. એક બળવાન કોમ જો તિરસ્કાર અને દ્વેષ, હઠ અને સંકુચિત દૃષ્ટિ રૂપી વિષને ઓળખીને ત્હેનો ત્યાગ કરવા જેટલી શાણી બને તો ત્હેમના બળનું રક્ષણ થાય અને પ્રતિદિન તે બળ વધતું જાય—કે જે વધતા બળમાં જ ત્રણે ફીરકાની આબાદી અને મ્હારા પૂજ્ય પિતામહ **મહાવીરના નામની** શોભા છે: **આ આશયથી** જ આટલું ખુલ્લું કથન કરવું પડે છે. મ્હારા

કથનને ધૂતકારી કહાડનારાઓ-ન્હને હિંમતથી કહેવા દો કે-દુનિયાનાં ખાસડાં ખાશે, રે પોતાના જ ભાઇઓના વાક્પ્રહાર પામશે. આ કેટલાકને ભારેપડતું લાગશે; કારણ કે આવા આગ જેવા શબ્દોમાં વાતો કરવાની કે સાંભળવાની ત્હેમને ટેવ નથી. પરન્તુ આ હું 'વાત' નથી કહેતો, બનેલા ખરા બનાવનો પડઘો માત્ર પાડું છું. કલકત્તા કૉન્ફરન્સના પ્રમુખના છપાઇ ચૂકેલા ભાષણમાંથી જૈન પંડિત અર્જુનલાલજીને ઇનસાફ આપવાની અરજ કરનારો પૅરેગ્રાફ કાઢી નાખવાથી જાહેરમાં જૈનોની અક્કલની કિંમત થવા પામી હતી, એટલું જ નહિ પણ ખુદ નેશનલ કૉન્ગ્રેસમાં જે જૈન માટે ખાસ ઠરાવ પાસ કરવામાં આવ્યો તે જૈન તરફ જૈન કૅન્ફરન્સે બતાવેલી આવી વર્ત્તણુક સ્હામે ખુદ એક શ્વેતામ્બર મૂર્તિપૂજક ગ્રેજ્યુએટે જ 'ગુજરાતી' પત્ર દ્વારા કટાક્ષ કરવાની તક લીધી હતી, આનું નામ પોતાની મૂર્ખાની શિક્ષા તરીકે પોતાની જ કોમ તરફથી મળતું ખાસડું નહિ તો બીજું શું? વિલાયતમાં જન્મેલી અને જૈન ધર્મ સાથે લેવાદેવા વગરની એક પરોપકારિણી બાઇ મિસીસ એની બિસેન્ટ અર્જુનલાલજી બાબતમાં દયા માંગવા ખુદ જાતે દીલ્લી જઈ વૉઇસરૉય મળી, અને જૈન કૉન્ફરન્સને તે જ અર્જુનલાલજી બાબતમાં ન્યાય કે દયા બેમાંથી એક પણ બાબતની પ્રાર્થના સરખી પણ કરતાં આભડછેટ નડી? ભલા આ તે કઈ જાતની આભડછેટ? ભોગ બિચારા અર્જુનલાલજીના કે તે દિગમ્બર કુળમાં જન્મ્યો, જો કે તેણે પોતાનાં બાળબચ્ચાંને ભૂખે મરતાં બનાવીને સ્થાપેલી જૈન સ્કુલમાં તો ત્હેણે દિગમ્બર શ્વેતામ્બર એવો કાંઇ ભેદભાવ પણ રાખ્યો નહતો. સૃષ્ટિકર્ત્તા કોઇ પ્રભુમાં હજી મ્હારી શ્રદ્ધા બેઠી નથી, એટલે મ્હારૂં હૃદય આ દુનિયાની અંદર રહેતા અને સ્થૂલ શરીરવાળા કોઈ પ્રભુ તરફ દોડી જાય છે અને કરગરે છે કે આ દેશમાં કોઇ એવો પ્રભુ જાગો કે જે જૈનો ઉપર અને જૈનો જેવી દ્વેષબુદ્ધિ અને ધર્માન્ધતા ધરાવતા તમામ અન્ય હિંદીઓ ઉપર જુલ્મનો વર્ષાદ વર્ષાવે અને જેઓ ઉપદેશથી ડાહ્યા થવાની ના કહે છે ત્હેમને જુલ્મવડે થતા દુઃખના 'ભાન' દ્વારા ડાહ્યા બનાવે. ખુશામતીઆ અને જેમનો આધાર પ્રાયઃ ખુશામતથી મળતી આવક ઉપર છે તેવા છાપાવાળાઓ! શા માટે ત્હમે કૉન્ફરન્સો જેવા કોમી ફારસો અને ભાષણના ભષણોની વાહવાહ કરી જૈનોને સાતમે આસમાને ચ્હડાવો છો? લાખ્ખો રૂપીઆનાં ખર્ચે અને વીસવીસ વર્ષની હાડમારીથી થતી ત્રણે ફીરકાની કૉન્ફરન્સોના

ફંદો અને ભાષણોથી **કોમની સંકુચિત દૃષ્ટિમાં** શું ફેરફાર ઉત્પન્ન થઇ શકયો **તે કોઈ બતાવશે?** સાધુ, અપ્સરા, દેરાસર, ભાષણકાર અને ઠરાવોરૂપી 'મૂર્તિ'ના ઉપાસકો! એ 'મૂર્તિ' જે **ભાવનાના** સ્થૂલીકરણ માટે યોજવામાં આવી હતી તે ભાવવાનો જરાપણ એકકે જૈન ફીરકાને સાક્ષાત્કાર થવા પામ્યો છે? ક્યહાંથી થાય? જેના આગેવાનો અને ભાષણકારો, પ્રમુખો અને ઉપદેશકો પોતે જ તે 'ભાવના'ને ઝીલી શકયા નથી તે શું સમાજને 'મૂર્તિ'ના હૃદયમાં લઇ શકવાના હતા? અને તેમ ન થાય ત્યહાં સુધી, ઓ છાપાવાળાઓ! ત્હમને શું હક્ક છે કે ત્હમે 'ખાલી ખોખાં' નાં વખાણ કરી દુનિયા સમક્ષ પ્રતાપી જૈન ધર્મનું કંગાલ સ્વરૂપ ખડું કરો છો? ત્હમે જે ભાષણો, જે ઠરાવો, જે મેલાવડાઓ અને જે પુરૂષોને **વખાણવા લાયક** તરીકે પબ્લીક સ્હામે ધરો છો તેઓ તો જોવા પણ ગમે તેવા નથી, ત્હમારૂં **ઉત્તમોત્તમ** તરીકે મનાયલું સર્વકાંઇ જો આવું નિર્માલ્ય હોય તો ત્હમારા મધ્યમ અને કનિષ્ટ સર્વકાંઇને માટે તો પબ્લીક શું ખ્યાલ બાંધશે? માટે, ઓ પત્રકારબંધુઓ, વખાણ અને પ્રશંસાના માખણના વેપાર ઉપર હવે તો 'કન્ટ્રોલ' રાખોઃ જ્યહાં સુધી લડાઇ છે ત્યહાં સુધી દરેક ચીજ ઉપર કન્ટ્રોલ રાખવો પડે છે, અને જ્યહાં સુધી જૈનોમાં પરસ્પર લડાઇ અને દ્વેષભાવ અને સંકુચિત દૃષ્ટિ છે ત્યહાં સુધી જૈન કૉન્ફરન્સો અને જૈન આગેવાનોનાં વખાણ રૂપી માખણ ઉપર 'કન્ટ્રોલ' રાખવાની એટલી જ જરૂર છે.

---

**વિદ્યાર્થીઓનો સંદેશોઃ**—તા. ૧-૧-૧૮ નું 'પ્રજામિત્ર' ખબર આપે છે કે, કલકત્તા ખાતે મળેલી જૈન શ્વે. કોન્ફરન્સના પ્રમુખ જોગ જૂદા જૂદા જૈન ફીરકાના વિદ્યાર્થીઓએ પસાર કરેલો ઠરાવ નીચે મુજબના શબ્દોમાં તારદ્વારા મોકલવામાં આવ્યો હતો. " અમો મુંબઇ ખાતે આવેલા **"સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહ"**ના વિદ્યાર્થીઓ ત્યાં સમ્મીલિત થયેલા જૈન બંધુઓને અભિનંદન આપીએ છીએ અને અંતઃકરણ પૂર્વક પ્રાર્થીએ છીએ કે, **સંયુક્ત જૈનતત્વ** ખીલવીને અંદરો અંદરના ભેદો અને કલહોથી વિનાશ પામતા મહાવીર પિતાના તેર લાખ સંતાનોને બચાવો અને એવું ઐકય કરો કે જે ઐકય આપણી સામાજિક અને રાજકીય મુશ્કેલીઓનો સમૂળ નાશ કરી શકે અને આપણા સમાજને આર્ય પ્રજા રૂપી શરીરનું **એક બળવાન અંગ** બનાવી શકે."

## (३) हिंदी प्रधानने जैन कोम तरफनुं मानपत्र.

ગયા ઑકટોબરના અંકની છેવટમાં ' જૈનોને ધારાસભામાં જોઇતી બેઠક ' એ મથાળા નીચે ટુંક સમાચાર પ્રગટ કરવામાં આવ્યા હતા. અંક છપાઈ રહ્યો તે વખતે જ એ હીલચાલ ચાલતી હતી તેથી તાર મારફત એટલા સમાચાર અંકમાં દાખલ કરાવી સંતોષ પકડવો પડયો હતો. હકીકત એવી છે કે, ' જૈન અસોસીએશન ઑફ ઇંડિયા ' એ સરકાર સાથે સમસ્ત જૈન કોમના નામથી અને વતી પત્રવ્યવહાર કરી હિંદીપ્રધાનને જૈન કોમ તરફનું માનપત્ર આપવાની પરવાનગી મેળવી હતી અને એ માનપત્રમાં જૈનોને ધારાસભામાં ખાસ બેઠકનો હક્ક આપવાની માગણી દાખલ કરવાની ઇચ્છા રાખી હતી. આ મતલબના માનપત્રનો તૈયાર રાખેલો ખરડો પસાર કરાવવા તથા તે ઉપર ત્રણે જૈન ફીરકાના આગેવાનોની સહીઓ મેળવવા ઍસોસીએશને એક મીટીંગ બોલાવી હતી, જેમાં અમુક સ્થાનકવાશી અને દિગમ્બર જૈનોને પણ—સભાના ઇતિહાસમાં પહેલીજ વખત—બોલાવવામાં આવ્યા હતા. બહારગામના જૈનો પૈકી કેટલાકોએ તારથી કે પત્રથી અભિપ્રાય મોકલ્યા હતા. વિરૂદ્ધના અભિપ્રાયો મીટીંગમાં વાંચવામાં નહિ આવવાથી રા. કાળીદાસ જશકરણ મહેતા બી. એ. એલએલ. બી. ના પત્રની રોજીંદા પેપરમાં છપાયલી નક્કલ તરફ પ્રમુખનું ધ્યાન ખેંચવામાં આવતાં તે આખો પત્ર વાંચવામાં આવ્યો હતો, જેમાં આ ઍસોસીએશનને સમસ્ત જૈન કોમની વતી કશું પગલું ભરવાનો હક્ક હોવાનો ઇનકાર કર્યો હતો અને જૈનોએ અન્ય હિંદુઓથી જૂદા પડી ખાસ હક્ક માંગવા એ ઇચ્છવાજોગ નથી એમ પણ જણાવ્યું હતું. હાજર થયેલા દિગમ્બર અને સ્થાનકવાશી જૈનોએ આ પત્ર સાથે મળતાપણું બતાવ્યું હતું અને ખુદ શ્વેતામ્બર સભાસદોમાં પણ મ્હોટો મતભેદ પડયો હતો. આ મીટીંગમાં મુખ્ય વાંધો લેનારનો પાઠ મ્હારે ભજવવો પડયો હતો. સભા બીજા દિવસ માટે મુલ્તવી રાખીને મોડી રાત્રે સભાજનો વિસર્જન થયા હતા. બીજી રાત્રીએ પણ સભામાં ગરમાગરમ ચર્ચા ચાલી હતી. આજે મુંબઇના સ્થાનકવાશી સંઘના પ્રમુખ રા. મેઘજીભાઇ થોભણે જણાવ્યું હતું કે, જો કે અમે સ્થાનકવાસીઓએ તેમજ દિગમ્બરોએ આ માનપત્રમાં સામેલ રહેવાની ના કહી છે તો પણ ત્હમારૂં માન રાખવા ખાતર હું દિગમ્બરોને સ્હમજાવવા

માટે ત્હમારા ડૅપ્યુટેશનની સાથે ચાલીશ અને તેઓની સાથે સ્થાનકવાશી વર્ગ તરફથી હું પણ સહી આપીશ. આ સ્થળે મ્હેં પ્રમુખ મહાશયને નોટ કરવા અરજ કરી હતી કે, રા. મેઘજીભાઇના આ શબ્દો એક **વ્યક્તિ**ના મત તરીકે નોંધશો, નહિ કે મુંબઇ સ્થાનકવાસી સંઘના અભિપ્રાય તરીકે; મુંબઇ સ્થાનકવાસી સંઘની મીટીંગ, આ સભા મળવા પહેલાં, ખાસ આ બાબત પર વિચાર કરવાને જ રા. મેઘજીભાઇના પ્રમુખપણા નીચે મળી હતી અને અને ત્હેમાં ઍસોસાએશનની આ હીલચાલની વિરૂદ્ધ અભિપ્રાય આપવાનો **ઠરાવ** સર્વાનુમતે થઇ ચૂકયો હતો, કે જે અનુસાર ઍસોસીએશનને **લેખીત** જવાબ પણ આપવામાં આવ્યો છે. અલબત, મુંબઇ સ્થાનકવાસી સંઘ કોઇ બદલાયલા સંજોગમાં અગર ભવિષ્યમાં ઐકય થવા પામે એવા શુભ આશયથી તે ઠરાવ ફેરવવાની સત્તા ધરાવે છે એ હું સ્વીકારીશ, પરન્તુ જ્યહાં સુધી સંઘની બીજી મીટીંગ ભરીને **નવો** ઠરાવ કરવામાં ન આવે ત્યહાં સુધી **મુંબઇ સ્થા૦ સંઘના નામથી** એવો અભિપ્રાય કોઇ આપી શકે નહિ, અને બીજી મીટીંગ મળી જ નથી. તેથી મહેરબાની કરી નોંધ લેશો કે રા. મેઘજીભાઇ સ્થા૦ સંઘ તરફથી નહિ પણ **વ્યક્તિ** તરીકે પોતાનો અભિપ્રાય આપે છે.

આ વખતે રા. મેઘજીભાઇએ પ્રમુખને અરજ કરી હતી કે, મી. વાડીલાલને બોલવાનો કે સભામાં હાજરી આપવાનો પણ અધિકાર નથી; માટે ત્હેમને અટકાવવા. ઍસોસીએશને જે જે સ્થાનકવાસી અને દિગમ્બર ગૃહસ્થોને ખાસ આમંત્રણપત્રો મોકલી અત્રે બોલાવ્યા છે તેઓમાંના તે એક નથી; તેમજ મુંબઇ સ્થાનકવાસી સંઘ તરફથી પણ અમે ચુંટેલા પ્રતિનિધિઓમાંના તે એક નથી. તે કોના આમંત્રણથી આવે છે ?

જવાબમાં મ્હારે કહેવું પડયું હતું કે, જે વાતમાં બચાવ થઇ શકતો નથી તે વાતને ઉડાડી દેવા માટે આવા ક્ષુલ્લક અને અપમાનભર્યા રસ્તા લેવા તે બહાદુરીનું કામ નથી. કાયદાની નજરે આ સભામાં મ્હને હાજરી આપવાનો હક્ક નથી એ હું ખુલ્લા દીલથી સ્વીકારીશ. પણ કાયદાની નજર તે સભાને જ પાલવે કે જે સભા કાયદાપૂર્વક કામ કરતી હોય. શ્વેતામ્બર મૂર્તિપૂજક સિવાય બીજા કોઇને સભાસદ થવાનો હક્ક નહિ આપનાર સંસ્થા આખા હિંદના

ત્રણે જૈન ફીરકાના નામથી સરકારને પત્ર લખે અને પછી મ્હને —એક જૈનને—સમસ્ત જૈન કોમને લાગે વળગે એવા વિષયમાં મ્હારો મત આપતાં અટકાવે એ ' કાયદાની વાત ' કહેવાય નહિ; અને આમંત્રણનું પૂછતા હો તો મ્હારે ખેદ સાથે કહેવું પડશે કે રા. મેઘજીભાઇ વગેરે **સ્થાન**કવાસીઓ અત્રે હાજરી આપી શકયા છે ત્હેના મૂળ કારણમાં હું જ છું. ઍસોસીએશનના સેક્રેટરીએ મ્હને બોલાવીને મુંબઇ અને બહારગામના મુખ્ય મુખ્ય **સ્થાન**કવાસી અને દિગમ્બર ગૃહસ્થોનાં નામ અને ઠેકાણાં ( આ સભામાં આમંત્રણ આપવા માટે ) પૂછયાં હતાં અને ત્હેના જવાબમાં મ્હેં બીજાઓ સાથે હમણાં મ્હારી હાજરી સ્હામે વાંધો લેનાર ગૃહસ્થનું નામ પણ લખાવ્યું હતું. ફક્ત મ્હારૂં જ નામ મ્હેં લખાવ્યું નહતું, કારણ કે મ્હારી જાતે મ્હારૂં આગેવાન તરીકે નામ લખાવવું એ મ્હારૂં ભૂષણ નહિ. જે સભામાં કોઈ દિવસ **સ્થાન**કવાસી જૈનોને આમંત્રણ મળ્યું નથી તે સભામાં જે **સ્થા.** ગૃહસ્થને આમંત્રણ આપવાની સૂચના **મ્હારા** તરફથી થઇ હતી તે જ ગૃહસ્થ **મ્હારી** હાજરી સ્હામે વાંધો લે છે તે શું હાસ્યાસ્પદ નથી? અને સેક્રેટરીએ મ્હારૂં નામ પોતાની મેળે લીસ્ટમાં લખ્યું હતું છતાં પાછળથી મ્હને આમંત્રણપત્ર ન મળ્યો તે શું કોઇની ખટપટનું પરિણામ હોવા સંભવ નથી? વળી મુંબઇ **સ્થાન**કવાસી સંઘની મીટીંગમાં મ્હને ખાસ બોલાવવામાં આવ્યો હતો અને ઍસોસીએશનને લખવાના જવાબ બાબતનો ઠરાવ મ્હારી સમક્ષ જ થયો હતો; તે છતાં સંઘના પ્રતિનિધિ તરીકે મોકલવાનાં નામો તે વખતે નક્કી ન કરતાં રા. મેઘજીભાઇએ પોતાને મનગમતાં નામો પોતાના ઘેરથી જ લખી મોકલ્યાં હતાં, કે જેમ કરવાનો ત્હેમને કાંઇ અધિકાર નહતો. પરન્તુ આ બીજી હકીકત સાથે આજની સભાને કાંઇ સંબંધ નથી; હું એટલુંજ કહીશ કે, જે સવાલ સાથે સમસ્ત જૈન કોમને સંબંધ છે—રે સમસ્ત **દેશના** હિતાહિતનો જે સવાલ છે—તે બાબતમાં વિચાર કરવા મળતી સભામાં—મ્હને આમંત્રણનું કાગળીઉં મળે કે ન મળે તો પણ—હાજરી આપ્યા સિવાય હું રહી શકું નહિ. પોષ્ટની ગફલત થઇ હોય, કે સેક્રેટરીની શરતચૂક થઇ હોય, કે કોઇની ખટપટથી મ્હારૂં નામ પાછળથી છેકવામાં આવ્યું હોય, ગમે તેમ હોય, તેથી—તેવા અકસ્માતોથી—કાંઇ મહાવીરપુત્ર તરીકેનો મ્હારો જન્મસિદ્ધ હક્ક ઉડી જાય નહિ;

અને હું અપમાન સહવું પડશે એવી સમજપૂર્વક જ આવ્યો છું.

પ્રમુખમહાશયે અત્રે વાંધો લેનારને બેસી જવા ફરમાવ્યું હતું. ×

× રા. મેઘજીભાઇએ પોતાના હાથ હેઠા પડવાથી પાછળથી મુંબઇ સ્થા. સંઘને ઉશ્કેરવાનો પ્રયત્ન કરી તે રસ્તે વૈરતૃપ્તિ શોધી હતી. 'વાડીલાલે ઍસોસીએશનમાં સ્થાનકવાશી સંઘને અપમાન પહોંચાડ્યું હતું માટે ત્હેનું ધારવું જોઇએ' એવી પ્રાર્થના મુંબઇ સ્થા. સંઘના આ પ્રેસીડેન્ટે પોતાના પ્રમુખપણા નીચે સંઘ બોલાવીને પોતે જ અરજદાર બનીને કરી હતી! અને તે પણ મ્હને જવાબ માટે બોલાવવા જેટલી પણ પ્રમાણિકતા વગર જ! સંક્ષેપમાં કહેવું બસ થશે કે, ત્હેમનું આ બાણ પણ પહેલાં માફક જ 'થોથું' થઇ પડ્યું હતું. કેટલુંક થયાં સ્થાનકવાસી સંઘને લગતી બાબતોથી હું ઇરાદાપૂર્વક દૂર રહું છું, અને તેથી આ ખાસ બાબતમાં આગળ પગલાં ભરવાની ઉપાધિ મ્હને પાલવે તેમ નથી, નહિ તો, હું સંઘની એક મીટીંગ બોલાવીને બતાવી આપત કે મુંબઇ સ્થા. સંઘનું અપમાન વાડીલાલે કર્યું હતું કે રા. મેઘજીભાઇએ? સંઘની મીટીંગે જે ઠરાવ કર્યો તે ઠરાવ લેખિત પત્ર રૂપે મોકલી આપ્યા પછી તે ઠરાવથી વિરૂદ્ધનો મત સંઘના નામે અને સંઘની બીજી મીટીંગ બોલાવીને પૂછ્યા સિવાય ઍસોસીએશનને જણાવવામાં આવે તો તે શું સંઘના પ્રમુખ તરીકેની સત્તાનો દુરૂપયોગ ન ગણાય? શું સંઘે ત્હેમને સંઘની વતી ગમે તેમ મત આપવાનો અધિકાર આપ્યો છે? અને જો એવો અધિકાર આપ્યો જ હોય તો સંઘની મીટીંગ બોલાવીને અમુક જ જવાબ આપવો એવો ઠરાવ કરવાની જરૂર શું હતી? અને સંઘની મીટીંગ વચ્ચે ઠરાવ પસાર થાય તે જ મુજબ મત આપી શકાતો હોય તો, એ ઠરાવને ઉલટાવી નાખી બીજો મત આપવા પહેલાં સંઘની બીજી મીટીંગ ભરી એવો ઠરાવ કરાવવાની દરકાર કેમ ન કરી? ગરમ અને ઠંડો પવન એક જ મુખથી ફુંકવા જેવો મત સ્થા. સંઘના નામે અપાય તે શું સ્થાનકવાસી સંઘને માટે હલકો ખ્યાલ બંધાવવા જેવું નથી? દિગમ્બર ભાઇઓ પહેલે દિવસ જે મત તેઓએ આપ્યો હતો ત્હેને જ બીજે દિવસે વળગી રહ્યા હતા, એટલુંજ નહિ પણ કોઇ શરમાવીને નિશ્ચયબળને ઢચુપચુ કરી નાખે નહિ એટલા માટે બીજા દિવસની મીટીંગમાં તેઓએ હાજરી ન આપતાં લેખીત જવાબ જ મોકલ્યો હતો. આ

બીજા દિવસની મીટીંગ પણ, કેટલીક ચર્ચા બાદ, કાંઇ નિ-ર્ણય ઉપર આવ્યા સિવાય અને ફરી મળવાની તારીખ મુકરર કર્યા સિવાય, બરખાસ્ત થઇ હતી.

વળતે દિવસે ફરી મીટીંગ મળી હતી, જો કે ખુદ ઍસોસીએ-શનના બધા મેમ્બરોને પણ તે વાતની ખબર આપવામાં આવી નહોતી, અને મેમ્બર નહિ તેવાઓને ખાસ બોલાવવામાં આવ્યા હતા. આ ખાનગી મીટીંગના ખબર અગાઉથી ખાનગી રાહે પહોંચી ચૂકયા હોવાથી, મીટીંગમાં કાંઇ ઠરાવ પસાર કરી દે તે પહેલાં, જા-ણીતા આગેવાનોની સહીઓ સાથેનો પ્રોટેસ્ટ રજુ કરવા કોશીશ થઇ હતી, અને જો કે માત્ર થોડા કલાક જ તે કામ માટે શીલકમાં હતા તે છતાં મુંબઇ શ્વે૦ મૂ૦ જૈન સંઘના સંઘપતિ શેઠ રતનચંદ ખીમચંદ, શ્વેતામ્બર ખરતરગચ્છના અગ્રેસર શેઠ ગણેશલાલ સોભાગમલ, સ્થાનકવાસી જલંધર કૉન્ફરન્સના પ્રમુખ શેઠ ગાડ-મલ ગુમાનમલ, દિગમ્બર અગ્રેસર રાયબહાદૂર શેઠ હુકમચંદજી, શેઠ માણેકચંદ પાનાચંદ, રા. લલ્લુભાઇ પરમાણંદાસ L. C. E, પંડિત ધન્નાલાલ કાશલીવાલ, શેઠ જુવારમલ મૂલચંદ વગેરે વગેરે જાણીતા ગૃહસ્થોની સહી સાથેનો નીચે પ્રમાણેનો પ્રોટેસ્ટ બરાબર મીટીંગના વખતે જ ઍસોસીએશનના સેક્રેટરી અને પ્રમુખને પહોંચાડવામાં આવ્યા હતા:—

( ૧ )

ધી 'જૈન એસોસીએશન ઓફ ઇંડિયા' ના આશ્રય તળે નામ-દાર હિંદી પ્રધાનને માનપત્ર આપવા નીમાયલી કમીટીના પ્રમુખ જોગ.

---

દૃઢનિશ્ચયવાળા દિગમ્બરો સ્થાનકવાસી સંઘના નામથી રા. મેઘ-જીભાઇએ સ્વેચ્છાપૂર્વક આપેલો દ્વિમુખી જવાબ સાંભળીને સ્થાન-કવાસી સંઘ માટે શું મત બાંધશે? અને સંઘને માટે આવી રીતે ખરાબ ખ્યાલ બંધાવનાર વ્યક્તિ—પછી તે પ્રમુખ હો વા અદનામાં અદનો બાળક કાં ન હો?–શા માટે સંઘના અપરાધી તરીકે શિક્ષા ન પામે? કહેવાની ભાગ્યે જ જરૂર રહે છે કે, બીજા દિવસની મીટીંગ પછી રા. મેઘજીભાઇ દિગમ્બર આગેવાનોને સ્હમજાવવા ફરવા નીકળ્યા પણ હતા, પરન્તુ વચન અને ઠરાવની કિંમત સ્હમ-જનારા તે આગેવાનોએ પોતાની કોમે પોતામાં મુકેલા વિશ્વાસનો ભંગ કરવાની ચોકખી ના કહી હતી.

સાહેબ, નામદાર હિંદી પ્રધાનને જૈન કોમ તરફનું માનપત્ર આપીને ધારાસભામાં જૈનોના ખાસ પ્રતિનિધિ મોકલવાનો ખાસ હક માગવાની તમારી હીલચાલ **બીનજરૂરી** જ માત્ર નહિ પણ **હિંદના સામાન્ય હિતને** તેમજ **જૈન કોમને** એકંદરે નુકસાન-કારક છે, એમ અમારૂં જ માત્ર નહિ પણ જૈનોના મોટા ભાગનું માનવું છે; અને તેથી તમોને અમો જણાવીએ છીએ કે આ હીલ-ચાલ પડતી મુકવી.

આવી કશી હીલચાલ જૈન એસોસીએશન ઓફ ઈંડિયા તરફથી કોઈપણ **એક** ફીરકાના જૈનોને નામે કરવામાં આવશે તો પણ સરકારમાં તે વિરૂદ્ધ પ્રોટેસ્ટ જશે, કે જે ગમે તેટલું **વાજબી** તથા **જરૂરી** પગલું હોવા છતાં પરિણામે કોમના ભલા નામને અને હિત-ને નુકસાનકારક થઈ પડશે. એટલા માટે એવું સંભવિત નુકસાન અટકાવવા માટે અમો નીચે સહી કરનારાઓ તમને વખતસરની ચેતવણી આપી હીલચાલ પડતી મુકવા ભલામણ કરીએ છીએ. મુંબઈ, તા. ૧૦-૧૧-૧૯૧૭

( ૨ )

## ધી "જૈન એસોસીએશન ઓફ ઈંડિયા" ના એ. સેક્રેટરીઓ જોગ.

સાહેબો,

થોડા વખત ઉપર જૈન તહેવારોના સંબંધમાં સમસ્ત જૈન કોમના નામથી પરતુ એકજ પક્ષના હિતને જાળવવાના પરિણામવાળો જે પત્રવ્યવહાર તમોએ સરકાર સાથે કર્યો હતો તે સામે જૈન કોમ-નો ઘણો મોટો ભાગ ખળભળી ઉઠયો હતો. પરંતુ તમોએ ભુલ કબુલ કરવાથી એ વાતને એટલેથી પડતી મુકવાનું મોટું દીલ બતાવવામાં આવ્યું હતું. પરંતુ તે વાતને તમો આટલી જલદીથી ભૂલી ગયા અને હમણાં વળી ધારાસભામાં જૈન કોમના ખાસ પ્રતિનિધિ મોકલવાનો હકક માગવા જેવા ઘણાજ **ગંભીર વિષયની** હીલચાલ **સમસ્ત જૈનોના નામે** તમારી એસોસીએશને શરૂ કરી અને સરકાર સાથે **પત્રવ્યવહાર કરી ચુકયા પછી** થોડીએક બહારની વ્યક્તિઓને તમારી સાથે જોડી **સમસ્ત જૈન કોમ** ત-**રફની હીલચાલનું રૂપ આપવા** કોશીશ કરી, જે પણ નિષ્ફળ નીવડી છે.

આ સંજોગોમાં, અમને લાગે છે કે, તમે **ભૂલાવો ખવરાવે**

**તેવા નામના આશ્રય તળે** મરજી મુજબની હીલચાલો કરવાનો દુરાગ્રહ પકડી રાખો છો તેને પરિણામે **સમસ્ત** જૈન કોમના ઐક્ય અને ભલા નામને ઘણું ખમવું પડયું છે અને હજી વધારે ખમવું પડવાની અમોને પુરી ધાસ્તી છે.

અમો, એટલા માટે, આગ્રહપૂર્વક ભલામણ કરીએ છીએ કે, હવે પછી, સમસ્ત હિંદના ત્રણે ફીરકાના જૈનોથી નહિ બનેલી એવી તમારી એસોસીએશન જે કાંઇ કામ, હીલચાલ, કે પત્રવ્યવહાર કરે તે તમો સદરહુ એસોસીએશનના **મેમ્બરો તરફનું** જ છે એમ પબ્લીક અને સરકાર **ખુલ્લી રીતે સમજી શકે તેવા રૂપમાં** તમારે જે કરવું હોય તે કરવું અને હિંદના દિગમ્બર, શ્વેતાંબર-મૂર્તિપૂજક કે સ્થાનવાસી જૈનો તરફથી કાંઇ પણ કરવાની તમોને સત્તા છે એવું **માનવાને સરકારને તથા પબ્લીકને ખોટી રીતે દોરતા તમારે અટકવું જોઇએ.**

આ ચેતવણી તમોને જૈન કોમના હિતની ખાતર, દીલગીરીની સાથે પણ ખુલ્લા શબ્દોમાં, આપવાની અમોને તમોએ જ જરૂર પાડી છે. આ ચેતવણીનો અનાદર થયેથી એસોસીએશનના મેમ્બરો સિવાયના હિંદી જૈનો એસોસીએશનના કામ અને નામની વિરૂદ્ધ સરકારમાં તેમજ જાહેરમાં પ્રોટેસ્ટ ઉઠાવવાની હીલચાલ કરશે. તેની નોંધ લેશો. મુંબઇ, તા. ૧૦ મી નવેમ્બર, ૧૯૧૭.

* * * * * *

આ બન્ને પત્રોએ ત્રીજી મીટીંગમાં મુઠ્ઠીભર સંખ્યામાં મળેલા સભાસદોના મન ઉપર સચોટ અસર કરી હતી, જો કે તે છતાં Prestige ના ભયથી હેમણે માનપત્ર આપવાનો ઠરાવ તો કરી જ નાખ્યો અને આ માગણી આખા હિંદનો જૈનસમાજ કરે છે એવા શબ્દો કહાડી નાખીને " જૈન ઍસોસીએશન ઑફ ઇંડિયા—કે જે એક શ્વેતામ્બર મૂર્તિપૂજક મૅમ્બરોથી બનેલું મંડળ છે હેના પ્રમુખ અને એકઠા મળેલા સભાસદો " તરફની આ માગણી છે એવો સુધારો કરવામાં આવ્યો હતો.

કાનુનની દૃષ્ટિએ આ સુધારો સંતોષ લેવા જેવો હતો, એમ તો હું પ્રતિપક્ષી હોવા છતાં કહીશ જ, જો કે આ નવા ખરડામાં પણ ઉંડા ઉતરવા જઇએ તો વાંધો કઢાય તેવું નહોતું જ એમ કાંઇ નથી, જેવી રીતે કે પારસી સમાજમાં બન્યું હતું. પરન્તુ પ્રોટેસ્ટ પક્ષનો ઇરાદો કોઈ રીતે ધાંધળ કરવાનો કે હુંપદ કરવાનો કે કાંઇ

જાતનો સ્વાર્થ સાધવાનો નહિ હોવાથી તે પક્ષે આ પછી વિરૂદ્ધની હીલચાલ છોડી દીધી હતી અને, જેવી રીતે ઍસોસીએશને પોતાના અભિપ્રાય પ્રમાણે જૈન કોમ માટે ખાસ હક્ક માગવાનો પોતાનો ઇરાદો અમલમાં મૂકયો હતો, તેવી રીતે જેઓ આવા ખાસ હક્કની વિરૂદ્ધમાં હતા તેઓ પણ પોતાના અભિપ્રાય પ્રમાણે સરકારને પત્ર લખી શકે તેમ હતું તો પણ તેમ કરવાથી જૈન કોમ માટે સરકારમાં હલકો મત બંધાય એ ડરથી તેઓએ ચુપકી પકડવામાં ડહાપણ વિચાર્યું હતું.

બદલાયલા શબ્દોવાળું ઍસોસીએશનું માનપત્ર ના૦ હિંદી પ્રધાનને એનાયત કરવાનું કામ એક ડેપ્યુટેશનને સોંપવામાં આવ્યું હતું, જેમાં નીચેના ૧૦ શ્રે. સૂ. ગૃહસ્થો હતા: બાબુ જીવણલાલ પનાલાલ, રા. બ. હીરાચંદ નેમચંદ, શેઠ મણિલાલ ગો. ળભાઇ, શેઠ ગુલાબચંદ દેવચંદ ઝવેરી, રા. ખીમજી હીરજી કાયાણી, ડૉ. પુનશી હીરજી મૈશરી, રા. કુંવરજીભાઇ આણંદજી, રા. લખમીચંદજી ધીઆ, રા. દલસુખભાઇ વાડીલાલ તથા રા. રતનચંદ તલકચંદ માસ્તર. તા. ૨૬ મી ડિસેમ્બરે આ ડેપ્યુટેશનની મુલાકાત હિંદી પ્રધાને લીધી હતી અને 'શેક-હૅન્ડ 'નો અપૂર્વ લાભ આપ્યો હતો, જેથી એ બનવા જોગ છે કે જૈનો ખુશી ખુશી થઇ જાય અને હેમાંના એક રા. કુંવરજીભાઇ કે જે અંગ્રેજી વાતચીત સ્હમજવા જેટલું 'મિથ્યાત્વ' ધરાવતા નથી તેઓ " આવી ઘણી હીલચાલોમાંથી ફક્ત જૈનોમાં માનવંતી પદવી (?) ધરાવતી જૈન ઍસોસીએશન ઑફ ઇન્ડિયાનું જ માનપત્ર લેવાની નામદાર હિંદી સરકારે મંજુરી આપી હતી " એવા શબ્દો 'જૈનધર્મપ્રકાશ'-માં લખીને પ્રફુલ્લત થાય. [ માનપત્ર આપવાને માટે જ તાત્કાલિક જન્મ પામેલી દિલ્હીની ' જૈન પોલીટીકલ કૉન્ફરન્સ ' સિવાય બીજી ' ઘણી હીલચાલો ' કઇ થઇ હતી કે જેનાંથી આ શાસ્ત્રવેત્તા મહાશયની ખાસ 'ચુંટણી' થવાનો શુભ અવસર આવ્યો તે હજી સુધી જાણવામાં આવ્યું નથી. ] ઇનસાફની રાહે કહેવું જોઇશે કે, ઍસોસીએશનના ( માનપત્ર માટેની ખાસ મીટીંગના ) પ્રમુખ રા. ગુલાબચંદ ઝવેરી ખાસ હક્કની માગણી બાબતમાં વિચાર કરીને તે મત ઉપર આવેલા હોવાથી જ પોતાના પ્રમાણિક મતની સિદ્ધિ અર્થે માનપત્રની હીમાયત કરતા હતા અને ડેપ્યુટેશનમાં જોડાયા હતા; સિવાયના બીજાઓને તો કોમી હક્ક માંગવાના લાભાલાભ વિચારવાની ફુરસદ જ મળી નહોતી, કેટલાકને તો એવો વિચાર કરી શકવા જેટલી વિદ્યા જ મળી નથી, અને કેટલાકને તો મ્હોટા સાહેબ

સાથે હાથ મેળવવાનું સદ્‌ભાગ્ય જ માત્ર જોઇતું હતું ! જો મુલાકાત પ્રસંગે, જેમ બીજાં કેટલાંક ડૅપ્યુટેશનોના પ્રસંગમાં બન્યું હતું તેમ, હિંદી વઝીર આ જૈન ડૅપ્યુટેશનને ઇન્ડિયન પૉલીટીકસ બાબતમાં કાંઇ સવાલ કરતે (અને પોલીટીકલ ખાસ હક્કો માગનાર પ્રત્યે એવા સવાલ થવા સંભવિત છે) તો સરકાર માબાપને જણાઇ આવતે કે કેટલી લાયકાત સાથે આ મહાજન રાજકીય ખાસ હક્કો માગવા આવ્યું હતું ! ખરેખર રા. કુંવરજીભાઇને ત્હેમના પોતાના કહેવા મુજબ 'પંચરંગી પાઘડીઓના સુંદર દેખાવથી શોભે તેવા' આ મંડળમાં ભળવાનું, આ મહાભારત દિગ્‌વિજય કરવા નીકળવા પહેલાં 'દશે ગૃહસ્થોનો ફોટો લેવડાવવાનું' અને પછીથી 'પાંચ મોટરમાં ગોઠવાઇ સરકારી મહેલ-ગવર્મેન્ટ હાઉસમાં [ ગુજરાતી નામથી જે સ્થળની ઓળખાણ ન પડી ત્હેની ઓળખ ભાગ્યાતૂટયા પણ અંગ્રેજી શબ્દ વડે આપવા જેટલું પશ્ચિમનું મિથ્યાત્વ શુદ્ધસમકિતીને લાગ્યું ખરૂં ! ] નામદાર હિંદી વાઇસરોય અને નામદાર હિંદી વઝીર સન્મુખ લઇ જવામાં આવવાનું, અને તે 'નામદાર દરેકની સાથે હસતે મુખે શેકહૅન્ડ' કરે તે એવા-અનુભવવાનું, તથા કોમી પત્રોમાં જૈન ડૅપ્યુટેશનના મૅમ્બર:તરીકે ફૉટોગ્રાફ છપાવવાનું સદ્‌ભાગ્ય, જૈન ઍસોસીએશન ઑફ ઇંડિયાને હિંદના હિસાબે અને જોખમે જૈનો સારૂ ખાસ હક્ક માગવાની શુભ મતિ ન સૂઝી હોત તો, કયા જન્મમાં પ્રાપ્ત થાત ? આપણે એમના આટલી વયે મળેલા આનંદમાં sympathise કરીશું.

રા. ગુલાબચંદ ઝવેરી તથા બાબુ અજીતપ્રસાદજી લખનૌવાળા (જૈન પોલીટીકલ કૉન્ફરન્સના સ્થાપક) આ બેના વિચારો સાથે હું આ ખાસ બાબતમાં વિરૂદ્ધમાં છું, તો પણ, ત્હેમની લડત ત્હેમના અંતરાત્માથી પ્રેરાયલી—અને એટલા માટે પ્રમાણિક—છે, એમ જણાવવાને હું બંધાયલો જ છું. એ પણ કહી લેવું જોઇશે કે, કોલ્હાપુરવાળા રા. એ. બી. લઠ્ઠે. M. A. પણ એમની સાથે સહમત છે,-જો કે મહારાષ્ટ્રમાં બ્રાહ્મણતત્ત્વનું જોર વધારે હોવાથી કાંઇ આખા હિંદ માટે વિચાર બાંધવામાં એ દૃષ્ટિ કામ લાગે નહિ અને જૈનો અને બ્રાહ્મણો વચ્ચે અવિશ્વાસ લાવવા કે વધારવા જેવું પગલું પસંદ કરી શકાય નહિ. પારસી સમાજે—જો કે પારસી કોમ પરદેશી છે તો પણ—ત્હેમાંના જે ગણ્યાગાંઠયા પુરૂષોએ આખી પારસી કોમના નામે ખાસ હક્કની માગણી કરવા સાથે માનપત્ર આપવાની જે

હીલચાલ કરી હતી ત્હેની સ્હામે સખ્ત વિરોધ લીધો હતો અને સરકારને તે વિરોધ લખી પણ જણાવ્યો હતો. તેઓ પૈકીના વધારે ઉદાર વિચારના સદ્દગૃહસ્થોએ તો પોતે 'પ્રથમ હિંદી છે, અને પછી પારસી છે' એ સ્વ૦ ફીરોજશાહ મહેતાનું જીવનસૂત્ર ટાંકી બતાવ્યું હતું. 'સાંઝ વર્તમાન' નામના પારસી પત્રે એક લીડરમાં લખ્યું હતું કે:—"સદહજાર અફસોસ, કે આજે પારસી કોમને માથે એવો કોઇ લીડર રહ્યો નથી કે જે આખી કોમને અગત્યના સવાલો વેળા યોગ્ય રસ્તે દોરવી શકે. સદહજાર અફસોસ કે આજે કોમમાં એવો એક શેઠીઓ રહ્યો નથી કે જે પોતાની ઉંચી લાયકાત, ડહાપણ અને દુરંદેશીથી પારસી કોમને ખરી સલાહ આપી શકે... કેટલાક પારસીઓ એક અરજી ઘડી કાઢી, દશ માણસોનું એક ડેપ્યુટેશન છુપાછુપ ગોઠવી, આજે પારસી કોમની આગળ આવ્યા છે અને ઘણા જ ગંભીર થઇ કહે છે કે, 'પારસીઓ! આ અરજી ઉપર સહી આપો. એ અરજી હિંદી વજીર આગળ રજુ કરી અમો તમારૂં કલ્યાણ કરી નાખીશું.' પારસીઓ—અને તે કાંઇ પેલા સોલા ડોલાઓ નહીં પણ કેળવાયલા અને જાણીતા થયેલા પારસીઓ—પૂછે છે કે 'ભાઇઓ, અરજી શું ને વાત શું? કઇ અરજી? કોણે તમને અરજી ઘડવા કહ્યું? કોણે કમીટી નીમી? કોણે ડેપ્યુટેશન નીમ્યું?—અમો તો કાંઇ જાણતા જ નથી," ત્યારે આ મહેરબાનો કહે છે કે, 'અમો તમને પૂછવાના હતા અને કોમની સભા બોલાવવાના હતા, પણ કેટલાક સાહેબો વિરૂદ્ધમાં છે એમ જાણી આ વેળા નાખતી કરવા ખાતર અમોએ તમારે માટે સઘળું ગુપચુપ રાંધી રાખેલું છે. તમારે જોઇએ તો એ મીઠી વાની સ્વાદ લઇને ખાઓ, નહીં તો મુંગા મુંગા બેસી રહો. મુંગા બેસી રહેવાતું ન હોય તો પ્રધાનને એ અરજીની વિરૂદ્ધ એક બીજી અરજી કરો.' અમો પારસી કોમને પુછવા માંગીએ છીએ કે, આ બંદોબસ્ત તમને પસંદ છે કે? અમે એ તપાસ ચલાવીને કોમના વિચારો જાણવાની જે તજવીજ કરી છે તે ઉપરથી કહીએ છીએ કે જે પારસી બચ્ચામાં જરા પણ સ્વમાનની લાગણી હશે તે તો આવો બંદોબસ્ત કદી પણ સ્વીકારશે નહીં...... આ હીલચાલ એક ઘણો ખરાબ દાખલો બેસાડે છે. કાલે ઉઠીને કોઇ તકરારી રાજદ્વારી સવાલ ઉભો થશે અને તે વેળા આખી કોમની પ્રતિનિધિ રૂપ સભાને બદલે અમે તે લોકો અરજી કરશે

ત્યારે કોમ શું કરી શકશે? શું તે વેળા આ 'પ્રીસીડંટ'ની યાદ આપવામાં આવશે નહીં?...આ સવાલ એક મોટા નિયમને લાગતો સવાલ છે, અને Compromise 'સમજુત'ના સિદ્ધાંત સમજાવનારા ફીલસુફો શીખવી ગયા છે કે, Principle-'નિયમ'ના **સંબંધમાં સમજુત થઈ શકે જ નહીં.** નિયમને ખાતર કેવી લડતો લડવી પડે છે તેનો એક તાજો જ દાખલો અમો આપીશું.

એટલું તો સ્વીકારવામાં આવશે કે, હિંદુસ્તાનના રાજદ્વારી સવાલોમાં મુસલમાન કોમ મોટી અગત્યતા ધરાવે છે. એ મોટી કોમના **આખા દેશના પ્રતિનિધિઓ** તા. ૧૪ **નવેમ્બરે** લકનો ખાતે ભેગા થયા હતા. આખી મુસલમાન કોમ તરફથી હિંદી વજીરને **અરજી કરવી કે નહિ** તે વિષે મુસલમાનોની એક **જાહેર સભા**માં વિચાર ચલાવવામાં આવ્યો હતો અને એકમતે ઠરાવ થયો હતો કે અરજી **કરવી.** આ અરજી **જાહેર સભા સન્મુખ મુકવામાં આવી હતી** અને સભાએ તે બહાલ રાખી હતી. આ અરજીનો ખરડો હિંદી સરકાર ઉપર મોકલી આપવામાં આવ્યો પણ તેમાં નજરકેદ થયેલા એ કોમના બે આગેવાનો મેસર્સ મહમદઅલી અને શઉકતઅલીના છુટકારા માટે જે **વિનંતિ** કરવામાં આવી હતી તે માનપત્રમાંથી કહાડી નાંખવી એવી માંગણી હિંદી સરકારના સ્વદેશ ખાતાએ કીધી. ડેપ્યુટેશનના આગેવાનોએ તેમ કરવા સાફ ના પાડી, કારણ કે અરજી **જાહેર સભા**એ બહાલ રાખેલી હોવાથી **તેની સંમતિ વગર** તેમાંથી કાંઇ પણ ભાગ કહાડી નાંખવાને તેઓ અશક્ત હતા. હિંદી સરકારે જણાવ્યું કે, જો અરજીમાંથી તે ભાગ કહાડી નાંખવામાં નહીં આવે તો ડેપ્યુટેશનની મુલાકાત હિંદી વજીર લઇ શકશે **નહીં.** મુસલમાન આગેવાનો **નિયમ Principleને વળગી રહ્યા** અને હિંદી વજીર આગળ **ડેપ્યુટેશન ગયું નહીં.** ધન્ય છે આ મહોમેડન આગેવાનોને કે તેઓએ કોમના મતને ઠોકરે મારી હિંદી સરકારની મરજી માફક વર્ત્તવા ના પાડવાની હિંમત બતાવી છે. કહે છે કે મુસલમાન કોમ **પારસીઓ** કરતાં પછાત છે, પણ જે રીતે થોડાક પારસીઓએ ભરાઇ છુપાઇને અરજી ઘડી કહાડી છે અને પોતાને ફાવે તેવા આસામીઓનું-જેઓમાં કેટલાક તો એવા છે કે રાજદ્વારી બાબતોમાં કકો ખખો પણ સમજતા નથી-તેવાઓનું ગુપચુપ

ડેપ્યુટેશન ગોઠવી દીધું છે તે સાથે મુસલમાન આગેવાનોએ દેખાડેલી આ અસાધારણ કુનેહ અને હિંમત સરખાવતાં અમને લાગે છે કે જાહેર બાબતોમાં કેવી રીતે કામ લેવું તે મુંબઇના ભણેલા પારસીઓ કરતાં આ પછાત કહેવાતી કોમના આગેવાનો વધારે સારી રીતે સમજે છે......આ અરજી **પારસી કોમની નથી**, આ ડેપ્યુટેશન **પારસી કોમે** મોકલ્યું નથી, એવો એક ધરખમ પ્રોટેસ્ટ **હિંદી પ્રધાન** અને વાઇસરોય ઉપર મોકલી આપવો જોઇએ."

**પારસી** કોમમાં જેવી રીતે બન્યું તેવુંજ બધું જૈન કોમમાં પણ બન્યું છે, ફક્ત પારસીઓની પેઠે જૈનોએ હિંદી પ્રધાન જોગ પ્રોટેસ્ટ મોકલ્યો નથી. એક અવલ દરજ્જાના **પારસી** પત્રકારના તે વખતના શબ્દો જૈન કોમને પણ આબાદ લાગુ પડે છે.

સંસારસુધારા કૉન્ફરન્સમાં સર નારાયણ ચંદાવરકરે પણ કોમી પ્રતિનિધિત્વ બાબતમાં સખ્ત વિરોધ જાહેર કર્યો હતો. મ ાા કોમના આગેવાનોએ પણ એવો જ અવાજ ઉઠાવ્યો હતો. પરન્તુ આ બાબતમાં '**હિંદુસ્થાન**' નામના રોજીંદા પત્રે તા. ૧૯ નવેમ્બરના અંકના લીડરમાં જે પ્રકાશ નાખ્યો છે તે અત્રે ખાસ ટાંકવા જેવો છે. "**જૈનોને જોઈતા ખાસ હક્ક**" એ મથાળા નીચે તે પત્ર લખે છે કે:—

"કોન્ગ્રેસ–મોસ્લેમ લીગ તરફથી ઘડવામાં આવેલી 'સુધારાની યોજના' માં **પ્રાંતિક** ધારાસભાના પ્રતિનિધિત્વના સંબંધમાં ચોથી કલમમાં important minorities' ( અગત્યની નાની કોમો ) એવો એક શબ્દ છે, કે જેણે હમણાં હમણાં મોટી ગેરસમજ ઉત્પન્ન કરેલી જોવામાં આવે છે. એ શબ્દ કયા **આશયથી** મુકવામાં આવ્યો છે તે તો કોન્ગ્રેસ અને મોસ્લેમ લીગના જે આગેવાનો યોજના ઘડવામાં સામેલ હતા તેઓ જ સત્તાવાર રીતે કહી શકે, પરંતુ તેઓ જ્યાં સુધી એવો ખુલાસો કરવા બહાર પડે નહિ ત્યાં સુધીમાં ભિન્ન ભિન્ન વ્યક્તિઓ તેના જુદા જુદા અર્થ કરે તે સ્વાભાવિક છે. આપણો દેશ મોટે ભાગે પોલીટીકલ વિષયોનો અભ્યાસ કરવાની બહુજ ઓછી દરકાર ધરાવે છે, એટલે સુધી કે સારા સારા વકીલો પણ પોતાનો સમગ્ર દેશ 'સુધારાની યોજના' દ્વારા શું માગે છે તે બરાબર સમજવા માટે એ યોજનાનો ઉંડો અભ્યાસ કરવા ભાગ્યે જ પુરસદ મેળવે છે. દાખલા તરીકે એક જૈન વકીલે થોડાએક જૈન વકીલો અને વ્યાપારીઓને દીલ્હી ખાતે

એકઠા કરીને 'જૈન પોલીટીકલ કોન્ફરન્સ' થોડાજ દિવસ ઉપર સ્થાપીને તે સંસ્થા દ્વારા હિંદી વજીરને આપવાના માનપત્રમાં એવી માગણી કરવા ઠરાવ્યું કે " અમો કોન્ગ્રેસ–મોસ્લેમ લીગની સુધારાની યોજનાને સંપુર્ણ ટેકો આપીએ છીએ **અને તેની રૂએ** જૈન કોમ તરફનો એક પ્રતિનિધિ **વડી ધારાસભામાં** અને એકેક પ્રતિનિધિ પ્રાંતિક ધારાસભાઓમાં મોકલવાનો હક્ક માગીએ છીએ." હવે જો આ ભણેલા જૈનોએ 'સુધારાની યોજના' કે જે લાંબા વખતથી બહાર પડેલી છે તેનો આધાર ટાંકવા પહેલાં તેનો બરાબર અભ્યાસ કરવાની દરકાર કરી હોત તો **વડી ધારાસભામાં** જૈન કોમનો ખાસ પ્રતિનિધિ માગવાની ભુલ કરતે જ નહિ. આથી એટલું તો સાફ માલુમ પડે છે કે જૈન કોમ આજ સુધી પોલીટીકલ બાબતમાં તદ્દન બેદરકાર રહી છે અને તેથીજ જો કે (તેઓ પોતે કહે છે તેમ) તે એક અગત્યની વ્યાપારી કોમ હોવા સાથે કેળવણીમાં પણ ફક્ત પારસી કોમથી જ ઉતરતી અને બીજી હિંદુ કોમો કરતાં ચઢીઆતી સ્થિતિ ભોગવે છે **તો પણ** ધારાસભામાં અને કોન્ગ્રેસમાં જૈનોએ કાંઇ ભાગ લીધો નથી. જે કોમ વ્યાપાર અને પૈસા તેમજ કેળવણીમાં આગળ પડતી હોય તે જો રાજકીય વિષયમાં ધ્યાન આપતી જ થાય તો હરીફાઇમાં જીતીને એક નહિ પણ અનેક બેઠકો સઘળી ધારાસભાઓમાં મેળવી શકે. તેવી કોમે તન્દુરસ્ત હરીફાઇને છોડીને 'ખાસ હક્ક' ની ભીખ અથવા મહેરબાની માંગવાની કશી જરૂર નથી, તેમજ એથી એને તેમજ દેશને લાભ પણ નથી. સરકાર એવી મહેરબાનીઓ આપશે કે નહિ તે વાતને બાજુએ રાખીએ તો પણ, એટલું તો ખુલ્લું છે કે રાજયકીય સભાઓ અને ધારાસભાઓ એ કાંઇ બાળકના ખેલ નથી, કે જેમાં મહેરબાનીના ધોરણ પર કામ કરવું ઉચીત ગણાય. એમાં તો હરીફાઇનું જ ધોરણ આવકારદાયક ગણાવું જોઇએ, કે જેથી વધારેમાં વધારે કુનેહવાળા નરરત્નોના હાથમાં દેશને આગળ વધારવાની સત્તા અને તક આવી શકે.

"બીજી તરફથી જૈનોના એક પેટાફીરકાના **સાઠેક ગૃહસ્થોથી બનેલા** 'જૈન એસોસીએશન ઓફ ઇંડિયા' નામના મંડળે પણ એવીજ હીલચાલ થોડું થયાં ઉપાડી છે અને આખા હિંદના તમામ ફીરકાના જૈનો તરફથી જાણે કે પોતાને આવી માગણી

કરવાનો અધિકાર મળ્યો હોય એમ માની લઇને સરકાર સાથે પત્રવ્યવહાર કર્યા પછી તે એસોસીએશનને બીજા બે ( દિગમ્બર તથા સ્થાનકવાસી ) જૈન ફીરકાના આગેવાનોની સહીઓ મેળવવાની જરૂર લાગવાથી માનપત્રને ખર્ડો પસાર કરવામાં તે બે ફીરકાના મુંબઇના દશદશ ગૃહસ્થોને આમંત્રણ આપ્યું.આ બન્ને ફીરકાનો લેખીત જવાબ એસોસીએશનને મળી ગયો છે, જેમાં તેઓ આ હીલચાલમાં ભાગ લેવાની ચોકખી ના લખે છે, અને તે છતાં સમસ્ત હિંદના અને ત્રણે પેટાફીરકાના સભાસદો નહિ ધરાવતી એવી મુંબઇની આ એસોસીએશન હિંદના તમામ જૈનોની વતી સરકાર પાસે ખાસ હકક માગવાની જીદ છોડવા તૈયાર નથી. પરિણામ એ આવ્યું કે, મુંબઇના શ્વેતામ્બર મુર્તિપુજક જૈન સંઘના સંઘપતિ શેઠ રતનચંદ ખીમચંદ, દિગમ્બર ફીરકાના અગ્રેસર ઇંદોરવાળા શેઠ હુકમચંદજી, શ્વેતામ્બર ખરતર ગચ્છના આગેવાન શેઠ ગણેશમલ સોભાગમલ, શ્વે૦ સ્થાનકવાશી આગેવાન શેઠ ગાડમલ ગુમાનમલ, દિગમ્બર આગેવાનો મેશર્સ જુહારમલ મુળચંદ, માણેકચંદ પાનાચંદ, પંડિત ધન્નાલાલ તથા સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહોના સ્થાપક મી૦ વાડીલાલ મોતીલાલ શાહ વગેરે વગેરે જાણીતા જૈનોની સહીઓ સાથેનો એક ચેતવણીપત્ર સદરહુ એસોસીએશનને મોકલવામાં આવ્યો, જેમાં બે મુદ્દાપર એસોસીએશનનું ધ્યાન ખેંચવામાં આવ્યું: (૧) ખાસ હકક માગવાથી દેશ તેમજ કોમના હિતને નુકશાન છે માટે તેવી હીલચાલથી દુર રહેવું, અને (૨) એ એસીએશનને ત્રણે ફીરકા તરફથી અને ત્રણે ફીરકા માટે કાંઇપણ કામ કરવાની સત્તા નથી માટે તેણે જે કાંઇ કામ કે પત્રવ્યવહાર કરવો હોય તે સરકારને તથા પબ્લીકને ભુલામણીમાં નાખે તેવા નામથી નહિ કરતાં પોતાના મેમ્બરો તરફથી થતા કામ તરીકે કરવું; અને જો આ ચેતવણી પર એસોસીએશન ધ્યાન નહિ આપે તો સરકારમાં તેમજ પબ્લીકમાં પ્રોટેસ્ટ ઉઠાવવાની જરૂર પડશે, એમ પણ એ પત્રમાં જણાવવામાં આવ્યું છે.

"અમો આ વખતસરનો પ્રોટેસ્ટ ઉઠાવનાર દેશભકતોને ધન્યવાદ આપ્યા સિવાય રહી શકતા નથી; કારણ કે જે વખતે હિંદુ કોમની અનેક નાની મોટી ટુકડીઓ પોતપોતાના માની લીધેલા સ્વાર્થને આગળ કરી ખાસ હકક માગવા કીડીઓની માફક ઉભ-

રાઇ નીકળી છે અને જે વખતે પારસી કોમ જેવી કેળવણીમાં આગળ વધેલી અને ખાસ હકકની ગેરહાજરીમાં પણ ધારાસભામાં બીરાજી ચુકેલી કોમ પણ આંધળું અનુકરણ કરવા બહાર પડી છે તેવે વખતે જૈન કોમના શેરીફ અથવા સંઘપતિ અને એક ક્રોડ રૂપિયાની બાદશાહી રકમની વોર લોન દ્વારા સરકારને અસાધારણ મદદ આપનાર શેઠ હુકમચંદજી જેવા અગ્રગણ્ય જૈન મહાશયો માત્ર જૈનોને જ નહિ પણ તમામ કોમોને વખતસરની અને વાજબી સલાહ આપવા બહાર પડયા છે. તેઓમાંના એકે ' સુધારાની યોજના ' ની ચોથી કલમનો એવો અર્થ કર્યો છે કે, પારસી, જૈન, આર્યસમાજ, મરાઠા, વૈષ્ણવ, શૈવી, લિંગાયત, સ્વામીનારાયણ, વગેરે કોમો કે ફીરકાઓ માટે આ loop-hole ( અપવાદ ) રાખવામાં આવ્યો નથી, પરંતુ એંગ્લો-ઇંડિયન જેવી કોમો કે જે અત્યાર સુધી આપણા હિત સાથે પોતાનું હિત ભળેલું માનતી નથી અને જેમને આખા દેશની યોજનામાંથી બાતલ રાખવી પાલવે નહિ તેવી કોમોને માટે ( તે કોમો નાની પણ અગત્યની માનીને ) ' ખાસ હકક'નો ' અપવાદ ' રાખીને સંતુષ્ટ રાખવી કે જેથી તેઓ હિંદના હિતમાં પોતાનું હિત સમજવા લાગે. હિંદુ કોમના પેટાભાગોને જુદા પડીને ખાસ હકક માંગવા દેવા એના જેવી મુર્ખાઇ બીજી કોઇ હોઇ શકે નહિ. કોઇ કોમ કેળવણીમાં આગળ વધી છે એ કારણથી ખાસ હકક માગે છે, તો કોઇ કોમ કેળવણીમાં પછાત છે એ કારણથી માગે છે ( આ બન્ને દલીલો હસવા જેવી છે; કેળવણીમાં આગળ વધેલી કોમ પોતાની યોગ્યતાથી જ બેઠક મેળવી શકે, એને ખાસ મહેરબાનીની ભીખની શી ગરજ હોય ? અને કેળવણીમાં પછાત કોમને ધારાસભામાં બીરાજવાનો હકક જ ન હોઇ શકે-તેવા અજ્ઞાન લોકોના હાથમાં દેશની લગામ સોંપીને શું ગાડું ઉંધું પાડવું છે ? ); વળી કોઇ કોમ કહે છે કે અમારાં મંદીરો જુનાં અને ભવ્ય છે, અમારાં શાસ્ત્રો અલૌકિક છે, વગેરે વગેરે ! ધારાસભાના કામકાજને મંદીરો અને શાસ્ત્રો સાથે શું સંબંધ છે તે સમજી શકાતું જ નથી, અને આવી હસવા સરખી દલીલો કરનારા ઉલટા ધારાસભામાં બીરાજવાની પોતાની યોગ્યતાની કિંમત કરાવે છે ! શું ધારાસભા એ જ્ઞાતિઓ-ઉપજ્ઞાતિઓ અને ફીરકાઓનું પ્રદર્શન છે ?

" જૈન કોમના અગ્રગણ્ય પુરૂષોએ દેશહિતને આગળ કરીને પોતાની કોમને જે વખતસરની ચેતવણી આપી છે, તેવીજ ચેતવણી જાણીતા પારસી હોમરૂલર મી૦ બમનજીએ ગઇ તા૦ ૧૧ મીની હોમરૂલની એક મ્હોટી જાહેર સભા વચ્ચે પોતાની કોમને આપી હતી. તેમણે કહ્યું હતું કે ' પારસીઓનું ડેપ્યુટેશન મોકલવાનો સવાલ એક મહાન કલંક રૂપ છે, અને તે હીલચાલને મજબુત હાથથી તોડી પાડવી જોઇએ છે. પારસીઓ અને હિંદુઓ—આપણે બધા—હિંદીઓ જ છીએ. પારસી કોમની આબરૂ બચાવવાની દરકાર હોય તો આ હીલચાલ પડતી મુકવી જોઇએ, ' તેવીજ રીતે ભાઇબંધ ' સાંજવર્તમાન ' તેના એક મુખ્ય લેખમાં લખે છે કે ' આથી એવું પરિણામ આવવાની વકી રહે છે કે જે માટે કોન્ગ્રેસ-લીગની યોજના ઘડનારાઓએ સ્વપ્ને પણ ખ્યાલ રાખ્યો નહિ હોય. અને કાંઇક આવું જ પરિણામ હિંદુ જૈન કોમ સંબંધમાં પણ આવ્યું છે, એમ જાહેર કરતાં અમને દીલગીરી થાય છે. '

" સૌથી વધારે અગત્યનો અને વધારે મક્કમ અવાજ ઉઠાવનાર આજ સુધીમાં કોઇ નીકળ્યું હોય તો તે ' ઑલ-ઇંડિયા મરાઠા પોલીટીકલ કોન્ફરન્સ ' છે, કે જે ગઇ તા૦ ૧૧ મીએ બેલગામમાં મળી હતી અને જેમાં તે કોમના જુદા જુદા પ્રાંતોના થોડાઘણા નહિ પણ ૩૦૦ પ્રતિનિધિઓ હાજર થયા હતા. તેના પ્રમુખ શ્રીમંત રામરાવ દેશમુખે પોતાના વિદ્ગત્તાભર્યા ભાષણમાં અસરકારક શબ્દોમાં કહ્યું હતું કે ' મરાઠા કોમ ખાસ પ્રતિનિધિ મોકલવાનો જે હકક માગે છે તે માગણીનો આશય ભ્રષ્ટ (vicious) છે, કોમને ખાસ કરીને તથા દેશને સામાન્ય રીતે તે ઘણોજ નુકશાનકારક છે, અને હું મારા મરાઠા ભાઇઓને અંતઃકરણપૂર્વક અરજ કરૂં છું કે તેવી માગણી છોડી દેવી અને દેશને જ્યારે એકતાની ઘણામાં ઘણી જરૂર છે તેવે વખતે ભિન્નતા ઉત્પન્ન કરવામાં હથીઆરરૂપ થતા અટકવું. '

" સંતોષ લેવા જેવું છે કે જૈન, પારસી અને મરાઠા કોમના સમજદાર હિસ્સાએ જરા મોડા મોડા પણ ચેતવણીનો વાજબી અવાજ ઉઠાવ્યો છે. અમો દરેક કોમ અને ફીરકાને ભાર દઇને ભલામણ કરવાની અમારી ફરજ સમજીએ છીએ કે, જો તમો હિંદને સ્વરાજ્ય મેળવવામાં આડખીલ રૂપ થવા ન માગતા હો, તો

દેશનાયકો ઉપર પુરેપુરી શ્રધ્ધા અને વિશ્વાસ રાખો અને તમારાજ મુઠ્ઠીભર ફીરકામાંથી મોકલેલા એકાદ પ્રતિનિધિથી તમારૂં હિત જળવાશે (નહિ તો બીજા હિંદી પ્રતિનિધિઓ તમારી કોમ કે ફીરકાને ખુવાર કરશે )એવી મૂર્ખાઇભરી માન્યતા–અશ્રદ્ધા–અણવિશ્વાસને તિલાંજલિ આપો; કારણ કે જ્યાં સુધી એવો અણવિશ્વાસ અને ટુંકી દ્રષ્ટિ છે ત્યાં સુધી હિંદને કાંઇ મળવાનું નથી અને જે થોડું મળશે તે પણ અંદરોઅંદર ઝપાઝપી કરાવનારૂં જ થઇ પડશે. આજ સુધીમાં એવો એક પણ દાખલો બન્યો નથી કે ધારાસભાના કોઇ હિંદુ સભાસદે જૈન કોમના હિતને નુકશાન કરવાની વળણ લીધી હોય કે પારસી સભાસદે બ્રાહ્મણ કોમની લાગણી દુખવનારૂં પગલું લીધું હોય, તો પછી આવા વ્હેમોને પાયો જ કયાં છે ? કાં એમ ન હોય કે, થોડાએક મહત્વાકાંક્ષી પુરૂષો કે જેઓને હરિફાઇ દ્વારા ધારાસભામાં બેઠક પામવાની લેશ માત્ર આશા નથી તેઓ પોતાની કોમ કે ફીરકાના માણસોની મહેરબાની દ્વારા એ માન પોતા માટે મેળવવાના છુપા આશયથી કોમી હિતના ઉજળા બ્હાના તળે આવી હીલચાલોને જન્મ આપતા હોય અને ભોળા લોકો તેમની હામાં હા મેળવતા હોય ! અમને લાગે છે કે, મહાત્મા ગાંધી, લોકમાન્ય તિલક મહાશય, પંડીત માલવીયાજી, વિદુષી એની બીસંટ અને બીજા જાણીતા અગ્રેસરોએ કાંઇ પણ વખત ન ગુમાવતાં આ વિષય ઉપર પોતાનો મત જાહેરમાં મુકવો જોઇએ છે અને જે વખતે દેશને પરસ્પર વિશ્વાસ અને ઐકયની વધારેમાં વધારે જરૂર છે અને સરકાર સમક્ષ united front આખા દેશનું સંયુકત બળ રજુ કરવાની જરૂર છે, તેવે વખતે કોમો અને ફીરકાઓને અલગ પડી ખાસ હકકો માંગતા અટકાવવા માટે પોતાની લાગવગનો ઉપયોગ કરવો જોઇએ છે. ”

જાણીતા 'બૉમ્બે ક્રૉનીકલ' પેપરે પણ આ બાબતમાં અવારનવાર સખ્ત વિરોધ જણાવ્યો છે.પણ,મ્હોટામાં મ્હોટા રાજદ્વારીઓ અને પ્રખ્યાતમાં પ્રખ્યાત પત્રકારોની સલાહ જૈનશેઠીઆઓ આગળ કાંઇ વીસાતમાં નથી. એમને મન તો, જેમ જૈન ડેપ્યુટેશનમાંના એકે પોતાના રિપૉર્ટમાં લખ્યું છે તેમ, 'પચરંગી પાઘડાઓ' અને બબ્બે શેઠીઆઓ વચ્ચે એકેક સુંદર મોટર ગાડી અને ' લાટ સાહેબ ' સાથે હસ્તધૂનનનું દૈવી માનઃ બસ એટલામાં રાજદ્વારી

જ્ઞાનનો સમાવેશ થઇ જાય છે. રિપોર્ટ લખનાર ડેપ્યુટેશનના મેમ્બરે બારીકમાં બારીક વાત પણ નોંધી છે—ચ્હા પીધી, ફોટો લેવડાવ્યો, મોટરમાં બેઠા, હસ્તધૂનન કર્યું: એ સર્વ લખવાનું સૂઝયું—એને માટે એક ન્હાનાસરખા માસિક પત્રમાં જગાનો ટોટો ન પડયો, પણ તે વખતે ઑ૦ મી. બાસુએ જૈન કોમ બાબતમાં શું શબ્દો કહ્યા તે નોંધવા જેટલી જગા એ માસિકમાં મળી નહિ ! ઑ. મી. બાસુના શબ્દો તેઓ તો સ્હમજી શકયા નહિ, પણ તેઓમાંના બીજાઓ સ્હમજ્યા હશે ત્હેમને પૂછી લઇને સાર લખવા જેટલી જરૂર પણ આ રિપૉર્ટ લખનાર હસ્તધૂનનપ્રેમી મેમ્બરને લાગી નહિ ! આવા રાજદ્વારી જ્ઞાન અને રાજ્યદ્વારી વિષયોના શોખ સાથે જૈનો ખાસ હક્ક માગવા બહાર પડયા છે ! જૈનોમાંનો જ એક—પંડિત અર્જુનલાલજી શેઠી બી. એ.—કાંઇ પણ ગુન્હા વગર, કાંઇ પણ તપાસ વગર, વર્ષો થયાં જેલમાં સડયા કરે છે ત્હેની બાબતમાં સરકારને વાજબી તપાસ ચલાવવા જેટલી અરજ કરવાનું પણ જે 'જૈન ઍસોસીએશન ઓફ ઇંડિયા'ને—કોઇએ પ્રાર્થના કરવા છતાં—પાલવ્યું નહોતું એવી એ ડરપોક સંસ્થા સરકાર માબાપ પાસેથી વગર મહેનતે 'ખાસ હકક' ની ભીખ માંગવા બહાર પડી છે ! જે શ્વેતામ્બર કોમની કૉન્ફરન્સના પ્રમુખના ભાષણમાંથી પંડિત અર્જુનલાલજી સંબંધી ઇસારાનો પૅરેગ્રાફ જ કહાડી નાખવાની ફરજ પાડવામાં આવી હતી તે શ્વેતામ્બર કોમના શેઠીઆઓ રાજકીય હકકની વાતો કરવા લાગ્યા છે ! "માબાપ, અમારા પૈકીના એક નિર્દોષ માણસને વર્ષો સુધી જેલમાં પુરી રાખ્યો છે ત્હેનો કેસ ચલાવો, અને તે જો ગુન્હેગાર સાબીત ઠરે તો ભલે ત્હેને સજા કરો, પણ નિર્દોષ ઠરે તો છોડી મુકવાની કૃપા કરો" એવી વિનંતિ કરતાં પણ જે જૈનો ડરે છે તેઓ હવે ગંભીર રાજદ્વારી તકરારો કરતી ધારાસભામાં જઇને ધાડ મારવાના હતા ? અને જો જૈનકોમના કમનશીબે 'Divide and Rule' વાળી પૉલીસી લેવાનું સરકારને મન થાય અને જૈનોની આ અરજ ત્હેના વાજબીપણા ખાતર નહિ પણ પૉલીસી ખાતર મંજુર કરવામાં આવે અને જૈનસમાજમાંથી એક મેમ્બર લેવાનું કબુલ કરવામાં આવે, તો પછી જોઇ લ્યો જૈનોના અંદરઅંદરના ઝગડાની હોળી ! તે વખતે દિગમ્બરો કહેશે કે કે ડરૂપિયાની વૉરલૉન તો અમારા શ્રાવકે ખરીદી હતી માટે ધારાસભામાં જૈન મેમ્બર મોકલવાનો પહેલો હકક તો અમારો છે, અને શ્વેતામ્બરો

કહેશે કે ખરા જૈનો તો અમે એકલા જ છીએ અને અરજી પણ અમે જ કરી હતી, માટે અમારા ફીરકામાંથી જ મૅમ્બર મોકલવો પડશે, તથા પાછળથી આંખો ચોળતા અને રડતી શીકલવાળા સ્થાનકવાશીઓ કહેશે કે 'માબાપ, અમારા પણ શેઠ મેઘજીભાઇ ઍસોસીએશનની તરફદારીમાં શામેલ હતા માટે હેમને જ મૅમ્બર નીમવા જોઇએ.' આખા દેશના ભલાનો જેમાં પ્રશ્ન છે એવી મહાન રાજદ્વારી સભામાં, એક કોમી પ્રશ્ન પર પણ ઉંડો વિચાર નહિ કરી શકનારા લોકો હાજર થશે ત્હારે, બીજાઓ શું બોલે છે તે પણ નહિ સમજી શકે તો પોતાનો મત તો આપી જ શું શકવાના હતા! એમને મન તો ધારાસભા એ દેરાં, અપાસરા કે પાંજરાપોળની કે વર્ષે એકાદ વખત ભરાતી ૧૦-૧૫ મૅમ્બરોની 'જૈન એસોસીએશન ઑફ ઇંડિયા'ની મીટીંગ જેવું જ કામ જણાતું હશે! કહેવામાં આવશે કે, તેઓ ધારાસભાના મૅમ્બર થશે ત્હારે બધુંએ શીખી જશે; કોઇ કાંઇ જન્મથી શીખીને આવ્યું છે? આ દલીલ કેટલાક ભોળા લોકોના મ્હોંમાં કેટલાક યુક્તિબાજોએ મૂકેલી છે; પણ તે ઘડીભર પણ ટકી શકે તેવી નથી. હું જાણું છું કે સ્વરાજ્ય બાબતમાં સરકાર કહે છે કે ત્હમે લાયક થયા નથી માટે ત્હમને તે આપી શકાય નહિ. પણ સરકારની 'લાયકાત'ની દલીલ અને હિંદીઓ પૈકી જેઓ લાયકાત વગર ધારાસભામાં બેસવાનો ખાસ હક્ક માગે છે ત્હેમની સ્હામે જે બીજા સમજદાર હિંદીઓ 'લાયકાત'ની દલીલ કરે છે તે દલીલઃ તે બેના આશયો તદ્દન જૂદા છે—ત્હેનો મુકાબલો જ થઇ શકે તેમ નથી. સરકાર પોતે મનમાં તો સારી રીતે સ્હમજે છે કે, બત્રીસક્રોડ હિંદીઓમાં સ્વરાજ્યને લાયકના માણસો નથી એ ત્હેનું કહેવું વસ્તુતઃ તો ખોટું જ છે, પણ હોમરૂલના પ્રબળ ધસારા સ્હામે સરકાર પાસે એ એકની એક ભાગીટુટી ઢાલ હોવાથી સરકાર તે ઢાલ જ ધરે છે, અને આપણા પ્રજાકીય અગેવાનો પણ એ ઢાલનું રહસ્ય સારીરીતે સ્હમજે છે; વળી તેઓ એ પણ સ્હમજે છે કે સુરાજ્ય કરતાં પણ સ્વરાજ્ય વધારે ઇષ્ટ છે. પરન્તુ જે જૈનો અને બીજી કોમોના માણસો ધારાસભામાં ખાસ બેઠક માગે છે તેઓ પોતે મનમાં તો સ્હમજે છે કે રાજદ્વારી વિષયોમાં ત્હેમનો અભ્યાસ અને ત્હેમનો શોખ શૂન્ય છે, અને ત્હેમના કરતાં અનંત ગુણું રાજકીય જ્ઞાન અને શોખ ધરાવતા સંખ્યા-

બંધ હિંદીઓ—અમે તે જ્ઞાતિ કે ધર્મના પણ હિંદીઓ જ—હક્ક ધરાવે છે, અને હેમને પોતાને પણ તે બીજા રાજદ્વારીઓ જેવી લાયકાત અભ્યાસથી મેળવ્યા બાદ તે જગા મેળવવાનો હક્ક ઉભો જ છે. વળી ધારાસભામાં જૈનેતર પરંતુ હિંદી મૅમ્બરો જ હોવાથી જૈન ધર્મના ઉપર—અગાઉ શંકરાચાર્યના વખતમાં થયું હતું તેમ—આજે કાંઈ સંકટ આવી પડવાનો દૂરનો પણ સંભવ નથી, એટલું જ નહિ પણ આજ સુધીમાં જૈન મૅમ્બરો ન હતા તે વખતે કોઈ દિવસ જૈન ધર્મ કે જૈન સમાજને જૈનેતર દ્વારા ગેરઇનસાફ મળવાનો બનાવ બન્યો નથી.

પણ વધુ ને વધુ દલીલોથી શું? જ્યહાં માત્ર અહંભાવ અને ધર્માન્ધતાથી જ સગાઈ છે, ત્યહાં દલીલોનું ચાલે શું? અને દલીલો સમજે છે પણ કેટલા થોડાઓ? થવા દો ત્હારે અરજીઓ ખાસ હક્ક મળવાની! અને કાલ અને ભાવીને બાકીનું પુરૂં કરવા દો! હિંદના ઘાંચી—મોચી—તેલી—તંબોળી બધાએ જે છોકરમત કરી છે તેવી જ જૈનોએ પણ કરી છે,—રે અસ્પર્શ્ય જાતિએ પણ જાજરૂ વાળવા માંથી ધારાસભામાં બીરાજવા જેટલા હક્કનો કૂદકો મારી દીધો છે! મ્હને ભય છે કે સરકાર ધારાસભાની મીટીંગ માટે કેવડો મ્હોટો હૉલ બંધાવશે કે જ્હેમાં હિંદના હજારો ફીરકાઓ અને જ્ઞાતિઓના મૅમ્બરો સમાઈ શકશે? હેવી ઍની બીસેન્ટ, મહાત્મા ગાંધી, લો. બાળ તિલક વગેરેની હોમરૂલની માગણીના જવાબમાં સરકાર નાહક કડક જવાબ આપી અળખામણી બને છે; સરકારની પાસે સહેલામાં સહેલો રસ્તો એ છે કે હિંદની તમામ જ્ઞાતિઓ અને ધર્મપંથોના એકેક બબ્બે દુંદાળાફુંદાળા શેઠીઆઓને પસંદ કરીને તેઓની એક કાઉન્સીલ બનાવી હેને રાજ્યની લગામ માત્ર છ માસ માટે જ—અજમાયશ અખતરા તરીકે—સોંપી દેવી! પછી હોમરૂલરો આપોઆપ મૂંગા થઈ જશે!

લાગણી (emotion) થી દૂર રહી તત્ત્વની નજરથી જોતાં આ સઘળામાં કાંઈ આશ્ચર્યરૂપ લાગતું નથી. આયર્લેન્ડ ઇંગ્લાંડનું પડોશી, સ્વજાતીય, સુશિક્ષિત, અને હિમ્મતવાળું હોવા છતાં એને પણ હજી સુધી સ્વરાજ્ય મળી શક્યું નથી. એ દેશમાં પણ 'અમને સ્વરાજ્ય જોઈતું નથી' એવું કહેનારા ઉભા થઈ શકે છે ત્યહાં સુધી સ્વરાજ્યની બૂમને નિષ્ફલ કરવી મુસ્કેલ નથી. બત્રીસક્રોડની સંખ્યા—વાળા હિંદમાં સ્વરાજ્યની માગણી એકકે અવાજે કોઇ દિવસ થઈ

શકવાની છે? ધર્મપંથો અને જ્ઞાતિભેદો જ્યહાં સુધી જોરમાં છે, અને જ્યહાં સુધી જર્મનો જેવી જોહુકમીથી આ તીડોનો સંહાર કાયદારૂપી તોપના એક જ અવાજથી કરવામાં આવે નહિ, ત્યહાં સુધી સરકારે હોમરૂલરોના ફાવી જવા બાબતનો ભય રાખવાની કશી જરૂર નથી;—અને શાણી સરકાર એટલા માટે તો હિંદમાં જ્ઞાતિ કે ધર્મ બાબતમાં માથું મારવાથી વેગળી રહી છે! અને ધર્મઘેલા લોકો એ તટસ્થતાને ખાસ મહેરબાની માની 'ધર્મરાજ્ય'નાં વખાણ દરેક મીટીંગમાં અને દરેક માનપત્રમાં કર્યા કરે છે! ખરેખર હિંદુસ્તાનીઓના ધર્મોનો સુન્નેરી જમાનો આજના જેવો બીજો ભાગ્યે જ થયો હશે કે થશે!

હિંદી વજીરને માનપત્રોના ઢગલા ઉપાડવા અને જાળવવા તથા વાંચી જવાનું પણ મુસ્કેલ થઈ પડશે! કાં એમ ન બને કે સેંકડો માનપત્રો અને અરજો વાંચવાને બદલે અને જૂદા જૂદા જવાબ અને કારણો લખવાના પરિશ્રમને બદલે તે સઘળાને હિંદી સમુદ્રમાં પધરાવી એક જ સામાન્ય જવાબ બધાને તારના એક શબ્દદ્વારા આપી દેવામાં આવે કે "Impossible!"

# (४) जर्मनीमां अनुषंगी लग्नोः ए शुं नवीज शोध छे? ए उपरथी उपजता विधवालग्नना सवालनी चर્चा.

'નવું' અને 'જૂનું,' 'સારૂં અને 'ખોટું' એ શબ્દો સત્યસૂચક નથી, પણ relative ( અપેક્ષાવચન ) છે. નવું કાંઇ પણ થઇ શકતું જ નથી. કોઇ કાળે એક ચીજ હોય ત્હેના ઇતિહાસથી અજાણ્યો માણસ તે ચીજને હમણાં જોઇને 'નવી' કહે છે, પણ તેથી તે નવી ઠરતી નથી; ત્હેને તે નવી **લાગે** છે.

કહેવામાં આવે છે કે, હમણાં જર્મનીમાં એક 'નવી' જાતનાં લગ્નની પ્રથા ચાલુ કરવાની કોશીશ થાય છે. ચાલુ ભયંકર લડાઇથી પડેલી મનુષ્યસંખ્યાની ખોટ પુરવા માટે જર્મનીને તેમજ ઇંગ્લંડ વગેરે દેશોને પ્રજોત્પત્તિનાં સવાલ ઉપર ખાસ લક્ષ આપવું પડ્યું છે. આ વિષય તે દેશોમાં અત્યારે પુષ્કળ ચર્ચાય છે અને ત્યહાંના પત્રકારો અને ગ્રંથકારો અને જાહેર પુરૂષો પોતપોતાની બુદ્ધિ પહોંચે તેવા માર્ગો સૂચવ્યા કરે છે. સ્ત્રીઓની વધી પડેલી અને પુરૂષોની ઘટી પડેલી સંખ્યા એ બે 'હકીકતો' ઉપર નજર રાખી જેટલા માર્ગે પ્રજોત્પત્તિ કરવા માટે મનુષ્યમગજથી કલ્પી શકાય* એટલા માર્ગ કલ્પવા-

* મ્હારા સાંભળવામાં આવ્યું છે કે, હિંદમાંનું એક શહેર કે જેમાં ખાનદાન ગણિકાઓ પુષ્કળ રહે છે અને જ્યહાંથી તેઓ મુંબઈ શહેરમાં મ્હોટી સંખ્યામાં આવીને રહી છે,તે શહેરનો પુરૂષ વર્ગ કોઇ લડાઇમાં મરી ખુટવાથી અને એકલી સ્ત્રીઓ રહી જવાથી તે સ્ત્રીઓ તે શહેર જોવા આવનારાઓની પોતાના પૈસે સેવાચાકરી કરી ત્હેમને એટલા સંતુષ્ટ રાખે છે કે કેટલાકો તો ત્હેમની સાથે દંપતીનો સંબંધ જોડી ત્યહાં જ રહે છે, કેટલાકો સાથે તે સ્ત્રીઓ અમુક મુદ્દત સુધી પત્ની તરીકે રહે છે (કે જે મુદ્દત દરમ્યાન બીજા પુરૂષને તે સ્ત્રીઓ ભાઇ સમાન લેખે છે). ત્હેમાંની નિરાધાર સ્ત્રીઓને કુદરતી ઇચ્છાતૃપ્તિ ઉપરાંત ઉદરપોષણ પણ કરવાનું હોવાથી તેઓ મુંબઇ વગેરે શહેરોમાં જઇ શ્રીમંતોના 'અંગવસ્ત્ર' તરીકે રહે છે અને તે પ્રમાણે કુદરતી બન્ને ક્ષુધાઓ તૃપ્ત કરે છે. આ સ્ત્રીઓ ઘણી વફાદાર મનાય છે; જે પુરૂષ ત્હેમનું પોષણ કરતો હોય છે તે સિવાયના બીજા તરફથી ગમે તેવી લાલચ મળવા છતાં ત્હેને તે પોતાનું શરીર વેચતી નથી. આ પ્રથા તે દેશમાં પ્રમાણિક ગણાય છે, એમાં 'અનીતિ' કે 'અધર્મ' મનાતો નથી. એ સ્ત્રીઓ સંતતી ઉછેરે કુટુમ્બકબીલાનો-નાતજાતનો વ્યવહાર જાળવે છે, ધર્મચુસ્ત હોયછે. જર્મ-

માં આવે છે, જો કે એવી રીતે કલ્પી શકાતા માર્ગો પૈકી કેટલાક માર્ગો નીતિ અને ધર્મની પ્રચલિત ‘ ભાવના ’ (Concepts) ને આઘાત થવાના ભયને લીધે, ખુલ્લેખુલ્લા જાહેર કરવાની બાબતમાં ઇંગ્લંડાદિ દેશોના લોકો દાક્ષિણ્યતા બતાવે છે. જર્મનીના કાર્લ હર માન ટોર્જસે પોતાના પુસ્તકમાં એવા ભયની દરકાર કરતાં ચાલુ વસ્તુસ્થિતિની ખાતરે દરકાર કરીને પોતાના વિચારો નિડરપણે બતાવ્યા છે. તે કહે છે કે “નીતિ’ની ભાવના ( Concept ) ઉંચી કક્ષાના લોકોના વિચારો પર આધાર રાખે છે......દેશના હિત ખાતર, અમુક ઉમ્મરે પહોંચેલી તમામ વર્ગની સ્ત્રીઓએ અનુષંગી ઉતરતા દરજ્જાનાં લગ્નથી જોડાઇ જવું જોઇએ અને ‘ સ્ટેટ ’ ( રાજ્ય ) તરફથી એમ કરવાની માત્ર બહાલી જ નહિ પણ ફરજ્યાત આજ્ઞા થવી જોઇએ. એવું લગ્ન માત્ર પરણેલા પુરૂષો સાથે જ અને હેની પત્નીની સમ્મતિપૂર્વક જ થવું જોઇએ. તેથી થતાં બાળકોને માતા પાળશે અને માતાની ઇચ્છા કે શક્તિ નહિ હોય તો રાજ્ય પાળશે. આ ધોરણ ૨૦ વર્ષ સુધી ચાલુ રાખવું અને પછી રદ કરવું.”

આ વિચાર હિંદુસ્તાનના આજના નીતિમાન (!) લોકોને ભયંકર જણાયો છે. નીતિ અને ધર્મના ‘ મૂળ ’ અને ‘ આશય ’ સમજવાની શક્તિ વગરના કેટલાએ લેખકો આ વિચારો ઉપર પ્રહાર કરવા લાગ્યા છે અને હેને ‘ ભયંકર નવી શોધ ’ તથા ‘ જર્મન અનીતિ ’ કહીને ઉભની ખુનલી હંડી પાડવા લાગ્યા છે.

કાર્લ હર માન ટોર્જસની સૂચના ઉપર ટીકા કરવા પહેલાં મનુષ્યની ઉત્પત્તિના રહસ્યને વિચારવું જોઇએ છે. એ એક જ વિષયને મૂળ પાયા રૂપ ગણવો જોઇએ છે; નીતિ અને ધર્મ એ બે તો Modifying factors છે અને તે relative છે. નીતિ અને ધર્મ સંબંધી concepts દરેક દેશમાં જૂદી હોય છે, એક દેશમાં પણ જૂદી જૂદી જાતોમાં તે સંબંધી જૂદાજૂદી concepts હોય છે, એક જાતમાં પણ જૂદાજૂદા જમાનામાં જૂદી જૂદી concepts હોય છે. જેને હિંદુઓ ‘સોનેરી જમાનો’ કહે છે તેવા પ્રાચિન સમયમાં બ્રહ્મચર્ય એ જ જેનું સર્વસ્વ ગણાતું એવા મહર્ષિઓ પાસે

---

જર્મની લડાઇથી પડેલી માણસની ખોટ પુરવા હમણાં જે રસ્તો વિચારાય છે તે, એવા જ સંજોગોમાં, બીજા દેશોમાં ખરેખર વિચારવામાં તેમજ અમલમાં આવી ચૂક્યો છે.

મ્હોટા રાજાની રાણીઓને ઋતુદાન માટે મોકલવામાં આવતી, જો કે તે ઋષિઓ કામાંધ નહતા અને રાણીઓ પણ સતીત્વની આદર્શ મૂર્તિ હતી. પ્રતાપી રાજાઓ વિષયાંધ ન હોવા છતાં ઘણી સ્ત્રીઓ પરણતા. કૃષ્ણ જેવા અસાધારણ બળ અને દૈવી ઇચ્છાશક્તિ (will-power) ધરાવતા પુરૂષ ઘણી બુદ્ધિશાળી સ્ત્રીઓને ઋતુદાન દેતા. આ બધું આજે અનીતિમાન ગણાય છે, એટલે સુધી કે, જે હિંદુ ગ્રંથોમાં આ વાત લખાયલી છે તે હિંદુ ગ્રંથોને કલ્પિત, અનીતિમાન અને ધૃણાત્મક ઠરાવવાની હવે કોશીશ કરવામાં આવે છે (કારણ કે આજે 'નીતિ' અને 'ધર્મ'ની જૂદી જ concept કેળવાયલી છે અને તેથી ઉપર લખેલાં કામો ભયંકર જણાય એ સ્વાભાવિક છે. એ **ભય**ને લીધે આજના હિંદુ લેખકો પોતાના પૂર્વજ મહાપુરૂષોના ઇતિહાસમાંથી ઉપર લખેલા બનાવોને જ ભૂંસી નાખવા અથવા ભળતા અર્થ કરવા કોશીશ કરે છે, અને એમ કરવામાં પોતે 'સુધારો' કરે છે અથવા નીતિ અને ધર્મની સેવા બજાવે છે એમ અનુમાની ખુશી થાય છે.) પરન્તુ મનુષ્યની ઉત્પત્તિનું રહસ્ય વિચારતાં કાંઈ જૂદું જ સમજાશે. દુનિયા, મનુષ્ય, જડ, ચૈતન્ય વગેરેના મગમાં ઉતરનારો દુનિયાનો મ્હોટામાં મ્હોટો અને ગંભીર ફીલસુફ શોપનહોર કે જેના જ્ઞાનના ઉંડાણની બાબતમાં બે મત છે જ નહિ તે "The world as Will and Idea" નામના મહાન ગ્રંથમાં લખે છે કેઃ—

"In general I make the demand that whosoever wishes to make himself acquainted with my philosophy shall read every line of me. For I am no voluminous writer, no earner of pecuniary rewards, not one whose writings aim at the approbation of a minister; in a word, not one whose pen is under the influence of personal ends. I strive after nothing but the truth, and write as the ancients wrote, with the sole intention of preserving my thoughts so that they may be for the benefit of *those* who *understand* how to *meditate* upon them and *prize* them. I have written little, and that too *with reflection* and *at long intervals*. * * * *

In the preceding chapter it was called to mind that the (Platonic) Ideas of the different grades of beings, which are the adequate *objectification* of the *will-to-live*, exhibit themselves in the knowledge of the individual, which is bound to the form of time, as the *Species, i. e.*, as the successive individuals of one kind connected by the bond of generation, and that therefore the *species is the Idea broken up in time.* Accordingly the true nature of every living thing lies primarily in its species: yet the species again has its existence only in the individuals. Now, although the *will* only attains to self-consciousness in the individual, thus knows itself immediately only as the individual, yet the *deep-seated* consciousness that it is really the species in which his true nature objectifies itself appears in the fact that for the individual the concerns of the species as such, thus the *relations of the sexes*, the *production and nourishment of the offspring, are of incomparably greater importance and consequence than everything else.* * * * *

In the supplements to the second book the *will* was compared to the root, and the *intellect* to the crown of the tree; and this is the case inwardly or psychologically. But outwardly or physiologically the genitals are the root and the head the crown The nourishing part is certainly not the genitals, but the villi of the intestines yet not the latter but the former are the root; because through them the individual is connected with the species in which

it is rooted. For physically the individual is a production of the species, metaphysically a more or less perfect picture of the Idea, which, in the form of time, exhibits itself as species. In agreement with the relation expressed here, the greatest vitality, and also the decripitude of the brain and the genital organs, is simultaneous and stands in connection. The sexual impulse is to be regarded as the inner life of the tree (the species) upon which the life of the individual grows, like a leaf that is nourished by the tree, and assists in nourishing the tree; *this* is why that ipmulse is so strong, and springs from the depths of our nature...............The vehemence of the sexual impulse, the keen intentness and profound seriousness with which every animal, including man, pursues its concerns, shows that it is through the function which serves it that the animal belongs to that in which really and principally its true being lies, the *species*; while *all other* functions and organs directly serve *only* the individual, *whose existence is at bottom merely secondary*. In the vehemence of that inpulse, which is the concentration of the whole animal nature, the consciousness further expresses itself that the *individual does not endure*, and therefore *all must be staked on the maintenance of the species*, in which its true existence lies............... These considerations explain why the sexual desire has a very different character from every other;

it is not only the *strongest,* but even specifically of a more powerful kind than any other *It is everywhere tacitly assumed as necessary and inevitable, and is not, like other desires, a matter of taste and disposition. For it is the desire which even constitutes the nature of man* In conflict with it there is no motive* which is so strong that it would be certain of victory. It is so pre-eminently the chief concern that no other pleasures make up for the deprivation of its satisfaction, and, moreover, for ils sake both brute and man undertake every danger and every conflict. * * * * * *

To all this corresponds the important *role* which the relation of the sexes plays in the world of men, where it is really the invisible central point of all action and conduct, and peeps out everywhere *in spite of all veils thrown over it* It is the cause of war and the end of peace, the basis of what is serious, and the aim of the jest, the inexhaustible source of wit, the key to all allusions, and the meaning of all mysterious hints, of all unspoken offers and all stolen glances, the daily meditation of the young, and often also of the old, the hourly thought of the unchaste, and even against their will the constantly recurring imagination of the chaste, the ever ready material of a joke, just *because the profoundest seriousness*

* And still the poor modern writers and preachers of India think that this instinct *can* be controlled by *every* young widow upon whom their concepts of religion and morality would impose enforced chastity !- *V. M. Shah.*

*lies at its foundation* It is, however, the piquant element and the joke of life that the chief concern of all men is secretly pursued and ostensibly ignored as much as possible. But, in fact, we see it every moment seat itelf, as the true and hereditary lord of the world, out of the fullness of its own strength, upon the ancestral throne, and looking down from thence with scornful glances, laugh at the preparations which have been made to bind it, imprison it, or at least to limit it and wherever it is possible to keep it concealed, or even so to master it that it shall only appear as a subordinate, secondary concern of life. * * * * *

If we now connect the condition we have gained here of the inheritance of the *Character* ( Will ) from the father and the *intellect* from the mother with our earlier investigation of the wide gluf which nature has placed between man and man in a moral as in an intellectual regard, and also with our knowledge of the absolute unalterableness both of the character and of the mental faculties, we shall be led to the view that *a real and thorough improvement of the human race* might be attained to *not so much by instruction* and culture *as rather upon the path of generation* If we could castrate all scoundrels, and shut up all stupid geese in monasteries, and give persons of noble character a whole harem, and provide men ( and indeed, *complete* men ) for all *maidens of mind and understanding, a generation would soon arise*

*which would produce a better age than that of Pericles.*

In the same way it might be considered whether, as regards results, it would not be more advantageous to give the public dowaries which upon certain occasions have to be distributed, not, as is now customary, to the girls who are supposed to be the most virtuous, but to those who have most understanding and are the cleverest; especially as it is very difficult to judge as to virtue, for, as it is said, only God sees the heart. The opportunities for displaying a noble character are rare, and a matter of chance; besides, many a girl has a powerful support to her virtue in her plainness; on the other hand, as regards understanding, those who themselves are gifted with it can judge with great certainty after some examination. * * *

For *all love*, however ethereally it may bear itself, *is rooted in the sexual impulse alone*, nay, it absolutely is only a more definitely determined, specialised, and indeed in the strictest sense individualised sexual impulse.

If, now, keeping this in view one considers the important part which the sexual impulse in all its degrees and nuances plays not only on the stage and in novels, but also in the real world, where, next to the love of life, it shows itself the strongest and most powerful of motives, constantly lays claim to half the powers and thoughts of the younger portion of mankind, is the ultimate goal of almost all

human effort, exerts an adverse influence on the most important events, interrupts the most serious occupations every hour, sometimes embarrasses for a while even the greatest minds, does not hesitate to intrude with its trash interfering with the negotiations of statesmen and the investigations of men of learning, knows how to slip its love letters and locks of hair even into ministerial portfolios and philosophical manuscripts, and no less devises daily the most entangled and the worst actions, destroys the most valuable relationships, breaks the firmest bonds, demands the sacrifice sometimes of life or health, sometimes of wealth, rank and happiness, nay, robs those who are otherwise honest of all conscience, makes those who have hitherto been faithful, traitors; accordingly, on the whole, appears as a malevolent demon that strives to pervert, confuse, and overthrow everything;–*then* one will be forced to cry, wherefore all this noise? Wherefore the straining and storming, the anxiety and want? It is merely a question of every Hans finding his Grethe. Why should such a trifle play so important a part, and constantly introduce disturbance and confusion into the well-regulated life of man? But to the *earnest investigator* the spirit of truth gradually reveals the answer. *It is no trifle* that is in question here; on the contrary, the importance of the matter is quite proportionate to the seriousness and ardour of the effort. The ultimate end of all love affairs, whether they are played in sock or cothurnus, is really

more important than all other ends of human life, and is therefore quite worthy of the profound seriousness with which everyone pursues it. That which is decided by it is nothing less than *the composition of the next generation* The *dramateis personæ* who shall appear when we are withdrawn are here determined, both as regards their existence and their nature, by these frivolous affairs. As the being, the *existentia*, of these future persons is absolutely conditioned by our sexual *impulse* generally, so their nature, *essentia*, is determined by the individual selection in its satisfaction, *i. e.* by sexual love, and is in every respect irrevocably fixed by this. This is the key of the problem * * *

That which presents itself in the individual consciousness as sexual impulse in general, *without* being directed towards a *definite* individual of the other sex, is in itself, and apart from the phenomenon, *simply* the *will-to live* But what appears in consciousness as a sexual impulse directed to a *definite* individual is in itelf the will-to-live *as a definitely determied individual*. Now in this case the sexu l impulse, athough in itself a subjective need knows how to *assume* very skillfully the *mask* of an objective admiration, and thus to *deceive our consciousness*; for nature *requires* this stratagem to attain its ends But yet that in every case of falling in love, however objective and sublime this admiration may appear, what *alone* is looked to is the production of an individual of

a definite nature is primarily confirmed by the fact that the essential matter is not the reciprocation of love, but *possession, i. e.*, the physical enjoyment. The certainty of the former can therefore by no means console for the want of the latter; on the contrary, in such a situation many a man has shot himself. On the other hand, persons who are deeply in love, and can obtain no return of it, are contented with possession, *i. e*, with the physical enjoyment. This is proved by all forced marriages, and also by the frequent purchase of the favour of a woman, in spite of her dislike, by large presents or other sacrifices, nay, even by cases of rape. That this particular child shall be begotten is, *although unknown to the parties concerned*, the true end of the whole love story; the *manner* in which it is attained is a *secondary** consideration. Now, however loudly persons of lofty and sentimental soul, and especially those who are in love, may cry out here about the gross realism of my view, they are yet in error. For is not the *definite* determination of the individualities of the next generation a much higher and more worthy end than those exuberant feelings and super-sensible soap-bubbles of theirs? Nay, among *earthly* aims, *can* there be one which is greater or more important? * * * * * *

* I may here add that it is this **secondary** consideration which has necessitated and created various forms of marriage, rules of society, formalities, ceremonials &c. &c.

**V M. Shah.**

Let us now set about a more thorough investigation of the matter. Egoism is so deeply rooted a quality of all individuals in general, that in order to rouse the activity of an individual being egoistical ends are the only ones upon which we can count with certainty. Certainly the species has an earlier, closer, and greater claim upon the individual than the perishable individuality itself. Yet when the individual has to act, and even *make sacrifices* for the continuance and quality of the species the importance of the matter *cannot* be made so comprehensible to *his intellect*, which is calculated merely with regard to individual ends, as to have its proportionate effect. Therefore in such a case nature can only attain its ends by implanting a certain illusion in the individual on account of which that which is only a good for the species *appears* to him as a good for himself, so that when he serves the species he imagines he is serving himself; in which process a mere chimera, which vanishes immediately afterwards, floats before him, and takes the place of a real thing as a motive. This illusion is instinct."

દુનિયાનું સ્વરૂપ ઓળખવા માટે subjective અને objective એવા બે માર્ગ છેઃ(૧)આત્મામાંથી જગત્ તરફ અને (૨)જગતને જોતાં જોતાં આત્મા તરફ, એમ બે રીતે નજર કરવાથી જગત્‌નું ખરૂં રહસ્ય સહમજી શકાય છે. શૉપનહોર એ બન્ને રીતે જુએ છે અને એને જે કાંઈ જણાય છે તે "The world as will and Idea" નામના મહાગ્રંથમાં વર્ણવે છે. તે, જગત્‌નું મૂળ —એક એવું તત્ત્વ કે જેમાંથી સર્વ phenomena ઉત્પન્ન થાય

છે—શોધી કહાડે છે અને તે તત્ત્વનો બુદ્ધિ, સ્થૂલ શરીર, સ્ત્રીપુરૂષનો સંયોગ ઇત્યાદિ સાથે કેવો સંબંધ છે તે પણ શોધી બતાવે છે. સ્ત્રીપુરૂષના સંયોગ બાબતમાં તે બહુ ઉંડો ઉતરે છે અને તે તપાસને પરિણામે હેણે ઉપજાવી કહાડેલા સિદ્ધાંતો પૈકીના ઘણાખરા ઉપર લખેલા ઉતારામાં સમાઈ જાય છે. મ્હેં ઇરાદાપૂર્વક હેનો ગુજરાતી અનુવાદ આપ્યો નથી. આ વિષય સમાજને દેખવાની જોખમદારી લેવા ઇચ્છનારાઓને કામનો છે અને એવી જોખમદારીનું જ્હેને ભાન હશે તેઓ પોતે તે વાંચી લેશે અગર કોઇ પાસે વંચાવીને સ્હમજી લેશે. જ્હેને તેવી દરકાર નથી હેમની આગળ આનો તરજુમો ' ભેંસ આગળ ભાગવત ' થઇ પડે !

પુનર્લગ્નના સવાલની તપાસ કરવા ઇચ્છનારે પણ આ સત્યો સ્હમજવાની દરકાર કરવી જોઇએ છે. આ સત્યો સ્હમજ્યા પછી, ' જૈનહિતેચ્છુ ' માં પ્રસંગોપાત લખાયલા મ્હારા નીચેના વિચારો વધારે સ્પષ્ટ અને અર્થસૂચક જણાશે. તે વિચારો નીચે મુજબ છેઃ—

આત્માના ઉદ્ધાર માટે—ફરી જન્મવું જ ન પડે તેમ થવા માટે—કરાતી પ્રવૃત્તિ સિવાય બીજી કોઈ પ્રવૃત્તિમાં જૈન ધર્મ 'પવિત્રતા' માનતો નથી, અને તેથી 'લગ્ન' એ જૈન ધર્મની દૃષ્ટિએ તો 'પવિત્ર' ન જ હોઈ શકે. જેને જૈન ધર્મ પર શ્રદ્ધા છે હેણે, હેને જો 'ધર્મ'નો જ ખપ હોય તો, **અખંડ બ્રહ્મચર્ય** જ પાળવું જોઇએ. જૈનદૃષ્ટિએ તો લગ્ન ધાર્મિક નહિ પણ વ્યવહારિક—સામાજિક—જોડાણ છે.

અને **અખંડ** બ્રહ્મચર્યનું પાલન **અસાધારણ મનુષ્યોથી જ** બની શકે તેવું છે. કુદરતના પ્રબળમાં પ્રબળ અવાજ અને આજ્ઞાને છેક જ દબાવી દેવાની જ્હેનામાં 'કળા' અને 'શક્તિ' હોય તે જ તે કરી શકે. જેઓમાં તે કળા અને તે શક્તિ ન હોય તેવાઓ—એટલે કે 'સમાજ'—માટે બ્રહ્મચર્યપાલન ફરજ્યાત ઠરાવવું **યોગ્ય** નથી તેમજ **શક્ય** પણ નથી. **તેથી** લગ્નાદિ વ્યવહારો રચાયા. વ્યવહારશાસ્ત્રો હમેશ જે **મનુષ્યો** માટે, જે જમાના માટે, જે ભૂમિ માટે રચાય હેના સ્વભાવ, યોગ્યતા અને હેની જરૂરીઆતો તરફ દૃષ્ટિ રાખીને જ રચાય છે. વ્યવહારશાસ્ત્ર સઘળા દેશ માટે એક હોઇ શકે નહિ, સઘળા સ્વભાવો માટે એક હોઈ શકે નહિ, ઉત્ક્રાંતિક્રમના જૂદા જૂદા પગથીઆ ઉપર ઉભેલા સઘળા જીવાત્માઓ માટે એક હોઇ શકે

નહિ. મ્હેલમાં રહેવું એ ગમે તેટલું ઈષ્ટ હોય તો પણ ઝુંપડાના રહેનાર ઉપર એવી ફરજ પાડી શકાય નહિ કે હેણે પોતાનું તુચ્છ ઝુંપડું તોડી જ નાખવું અને ગમે તેમ કરી મ્હેલ બાંધીને જ રહેવું! ઝુંપડાં સ્વચ્છ રાખવાની અને એની આસપાસની જગામાં ગંદકી થઈ પડોશીઓને નુકશાન ન થવા પામે એવી કાળજી રાખવાની ફરજ તો કાનૂન બાંધનાર અવશ્ય પાડી શકે (કહો કે તેણે તેવી ફરજ પાડવી જોઈએ જ); તેમજ ઝુંપડામાં રહેનારની આર્થિક અને માનસિક સ્થિતિ ક્રમશઃ વધારે ને વધારે ખીલવા પામે એવા રાજ્યના કાયદા બાંધવાની પણ જરૂરીઆત આપણે સ્વીકારીશું, કે જેથી હેમની ભાવનાઓ અને સાધનો વધારે પ્રૌઢ બનતાં તેઓ એક દિવસ મહેલમાં રહેતા થાય. લગ્ન આદિ વ્યવહારક્રિયાઓની બાબતમાં પણ એમ જ છે. બધાએ બ્રહ્મચર્ય પાળવું એ ગમે તેટલું ઇષ્ટ હોય તો પણ એ વર્ત્તન ફરજીયાત રખાવી શકાય નહિ. તેથી કુશળ સમાજશાસ્ત્રીઓના સમાજબંધારણમાં બ્રહ્મચર્યના મ્હેલને પણ જગા મળે છે, એકજ વખતના લગ્ન રૂપી ઘરને પણ જગા મળે છે, અને પુનર્લગ્નરૂપી ઝુંપડાને પણ જગા મળે છે; જો કે અટલ પ્રકૃતિને અનુકુળ થવા માટે અપાતી લગ્ન અને પુનર્લગ્નની છૂટથી સમાજને નુકશાન થવા ન પામે (અગર ઓછામાં ઓછું નુકશાન થાય) એવી કાળજીને પરિણામે એ જોડાણોની છૂટ આપવા સાથે તે કેટલાક એવા નિયમો પણ અવશ્ય ઘડે છે કે જેથી અંધાધુધી થવા ન પામે અને દરેક વ્યક્તિને પોતે ઉન્નતિક્રમના જે પગથીઆ ઉપર હોય ત્હાંથી આગળ જવાની લાગણી રહ્યા કરે [અર્થાત્ પુનર્લગ્ન કરનારને એમ લાગે કે, ઇચ્છાઓને રોકી નહિ શકવાથી મ્હારે આ જોડાણ કરવું પડ્યું છે, અને આ લગ્નથી મ્હારી અમર્યાદિત ઇચ્છાઓ અમુક મર્યાદામાં મુકાઈ છે, પણ હવે હેને એથી પણ વધુ ને વધુ અંકુશમાં રાખવાની મ્હારે કોશીશ કરવી જોઈએ, કે જેથી જો દૈવયોગે આ બીજીવારના લગ્નનું એક પાત્ર મરણ પામે તો બીજું પાત્ર ફરી લગ્ન કરવા તલસે નહિ. તેવીજ રીતે પ્રથમ લગ્ન કરનારને પણ એમ લાગે કે, હેની બહાદુરી લગ્નથી મળેલા હક્કોનો આંધળો ઉપયોગ કરવામાં નથી, પણ ક્રમશઃ ઇચ્છાઓને મર્યાદામાં લાવતાં લાવતાં સમ્પૂર્ણ બ્રહ્મચર્યપાલનની સ્થિતિમાં આવવામાં જ બહાદુરી છે.]

ફરી કહું છું કે, ધર્મ દૃષ્ટિએ પ્રથમ લગ્ન પણ ઇષ્ટ નથી જ.

અને તે છતાં સમાજે જરૂરીઆતના દૃષ્ટિબિંદુથી હેને ટકાવવું પડ્યું છે, તે એટલે સુધી કે જૈન સિવાયના બીજા ધર્મોએ તો લગ્નને **ધાર્મિક સંબંધ** માન્યો છે, અને આજકાલ હેમની દેખાદેખીથી જૈનો પણ લગ્નમાં ધાર્મિક તત્વ જોડીને 'જૈન લગ્નવિધિ' કરવા લાગ્યા છે! What a funny self-contradiction! આ 'લગ્ન' એ માત્ર કુદરતે માગેલો અને સમાજે યોજેલો 'વ્યવહાર' છે, અને કોઇ 'વ્યવહાર' સ્થિર કે નિશ્ચિત હોઇ શકે જ નહિ, અને તેથી જૂદા જૂદા દેશોમાં અને જૂદા જૂદા જમાનામાં લગ્ન સંબંધી જૂદી જૂદી પદ્ધતિઓ અને ખ્યાલો ચાલે છે. એક વખતે ભાઇ–બ્હેન સાથે જન્મતા અને પરણતા. (ખુદ જૈન શાસ્ત્રો એમ કહે છે, અને એમાં 'અનીતિ' હોવાનું તે વખતના લોકો પૈકી કોઇએ માન્યું ન હતું!) એક વખતે એક સ્ત્રી એકી સાથે ઘણા પુરૂષોની પત્ની બનતી, (બ્રાહ્મણોથી ના કહી શકાશે નહિ!); એક વખતે સ્ત્રીને ઉપાડી જઇ હેને પત્ની બનાવવામાં ફાવનારો વખણાતો. (એમાં 'અનીતિ' મનાતી નહિ). એક વખત રાજા જીવતો હોવા છતાં રાણીને પુત્રપ્રાપ્તિ માટે મહર્ષિ પાસે અમુક મુદત સુધી મૂકવામાં આવતી [અને એમાં અનીતિને બદલે **મહા**નીતિ મનાતી]: આ સઘળી રૂઢિઓમાં તે વખતના લોકોને કંઇ અયોગ્યતા કે અધર્મની ગંધ આવતી નહિ. આનું **કારણ** એટલું જ છે કે, સ્ત્રી–પુરૂષનો સંબંધ વસ્તુતઃ 'ધર્મ'નું નહિ પણ 'વ્યવહાર'નું અંગ છે અને વ્યવહાર કોઇ 'સત્ય' પદાર્થ નથી પણ મનુષ્યકૃત—મનુષ્યની જરૂરીઆત મુજબ કરાતી 'બનાવટ' છે, તેથી **પોતાની** બનાવટમાં મનુષ્યને ભયંકરતા કે બિભત્સતાની ગંધ આવતી નથી.

સમાજ પોતાની પરિસ્થિતિઓ અને આવશ્યકતાઓ તથા ખાસીઅતોને અનુકુળ 'વ્યવહાર' **બાંધે** છે અને નવી પરિસ્થિતિઓ ઉભી થતાં પ્રથમના 'વ્યવહાર'ને **તોડે** છે. જે સમાજ 'બાંધી' અને 'તોડી' **શકે** છે તે જ સમાજ 'જીવતો' છે. બાંધવું અને તોડવું એ ક્રિયાઓ આરોગ્યસૂચક છે, જીવનની ખાસીઅતો છે. બાંધવા—તોડવામાં જેને ભય કે પાપ લાગે છે તે સમાજમાં, ખાત્રીથી માનજો કે, સડો શરૂ થઇ ગયો છે અને હેના દિવસો ગણાવા લાગ્યા છે.

સંયોગની ઇચ્છા એ સૃષ્ટિ જ્યહાં સુધી રહેશે ત્યહાં સુધી જીવમાત્રમાં પ્રબળપણે રહેવાની જ. તે સારી ચીજ હો કે ખોટી, હેને કોઇ ઇષ્ટ માને કે અનિષ્ટ, કોઇની મતિમાં તે અધર્મ દેખાય કે ધર્મ;–પણ તે

જે છે તે છે; જીવ માત્રનું અસ્તિત્વ તે ઇચ્છાનું પરિણામ છે અને જ્યહાં સુધી જીવ તે 'જીવ' મટીને 'શીવ' ન થાય ત્યહાં સુધી હેનો અશેષ ક્ષય સંભવતો નથી. ડાહ્યામાં ડાહ્યો મનુષ્ય બહુ તો એવો રસ્તો યોજી શકે કે જેથી એ ઇચ્છાના અનિયંત્રિત વર્તનથી **સમાજને** નુકશાન કે અંધાધુધી સહવી ન પડે; અને લગ્ન એ બીજું કાંઈ નહિ પણ, એ ઇચ્છાની અનિવાર્યતાને સ્વીકારીને, વ્યક્તિઓની એવી ઇચ્છાથી સમાજને આઘાત ન થવા પામે એટલા ખાતર, સમાજે યોજેલી 'શરતો' (condition) છે. એ 'શરતો' પ્રથમલગ્નની બાબતમાં તેમજ બીજી વારના લગ્નની બાબતમાં **એકસરખું** કામ કરે છે. **બન્ને** બાબતોમાં, એ 'શરતો'નો **આશય** મનુષ્યની સંયોગઇચ્છાને અમુક મર્યાદામાં ગોંધી રાખવાનો જ છે. માણસને પ્રકૃતિએ વળગાડેલી જુલ્મી 'ઇચ્છા'–અથવા બીજા શબ્દમાં કહીએ તો **કામ:** હેની આજ્ઞાને આધીન થવું એ જેટલું **વ્યક્તિને** માટે જરૂરનું છે, તેટલું જ બીજી તરફથી એક વ્યક્તિની કોઇ ક્રિયા સમાજની બીજી વ્યકિતઓને હરકત કરનાર ન થાય એવું ઇચ્છવાનું **સમાજને** જરૂરનું છે—કહો કે એવું ઇચ્છવાનો સમાજને **હક્ક** છે, આમ પરસ્પરની પરસ્પરવિરોધી જરૂરીઆતોનું સમાધાન તે જ 'લગ્ન' છે.–પછી તે પહેલી વારનું લગ્ન હો, યા બીજીવારનું. જુવાન સ્ત્રીને બીજી વાર લગ્ન ન કરવા દેવું એ **સમાજને** માટે ભયંકર

જ્યહારે લગ્ન કરવા દેવું [અને **અમુક સંજોગોમાં તો** લગ્ન કરવાની ફરજ પાડવી] તે સમાજને માટે **સહીસલામત** છે. એક સ્ત્રી–પછી તે કુમારિકા હોય યા વિધવા હોય–જો તે સમાજે **આપેલા** ઇચ્છાતૃપ્તિના સાધન વગરની હોય, અને તે સાથે કામતૃપ્તિ એ 'પાપ' અને 'ગુન્હો' છે એવી માન્યતા સમાજમાં પ્રચલિત હોય, તો એ બે તત્ત્વોને પરિણામે તે સ્ત્રી કુદરતી ક્ષુધાની તૃપ્તિ માટે કોશીશ **છુપી રીતે** કરશે, કે જેથી **હેને** 'ગુન્હા'નો દંડ ભરવો ન પડે, પરન્તુ તેથી **થયું** એ કે તેણીની ગુપ્ત સમજાવટથી ઘણા મરદો ભ્રષ્ટ થશે અને **ચોરીથી** કામો કરવાનું શીખશે. આ પ્રમાણે સમાજની **પુરૂષ**વ્યક્તિઓમાં **વ્યભિચાર** અને ચોરી એ અનિષ્ટ તત્ત્વો પ્રસરશે; આ ગેરલાભ **સમાજને** છે.

કાયદાએ પ્રથમ **સમાજના** રક્ષણની દરકાર કરવી જોઇએ, **વ્યક્તિ**ઓની દરકાર બીજા નંબરનો સવાલ છે, અને તે તો સમાજની રક્ષામાં સમાઈ પણ જાય છે. હવે પહેલી વખતનું કે બીજી વખતનું લગ્ન એ 'ધર્મ' નથી, પણ સમાજે સમાજની રક્ષા માટે યોજેલી

'શરતો' છે અને એ શરતો વડે સમાજ માત્ર અંધાધુંધી અટકાવી શકે છે,—એથી વિશેષ કરવાની સત્તા કે શક્તિ સમાજને હોઈ શકે નહિ. વધુમાં વધુ આગળ વધેલો દેશ પ્રજાને માટે પ્રાથમિક કેળવણી ફરજ્યાત રાખી શકે, પણ બધાએ શાસ્ત્રવેત્તા કે 'ડૉક્ટર ઑફ લૉ' બનવું જ પડશે **એવું** ફરજ્યાત ઠરાવવાની સત્તા કે શક્તિ કોઈ રાજ્યને હોઈ શકે નહિ. અલબત રાજ્ય ઉંચા અભ્યાસની સગવડ માટે કૉલેજો ખોલશે, કે જેથી **આગળ** વધવાની જેની ઇચ્છા હોય અને **લાયકાત** હોય તેવાઓ તે સાધન વડે આગળ વધી શકે. પરન્તુ આનો અર્થ એ જ કે, વ્યક્તિને નિરક્ષર ન રહેવા દેવી એટલું કરવાનો રાજ્ય (state)ને હક્ક છે—અને એટલું જ **સંભવિત** છે,—પણ શ્રેષ્ટ વિદ્વાન બનવાની **ફરજ પાડવાનો** હક્ક રાજ્યને નથી, તેમ તે સંભવિત પણ નથી; અને **વ્યક્તિ**એ તે કરી લેવાનું છે. તેમજ સમાજ **પ્રથમ** લગ્ન અને **બીજીવારનાં** લગ્ન સમાજના રક્ષણ ખાતર ફરજયાત રીતે **કરાવીશકે,** કે જેથી હરાયા ઢોર જેવી ગરબડો થવા ન પામે; પરંતુ સમાજ કોઇને **અવિવાહિત** જીંદગી ગુજારવાની ફરજ ન પાડી શકે. એ બાબત તો વ્યક્તિની પોતાની મુનસફી પર જ રહી શકે, અને એવી મુનસફી વાપરવાનો મનુષ્યનો જન્મહક્ક સમાજ વાજબી રીતે ખુંચવી શકે નહિ.

આ મુખ્ય નિયમને એક અપવાદ હોઈ શકે, અને તે એ કે કોઈ પણ પુરૂષવ્યક્તિ કે સ્ત્રીવ્યક્તિ ચેપી દરદમાં સબડતી હોય અગર ભયંકર ગુન્હા કરવાની પ્રકૃતિવાળી હોય તો હેને જીંદગી સુધી અવિવાહિત રહેવાની ફરજ **સમાજ** કે સ્ટેટ પાડી શકે; અને તે પણ તે **વ્યક્તિ**ની દયા ખાતર નહિ પણ સમાજના રક્ષણના દૃષ્ટિબિંદુથી. આશ્ચર્ય તો એ છે કે, **હિંદ**નો કોઈ સમાજ વ્યભિચારી, શરાબી, રોગી કે નિર્બળ પુરૂષ યા સ્ત્રીને અવિવાહિત રહેવાની ફરજ પાડતો નથી (કે જેવી ફરજ પાડવી એ સમાજનું પ્રથમ દરજ્જાનું કર્ત્તવ્ય છે),—રે તે તો નેઉ વર્ષના મુડદાને પણ પરણવા દેછે અને એના લગ્નમાં પોતે શામેલગીરી અને મંજુરી આપે છે, મરવાની અણીપર આવેલા બીમાર સાથે પણ ચૌદ વર્ષની કન્યાને ફેરા ફેરવી દેતાં સમાજને 'ધર્મ' કે 'નીતિ' કે 'કર્ત્તવ્ય' ની ભાવના નડતી નથી, પોતાનું એકલાનું પેટ ભરવાને અશક્ત માણસને પતિ બનાવતાં સમાજને ભવિષ્યની સંતતીની દશા અને તેથી ઉપજતી સમાજની કમબખ્તીનો ખ્યાલ આવી શકતો નથી, ચાંદી—બદ અને પ્રમેહ જેવાં વંશપરંપરા

ચાલ્યા કરવાની ખાસીઅતવાળાં ભયંકર દર્દો અને વ્યભિચાર-ખુન કે ચોરી જેવી માનસિક વ્યાધિઓ જેનામાં છે હેને લગ્નની ગાંઠથી જોડી સમાજમાં એવા શારીરિક અપંગો અને માનસિક અપંગોની ભરમાર કરતાં સમાજને જરા પણ કમકમી છૂટતી **નથી**,-અફસોસ, **તેજ સમાજ** ખુલ્લી અને પ્રમાણિક રીતે થતા નિર્દોષ અને તનદુરસ્ત યુવાન સ્ત્રી-પુરૂષના બીજી વારના જોડાણ સ્હામે કોળાહળ કરી મુકે છે, જો કે ઉપર લખેલા સઘળા દાખલાઓમાં **સમાજને** ખુદને **નુકસાન** છે, જ્યહારે છેલ્લા દાખલામાં સમાજને ખુદને **લાભ** છે, કારણ કે તે પ્રમાણિક જોડાણથી સમાજના વાતાવરણમાં ભ્રષ્ટતા થવાનો સંભવ દૂર થાય છે.

દુનિયામાં પ્રબળમાં પ્રબળ **ઇચ્છા** અથવા **સતામણી** કોઈ હોય તો **તે કામ** છે; જેઓ ખરેખર મહાન આત્મા હશે તેઓ હમેશ પ્રબળમાં પ્રબળ શત્રુને જ હરાવવા તૈયાર થશે, નહિ કે જેવાતેવાને. જેઓ ખરેખર જ Noble souls-પ્રખર આત્માઓ હશે તેઓ-તેવા પુરૂષો તેમજ તેવી સ્ત્રીઓ- **સ્વભાવથી** જ બ્રહ્મચર્યમાં મઝા માનશે અને તે જાળવવા માટે **દરેક દુઃખ** ખુશીથી સહન કરશે, હેમને કોઈ તે મહાવિકટ માર્ગપર **ફરજ્યાત** મોકલી શકે નહિ; અને ફરજ્યાત મોકલાયલા નિર્બળ આત્માઓ પ્રખર શત્રુ સ્હામે જવામાં કાંદા કહાડે પણ નહિ. એ તો પ્રકૃતિનો સવાલ છે. પહેલી વાર પરણવું એને સમાજે જો કે પાપ કે ગુન્હો **નથી માન્યો** અને સમાજ પોતે જ લગ્ન કરાવે છે તો પણ શું જીંદગી પર્યંત બ્રહ્મચર્યાશ્રમ સેવનારા પુરૂષો **તેમજ સ્ત્રીઓ** ભૂતકાળમાં તેમજ વર્ત્તમાનમાં નથી સાંભળવામાં આવ્યાં? યુરોપાદિ દેશોમાં જ્યહાં દશ વખત લગ્ન કરવામાં પણ ગુન્હો નથી મનાતો-અરે જ્યહાં પતિની હયાતીમાં પણ છૂટાછેડા થઈ શકે છે-તેવા દેશોમાં અને આજના કહેવાતા કળિયુગના જમાનામાં પણ—શું સ્ત્રીઓ આજન્મ કુમારી નથી રહેતી? એવા અને એવા જમાનામાં પણ એવા દાખલા નજરે પડે છે કે, જેમાં એક કુમારિકા એક યુવાન સાથે એકદીલ થયા પછી તે યુવાન લગ્ન પહેલાં મરી જાય છે અગર હેનું ચિત્ત તે કુમારિકા ઉપરથી ઉઠી જાય છે તો તે કુમારિકા આજન્મ કુમારિકા રહે છે. આ બધા દાખલાઓમાં સ્ત્રીને લગ્ન કરતાં કોણે અટકાવી હતી?-માત્ર હેના ખાસ **પ્રકૃતિએ**. સમાજ કે સમાજના કાનુન ('રીવાજ') તેમજ રાજ્ય કે રાજ્યના કાનુન ("Law') હેને પહેલી વાર કે બીજી વાર પરણતાં અટકાવી શકે નહિ, તેમ ફરજ્યાત પરણાવી શકે નહિ.

અહીં એટલું ઉમેરવું જોઇશે કે, આ બધી વિચારણા ગૌણતાએ છે (general છે); એમાં પણ અપવાદ તો હોઇ શકે, કારણ કે અપવાદ સિવાયનું સત્ય છે જ નહિ. દાખલા તરીકે, અમુક સ્ત્રીમાં કુમારિકા રહેવાની જ ખાસીઅત(characteristic હોય તે છતાં જો દેશમાં ભયંકર મરકી કે યુદ્ધ જાગે અને ત્હેને પરિણામે પુરૂષસંખ્યા અસાધારણ મરી પરવારે તો **સમાજની જીંદગીના રક્ષણ ખાતર** સમાજનેતાઓ તેવી સ્ત્રીઓને લગ્ન કરવાની ફરજ પણ પાડી **શકે**; જો કે અહીં પણ વ્યક્તિને તે અધિકાર તો હોઇ શકે કે જો તે દેશનો તે કાનુન ત્હેનાથી **સહન ન** થતો હોય તો દેશ કરતાં બ્રહ્મચર્યને વધારે કિંમતી માનનારી તે વ્યક્તિ દેશ છોડીને અન્ય સ્થળે પોતાનું બ્રહ્મચર્ય રક્ષી શકે. મતલબ કે, લગ્ન એ અનેક દૃષ્ટિબિંદુઓના સમાવેશવાળું, સ્ટીરીઓટાઇપ નહિ તેવું, માત્ર **સમાજ**ની રક્ષા ખાતર યોજાયલું, 'ધર્મ'ના નામ **સાથે** કે નામ **વગર** 'ઉપજાવી કઢાયલું' બંધારણ છે.

ઉપર કહેવાયું કે, ઉચ્ચ જીવાત્માનો આદર્શ **અવિવાહિત શુદ્ધ જીવન** (એટલે કે સમ્પૂર્ણ બ્રહ્મચર્ય) હોય, પણ તેથી મધ્યમ કે કનિષ્ઠ પ્રકૃતિઓને માથે ઉચ્ચ પ્રકૃતિનો આદર્શ **ઠોકી બેસાડવાની** સત્તા સમાજને હોઇ શકે **નહિ**. અહીં એટલું ઉમેરવું ઉચિત છે કે, **સમાજ** (એટલે કે સમાજમાંની તે વ્યક્તિઓ કે જે ધર્મગુરૂ કે લેખક કે અગ્રેસર તરીકે હોય તે) **ઉચ્ચતમ આદર્શનો 'ઉપદેશ'** કરવાને **હક્કદાર** છે, અને એમ કરવું એ સમાજની **ફરજ** પણ છે. પતિમાં તલ્લીન બનેલી એક સ્ત્રી પતિની ચીતામાં બળી મરે એ ગમે તેટલું (તેણીના passion પ્રેમના બળની દૃષ્ટિથી) વખાણવામાં આવે, પરન્તુ બધી સ્ત્રીઓને માટે પતિ સાથે મરવાનું ફરજ્યાત ઠરાવવાની સત્તા સમાજને કે સ્ટેટને **ન** હોઇ શકે; અને તેવી જ રીતે એક પતિ પાછળ અવિવાહિત રહેવાની બાબતમાં પણ.

સ્ત્રીશરીરનું બંધારણ જ પુરૂષને આધીન રહેવાને લાયકનું છે એમાં તો કાંઇ **શક** જ **નથી**. અને ત્હેમાં વળી હિંદુસમાજે ઘરસંસાર એવો રચ્યો છે કે જેથી સ્ત્રી **વધારે** નિરાધાર બને, પોતે પોતાનું પેટ સ્વતંત્ર રીતે ભરવા લાયક બની શકે **નહિ**. હિંદુ ઘરસંસારની આ રચના ઠપકો દેવા યોગ્ય છે કે કેમ એ કાંઇ અત્યારે આપણો સવાલ નથી; પણ વખાણવા લાયક હો વા ઠપકો દેવા લાયક હો, એ રચનાથી સ્ત્રીજાતિને પરતંત્ર **બનાવ્યા પછી** એને વિધવા તરીકે જીંદગી ગાળવાની **ફરજ પાડવી** એ તો ચોખ્ખો

અન્યાય જ કહેવાય. એક પક્ષીને ગમે તો સોનાના પાંજરામાં પૂરવામાં આવે, પણ જ્હારે ત્હેનો માલેક ગુજરી જાય ત્હારે તે પીંજરામાંથી છૂટવા છતાં ઉડી જ ન શકે તો પોતાનું પેટ કેવી રીતે ભરી શકે ? પતિ મરતાં સ્ત્રીના ઉદરપોષણનો માર્ગ બંધ થયો હોય એવી સ્ત્રીને બીજાઓનું ઓશીઆળું જીવન ગુજારવું પડે છે એ આ દેશમાં કોણે નથી જોયું ? સગાઓ-સોમાંથી ૯૦ ટકામાં-વિધવાને પેટપુર ખાવા આપવા જેટલી પણ ભલમનસાઈ ધરાવતા નથી હોતા; અને કુલ સ્ત્રીઓની સંખ્યાનો **ચોથો ભાગ** જે દેશમાં વિધવા હોય તે દેશમાં વિધવાશ્રમો ખોલીને **સઘળી વિધવાઓનો ઉદરનિર્વાહ** કરવાની યોજના પણ અસંભવિત છે-અને ખાસ કરીને **હિંદ** જેવા સરેરાસ માથાદીઠ બે અઢી રૂપિયાની આમદાનીવાળા દેશને માટે તો આ વાત તદ્દન અશકય છે. ( અનુભવ કે 'સામાન્ય અક્કલ' ના પણ જેમનામાં સાંસા છે તેવા બાળકો વિધવાલગ્નને **બદલે** વિધવાશ્રમ ખોલવાની વાતો રજુ કરે એમાં કાંઇ માલ કે અર્થ હોઈ શકે નહિ. ) આજે જો ઇંગ્લંડ, બેલ્જીઅમ, ફ્રાન્સ અને જર્મનીમાં આપણા હિંદુ અને જૈન પવિત્ર (!) પુરૂષો જઇને ત્હેમના માનીતા સતીપણાના સિદ્ધાન્તનો ઉપદેશ કરી લડાઇમાં રંડાયલી બધી સ્ત્રીઓને હવે પછી વિધવા તરીકે જ જીવન ગાળવાનું સ્હમજાવી શકે (દલીલ ખાતર અસંભવિતમાં અસંભવિત વાત પણ માની લઇએ ) તો એ દેશોનું શું થાય એની કોઇ કલ્પના કરી શકે છે ? હા, પણ હાસ્યની વાતમાંથી મ્હને એક જરા ગંભીર મુદ્દાનું સ્મરણ થઇ આવે છે: 'ધર્મ'ના ઉપદેશની આજે સૌથી વધારે જરૂર ખુનખાર લડાઇમાં જોડાયલા દેશોને છે. તે દેશોમાં 'દેશસેવા'ની મનુષ્યકૃત ભ્રમણા (delusion in the garb of patriotism ) થી લાખ્ખો માણસો ખુન કરીને મરણ પામ્યા છે; તેઓ નરકે જવાના અને ત્હેમની સ્ત્રીઓ અહીં નરક જેવી આપત્તિ ભોગવે છે, તે ઉપરાંત વળી જો ફરીથી પરણશે તો તે પણ નરકે જશે; આવા સંજોગોમાં લાખ્ખો ક્રોડો નરકગામી જીવોને બચાવવા અને 'ધર્મ' પમાડવા માટે આ દેશના ટોળાબંધ ધર્માત્માઓ (સાધુઓ અને ધર્મઘેલા લેખકો તથા જ્ઞાતિશિરદારો )-ને યુરોપમાં મોકલી આપવા જોઇએ છે. જો તેઓ યુરોપ ન જાય તો સ્હમજવું કે જે 'ધર્મ'નો 'હાઉ' તેઓ પુનર્લગ્ન વગેરેના સવાલોની શાન્ત અને ન્યાયપુરઃસર થતી ચર્ચામાં લાવીને શાહુકારી અને સફાઇ કુટે છે તે બધા 'ઢોંગ' છે; 'ધર્મ' એ જો એટલી

બધી ઇષ્ટ ચીજ હોય કે જે ખાતર આપણા દેશની લાખ્ખો સ્ત્રીઓને ભૂખે મરતી અને કુકર્મ કરતી સ્થિતિમાં ફરજ્યાત રાખવાનું ઉચિત માનવું પડે તો, એવા ધર્મ ખાતર એ ધર્મના પયગમ્બરો શા માટે યુરોપ જઇ ત્હાંની લાખ્ખો સ્ત્રીઓને નરકમાં જતી બચાવવા બહાર પડે નહિ ?

જે સમાજને આશ્રમો દ્વારા પોતાની લાખ્ખો નિરાધાર યુવતીઓનું ઉદરપોષણ કરવાની શક્તિ નથી, તે સમાજ ત્હેમને માથે ફરજ્યાત અને જીંદગીપર્યંતની અવિવાહિત સ્થિતિ ઠોકી બેસાડી શકે નહિ. પુનર્લગ્ન અનિષ્ઠ છે—ન કરવું જોઇએ—એ બધું ઘડીભર દલીલ ખાતર માની લઇએ, અમુક ટુંકી દૃષ્ટિવાળા અને અગાઉથી બાંધી બેઠેલા વિચારવાળા પુરૂષોની ઘેલછાને ઘડીભરને માટે પરમ સત્ય માની લઇએ, અને મુશ્કેલમાં મુશ્કેલ એવો કામતૃપ્તિનો અનિવાર્ય સવાલ ઘડીભરને માટે જતો પણ કરીએ, તોપણ જૈન કોમની અઢી લાખ હયાત વિધવાઓ અને અન્ય કોમોની અસંખ્ય વિધવાઓનું ઉદરપોષણ કરવા પુનર્લગ્નની પૂઠ લેનારાઓ શું બંદોબસ્ત કરે છે ? અને આજની દોષિત સમાજરચનાને પરિણામે દર વર્ષે વધતી જતી વિધવાઓના પેટની ખાડ પુરવા માટે તેઓ શું કરી આપવા તૈયાર છે ? " વિધવાઓની સંખ્યા વધતી અટકાવવી એ જ ઉત્તમ છે, માટે વિધવાલગ્નની વાત છોડો " એમ બોલનારને તર્કશાસ્ત્રનું કે વ્યવહારનું કશું જ્ઞાન હોઇ શકે નહિ. માની લ્યો, દલીલ ખાતર, કે વિધવાઓની સંખ્યા વધતી અટકાવવી એ જ ઉત્તમ છે, પછી ? હાલ જે લાખ્ખો વિધવાઓ વિદ્યમાન છે ત્હેને શું જીવતી 'સતી' કરી દેવી ? કે ધર્મા જીવડા (!) ના ઘેર મોકલી આપવી ? [સમાજની પાસે એટલી સંખ્યાને પાળવા જેવું આર્થિક સાધન નથી, અને જોઇતા સાધનથી હજારમા ભાગનું સાધન જેઓ પાસે છે તેઓ તે હજારમા ભાગના સાધનનો પણ હજારમો ભાગ ખર્ચવા તૈયાર થયા નથી અને થશે નહિ એ શક વગરની વાત છે.] કે, એ લાખ્ખો વિધવાને જૈનોના અપાસરા અને વૈષ્ણવોની હવેલીઓમાં કે મઠોમાં ચેલીઓ બનાવી દેશો ? અને ચેલીઓ બનાવશો તો પણ એટલી બધીને પાળશો અને સંભાળશો કેવી રીતે ?

સમાજને લગતા સવાલનો વિચાર કરવામાં માત્ર લાગણી(emotion)—થી કામ લેવું પાલવે નહિ. સમાજશાસ્ત્ર, તર્કશાસ્ત્ર, આરોગ્યશાસ્ત્ર, શરીરશાસ્ત્ર, ધર્મ અને ફીલસુફી ઇત્યાદિ ઘણી બાબતોના અભ્યાસ કે:

અનુભવ વગરનાને સમાજવિષયક ચર્ચાનો હક્ક જ ન હોઇ શકે. આ દેશમાં તો ગમે તે દુઃખીઆરી કે દુઃખીઆરો, બુડથલ કે પાપી ‘ સાધુ ’ મહારાજ બની શકે છે, ગમે તેવો રોગી કે અશક્ત કે બુઢ્ઢો ખચ્ચર ‘ વર રાજા ’ બની શકે છે, અને ‘ કાળા અક્ષરને કૂટી મારે ’ એવાં અભણ છોકરાં પત્રકાર કે લેખક બની સમાજવિષયક બાબતો ઉપર આડુંઅવળું વેતરી શકે છેઃ અહીં **દલીલ** કોની સાથે કરવી ? દલીલની દરકાર પણ કોને છે અને દલીલમાં સ્હમજે છે પણ કોણ ? આ દેશમાં, કોઇ પણ ખોટી પ્રથા અટકાવવા માટે કે જરૂરની પ્રથા દાખલ કરવા માટે તર્કશાસ્ત્રની દલીલોથી કામ લેવાથી ફાવી શકાય તેમ નથી; અહીં તો મ્હેં જેમ થોડા દિવસ ઉપર નામદાર ઝાલાવાડનરેશને એક જાહેર મીટીંગમાં અરજ કરી હતી તેમ અને ના૦ ગાયકવાડ સરકારે અસ્પૃશ્ય જાતિના ઉદ્ધાર માટે મુંબઇમાં મળેલી કૉન્ફરન્સના પ્રમુખ તરીકે જૅપાનનો દાખલો આપતાં ઇસારો કર્યો હતો તેમ–માત્ર **રાજસત્તાથી** જ લોકોને સીધે રસ્તે લાવી શકાય તેમ છે રાજ્ય સમાજની બાબતમાં હાથ ઘાલવા ખુશી છે કે નહિ, અને નથી તો શા કારણથી, તે એક જુદો પ્રશ્ન છે. પણ નિર્માલ્ય. **હિંદ** કોઇ દિવસ રાજ્યસત્તાના ડખલ વગર સમાજ-સુધારો કરી શકે એવી આશા વ્યર્થ છે.

એક જૈન વિદ્યાર્થીએ પત્રકાર બની લખ્યું કે, સ્ત્રી વિધવા બન્યા પછી લગ્ન કરે તો પહેલા પતિના વીર્ય સાથે બીજા પતિનું વીર્ય ભળવાથી વર્ણશંકર (?) પ્રજા બને ! વળી બીજો એક જૈન કહે છે, આવી હિમાયતમાં અનંતા જીવોનો સંહાર રહેલો હોવાથી તે મહાપાપી હિમાયત છે ! આવાં બાળકોને નથી જ્ઞાન સાયન્સનું, નથી ધર્મશાસ્ત્રનું, કે નથી તર્કશાસ્ત્રનું. વર્ણસંકર શબ્દની જોડણી પણ નહિ જાણનાર એનો અર્થ તો જાણે જ ક્યાંથી ? ગમે તે સંજોગમાં પણ બ્રાહ્મણીને બ્રાહ્મણથી કે ક્ષત્રિયાણીને ક્ષત્રિયથી રહેતો ગર્ભ વર્ણ-સંકર ન કહેવાય એ વાતની ખાત્રી તો વહેમીમાં વહેમી હિંદુ પણ આપી શકશે. અને એક પતિનું વીર્ય બીજા પતિના વીર્ય સાથે ભળી શકે એ પણ અસંભવિત છે. સંભોગકાળના ઘર્ષણને પરિણામે વીર્ય-માંના અસંખ્ય જીવો પૈકી એક જ માત્ર ગર્ભાશયમાં જઇ શકે છે, બાકીનાનો સંહાર થાય છે, અને તે એક પણ ન કળી શકાય એવા કુદરતી રસ્તે બચી જાય છે; તે પણ દર પ્રસંગે નહિ જ. જીવોના સંહારની બીકથી જેઓ પુનર્લગ્નની વિરૂદ્ધ બોલે છે તેઓએ જાણવું

જોઇએ કે પહેલીવારના લગ્નમાં, બીજી વારના લગ્નમાં તેમજ વગ-
લગ્ને થતા સંભોગમાં એકસરખો સંહાર થાય છે; માટે જો સં-
હાર જ અટકાવવો હોય તો સંભોગ માત્ર અટકાવવો જોઇએ.
મનુષ્યની **હયાતી** જ તે 'પાપ' મારફત થાય છે, બીજે રસ્તે કુદ-
રતે સર્જ્યો જ નથી; ત્હમારા હાથમાં વધારેમાં વધારે એટલું કે
શકે કે, કુમારિકા કે યોગ્ય વિધવાનાં લગ્નો અટકાવવાને રસ્તે નહિ
પણ **નાલાયક** પુરૂષો અને સ્ત્રીઓનાં **નાલાયક** લગ્ન અટકાવવાને રસ્તે
તથા પહેલીવાર કે બીજી વાર પરણેલાં તમામ દંપતીઓમાં સંભોગ-
ની ક્રિયાને **નિયમિત** બનાવવાના ઉપદેશને રસ્તે જેટલી બને તેટલી
જીવરક્ષા કરો. 'ધર્મ' નું તત્ત્વ 'લગ્ન' જેવા 'વ્યવહાર' માં
માત્ર **એટલી હદ સુધી જ** ભેળવી શકાય અને ભેળવવું ઇષ્ટ છે કે
(૧) સમાજે જોડી આપેલાં સ્ત્રી–પુરૂષોનાં યુગ્મો વચ્ચે જ સંભોગ
થઇ શકે, તે મર્યાદા બહાર કોઇ જઇ શકે નહિ, અને (૨) સમાજ
જે સ્ત્રી–પુરૂષને પ્રજોત્પત્તિ માટે નાલાયક જુએ ત્હેમને લગ્નથી જો-
ડાવા ન દે, તથા (૩) જ્હેમને પ્રજોત્પત્તિ માટે લાયક સ્હમજીને
સમાજ જોડી આપે ત્હેમને , સંભોગક્રિયાનો દુરૂપયોગ કરવાથી થતા
વ્યક્તિગત તેમજ સામાજિક ગેરલાભો સ્હમજાવી તે સામાજિક ને
ત્યાનાશી વાળનારા 'પાપ' થી બચાવવા **કોશીશ** કરે. જો સમાજ
આટલું જ કરે તો ત્હેણે સર્વ કર્યું માનવું; કારણ કે તેથી વ્યક્તિ-
ઓનું હિત જળવાશે, એટલું જ નહિ પણ સમાજમાં સડો થતો અ-
ટકશે અને સમાજને **પ્રબળ** સંતતિ મળ્યા કરશે;—સંભોગપ્રસંગે
મર્યાદિત થવાથી રક્ષાયલા ઘટ્ટ વીર્યને પરિણામે પ્રબળ સંતતિ થશે
એ 'સમાજ' નો લાભ છે, અને જીવહિંસા ઓછી થશે તે વ્ય-
ક્તિગત લાભ છે.

જૈન શ્રાવકને માટે ચોથું વ્રત ફરમાવ્યું છે, જેમાં પુરૂષ માટે
'**स्वदारा संतोसिए**' (= '**સ્વ**દારા' માં સંતોષ રાખવો)
અને સ્ત્રી માટે '**सभर्तार संतोसिए**' ( = '**સ્વભર્ત્તા**' માં
સંતોષ રાખવો ) એવા પાઠ છે; અર્થાત્ **સ્વદારા** સિવાય કે **સ્વભર્ત્તા**
સિવાય વિષયસેવન કરવું નહિ; અહીં **સ્વ** શબ્દ 'વ્યવહાર' આશ્રી
લખાયલો છે; **ખરેખર** તો છોકરી ત્હેને જન્મ આપનારની મિલ્કત
છે, પણ સમાજની **હાજરીમાં** અને સમાજની ( અર્થાત્ સમાજના
બાંધેલા કાનુનની ) **મંજુરી**થી તે છોકરી એક **બીજા** પુરૂષની મિલ્કત
બને છે, કે જે બીજા પુરૂષને 'ભર્ત્તા' **ઠરાવવામાં** આવે છે; અને

એટલે ભરણપોષણ કરનાર. સ્ત્રીમાત્રને ભરણપોષણ અને રક્ષણ કરનારની અનિવાર્ય અને નિરંતર જરૂર રહે એવું એનું કુદરતી બંધારણ છે. પ્રથમ પિતા પાળતો, પછી જ્યહારે અન્નાદિ ઉપરાંત એક વિશેષ ક્ષુધા ( કુદરતની ઘટના અનુસાર ) ઉત્પન્ન થઇ ત્હારે **બીજો** પુરૂષ ( જ્હેને હવે ' **ભર્ત્તા** ' નામથી ઓળખવાનું ઠરાવ્યું તે ) ત્હેને પાળવા લાગ્યો; અને હવે તે તે બીજા પુરૂષની અર્થાત્ **ભર્ત્તાની** મિલ્કત થઇ. તે રક્ષક, પાલક અને તમામ પ્રકારની કુદરતી હાજતોને પૂરી કરનાર પુરૂષ જો મરી જાય અને તે સ્ત્રી ત્હેની જગાએ બીજા કોઇના રક્ષણ તળે જઇ ત્હેને **ભર્ત્તા** બનાવે તો તે પણ **સ્વભર્ત્તા** જ છે, કારણ કે ત્હેની **બહાર** ત્હેની ઇચ્છા જવાની નથી. તેવી જ રીતે ' સ્વદારા સંતોષ ' શબ્દ તપાસીએ. **દારા** એ શબ્દ **દૃ** એટલે બહુમાન કરવું, ગણવું, સત્કાર કરવો, એ ઉપરથી બનેલો છે. **દારા** એટલે (અમુક પુરૂષ પ્રત્યે બીજાઓના કરતાં **વધારે** ) **બહુમાન** કરનારી ( સ્ત્રી ). **સ્વદારા** એટલે તે સ્ત્રી કે જેને અમુક પુરૂષ તરફ બહુમાન છે અને જેને સમાજે તે **પુરૂષની** મિલ્કત બનવા મંજુરી આપી છે. માલેક મરી જવાથી મિલ્કત બીજાના હાથમાં જાય તેમ **ભર્ત્તા** મરી જવાથી સ્ત્રી બીજા જે પુરૂષ ઉપર ત્હેના ગુણોને લીધે **બહુમાન** બતાવતી હોય તેવાના રક્ષણમાં જઇ સમાજની સાક્ષીએ અને સમાજની પરવાનગીથી ત્હેની **સ્વદારા** બની શકે; અને એ પ્રમાણે વિષયીઓના હુમલાથી ( અર્થાત્ **ભારે** ગજબથી ) પોતાને બચાવી શકે, તેમજ પોતાની વૃત્તિઓને પણ એક જ સ્થળે **રોકી** રાખીને સીમા વગરના જગતમાં ભટકતી અટકાવી શકે.

ધ્યાનમાં રહે કે, જૈન શાસ્ત્રો **સ્વદારા** અને **સ્વભર્ત્તા** શબ્દો વાપરે છે, બ્રાહ્મણોની પેઠે 'ધર્મ'પત્ની અને ' ધર્મ 'પતિ શબ્દ વાપરતાં નથી. પતિ-પત્ની બનવામાં જૈનશાસ્ત્રે ' ધર્મ ' માન્યો જ નથી; અને **દારા** તથા **ભર્ત્તા** શબ્દો કુદરતે ઉભી કરેલી જરૂરીઆતો ઉપરથી ઉપજેલા છે, અને એ જરૂરીઆતોને લીધે જ પુરૂષે સ્ત્રીને અને સ્ત્રીએ પુરૂષને **સ્વ** એટલે ' પોતાનો ' કે ' પોતાની ' બનાવી લેવી **પડે છે. સ્વ** શબ્દ જ **વ્યવહાર** અપેક્ષાએ મૂકેલો છે; અને 'વ્યવહાર' એ કુદરતની કૃતિ નથી પણ સમાજની કૃતિ છે; સમાજની કૃતિ હમેશાં **જરૂરીઆતો**ના પાયા પર રચાય છે. જે સમાજ **અ** એ જન્મ આપેલી અને પાળેલી છોકરીને **બ**ની મિલ્કત બનાવી શકે અને **બ**ની **સ્વ**દારા બનાવી શકે, તે સમાજ તે **બ**ના મૃત્યુબાદ, તે છોકરીને

**જરૂરત** અને **ઇચ્છા** બન્ને હોય તો, તેણીને **ક**ની મિલ્કત અને **કની** **સ્વ**દારા **પણ** બનાવી શકે. જો સમાજ એક છોકરીને **ક**ની મિલ્કત ન બનાવી શકે તો **બ**ની પણ ન બનાવી શકે.

એક બીજી હસવા જેવી દલીલ લાવવામાં આવે છે કે, "પુરૂષ ફરી પરણે છે **માટે** સ્ત્રીએ ફરી પરણવું જોઇએ એ દલીલ **ખોટી** છે; કારણ કે પુરૂષને વંશ રાખવાની જરૂર છે. વગેરે, વગેરે." પ્રથમ તો, જેઓ વિધવાલગ્નની તરફેણમાં પુરૂષોના પુનર્લગ્નની બાબત રજુ કરે છે તેઓ તે દલીલ **મુખ્ય** દલીલ તરીકે રજુ કરતા **નથી** પણ **અનુષંગી** દલીલ તરીકે રજુ કરે છે. 'પુરૂષ જે જે કરવાને હક્કદાર છે તેતે **દરેક** કામ કરવાનો હક્ક સ્ત્રીને હોવો જોઇએ' એવો કાંઇ આ દલીલનો અર્થ થતો નથી. **કુદરત** અને **સમાજ** એ બેને અવલંબીને જ વિધવાલગ્નની હિમાયત કરનારા તે હિમાયત કરે છે. પરન્તુ કુદરતના કાનુન અર્થાત્ સાયન્સ અને સમાજશાસ્ત્ર જેવી બાબતો સામાન્ય લોકગણના **સ્હમજવામાં** નથી આવતી ત્હારે લોકગણની બુદ્ધી **અક્કલને** એક બાજુએ રાખી ત્હેમની 'લાગણી' ને સ્પર્શ કરવા માટે ( કે જે એકનો એક જ માર્ગ ત્હેમને સ્હમજાવવા માટે ખુલ્લો છે) એવું કહેવામાં આવે છે કે, ભાઇઓ, ત્હમને પોતાને ૮૦ વર્ષે પણ સ્ત્રી વગર રહી શકાતું નથી તો સ્ત્રીથી ૧૫ વર્ષની ઉમરે આખી જીંદગી સુધી બ્રહ્મચર્ય પાળવાનું કઠણ કામ કેવી રીતે બની શકે? અનુષંગી દલીલ **સર્વાંગે** સત્ય હોય એવો કાંઇ નિયમ નથી. અને તેથી, 'પુરૂષ ફરી પરણી શકે છે તો સ્ત્રી શામાટે નહિ?' એવું લોકગણને કહેનારા ઠપકાને પાત્ર ગણી શકાય નહિ.

કોઇ કોઈ તો જાહેર પેપરોમાં વિધવાના નામથી અને સહીથી એવા પત્ર પ્રગટ કરાવે છે કે " અમોને વિધવાલગ્ન જોઇતું નથી. તે અધર્મ છે, વગેરે. " આ શબ્દોની સૂક્ષ્મ તપાસ કરીશું તો જણાશે કે, (૧) એવા પત્રો ઘણેભાગે **પુરૂષો** જ લખી મોકલે છે અને ત્હેમાં 'લી૦ એક વિધવા' એવા શબ્દ ઉમેરે છે. (૨) ૧૦૦ માં ૧ ટકો એવો સંભવ માની લઈએ કે કોઈ **સ્ત્રી** પણ એવો પત્ર લખે, તો તે દાખલામાં તે પત્રનો અર્થ એટલો જ થઇ શકે કે, તે લખનાર સ્ત્રી—તે **એક** વ્યક્તિ—સંભોગની ઇચ્છાને દાબી શકી છે અને તેથી **ત્હેને** પુનર્લગ્નની જરૂર જણાતી નથી. પત્રમાં શબ્દો ભલે ગમે તે હો, **પણ** જો તે **પત્ર પ્રમાણિકપણે** લખાયલો હોય તો, ત્હેનો અર્થ એટલો જ થાય કે " **મ્હને** પોતાને ફરી પરણવાની **જરૂર** નથી, અ-

આ જરૂર છે તો પણ ઈચ્છા નથી, અથવા જરૂર અને ઈચ્છા બન્ને હોવા છતાં સમાજે એ ક્રિયા સાથે માનેલો દોષ અને એથી ઉપજતો છૂપો ભય એવો સખ્ત છે કે હું ફરી પરણવા તૈયાર નથી." પરન્તુ એવા કોઈ વ્યક્તિના પત્રથી એમ કદાપિ કહી ન શકાય કે, વિધવાઓ ફરી પરણવાના ખ્યાલને ધિક્કારે છે. આ છેલ્લા કથનના પુરાવામાં જો મ્હને વિધવાઓના વિચારો રજુ કરવાનું કહેવામાં આવે, તો હું તે અશક્ય અને બીનજરૂરી કામ કરવા સાફ ના કહું; કારણ કે જે સમાજમાં પુરૂષો પણ વિધવાલગ્નની તરફમાં પ્રમાણિક મત આપતાં ડરે છે—રે ખુદ પત્રકારો ખાનગીમાં એ વિચારના હોવા છતાં પોતાના પેપરમાં વિરૂદ્ધ વળણ જ જાળવી રાખે છે, અને જે ત્યાગીઓ પણ મિત્રો સમક્ષ તો વિધવાલગ્નની તરફદારી કરેછે તેઓ જાહેરમાં તો વિધવાલગ્નની વાત કરનારને પણ ગાળો દેનારની ટોળીમાં જોડાય છે,—એવા સમાજમાં બિચારી સ્ત્રી અને તે પણ વિધવા એટલે ઓશીઆળી સ્ત્રી 'હું ફરી પરણવા ખુશી છું' એવો મત આપવા હિંમત ધરે એ ન માની શકાય તેવું છે, અને એવા મત મેળવવા તૈયાર થવું એ નિરર્થક શ્રમને ઈચ્છવા જેવી મૂર્ખતા છે.

વિધવાલગ્નની વિરૂદ્ધ લડત કરવા બહાર પડનારા, અને વિધવાલગ્નની તરફેણમાં બહાર પડનારા: એ એના અંગત લાભાલાભ વિચારવાની પણ જરૂર છે; કારણ કે અંગત લાભ ખાતર માણસ પોતાના હૃદયના અવાજને દગો દે છે એવું ઘણીવાર બને છે. સમાજની આજની સ્થિતિમાં વિધવાલગ્નની હિમાયત કરવી એ સમાજનો રોષ વ્હોરી લેવાનું કામ છે. એક માણસ ગમે તેટલો પ્રમાણિક હોય, ગમે તેટલો બુદ્ધિશાળી હોય, ત્હેનાં કામો ગમે તેટલાં લોકહિતકારી હોય, પરન્તુ જો લોકોના મતથી જૂદો જનો વિચાર એક વાર ત્હેણે જાહેર કર્યો તો લોકો ત્હેના ભલા ગુણો અને એથીએ ભલાં કાર્યોને એક ક્ષણમાં ભૂલી જશે અને ત્હેને માટે ખરાબ મત બાંધશે—એટલુંજ નહિ પણ ત્હેની નિંદા કરવા અને બને તો ત્હેને અયોગ્ય રીતે પણ પજવવા તૈયાર થશે. આમ હોઈ, લોકમત વિરૂદ્ધનો પ્રમાણિક અભિપ્રાય જાહેર કરનારને અંગત લાભને બદલે હમેશ ગેરલાભ જ છે. [ ત્હેનો મત 'ખરો' જ છે કે 'ખોટો' છે એ તો સર્વજ્ઞગમ્ય બાબત છે, પરન્તુ તે ત્હેનો પ્રમાણિક મત છે, અમુક સંજોગો ધ્યાનમાં લેતાં એની બુદ્ધિને અમુક ચીજ કે અમુક

કાર્ય ઇષ્ટ **લાગ્યું** અને તેમ તેણે જણાવ્યું.] બીજા હાથ ઉપર, વિધવાલગ્નની વિરૂદ્ધ લડનારને 'ધર્મસંરક્ષક' કે 'નીતિસંરક્ષક' તરીકેનો ચાંદ વગર માગ્યે અને વગરખર્ચે તેમજ વગર મહેનતે મળે છે, અને લોકોના માનીતા થઈ (ઇચ્છા હોય તો) લોકપ્રિયતાનો લાભ સ્વહિતાર્થે લેવાની સગવડ મળે છે. ધ્યાનમાં રહે કે, લોકમતની વ્હેલમાં બેસનારને પાંડિત્યની કે પરિશ્રમની કશી જરૂર પડતી નથીઃ માત્ર લોકવર્ગના પ્રચલિત મ્હેણાં અને ગાળો અને અર્થવગરની એકાદ પ્રચલિત દલીલ યાદ રાખીને હોળીની ધૂળ માફક ઉડાડવાથી જ ત્હેનો આશય ફલીભૂત થાય છે. એટલે કે, વિધવાલગ્નની વિરૂદ્ધમાં લડનારને પ્રયાસ કે જ્ઞાનની જરૂર પડતી નથી, અને લોકપ્રિયતા કે બીજા કોઇ પ્રકારના સ્વાર્થ સાધવાની સુગમતા રૂપી લાભનો **સંભવ** મળે છે, જ્યહારે વિધવાલગ્નની હીમાયત કરનારને જ્ઞાન અને પ્રયાસ બન્નેની જરૂર પડે છે અને મોંઘી કિંમતે મેળવેલા ભલા નામને પણ હોમવું પડે છે. આ સંજોગોમાં, વિધવાલગ્નના હિમાયતી ઉપર **બુરા આશયનો** આરોપ મૂકવો એ તો નીચતા જ ગણાય, અને એવો આરોપ જ્યહારે લોકમતની મફતીઆ વ્હેલમાં બેસી ત્હેનાં ગીત ગાઈ ખારેકો પામનાર 'મુંબમંગળીઆ' **ગુલામોના** મ્હોંથી નીકળે છે ત્યહારે તો **બેવડો** અસહ્ય થઇ પડે છે. સમાજની માન્યતાઓથી જૂદા વિચાર જાહેર કરનાર સ્હામે મ્હોટામાં મ્હોટો આરોપ એટલો જ મૂકી શકાય કે તેઓના વિચાર **ભૂલ ભરેલા** છે, પણ **બુરા આશયનો** ત્હેમાં આરોપ કરવો એ તો નીચતા જ છે. અમુક વિચાર ગમે તેટલો સાચો હોય તો પણ સ્હામા પક્ષની નજરે તે ભૂલભરેલો લાગે એ દેખીતું છે અને તેથી તે પ્રતિપક્ષી ત્હેને **ભૂલ ભરેલો** કહેવાને હકદાર હોઇ શકે;—પછી ખરેખર ભૂલ તે વિચાર **કરનાર**ની છે કે વિચારની **કિંમત આંકનાર**ની છે તે એક **જૂદો** સવાલ છે, અને ત્હેનો નિર્ણય બન્ને કરતાં વધારે સમર્થ પુરૂષ જ આપી શકે.

વિધવાલગ્નની કે બીજા કોઇ પણ સુધારાની હિમાયત કરનાર કોઇ દિવસ એવો દાવો કરતા નથી—અને કરી શકે પણ નહિ—કે જે માર્ગ તેઓ સૂચવે છે તે **સમ્પૂર્ણ**, અમિશ્ર, અવ્યાબાધ 'સત્ય' છે. તેઓ કદી એમ કહી શકે નહિ કે, આ કે પેલા માર્ગથી **નરૂં સુખ** જ પરિણમશે અને લેશ પણ દુઃખ કે અગવડ **નહિ** જ ઉદ્ભવશે. દુનિયાનો કોઇ રીવાજ, કોઇ સુધારો, કોઇ કાયદો એવો હોઇ શકે

હોય કે જેમાંથી લાભ સિવાય બીજું કાંઇ પરિણમે જ નહિ. Such a concept is impossible in the very nature of things. વિધવાલગ્નની હિમાયત કરનાર પ્રમાણિક માણસ તો એ પ્રથામાંથી અમુક અમુક ગેરલાભ પણ થવાના સંભવ જુએ છે અને એમ કહે છે પણ ખરા, પરન્તુ તેઓનો મુદ્દો એ છે કે, અમુક દેશકાળાદિ પરિસ્થિતિઓમાં આ પ્રથા નહિવત્ નુકસાન સ્હામે મ્હોટા લાભ કરનાર થઇ પડે તેમ છે (જ્યહારે ફરજ્યાત વૈધવ્યની પ્રથાથી વ્યક્તિગત અને માની લીધેલા કાલ્પનિક લાભ સ્હામે વ્યક્તિ તેમજ સમાજને દેખીતું મ્હોટું નુકશાન છે,) અને એટલા માટે **ઇષ્ટ વ્યવહાર** તરીકે ત્હેનો સ્વીકાર થવો જોઇએ છે. જો કોઇ એમ કહે કે, મ્હોટા લાભ સાથે થોડા પણ ગેરલાભનો સ્વીકાર કરવામાં આવે છે તો શા માટે એ હીમાયત છોડી જ ન દેવી જોઇએ, તો ત્હેને પૂછવું જોઇએ કે, ધર્મની (અને ખાસ કરીને જૈન ધર્મની ) દૃષ્ટિએ પ્રથમલગ્ન એ પણ પાપ જ છે–તેથી પુન્ય કે ધર્મ **મુદ્દલ** નથી, જ્યહારે પાપ તો ચોક્કસ અને મ્હોટું છે, તો પછી શા માટે લગ્નસંસ્થા જ છોડી દેતા નથી ? અહીં કુદરતની લીલાનું સંક્ષિપ્ત વર્ણન આપવું જરૂરનું છે કે, માણસ બદલાતા સંજોગોને અનુકૂળ થવા એક સુધારો કરે છે, જેને લીધે અમુક તાત્કાલિક મુસ્કેલી દૂર થવા પામે છે ખરી પરન્તુ તે સાથે કુદરતી રીતે જ તે નવા સુધારાને લીધે એક નવી અડચણ ફુટી નીકળે છે, અને વળી તેણે તે નવી અડચણને દૂર કરવાનો માર્ગ શોધવો પડે છે, કે જે શોધમાંથી એક **બીજો** સુધારો હયાતીમાં આવે છે. આ બીજો સુધારો તે વખતે ઉભી થયેલી નવી અડચણને દૂર કરનારો, પણ નહિ કલ્પેલી એવી નવી ત્રીજી અડચણને ઉભી કરનારો થવાનો, અને તે ત્રીજી અડચણના ઉપાય રૂપ ચોથો સુધારો પણ હયાતીમાં આવવાનો જ. આ પ્રમાણે, જેમ મનુષ્ય મરે છે અને નવો જન્મે છે, અને વ્યક્તિઓના મરણ-જન્મની ભંગજાળ વચ્ચે મનુષ્યજાતિ તો કાયમ જ રહે છે, **તેમ** સુધારાના મરણ–જન્મની ભંગજાળ વચ્ચે સુધારણા તો કાયમ જ રહેવાની. એના કાયમ રહેવાનો આધાર વ્યક્તિઓની પસંદગી કે ના-પસંદગી ઉપર નથી. લોકોને તે જોઇએ યા ના જોઇએ, વ્યક્તિઓ ત્હેને પુષ્પથી વધાવે કે ખાસડાં મારે, ગમે તેમ થાય, પરન્તુ સુધા-રાનો ગોળચક્રના રૂપમાં ફરતો જીવતો ઝરો કાયમ જ રહેવાનો,— જેમ એક મનુષ્યવ્યક્તિ મરે છે અને બીજી જન્મે છે એમ ઘણી વ્યક્તિઓના મરણ–જન્મ દ્વારા જ—કહો કે મરણ–જન્મમાં જ ‘મનુષ્યજાતિ’ જીવે છે, તેમ. ‘વિચારકો’ને સુધારાની વાહવાહથી હર્ષ

થતો નથી અને નિંદાથી ખેદ થઈ શકતો નથી.

'સુધારક' તરીકે ઓળખાતા લોકોની શિખવણીથી નહિ, પરન્તુ સાયન્સ અને શૉપનહોર જેવા તત્વવેત્તાની બુદ્ધિગમ્ય સમજાવટથી મ્હને લાગે છે કે, સ્ત્રીઓની સ્થિતિ સુધર્યા વગર આ દેશ કોઈ કાળે ઉન્નત થઈ શકવાનો નથી. સ્ત્રી ક્ષેત્ર છે, પુરૂષ ખેડૂત છે, અને ભવિષ્યની પ્રજા એ પાક (crops) છે. ખેડૂત ગમે તેવો સારો હોય પણ જમીન રોગી, કસ વગરની હોય તો પાક એવો જ થવાનો. એક મહાન વિચારકે સેંકડો દાખલા આપીને સાબીત કરી બતાવ્યું છે કે, સંતાનમાં ચારિત્ર અને ઇચ્છાબલ પિતા તરફથી વારસામાં મળે છે, અને બુદ્ધિ માતા તરફથી મળે છે; માટે બુદ્ધિશાલી સ્ત્રીઓને જ લગ્નનો અધિકાર મળવો જોઇએ. અને ગર્ભ ધારણ કરવામાં અને નિર્વિઘ્ને પ્રસવ કરવામાં શારીરિક તાકાદની જરૂર પડે છે એ બાબત તો એટલી સ્પષ્ટ છે કે ત્હેને માટે વિશેષ દલીલની જરૂર જ રહેતી નથી. આમ હોઈ, જે પ્રજાને આબાદ થવું હોય, જેને પ્રતાપી સંતતિની દરકાર હોય, તેણે પોતાની સ્ત્રીજાતિને નિરોગી અને બુદ્ધિશાળી બનાવવા પુરતું લક્ષ આપવું જોઈશે જ. અને એટલા માટે ચારિત્રહીન કે રોગી કે અશક્ત કે સાધનરહિત પુરૂષ કોઇ સ્ત્રીને પરણી જવા ન પામે એવી ખાસ સંભાળ રાખવી, એ સમાજની ફરજ છે; તેમજ રોગી, અશક્ત અને તદ્દન બુડથલ જેવી (બુદ્ધિતત્વમાં છેક જ નમાલી) સ્ત્રીને પરણતાં અટકાવવાની (અને એ રીતે સમાજ માટે નિર્માલ્ય ભવિષ્ય પ્રજતી અટકાવવાની) સમાજની ફરજ છે; તેમજ સ્ત્રીની બુદ્ધિ કટાઈ જાય કે બ્હેર મારી જાય એવી ચિંતાઓ જીંદગીપર્યંતના ફરજ્યાત વિધવાપણાને લીધે ઉભી થવા ન પામે એટલા માટે યુવાન પણ સમ્પૂર્ણતઃ તનદુરસ્ત અને બુદ્ધિશાળી વિધવાઓને પુનર્લગ્ન કરવાની **સમાજે છુટ આપવી જોઇએ.** આ કાંઇ **વ્યક્તિ**ની ઇચ્છાતૃપ્તિનું દૃષ્ટિબિંદુ નથી, પણ **સમાજ**હિતનું દૃષ્ટિબિંદુ છે. વ્યક્તિને ઇચ્છાતૃપ્તિ કરવી હશે તે તો સમાજ હા કહે કે ના કહે તો પણ, ગમે તે રીતે કરી લેશે જ. દેખાદેખીથી કે ફોસલામણથી કે રળવાની ચિંતાથી બચવા ખાતર પંચમહાવ્રત ધારણ કરનાર સાધુ અને સાધ્વી પણ—આકરાં મહાવ્રતોની લગામ હોવા છતાં, લોકોનો ભય હોવા છતાં, અને ગૃહસ્થ જેટલા સંજોગો ન હોવા છતાં—શું ઇચ્છાતૃપ્તિનો રસ્તો નથી કરી લેતા? એક સાધુની વાતનો ઇસારો આ પત્રમાં થોડા વખત ઉપર જ છપાઇ ગયો છે. ગુજરાત

અને કાઠિયાવાડમાં બનેલા બીજા બે એવા બનાવો અગાઉ નોંધાઈ ગયા હતા. માળવામાં એક સાધ્વી પડોસના લોકરને લઇને નાસી ગયાની બાતમી મ્હને થોડાં વર્ષો ઉપર મળી હતી. એક સાધુ અને સાધ્વીને એક જ પથારીમાં સૂતેલાં મ્હેં રાજપુતાનામાં ધોળે દિવસે જોયાં છે. એક સાધુએ ઢૂંઢાળમાં એક ખાનદાન શ્રીમંત વિધવાને કફોડી સ્થિતિમાં મુકયા બાદ ગર્ભપાત માટે એક ડાકટરને લાલચ આપતાં તેણે નહિ માનવાથી ડાકટરને ધમકી આપવા જતાં પોતે ખુલ્લો પડી ગયાના સમાચારથી પણ હું વાકેફ છું. રોમન કેથલીક મઠોમાંના કેટલાક સાધુ અને બ્હેનોનાં કૃત્યોની સેંકડો નોંધો પુસ્તકોમાં વાંચવામાં આવે છે આ બધું શું બતાવે છે? કુદરત કુદરતનું કામ કરે જવાની. માટે જ્યાં સુધી તનદુરસ્ત અને બુદ્ધિશાળી સ્ત્રીઓ તથા તનદુરસ્ત અને ચારિત્રવાળા પુરૂષો **ખુલ્લી રીતે** અને **સમાજની મંજુરીથી** કુદરતી ઇચ્છા તૃપ્ત કરવા ઇચ્છિતા હોય ત્યાં સુધી એમને એવી છૂટ આપવી, અર્થાત્ **કૃત્રિમ બંધન** એમને માથે નાખીને ઉઘાડા લગ્ન કરતાં અટકાવવાં નહિ, અને સમાજે આપેલી વ્યક્તિ સિવાય બીજે ભટકનાર વ્યક્તિની સખ્ત ખબર લેવી, એ જ સમાજનું હિત વધારેમાં વધારે સારી રીતે જાળવવાનો ઇલાજ જણાય છે. સ્ત્રી વિધવા તરીકે બેસી રહે ત્હેમાં એક મ્હોટો ભય એ છે કે, એને જીંદગીમાં કોઈ ચીજ પોતીકી રહેતી નથી, એનું મન કશા ઉપર ચ્હોંટતું નથી, અને તેથી તે મન **બહાર** ભટકવાનું, અને વળી સમ્પૂર્ણ ફુરસદ [સ્થૂલ તેમજ સૂક્ષ્મ] ને લીધે તે વધારે સેતાનીયત કરી શકવાની. પતિ અને પુત્રમાં એક સધવાનું મન રોકાઇ રહે છે, એમાં એને 'રસ' હોય છે કે છેવટે 'રસ' (interest) **લેવો પડે** છે, તેથી આડાઅવળા વિચાર માટે ત્હેના મનને અને આડાઅવળાં કૃત્યો માટે ત્હેના શરીરને ભાગ્યે જ અવકાશ મળી શકે છે; ટુંકમાં કહીએ તો, તે પતિ અને પુત્રાદિમાં અર્થાત્ 'ઘર'ની કૃત્રિમ સૃષ્ટિમાં 'રોકાયલી' રહે છે અને તેથી 'સમાજ'ને ત્હેનાથી નુકશાન થવાનો ઓછામાં ઓછો ભય છે, જ્યારે નહિ 'રોકાયલી' એવી—કશામાં જે 'મ્હારૂં' નથી માનતી તેવી—સ્ત્રી અર્થાત્ વિધવાથી સમાજને વધારેમાં વધારે નુકશાનનો ભય છે.

છેવટમાં આ લાંબી ચર્ચાના ઉપસંહારમાં એટલું જ કહીશ કે, (૧) લગ્ન એ ધાર્મિક ઘટના નથી, પરન્તુ સમાજના હિતાર્થે રચાયલી સામાજિક ઘટના છે, (૨) સમાજ માત્ર તે જ કામમાં વચ્ચે પડી શકે અને તેવે વખતે જ વચ્ચે પડી શકે, કે જે કામમાં કે જે વખતે

સમાજહિતને ધક્કો લાગવાનો સંભવ હોય; સિવાયનાં બીજાં કામોમાં અને બીજા વખતે વ્યક્તિ પોતાની સગવડ, ઇચ્છા અને સુખની દૃષ્ટિથી ઇચ્છામુજબ વર્તી શકે એવા વ્યક્તિગત હક્કનો સમાજે સ્વીકાર કરવો જોઇએ, (૩) જે સમાજમાં વિધવાઓની સંખ્યા ઘણી વધી પડી હોય તે સમાજમાં, સામાજિક દૃષ્ટિએ from the standpoint of society) પ્રથમલગ્ન અને પુનર્લગ્ન વચ્ચે વસ્તુતઃ કશો ભેદ ન હોઇ શકે, (૪) સમાજવ્યવસ્થા અને રાજ્યવ્યવસ્થા જેવાં કામોમાં વાળ ચીરવા જેવી નીતિ-અનીતિની emotional ચર્ચાઓ કરતાં *procreation* (આજે છે તે કરતાં **વધારે સમર્થ** પ્રજા ઉત્પન્ન કરવા) **સમ** ના દૃષ્ટિબિંદુ તરફ વધારે લક્ષ અપાવું જોઇએ; અર્થાત્ સમાજના ધારા *procreation* તરફ નજર રાખીને (અને નહિ કે emotional matters તરફ નજર રાખીને ) ઘડાવા જોઇએ, એ સૌથી પહેલાંમાં પહેલો અને મ્હોટામાં મ્હોટો પાઠ સમાજનેતાઓએ કદાપિ ભૂલવો જોઇતો નથી, (૫) 'ફલાણું કામ પાપભર્યું છે' એમ **માનવાનો** વ્યક્તિગત હક્ક કોઈ માણસ પાસેથી, બીજી વ્યક્તિ કે ખુદ સમાજ છીનવી શકે નહિ; પરન્તુ 'ફલાણું કામ પાપભર્યું છે' એ માન્યતા ખાતર કોઇ માણસ એથી જૂદા વિચારવાળાને **ગાળો ભાંડવાને** કે ત્હેની સ્હામે જાહેરમાં **ઉશ્કેરણી કરવાને** હક્કદાર હોઇ શકે નહિ, (૬) દેખાતી દુનિયાની ઉત્પત્તિ જ કહેવાતા 'પાપ' માંથી થઇ છે અને ત્હેને લીધે જ ત્હેની હયાતી (continuation) છે; અને ત્હેમાં 'પાપ' માનવાની ગુપ્ત પ્રેરણા કરનાર ઠગારી કુદરત પોતે જ એમાં વ્યક્તિગત 'સુખ' માનવાની પ્રેરણા કરતી રહેલી છે, કે જે 'સુખ' વસ્તુતઃ સુખ નથી પણ 'આત્મભોગ' છે એમ મનુષ્ય થોડી જ મીનીટમાં સ્હમજી જાય છે અને તે સ્હમજવા છતાં તે ધુંસરીથી જોડાયલો રહે છેઃ આ સર્વ ઘટના કુદરત **આશય-પૂર્વક** કરે છે, કે જે આશય સામાન્ય લોકગણના સ્હમજવામાં આવી શકે નહિ એટલો ઉંડો છે, (૭) સમાજમાં સર્વોત્કૃષ્ટ ઇચ્છાબળ ( will power ) વાળી, સાધારણ ઇચ્છાબળવાળી, તેમજ નહિવત્ ઇચ્છાબળવાળી-એમ ત્રણે પંક્તિની વ્યક્તિઓને સ્થાન અને રક્ષણ મળવું જોઇએ; સર્વોત્કૃષ્ટ દશા એ ગમે તેટલી **ઇચ્છવા જોગ** હોય તો પણ સર્વોત્કૃષ્ટ વ્યક્તિને જે ચીજે સ્વાભાવિક હોય તે ચીજો મધ્યમ કે કનિષ્ઠ વ્યક્તિને માથે પરાણે અને કાયદા તરીકે નાખી શકાય નહિ, (૮) વિધવાલગ્ન જેવી જે બાબતોમાં કોઇ સમા-જમાં એ મત હોય તો તે કામમાં અમુક થોડી કે ઘણી વ્યક્તિઓ

'પાપ' જુએ છે **એટલા ખાતર** કાંઇ લાખ્ખો વિધવાઓને એ બધા એક નિર્ણય ઉપર આવે ત્યહાં સુધી દુઃખમાં સબડયા કરવાની ફરજ **સમાજથી** પાડી શકાય નહિ; 'પાપ' અને 'પુણ્ય' ની ભાવના (Concepts) જ્યહારથી ઉદ્દ્ભવી છે ત્યહારથી મનુષ્ય જાતિમાં એ મત ચાલ્યા જ આવ્યા છે અને ચાલ્યા રહેશે. જીવવું એ પોતે જ જૈન દૃષ્ટિએ પાપ**મય** છે તે છતાં જનો કાંઇ આપઘાત કરશે નહિ કે મનુષ્યોને 'પાપ'માંથી બચાવવા ખાતર જીંદગીથી છૂટા પાડવાનો હક્ક ઇચ્છી શકે નહિ; ( ૯ ) જે પુરૂષ યા જે સ્ત્રીમાં પ્રબલ-પહાડી-પ્રૌઢ આત્મા વસતો હશે તે **સ્વભાવતઃ** હરકોઇ જોખમે પણ વિકાર માત્રને પોતાના કાબુમાં રાખવાની ક્રિયામાં જ 'આનંદ' માનશે; તેવી વ્યક્તિઓ આદર્શ ગણી શકાય અને ત્હેમનું બહુમાન કરવા યોગ્ય છે; (૧૦) પ્રથમલગ્ન કે પુનર્લગ્ન કરવાની જે પુરૂષ યા સ્ત્રી વ્યક્તિને ઇચ્છા જ ન હોય ત્હેને તેમ કરવાની ફરજ પાડવાનો કોઇ વ્યક્તિને અધિકાર નં હોઇ શકે, અને સમાજને પણ-લડાઇ જેવા પ્રસંગો પ્રાપ્ત થતાં સમાજને પડતી મુસ્કેલી દૂર કરવા ખાતર એવી ફરજ પાડવાની **જરૂર પડે** તે અપવાદ બાદ કરતાં બીજે પ્રસંગે અ-અર્થાત્ સામાન્યતઃ-એવો અધિકાર ન હોઇ શકે. ( ૧૧ ) એક સુ-વ્યવસ્થિત સમાજ તે છે, કે જેમાં વ્યક્તિના હક્ક કરતાં **સમાજના** હક્કનું પ્રધાનપણું હોય, સમાજના લાભમાં વ્યક્તિના લાભ ડૂબાડવાની સમાજમાં 'શક્તિ' હોય. આવો સમાજ, સમાજના લાભની દૃષ્ટિથી એક સત્તર વર્ષની કુમારિકાને લગ્ન કરતાં રોકી શકે અને ત્રીસવર્ષની વિધવાને પરણાવી શકે; ઇંગ્લંડ આજે ત્રીસવર્ષના પહેલવાનને યુદ્ધ-ક્ષેત્રમાં જતો અટકાવી શકે છે ( કારણ કે દારૂગોળો બનાવવાના કામમાં કે એક સંસ્થાનનો વહીવટ સંભાળવાના કામમાં ત્હેની જગા સંભાળી શકે તેવા બીજા થોડા છે ), અને પચાસ વર્ષના કમજોરને પરાણે યુદ્ધક્ષેત્રમાં મોકલી શકે છે. આમાં સમાજનું વધારેમાં વધારે હિત એ જ દૃષ્ટિબિંદુ છે, 'દયા' કે 'નીતિ'ની ભાવના (Concept)ને **દૃષ્ટિબિંદુ** બનાવી શકાય જ નહિ; ( ૧૨ ) બ્રહ્મચર્ય પાળવાના ફાયદા ધર્મગુરૂઓએ, પત્રકારોએ, શિક્ષકોએ અને માબાપે યુવાનો અને યુવતિઓને કહેવાની-અને વારંવાર કહેવાની-ફરજ બજાવવી જોઇએ; પરન્તુ યુવાનીમાં આવેલ પુરૂષ કે સ્ત્રીવ્યક્તિને પહેલી વારના કે બીજીવારના લગ્નથી બેનશીબ રહેવાની અને જીંદગી સુધી ઝુર્યા કરવાની **ફરજ** ધર્મગુરૂથી, પત્રકારથી, શિક્ષકથી કે માબાપથી

પાડી શકાય નહિ, એવો તે પૈકીના કોઇને હક્ક હોઇ શકે નહિ. 'સંથારો' કરવો ગમે તેટલો ઉત્તમ હોય તો પણ કોઇને 'સંથારો' કરવાની ફરજ પાડી શકાય નહિ. (૧૩) કામતૃપ્તિમાં 'પવિત્રતા' હોઇ શકે નહિ તો પણ સમાજે કામતૃપ્તિ જેમાં સમાયલી છે એવી લગ્ન-સંસ્થાને 'પવિત્ર' **મનાવરાવી** છે, એ જ સિદ્ધ કરે છે કે હરકોઇ જાતનું 'લગ્ન' સમાજની અમુક પરિસ્થિતિઓમાં સમાજ **યોજી** શકે છે અને ત્હેને 'પવિત્ર' **મનાવી** શકે છે, પછી ભલે તે આ દેશમાં થતું બુઢ્ઢા ખચ્ચર સાથે ત્હેની પૌત્રી જેવડી બાલિકાનું લગ્ન હોય, કે જર્મનીમાં કરવા ધારેલું અમુક વર્ષના પટાવાળું અનુષંગી લગ્ન હોય! લોકો તો ત્હેમની પ્રકૃતિ અનુસાર કોઈ પણ નવી ચીજથી પ્રથમ ભડકવાના અને હોહા કરવાના જ, અને પછી એ 'નવી ધુંસરી' થી ટેવાઈ ગયા બાદ એને જ 'પવિત્ર ફરજ' કે 'ધર્મ' માનવા લાગવાના.

---

**'પાપ અને 'યુક્તિ':**—ખેરાળુ ગામથી **શાહ નગીનદાસ જયચંદ** પુનર્લગ્નની હીમાયતનો એક લેખ મોકલે છે, જેમાંની એકજ દલીલ અત્રે પ્રકટ કરવી ઉચીત ધારૂં છું. તે ભાઇ પ્રસિદ્ધ વિદ્વાન રા. ન્હાનાલાલ દલપતરામ કવિ. **M. A.**નું એક કિમતી સૂત્ર રજુ કરે છે કે, "સ્નેહલગ્નની વિધવાને પુનર્લગ્ન સમું પાપ નથી, અને દેહ લગ્નની વિધવાને પુનર્લગ્ન સમી યુક્તિ નથી." જ્યહાં પરસ્પર સ્નેહ—ચીકાશ—છે ત્યહાં સજ્જડ ચોંટવાપણું સ્વાભાવિક જ છે, રંડાયલીની વાત તો દૂર રહી પણ એક કુમારિકા પોતાનો જે પુરૂષ ઉપર સ્નેહ હોય છે તે પુરૂષ સાથે પિતા પરણાવવાની ના કહે છે ત્યહારે જીંદગીપર્યંત કુમારિકા રહે છે પણ બીજાને પરણતી નથી,ત્હેનું આ વર્ત્તન કાંઇ પુણ્ય—પાપના લેખા પર અવલંબતું નથી; એ તો **હૃદયનો ગુણ** છે, **સ્વભાવ** છે. પરન્તુ એટલી તીવ્ર 'ચીકાશ' અથવા સ્નેહ જ્યાં હયાતી ન ધરાવતો હોય ત્યાં દંપતીમાંની એક વ્યક્તિના વિયોગને પરિણામે બીજી વ્યક્તિ ફરી પરણવા ઇચ્છે એ સ્વાભાવિક છે. રા. કવિ અને દરેક બહોળા અનુભવવાળા વિચારક હમેશાં **સ્યાદ્વાદ**ને જ પસંદ કરે છે, તેઓ એકાંતવાદી બની શકે જ નહિ. સ્યાદ્વાદમાં 'ફરજ્યાત વૈધવ્ય' જેવી કોઇ ચીજ ન હોઈ શકે; ત્યાં અચ્છિક બ્રહ્મચર્ય લગ્ન તેમજ પુર્નલગ્ન ત્રણેને સ્થાન હોય વળી હજાર લગ્નોમાં **સ્નેહ** લગ્ન કેટલાં થાય છે **આપણા** દેશમાં તે પણ ધ્યાનમાં રહે!

# (૫) જૈનોમાં થયેલાં બે પુનર્લગ્નો,—એક 'વિધવા-વિવાહ સહાયક સભા'ની સ્થાપના.

સુધારકો ઉપર એક એવો આક્ષેપ અવારનવાર મૂકવામાં આવે છે કે તેઓ પારકા છોકરાને જતિ કરવા તૈયાર રહે છે, પણ પોતે સુધારાનો અમલ કરતા નથી. ઘણા સુધારકો સુધારો કરવાનો પ્રસંગ મળવા છતાં સગવડપંથી અને કાયર બની જાય છે એ વાત ખરી છે, અને તેથી ટીકાકારોનું કથન અંશતઃ સાચું છે એમ સ્વીકારવું પડશે. 'અંશતઃ' શબ્દ વાપરવાનું કારણ એ છે કે, સુધારાનો ઉપદેશ આપનાર તમામ મનુષ્યોએ સુધારો **કરી બતાવવો જ જોઇએ** એવું કંઇ ફરજયાત હોઇ શકે નહિ. પ્રસંગ ન મળે તો ગમે તે રીતે પ્રસંગ ઉત્પન્ન કરવો, એમ કહેવું એ અર્થવગરનું છે. દાખલા તરીકે પુનર્લગ્નની હિમાયત કરનાર માણસ ગમે તેવી શુભ નિષ્ઠાથી એવી હિમાયત કરતો હોય પણ કંઇ પોતે મરીને ફરીને પુનર્લગ્ન કરવાનો રસ્તો ખુલ્લો કરી આપે એવું સુધારકવર્ગના શત્રુ પ્રમાણિક રીતે ઇચ્છી શકે નહિ ! તેમજ સુધારકના ઘરમાં પુત્રી કે પુત્રવધુ કે બંધુપત્ની વિધવા થાય તો હેને તેણે પરાણે લગ્ન કરવાની ફરજ પાડવી એમ પણ ઇચ્છી શકાય નહિ (પ્રથમલગ્ન કે બીજીવારનાં લગ્ન કોઇ પણ બાબતમાં બળાત્કાર કરવો એ સુધારકોનો ઉપદેશ હોઇ શકે જ નહિ. હેમનું કહેવું માત્ર એટલું જ હોય છે કે, જે સ્ત્રીને પુનર્લગ્ન કરવું હોય હેને **રોકવી નહિ;** અને હેમાં પણ તે એક 'શરત' રાખે છે કે કયા સંજોગો પુનર્લગ્નની મંજુરી માટે પુરતા ગણી શકાય હેનો બુદ્ધિગમ્મ નિર્ણય સમાજે કરવો જોઇએ.)

સુધારકને, પોતાને ઇષ્ટ લાગતા સુધારાની હિમાયતમાં પુષ્ટિ ત્હારે મળે કે જ્હારે અકસ્માત્થી—દૈવયોગે—હેને એવો સંજોગ મળી આવે. આવા સંજોગ 'ઇચ્છવા'થી આવતા નથી અને ઇચ્છવાજોગ ગણાય પણ નહિ. તથાપિ, દુઃખદાયક સંજોગ વિધિ કોઇ કોઇ વખતે મોકલે છે અને એકનું દુઃખ તે સમાજનું હિત—આકસ્મિક રીતે—થઇ પડે છે. હું જ્હારે કૉલેજનો વિદ્યાર્થી હતો ત્હારે માનસિક પ્રેમનાં દીવ્ય સ્વપ્નાં એટલાં બધાં વાંચ્યાં હતાં કે, મ્હને પુનર્લગ્નના નામ ઉપર અભાવો ઉત્પન્ન થયો હતો અને મ્હેં પુન-

લગ્ન વિરૂદ્ધ એક લેખ પણ મ્હારા પ્રથમ પુસ્તક 'મધુમક્ષિકા'માં લખ્યો હતો; એટલું જ નહિ પણ ધર્મના સંસ્કાર ત્રણ વર્ષની ઉમરથી નિરંતર મ્હને મળતા રહેલા હોવાથી માનસિક પ્રેમ પણ મ્હને ક્ષુલ્લક લાગવાથી આધ્યાત્મિક પ્રેમની જ હીમાયત કરીને જીંદગીપર્યંત કુંવારા રહેવાના 'હવાઇ કિલ્લા' બાંધ્યા હતા, કે જે પણ 'મધુમક્ષિકા' માં છપાઇ ગયા છે. આ કબુલાત કરતાં મ્હને કાંઇ ખેદ થતો નથી (અને એમ કરવું એ મ્હને પ્રમાણિક ફરજ જણાય છે) કે, ત્યારબાદ મ્હેં મારા એક લઘુ બંધુને મ્હારી જાતે પરણાવ્યો ત્યહાં સુધી હું અવિવાહિત રહ્યો અને જાહેર જીંદગીમાં પડતાં મ્હને લગ્નની અનિવાર્ય જરૂર જણાઇ. એ વખતે મ્હેં બન્ને બાજુનો પુષ્કળ વિચાર કરવાની તક લીધી હતી અને—મ્હેં ભૂલ કરી કે ડહાપણ કર્યું તે તો જ્ઞાની જાણે પણ--મ્હારી બુદ્ધિમાં જેટલી શકિત હતી તેટલી શકિતનો ઉપયોગ કરીને જ હું લગ્નના નિશ્ચય ઉપર આવ્યો અને પરણ્યો. વીશ વર્ષના લાંબા અનુભવ પછી હું કહેવાને સમર્થ છું કે, વિવાહિત સ્થિતિથી મ્હારો જે વિકાશ થવા પામ્યો છે તેટલો અવિવાહિત સ્થિતિથી થઇ શકતે કે તેમ એ બાબતમાં મ્હને શંકા છે. જાહેર જીંદગીનાં અસહ્ય સંકટો વચ્ચે મ્હને ઘડીભરનો દીલાસો આપનાર મ્હારી પાસે કોઇ સાધન હતું તો તે લગ્નનો બગીચો (Garden of Marriage) જ! કુટુમ્બીઓની ઓથ વગરનો, જ્ઞાતિજનોની દીલસોજી વગરનો, સાધુઓ અને આગેવાનોની મ્હોટી દુશ્મનટોળીઓથી ઘેરાયલો, આર્થિક મુસ્કેલીઓથી નિરંતર વીંટાયલો, છાપાના નુકસાન ઉપરાંત ઉપરાછાપરી મુકદમાઓથી સતાવાયલો, કવચિત્ ત્રણ ત્રણ દિવસ સુધી ચણા ઉપર જીવતો, જાહેર વ્યાખ્યાનો માટે અને ધર્મ ઉપર થતા અસહ્ય પ્રહારો સ્હામે અજાણ્યા માણસોને પણ સહાય આપવા આખા દેશમાં અહીંતહીં દોડતોઃ એવો હું મ્હારા તે—સારા કે નરસા (જેહેને જે રૂચે તે કહો) 'મિશન'ને વીસ વીસ વર્ષ સુધી વળગી રહ્યો હોઉં તો તે લગ્નના હીપ્નોટીઝમે આપેલા વિશ્રામસ્થાનને—પત્ની અને પુત્રના દૃશ્યને–જ આભારી છે, એમ કબુલ કરતાં મ્હને સંતોષ થાય છે. અને વધુને વધુ અનુભવે—જૂદા જૂદા પ્રાંતોમાં કરવી પડતી મુસાફરીઓને લીધે જોવામાં આવતી વિધવાઓની સ્થિતિ અને પ્રકૃતિના અવલોકને—અને વાચનમાં, કાલ્પનિક લેખકોને બદલે હવે મળેલા વધારે પ્રૌઢ તથા સાયન્ટીફીક લેખકોના પ્રસંગે મ્હને વિધવાવિવાહની બાબતમાં પણ મ્હારો વિચાર ફેરવવા ફરજ પાડી.

ત્યારથી હું કોઈની શિખવણીથી કે કોઈની માન્યતાના દાસ થઈને નહિ ( એમ તો હું પીરનો પણ દાસ બનું એમ નથી, એ મ્હારા વાચકોની જાણ બહાર ભાગ્યે જ હશે !) પણ વધારે બહોળા થયેલા અનુભવને લીધે વિધવાલગ્નની હિમાયત કરતો આવ્યો છું. આવી હિમાયત લગભગ ત્રણેક વર્ષ થયા બાદ દૈવયોગે મ્હારા લઘુ બંધુઓને મ્હારી સંભાળ નીચે લેવાની ફરજ પડી, અને એક ભાઈ વિધુર થયો. આ વખતે તે ઉમરલાયક બનેલા ભાઈને મ્હેં કોઈ વિધવા સાથે જોડાવા સલાહ આપી અને તે તેણે પ્રસન્નતાથી સ્વીકારી. હવે મુશ્કેલી હતી કોઈ વિધવાની મંજુરી મેળવવાની; પુરૂષ તો હજીએ હા કહે, પણ સ્ત્રી આખા સમાજની ખફગી વ્હોરીને હા કહે ( અને તે પણ સુશીલા હોવી જોઈએ તે પહેલી શરત ધ્યાનમાં રાખવાની છે ) એ મુશ્કેલ કામ હતું. એક તો ન્હાનાં-મ્હોટાં અનેક ( મુખ્યત્વે કોમી ) કામોમાં હું એટલો રોકાયલો રહું છું કે મ્હારાથી ઘરસંસારની ઉપાધિ વ્હોરવાનું બની શકતું નથી કુટુમ્બી ( જનોની મહેરબાની કે તે નિભાવી લે છે ); વળી પોતાના ભાઈ માટે વાત કરતાં લોકોને સ્વાર્થ જણાય, એમાં પણ કોઈને ' ત્હમારી વિધવા પુત્રીનું લગ્ન કરશો ? ' એમ તો લખી કે કહી શકાય નહિ; કેટલી બધી દીવાલો ! એક ત્રણ વર્ષથી વિધવા થયેલી અઢાર વર્ષની ઉમરની સ્ત્રી સંબંધમાં કોશીશ કરી, તો વિધવાની ઈચ્છા જણાઈ પણ પિતાને અપમાન લાગવાથી પ્રયત્ન છોડી દેવો પડયો. મહીનાઓ વીતવા લાગ્યા અને લોકો વાતો કરવા લાગ્યા કે કન્યા મળતી નહિ હોય ! ( એક શત્રુએ એવો ઈશારો એક માસિકમાં કર્યો પણ છે !...બહાદૂરી ! ) ખેર, કન્યાનાં માગાં કેટલાં હતાં તે જાણવા સાથે જાહેરને સંબંધ નથી, અને પાછાં કઢાયલાં માગાં જાહેરમાં મૂકવામાં તે સજ્જનોનું પરોક્ષ અપમાન મનાય છે એટલે એમ કરવું સજ્જનાઈભર્યું પણ નથી. અસ્તુ, મહીનાઓ જવા લાગ્યા અને મ્હેં ઉદ્યમ પણ છોડી દીધો. આખરે, જેમ ભાઈનું વિધૂર થવું એ ઈચ્છાની મર્યાદા બહારનો આકસ્મિક બનાવ હતો, તેમ વિધવાના પિતા તરફનું આમંત્રણ મળવું એ પણ આકસ્મિક બનાવ બન્યો. બન્નેએ એકબીજાની પુરી ખાત્રી કરી અને લગ્ન ગોઠવાયું. લગ્નાદિ ક્રિયાઓ તદ્દન સાદાઈથી અને ઓછામાં ઓછા ખર્ચે થોડામાં થોડા વખતના ભોગે કરવી એ મતનો હું છું ( અને મ્હારા બીજા ભાઈનાં લગ્ન થોડા જ વખત ઉપર

એ જ માન્યતા મુજબ કરાયાં હતાં,) તથાપિ એક સુધારાને લોકપ્રિય બનાવવા માટે આ અમુક લગ્ન કેટલીક ધુમધામ સાથે મુંબઇમાં કરવાની અગત્ય વિચારી હતી. વગર અતિશયોક્તિએ હું કહીશ કે લગ્નારંભ સમ્પૂર્ણતઃ ફતેહમંદ નીવડયો હતો અને કેળવાયલા તેમજ બીનકેળવાયલા, જૂના જમાનાના તેમજ નવા જમાનાના, હાઇકોર્ટના જજ જેવા અમલદાર તેમજ વેપારી શાહોઃ સર્વની તે લગ્ન તેમજ લગ્નક્રિયા તરફ સમ્પૂર્ણ સહાનુભૂતિ અને પસંદગી ખુલ્લી રીતે જોવામાં આવી હતી, અને સઘળા ફીરકાના માનનીય પુરૂષોએ ભોજનમાં ભાગ લીધો હતો. એ લગ્ન બાબતમાં તા. ૨૩ ડિસેમ્બરના 'આર્યપ્રકાશ'માં હેના તંત્રી ' નોંધ ' લખે છે કે:—

**આદર્શ સુધારક લગ્ન.**

" કાઠીયાવાડના વળા ગામના રહીશ અને લાંબા સમયથી રાજકોટમાં રહેલા પ્રતિષ્ઠિત દશાશ્રીમાળી વણિક ગૃહસ્થ શ્રીમાન્ પાનાચંદભાઇ જેઓ સાદ્રામાં એસી. પોલીટીકલ એજન્ટના માનવંતા હોદ્દા પર છે હેની પુત્રી બ્હેન વિજયાલક્ષ્મીનું નામનું લગ્ન ગત વર્ષમાં થોડા સમય પર રાજકોટના એક સુયોગ્ય સુજાન સાથે થયું હતું પરંતુ દુર્દૈવથી લગ્ન થયા પછી થોડાજ કલાકમાં જાન ઘેર પહોંચી નહિ તે પૂર્વે કોઇ અકસ્માત આઘાત અને રોગથી મૃત્યુ થયું હતું; જે સમાચાર સામાન્ય રીતે કાઠીયાવાડની પ્રજાએ અને વિશેષે કરીને કન્યાપક્ષનાં પરિચિત સંબંધીઓએ ભારે ખેદ અને હૃદયભેદક લાગણી સાથે સાંભળ્યા હતા. કન્યાના પિતા જુના વિચારના તેમજ શિક્ષિતવર્ગમાં અને અધિકારી ગણમાં લોકપ્રિય ગણાતા વૈષ્ણવ ગૃહસ્થ હોવા છતાં જે ઉચા સંસ્કારો અને કેળવણી તેમણે પોતાની કન્યાને આપેલી હતી તથા જે લાડપાડથી કન્યાના સર્વ કોડ તેમણે પૂર્યા હતા, તેવી સુયોગ્ય અને નિર્દોષ કન્યાનું ભાવિ તેઓ સદાને માટે બગાડી તેવા સુવાસિત પવિત્ર અને સંસ્કારી પુષ્પને ધુળમાં રગદોળી નહિ નાંખતાં તેનું ભાવિ સુધારવાની નિડર તક તેમણે હાથમાં લીધી તેને માટે તેમને જેટલો ધન્યવાદ આપી શકાય એટલો ઓછો છે; ઉક્ત કન્યા (એને અમે કન્યાજ કહીશું કારણ કે તે જુના વિચારની દૃષ્ટિએ પણ દેવને ચઢયા વિનાનું પુષ્પ છે ) ને માટે તેમણે જૈનકોમના ત્રણે ફીરકામાં અગ્રગણ્ય અને સાચા સુધારક ગણાતા સંસ્કારી લેખક શ્રીયુત વાડીલાલ મોતીલાલ

શાહ જેઓ " જૈન હિતેચ્છુ " પત્રના સમર્થ તંત્રી અને લેખક છે તેમના લઘુભ્રાતા રા. શકરાભાઈ જેમનું વય હાલ ૨૬ નું છે જેમનું લગ્ન પણ વય પૂર્વે થઈ જેમના પ્રથમ પત્ની ગત થએલાં હતાં, તેમને માટે બે ત્રણ કુમારિકાઓનાં માગાં હોવા છતાં રા. વાડીલાલ અને શકરાભાઈને આ નામ માત્રની વિધવા કન્યાને પસંદ કરવામાં જે નિડરતા અને વિવેકી ધર્મ બુદ્ધિ વાપરી છે તે બદલ જૈન સમાજ તેમને સર્વ રીતે અભિનંદન જ આપશે. ઉક્ત વર વધુનું વય હાલ ૨૬ અને ૧૫ વા ૧૬ છે; એક પક્ષ વૈષ્ણવ અને બીજો જૈન છે, એક જુના વિચારમિશ્રિત નવી ભાવના સમજનાર અને બીજો ઉગ્ર સુધારક, આમ બંને પક્ષનું ઉચીત જોડાણ થવા માટે ગુજરાત અવસ્ય મગરૂરી લેશે. પાનાચંદભાઇ જેવા મોટા અધિકારીને શ્રી વાડીલાલ જેવા પૈસા અને અધિકારની દૃષ્ટિએ નહિ પરંતુ વિદ્યા અને સંસ્કારોની દ્રષ્ટિએ ઉચ્ચ વિચારના પ્રતિષ્ઠાપાત્ર ગૃહસ્થ મળ્યા એ જોડાણ હિંદુ તેમજ જૈનસમાજને અવસ્ય ધડો લેવા યોગ્ય થઇ પડશે. ઉક્ત લગ્ન સર્વથા શાસ્ત્રીય અને ખરી રીતે વરકન્યા બન્ને યોગ્ય વય યોગ્ય ગુણવાળા હોઇ ઉચ્ચ કોટીનું ગણાશે. શાસ્ત્રીઓ અને પંડિતો લગ્નક્રિયા કરતા હતા તે સાથે પંડિત બાલકૃષ્ણજી દરેક વિધિનો અને મંત્રનો વિસ્તારથી અર્થ કરી વ્યાખ્યાન આપતા હતા, જે ઘણાજ રસપૂર્વક ચીકાર મંડપમાં બીરાજેલા ગૃહસ્થોએ આખર સુધી સાંભળ્યા કર્યું હતું. વરકન્યા પોતપોતાનીઓ પ્રતિજ્ઞાઓ તથા પોતાને બોલવા યોગ્ય મંત્રો પોતાની મેળે બોલ્યાં હતાં તેમજ આર્ય—મહિલા-મંડળની સભ્યાઓ તેમજ બન્ને પક્ષનાં સંબંધીઓએ લગ્નની નવી ભાવનાવાળાં ગીતોથી હાજર રહેલાઓમાં ઉંચી છાપ પાડી હતી. ગુજરાતના પ્રસિદ્ધ સાક્ષરો, પ્રતિષ્ઠિત પુરૂષો, વ્હેપારીઓ, અધિકારીઓ અને બીજા ઘણા પ્રતિષ્ઠિત ગૃહસ્થોને આ લગ્નમાં નોતરવામાં આવ્યા હતા. હિંદુ, જૈન, પારસી, મુસલમાન આદિ પચરંગી પ્રજાના પ્રતિનિધિઓનો લગ્ન બાદ રીફ્રેશમેન્ટથી સત્કાર કરવામાં આવ્યો હતો. અંતમાં સર્વે વરકન્યાને આશિષ આપી વિદાય થયા હતા. "

અને જાણીતા હોમરૂલર ' હિંદુસ્થાન ' પત્રના તંત્રીએ તા. ૧૧ મી જાનેવારીના અંકના ' મુખ્ય લેખ 'માં નીચે મુજબ લખ્યું હતું:—

"હિંદુ ધર્મને જ્યારે સંકુચિત હૃદયના અને સ્વાર્થી બ્રાહ્મણોએ જ્ઞાતિ–ઉપજ્ઞાતિની બેડીઓ અને હાસ્યજનક વ્હેમોની જાળથી જકડી લીધો અને સમાજને નિર્માલ્ય બનાવી દીધો ત્યારે મહાવીર સ્વામીએ એક મહાન ધર્મગુરૂના સ્વાંગમાં બહાર પડી ઉદાર સિદ્ધાંતો વડે સમાજને બળવાન–વીર્યવાન કરવા ભગીરથ પ્રયત્ન આદર્યો હતો અને એ વખતે એમનું મિશન કે જે 'જૈન ધર્મ'ના વિજયશાળી નામથી ઓળખાય છે તે એક વખત હિંદનો લોકપ્રિય ધર્મ થઇ પડયો હતો; પરંતુ ચડતી પડતીના કુદરતી નિયમ પ્રમાણે તેજ જૈન ધર્મમાં પણ જ્યારે પ્રભાવશાળી વિચારકો અને સમાજનેતાઓની ખોટ પડવા લાગી ત્યારે તત્કાલીન હિંદુ માન્યતાઓ, રીવાજો અને વ્હેમોની અસર જૈન માન્યતાઓ અને જૈન જીવન ઉપર પડવા લાગી અને જૈનો પોતાને એક વિજયશાળી ધર્મના અનુયાયી તરીકે ઓળખાવાનો દાવો કરવા છતાં વસ્તુતઃ તો મધ્યકાલિન હિંદુ માન્યતાઓના તથા રીવાજોના દાસ જ બની ગયા. આ સત્ય જૈનોમાંના એક સ્વતંત્ર વિચારક બાબુ જુગલકીશોર વકીલ નામના હિંદી લેખકે તેમજ રા. વાડીલાલ મોતીલાલ શાહ નામના પ્રસિદ્ધ ગુજરાતી જૈન લેખકે ઘણીવાર દાખલાદલીલથી જાહેર કર્યું છે; એટલુંજ નહિ પણ એ બન્ને જૈન લેખકો જેમાંના એક દિગમ્બર જૈન કુળમાં તથા બીજા એક શ્વેતામ્બર સ્થાનકવાસી કુળમાં જન્મેલા હોવા છતાં કોઇપણ એક ફીરકામાં ગોંધાઇ ન રહેતાં વિશ્વવ્યાપક સિદ્ધાંતોના જ શોધનારા અને માનનારા છે–તેઓએ હાલની સમસ્ત જૈન કોમની બદીઓ ઉપર કેટલુંક થયાં અસરકારક શબ્દોમાં પ્રકાશ પાડવો શરૂ કર્યો છે; એટલુંજ નહિ પણ ચાલુ સંજોગોમાં અર્થાત ચાલુ દેશકાળમાં ધર્મનું કયું સ્વરૂપ અને વ્યવહારનું કયું સ્વરૂપ જૈન સમાજને જરૂરનું અને હિતકર છે તે પણ નિડરપણે તથા ન્યાયપુરઃસર બતાવવા માંડયું છે. હમણાં હમણાં વળી મી. દયાચંદ્ર ગોયલીય નામના લખનૌના એક દિગમ્બર જૈન ગ્રેજ્યુએટે 'જાતિપ્રબોધક, નામનું પત્ર કાઢીને સમાજસુધારણાના વિષય ઉપર ધર્મની દ્રષ્ટિએ પણ હિમતથી એવો સારો પ્રકાશ નાખવા માંડયો છે કે જૈન કોમમાં ઉદારવિચારનું વાતાવરણ સપાટાબંધ ફેલાતું જતું નજરે પડે છે. ગઇ સાલમાં જૈનના ત્રણે ફીરકાનું કોન્ફરન્સ મળ્યું ત્યારે તેના પ્રેસીડેન્ટ બાબુ માણેકચંદજી વકીલે રોટી–બેટી વ્યવહાર અને

પુનર્લગ્નની અનિવાર્યતા તરફ ખુલ્લા શબ્દોમાં જૈન કોમનું ધ્યાન ખેંચ્યું હતું. ત્યાર પછી હમણાંજ શ્વેતામ્બર મુર્તિપુજક વર્ગની કોન્ફરન્સ નેશનલ કોંગ્રેસ પ્રસંગે કલકત્તામાં ભરાઇ ત્યારે તેના માનવંતા પ્રમુખ શેઠ ખેતશીભાઇ ખીઅસી જે. પી. એ પણ—જો કે એટલા ખુલ્લા શબ્દોમાં પુનર્લગ્નનો સવાલ ચર્ચ્યો નથી તોપણ શ્વેતામ્બર કોન્ફરન્સના ઇતિહાસમાં પહેલીજ વખત સમાજની સ્થિતિને લગતા આંકડાઓ રજુ કરીને જૈન કોમની આંખ ઉઘાડવા કોશીશ કરતાં જ્ઞાતિભેદને તિલાંજલિ આપી રોટી—બેટી—વ્યવહારનું ક્ષેત્ર વિસ્તૃત કરવા સુચવ્યું છે અને ઇસારો કર્યો છે કે, જૈન કોમમાં ૬ લાખ સ્ત્રીઓ પૈકી ૧।। લાખ વિધવા છે કે જે પ્રમાણ હરકોઇ કોમના વિધવાપ્રમાણ કરતાં ઘણુંજ ભયંકર છે, અને ૨૦ થી ૪૦ વર્ષની વચ્ચેની ઉમરવાળી કુલ્લે ૨ લાખ સ્ત્રીઓમાં ૫૦૦૦૦ સ્ત્રીઓ વિધવા છે. એમણે એ પણ બતાવી આપ્યું છે કે હિંદની દરેક કોમની જનસંખ્યા વધતી જાય છે, જ્યારે માત્ર જૈન કોમની જનસંખ્યા પ્રતિવર્ષ વધારે ને વધારે ઘટતી જાય છે. (૧૮૯૧ થી ૧૯૦૧ સુધીનાં દશ વર્ષમાં બ્યાસી હજાર માણસો ઓછાં થયાં હતાં અને ૧૯૦૦ થી ૧૯૧૧ સુધીના દસ વર્ષમાં લગભગ લાખ માણસો ઓછાં થયાં હતાં) વૃદ્ધ અને વ્યાપારી વર્ગના પ્રમુખ મહાશયે જણાવેલી આ સ્થિતિ જોતાં જૈન કોમને પુર્નલગ્નની જરૂરીઆત સ્વીકાર્યા વગર ચાલે તેમજ નથી.

"સમાજસુધારણને લગતા વિચારોનું વાતાવરણ ફેલાવવાની આ પ્રમાણે જૈન કોમમાં શરૂઆત થઇ ચુકી છે એ આપણે જોઈ ગયા. પરંતુ એથ એ વધારે સંતોષજનક બીના તો એ છે કે જૈન કોમમાંના એકે સમાજસુધારણાના પોતાના ઉપદેશોને અમલમાં મુકી બતાવવાની હિંમત પણ હમણાં બતાવી છે. જૈનના ત્રણે ફીરકા વચ્ચે વ્યવહારૂ ઐક્ય રચવાના પોતાના ઉપદેશને પોતે અમલમાં મૂકી બનાવનાર જાણીતા જૈન પત્રકાર અને લેખક મી૦ વાડીલાલ મોતીલાલ શાહે તેમના લઘુ બંધુ મી. શકરાભાઇનાં લગ્ન ગયા પખવાડીયામાં સાદરાના એસીસ્ટંટ પોલીટીકલ એજંટ મી૦ માનાચંદ જે. મહેતાની સુશિક્ષિત પુત્રી કે જે પરણીને બીજેજ દીવસે વિધવા થઇ હતી તેની સાથે ધામધુમથી કર્યાં છે. બન્ને કુટુંબો ખાનદાન લોકમાન્ય અને સુશિક્ષિત હોવાથી આ લગ્નમાં જૈન

અને અન્ય હિંદુ કોમોના ગુજરાતી, કચ્છી, કાઠીઆવાડી, મારવાડી આગેવાનો, વૃધ્ધો, સુધારકો વગેરેએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી અને લગ્નક્રિયા બે કલાક સુધી શાન્તિથી અને સંતોષથી જોયા બાદ ખુશાલી જણાવીને તેજ સ્થળે ભોજન લીધું હતું. આ લગ્ન બાબતમાં નોંધ લેતાં 'જામે જમશેદ' પત્ર "ખરા સુધારક લગ્ન તે આ" એવું મથાળું કરી લખે છે કે: "મી. મહેતા તથા મી. વાડીલાલને દરેક ધન્યવાદ ઘટે છે કે તેઓએ જાતી હિમ્મતથી સુધારાનો એક એવો રૂડો દાખલો આપ્યો છે કે જે હિંદુ ન્યાતો માટે નકલ કરવા જોગ છે. અને તે સાથે અમો દશા શ્રીમાળી ન્યાતના સમજુ અગ્રેસરોને ખરા અંતઃકરણથી મુબારકબાદી આપીએ છીએ કે તેઓએ આ લગનને ન્યાતિ રીવાજ મુજબના ઠરાવ્યાં છે. ખરો સુધારો તો આ! બાકી તો બધાં ફાંફાં!!" એટલુંજ નહિ પણ 'જૈન' પત્રે આ લગ્ન માટે સંતોષજનક નોંધ લઇને જૈન કોમને આવા ઉચિત સુધારા તરફ દોરવાની જરૂર જોઇ છે. આ પ્રમાણે જૈન સમાજમાં સંસારસુધારાનું વાતાવરણ વિચારો તેમજ કાર્યથી ફેલાવા લાગેલું જોઈ અમોને સંતોષ થાય છે અને અમો ઇચ્છીએ છીએ કે જૈન કોમ પોતાના વસ્તુપાળ તેજપાળ જેવા આદર્શ પુરૂષોને દાખલા તરીકે દ્રષ્ટિ સમક્ષ રાખી તથા જીનસેન આચાર્ય, રત્નપ્રભસુરિ તથા લોકાચાર્ય જેવા મહાત્માઓના ઉદાર સુધારા યાદ કરી દેશની ચાલુ ખેદજનક સ્થિતિ સુધારવા માટે ઘટતા સુધારા વિવેકપુર્વક અંગીકાર કરવાની શરૂ થયેલી પહેલને આગળ વધારવા ચુકશે નહિ. સ્વરાજ્યની ઇચ્છા થવી એ કુદરતી છે અને સ્વરાજ્યની માગણી કરવી એ બરાબર છે પણ જે કામમાં વિદેશી સરકારની મહેરબાનીના તત્વની જરૂરીઆત નથી અને જે કામ પોતાથી જ થઇ શકે તેવું છે, તેવા સમાજસુધારણાના કામમાં જ્યાં સુધી જૈનો, બ્રાહ્મણો અને તમામ હિંદી કોમો આંખ ઉઘાડીને લાગી પડે નહીં ત્યાં સુધી હીંદી પ્રજામાં સ્વરાજ્યને યોગ્ય તંદુરસ્તી અને તાકાદ આવી શકવાની નથી. આધિ–વ્યાધિ અને ઉપાધિથી બળીજળી રહેલી કોમો તથા બીજાઓએ નાંખેલી બેડીઓ ઉપરાંત હજારો કલ્પિત અને પોતે બનાવેલી સાંકળોથી બંધાયલી કોમો, તમામ દેશો વચ્ચે વધી પડેલી હરીફાઇવાળા જમાનામાં રાજ્ય ચલાવી શકે એ એક અસંભવિત વાત છે. રાષ્ટ્રીય

ચળવળના સૈનિક થવામાં ઘણા લોકોની સામેલગીરી અને લોકસમૂહના ધન્યવાદના અવાજ મદદગાર થતા હોવાથી એ કામ એટલું મુશ્કેલ નથી કે જેટલું સમાજસુધારણાનું કામ છે, કે જેમાં અજ્ઞાન લોકસમૂહની ખફગી સામે કામ કરવું પડતું હોય છે, અને ગણ્યાગાંઠ્યા વખાણનારાઓ પણ ઘણે ભાગે થુંક ઉડાડનારા અને ખરે વખતે ખસી જનારા હોય છે. અમોને સંપૂર્ણ વિશ્વાસ છે કે, સમાજસુધારણાના કામને એક બાજુએ રાખીને દેશસુધારણા કરવામાં કોઇ દિવસ યથેચ્છ ફતેહ મળી શકે નહિ, અને છેલ્લી નેશનલ કોંગ્રેસે પણ આ સિદ્ધાંતનું મૂલ્ય સ્વીકાર્યું છે. ”

* * *

આ લગ્ન બાબતમાં બે હકીકતો નોંધવી જરૂરની છે: એક તો એ કે, બરાબર લગ્ન પ્રસંગે જ મ્હારે અમુક કોમી સેવામાં રોકાયલા રહેવું પડ્યું હતું અને મ્હારા સુમારે પચાશેક વૉલંટીઓએ સઘળું કામકાજ સંભાળી લેવાની માગણી કરી હતી. તેઓની સુંદર વ્યવસ્થા, કાળજી અને આત્મભોગ માટે હું ત્હેમનો હમેશનો આભારી છું. બીજુ એ કે, 'સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહ'ના બૉર્ડરોએ વરકન્યાને તથા બન્ને પાર્ટીના કુટુંબીઓ અને મિત્રોના સત્કાર માટે 'ગૃહ'ના વિશાળ દીવાનખાનામાં આપેલા 'ઍટ-હોમ' વખતે જે પ્રેમ અને લાગણી બતાવી હતી તેવી કુટુમ્બીઓ વચ્ચે પણ ભાગ્યે જ જોવામાં આવે છે. તે વખતે લગભગ ૧૦૦ સ્ત્રીપુરૂષોની હાજરી હતી. સ્વાગતનું ગીત એક લૉ સ્ટુડન્ડે હારમોન્યમપર ગાયું હતું અને ઑ૦ સુપ્રીન્ટેન્ડેન્ટે સમયને અનુસરતું પણ કૌટુમ્બિક ભાવનાથી ઉભરાતું ભાષણ આપ્યું હતું, જેના જવાબમાં મ્હેં વિદ્યાર્થીબંધુઓની લાગણી* માટે ઉપકાર માન્યો હતો, વિવાહિત

* એક જૈન માસિકકારે મુંબઇના મ્હારા વિદ્યાર્થી બંધુઓ મ્હારી વિરૂદ્ધ છે એમ પોતાને એક આબરૂદાર વીઝીટર ફર્યાદ કરતો હોવાનું જણાવ્યું છે. ત્હેને જવાબ આપવાની મ્હને દરકાર નથી, અને એ અંગત બાબતનો જવાબ માગવાની કોઇ પત્રકારને સત્તા પણ હોઇ શકે નહિ. પરન્તુ એવા આબરૂદાર (!) વીઝીટરમાં કેટલું સત્ય હોય છે અને માસિકકારો કેટલા પ્રમાણિક હોય છે ત્હેનો ખ્યાલ મ્હારા વિદ્યાર્થી બંધુઓએ કરેલા 'ઍટ-હોમ'ના મેલાવડાપરથી

સ્થિતિની જોખમદારીઓનો ચીતાર આપ્યો હતો, નવા જોડા પાસે સમાજ શું આશા રાખવાને હક્કદાર છે તે કહ્યું હતું, અને વિદ્યાર્થીઓને જેમ બને તેમ વિવાહિત સ્થિતિમાં મોડા જોડાવાનો આગ્રહ કર્યો હતો. બાદ રિફ્રેશમેન્ટ અને હારતોરા લઇ પરોણાઓ છૂટા પડયા હતા. સમાજમાં સારો મે.ભ્ભો ધરાવતા પચીશેક ગૃહસ્થોના આ ' સુધારા ' માટે મુબારકબાદી આપતા પત્રો મળ્યા હતા, અને મી. ગંડેમલ ભાબરા બી. એ. એલ. એલ. બી. એઓએ પંજાબમાં વર–કન્યાને લઇને આવવા અને આ જાતના સુધારા માટે ત્ય્હાં તૈયાર થતા ક્ષેત્રમાં કેટલાંક ભાષણો કરી બીજ નાખવા આમંત્રણ આપ્યું હતું; પરન્તુ મ્હારે કલકત્તા જવાનું હોવાથી તે આમંત્રણનો લાભ લેવા ( હાલ તુરતને માટે તો ) હું અશક્ત હતો.

બીજું વિધવાલગ્ન, અમૃતસર શહેર પાસેના ગીસ્વાલી ગામની એક જૈન વિધવા અને તેણીના મરહુમ પતિના ભાઇ વચ્ચે થયું હતું. " **જૈન વિધવા સ્હાયક મંડળ** " અમૃતસર ખાતે સ્થપાયું છે ત્હેના ઑનરરી સેક્રેટરી વકીલ ગંડેમલ ભાબરાએ આ લગ્નમાં સારી મદદ કરી હતી. શરૂઆતમાં અમૃતસરની 'દશા બીરાદરી'ના આગેવાને શોરબકોર કર્યો હતો, જેની સ્હામે વકીલ મહાશયે મજબુત ટક્કર ઝીલી હતી, અને પરિણામે આખા પંજાબમાં એક પણ જૈને વિધવાલગ્ન સ્હામે ચું કે ચાં કર્યું નથી. અમૃતસરવાળા પણ હવે શાન્ત પડી ગયા છે. આ ભાગમાં પુષ્કળ પૅમ્ફલેટો ( ઉર્દુમાં ) ફેલાવવામાં આવ્યાં છે અને લોકોની સહાનુભૂતિ ખેંચાતી આવે છે. વકીલ મહાશય લખે છે કે, "મુશ્કેલી માત્ર ' શરૂઆત ' કરવાની છે; ચીલો પડયા પાછળ ચાલનારને કાંઇ હરકત નડતી નથી; પરન્તુ ચીલો કરવામાં બહુ કષ્ટ સહવું પડે છે." અને વકીલ મહાશયની વાત તદ્દન સાચી છે. લોકોનો ત્રાસ વેઠીને, ધંધાનો ટાઇમ ગુમાવીને, પારકાનું ભલું કરનાર એ મંડળને ધન્યવાદ ઘટે છે.

---

સહજ સ્હમજાશે. આ અંકમાં અન્યત્ર છપાયલો એક ફતેહમંદ વિદ્યાર્થીનો પત્ર પણ ઇર્ષાળુ ખટપટીઆઓની આંખમાં મરચાંની માફક ખુંચશે.

# (६) 'नूतन गुजरात' नो काउन्ट टॉल्स्टॉय.

જૂની ગુજરાત હમણાં થોડું થયાં ધીમે ધીમે 'નૂતન ગુજરાત'નું–જાગૃત ગુજરાતનું–પ્રબુદ્ધ ગુજરાતનું સ્વરૂપ લેતી જોવામાં આવે છે. બહાદૂર વનરાજની ભૂમિ છેક જ મુડદાલ–સ્વમાનરહીત અને ઘર સંભાળી બેસી રહેનારી–કાંઇ પણ જાતના 'ઉંચા ખ્યાલ' વગરની બની ગઇ હતી. એ સ્થિતિને મૃતપ્રાય સ્થિતિ કહેવામાં કાંઇ હરકત નથી. એમાં શ્વાસ ફુંકનાર મહાપુરૂષની જરૂર હતી; અને એવો મહાપુરૂષ જેમ અગાઉ રસિયાને કાઉન્ટ ટૉલ્સ્ટૉય મળ્યો હતો તેમ ગુજરાતને મહાત્મા ગાંધીના દેહમાં મળી આવ્યો. ઇ. સ. ૧૯૧૬ ના માર્ચમાં 'હિતેચ્છુ'ની એક 'નોંધ'માં લાલા લજપતરાય અને મહાત્મા ગાંધીના 'દયા'ના સિદ્ધાન્તોની ચર્ચા કરતાં મ્હેં લખ્યું હતું કે, "લાલાજી, જવા દો જૈનીઝમને અને બીજા દરેક ધર્મને ચર્ચવાની તકલીફ; એમાં ત્હમારા જેવા મહાપુરૂષોનો નવો આત્મા મુકી સજીવન કરો એ જ જરૂરનું છે. ધર્મોને ઠપકો દેવો છોડી જો આપણે હિંદમાં સમર્થ પુરૂષો ઉત્પન્ન કરીએ તો એ **સમર્થ પુરૂષોનું 'જીવન' એ જ નૂતન હિંદનો 'ધર્મ' મનાશે:** તેઓ એવા વિજળીક શક્તિવાળા હશે કે એમનો દરેક શબ્દ અને એમનું દરેક કાર્ય 'ધર્મ' તરીકે મનાશે અને લોકો એમની દ્વારા આધ્યાત્મિક જીવન શિખશે. **ધર્મો અને ફીલસુફીઓ નહિ, મહાન પુરૂષો એ જ મુદ્દાની બાબત છે;** એઓ જ નૂતન સમાજના અને નૂતન ધર્મના સૃષ્ટા–ઈશ્વર છે અને એમની પોતાની રીતે પુરાણા ધર્મના ઉદ્ધારક છે. ફ્રાન્સ ઇશ્કીલાલ હતું; એક જ Superman નેપોલીઅન પાકયો અને ફ્રાન્સ આખું બદલાઇ ગયું, જો કે એણે કોઇ 'ધર્મ' ઉપદેશવાની દરકાર કરી નહતી." મહાત્મા ગાંધીની બાબતમાં આ સત્ય અક્ષરશ: લાગુ પડે છે. જ્યારથી ત્હેમણે ગુજરાતની રાજધાનીમાં પોતાનો મઠ સ્થાપ્યો છે ત્યારથી ત્હેમની નિડરતાનો શુભ ચેપ unconsciously બીજાઓને લાગવા માંડયો છે. પ્રથમ ત્હેમની આસપાસ સુમારે ડઝન જેટલા સુશિક્ષિત ગૃહસ્થાશ્રમી 'ચેલા' એકઠા થયા અને પછી આ ચેલાઓ રૂપી કિરણો દ્વારા ગાંધી રૂપી

સુર્ય જૂદાં જૂદાં નજીકનાં અને દૂરનાં ક્ષેત્રોને સ્પર્શીને સ્પર્શમાત્રથી ચેતના શક્તિ ઉત્પન્ન કરવા લાગ્યો. અમદાવાદમાં રાષ્ટ્રિય કૉલેજની હીલચાલ, અભણ મીલમજુરોની મ્હોટી સંખ્યા પર કાબુ મેળવી તેઓમાં 'સત્યાગ્રહ' (passive resistence) પ્રેરી પોતાના વાજબી હકકોનું ત્હેમને ભાન કરાવવું અને તે હકકો માટે કાયદેસરની લડત માટે ત્હેમને તૈયાર કરવા, વિરમગામની નામોશીભરી અને અપમાનભરેલી કસ્ટમની ઉપાધિને દૂર કરાવવી, ચંપારણના દુઃખી દેશીઓના નાયક બની સરકારની આંખ ઉઘડાવવી, ઇત્યાદિ ઇત્યાદિ ' પાક ' રૂપ પરિણામો નજરે પડવા લાગ્યાં. હમણાં, ખેડા જીલ્લાના ન્હાનાં મ્હોટાં તમામ ગામોમાં ફરી, પાકની નિષ્ફળતાની ખાત્રી કરી, વેરો મુલ્તવી રાખવાની અધિકારી વર્ગને કરેલી અરજ નિષ્ફળ જતાં ખેડુતોમાં passive resistence પ્રેરી જે કાયદેસરનું યુદ્ધ આ મહાત્માએ શરૂ કર્યું છે ત્હેનાં પરિણામો તો વળી દૂર સુધી પહોંચશે. ત્રણ દોઢીઆના હવાલદાર પાસે પણ ' મા બાપ ' કહી શિર ઝુકાવનારા ગામડીઆ ખેડુતોમાં, નૂતન યુગ પ્રવર્ત્તાવનાર ' અવતાર ' તુલ્ય **ગાંધી** મહારાજની હાજરી માત્રથી, મામલતદાર, કલેકટર અને ખુદ સરકારને પણ માથામાં વાગે તેવો જવાબ આપવાની શક્તિ ઉત્પન્ન થઇ છે. એક ખેડુતે મામલતદારને પત્ર લખ્યો છે કે " ચાલુ સાલનો સરકાર ધારો મેં ભર્યો નથી તે બદલ આપની નોટીસ મને મળી છે. સદરહુ ગામમાં આ વર્ષે ચાર આનીથી ઓછો પાક થયો છે એમ હું જાણુંછું અને તેથી જમીન મહેસુલ મુલ્તવી રાખવાની ના૦ સરકારને અરજ કરેલી છે પણ એ અરજ ઉપર હજી સુધી ધ્યાન આપવામાં આવ્યું નથી. જો કે જમીન મહેસુલ ભરવાની મારી તો શક્તિ છે, તો પણ **ગરીબો પાસેથી** વસુલ લેવાનું ના૦ સરકાર જ્યાં સુધી બંધ કરે નહિ ત્યાં સુધી **' અંતઃકરણના અવાજને માન આપનાર '** તરીકે મારાથી આદરપૂર્વક સરકારધારો ભરી શકાય તેમ નથી. **તે બાબતની મ્હેં પ્રતિજ્ઞા લીધેલી** છે, જે જોવા સારૂ પ્રતિજ્ઞાપત્ર આ સાથે મોકલું છું. ચારેક દિવસ ઉપર આપ સાહેબ જે માંડવામાં હું રહુંછું ત્યાં મીલ્કતની જપ્તી કરી વસુલ કરવા પધાર્યા હતા પણ હું તે દિવસે કઠલાલમાં નહોતો. વળી માંડવામાં સરકારને લેવા જેટલી ચીજ ભાગ્યેજ હોય છે, માટે આપ ફરીથી મારા મકાન આગળ પધારી જપ્તી કરી આપને યોગ્ય લાગે તે મીલ્કત લઇ સરકારધારો ખુશીથી

વસુલ કરી લેશે. " બીજા એક ખેડુતને મળેલી નોટીસના જવાબમાં વકીલને લઇને ખેડુતે કોર્ટમાં હાજર થઇ ઘણો જ નિડર અને જુસ્સાદાર જવાબ આપ્યો હતો, જેને પરિણામે નોટીસ રદ્દ કરવી પડી હતી.

'અંતઃકરણના અવાજને માન આપનારા 'નો આ નવો ધર્મ, આ પ્રમાણે, શરૂ થઇ ચૂકયો છે; અને તે નવો ધર્મ, હું અગાઉ કહી ગયો તેમ, જૂના ધર્મના ખોખાનું રૂપાંતર માત્ર છે. એ ધર્મને નામ કાંઇ નથી અને એમાં જાતિભેદ નથી, તેમજ હેનાં કુલ ફરમાનોનો સરવાળો Passive Resistence (સત્યાગ્રહ) માત્ર છે. એનો ભગવાન છે મહાત્મા ગાંધી, અને તે ધર્મના અનુયાયીઓ તરીકે ખેડાના સેંકડો ખેડુતો અને અમદાવાદના હજારો મજુરો જ માત્ર નથી પણ બ્હેન અનસૂયા જેવાં સુશિક્ષિત અને ગર્ભશ્રીમંત શ્રાવિકા પણ એ 'સંઘ' માં છે અને કેળવાયલા શેઠીઆઓ, વકીલો, બૅરીસ્ટરો અને હોમ-રૂલરો વગેરે પણ એમના 'શ્રાવક' બન્યા છે. આ 'શ્રાવકો'ને એ નૂતન પંથમાં ' અંતઃકરણના અવાજને માન આપનારા ' એવું નામ આપી શકાય. પોતાના વાજબી હકોનું રક્ષણ કરવું, ગેરવાજબી વર્તન કે જુલમ જ્યહાં પણ થતો હોય ત્યહાં દોડી જઇ વિરોધ કરવો અને નિડરપણે દરેક દુઃખ કે સંકટ સહન કરીને પણ અંતઃકરણના અવાજને વિજયી બનાવવો: એ આ ધર્મનું જીવનસૂત્ર છે. વિજય મેળવવાના દુનિયામાં બે માર્ગ છે: Active resistence અને Passive resistence. દિવસ અને રાત્રી એવા બે ભેદ મનુષ્યબુદ્ધિને લાગે ખરા, પણ વસ્તુતઃ કાળનાં એ બે દેખાતાં રૂપો (phenomena) માત્ર છે. ખરેખર દિવસ પણ નથી અને રાત્રી પણ નથી, માત્ર કાળ છે. તેમ કોઇને active resistence જ સત્ય લાગે અને કોઇને passive resistence જ સત્ય લાગે, એ આ phenomenal world માટે સ્વાભાવિક છે, પરન્તુ બન્નેમાં એક જ તત્ત્વ Will-to-Power ('વિજિગીષા') છૂપાયલું છે. આપણે દુનિયાદારીની દૃષ્ટિથી કબુલ કરીશું કે, રસિયા જેવા હદપારના જુલમી મુલકમાં અને હિંદ જેવા પરાધીન અને નિર્માલ્ય બની ગયેલા દેશમાં Will-to-Power રૂપી સૂર્યની બીજી કલા ( phase ) જ અર્થાત્ Passive resistence જ—અનુકૂળ અને ઉપયોગી ગણી શકાય.

માર્ચ ૧૯૧૬ ના અંકમાં મ્હારા હાથે લખાઇ ગયેલા શ-

જ્હોનું સ્મરણ મ્હને પુનઃ પુનઃ અને અસાધારણ આનંદ સાથે આવે છે: " એમાં ત્હમારા જેવા મહાપુરૂષોનો નવો આત્મા રેડી સજીવન કરો એ જ જરૂરનું છે. Transvaluation of all values, giving new values to all current doctrines and beliefs is what is badly needed. Commanders and Krishnas are what the land needs and needs most badly. મગજ એ શરીરમાં ઘણો અગત્યનો ભાગ છે; પણ એની હયાતી અને મહત્તા જાળવવા માટે હાથ, પગ અને પેટ વગેરેની પણ જરૂર છે. રાજ કરવું એ મગજનો ' ધર્મ ' છે; પણ એય ઘણું સારૂં છે કે મુંગામુંગા આજ્ઞા પાળવી એને જ પેટ વગેરેએ પોતાનો ' ધર્મ ' માન્યો છે. દયા અને સર્વથા હિંસાને પાપ માનનારાની હયાતી હોય એ પણ 'સત્ય-માર્ગ'ના આશય પાર પાડવામાં જરૂરનું તત્ત્વ છે. એ તત્ત્વ સ્હેલી ચ્હીડાવાને બદ્દલે એ તત્ત્વને **કામમાં** લેનારા પુરૂષો ઉત્પન્ન કરવાની વધારે જરૂર છે. ' They will perform the most strenuous work *if only* thou commandest them.' ' We should *so direct* the existing movement of decline that it may provide the strongest with a new form of existence.' "

આ બાજુ ગાંધી મહારાજ અમુક રીતે લોકોમાં ચેતન રેડે છે ( અને અંતઃકરણથી માને છે કે ઇશ્વરી આજ્ઞાના પાલનનો એ જ ' સચો ' રસ્તો છે ), બીજી બાજુ તિલકમહારાજ બીજી રીતે લોકોમાં ચેતન રેડે છે ( અને અંતઃકરણથી માને છે કે ઇશ્વરી આજ્ઞાના પાલનનો એ જ ' સાચો ' રસ્તો છે ), દેશ-વત્સલતાનો માર્ગ વળી જૂદો જ છે અને એ માર્ગમાં જ તે ' મહાત્મા 'ઓની આજ્ઞાનું પાલન માને છે. કોઇનો માર્ગ ખોટો નથી, એ સર્વ Will-to-Power-ની phenomena અથવા પડછાયા માત્ર છે; જે તત્ત્વ હિંદમાંથી ગયું હતું તે પાછું લાવવા કુદરત જૂદી જૂદી વ્યક્તિઓ મારફત દેખીતી જૂદી જૂદી રીતે-પણ એક જ દિશામાં-પોતાનો ખેલ ખેલે છે.

ખેડાના ખેડુતો હજારો રૂપિયાની કિંમતની જમીન ખાલસા થવા દે છે પણ નજીવી રકમ મેહેસુલમાં નહિ ભરવાનો ટેક જાળવે છે; અને આ પરિણામ શાનું છે ? શું ત્હોં કોઇ વૈષ્ણવ ધર્મનો

સ્વામીનારાયણ પંથનો કે જૈનધર્મનો સાધુ ચાર–છ માસ ઉપદેશ કરવા ગયો હતો ? ના, આ નવું ચેતન–આ સ્વમાનની અને 'ટટાર' ઉભા રહેવાના હક્કની લાગણી–કાંઇ આ જમાનામાં ભગવા કપડાં દ્વારા આવવાનું સર્જાયલું નથી. એક યુગમાં તેમ પણ થવું સર્જાયલું હતું; નવા યુગમાં બુદ્ધિપૂર્વક આત્મભોગ આપી શકનારા સંસારી દ્વારા જ મહાન ફેરફારો થવા સર્જાયલા છે. પડોસીને રૂ. ૨૫) ના વેરાના ત્રાસમાંથી બચાવવા ખાતર પોતાની હજારો રૂપિયાની મિલ્કત જપ્ત થવા દેનાર અને જેલયાત્રા કરવા તૈયાર થનાર ખેડુતોનો મુકાબલો, પોતામાંના જ એક સમાજસેવકને વગર આરોપે વર્ષો સુધી જેલમાં ધકેલી દેવામાં આવવા છતાં એ કૃત્ય સ્હામે અરજ માત્ર કરવાની ના કહેનારા તેર લાખ જૈનોના નમાલાપણા સાથે, કેવી રીતે કરી શકાય ? સેંકડો સફેદ અને પીળા વસ્ત્રધારી સાધુઓ અહીં તહીં આથડે છે અને અર્થ વગરની ધામધુમો કરી ગર્વથી ફુલાઇ ફરે છે, છતાં પોતામાંના એકને 'ઇનસાફ' અપાવવા જેટલું એમનાથી ન બની શકયું હોય તો એમને જીવતા ધારવા કે કેમ એ એક સવાલ છે. ગમે તેવા વ્હાલા માણસનું મૃત્યુ થતાં–ત્હેમાંથી ચેતનાશક્તિ ઉડી જતાં– આપણે ત્હેને ઘરમાં રખાતો જોવા ઇચ્છતા નથી, કારણ કે ત્હેમાં કોહોવાટ થઈ આપણને પ્રજા થવાનો ભય ઉભો થાય છે; તો શું ચેતનાશક્તિ ગુમાવી બેઠેલી કોઈ પણ કોમને દેશમાંથી અદશ્ય થતી જોવા જીવતી વ્યક્તિઓ ઇચ્છે એમાં એમનો દોષ છે ?

મહાત્મા ગાંધી ! નૂતન ગુજરાતના અવતાર ! વિશ્વવ્યાપક તત્ત્વ સદા ત્હારી મદદે રહો ! ત્હારાં અનેક સ્વરૂપો પ્રાચિન ધર્મનાં ખોખામાં અવતરી ત્હેમાં નવું ચેતન ઉપજાવો !... લોકો ! મુક્તિ જોઇતી હોય તો જૂના અવતારોને આદરપૂર્વક ભૂલી નવા અવતારને ભજો, એમાં સમ્પૂર્ણ દૃઢ શ્રદ્ધા રાખો, અને એના વચન ઉપર શિર આપવા તૈયાર રહો.

---

**એકાંતવાદીને સમર્પણ !**:—હું જયારે કહું છું કે મ્હારા ગરમ શબ્દોમાં પ્રેમની ઠંડક ભરેલી છે, ત્ય્હારે જૈનો એ વાતને અસંભવિત કહે છે. પણ હવે ગુજરાતના કમીશનર પ્રૅટ સાહેબની વાતતો તેઓ માનશે ? તેઓએ પ્રેમના બરફમાં સખ્તાઇની ગરમી ખરેખર ભરી બતાવી છે. ખેડુતોની સભામાં ત્હેમણે કહ્યું કે "સરકાર માબાપ છે, છોકરાં ગમે તેમ વર્તે ત્હેનો સરકારને ગુસ્સો નથી, પણ વેરો ઉઘરાવવા અમારા અમલદારો નવરા નથી, ત્હમને ગરજ હોય તો તીજોરીમાં નાખી જજો, નહિ તો જમીન બધી ખાલસા કરીશું અને ફરી ત્હમને જમીન આપશું નહિ." તત્ત્વજ્ઞાનનું વ્યવહારૂ શિક્ષણ આપનાર 'માબાપ'નો હું તો ઉપકાર જ માનીશ.

# (૭) એક મુકાબલો—આર્યસમાજીઓનાં અને જૈનોનાં ફંડો.

'અમે જ બધી રીતે શ્રેષ્ઠ છીએ' એમ કહેતાં કોઇને કોઇ રોકતું નથી, પણ એવી શેખાઇ કરનારા જૈનો જો આંખ ખોલીને જોવાની દરકાર કરશે તો જણાશે કે, તેઓ એવી શેખાઇમાં જ રહી ગયા છે, જ્યારે ખ્રિસ્તીઓ, આર્યસમાજીઓ અને થીઓસૉફીસ્ટો હેરત પમાડે એવી ઝડપથી કુચ કરવા લાગ્યા છે. થીઓસોફીના અડ્યાર ખાતેના મઠમાં જેટલી પ્રવૃત્તિ અને જેવી વ્યવસ્થા છે તેટલી પ્રવૃત્તિ અને તેવી વ્યવસ્થા હિંદના કોઇ પણ ભાગમાં કોઇ પણ કોમના કોઇ પણ ખાતામાં જોવામાં આવતી નથી. ઉત્તમમાં ઉત્તમ પેપરો અને પુસ્તકો બહાર પાડવાની, સ્કુલો અને કૉલેજો સ્થાપવાની, રાષ્ટ્રિય શિક્ષણની અને સ્વરાજ્યની હીલચાલ ફેલાવવાની: ઇત્યાદિ ત્હેની પ્રવૃત્તિઓમાં સમાયલા ખર્ચનો, બુદ્ધિનો અને શ્રમનો ખ્યાલ પણ જૈનો ભાગેજ બાંધી શકશે. આર્યસમાજની લાહોર ખાતેની આર્ટ્સ કૉલેજ તથા હરદ્વાર ખાતેનું ગુરૂકુળ, જલંધર ખાતેની કન્યા પાઠશાળા અને વાર્ષિક મેળાવડાનો ઉત્સાહ જો જૈનોના જોવામાં આવે તો ત્હેમને ખાત્રી થાય કે ત્હેમના મુકાબલામાં જૈનસમાજ મરવા પડેલો જ ગણાય. ગુજરાતના એક ન્હાના અને અભણ ગામડામાં આર્યસમાજનું સમ્મેલન થતાં ત્હાં પચીસ હજાર માણસો એકઠા થયા! ગંગાતટપર ઝુંપડામાં ઉતારા મળવા છતાં ત્હાં સમ્મેલનમાં ત્રીસ ચાલીશ હજાર માણસો હાજર થાય અને લાખલાખ અને ત્રણત્રણ લાખનાં ફંડ મધ્યમ સ્થિતિના લોકોમાંથી દર વર્ષે થાય, એ કઇ જાતનો ઉત્સાહ! હમણાં મુંબઇમાં શાન્તાક્રુઝ ગુરૂકુળને અંગે સમ્મેલન થયું તો ત્હાં પણ સુમારે ૮૪૦૦૦ નું ફંડ થયું અને તે ઉપરાંત સ્વામી વિશ્વેશ્વરાનંદજીએ પોતાની સર્વસ્વ મિલ્કત કે જે લગભગ ૦॥। થી ૧ લાખની કિંમતની છે તે પણ ગુરૂકુળને અર્પણ કરી દીધી! જૈનોને કાંઇ ખ્યાલ આવે છે? કાંઇ મુકાબલો જણાય છે!

આ ઉત્સાહ અને આ દાન મ્હને બે મુદ્દા પર ખેંચી જાય છે. પ્રથમ તો મ્હને લાગે છે કે, જૈનોમાં ઉત્સાહ અને દાનની

આટલી મંદતા થવાનું ઉંડું કારણ એ છે કે, આ સમાજમાં જેટલાઓ સાધુ બને છે તેઓ ૧ ટકો સેંકડે ૯૯ તો દુનિયાનો મોહ છૂટવાથી નહિ પણ દુનિયાદારીની સ્વાભાવિક હાડમારીઓથી ડરીને સાધુ થતા હોય છે અને તેથી તેઓ કે જેઓ સંસાર છોડવાનું હોવા છતાં પોતાની મીલ્કત તો લાગતાવળગતાને જ આપી આવ્યા હોય છે ત્હેમના ઉપદેશની અસર ભાગ્યે જ પડી શકે. લાખ્ખોની નહિ તો હજારોની કે સેંકડોની કિમતની પોતાની મિલ્કત પરમાર્થમાં આપી દઇને કેટલાએ સાધુપણું લીધું હશે? જો તેઓની મિલ્કત સખાવતોમાં આપ્યા બાદ તેઓ સાધુ બન્યા હોત તો સખાવત કરવાનો ત્હેમનો ઉપદેશ સચોટ રીતે શ્રાવકોને અસર કરી શકતે. પણ બન્યું છે એમ કે તેઓ પૈકીના કેટલાક તો ભુખમરાથી બચવા ખાતર, કેટલાકો સંસારની ઉપાધિ સહન ન થઇ શકવાથી, અને કેટલાકો માનપૂજા ખાતર, સાધુ બન્યા છે, જ્હારે થોડાકો પાસેનો પૈસો કુટુમ્બીઓને સોંપી વગર મુડીએ મુક્તિ રળવાના વ્યાપારમાં જોડાવા નીકળી પડયા છે! એમને મન દુનિયા કરતાં ત્હેમના સગાંઓ વધારે કિમતી છે! એમનું સાધુપણું શક્તિથી ઉદ્‌ભવતી બેદરકારીનું નહિ, પણ નિર્બળતાથી ઉદ્‌ભવતા વૈરાગ્યનું સંતાન છે. આ સંજોગોમાં જન સાધુઓની પરોપકારને લગતી અપીલો અરણ્યરૂદન સમ થઇ પડે એ કાંઇ આશ્ચર્ય પામવા જેવી વાત નથી. અધુગમાં કહું તેઓ પૈકીનો ઘણો મ્હોટો ભાગ સાધુ થયા પછી શ્રાવકોનાં એટલાં બધાં નાણાં પોતાના કામ ખાતર કે પોતાના નામ ખાતર ખરચાવે છે કે જેથી હવે શ્રાવકોમાં એમની જાહેર અપીલો માટે કાંઇ માન રહેવા પામ્યું નથી. ( ધ્યાનમાં રહે કે અપવાદની વાત હું અહીં કરતો નથી. ) ફક્ત સાધુઓની બાબતમાં જ આમ છે એમ કાંઇ નથી, સાધુઓ પર કટાક્ષ કરનારા અને પોતાને સાધુઓ કરતાં ઉત્તમ તરીકે મનાવનારા અધ્યાત્મીઓની બાબતમાં પણ આ બાબતનું તો મ્હોટું મીડું જ છે. હું એક એવી વ્યક્તિના સહવાસમાં આવેલો છું કે જે અધ્યાત્મના ઉંડા અભ્યાસી હતા અને 'વિચારક' હતા, તે છતાં જરૂરીઆત કરતાં ઘણી વધારે એવી પોતાની લક્ષ્મીનો કાંઇ હિસ્સો કોઇ પણ જાતના પરમાર્થમાં—જે કામ ખુદ પોતાની જ નજરે જનકલ્યાણકારી લાગતું હોય એવા કામમાં પણ—ખર્ચ્યો હોય એમ સાંભળાયું નથી. આ ઇસારો હું કોઇ વ્યક્તિના પર કટાક્ષ કરવા અર્થે કરતો નથી, પણ એ દૃષ્ટાંત-

માંથી ઉદ્ભવતો એક સિદ્ધાંત તારવી કઢવા ખાતર હેતું સ્મરણ કરાવું છું. માણસમાં તત્ત્વજ્ઞાન કે વૈરાગ્ય છે કે નહિ હેની પરીક્ષા આજે હેની વાતો કે લખાણો ઉપરથી કરાય છે તે કરતાં એના વર્તન પરથી કરવી વધારે યોગ્ય છે. જે માણસ જીંદગી પર્યંત દાન જ ન કરી શકે-અને તે પણ પુષ્કળ લક્ષ્મી હોવા છતાં-તે માણસે કાં તો એમ કહેવું પડશે કે દુનિયામાં કોઇ કામ દ્રવ્ય ખર્ચવા જેવું છે જ નહિ, અથવા તો એમ કબુલ કરવું પડશે કે મ્હારૂં ભીતર પલળ્યું નથી. અધ્યાત્મજ્ઞાનની હયાતંનું પ્રાથમિક ચિન્હ ધન પરના મોહનો નાશ છે, તે પછીનું ચિન્હ શરીર પરના મોહનો નાશ છે, અને તે પછીનું ચિન્હ બુદ્ધિ પરના મોહનો નાશ છે. એક માણસમાં આ ત્રણ ત્યાગ સૂચવાતાં ચિન્હો જોવામાં આવતાં હોય તો પછી, હેના પાદામ્બુજમાં શિર ઝુકાવાને મ્હને કાંઇ વિલંબ લાગે નહિ. પણ જે ત્યાગી યા ગૃહસ્થ અધ્યાત્મની ઉંચી લાયકાતનો દાવો કરવા છતાં જીંદગી દરમ્યાન કે તે બાદ પણ હેનો કાંઇ હિસ્સો લોકહિતમાં ન આપી શકે હેને, એક વિદ્વાન તરીકેનું માન આપવાને હમેશ તૈયાર હોવા છતાં, મ્હારો અંતરાત્મા નમવા તૈયાર થાય નહિ.

જૈન શાસ્ત્રોમાં દાનને પાયામાં સ્થાપી એક એકથી ચ્હડતા માર્ગ તરીકે શીલ, તપ અને ભાવની શ્રેણિ ગોઠવી છે તે તદ્દન વાજબી છે. આધ્યાત્મિક યોગ્યતાની શરૂઆત ધન પરના મોહત્યાગથી જ થાય છે, કે જે પછી જ શરીરપરનો મોહત્યાગ ( તપ ) ઉદ્ભવે છે. જેઓ આ બે લાયકાતો મેળવ્યા પછી જ ઉપદેશક કે ગુરૂ બને તેઓ ખરેખર મહાન ઉપકાર કરી શકે. કહેવાની ભાગ્યેજ જરૂર રહે છે કે, લાખ્ખો માણસના હૃદયને પીંગળાવી શકનારા મહાવીર, બુદ્ધ વગેરે પુરૂષો તે હતા કે જેમણે રાજપાટ છોડયાં હતાં; મહાવીરાદિએ તો વાર્ષિક દાનમાં ક્રોડો રૂપિયા આપ્યા પછી જ દીક્ષા લીધી હતી, એમ શાસ્ત્રો કહે છે.

બીજો મુદ્દો એ સ્ફુરી આવે છે કે, આર્યસમાજીઓમાં સઘળી શક્તિઓનું એકીકરણ એક જ કેન્દ્રસ્થાને કરવાનો સ્વભાવ છે. હરદ્વાર ગુરૂકૂળ સ્થાપ્યું જ્યારે આખા હિંદના સમાજીઓનું લક્ષ એ એક જ ખાતામાં દાન કરવા તરફ ખેંચાયું અને ગમે ત્યાં મેળાવડા થયા, ગમે ત્યાં ખુશાલીના પ્રસંગો આવ્યા કે ગમે તે સ્વામીને ભાષણ કરવાની તક મળી,-દરેક પ્રસંગે હરદ્વાર ગુરૂકૂળ

ફંડનું પાત્ર ભરવાની જ વાત ! મુંબઇમાં ગુરૂકુળ સ્થાપ્યું તો આખા દેશના આર્યસમાજીઓ એ પાછળ જ મરી પડવાના ! એથી ઉલટું જૈન કોમમાં ત્રણે ફીરકાનાં ખાતાં જૂદાં, અને એકેક ફીરકામાં પણ એક કામ મજબુત કરવાના પ્રયત્નમાં બધા શામેલ થવાના નહિ અને ઉપદેશ કે કોશીશમાં પણ ન જોડાતાં ક્વચિત્ ક્વચિત્ એને તોડવામાં કેટલાકો જોડાવાના ! એમ તો એકંદર જૈન સમાજમાં દર વર્ષે હજારો નહિ–લાખ્ખો રૂપિયાનું ખર્ચ થાય છેઃ સેંકડો ટીપો ઉભરાઇ આવેછે, લગભગ દરેક સાધુ એક અથવા બીજા ફતવા જગાવતા જ હોય છે અને એમનાં 'અખેપાત્ર' ભરવાની અપીલ ગામોગામ લલકારતા જ હોય છે, જહેમને ભાગ્યુંટુટયું કાવ્ય કરતાં કે લખતાં આવડયું તેટલા તમામ સાધુને ગ્રંથકાર વિદ્વાન મહારાજની છાપ માટે તે છપાવવા માટે પૈસા જોઇએ છે અને શ્રાવકોનાં ઘર તે માટે ખુલ્લાં જ છે, 'ફલાણો અપાસરો કે ફલાણું મંદિર તો ફલાણા મહારાજ સાહેબના ઉપદેશથી થયું' એવા સર્ટીફીકેટની ભૂખથી હેરાન થતા કોડીબંધ મુનિઓ અપાસરા અને દેરાસરોની ટીપો ગામોગામ ફેરવાવે છે, એકેક સાધુના ચાતુર્માસની ધમાલમાં વળી લગભગ દરેક સ્થળે જમણ, વરઘોડા, ઉજમણા, લ્હાણી, પંડિતના પગાર, વગેરે ખર્ચોનો ચાલુ પ્રવાહ તો જૂદો જ ! આ બધાનો સરવાળો લઇએ તો વર્ષે કદાચ ક્રોડ રૂપિયા થઇ જાય તો પણ ના નહિ. અને તે છતાં કોમમાં એકકે સંગીન સંસ્થા સોગન ખાવા પણ ન મળે ! બધી સંસ્થાઓ લૂલી અને ભૂખી ! આ બદી ક્યહાં સુધી ચાલવા દઈશું ? ખરેખર છતે પાણીએ તરસ્યા મરવા જેવી જૈનસમાજની દશા છે. મ્હોટામાં મ્હોટી અને પહેલામાં પહેલી જરૂરીઆત, શ્વેતામ્બર કલકત્તા કૉન્ફરન્સના પ્રમુખે કહ્યું છે તેમ, બુદ્ધિ–અનુભવ–સેવાની આગ અને ઇજ્જત ધરાવતા ૨–૪ ગૃહસ્થો દરેક ફીરકામાં નીકળી આવે ત્હેની છે, કે જે ગૃહસ્થો પોતપોતાના ફીરકાની કૉન્ફરન્સમાં જોડાઇ એ મડદામાં નવું ચેતન રેડે, વ્યવસ્થાપૂર્વક કામ શરૂ કરે, કામ કરી બતાવીને લોકોની શ્રદ્ધા એ સંસ્થા તરફ મેળવે અને પછી લોકોની શ્રદ્ધાના મહાબળને ઉપયોગમાં લઇ એ અમુક ફીરકાને લાયકનાં ખાસ કામ, સમસ્ત જૈન કોમને લાયકનાં કામ તથા હિંદ માતાની સેવાનાં કામ આરંભવા માટે જોઇતું દ્રવ્ય સઘળા કોમોના સંઘો અને સાધુઓની સામેલીઅતથી એકઠું કરે.

---

# (૮) 'દશાશ્રીમાળી હિતેચ્છુ' નું અ

'દશા શ્રીમાળી હિતેચ્છુ' માસિક પત્રનો માર્ગશીર્ષનો અંક ફાગણમાં બ્હાર પડ્યો છે, જેમાંની કેટલીક બાબતો ઉપર અવલોકન કરવાની જરૂર છે. 'મુંબઇમાં દશાશ્રીમાળી બોર્ડિંગ' એ મથાળાનો એક ગ્રૅજ્યુએટનો લેખ આ અંકમાં પ્રગટ થયો છે. જ્ઞાતિપત્રોની ફરજ છે કે જ્ઞાતિવિષયક આવશ્યકતાઓ ચર્ચનારા લેખોને જગા આપવી. એ લેખમાં કેળવણીની જરૂર તરફ જ્ઞાતિનું લક્ષ ખેંચવામાં આવ્યું છે તે વાજબી કર્યું છે. કેળવણી તરફ દરેક જ્ઞાતિનું લક્ષ ખેંચાવા પામે એવી પ્રવૃત્તિ કરવાની જરૂર છે. પરન્તુ, તે પછીનું પગલું ભરતાં જ્ઞાતિએ જરા વધારે બુદ્ધિ વાપરવી જોઇએ છે. વ્યક્તિ અને જ્ઞાતિ વચ્ચે જે સંબંધ છે, તે જ સંબંધ જ્ઞાતિ અને દેશ વચ્ચે છે; કહો કે એક આખી જ્ઞાતિ એક દેશની અપેક્ષાએ માત્ર વ્યક્તિ તુલ્ય છે. જ્ઞાતિમાં કેળવણીનો ફેલાવો કરવાના સાચા ઉપદેશ સાથે કાંઇ એકેક વ્યક્તિ માટે જૂદી જૂદી સ્કુલ કહાડવાનો ઉપદેશ જોડી શકાય નહિ, તેમ દેશમાં જૂદી જૂદી જ્ઞાતિઓ માટે સ્કૂલો, હાઇસ્કૂલો, પુસ્તકાલયો, વાચનગૃહો વગેરે સ્થાપવાની હીમાયત (કે જે આ લેખમાં કરવામાં આવી છે) કરવી ઉચિત ગણાય નહિ. કોઈ પણ જ્ઞાતિએ 'પોતે રાષ્ટ્રની એક વ્યક્તિ છે' એ ભાન ભૂલવાની મૂર્ખાઇ ન કરવી જોઇએ–એમ કરવું જ્ઞાતિના પોતાના તેમજ રાષ્ટ્રના હિતને બાધાજનક છે. હિંદમાં જ્ઞાતિ અને પંથ એટલી મ્હોટી સંખ્યામાં છે અને એકેક જ્ઞાતિ અને પંથના મનુષ્યો થોડી થોડી સંખ્યામાં એટલા બધા છૂટાછવાયા વેરાયલા છે કે દરેક ગામમાં–રે શહેરમાં પણ–દરેક જ્ઞાતિ માટે કેળવણીની જૂદી સંસ્થા સ્થાપવી. શક્ય જ નથી, ઘડીભરને માટે જૂદી સંસ્થા સ્થાપવી એ ડહાપણ માનીએ તો પણ. આપણે પ્રત્યક્ષ જોઇએ છીએ કે જે કેટલેક સ્થળે જ્ઞાતિઓ અને પંથો તરફથી પોતપોતાની જૂદી સંસ્થા સ્થપાઇ છે ત્ય્હાં ત્હેનો લાભ થોડાઓ જ લે છે, વ્યવસ્થા પણ બરાબર નથી હોતી, અને ત્હેની સ્થાપના તથા નિભાવ માટે જેઓને એ સંસ્થાથી કાંઇ લાભ મળવો સંભવતો નથી તેવા બહારનાઓ પાસેથી પણ નાણાં મેળવીને બીજાં ગામોને આડકતરી

રીતે લુટવામાં આવ્યાં હોય છે. દાખલા તરીકે ધારો કે ગોંડળમાં **દશાશ્રીમાળી** હાઇસ્કુલ કે **જૈન**હાઇસ્કુલ સ્થાપવામાં આવે તો ત્હાં ભણનારા દશાશ્રીમાળી કે જૈનની સંખ્યા કેટલી? અને તે થોડી સંખ્યા માટે માસ્તરોનો કેટલો મ્હોટો પગાર ઉપાડવો પડે? અને તે ખર્ચને વ્યાજમાંથી નીભાવી શકાય એટલી મ્હોટી મુડી શું ગોંડળના દશાશ્રીમાળી કે જૈનસમાજથી આપી શકાશે? અને ન આપી શકાય તો બહારથી જ મુડી મેળવવાની કે બીજું કાંઇ? અને રાજકોટ, ભાવનગર, લિંબડી, મુંબઇ, વગેરે કોઇપણ શહેરમાં કે જ્યહાં પણ સ્થાનિક જરૂરીઆતો પુરવાની હોય છે ત્હાંથી રૂપિયા ઉઘરાવવા તે શું **પ્રમાણિક** કહેવાશે? આજકાલ ખરડા ઘણા થવા લાગ્યા છે અને સૌ કોઇ દાનની અપીલ કરવા માટે પરોપકાર અને પુણ્ય અને દેશોદ્ધાર અને કોમસેવાની દલીલો ગોખીને સારી રીતે બોલી કે લખી શકે છે અને લોકોના લાગણીશરીરને ( emotionને) અસર કરી નાણું મેળવી શકે છે; પરન્તુ **આ એક સમાજનો રોગ છે.** શાની જરૂર છે, શાની **સૌથી પહેલી** જરૂર છે, શાના વિના ચલાવી શકાય તેમ છે, **કઇ જાત**નાં ફંડ **માટે કોની પાસે** અપીલ કરવી પ્રમાણિક ગણાય, એ બાબતનો વિચાર કોઇ કરતું નથી. ઉપરના દાખલામાં વાજબી પગલું તે જ ગણાય કે ગોંડળમાં સ્ટેટની મદદથી અને ગોંડળ સ્ટેટની સમસ્ત પ્રજામાં ફરીત કરેલા ફંડથી ત્હાં **સાર્વજનિક** હાઇસ્કુલ સ્થાપવી.

લેખકે મુંબઇમાં બોર્ડીંગ હોવાની આવશ્યકતા બતાવી છે અને તે માટે સમસ્ત દેશ પ્રત્યે નાણાં માટે અપીલ કરી છે, તે તો વાજબી છે; કારણ કે મુંબઇમાં જે બોર્ડીંગ સ્થપાય તે કાંઇ મુંબઇ શહેરમાં વસતા કે અમુક પ્રાંતમાં જ વસતા લોકોના છોકરાઓ માટે નથી સ્થપાતી, પરન્તુ બહારથી આવનારાઓના લાભ માટે સ્થપાય છે, અને મુંબઇમાં જે બહારના વિદ્યાર્થીઓ આવે છે તેઓ વૈદક, વકીલાત વગેરેને લગતી જે કૉલેજો મુંબઇ સિવાય અન્ય સ્થળે નથી તે કૉલેજોનો લાભ લેવા માટે આવતા હોવાથી મુંબઇમાં ત્હેમને માટે કોઇ પ્રકારની સગવડ તો જોઇએ જ; પરન્તુ લેખક લખે છે કે ' આપણા જ્ઞાતિબંધુઓ તરફથી એક પણ બોર્ડીંગ સ્થાપવામાં આવી નથી ' આ વાત ખરી નથી. મુંબઇમાં જેટલી જૈન બોર્ડીંગો છે તે સઘળીમાં લેખકની જ્ઞાતિના દશાશ્રી-

માળી કાઠિયાવાડી વિદ્યાર્થીઓની મ્હોટી સંખ્યા જોવામાં આવે છે; એટલું જ નહિ પણ દશાશ્રીમાળી જૈન કે વૈષ્ણવ દરેકને એક-સરખો આવકાર આપનારી નવી સ્થપાયલી 'સંયુક્ત જૈન વિદ્યાર્થી-ગૃહ ' નામની ( **લેખકની જ્ઞાતિના જ માણસે સ્થાપેલી** ) સંસ્થાનો લાભ લેનારા પણ મ્હોટે ભાગે દશાશ્રીમાળી જ મળી આવે છે. આ સંજોગોમાં, દશાશ્રીમાળી વણિક વિદ્યાર્થીઓને મુંબઈમાં હાડમારી ભોગવવી પડે છે અને રોટલો મળે પણ ઓટલો મળતો નથી એમ કહેવું એ કૃતઘ્નતાનું તો લક્ષણ નહિજ, પછી ભલે લોકવર્ગને પાણી ચ્હડાવવા માટે ગમે તેવા અતિશયોક્તિભર્યાં અને સત્ય હકીકતથી વેગળા કથનની જરૂર જોવામાં આવે, એ વાત જૂદી છે. ખેદની વાત છે કે, આજે જે ઉચ્ચ કેળવણીની આટલીબધી વહવાહ કરવામાં આવે છે તે ઉચ્ચ કેળવણી લેવા છતાં આપણા યુવાનો પોતાની દૃષ્ટિ **વિસ્તૃત** કરી શકતા નથી અને જ્યહાં **બુદ્ધિ** ( intellect ) અને **ઉપયોગિતા** (utility)-ના દૃષ્ટિબિંદુથી જોવાની જરૂર હોય ત્યહાં પણ **લાગણી** (emotion)-ની બેડીમાં જ ગોંધાઇ રહે છે. જેઓ **ઇરાદાપૂર્વક** જ્ઞાતિ અને પંથોના મોહને પુષ્ટિ આપવા માગે છે તેઓ ગમે તેમ જ્ઞાતિસંસ્થાની હિમાયત કરે એ જૂદી વાત છે, અને એમને કોઇ દલીલ અસર કરી શકવાની જ નહિ ( પ્રસિદ્ધ છે કે ઉંઘતો બોલે પણ જાગતો ન જ બોલે ! ). પરન્તુ જેઓને કોઇ જાતનો સ્વાર્થ નથી કે પક્ષ નથી કે ખેંચતાણની ઇચ્છા નથી તેવા પ્રમાણિક માણસો પણ **બુદ્ધિવિષયક** ભૂલ કરી બેસે અને એ ભૂલને પરિણામે પેલા ' જાગતા ઉંઘનાર 'ને **આડકતરી રીતે** અને unconsciously સહાયક થઇ પડે એ ખેદનો વિષય છે આવા નિસ્પૃહી અને પ્રમા-ણિક કેળવાયલાઓએ તો **દેશભાવના** આંખ આગળ ખડી રાખીને દરેક વિચાર અને દરેક પ્રવૃત્તિ ' ઉપયોગીતા 'ના સિદ્ધાન્તને અનુકૂળ રીતે જ કરવાનો નિશ્ચય બાંધવો જોઇએ છે. જો એમ થાય તો તેઓ પોતાની કેળવણીને વધારે દેશહિતકારિણી બનાવી શકે, અને દેશહિતમાં સમાયલું જ્ઞાતિહિત તેથી **આપોઆપ** સધાવા પામે. લાગણીને નહિ પણ બુદ્ધિને અનુસરવાની જેને ઇચ્છા હોય ત્હેને —અને માત્ર ત્હેને જ–સૂચના કરવા રજા લઇશ કે, ( ૧ ) સ્કુલો, હાઇસ્કુલો અને લાઇબ્રેરી જેવી સંસ્થાઓ કોઇ સ્થળે કોઇ ખાસ જ્ઞાતિ કે પંથ માટે અલાયદી ન કરતાં સાર્વજનિક કરાવી જોઇએ,

(૨) બોર્ડિંગ હાઉસો જ્યહાં જ્યહાં હાઇસ્કુલો અને કૉલેજો હોય ત્યહાં ત્યહાં તે શહેરના તાબાનાં ગામોમાંથી નાણાં એકઠાં કરીને (અને જરૂર પડે તો ખુટતી રકમ સરકાર, સ્ટેટ તથા દેશહિતેચ્છુઓ પાસેથી કોમસેવાની નહિ પણ દેશસેવાની લાગણીને અપીલ કરીને મેળવીને) સઘળી હિંદુ કોમો માટે ભેગી જ બોર્ડીંગ સંસ્થાઓ ખોલવી જોઇએ, અને હીલચાલ કરનારાઓનું દીલ એટલું ઉદાર ન હોય તો છેવટે જે જે જ્ઞાતિઓ અને પંથો વચ્ચે રોટીવ્યવહાર હોય તેઓ માટે તો સંયુક્ત સંસ્થા જ સ્થાપવી જોઇએ; (૩) અને મુંબઇ જેવા શહેરમાં કે જ્યહાં સઘળા પ્રાંતના અમુક લાઇનના વિદ્યાર્થીઓને આવ્યા સિવાય છૂટકો જ નથી ત્યહાં સઘળા હિંદુ વિદ્યાર્થીઓ માટે સંયુક્ત બોર્ડીંગ હાઉસો સ્થાપવાં જોઇએ, અને એમ ન બની શકે તો ઓછામાં ઓછા રોટીવ્યવહારવાળા વર્ગો માટે તો ભેગી જ ગોઠવણ હોવી જોઇએ; (૪) 'સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહ' માં સઘળા ફીરકાના જૈન અને જૈન ધર્મ નહિ પાળતા એવા દશા વીશા શ્રીમાળી વણિક તથા બીજી જ્ઞાતિના વિદ્યાર્થીઓને પણ રાખવામાં આવે છે, અને આવા ઉદાર ખ્યાલવાળી સંસ્થાની સ્થાપનાનું માન દશાશ્રીમાળી કોમને જ છે તો પછી એ સંસ્થામાં પોતાના વિદ્યાર્થીઓ મોકલવા અને ઇચ્છા હોય તથા શક્તિ પણ હોય તેવાઓએ **પોતાની કોમના જે વિદ્યાર્થીઓ તે સંસ્થામાં રહીને ભણતા હોય** એમને જરૂર પુરતી સહાયતા આપવી એ **વધારેમાં વધારે વ્યવહારૂ** અને **ઓછામાં ઓછું ખર્ચાળ** પગલું છે. કહેવામાં આવશે કે, એ બધું ખરૂં, પણ ત્હેમાં વિદ્યાર્થીઓની અમુક સંખ્યાનો જ સમાવેશ થઇ શકે; બીજાઓ માટે શું બીજી સંસ્થાની જરૂર નથી ? ત્હેનો ઉત્તર એટલો જ છે (જો કોઇને પ્રમાણિક અને બુદ્ધિગમ્ય ઉત્તર સાંભળવાની ઇચ્છા જ હોય તો) કે, આજે મદદના અભાવે પણ ૪૦ વિદ્યાર્થી ત્યહાં રાખી શકાય છે તો કાલે દશાશ્રીમાળી ભાઇઓ ત્હેને સ્કૉલરશીપોના રૂપમાં મદદ કરે તો ૮૦ વિદ્યાર્થી પણ રાખી શકાય. પણ આ બધો ન્યાય માત્ર ન્યાયથી વર્ત્તન કરવાની જ્હેને ઇચ્છા હોય ત્હેને માટે છે.

'દશાશ્રીમાળી હિતેચ્છુ'ના તંત્રી પૃષ્ટ ૪૪ ની નોંધમાં લખે છે કે "રા. વાડીલાલભાઇની કેટલીક વૃત્તિઓ માટે અમને ઘણું માન હોવા છતાં દિલગીરી સાથ કહેવાની ફરજ પડે છે કે

તેઓશ્રી જેવા ઉદ્દેશથી અને ઇર્ષ્યાથી દશાશ્રીમાળી બોર્ડીંગની શરૂઆત થવાનું માને છે તેમ માનવાને અમે તૈયાર નથી." અને પછી મ્હારા પર '**ભાષાપર કાબુ રાખી શકયા નથી**' એવો આરોપ રજુ કરે છે. ઠીક છે; દશાશ્રીમાળી કોમનું જે 'વાજીંત્ર' બનનારે તે કોમના આગેવાન ગણાતાઓનો પક્ષ કરવો પણ પડે અને તેથી તે આગેવાનો જ્હેનો વિરોધ કરે ત્હેના ઉપર આરોપ મૂકવા પણ પડે ! મ્હારી ચામડી એટલી સુંવાળી નથી કે તેવી જાતના આરોપોથી તે દુખાઇ જાય. ગંભીર લેખો માટે લાંબો વખત વિચારમાં ગુંથાયા બાદ આવા આરોપ વાંચવા મળવાથી મ્હને ઘડીભર હસવાનો ખોરાક મળ્યો માનું છું. "**ભાષા** ઉપર અંકુશ રાખી શકયા નથી" ! કેવી સુંદર દલીલ ! મ્હારા લેખમાંની **સત્ય હકીકતો** અને ન્યાયસરની **દલીલો** સ્હામે કાંઇ કહેવાનું મળી શકતું નથી અને આગેવાનોના માન ખાતર (કબુલ કરીશ કે મ્હારા તરફ કાંઇ અંગત વૈર સિવાય,તે સત્યો ખુલ્લી રીતે સ્વીકારવાનું બની શકે તેમ નથી **તેથી**, છેવટે દોષ આવ્યો બિચારી **ભાષા**પર,—સવારને છોડી વાહનને મારવાની બહાદુરીથી મન વાળવું પડે છે ! પકડનારને છોડી સાપ સાણસાને ડંસે છે ! બનવા જોગ છેઃ મ્હારી ભાષા દોષિત પણ હોય, કારણ કે હું પણ સર્વજ્ઞ તો નથી જ. (તો પણ હું પોતાને 'અમે' કહી લખનારા અધિપતિઓ કરતાં વધારે 'પ્રમાણિક' અને નમ્ર છું.એટલું તો મ્હારા ત્રણે પેપરોના એડીટોરીઅલ્સ વાંચનાર કહી શકશે !) પરન્તુ મ્હારી ભાષાની ટીકા જે 'નોંધ'માં કરવામાં આવી છે તે 'નોંધ'ની જ ભાષા પ્રથમ જુઓ તો ! 'રા. વાડીલાલભાઇની કેટલીક વૃત્તિઓ માટે અમને ઘણું માન વગેરે" આ જો કે આવેશથી, દ્વેષથી કે વૈરભાવથી લખાયું નથી જ એ વાતની મ્હને ખાત્રી છે, તો પણ એ વાકયમાં મ્હારૂં અપમાન—અને **વગર** ગુન્હાએ અપમાન-થાય છે તે લેખકમહાશયથી હજીએ સ્હમજાય છે ? મ્હારી **વૃત્તિઓ** સાથે ત્હેમને શો સંબંધ છે ? અને મ્હારી **કેટલીક** વૃત્તિઓ સારી છે એમ કહેવું તે શું મ્હારી વૃત્તિઓમાંની બીજી ખરાબ છે એમ કહેવા બરાબર નથી ? કોઇના **વિચાર**ની બાબતમાં કે કોઇના **જાહેરજીવનની** બાબતમાં એમ અવશ્ય કહી શકાય કે અમુકના **કેટલાક** વિચારો કે **કેટલાંક** જાહેર કામો માટે અમને માન છે, પણ કોઇની **વૃત્તિઓમાં શંકા** લઇ જવાની કોઇ પત્રકારને શું સત્તા છે ? ભલા અધિપતિ, એ તો બતાવો કે મ્હારી **કઇ**

'વૃત્તિ'ઓ ત્હમને વાંધો લેવા લાયક લાગે છે ? આશા રાખું છું કે, 'વૃત્તિ' શબ્દનો અર્થ વિચારીને જ અને પ્રમાણિક ચર્ચાની હદમાં રહીને જ જવાબ મળશે. બોર્ડિંગના ખાસ અંકમાંની જે ભાષાપર આ આરોપ મૂકવામાં આવે છે તે ભાષા કોઇ **માન્યતાની** વાચા (expression)નથી, પણ **હકીકતો**ની અને **હૃદય**ની 'વાચા' છે, અને હકીકતોમાં સ્વભાવતઃ એટલી કઠણાઇ રહેલી છે કે 'હકીકત' શબ્દ સાથે જ 'કઠણ' શબ્દનો પ્રયોગ હરહમેશ થાય છે, જેમકે *hard* facts. બીજી બોર્ડિંગની જરૂર છે કે નહિ એ બાબતપર બોલવાનું હોય ત્હાં 'માન્યતા' નો સવાલ છે **ખરો**, પણ એક સંસ્થાના સ્થાપનાર ઉપર લોકોનો અણવિશ્વાસ થાય એવી અફવા ઉડાડવી એ પણ શું 'માન્યતા'નો સવાલ છે કે ? અને શું **અંગત** દ્વેષની સાબીતી માટે આથી વધારે મજબુત પુરાવાની જરૂર રહે છે કે ? એવી અફવાઓ પણ હું સહન કરત, પરન્તુ જ્યહારે એ અફવા સાથે એક જાહેર સંસ્થાનું હિત **સંકળાયલું** છે ત્યહારે તે સહન કરવામાં 'સદ્‌ગુણ' છે કે 'દુર્ગુણ'? હું **એવા** 'ધર્મી'પણાનો કોઇ દિવસ હિમાયતી થયો નથી અને થાઉં નહિ. મ્હારા ધર્મમાં ક્રોધનો **સર્વથા** ત્યાગ નથી, પણ 'પ્રશસ્ત ક્રોધ' અને 'અપ્રશસ્ત ક્રોધ' એવો 'વિવેક' કરવામાં આવેલો છે. જેઓ 'પ્રશસ્ત ક્રોધ'ને પણ ધિક્કારે છે તેઓ કોઇ પણ દેશની પ્રજા બની શકે નહિ, કારણ કે 'પ્રજા' શબ્દની સાથેજ 'સ્વદેશાભિમાન' ની ભાવના જોડાયલી છે. ( જંગલમાં કે ગુફામાં રહીને પ્રજાત્વની સોનેરી સાંકળથી પણ છુટા રહેવું હોય ત્હેની વાત જૂદી છે; પણ સમાજમાં રહેવું અને 'પ્રશસ્ત ક્રોધ' ન હોવો એ મ્હારી માન્યતા પ્રમાણે તો મનુષ્યત્વ ન ગણાય ધ્યાનમાં રહે કે, મ્હેં જે અફવાનો ઉલ્લેખ કર્યો હતો તે **એક** ગૃહસ્થને ઉદ્દેશીને કર્યો હતો; દશાશ્રીમાળી બોર્ડીંગની હીલચાલમાં જોડાનારા સઘળાઓ માટે નહિ જ. જોડાનારાઓ શુદ્ધ બુદ્ધિથી જ જોડાય છે,એમને તો જ્ઞાતિહિતની મીઠી 'વાત'થી હીપ્નોટીઝ્મ થયું એટલે શુદ્ધ બુદ્ધિથી જોડાયા; પણ 'નાયક'નો આશય શું શુદ્ધ હતો ? અને જો શુદ્ધ હતો તો એણે માત્ર દશાશ્રીમાળી બોર્ડીંગથી ત્હેને જણાતા લાભોજ કહી બતાવીને કામ લેવું હતું; બીજાઓની બુરાઈ—વગર પ્રસંગે—વગર પૂછયે—વગર કારણે કરવાની શું જરૂર પડી હતી ? 'દશા શ્રીમાળી હિતેચ્છુ'ના અધિપતિ કહેશે કે એ વાતની ત્હેમને **ખબર નહોતી**, તો શું હું ત્હેમને અને દરેકને ઘેરોઘેર ફરીને કહેવા જાઉં **એમ** તેઓ ઇચ્છે છે ? જો

અંકની ભાષા માટે તે વાંધો લે છે તે અંકમાં જ એ વાત લખેલી નહોતી ? જ્હેની કેટલીક વૃત્તિઓ માટે આ અધિપતિને 'બહુમાન' છે તેવો માણસ પણ જૂઠું લખતો હોય એવો વહેમ હોય તો ખુશીથી અહીં આવે અને જેઓ સમક્ષ જાહેર કામને પજા કરનારી અધમ ખટપટ થઇ છે તેઓના મુખેથી ખરો રિપોર્ટ જાણી લે. પરન્તુ ખરી વાત જેને પોતે 'બહુમાન'થી જુએ છે ત્હેના તરફથી આવતી હોવા છતાં માનવી નથી, અને પુરાવો મેળવવા દરકાર કરવી નથી, અને સ્હામી પાર્ટીએ કહ્યું કે 'આ ખોટું લખે છે' એટલે તે ખરૂં માની લઇને 'વાડીલાલભાઇ જેવા સમાજનેતા એવી અટકળો કરી બીજાઓ ઉપર આવા આરોપો મુકે એ દીલગીરી ભરેલું ગણાય' એવી ટીકાઓ છાપવી છે, એ તો ખરેખર એક પત્રકાર તરફથી મળી શકતો મ્હોટામાં મ્હોટો અન્યાય જ ગણાય. એમને જો એક અથવા બીજી જાતનો નિશ્ચય નહોતો તો ચુપ જ રહેવું હતું. હું હજી ચૅલેન્જ કરૂં છું કે જો મ્હારૂં કોઇ પણ કથન જૂઠું હોય તો ભલે કાલે જ સ્હવારે કાયદેસર પગલાં લેવામાં આવે, તેવી હિમ્મત ન હોય તો મ્હારા તે લેખમાંની કોઇ પણ હકીકત (fact) અને કોઇ પણ દલીલ (argument) ને જુઠ્ઠી પાડનારો લેખ મ્હારા જ પત્રમાં લખી મોકલાવે. અફસોસની વાત છે કે, જે બાબતમાં મ્હારો દૂરનો પણ કોઇ સ્વાર્થ નથી તેવી બાબતમાં પણ આટલી ખટપટ કરવામાં આવે છે; અને જ્યહારે હું શક્તિ બહારના જાહેર કામને પહોંચી વળવાની ચિંતામાં **ખરેખર** બળીને ખાખ થાઉં છું ( ગયા અંકમાં અહીંતહીં લખાઇ ગયેલા ઉદ્દગારો એ મ્હારી બળતરાના સ્થૂલ પુરાવા છે,—જ્હેને 'હૃદય' હોય તેઓ જ તે 'અવાજ' સ્હમજી શકે), ત્યહારે છાપાવાળાઓ અને બીજાઓને **ઠંડે પેટે** 'માન્યતા'ની વાતો સુઝે છે ! પણ એમાં 'દશાશ્રીમાળી **હિ**તેચ્છુ'ના તંત્રી ભાઇ **મોહન**લાલનો કાંઇ દોષ નથી; **કોમી** પત્રની હયાતી સાથે આવી 'દૃષ્ટિ'ની હયાતી સ્વભાવતા જ જોડાયલી હોય. અહીં હું ગયા અંકના ઉભરા ફરી યાદ કરાવીશ કે, "પણ આ દલીલો હું કોની આગળ કરૂં છું ? જેણે હરકોઇ રીતે અમુક ધારણા પાર પાડવાનો નિશ્ચય જ કરેલો છે ત્હેની આગળ **હિત-અહિતની** ચર્ચા શા કામની છે ? હું કબુલ કરીશ કે મ્હારી સઘળી દલીલો અને શુભાશયો તે ગૃહસ્થના ચહેરા ઉપર જરાપણ અસર ન ઉપજાવી શક્યા, અને મ્હને લાગ્યું કે 'દુનિયામાં ન્યાય કે સત્ય જીતતું નથી, ચાલાકી અને બળ જ જીતે

છે,' અને મ્હેં મ્હારી નિર્બળતા માટે એક છૂપો નિસાસો મુકી શેઠ-મજકુરને છેલ્લી સલામ કરી રસ્તો પકડ્યો."...અને છેલ્લે 'ભાષા'ની બાબતમાં ઉમેરીશ કે, હું એક જ ભાષા જાણું છું અને ત્હેનું નામ છે હૃદયની ભાષા; હૃદયમાં હું 'બળતા હરફ'માં જે વાંચું છું તે લુખ્ખા–નીરસ પોષાકમાં બહાર પડતું જોઇ હું લજવાઉં છું, જો કે 'લોકો' ને એ નમાલા શબ્દો પણ ઘણા ઉગ્ર લાગે છે. આ બે વચ્ચે પુલ બાંધવાને હું અશક્ત છું. પોતાના લોહીથી લખી જાણનારા જ મ્હને 'વાંચી' શકશે–ઇન્સાફ આપી શકશે.

ભાઇ મોહનલાલના હૃદયને હું પૂછીશ કે, 'દશાશ્રીમાળીહિતેચ્છુ' દશા શ્રીમાળી વણિક માત્રની સેવા માટે કહાડવામાં આવે છે કે માત્ર અમુક દશાશ્રીમાળી વ્યક્તિઓની સેવા માટે ? આ પ્રશ્ન ત્હમારો કાર્તિક–માર્ગશીર્ષનો અંક જ ઉભો કરે છે; કારણ કે એ ૪૮ પૃષ્ટના અંકમાં, દશાશ્રીમાળી બોર્ડીંગ કે જેનું કાંઇ નામનીશાન પણ હજી હયાતીમાં આવ્યું નથી ત્હેને માટે એક ૫ પૃષ્ટનું ચર્ચાપત્ર અને એક પૃષ્ટની ત્હમારી નોંધઃ એમ બે ઉલ્લેખ કરવામાં આવ્યા છે, જ્યારે લગભગ ૧ વર્ષથી કામ કરી રહેલી ' સંયુક્ત જૈનવિદ્યાર્થી-ગૃહ'–નામની દશાશ્રીમાળીએ જ સ્થાપેલી અને જ્હેનો લાભ લેનારા હાલ મ્હોટે ભાગે દશાશ્રીમાળી વિદ્યાર્થીઓ જ મળી આવે છે તેવી સં-સ્થાની હિમાયતનો એક અક્ષર વટીક સદ્હું અંકમાં નથી લખ્યો એનો અર્થ શું ભલા ? બીજી બોર્ડીંગની વાત બહાર પડયા પહેલાં ત્હમે બેચાર 'નોંધો' સંયુક્ત વિદ્યાર્થીગૃહ તરફ સમાજનું ચિત્ત ખેંચવા લખી હોત અને ત્હેને થોડી પણ મદદ અપાવનાર બન્યા હોત (અગર આક્ષેપ જે અંકમાં કરવામાં આવે છે તે અંકમાં એક ન્હાની સરખી પણ નોંધ આ સંસ્થાની સેવામાં લખી હોત ) તો હમણાં ત્હ-મારી નવી યોજનાની હિમાયત માટે કાંઇ શંકા લઇ જવાનું કારણ નહતું. એટલું જ નહિ પણ જે અંકમાં ત્હમે ' સંયુક્તવિદ્યાર્થીગૃહ '-ના સ્થાપકના પ્રમાણિક બચાવને પણ ગુન્હાનું રૂપ આપવા કોશીશ કરેલી તે જ અંકમાં વિધવાલગ્નની વિરૂદ્ધમાં એક સાથે બે લેખો દાખલ કરવામાં શું આશય હોઇ શકે તે પણ દેખીતું છે. વિદ્યાર્થી-ગૃહની સ્થાપના અને વિધવાલગ્નની હિમાયતઃ એ બન્ને ક્રિયાઓ સાથે મ્હારૂં નામ ઓતપ્રોત થયેલું હોય, આ યુક્તિ ઠીક જ લેવામાં આવી છે ! 'ચર્ચા'નો મ્હને ડર નથી અને હું હમેશ ચર્ચાને તો તો આવ્હાહન કરતો રહ્યું છું, પરન્તુ ત્હમે જે વ્યક્તિઓનાં ચર્ચાપત્રો

છાપ્યાં છે તે વ્યક્તિઓ પૈકી એક તો માત્ર દ્વેષથી અને બીજી વ્યક્તિ કોઇનું વાજીંત્ર બનીને લખે છે અને બેમાંથી એકકે આવા **ગહન** વિષય સંબંધી દલીલોને સ્હમજવા જેટલી કેળવાયલી* નથી તેથી હું તેવી વ્યક્તિઓ સાથે સવાલ-જવાબમાં ઉતરવામાં ભૂષણ માનતો નથી. અનેક દૃષ્ટિબિંદુથી કરાયલી મ્હારી દલીલો 'હિતેચ્છુ'-માં અગાઉ બહાર પડી ગયેલી છે તે વાંચવા-સ્હમજવા જેટલી પણ ત્હમારા ચર્ચાપત્રીઓમાં પ્રમાણિકતા કે સ્હમજ હોત તો અર્થ વગરની અને દલીલ વગરની લીટીઓ ભરવાની ઇચ્છા જ તેઓને થવા ન પામતે. તે છતાં જ્હેમને સામાજિક દૃષ્ટિથી એ વિષયની ચર્ચા સાંભળવાની પ્રમાણિક ઇચ્છા જ હશે ત્હેમને માટે ત્હમારો અંક પ્રકટ થવા અગાઉ આજના મ્હારા દળદાર અંકની શરૂમાં પુષ્કળ લખાણ છપાઇ ચૂક્યું છે. હવે જ્ય્હારે ત્હમે વિધવાલગ્નની વિરૂદ્ધમાં એ ચર્ચાપત્રો એક સાથે છાપોછો, ત્ય્હારે પૃષ્ટ ૪૬માં 'સાદરાના એસીસ્ટ પોલીટીકલ એજન્ટ શ્રીયુત **પાનાચંદભાઇની** પુત્રી ' જેનાં એકવાર લગ્ન થયાં હતાં. પરંતુ લગ્ન પછી તુરતજ વર ટુંક બીમારીથી ગુજરી ગયો હતો, ત્હેના બીજીવારના મુંબઇ ખાતે થયેલા લગ્ન બાબતમાં " આપણી ન્યાતિમાં આવા સુધારાની શરૂઆત થઇ છે તે બહુ ખુશ થવા જેવું છે " એમ લખોછો એનો અર્થ શું ? દશાશ્રીમાળી વણિકો ઉપર એક જ અંક રૂપી મ્હોં દ્વારા ગરમ અને ઠંડી બન્ને હવા ફુંકવાથી ત્હમે ત્હેમના 'હિતેચ્છુ' નું કામ બજાવો છો કે બીમાર બનાવવા જેવું કરોછો ? અગર શું ત્હમે એમ કહેવા માગોછો કે વિધવાલગ્ન **નિયમ તરીકે** તો ધિક્કારવા જેવાં છે,

---

*દાખલા તરીકે, લલિતાના મ્હોંમાં કલાપિની "છે વૈધવ્યે વધુ વિમલતા, બ્હેન ! **સૌભાગ્યથી** કૈં; છે ભક્તિમાં વધુ વિમળતા, બ્હેન ! શૃંગારથી કૈં " એ વગેરે લીટીઓ ( અશુદ્ધ કરીને ) મૂકી છે, પણ એનો અર્થ કાંઇ સ્હમજે છે ? " ત્હારા મૃદુ હૃદયને વૈધવ્ય **આપીને** ઓપ " એનો અર્થ જરા લેખિકા પાસે પૂછાવશો ! કલાપિ પોતે-આટલા દીવ્ય પ્રેમની વાતો કરનારો-વિષયતૃપ્તિ વગર **રહી શકયો હતો** ? ધર્મ પત્નીના દેખતાં પરાઇ સાથે 'દીવ્યસુખ' માણવાની કબુલાત તેણે કરી છે ખરી ? જરા Hard facts નજરમાં રાખીને વાત કરે ત્હેને જવાબ આપવો પાલવે; બાકી સાધુતાના ઉભરા આગળ દલીલ જ નથી. ( વૈધવ્યે વિમલતા કેવા પ્રકારની અને કેટલી ત્રાસજનક હદની છે તે, ઇચ્છા હશે તો, કાઠિયાવાડની **ખાનદાન** જીવતી વિધવાઓના દાખલા સાથે બતાવીશ.)

પણ જ્યહારે શ. પાનાચંદભાઇ જેવા એક મ્હોટા હોદ્દેદારના ઘરનો સવાલ હોય ત્યહારે એ લગ્ન એક 'સુધારો' અને 'ખુશી થવા જેવી' બાબત બને છે? ત્હમે કહેશો કે, આ કેસમાં તો 'કન્યાને અપરિણીત ઠરાવવામાં આવેલ હતી'; આ શું 'સુધારા' માટે 'ખુશી' બતાવનાર માટે ન્યાયસરનો બચાવ છે? મ્હને મહાત્મા ગાંધીનું પ્રમાણિક શસ્ત્ર જ ઇષ્ટ લાગે છે; સુધારો કરવો જરૂરનો જ લાગતો હોય તો લોકોને ઠગ્યા સિવાય કરવો જોઇએ અને ત્હેનાં પરિણામો સહવા તૈયાર રહેવું જોઇએ. કોઇ પણ શુભ અને મહાન કામ કષ્ટ સહ્યા વગર થઇ શકતું નથી. પરણેલી કન્યાને અપરિણીત ઠરાવવામાં આવી એટલે શું? શું એ કોઇ પાંચ–પચીસ માણસોના અભિપ્રાય માત્રનો સવાલ છે? જે મહાજન લગ્નને 'પવિત્ર' માને છે, ન છૂટી શકે એવું માને છે, એંસી વર્ષના બુઢ્ઢા સાથે બાર વર્ષની બાળકીને પણ ફેરા ફેરવ્યા પછી મુક્ત કરવા ના કહે છે, તે મહાજન ઘડીભરને માટે કોઇ પરણેલી કન્યાને 'અપરિણીત'ની છાપ આપે એનો અર્થ શું? જો મહાજન શુદ્ધબુદ્ધિથી–સમાજના હિત ખાતર અને સમજપૂર્વક–કાંઇ કરવા માગતું હોય તો ત્હેણે એવું કહેવું જોઇતું હતું કે, અમુક સંજોગમાં રંડાયલી બાલિકાઓને ફરી પરણવાની છૂટ' આપવામાં આવે છે,–પછી ભલે તે છૂટનો ઉપયોગ એક અમલદારની છોકરી કરે અગર એક ભિક્ષુકની છોકરી કરે. પરન્તુ લગ્નની જે ભાવના (Concept) આજે આપણા સમાજમાં પ્રચલિત છે તે ભાવના મુજબ તો, મહાજન ઉપયોગિતાના દૃષ્ટિબિંદુથી કે દયાના દૃષ્ટિબિંદુથી કે જમાનાને માન આપીને કે બીજા કોઇ પણ આશયથી કોઇપણ એક અથવા વધુ એકવાર 'પરિણીત' થયેલી સ્ત્રીને 'અપરિણીત' ઠરાવે ત્હેનો અર્થ 'પુનર્લગ્ન' જ છે–અને માત્ર પુનર્લગ્ન છે. તો પછી શા માટે નાહક દશાશ્રીમાળીનું હિત ઇચ્છવા માટે કઢાતા પત્રમાં કોમી હિતના સેંકડો પ્રશ્નોને છોડી વિધવાલગ્નની વિરૂદ્ધ બખાળા કહાડનાર ચર્ચાપત્ર—તે પણ એક નહિ પણ બબ્બે–ને જગા આપી લોકોને ભ્રમણામાં અને ગુંચવાડામાં નાંખોછો? હું ત્હમારા ઉપર આરોપ મુકવા કોઇ રીતે ઇચ્છતો નથી, પણ ત્હમે હૃદયને પ્રમાણિક રહેવાની હિંમત ધારણ કરો એટલું જ માત્ર ઇચ્છુંછું અને એમ ઇચ્છવાનો એક હિંદી તરીકે, એક દશાશ્રીમાળી તરીકે, અને એક ભાઇબંધ પત્રકાર

તરીકે—એમ તેવડો—હક્ક હું ધરાવુંછું. પુનર્લગ્ન ઇષ્ટ જ હોવાની ત્હમને ખાત્રી થતી હોય તો ખુલ્લા શબ્દોમાં—પછી ભલે ત્હમારી માનીતી ' સાદી શાંત ભાષામાં '—ત્હેની હીમાયત કરો અને તેથી ગ્રાહકો ઘટી જાય કે આગેવાનો સતાવવા બહાર પડે ( કે જે બનવાનું જ ) ત્હેની તમા ન કરો; અને જો પુનર્લગ્ન ઇષ્ટ નથી એમ જ ત્હમારૂં હૃદય ( આજના અંકમાં અન્યત્ર છપાયલો મ્હારો લાંબો લેખ વાંચ્યા પછી પણ) કહેતું હોય તો ઍસી૦ પોલીટીકલ એજન્ટ કે પત્રકાર કે પરમેશ્વરથી થતું પણ પુનર્લગ્ન ત્હમારી કલમથી ' સુધારા ' અને ' ખુશી થવા જેવા ' વિષય તરીકે ઉત્તેજના ન જ પામે એવો નિશ્ચય કરો. હિંદને અને હિંદની દરેક જ્ઞાતિને આજે સત્યાગ્રહીઓની જ જરૂર છે, દહીં–દૂધમાં પગ રાખનારાનો જ મ્હોટો ભય છે. રાજદ્વારી, શિક્ષણ સમ્બન્ધી તેમજ સામાજિક ઉદ્ધારના યુદ્ધમાં જેટલો ભય 'બ્યુરોક્રસી'નો નથી તેટલો દહીં–દૂધમાં પગ રાખનારા સ્વજનોનો છે. ધર્મસુધારકો, સમાજસુધારકો અને દેશનેતાઓ જે ચીજથી ડરે છે તે ચીજ 'યુદ્ધ' નથી ( યુદ્ધ તો એમની હયાતીમાં ઓતપ્રોત થયેલું હોય છે: Reform and warfare are synonymous ) અને યુદ્ધમાં સહવો પડતો દરેક પ્રહાર ત્હેમના મિશનને એક પગલું આગળ વધારનાર થઇ પડે છે; પરન્તુ યુદ્ધના નામથી પણ થરથરતા ભીરૂઓ આ કે તે વાતનો નિર્ણય કરી શકતા નથી અને તેથી યુદ્ધમાં જોડાતા બન્ને પક્ષને unconsciously નુકસાન કરી બેસે છે: એજ ભય છે.

' દશાશ્રીમાળી હિતેચ્છુ ' પત્રના તંત્રી મહાશયે, જ્ઞાતિજનો જોગ કાઢેલા પ્રશ્નોના ઉત્તરમાં વાંકાનેરના સમસ્ત મહાજન તરફનો, સંખ્યાબંધ સહીઓ વાળો, જે લેખ બહાર પાડયો છે તે ખરેખર નિર્મળ દીલથી લખાયલો છે. વિધવાલગ્નની બાબતમાં જે અભિપ્રાય તે લેખમાં અપાયો છે તે ઘણો ડાહ્યો છે; એક વ્યક્તિ ખુલ્લા શબ્દમાં હા કે ના લખી શકે, પરંતુ જ્યહારે એક સમગ્ર જ્ઞાતિ તરફથી જવાબ લખવાનો હોય ( અને એક ગામની જ્ઞાતિ બીજા ગામોની જ્ઞાતિઓથી જોડાયલી હોઇ તે સર્વની ચુસ્ત માન્યતાનું ખુલ્લું અપમાન ન કરી શકે એ તો દેખીતું છે ) ત્યહારે પુનર્લગ્ન ઇષ્ટ લાગતાં હોય તેવી જ્ઞાતિએ પણ એવા જ ઠંડા અને થોડા શબ્દોમાં લખવું પડે. તે જ્ઞાતિ લખે છે કે "**જ્યારથી આ પ્રશ્ન ચર્ચાવા**

લાગ્યો ત્યારથી જ્ઞાતિની વિધવાઓ મનઃસંયમ ખોઈ બેઠી છે." આપણે પ્રથમ આ એક જ વાકયનું હૃદય તપાસીશું. જ્ઞાતિની કોઇ એક વિધવા નહિ પણ વિધવાઓ મનઃસંયમ ખોઇ બેઠી છે એમ એક જ્ઞાતિ ત્હારે જ લખી શકે કે જ્યારે ઘણી વિધવાઓ લગ્ન કરવાની ઇચ્છાનાં ખુલ્લાં ચિન્હ બતાવવા લાગી હોય; કારણ કે ઇચ્છા માત્ર જ હોત તો, તો તે જ્ઞાતિના જાણવામાં આવી શકત નહિ. હવે ભલે દલીલ ખાતર વાંકાનેર મહાજનની આ વાત આપણે માની લઇએ કે, એ વિધવાઓ મનઃસંયમ ખોઇ બેઠી તે વિધવાલગ્નની હમણાંની ચર્ચાનું જ પરિણામ છે; તો સવાલ એ થાય છે કે, વિધવાઓ કે જે મ્હોટે ભાગે ભણેલી નથી અને વિધવાલગ્નની હિમાયત કરનારા એકના એક પત્ર "જૈનહિતેચ્છુ' ને વાંચી મ્હમજવા જેટલી શક્તિ તેઓ પૈકીની કોઇકમાં જ હશે, તેઓ આટલી છાપેલી ચર્ચા માત્રથી જો મનઃસંયમ ખોઇ બેઠી એમ ખરેખર જોવામાં જ આવ્યું તો પછી એ વિધવાઓ પોતાની આસપાસ માતા પિતા-ભાઇભોજાઇ–કાકાકાકી વગેરેનાં શયનગૃહો (અને કેટલીક વખત આંખ અને શરીરની મુંગી વાચા તથા કવચિત્ કામચેષ્ટા પણ) આજ સુધી જોવા પામતાં એમનો મનઃસંયમ કેમ રહી શકયો હશે? સાબીત થાય છે કે, એમનો મનઃસંયમ ચોતરફના વાતાવરણથી ગયેલો જ હતો, પણ લગ્નની ઇચ્છાનાં ચિન્હો બતાવવાની ત્હેમનામાં હિંમત નહોતી, કારણ કે એવી ઇચ્છાને આજ સુધી અધમતા મનાયલી હતી; પછી જ્યારે છાપાં નહિ વાંચવા છતાં 'અમુક છાપામાં વિધવાવિવાહની હિમાયત થવા લાગી છે' એવી વાત એમના કાને પડી ત્હારે તેઓને જીવમાં જીવ આવ્યો અને મનઃસંયમ કે જે તો તેઓ છાપાના લખાણ પહેલાં જ ખોઇ બેઠી હતી તે મનઃસંયમ જાળવવાની ત્હેમની અશક્તિનો એકરાર કરવા તૈયાર થઇ. હવે જો 'મનસંયમ ખોઇ ચુકેલી' સ્ત્રીઓને ખાનગીમાં કુકર્મ કરતી જોવા ઇચ્છા ન હોય તો ત્હેમને ખુલ્લી રીતે મહાજને કહી દેવું જોઇએ છે કે, "બ્રહ્મચર્યરક્ષા એ સર્વોત્તમ છે: પણ બહારથી બ્રહ્મચર્ય બતાવી અંદરથી કુકર્મ કરવું કે કુકર્મના તર્કવિતર્કમાં ભૃષ્ટ થવું એ સૌથી અધમ છે; ઇચ્છાઓ તાબે ન રહી શકે તો મહાજનની મંજુરીથી ફરી પરણવું એ મધ્યમ માર્ગ છે. માટે સૌએ પોતપોતાની શકિતનો વિચાર કરી પ્રમાણિકમાર્ગ લેવો." આમ થશે તો જે વિધવાઓ મનઃસંયમ નહિ જ રાખી શકતી હશે તેઓ

લગ્ન માટે બહાર પડશે. બાકી ' ચર્ચાથી વિધવાઓ મનઃસંયમ ખોઇ બેઠી છે ' એમ માની ' ખાનપાનના નિયમો પાળી, બ્રહ્મચર્ય પાળી, તનથી અને મનથી સુદૃઢ બનેલા દંપતી જોડાય એ જ સુલભ્ય પ્રતિકાર છે ' એમ કહેવાથી કાંઇ ' ઇલાજ ' હાથ લાગી જતો નથી. ચર્ચાઓ ચાલ્યાં જ જ કરશે, એને કોઈ જ્ઞાતિ કે સરકાર પણ અટકાવી શકશે નહિ; એટલે પછી ત્હમારી માન્યતા પ્રમાણે તો જ્ઞાતિની વિધવાનાં મન પ્રતિદિન વધારે ને વધારે મનઃસંયમ ખોઇ બેસવાનાં જ અને પરિણામ વિધવાલગ્નમાં ન આવે તો તેથીએ ભયંકર કાર્યમાં આવવાનું તે ચોક્કસ છે. અને વિધવાલગ્નની જરૂર જ ન પડે એમ થવા માટે ત્હમે જે પ્રથમથી જ સુયોગ્ય લગ્ન યોજવાનું કહો છો તે તો આકાશકુસુમવત્ કલ્પના માત્ર છે. 'ખાનપાનના નિયમો' કોઇ સમાજનો ચોથો હિસ્સો પણ પાળી શકે છે ? ' તનથી અને મનથી સુદૃઢ બનેલાં જ દંપતી જોડાય ' એવી ત્હમારી ઇચ્છા મુજબ વર્ત્તન થતું સોમાં પાંચ ટકાની બાબતમાં પણ જોવા પામો છો ? અને જ્હાં અમુક ધર્મના જ, ત્હેમાં પણ અમુક જ્ઞાતિના જ, ત્હેમાં પણ અમુક પ્રાંતના જ, ત્હેમાં પણ અમુક સ્થિતિના જ લોકો વચ્ચે કન્યાવ્યવહાર થઇ શકે એવું સખ્ત બંધન છે ત્હાં ' તનથી અને મનથી સુદૃઢ ' એવી જ કન્યા અને એવો જ પુરૂષ ટુંકા સર્કલમાંથી કેવી રીતે મળી શકવાનો હતો ? **હાલનું આખું બંધારણ જ્હાં સુધી ન ફરી જાય ત્હાં સુધી નવી નવી વિધવાઓ વધતી જ જવાની** અને ત્હેમનાં મન પણ અગાઉના વખતની વિધવાઓ કરતાં વધારે ચંચળ થવાનાં જ, એમાં લેશ માત્ર શંકા કરવા જેવું નથી. આખું બંધારણ ફેરવવાની તાકાદ વાંકાનેર જ્ઞાતિને હોઇ શકે નહિ અને તેથી પુનર્લગ્નની છૂટ આપ્યા સિવાય બીજો રસ્તો પણ હોઇ શકે નહિ.*

---

* ચર્ચાનું સ્વરૂપ નહિ સ્હમજનાર એક બાળક માસિકકાર લખે છે: " વિધવાવિવાહનો ઉજળો સુધારો [ ખુદ પ્રતિવાદીના મુખેથી એને ' ઉજળો ' સુધારો કહેવાઇ જાય છે એ જ એ સુધારાના સત્યનો દૈવી પુરાવો છે ! ] દાખલ કરવાથી વૈધવ્યને ઉલટું વધારે ઉત્તેજન અપાશે, તેના કરતાં વૈધવ્યનાં કારણો જ બંધ કરવાં એ વધારે કુદરતી અને સલાહકારક માર્ગ છે. મેલેરીઆ તાવનું મૂળ કારણ શોધીને તે કારણ પ્રથમ દૂર કરવાની જરૂર છે, તેને બદલે મેલેરીઆની હવાવાળા પ્રદેશમાં વારંવાર વસવું, વારંવાર તા-

અને તે ભલું મહાજન મનમાં તો બરાબર સ્હમજે છે. તે કહે છેઃ "કાંઇક બાંધ છોડ થાય છે, પણ તે છૂટ ક્યાં જઇ અટકશે તે કહી

વથા સપડાવું અને પછી કવીનાઇન જેવી કડવી દવાઓના ઘુંટડા પીવા! આ સંઘ દ્વારકા જાય નહિ!"......કેવો મહાભારત ઇલાજ બતાવ્યો? આજ સુધી કોઇ જાણતું હતું કે વિધવાપણું ન થવા પામે એ સારૂં છે? આવા ને આવા ટાયલા કરનારા—કાંઇપણ સંબંધ વગરનો બકવાદ કરનારા—પત્રકારોએ સમાજની સ્થિતિ વધારે કફોડી કરી મૂકી છે. રોગી ન થવાય એ શ્રેષ્ઠ છે એમ તો—આવાં બાળકોનાં ઉપદેશ વગર પણ–સૌ કોઇ જાણે છે, પણ તે છતાં પડોસીઓની ગંદકીથી કે બીજા ગામોએ બગાડેલી હવાથી જ્યહારે એક ગામમાં રોગનો પવન ફેલાય ત્યહારે " રોગ શા માટે આવવા દીધો ?" એવી વાતોથી કાંઇ દહાડો વળવાનો છે? ત્યહારે કાંઇ કડવી દવાના ઘુંટડા પીધા સિવાય છુટકો છે?–અને હમણાં પુનર્લગ્નની જે હિમાયત કરાય છે તે બાજુ કાંઇ નહિ પણ, આખા સમાજમાં લગ્નસંસ્થા જે હદપારની ભ્રષ્ટતાએ પહોંચેલી છે અને જેને સુધારવાનું કામ દાયકાઓ સુધી શક્ય નથી (ઇષ્ટ ગમે તેટલું છે તો પણ) તે લગ્નસંસ્થાથી ઉત્પન્ન થયેલા સર્વવ્યાપક વૈધવ્ય-વ્યાધિના ઇલાજ તરીકે ન છુટકે લેવું પડતું કડવું ઔષધ માત્ર છે. વિધવાલગ્નના હિમાયતીઓ કાંઇ એમ કહેતા નથી કે બાળલગ્નાદિ કરો અને કન્યાઓને વિધવા બનાવો; એથી ઉલટું બાળલગ્નાદિનાં અટકાયત માટે આ સુધારકો જ સૌથી વધારે પ્રયાસ કરે છે અને હેમને નડતર કરનારા પણ વિધવાલગ્નના વિરોધીઓ જ છે! એમનાથી નથી ખમાતો બાળલગ્નોનો નિષેધ, અને નથી ખમાતો પુનર્લગ્નનો ઉપદેશ: એમાં પણ 'ગુજરાતી' પત્ર જેવા તો બાળલગ્નની પણ હિમાયત કરવા સુધીની લોકપ્રિયતાના ગુલામ છે. આમ જ્યહાં સુધી વાયડાઓ બાળલગ્નની યોગ્યાયોગ્યતા બાબતની ચર્ચામાં રોકાઇ રહે ત્યહાં સુધી વિધવાઓ વધતી જ જાય અને પછી પેલા નિર્માલ્ય બાળક જેવાઓ કહેતા જ રહે કે "બસ મૂળ તપાસો, દવાના કડવા ઘુંટડાની વાત ન કરશો; અને કરશો તો ત્હમે ગમે તેવા પાગજુ અને ડાહ્યા હશો તો પણ ત્હમને ધૂર્ત્ત, નીચ, અધર્મી કહીશું!" ઘર બળવા લાગે, અને સ્ત્રીઓ અને બાળકોની ચોતરફ ભડકે ભડકા થવા લાગે, ત્યહારે આ ધર્મના નામે પેટ ભરી ખાવા નીકળેલા પ-

શકાય નહીં. તેનો એક પ્રતિકાર આજે સુગમ્ય હોય અને ભવિષ્યમાં તે દુર્ગમ્ય થઇ પડે તો વળી મૂળ ઉપર પણ આવવું પડે. " આ

શું એો કહેશે કે "સબુર, કોઇએ આ ઘર ઉપર પાણી છાટવું નહિ: પહેલાં એ નક્કી કરો કે આગ લાગી જ કેવી રીતે? શું છોકરાએ દીવાસળી ફેંકી હતી? તો મ્હારા બાપે મુર્ખાએ શા માટે ખબર રાખી નહિ! શું ચુલાનો દેવતા ઉડયો હતો? ત્હારે મ્હારી મા ગધેડીએ કેમ સાવચાની રાખી નહી? બસ ખબરદાર મ્યુનીસીપલ બંબાવાળાએ મ્હારા ઘરપર પાણીના સુંદ તાકવી નહિ! તેથી મ્હારૂં કિમતી ફર્નીચર અને દીવાલો ભીજાઇ બગડી જશે, અને હું ત્હેના નુકશાનીની ભરી લઇશ!" કેવું સુંદર ડહાપણ! પણ ભલી મ્યુનીસીપાલીટી— લોકો હા કહે કે ના કહે તો પણ આગને ઓલવવાના કામમાં જેણે ફરજ માનેલી છે તે તો—ત્હેને ધક્કો મારીને પણ સુંઢનો મારો ચલાવવાની જ અને ઘરમાં પાણી પડવા જેટલા થોડા નુકશાનથી આખા ઘરને અને ઘરમાંના સામાનને તથા કિમતી જીવોને તેમજ ભયમાં પડેલા પડોસીઓનાં ઘરોને બચાવવાની જ. સુધારકોની ખરી સ્થિતિ આ મ્યુનીસીપલ બંબાવાળા જેવી છે. અને તેમ છતાં જો ઘરનાં માલેકથી પાણીનો મારો ન ખમાતો હોય તો ભલે કોઇ દૈવી શક્તિથી—કોઇ મંત્રવિદ્યાથી—કે બીજી કોઇ રીતે આગ ઓલવે; પરંતુ જ્યહાં સુધી તે આગ ન ઓલવે ત્હાં સુધી પડોસીઓએ બંબાનો મારો ચાલુ રાખવાનો આગ્રહ કરવો જ પડશે, કારણ કે 'વ્યક્તિ'ની મૂર્ખાઇ માત્ર ત્હેને એકને જ નહિ પણ સમાજને પણ અસર કરે છે.

" આમ કરો ને તેમ કરો, એટલે પછી વિધવાઓનો સંભવ જ નહિ રહે અને વિધવાલગ્નના સવાલને જગા જ નહિ મળે ": આવું બકનારને જીંદગી સુધી સુધી લોખંડી પીંજરામાં ભૂખ્યા-તરસ્યા પુરી રાખીને કહેવું જોઇએ છે કે, " આવું **તપ** કરવાનો **શુભ અવસર** ત્હને ફરી ફરી ક્યહાંથી મળશે? મૂર્ખા, રડે છે શું? અને ખાવાના અને દુનિયામાં મ્હાલવાના ફાંફાં મારે છે શું કરવા? કરી લે અણશણ વ્રત અને મનને મારી લે; બસ મન મર્યું એટલે દુનિયાના ફેરામાં પડવું જ બચ્યું! વારંવાર જન્મવું અને વારંવાર મરવું, ઘડીમાં એકના બેટા થવું અને ઘડીમાં બીજો બાપ કરવો: આ અધર્મ—આ પાપ—આ દુ:ખમાં ત્હને શું મજા પડે છે? જો ગજસુકુમારને માથે ન્હાની ઉમરે ખેરના બળતા અંગારા મૂક્યા હતા

શબ્દોમાં વિધવાલગ્નની આવશ્યકતાનો તો સ્વીકાર થઈ જાય છે, માત્ર એનો **હદપારનો** ઉપયોગ થઇ જવાનો ભય હેમને ચિંતાતુર કરે છે, જો કે હેનો પણ ઇલાજ હેમનું નિર્મળ હૃદય બતાવી આપે છે કે " **તો વળી** મૂળ ઉપર પણ આવવું પડે. " હું કહીશ કે,

---

તો પણ તે મન મારીને ધ્યાનાવસ્થામાં સ્થીર રહ્યા અને સમાધિ-મરણ મરીને મોક્ષે ગયા; ભગવાન મહાવીરને કાનમાં ખીલા ઠોકયા તો પણ બોલ્યા નહિ; સતી દ્રૌપદીને કર્મે પાંચપતિ મળ્યા તો પાંચેની કામતૃષ્ણા મુંગે મ્હોડે પુરી કરવા જેટલી હદની શાન્તિ રાખી બેઠી; તેમ ત્હને પણ કર્મે બેડી અને ભૂખમરો મળ્યો છે તે સહન કરી મન બળવાન કરી મુક્તિ મેળવી લે. આ જીંદગીમાં ત્હેં શું સુખ જોયું કે જેથી હેને લંબાવવા આટલો બધો તરશે છે ? પંદર પંદર રૂપૈડીની નોકરી માટે રોજ જાહેરખબરોમાં ભીખ માગવા છતાં તે પણ મળી નહિ તેથી પત્રકારનો ઢોંગ ભજવવો પડે છે, લોકોના લેખો ચોરીને નામ ભુંસી વિદ્વત્તાનો ઘમંડ કરી નરકનું ભાથું બાંધવું પડે છે, ન્હાની ન્હાની નોકરીમાંથી પણ છ મહીનામાં બે વાર તમાચા ખાઇ ઘેર બેસવાનું અપમાન સહવું પડે છે, સાધુઓના ફોટોગ્રાફ છપાવવાની ધમકી આપી સાધુઓ અને હેમના ભક્તોને ધમકાવી એ દ્વારા પેટ ભરવાના ઘાટ ઘડવા પડે છે, તે સર્વ કરતાં તો મુંગા મુંગા **અણશણ** કરી જન્મમરણની હમેશની પીડા પતાવવી એ શું ખોટું છે? છૂટકારો ઇચ્છિવો એ મહાપાપ છે; કારણ કે છૂટકારા માટે કાલાવાલા કરવા પડે અને કાલાવાલા ન ફાવે ત્હારે સળીઆ તોડવા માથું પણ અફાળવું પડે અને તેથી લોહીલવાણ થવું પડે. અભણ દશામાંથી છૂટકારો પામશો તો મિથ્યાત્વી બનવાનો ભય છે; સામાજિક સડામાંથી છૂટકારો પામશો તો 'બોડા ઢોર' જેવા બ્રાહ્મણો, પટેલીઆઓ અને 'ગુજરાતી' જેવા પત્રકારોને ભૂખ્યા મરવું પડશે; અને રાજકીય ગુલામીમાંથી છૂટી 'સ્વરાજ્ય' મેળવવા મથશો તો જેલમાં જવું પડશે કે વખતે લોહી વહેવડાવવું પડશે અને બ્યુરોક્રસીને ભુખે મરવું પડશે હેનું પણ પાપ ત્હમને લાગશે. માટે, બસ, બંધનમાં પડી રહો અને મન મજબૂત રાખી સંથારો કરી લ્યો! બાપુ! આકાશમાંથી વિમાન કાલે આવશે અને કાલે સોંઘી મુક્તિ ત્હને વરી લેશે, હેની રાહ જોતો—મ્હોં ફાડી—નિર્દોષ સંથારો કરી લે જો બેબી ! "

વ્યાપારમાં નફો અને ટોટો બન્ને છે એમ જાણવા છતાં કયો વાણીયો વેપાર કરવાથી દૂર રહ્યો ? જીવવું છે, તો વેપાર કર્યા વગર છૂટકો જ નથી,—પછી નફો થાય યા નુકશાન એ જૂદી વાત છે. નુકશાન થતાં ગુજારાનના **બીજા** માર્ગ હેને નથી મળી આવતા શું ? અને નુકશાનના વિચાર કરીને કોઇ વાણીયો હવા ખાઇને બેસી રહ્યો ખરો ? જીવન એ હાર–જીતના પાસાવાળું નિરંતર ચાલતું યુદ્ધક્ષેત્ર જ છે. કોઇ પણ દિવસ ત્હમે હેને 'કાંઇ પણ હાર વગરનું–કાંઇ પણ ઉપાધિ વગરનું—કાંઈ પણ કષ્ટ વગરનું' બનાવી શકવાના નહિ જ. દુનિયા જે છે તે આ છે; હારની બીકથી નિષ્ક્રિય બેસી તો ગંધાઇને મરી જશો, કુદરત જે સ્થિતિમાં ત્હમને મૂકે તે સ્થિતિમાં વગર બબડયે 'ચાલવા' માં જ ત્હમારા 'જીવન'ની રક્ષા છે. બાકી તો ત્હમે પોતે લખો છો તેમ જ છે કે, "જેમને માટે આપણે વિચાર કરીએ છીએ તેમનો–એટલે.આખી સ્ત્રી જાતિનો–આ સંબંધે શો અભિપ્રાય છે તે જાણવું આવશ્યક હોવા છતાં તે તો શશશ્રૃંગવત્ છે" ( અર્થાત્ આપણા સમાજની સ્ત્રીઓ ખુલ્લી રીતે મનનો અભિપ્રાય જાહેર કરે એ વાત અશકય છે ); અને "પુરૂષ વર્ગમાં સ્વાર્થી, સ્વમાનરહિત, જ્ઞાતિદાઝશૂન્ય અને કલહપ્રિયનો ટોટો નથી, એટલે પછી એમને પણ (અભિપ્રાય આપવા માટે) આમંત્રણ આપવું તે અકાલે છે." ખરેખર **વાંકાનેર** મહાજને ઉત્તરો આપવામાં ઉંડા વિચાર અને પ્રમાણિકતાનો પુરતો ઉપયોગ કર્યો છે, જે જોઈ એક સહજ્ઞાતિજન તરીકે મ્હને અભિમાન ઉપજે છે. ભાઇબંધ 'દશાશ્રીમાળી હિતેચ્છુ' ને આવા પ્રશ્નો ઉભા કરવાની ઉપજેલી મતિ માટે મુબારકબાદી આપતાં ઇચ્છીશ કે એ પત્રમાં આ પશ્નોના જેટલા જેટલા ઉત્તરો છપાઇ ગયા હોય હેનો સંગ્રહ એક જૂદા પુસ્તકરૂપે પ્રકટ કરવામાં આવે, કે જે પુસ્તકમાં ( અને બની શકે તો માસિકના હવે પછીના દરેક અંકમાં પણ ) દરેક પ્રત્યુત્તરની **ખાસ ખુબીઓ** પર પ્રકાશ પાડવામાં આવે, તથા એકેક પ્રશ્નના જૂદા જૂદા જવાબોનું પૃથક્કરણ અને મુકાબલો કરી હેનું હાર્દ ખુલ્લું કરવામાં આવે.

# (૧) મહાત્મા ગાંધી અને વિધવાલગ્ન.

મહાત્મા **ગાંધી**ના મુખમાંથી કેટલીક વખત ઉપદેશ નહિ પણ 'સૂત્રો' ઝરે છે; આ વાત તરફ મ્હારૂં લક્ષ એક નિંદાત્મક માસિક-કારને લીધે ખેંચાવા પામ્યું છે. એ માસિકકાર **સમાજશાસ્ત્ર** કે **ધર્મ**શાસ્ત્ર એમાંનું એકકે શિખેલો નહિ હોવાથી, વિધવાલગ્ન સંબંધમાં બાર માસ ઉપર છપાયલા મ્હારા વિચારોને ઉતારી પાડવાની પોતાની ધારણાને પાર પાડવા માટે કોઇ માનનીય પુરૂષના ટેકાની શોધમાં ફરતો હતો. શોધતાં શોધતાં ત્હેને મહાત્મા **ગાંધી**ના અમુક શબ્દો મળ્યા અને તે તેણે પ્રસિદ્ધ કર્યા. તે શબ્દો આ છે: "વિધવાનો સવાલ જેવો તેવો નથી. વિધવા પોતાની ઇચ્છાનુસાર પુનર્લગ્ન કરે એ એક વાત છે, પણ પુનર્લગ્ન કરવાનું બાળવિધવાઓને શિખવવા પાછળ કાળક્ષેપ કરવો તે તદ્દન જૂદી વાત છે." આ શબ્દોનો ઉતારો કરનાર વ્યક્તિએ ત્હેમાં વિધવાવિવાહના ખંડનનું કિમતી શસ્ત્ર જોયું છે. આપણે હમણાં જ જોઇશું કે એ શસ્ત્રથી મ્હારા પ્રગટ થઇ ચૂકેલા વિચારોને ભય છે કે એ વિચારોનો વિરોધ કરનારાઓને.

હું એકાંતવાદી નથી અને તેથી કોઇ દિવસ એક જ દૃષ્ટિથી જોવાની રીત પસંદ કરૂં નહિ. ઉપર આપેલા 'ઉતારા'ના વિશાળ દૃષ્ટિથી અર્થ કરવા પહેલાં એ શબ્દો બોલનાર **કોણ** છે એ જોવા હું ખાસ લક્ષ આપીશ. **ગીતા**માં **કૃષ્ણે અર્જુન**ને સગાઓનો સંહાર કરવાનો આપેલો ઉપદેશ વાંચીને હરકોઇ માણસ હરકોઇ માણસને ખૂનની સલાહ આપે અને એમાં **ગીતા**નો આધાર ટાંકે તો એ અસહ્ય થઇ પડે. એ ઉપદેશનો અર્થ કરવા પહેલાં એ **ઉપદેશ આપનાર વ્યક્તિ** કોણ હતી અને **કોના પ્રત્યે** તે ઉપદેશ અપાયો હતો એ બે મુદ્દા પ્રથમ ધ્યાનમાં લેવા જોઇએ. પોતાની મીલ્કત પણ આપી દેવાને તત્પર થયેલા એવા (નહિ કે સ્વાર્થ ખાતર લડનારા) **અર્જુન** પ્રત્યે એ ઉપદેશ અપાયો હતો; અને **કૃષ્ણ અર્જુન**નું નિર્મળ ત્યાગી હૃદય બરાબર **જાણતા હતા** એટલું જ નહિ પણ પરિસ્થિતિ અને સત્ય પણ તેઓથી છાનાં નહતાં. કૃષ્ણનો **અર્જુન** પ્રત્યેનો તે ઉપદેશ ગમે તે માણસ ગમે તે માણસ પ્રત્યે આપે તો દુનિયામાં ખૂનામરકી, અંધાધુધી અને અધમતાની હદ થાય.

તેવી જ રીતે ઉપર આપેલા 'ઉતારાનો' અર્થ તપાસવા પહેલાં આપણે તે 'ઉતારા'માંના શબ્દો **બોલનાર વ્યક્તિનું** અર્થાત્ **ગાં-**

ધાજીનું સ્વરૂપ વિચારીશું. ધ્યાનમાં રહે કે, ગૃહસ્થના પોશાકમાં છતાં તે એક 'પૂરા ત્યાગી' અને બ્રહ્મચારી પુરૂષ છે. પોતાના પુત્રોનાં વેવીશાળ યોજવાનો ખ્યાલ પણ હેમને અસહ્ય થઇ પડે છે. એવા પુરૂષો જ્યહારે કંઇ બોલે ત્યહારે 'ભાષાસમિતિ' ના નિયમોનું ઉલ્લંઘન ન થાય એવી 'યતના પૂર્વક' અથવા કાળજીસહિત જ બોલે. તેઓ શરૂમાં જ કહી દે છે કે, "વિધવાનો સવાલ **જેવો તેવો** નથી." મતલબ કે, લોકમાન્યતાને વશ થઇ વિધવાને લગતા કોઇ વિષયને એક ભડાકે ઉડાડી દેવો એ કાંઈ ડહાપણ નથી; એમાં દેશકાળ, રીવાજો, પરિસ્થિતિઓ, મનુષ્યપ્રકૃતિ, કેળવણી અને ગૃહસંસારની સ્થિતિ, ધર્મશાસ્ત્રો આદિ અનેક બાબતો વિચારવાની હોય છે. આવા 'ગંભીર' વિષય પર સંક્ષેપમાં પોતાનો અભિપ્રાય આપવાનું પ્રાપ્ત થતાં તેઓ કહે છે કે, "વિધવા પોતાની **ઇચ્છાનુસાર** પુનર્લગ્ન કરે એ એક વાત છે;" અર્થાત્ વિધવાની ઇચ્છાનુસાર થતાં તેણીનાં લગ્ન સ્હામે તેઓ **વિરોધ કરતા નથી.** હું એ પણ ખુલ્લું કરી બતાવીશ કે આ શબ્દો વડે તેઓ કંઇ **આદેશ** પણ કરતા નથી, પણ એમ તો તેઓ પ્રથમલગ્નનો પણ આદેશ કરતા નથી, માત્ર બ્રહ્મચર્યનો જ આદેશ કરે છે. હેમના જેવા મહાત્માઓ—જેમ જૈન શાસ્ત્રમાં સાધુવર્ત્તન સંબંધમાં કહ્યું છે તેમ—આદેશ તો સર્વોત્કૃષ્ટ માર્ગનો જ કરે અને મધ્યમ માર્ગ બાબતમાં મૌન રહે—**વિરોધ ન કરે**, તથા અધમ માર્ગ સ્હામે ખુલ્લો વિરોધ કરે. હવે જુઓ કે તેઓ શું કહે છેઃ "વિધવા **પોતાની** ઇચ્છાનુસાર **પુનર્લગ્ન કરે** એ એક વાત છે; પણ પુનર્લગ્ન કરવાનું **બાળવિધવાને** શિખવવા પાછળ કાળક્ષેપ કરવો તે તદ્દન જૂદી વાત છે." તેઓનો વિરોધ, બાળવિધવા કે જેનામાં હજી કામતૃષ્ણા જાગી નથી અને કામતૃષ્ણા દબાવી દેવાના પ્રમાણિક પ્રયત્નનો માર્ગ એકવાર અંગીકાર કરવામાં આવ્યો નથી, જ્હેનામાં હજી '**પોતાની** ઇચ્છા' જેવું કાંઈ છે નહિ, જે હિતાહિત વિચારવાને લાયક બની નથી, **તેવી** સ્ત્રીઓને લગ્નની ઉશ્કેરણી કરવાની ઉદ્ધતાઇ અથવા 'જુલમ' સ્હામે છે. આવી ઉશ્કેરણીનું બીજું નામ 'જુલમ' કહેવાય અને તે અલબત વિરોધને પાત્ર છે. પરન્તુ જે વિધવામાં કામતૃષ્ણા ઉત્પન્ન થઈ ચૂકી છે અને તે તૃષ્ણાને દાબવાના યથાશક્તિ કરાતા તેણીના પ્રયાસ નિષ્ફળ નીવડવાનું **તેણીને** ભાન થયું છે, જે વળી લગ્ન સાથે જોડાયલા લાભગેરલાભનો સ્વતંત્ર રીતે વિચાર કરવા લાયક ઉમરની થઈ છે, **તેવી** વિધવાને **પોતાની** ઇચ્છાથી લગ્ન કરતાં સમાજે **રોકવી ન**

જોઈએ એમ તેઓ સૂચવે છે. અને મ્હારો મત તેથી ભિન્ન કોઇ દિવસ ન હતો. હું તો આગળ વધીને ત્હાં સુધી લખી ગયો છું કે, બાળવિધવાઓને જ માત્ર નહિ પણ બાળકુમારિકાઓને અને અપકવ વયના છોકરાઓને પણ લગ્નની ઉશ્કેરણી થાય એવી વાતો ન કરવી જોઇએ. 'પરણવું એ નિયમ અને બ્રહ્મચર્ય પાળવું એ અપવાદ' એમ જે હાલની પ્રજામાં મનાયલું છે ત્હેને સ્થાને 'જીંદગી સુધી બ્રહ્મચર્ય પાળવું એ નિયમ અને પરણવું એ અપવાદ' એવી માન્યતા પ્રચારવાની જરૂર છે, એમ મ્હેં અનેક વખતે કહ્યું છે. અને આ અંકના પહેલા લેખમાં પણ બ્રહ્મચર્યની પુષ્ટિમાં આગ જેવા શબ્દોનો ઉપયોગ કર્યો જોવામાં આવશે.

નિર્મળ દીલથી અપાતા જૂદીજૂદી વ્યક્તિઓના અભિપ્રાયોમાં સ્વાભાવિક રીતે જ સામ્યતા હોય છે. મહાત્મા ગાંધીના જ વિચારો મ્હને અનુમોદન આપે છે એમ નથી, પણ 'બંગાળના ગાંધી' એટલે ઇશ્વરચંદ્ર વિદ્યાસાગર પણ મ્હારા આ વિષયને લગતા અભિપ્રાયને અનુમોદન આપે છે. ધ્યાનમાં રહે કે, આ પુરૂષ તે હતા કે જ્હેમનું શાસ્ત્રીય જ્ઞાન આજના હરકોઈ હિંદુ વિદ્વાનથી ચ્હડીઆતું હતું અને જ્હેમનો સ્વાત્માર્પણનો ગુણ મહાત્મા ગાંધી સિવાય આજના બીજા કોઈ હિંદીથી અનુસરી શકાય નહિ તેટલી હદનો હતો. આવા આવા પુરૂષો ધર્મ, વ્યવહાર, કુદરત, દેશકાળ વગેરેના ઉંડા અનુભવથી જે કંઈ કહે તે વિચાર, વાડીલાલ નામના જૈનધર્મમાં જન્મેલા મનુષ્યના વિચારને સમ્પૂર્ણતઃ મળતો આવવા છતાં, એ બધા વિદ્વાનો બીજા ધર્મમાં જન્મ્યા માટે 'મહાત્મા' ગણાયા અને વાડીલાલ જૈનધર્મમાં જન્મ્યો માટે જૈનપત્રકારોની ગાળોનો હકકદાર બન્યો! એમ જ હોય; લોકો એ નિમિત્તે પણ લખતાં–બોલતાં–વિચારતાં તો શિખે છે! વાડીલાલને અધર્મી અને એવી બીજી બારસો ગાળોનું દાન દેવા છતાં માસિકકારોને એના લેખો એનું નામ છૂપાવીને પણ ઉતારી લઈ માસિકો ભરવાં પડે છે એટલુંએ દીલાસો લેવા જોગ છે. બાકી તો બાળકનો જન્મ માતાની વેદનામાંથી જ થાય છે, ત્હાં પછી બડબડવું નિરર્થક છે. 'મહાવીર કહેતા હવા' એ મથાળાનો મ્હારો લેખ કે જે લગભગ પાંચ પત્રકારોએ ફરી છાપ્યો હતો ત્હેમાં મ્હારો મહાવીર યથાર્થ કહે છે કે "લોકોમાં શક્તિ ઘણી ઓછી ખીલેલી છે, તે કોઇ પણ રીતે વધારે ખીલે એ જોઇ હું પ્રસન્ન થાઉં છું. રે, તેઓ તે શક્તિ મ્હારા ઉપર અજમાવવા જાય અને એ રીતે પણ તેઓ પોતાની શક્તિ ખીલવે તો તે જોવામાં મ્હને 'લહેજત' જ છે."

# (૧૦) વડોદરા રાજ્યમાં બાળલગ્ન અને વૃદ્ધલગ્ન વિરુદ્ધ કાયદો.

જુન ૧૯૧૭ના આ પત્રના અંકમાં, જ્ઞાતિઓની જુલમી સત્તાનો દોર તોડવાના અને સંસારસુધારાની પ્રગતિને ગેરવાજબી અટકાયતથી બચાવવાના આશયથી ના. ગાયકવાડ સરકારે કરવા ધારેલા એક કાયદાને અનુમોદન આપતાં હું કહી ગયો હતો કે, **હિંદ** જેવા સત્ત્વહીન બની ગયેલા દેશમાં **બુદ્ધિવાદ** મદદથી અથવા લોકમત કેળવાય ત્હાં સુધી રાહ જોવાની પદ્ધતિથી કોઇ પણ જાતનો સુધારો દાખલ થઈ શકે તેમ નથી. જે દેશમાં ચોતરફનો વિચાર કરવાની શક્તિ આપનારી **ઉંચી** કેળવણી તો દૂર રહી પણ પ્રાથમિક કેળવણી સેંકડે ૨૮ પુરૂષને જ મળે છે અને સ્ત્રીઓમાં તો માત્ર ૪ ટકાને જ તે મળે છે એવા દેશનો સામાન્ય જનસમૂહ કોઈ પણ સુધારાના લાભાલાભ સ્હમજવાની કેટલી **લાયકાત** ધરાવતો હોવો જોઇએ એ વિચારવું મુસ્કેલ નથી; અને જ્હાં સુધી આ સામાન્ય જનસમૂહ અમુક સુધારાની કિંમત **સ્વીકારે નહિં** ત્હાં સુધી લોકમતનું માન રાખી સુધારો દાખલ કરવાનું **મુલ્તવી રાખવામાં** આવે તો હું નથી ધારતો કે પાંચસે વર્ષે પણ આ દેશને ઉન્નત બનાવી શકાય. આ દેશમાં સંસારસુધારો અસરકારક રીતે દાખલ કરવા માટે રાજ્યની ડખલ અનિવાર્ય જરૂરની છે. રાજ્યની ડખલમાં જોખમ અને ભય નથી એમ હું કહેવા માંગતો નથી, પણ સમ્પૂર્ણ સત્યાનાશી કરતાં એવા ક્ષણિક ભયો વધારે ઇચ્છવા જોગ છે, અને વળી એથી લોકો રીઢા—વધારે સહનશીલ—બનવા પામશે. નામદાર ગાયકવાડ સરકારે બાળલગ્નનિષેધક કાયદો કરીને આ સત્ય અંશતઃ પુરવાર કર્યું છે. 'ગુજરાતી' જેવા કેટલાક પત્રકારો અને ત્હેના પેટમાં ક્યહાં દુઃખે છે તે નહિ સ્હમજનારા કેટલાક ભોળા લોકો હવે એવી દલીલ લાવે છે કે, એ કાયદો થવા છતાં બાળલગ્નો તો થયાં જ કરે છે તો પછી કાયદાથી શું લાભ છે ? તેઓને જવાબ મળવો જોઇએ છે કે, કાયદો થયા પછી બાળલગ્નોની સંખ્યા ઓછી થવા પામી છે એ વાતની તો કોઇ વિરોધી પણ ના કહી શકશે નહિ. બાળલગ્નો એ કાયદાથી તદ્દન અટકી જવાં જોઇતાં હતાં, પણ તેમ હજી થયું નથી એ ખેદ-

જનક અવશ્ય છે; પણ હેનો દોષ ભાગ્યે જ બાળલગ્નનિષેધક કાયદા ઉપર કે ના૦ ગાયકવાડ સરકાર ઉપર મૂકી શકાય. એ દોષ અમલદારોની કર્ત્તવ્યપરાયણતાની ન્યુનતા ઉપર, જૂદા જૂદા ધર્મોના ગુરૂઓની દેશદ્રોહી ગેરકાળજી ઉપર, 'ગુજરાતી' જેવા વિચારના પત્રકારો ઉપર, અને કેળવાયલા લોકનાયકો પણ રાજ્યના અમલદારોને મદદ કરવાની પોતાની ફરજ હજી સ્હમજ્યા નથી તે ઉપર મૂકાવો ઘટે છે; અને આગળ વધીને કહું તો કાયદાને મળેલી ઓછી ફતેહ ખુદ તે કાયદાની 'દયાળુતા'ને આભારી છે. નહિ કે સખ્તાઇને. જો દંડને બદલે એક દિવસની પણ સખ્ત જેલની શિક્ષા ઠરાવવામાં આવી હોત તો એચાર અજ્ઞાન વ્યક્તિઓ અસાધારણ દુઃખ અનુભવવા પામત એ હું સ્વીકારીશ, પરન્તુ એ 'ભય' કોઇને કાયદો તોડવાની હિંમત ધરવા દેત નહિ અને થોડાં વર્ષોમાં એ કાયદો બીનજરૂરી થઈ પડત. કાયદો છતાં હજી બાળલગ્નો થતાં રહ્યાં છે તે વાત ના. ગાયકવાડ સરકારની ધ્યાન બહાર નથી અને તેથી તો ત્હાંની ધારાસભામાં થોડા વખત ઉપર એવી દરખાસ્ત રજુ થઈ હતી કે બાળલગ્ન જોડનારને અથવા પુરોહિતને ગુન્હેગાર ઠરાવી સજા કરવી. હિંદુઓ બ્રાહ્મણ વગર લગ્ન કરી શકતા જ નથી અને જો બ્રાહ્મણોને બાળલગ્નની તથા વૃદ્ધલગ્નની લગ્નક્રિયામાં ભાગ લેવા માટે ફોજદારી કોર્ટમાં ઘસડવામાં આવે તો એક પણ બાળલગ્ન કે વૃદ્ધ લગ્ન થવા પામે નહિ. પરંતુ કેટલાક મૅમ્બરોને આવા કાયદામાં મ્હોટો ભય લાગ્યો અને તેઓ હેની વિરૂદ્ધ પડયા, જેથી હાલ તુરતને માટે તો એ વિચાર પડતો મૂકવો પડયો છે. વડોદરાની ધારાસભાના સભાસદો **અતિ**દયાળુ જીવદયાપ્રતિપાલક મહાત્માઓ જણાય છે! આજના ભણેલાઓમાં કંઇ ખાસ લક્ષણ વધારે તરી આવતું જોવામાં આવતું હોય તો તે **ભયભીતપણું** છે: તેઓને મોક્ષ જોઇએ પણ મોક્ષ માટે તપ કરવો હેમને ભયંકર લાગે છે; અમેરિકા જેટલી લક્ષ્મી ગમે, પણ જે સ્વાતંત્ર્યથી તે લક્ષ્મી મળી છે તેવા સ્વાતંત્ર્યની પ્રાપ્તિ માટે લડવાની વાત એમને ભયભીત બનાવે છે; વડોદરા રાજ્યમાં બાળલગ્નો મુદ્દલ અટકી જાય તો સારૂં એમ તેઓ ઇચ્છે છે, પણ એ કિંમતી ફળ મેળવવા માટે જરા અગવડ કે મુશ્કેલી કોઇને ભોગવવી પડે એનો વિચાર સરખો પણ હેમને ગભરાવી દે છે! દરેક સ્ત્રીને માતા થવાની તીવ્ર ઉત્કંઠા હોય છે, પણ 'આજના સુધારા'માં જન્મેલી નાજુક સ્ત્રી પ્રસવવેદનાના સાંભળેલા ખ્યાલ માત્રથી એટલી ડરતી હોય છે કે માતા થવાના પ્રસંગને દૂર રાખવા અકુદરતી ઇલાજો

લેવા ફાંફાં મારતી હોય છે. કુદરતે જો આકાશમાંથી નાજુક સ્ત્રીઓના બીછાનામાં બાળક ફેંકવાની રીત કરી હોત તો આજે યુરોપની હજારો રમણીઓ કુમારિકા રહી ન હોત અને હજારોએ ધિક્કારવા યોગ્ય અકુદરતી ઇલાજો લીધા નહોત! કુદરતની દુરંદેશી (જેને વેદો 'માયા' કહે છે) તે હિંદના પૂર્વાચાર્યો અને ગ્રિસના ધારાશાસ્ત્રીઓ બરાબર સ્હમજ્યા હતા, પણ આજના સમાજશાસ્ત્રીઓને ત્હેનું ભાન નથી. સ્ત્રીપુરૂષની સંયોગક્રિયામાં આખી સૃષ્ટિ આનંદ **માને** છે તે શું છે? શું એ ખરેખર વ્યક્તિગત **હિત** છે કે વ્યક્તિનો આત્મ**ભોગ** છે? કુદરતે જો માણસને એમ કહ્યું હોત ('સમજાવટ'થી) કે તું સૃષ્ટિને ચાલુ રાખવા માટે સંતતિ ઉત્પન્ન કર, તો માણસ પોતાના કિંમતી વીર્યનો ભોગ આપવા કદાપિ તૈયાર થતે નહિ; અને તેથી જ કુદરતે સમાગમક્રિયા સાથે એક પ્રકારની ઉગ્ર સુખની લાગણીનું મિશ્રણ કર્યું, કે જેથી માણસ તે **વ્યક્તિગત** સુખની પ્રાપ્તિ ખાતર સંયોગક્રિયામાં જોડાય અને ઇચ્છાથી કે વગર ઇચ્છાએ બાળકને હયાતીમાં લાવે (વાંચો આજના અંકમાં 'જર્મનીનાં અનુષંગી લગ્નો'વાળી 'નોંધ'માં **શોપનહોરના** વિચારો.) રાજાઓએ કુદરતની આ 'માયા'નું રહસ્ય સ્હમજવું જોઇએ અને–પ્રજાની ઇચ્છા હો વા ન હો–જોઇતું પરિણામ ઉપજાવવા માટે ગમે તેવો સખ્ત કાનુન નિર્ભયતાથી કરી દેવો જોઇએ. માત્ર બાળલગ્ન જ નહિ, માત્ર વૃદ્ધલગ્ન જ નહિ, પણ હરકોઇ લગ્નો કે જે નમાલી પ્રજાના ઉત્પાદક થઇ પડવાનો સંભવ હોય તેવાં તમામ લગ્નો અને સઘળાં રીવાજો લોખંડી કાનુનથી દાબી દેવા જોઇએ. પરન્તુ આ **કોનાથી** બની શકે? જે રાજા અંગત ખર્ચો નહિવત્ રાખીને રાજ્યની લગભગ સઘળી આમદાની પ્રજા પાછળ જ ખર્ચી શકતો હોય અને એ રીતે લોકોના હૃદયમાં એવી જગા પામી શક્યો હોય કે ત્હેનો કોઈ પણ કાયદો કે હુકમ ત્હેનું રહસ્ય નહિ સ્હમજી શકનારી અજ્ઞાન પ્રજા પણ રાજા તરફના 'પ્રેમ' (that 'devotion' which is taught to the world from time immemorial as a '*virtue*' though in fact it is but a delusion of the weaklings introduced by the strong) ખાતર ખુશીથી પાળે,—તેવો રાજા જ સખ્તમાં સખ્ત કાયદા વડે સમાજને મજબુત બનાવી શકે. કેટલાંએ દેશીરાજ્યોમાં રાજા માટે પ્રજામાં માન નથી હોતું; ત્હાં રાજા એ પ્રજાના પરસેવાના પૈસાપર 'ઇશ્વરી હક્ક'ની રૂઇએ એક અથવા બીજા રૂપમાં લૂટ ચલાવે છે

અને તેવી રીતે મળેલાં નાણાં પોતાનાં અંગત સુખો અને સગવડો અને ભભકાઓ અને મજાઓમાં ખર્ચે છે. તેથી તેઓના શબ્દ પ્રત્યે લોકોના હૃદયમાં કંઇ પૂજ્ય બુદ્ધિ—ભક્તિભાવ—નથી હોતો; અને **ભક્તિભાવ વગર સખ્તાઈ થઈ શકે જ નહિ. મનુ**ના કાયદા **અતિ** સખ્ત હતા, પણ તે **પ્રેમ**પૂર્વક પળાતા; કારણ એ છે કે **મનુ** એક ત્યાગી જેવો—દુનિયાએ માનેલા સુખની તમા વગરનો ધારાશાસ્ત્રી હતો. માત્ર તેઓ જ સખ્ત ધારા કરી શકે કે જેઓ **પોતા** તરફ સખ્ત હોય, પોતાના મોજશોખ અને ખર્ચો અને સગવડો અને સુંવાળાપણા ઉપર છુરી મૂકી શકતા હોય. હિંદુ તત્ત્વજ્ઞાનનું આ રહસ્ય છે, અને સમાજવ્યવસ્થા કે રાજ્યવ્યવસ્થા એકકે વાતને હિંદુ તત્ત્વજ્ઞાને છોડી નથી.

મુદ્દાની વાતપર આવતાં કહેવા દો કે, વડોદરા રાજ્યની ધારાસભાએ પુરોહિતોને દંડવાની દરખાસ્તને હવામાં ફેંકી દેવામાં માત્ર બીરૂપણું—નિર્બળતા બતાવી છે. બાલલગ્ન અને વૃદ્ધલગ્ન ( વૃદ્ધલગ્ન અટકાવવા માટે હમણાં આ ધારાસભાએ એવો ખરડો પસાર કર્યો છે કે ૫૦ કે તેથી વધુ ઉમરના પુરૂષે ૧૬ કે તેથી ઓછી ઉમરની સ્ત્રી સાથે લગ્ન કે પુનર્લગ્ન ન કરવું અને કરશે તેને રૂ. ૫૦૦ સુધીના દંડની સજા કરવામાં આવશે.) અટકાવવાની વાત એ એક theory 'સિદ્ધાન્ત' માત્ર હોય, એક ચર્ચા કે શોભાની ચીજ માત્ર **હોય એમ** આપણા લોકો સ્હમજે છે; એની **અનિવાર્ય જરૂર** વિચારવા જેટલું એમનું સમાજશાસ્ત્રને લગતું જ્ઞાન નથી. **દુનિયામાં મ્હોટામાં મ્હોટો પ્રશ્ન સમર્થ પ્રજા ઉત્પન્ન કરવાનો છે.** રાજનીતિ, વૈદક, સાહિત્ય, યુદ્ધશાસ્ત્ર, સંગીત, ઇતિહાસ, યંત્રવિદ્યા, રસાયણ વિદ્યા અને ખુદ ધર્મશાસ્ત્ર પણ એ **મુખ્ય** પ્રશ્નના નીવેડામાં **મદદગાર ચીજો તરીકે જ** કામનાં છે. નિર્બળ પ્રજા ઉત્પન્ન થતી અટકાવવી એટલું જ બસ નથી, પણ સબળ પ્રજા ઉત્પન્ન કરવી એ રાજ્યનું લક્ષબિંદુ હોવું જોઇએ. સ્વરક્ષણ કરવાની શકિત વગરનો એક પણ માણસ ન પાકે એટલી હદ સુધીનું બંધારણ કરવાનું છે: **એ ખ્યાલ** નજર સ્હામે રાખીને ક્રમશઃ સુધારા દાખલ કરવા જોઇએ. જે રાજ્યમાં બાળકો પરણતાં હોય, જે રાજ્યમાં ખેડુતો [પોતાના, રાજ્યના, ધીરનારના, કુદરતના કે બીજા કોઈ પણ કારણથી] ભૂખે મરતા હોય, જે રાજ્યમાં એક પણ માણસ અપઢ હોય, જે રાજ્યમાં સ્ત્રીઓને કુકર્મ કરવાનો રસ્તો લેવાની ફરજ પડતી હોય,

તે 'રાજ્ય'નથી, સ્મશાન છે. લોકો અજ્ઞાન છે માટે સુધારો થઇ શકતો નથી એ દેશીરાજ્યોનું બ્હાનું માત્ર છે, જેમ કે 'પરદેશીઓ ત્હમારા ઘરસંસારમાં ડખલ કરે તે ત્હમને ઠીક લાગે નહિ એ વિચારથી અમે ત્હમારી સામાજિક બાબતમાં માથું મારતા નથી' એમ કહેનારી બ્રીટિશ રાજ્યસત્તાનું એ પણ એક બ્હાનું છે. બન્ને બ્હાનામાં નિર્બળતા છૂપાયલી છે; અને નિર્બળતાના મૂળમાં સ્વાર્થત્યાગનો અભાવ છૂપાયલો છે. કોઇને લશ્કરમાં જોડાવાની અને મરવાની ફરજ પાડવી એ જુલમ ગણાય એમ કહેનાર ઇંગ્લાંડે આજે, જ્હેને તે પોતે ધિક્કારતું હતું તે જ ફ્રેડરિક નિત્શેના સિદ્ધાંતને તથા જર્મનોના ધારાને અનુસરીને ફરજ્યાત લડાયક ધોરણ કેમ દાખલ કરવું પડયું ? જેઓ પ્રથમ **બુદ્ધિથી** સ્હમજીને સખ્ત ઇલાજ લેવાની હિમત ધરાવતા નથી તેઓને એક દિવસ **કુદરતના ત્રાસથી** ૭૫ ટકા જેટલી પાયમાલી સહન કર્યા પછી તેવી હિમત ધારણ કરવી **પડશે.** કુદરતનો કાનુન દયાળુ નથી, અટલ છે, વજ્રના હરફ સમાન છે.

---

Shy, ashamed, awkward, like the tiger whose spring hath failed—thus, ye higher men, have I often seen you slink aside. A cast which ye made had failed.

But what doth it matter, ye dice-players ? Ye had not learnt to play and mock ! Do we not ever sit at a great table of mocking and playing ?

And if great things have been a failure with you, have ye yourselves therefore been a failure ? And if ye yourselves have been a failure, hath man therefore—been a failure ? If man, however, hath been a failure: well then ! never mind

* * * * *

The creators are hard. And blessedness must it seem to you to press your hand upon millenniums as upon wax.

* * * * *

Blessedness to write upon the will of millenniums as upon brdss,—harder than brass, nobler than brass. **Entirely hard is only the noblest... Become hard.**

# (૧૧) પ્રમાણિકતા અને ખરી વસ્તુસ્થિતિનું ભાન લોકો ક્યહારે મેળવશે ?

'જૈનશાસન' પત્ર જણાવે છે કે "**સ્થાનકવાસી** જૈન મુનિ શ્રી માણેકચંદજી તપસ્વીજીએ હાલમાં કાળજ્ઞાનતત્વચિંતામણી નામનું એક **સારૂ** પુસ્તક બહાર પાડેલ છે. તે વાંચી જતાં જણાયું છે કે તપસ્વી મહારાજનો આ પ્રયાસ **ખરેખર ધન્યવાદને પાત્ર છે.** શ્રી **જીન પ્રતિમાજીના સંબંધમાં એમણે સારો** ઉલ્લેખ કર્યો છે. ......**પોતે સર્વ વાડા સંઘેડાથી ફારગત થયાનું** જણાવે છે ......**વિશેષમાં** ઢુંઢીઆ પંથની **ઉત્પત્તિ** અને અંદર અંદરના કલહોનું સ્પષ્ટીકરણ કરેલ છે"...હું ઇચ્છુંછું કે પત્રકારે આવાં લખાણો લખી મોકલનારનો વિશ્વાસ કરવા પહેલા 'સામાન્ય અક્કલ'નો ઉપયોગ કર્યો હોત. મૂર્તિપૂજાની ચર્ચા કરવાની આ પ્રસંગમાં મુદ્દલ જરૂર નથી; માત્ર એટલું જ પૂછવાની જરૂર છે કે '**શાસન**'ના શ્વેતામ્બર **મૂર્તિ**પૂજક અધિપતિ હેમના પંથના કોઇ મુનિ મહાવીરની મૂર્તિ સમક્ષ બકરાનો હોમ કરવાના ઉપદેશવાળું પુસ્તક છપાવશે તો હેને 'ધન્યવાદને પાત્ર' અને 'સારૂં પુસ્તક' કહેશે, કે શ્વેતામ્બર જૈનોએ એ મુનિમાં મુકેલા વિશ્વાસનો ભંગ કર્યો કહેશે ? માણસને પોતાને રૂચતો સિદ્ધાંત માનવાનો અને હેને વખાણવાનો દરેક હક્ક છે, પરન્તુ એક માણસ **અમુક** સિદ્ધાંતના ઉપદેશક અને **અમુક** ધર્મના ધર્મગુરૂનો જભ્ભો પહેરી તેથી તદ્દન વિરૂદ્ધનો ઉપદેશ ફેલાવે એ શું **પ્રમાણિક** છે? અને જેનામાં એટલી **પ્રમાણિકતા** પણ નથી તે માણસ ધર્મના આ કે પેલા **સિદ્ધાન્તોની પરીક્ષા** કરવાની લાયકાત કેવી રીતે ધરાવી શકે? એવા માણસના મુખેથી નીકળતા 'મૂર્ત્તિપૂજા સારી છે' એ બોલની જેમ કાંઈ કિંમત નથી તેમ 'મૂર્ત્તિપૂજા બીનજરૂરી છે' એ બોલ પણ અર્થ વગરના જ છે. ઇંગ્લંડનો પગાર ખાનાર અમલદાર **જર્મની**નો દૂત બને એના જેટલી જ અધમતા, મુખે મુહપતિ અને હાથમાં ઓઘો કાયમ રાખી મૂર્ત્તિપૂજાની હિમાયત કરનારમાં હોય. એને જો મૂર્ત્તિપૂજા ઇષ્ટ લાગતી હોય તો ખુલ્લી રીતે **સ્થાનકવાશી સંપ્રદાય** છોડી શ્વેતામ્બર **મૂર્ત્તિ**પૂજક કે દિગમ્બર **પંથ** સ્વીકારી લે એ જ પ્રમાણિકતા છે. 'હું સર્વ વાડા સંઘેડાથી ફારગત થયો છું' એમ કહેવું અને અમુક **એક** જ વાડાએ માનેલાં ચિન્હો ધારણ કરી રાખવાં એના જેવો વિશ્વાસઘાત દુનિયામાં બીજો ક્યો હોઇ શકે? અને અફસોસની વાત છે કે શ્વેતામ્બર ભાઇઓ—ખુદ કેળવાયલા

પત્રકારો–આવા વર્તનમાં રહેલી અપ્રમાણિકતા સ્હમજતા છતાં પંથમોહને લીધે વિશ્વાસઘાતની તારીફ કરવામાં પાછા પડતા નથી. આ રીતે તેઓ માત્ર સામાન્ય નીતિ અને ધર્મનો ધ્વંસ કરે છે એટલુંજ નથી,પણ પોતાના પંથને પણ નહિ ઇચ્છવા જોગ ભાવના (ideal) શિખવનારા થઇ પડે છે. આ પ્રસંગે,મુકાબલા ખાતર,જૈનપત્રકારો જે જૈન ઉપર તિરસ્કારનો વર્ષાદ વર્ષાવવા લાગ્યા છે તેવા એક નિર્દોષ–પ્રમાણિક જૈનનો દાખલો(જૈનોના આશ્ચર્ય વચ્ચે) રજુ કરવાની જરૂર જોઉં છું, કે જે જૈને ગયા માસમાં ક્રિશ્ચિયન ધર્મ અંગીકાર કર્યાનું છાપા પરથી જણાય છે. આ યુવાન કાઠીયાવાડી જૈન ગ્રેજ્યુએટ 'બ્રહ્માસમાજ' ની સેવામાં પોતાનો સમય વ્યતીત કરતા તેવામાં મ્હારા પ્રમુખપણા નીચે ત્હેમણે મુંબઇમાં એક ભાષણ આપ્યું હતું મ્હને ત્હેમનું હૃદય નીખાલસ, સેવામય અને ઉજ્વલ લાગ્યું હતું. કોઇ પણ જાતના લાભની ખાતર તેઓ પોતાના અભિપ્રાયને વેચે તેવા નથી જ; તેમ બી. એ. સુધી ભણેલા અને ઘણાં પુસ્તકો વાંચવા પામેલા એક બુદ્ધિમાન મનુષ્ય તરીકે કોઇની સમજાવટ કે ફોસલામણથી ધર્મ બદલે એ અસંભવિત છે. હું ધારૂં છું કે, એમની બાબતમાં મૂળ કારણ એ હોવું જોઇએ કે, સુપ્રસિદ્ધ સ્વીડનબોર્ગની પ્રેમમય કલ્પનાઓએ એમના લાગણી વિભાગને સજ્જડ અસર કરી હોવી જોઇએ, જેવી કે અગાઉ જાણીતા બ્રાહ્મણ ગ્રૅજ્યુએટ રા. ભટ્ટને થઇ હતી. કેટલીક પ્રકૃતિઓમાં બુદ્ધિતત્ત્વ, કેટલીકમાં ભક્તિતત્ત્વ અને કેટલીકમાં પ્રવૃત્તિતત્ત્વ વિશેષે હોય છે અને બાકીનાં બે તત્ત્વો ગૌણ હોય છે. ભક્તિતત્ત્વના પ્રાધાન્યવાળી પ્રકૃતિને સ્વીડનબૉર્ગ જેવા લેખકો વધારે સચોટ અસર કરે છે બુદ્ધિતત્ત્વના પ્રાધાન્યવાળી પ્રકૃતિને જૈનધર્મની સ્યાદ્વાદ શૈલિ અને કર્મગ્રંથો જાદુઇ અસર કરે છે (અને મ્હને લાગે છે કે, બુદ્ધિતત્વના પ્રાધાન્યને લીધે જ જૈનોમાં કેશરનો ચાંડલો કરવાની રૂચિ થઇ હશે, કારણ કે કેશરનો રંગ પીળો છે, તેમજ બુદ્ધિનો પણ. આથી એમ સ્હમજવાનું નથી કે પીળો ચાંડલો કરે તે બધાની પ્રકૃતિમાં બુદ્ધતત્ત્વ વિશેષે હોવું જ જોઇએ. આ દેશમાં મનુષ્યો બાપે માનેલો ધર્મ ચાલુ રાખે છે, તેઓ કાંઇ પ્રકૃતિ અનુસાર ધર્મ પાળતા નથી કે ધર્મની પસંદગી કરતા નથી); અને પ્રવૃત્તિતત્ત્વના પ્રાધાન્યવાળી પ્રકૃતિને ફ્રેડરિક નિત્શે અને ગીતાના ઉપદેશો વધારે અનુકૂળ લાગે છે. જ્હેની પ્રકૃતિને જે અનુકૂળ

લાગે ત્હેમાં જ ત્હેનું શ્રેય છે, અને તે સ્વીકારવાનો ત્હેને જન્મહક્ક હોવો જોઇએ. તે જો ભ્રમણામાં હશે તો, આજે જેમ પ્રમાણિકપણે તે જૈનમાંથી ખ્રિસ્તી ધર્મમાં જાય છે તેમ, કાલે ખ્રિસ્તીમાંથી જૈનમાં આવશે, અને તે વખતે વળી **વધારે યોગ્યતા સાથે.** માત્ર તે જ માણસ સમાજને ભયંકર છે કે જે મનમાં જૂદું રાખે અને બહાર જૂદું બતાવે; અને પત્રકારોને માત્ર વ્યક્તિના તે વર્ત્તન ઉપર જ ટીકા કરવાનો અધિકાર હોઇ શકે કે જે વર્ત્તન **સમાજને** નુકશાન કરતું હોય. **સમાજને** નહિ અસર કરતું એવું વ્યક્તિનું વર્ત્તન પત્રકારોના હકકની હદમાં આવતું નથી. જે જૈન ગ્રેજ્યુએટ આબરૂદાર કુટુંબનો હોવા છતાં, પોતાના હૃદયને જે ઠીક લાગ્યુ તે સ્વીકારવામાં સમાજના કોપનો મ્હોટો ભય છે એમ જાણવા છતાં, ખુલ્લી રીતે, નિડરતાથી અને **પૂર્વની માન્યતાઓને ગાળો ભાંડયા સિવાય,** ચુપચાપ બીજો ધર્મ સ્વીકારે છે ત્હેનામાં સત્યાગ્રહ અને પ્રમાણિકતા નામના બે મહાન ગુણો અવશ્ય સાબીત થય છે, કે જે ગુણો અંશતઃ પણ ત્હેને આજે નિંદનારી ધર્મમૂર્ત્તિઓમાં નથી. લોકોની લાયકાત તો જુઓ: જ્હેને આજ સુધી તેઓ પોતાનો ' સ્વધર્મી ' માનતા હતા ત્હેને એકાએક શત્રુ, મૂર્ખ, ભ્રષ્ટ કહેવામાં ત્હેમને પૂર્વ સંબંધનો કાંઇપણ ખ્યાલ આવે છે ? અને કયા જૈન આચાર્યે ત્હેને જૈન ધર્મનું બુદ્ધિગમ્ય રહસ્ય સ્હમજાવવાનો શ્રમ સેવ્યો તે કોઇ બતાવશે ?

ટુંકમાં, એક જૈન ખ્રિસ્ત થાય તે, જૈનોની સંખ્યામાં થતા એટલા ઘટાડાની દૃષ્ટિથી નહિ ઇચ્છવા જોગ છે એ ખરૂં, પરન્તુ કુદરત ઉપર કોઇનો કાબુ હોઇ શકે નહિ. એમ તો ઘણાએ જૈનો —ખુદ જૈનસમાજના ભ્રષ્ટ સંસારબંધારણને પ્રતાપે—અકાળે મરે છે, ત્હેનો ખેદ કરવા કેટલા જૈનો નવરા થાય છે ? ગમે તેમ પણ વટલાનાર જૈન **પ્રમાણિક** તો અવશ્ય છે, જ્યહારે પોતાને ' વાડા સંઘેડા'માંથી મુક્ત મનાવનાર અને તે છતાં ઓઘો–મુહપતિ બાંધી સેંકડો **સ્થાનકવાસી** જૈનોને પોતાની પાછળ ભમાવનાર અને પોતાના માનમાં જમણેનાં ખર્ચો **સ્થાનકવાસીઓ** પાસે જ કરાવનાર વ્યક્તિ—પછી, તે તપસ્વી હો કે રખજી હો કે બ્રહ્મચારી હો, ગમે તે હો—મૂર્ત્તિપૂજાના ઉપદેશ વડે એક પંથના પાંચ લાખ અનુયાયીઓનો વિશ્વાસઘાત કરે છે, અને વધુ ખેદ તો એ છે કે તેવા

સમાજદ્રોહીઓ કોઇ પણ દેશમાં કોઇ પણ કોમમાં કોઇ પણ પંથમાં સાધુ કે ગૃહસ્થના વેશમાં જોઇએ તેટલી સંખ્યામાં મળી આવે છે. હું આ માણુસોને ધિક્કારવા નથી માંગતો, એ માણુસોની જે પ્રવૃત્તિ સમાજને ભ્રષ્ટ અને પાયમાલ કરનાર થઇ પડે છે તે પ્રવૃત્તિને ધિક્કારૂં છું-અને મ્હારા સઘળા જોરથી ધિક્કારૂં છું. તપસ્વીએ ગઇ સાલમાં રાજકોટના સ્થાનકવાસીઓમાં જે તોફાન મચાવ્યું હતું, જે શબ્દો ઉચ્ચાર્યા હતા, જે શબ્દો પૅમ્ફ્લેટ અને પેપર દ્વારા પ્રગટ કર્યા હતા,તે સઘળા ઉપરથી હેને કોઇ પણ સામાન્ય નીતિને સ્હમજનારો માણુસ સાધુ તો શું એક નોકર રાખવા લાયક માણુસ પણ નહિ કહી શકે.હું જાણું છું કે રાજકોટમાં હેમના વિરૂદ્ધ એક પક્ષ હયાતી ધરાવે છે,હું જાણું છું કે તેઓએ પણ તપસ્વીને ઉશ્કેરણી થાય એવું કહ્યું-કર્યું હશે; મ્હને તે સાથે કશો સંબંધ નથી; સંબંધ માત્ર એટલી જ સાદી બાબત સાથે છે કે, દુશ્મનો ગમે તેમ કહે કે કરે તેથી એક પંચમહાવ્રતધારી જૈન સાધુ આટલી હદ સુધીના અસહ્ય શબ્દોનો ઉપયોગ કરે, લોકોમાં ઉશ્કેરણીઓ કરે, અમુક વ્યક્તિના વૈરની વસુલાત ખાતર ખુદ ધર્મને જ ખોટો ઠરાવવા બહાર પડે, આના જેવી ભ્રષ્ટતા કોઇ વેશ્યામાં પણ ન હોઇ શકે: વેશ્યા પણ જ્હેનો પગાર ખાય છે હેના તરફ—પગાર ભોગવતાં સુધી તો—વફાદાર રહે છે.છબી પડાવવા બાબતમાં, પગલાં બાબતમાં, પાટે રૂપિયા મૂકાવવા બાબતમાં, ઘણાં વર્ષો અગાઉ આ માણુસને માટે મ્હેં 'જૈનસમાચાર'માં ઉલ્લેખ કર્યો હતો અને તે વખતે રાજકોટના જ કેટલાક સરળ ભક્તો મ્હારી નિઃસ્વાર્થી સલાહ ઉપર ગુસ્સે થઇ ગયા હતા. આરોપીએ તે વખતે તે સઘળી બાબતોનો ઇનકાર કર્યો હતો; અને હમણાં તે પોતે તે બધી વાતોનો ખુલ્લો એકરાર કરે છે અને એમ કરવું વાજબી છે એમ પણ કહેતાં હેને મુહપત્તિની શરમ નડતી નથી. ભોળા લોકોની હવે આંખો ખુલી છે, જો કે ધર્મપ્રેમથી ચેતવનારે તો હેનો ભારે દંડ ભરવો પડયો હતો. જૈન બધુંઓ,કાં તો શાસ્ત્રને માનો અગર તો જમાનાને માનો; માત્ર અંધશ્રદ્ધાને વળગી રહેશો તો હજીએ વધારે દુઃખી થશો. શાસ્ત્રને માનવાં હોય તો વધારે નહિ તો ફક્ત દશવૈકાલિક કે આચારાંગ બેમાંનું એક સૂત્ર વાંચી જાઓ (બહુ મ્હોટું નથી; સહેલું સ્હમજાય તેવું છે; અને ગુજરાતી

ભાષાન્તર છપાયલું મળી શકે છે ).અને પછી તે શસ્ત્રોમાં ભગવાને જે સાધુધર્મ વર્ણવ્યો છે હેનો અડધો પણ ભાગ જેઓ પાળતા હોય હેને ખુશીથી માનો; પરન્તુ જેઓ જૂઠ ક્રોધ, ખટપટ, માન અને નિંદાથી ભરપૂર કૃત્યો કરતા હોય, જેનામાં એક સામાન્ય મિથ્યાત્વી જેટલી પણ સરળતા કે પ્રમાણિકતા કે નમ્રતા ન દેખાતી હોય, તેવાને તો દૂરથી નવગજના નમસ્કાર કરો.જો જમાનાને જ માનવો હોય, તો આ કે પેલા કોઈ પણ સાધુના પક્ષકાર ન બનતાં દેશની પ્રગતિનું અંગ બનો અને પુરસદે કોઇ પણ ધર્મના સાધુનો ઉપદેશ સાંભળો ( હેમાંથી સ્વીકારવા યોગ્ય લાગે તે ગુપચુપ સ્વીકારો અને છોડવા યોગ્ય લાગે તે ગુપચુપ છોડી દ્યો ). જૈન ધર્મનાં શાસ્ત્રો અને ગ્રંથો ઘેર બેઠાં વાંચી એકાંતમાં તે ઉપર મનન કરશો તો આ સાધુઓના વ્યાખ્યાન કરતાં વધારે લાભ મેળવી શકશો. જમાજી મહારાજ ! છેક જ હાથથી ગયેલા પાત્ર સાથે સુલેહ કરવાની કોશીશો છોડી હમારા આત્મધ્યાનમાં જ રહો એ હમારા અને સમાજના માટે વધારે હિતાવહ છે.મૂળ સડયું તે હવે સુધરવાનું નથી,અને જે જાય છે તે પોતાના જાતથી જાય છે.નવતત્ત્વ(nine Elements)ની ખુબી સ્હમજનારે કોઇના 'જવા' અને 'રહેવા' બાબતની ચિંતા કરવી એ જ નિર્બળતા છે. અફસોસની વાત છે કે કેટલાક ભણ્યાગણ્યા માણસો પણ માત્ર એકવાર પક્ષ પકડયો તેટલા ખાતર દાંભિકોના ટેકામાં રહે છે અને સમાજમાં કલહનો અખાત વિસ્તારતા જાય છે. જેઓ જાગતાં પથારીમાં લઘુશંકા કરે હેમને કાંઇ સલાહ આપવી વ્યર્થ છે. ભણેલાઓ, દેશના સ્થિતિ તો જરા જુઓ; આખી દુનિયાને માથે જીવવા-મરવાનો સવાલ આવી પડયો છે; હિંદ પણ કેટલું ચિંતામાં છે. હિન્દને જીવવું જ હોય તો આવા ધર્મોના ઢોંગોને એક અભરાઇ ઉપર મૂકી સમાજસુધારણા, કેળવણી અને વ્યાપારહુન્નર તરફ જ પોતાનું સઘળું લક્ષ આપવું જોઇએ છે. જોગટાઓ તો હમારી પાસે માગીને પણ પેટ ભરશે, પણ હમે શું કરશો હેનો કોઇ વિચાર કરશો ? હેમના નચાવ્યા નાચી લડાઇટંટા અને ખર્ચો કરી શા માટે દેશને વધારે નિર્બળ અને નિર્માલ્ય કરો છો ? મોક્ષ સુંદરીને વરવી છે તે તો હેમને છે; અને તે જાનનું ખર્ચ હમારે માથે છે ! અરે ભોળાઓ, શું કરવા હાથમાં દીવો લઇ કૂવામાં પડો છો ? મહારાજો ... ન થઇ ફરવામાં અને પાછળ પાછળ દર્શન માટે ભ-

ટકવામાં (અને કોઇ કોઇ વખત તો છોકરા માટે દોરાધાગા કરાવવામાં) શું કરવા નાહક ત્હમારા પૈસા, શરીર અને સમયની સાથે ત્હમારા આત્માને પણ ડૂબાવો છો? તેઓ સારા હશે તો ત્હેનો લાભ ત્હેમને છે; ખોટા હશે તો તેથી ગેરલાભ પ્રથમ ત્હમને (અને પછી-અને તે પણ બીજા ભવમાં-ત્હેમને) છે. માટે ત્હમે ત્હમારૂં સંભાળો અને સાધુઘેલા થવાને બદલે દેશઘેલા બનો. અમુક સાધુની માનતામાં કે ત્હેના માનમાં લ્હાણીપ્રભાવના કે જમણ કરવામાં, કે ત્હેના કહેવાથી કોઇ ટીપ ભરી આપવામાં ત્હમે હજારો રૂપિયા દર વર્ષે ખર્ચો છો, પણ કેળવણીના ફેલાવામાં કે 'હોમરૂલ લીગ' માં કે સમાજસુધારણામાં કોઇ દિવસ રાતી પાઇ ખર્ચો છો? અને એ ત્હમારા પાખંડી-માનભૂખ્યા-ગુરૂઓએ ત્હમને એવે રસ્તે ખર્ચવાની સલાહ પણ કોઇ દિવસ આપી છે? ઓ ભોળાઓ! તેઓ ત્હમને કોઇ દિવસ એવી સલાહ આપવાના નથી; ત્હમે મૂર્ખા રહો એમાં જ ત્હેમનું હિત છે, ત્હમે બુદ્ધિશાળી અને દેશદાઝવાળા થાઓ એમાં તો એમનું નુકશાન છે. પેશાબ ખુલ્લી જમીન પર કરવો કે પાત્રમાં કરવો એ બાબતના નિર્ણય કરવામાં ત્હમે નાહક વખત ન ગુમાવો; તે કામ નવરા ભીખમંગાને માટે 'રીઝર્વ્ડ' રહેવા દો. ત્હમારી આસપાસ બત્રીસ ક્રોડ દેશી બંધુઓમાં શું દશા* ચાલી રહી છે તે તરફ ત્હમારૂં ધ્યાન રોકતાં શિખો. જે

---

* ૩૨ ક્રોડ ભારતવાસીઓ પૈકી ૧૦ ક્રોડ તો ભૂખે મરે છે એમ શ્રીઅર્સન નામનો અંગ્રેજ ગણત્રી કરીને કહે છે. છેલ્લાં ૧૦ વર્ષમાં ભૂખથી ૯૦ લાખ અને પ્લેગથી ૧૦ લાખ હિંદીઓ મરણ પામ્યા. કેટલાક લોકોને એક જાતનો પથ્થર ભાગીને ત્હેનો લોટ ખાવો પડે છે અને થોડા વખતમાં મરવું પડે છે. આવા ભયંકર ભૂખમરા વચ્ચે 'નીતિ' પાળવી પણ મુશ્કેલ છે તો મોક્ષની ચર્ચાઓમાં સમય ગુમાવવો એ મૂર્ખતા નથી શું? ચોથો આરો આજે રહ્યો નથી, કે જે વખતે ૨૦-૨૦ હજાર માણસો એક સાથે સાધુ બની શકતા અને ત્હેમને આહાર પણ મળી રહેતો. રૂશિયા જેવા પછાતમાં પછાત દેશના લોકોની સરેરાશ આવક મહીને રૂ. ૧૪) છે, અમેરિકનની રૂ. ૫૦) છે, સ્કૉટલૅન્ડના માણસની રૂ. ૬૨॥ છે, જ્યહારે આજે ભારતના પ્રત્યેક મનુષ્યની (સરેરાસ) આમદાની મહીને રૂ. ૧-૬-૦ છે, અને ન્હાનામાં ન્હાના ગામડામાં અને હદપારની કરકસરથી રહેનાર ખેડુતને પણ મહીને રૂ. ૪-૦-૦ ખર્ચ આવે છે. આ ખાડો કેવી રીતે પુરાશે? પેટાજ્ઞાતિઓ અને ધર્મપંથોના

દેશમાં પેટને માટે સ્ત્રીઓ વેશ્યા બની રહી છે,× અનાથો મુસલ-

માંપણ છોડી ત્હમે કયા સંજોગો વચ્ચે આવી પડયા છો ત્હેનો જરા વિચાર કરો, નહિ તો ત્હમારા ઘણા લાડથી ઉછરેલા છોકરાઓને અન્નને દાંતનું પણ વૈર થશે, વંશ જ નહિ રહે તો ત્હમારી પેટા-જ્ઞાતિઓ અને ધર્મપંથો ક્યાંથી રહેવાના હતા ? રહેશે માત્ર ત્હમારા પેટ પર લાત મારીને ખાનારા રાતામાતા ' મોક્ષના ઇજારદારો ' !

× હિંદમાં ૨ ક્રોડ ૬૪ લાખ તો બાળવિધવા છે; એટલે કે ૧૫ વર્ષની **નીચેની** ઉમરની એટલી વિધવાઓ છે ! ૧૦ થી ૧૫ ની વયની ૬૫॥ લાખ 'પત્નીઓ' છે, અને ૨॥ લાખ વિધવાઓ છે ! ૫ થી ૧૦ ની વયની ૨૨॥ લાખ ' પત્ની 'ઓ છે, અને ૯૫ હજાર વિધવાઓ છે ! ૪ વર્ષની ઉમરની ૧ લાખ ૬૪ હજાર ' પત્ની 'ઓ છે, ૧૦ હજાર વિધવાઓ છે ! ૩ વર્ષની ઉમરની ૫૦ હજાર 'પત્ની'ઓ છે, અને બે હજાર વિધવાઓ છે. વધારે આંસું પાડવાં હોય તો સાંભળો હજી:–**૧ વર્ષની ઉમરની** ૩૧ હજાર પત્ની'ઓ છે અને **બે હજાર વિધવાઓ** છે. પરિણામ શું ? ફક્ત કલકત્તા શહેરમાં ૧૦ વર્ષથી નીચેની ઉમરની ૧૧૦૦ વેશ્યાઓ નજરે પડે છે ( કુલ્લે વેશ્યા કલકત્તામાં ૧૪ હજાર ! હિંદમાં કુલ ૫ લાખ સ્ત્રીઓ ખુલ્લી રીતે વેશ્યાનો ધંધો સેન્સસમાં નોંધાવે છે, શરમથી નહિ લખાવનારી વેશ્યાઓ અને ખાનગી કુકર્મો કરનારીની સંખ્યા તેથી પણ વિશેષ ! ) ' દેશદર્શન ' નામના હિંદી પુસ્તકના વિદ્વાન લખકે આખા દેશમાં ફરીને દરેક સ્થિતિના લોકોને મળીને ખરી હકીકતો બહાર પાડી છે, ત્હેમાંની ૩ વેશ્યાઓની હકીકત ગમે તેવા પથ્થરના કલેજાને પણ વીંધી નાખવાને પુરતી છે. એક સ્થળની વેશ્યા કહે છે:"હું બાળવિધવા છું.યાત્રાના બ્હાને મ્હારો ભાઇ અહીં લાવી છોડી ગયો, ફરી પત્ર પણ લખ્યો નથી અને ખબરે લીધી નથી. ભૂખે મરવાથી વેશ્યાનો ધંધો કરૂં છું. તેય પૂરૂં થતું નથી. મ્હારી ઉમર ૨૯ વર્ષની છે; મ્હારા જેવી અભાગિની અહીં બીજી ૯ સ્ત્રીઓ છે." બીજા સ્થળની લક્ષ્મી કહે છે:"હું બ્રાહ્મણી છું મ્હારી સાસુ અહીં મુકી ગઇ છે. મ્હેં પત્ર લખ્યો તો જવાબ મળ્યો કે, અહીં શું મ્હોં લઇને આવવું છે ? ત્યહાં જમનામાં જ ડુબી મર ! મા મરી ગઇ છે, બાપે પત્રનો જવાબ પણ લખ્યો નહિ." ત્રીજી કહે છે: " મ્હારા પતિ સાધુ થઇ ગયા. સસરો નજીવી રકમના પૅન્શન પર ગુજારો કરતો હતો તે મરી જતાં ગુજરાન ચલાવવું મુશ્કેલ થઇ પડ્યું. આ છોકરીને વેશ્યાના ઘેર વેચવાની તજવીજમાં છું." ભા-

માન અને ખ્રિસ્તી થવા લાગ્યા છે, એક રોટલીના ચાર ભાગ પડે છે, દૂધ પીતા બાળકનાં લગ્ન થાય છે,–જે દેશમાં રળનાર એક અને ખાનાર દશ છે અને ત્હેમાં ધંધા–નોકરીના કસ રહ્યા નથી અને આખી દુનિયા સાથે હરીફાઇ ઉત્પન્ન થઇ છે, જે દેશમાં પચાસ લાખ ભિખમંગા ધંધો કરવામાં જ પાપ માની ત્હમારા પેટ ઉપર લાત મારી મિષ્ટાન્ન પામે છે અને વળી ત્હમને અંદરોઅંદર લડાવી મારે છે, જે દેશમાં જન્મવું એ અકસ્માત, જીવવું એ અકસ્માત અને મરવુ એ પણ અકસ્માત થઇ પડયું છે,–અરે ઓ અંધા ભાઇઓ, ઓ મોક્ષના મોહથી અંધા બનાવાયલા ભોળાઓ, આ દેશ તરફ જરા તો નજર કરો, જરા તો સાધુ અપાસરા, દેરાં અને કથાગ્રંથોને છોડી આસપાસની નક્કર અને સ્થૂલ હકીકતો, બનાવો અને ચીજો તરફ નજર કરો. ત્હમને મોક્ષના વાયદા આપનારને પ્રથમ પોતે તો સ્વાર્થ, માન, ક્રોધ, પ્રપચથી મુક્તિ મેળવવા દો, પછી ત્હમે ત્હેમનું સાંભળવા નવરા થજો. ત્ય્હાં સુધી ત્હમે ત્હમારા દેશમાં–ત્હમારા સમાજમાં–ત્હમારા ઘરમાં બળી રહેલી આગ જોવા અને બનતા પ્રયત્ને ત્હેને બુઝાવવા તરફ ધ્યાન આપો. મોક્ષ કોઇનું આપ્યું અપાતું નથી;અને જ્હેને અહીં સ્વાર્થ અને માયા કપટમાંથી મુક્તિ મળી નથી ત્હેને આકાશમાં પણ મોક્ષ મળી શકવાનું નથી ત્હેની ખાત્રી રાખો. મોક્ષ ખરેખર જોઇતું હોય તો માત્ર જૈન તત્વજ્ઞાનનાં પુસ્તકો ફુરસદે એકાંતમાં થોડે થોડે વાંચો, કોઇ કોઇ વખત બંધ બારણે અને એકાગ્ર ચિત્તે સામાયિક વ્રત આદરી આત્માના ચિન્તવનમાં લાગો, અને જેમ બને તેમ દેશમાંથી અજ્ઞાનતા અને સામાજિક સડા દૂર કરવાના કામમાં ત્હમારા પૈસા અને સમય અને લાગવગનો ભોગ આપો. એથી ત્હમને અહીં તો જરૂર મુક્તિ મળશે;અને અહીંની મુક્તિ ત્ય્હાંની મુક્તિનો નમુનો છે. અહીં મુક્તિ ન મળે ત્હેને,ત્ય્હાં પણ મુક્તિ નથી જ.

---

રતવાસીઓ ! આંખો ખોલો,અને દેરાં–અપાસરા–મઠ–જોગી–જતિમાં લાગ્યા રહેવાને બદલે વધતા જતા આ ગજબ તરફ નજર કરો. ત્હમારે ઘણું કરવાનું છે, સથારા કરવા પાલવે તેમ હવે રહ્યું નથી. ત્હમારા ૧૦૦ ભાઇઓમાં પ્રાથમિક શિક્ષણ પણ ૨૮ ને જ મળે છે, ૧૦૦ બ્હેનોમાં માત્ર ૪ ને જ મળે છે અજ્ઞાનતાની કાંઇ હદ ! અને આ અજ્ઞાનીઓ પછી ફલાણો ધર્મ સાચો ને ફલાણો જૂઠો કહી 'પરીક્ષક' બને છે !...ઓ ત્રાહિ. ત્રાહિ !

# (१२) जैन पत्रो अने पत्रकारो,—एक सामान्य निरीक्षण अने मार्गसूचन.

છાપાવાળાઓએ પરગજુપણાનો અને બુદ્ધિમાનપણાનો ઇજારો મેળવ્યો હશે, એમ જ્યહારે કોઇ થોડું ભણેલો માણસ પહેલપ્રથમ છાપાં વાંચવા શરૂ કરે છે ત્યહારે ત્હેને લાગે છે. પરન્તુ ઘણાં છાપાં વાંચ્યા પછી અને જાતે છાપાનું કામ કર્યા પછી પણ મ્હને તો એક યા બીજા અર્થમાં—પહેલા વાંચનારની માન્યતા વાસ્તવિક લાગે છે—ખાસ કરીને ગુજરાતી પત્રકારોની બાબતમાં અને ત્હેમાં પણ જૈનધર્મના પત્રકારોની બાબતમાં. 'અમો' શબ્દથી શરૂ કરતા એ 'ઇજારદારો' સારામાં સારી વાતને ખોટામાં ખોટું સ્વરૂપ આપવાની અને ખોટામાં ખોટી ચીજને ઉજ્વલ સ્વરૂપ આપવાની બુદ્ધિ એટલી હદ સુધી વાપરી શકે છે કે કેટલુંક થયાં ઘણાખરા ઇજારદારોથી નવ કોષ દૂર રહેવાનો જ મ્હારે ઠરાવ કરવો પડયો છે. મ્હને ભાન છે કે, આ વાકય વાંચી કેટલાક પત્રકારો બૂમ મારવા લાગી જશે કે ત્હમે **પોતાને** ? જૈનપત્રકારોના વર્ગમાં જ સમાવો છો ને હું કયા વર્ગમાં છું અને કેવો છું તે બાબતમાં મ્હારો નિર્ણય પ્રમાણભૂત ગણાય નહિ અને એવો નિર્ણય કરવાની મ્હને **સત્તા** પણ હોઇ શકે **નહિ** તેથી આમ કે તેમ બોલવુંજ વ્યર્થ છે. હું અત્યારે **સામાન્ય સ્થિતિ**નો ખ્યાલ આપું છું.જે ગામમાં ૧૦૦ ચોર અને ૨ શાહુકાર વસતા હોય ત્હેને 'ચોરપલ્લી' જ સામાન્ય રીતે કહેવાય, જે ગામમાં ૧૦૦ મૂર્ખાઓ અને ૨–૩ વિદ્વાન રહેતા હોય ત્હેને 'મૂર્ખપુરી' જ સામાન્યતઃ કહેવાય;પણ તેથી પેલા બે શાહુકાર અને બે વિદ્વાનને આળ ચ્હડતું નથી. આજના ગુજરાતી છાપાંઓ અને ખાસ કરીને જૈન છાપાંઓએ સમાજને લાભને બદલે ગેરલાભ વધારે કર્યો છે; અને એમ થાય તે, તે છાપાં કહાડનારાઓનો મૂળ આશય જોતાં અને ત્યાર બાદ ત્હેમનો અભ્યાસ, અનુભવ, વાચન-વિસ્તાર વગેરેનો ખ્યાલ કરતાં,કાંઇ નવાઇ જેવું લાગતું નથી. હાલના છાપાંઓનો ક્રમવાર ઇતિહાસ લખાવાની જરૂર છે અને ત્હેમાં ત્હેના અધિપતિઓનો અભ્યાસ,વય,ખાનદાની અનુભવ વગેરે નોંધવા ઉપરાંત ત્હેમનાં લખાણોના 'ઉતારા' આપી ત્હેની સમીક્ષા કરવી જોઇએ છે.

આવા ઉતારા અને ત્હેની સમીક્ષામાંથી અધિપતિઓના આશયનો પત્તા મળી આવશે. એક પત્રકાર શ્રેષ્ઠ વિદ્વાન જ હોવો જોઇએ કે પ્રચંડ ભાષાશાસ્ત્રી હોવો જોઇએ એવી આશા રાખવાનો કોઇને હક્ક નથી; પરન્તુ ત્હેનામાં 'સામાન્ય બુદ્ધિ' ( Common Sense )નો પુરતો જથ્થો તો અવશ્ય હોવો જોઇએ અને એનો આશય પરમાર્થી નહિ તો નિર્મળ તો જરૂર હોવો જોઇએ, એટલી આશા રાખવાનો સમાજને હક્ક છે. પત્રકારનો કોઇ અભિપ્રાય ભૂલભરેલો પણ હોય ( અને સંભવ છે કે એનો ગમે તેવો સાચો અભિપ્રાય પણ વાંચનારની અપૂર્ણતાને લીધે વાંચનારને ભૂલભરેલો લાગતો હોય ), પરન્તુ ત્હેમાં ત્હેનો આશય શુદ્ધ હોવાનાં ચિન્હો ( બનાવટી નહિ પણ સ્વાભાવિક ) હોવાં જોઇએ. આવો શુદ્ધાશય ભૂલભરેલા અભિપ્રાયને સુધારી શકે છે, અને હરકોઇ પ્રમાણિક પત્રકારની સઘળી ફાઇલો તપાસી જનારને જણાશે કે એના અભિપ્રાયોમાં કંઇ પ્રશસ્ત ફેરફાર થતો આવ્યો હોય છે. આવો ફેરફાર ચપલતા કે અસ્થીરતાનું ચિન્હ નથી, પણ પ્રમાણિકતા અને પ્રગતિનું ચિન્હ છે.

આજે જ્યહારે કોઇ સાધુને 'આચાર્ય'પદની કે 'વિદ્વાન' પદની કે એવા કોઇ બીજા પદની કે લોકપ્રિયતાની ખુજલી આવે છે ત્યહારે પહેલામાં પહેલો ઇલાજ તે એ કરેછે કે અમુક જૈન પત્રકારને પોતાના કોઈ શ્રીમંત ભક્ત મારફત સારી સરખી 'મદદ' કરાવી ત્હેને પોતાનું વાજીંત્ર બનાવી લેછે. કાઠિયાવાડમાં એક એવું સાપ્તાહિક પત્ર નીકળ્યું હતું કે જેના ૧૨ પૃષ્ટના અંકના પહેલા પૃષ્ટથી દસમા પૃષ્ટ સુધીની જગા એક 'સર્વોપમાલાયક' સાધુની તારીફમાં જ ભરવામાં આવતા ! એ પત્ર પહેલા જ અંકના મથાળે "એશીયા—યુરોપ—આફ્રિકા વગેરે સઘળા દેશોમાં બહોળો ફેલાવો પામેલું" એવા શબ્દો લખતાં શિખ્યું હતું ! અને એક અંકમાં પેપરને અંગે જોઇતા પ્રેસને નિમિત્તે, બીજા અંકમાં 'અમુક મહારાજનાં વ્યાખ્યાનો પુસ્તકાકારે બાળજીવોના ઉપકાર માટે છપાવવાનાં છે' તે નિમિત્તે અને ત્રીજા અંકમાં લવાજમ તરીકે, નાણાંની અપીલ કરી જે થોડુંઘણું મળ્યું તેથી સંતોષ વાળી ચોથે અંકે રામશરણ થયું હતું ! એક રેલવિહારી સાધુ તરફથી એક પત્રને અવારનવાર 'મદદ' મળતી જ રહે છે, કે જે મદદના બદલામાં તે વફાદાર પત્રે એ મહાત્માના સ્વહસ્તે લખાઇ આવતા ત્હેમના રિપૉર્ટો ( જેવા કે હું ફલાણા ગામમાં ગયો, ત્યહાં મ્હારૂં સામૈયું કર-

વામાં આવ્યું, ફલાણા શેઠે મ્હને જૈન કોમનો સર્વોત્તમ મહાત્મા કહ્યો, ફલાણાએ મ્હારી પૂજા કરી, મ્હારા વરઘોડાનો ઠાઠ આવો હતો, વગેરે, વગેરે ) અક્ષરસઃ છાપવાની જગા ફાજલ પાડવી જ પડે છે ! કોઇ ઠેકાણે કૉન્ફરન્સ કે બીજો કોઇ મેળાવડો થવાની વાત બહાર આવી કે લાગલાજ કેટલાક અધિપતિઓ અને રિપૉર્ટરો પ્રમુખ અને સ્વાગત કમિટીના પ્રમુખ પાસે જઇ મ્હોં વિકાસી ઉભા જ હોય છે ! આમાં વળી 'દલાલો' પણ હોય છે ! એક માલદાર પ્રમુખના ઘેર મ્હેં એકેક દિવસને અંતરે ચાર શ્વાન નજરે જોયા હતા અને મ્હને એ બેપગા અને કલમ પકડી શકતા શ્વાનોના રોટલી મેળવવાના રસ્તાનું બ્યાન આપવામાં આવ્યું હતું, જે સાંભળી હું ઘડીભરને માટે સ્તબ્ધ જ થઇ ગયો હતો, જો કે મ્હને હકીકત કહી સંભળાવનાર શ્રીમંત ગૃહસ્થને તો આ 'વિદ્વાન કુતરાઓ'ના 'ગેલ' અને 'દાંતીઆં' જોઇને માત્ર 'રમુજ' જ થતી હતી. આ ચારમાંના ત્રણે, કૉન્ફરન્સના પહેલાના અંકમાં પ્રમુખનાં મ્હોંફાટ વખાણ કર્યાં હતાં, પણ પાછળથી મને મળેલા ટુકડા પેટપૂર નહિ લાગવાથી ત્હેમાંના એકે બીજા જ અંકમાં દાંતીઆં કર્યાં હતાં અને બીજાઓ કરડવાનો લાગ મળતા સુધી ચુપ રહી ગયા હતા !

બીજો પ્રકાર જોઇએ. ટુકડા ખાવા–લેવાનો જ્યહાં સવાલ નથી હોતો તેવાં પેપરો પૈકી પણ કેટલાકોનો નિયમ જ હોય છે કે અમુક પત્રકાર જે અભિપ્રાય જણાવે તેથી વિરૂદ્ધનો જ અભિપ્રાય પોતે જણાવવો, પછી તે ગમે તે મહાન સત્યના ખુનથી કાં ન થતું હોય ત્હેની ચિંતા નહિ.

કેટલાકો, કોઇ જાતના આર્થિક લાભની દરકાર વગરના હોવા છતાં, અમુક ગૃહસ્થો કે અમુક સાધુઓ સાથેના પોતાના સમ્બન્ધ કે પ્રેમને લીધે તેઓના હરેક કાજનો બચાવ કે તારીફ જ કરવાની 'પૉલીસી' રાખી બેઠા હોય છે.

**લગભગ** તમામ—ઘણો મ્હોટો ભાગ--કોઇ બનાવ કે વિષય કે પુરૂષના સંબંધમાં પુરતી માહેતી મેળવવાની દરકાર વગરના (indifferent) હોય છે; ઘણાકોને તો સમાજશાસ્ત્ર, કાનૂન, તર્કશાસ્ત્ર અને ધર્મશાસ્ત્ર (કે જે ચાર બાબતનું સામાન્ય જ્ઞાન દરેક પત્રકારને માટે અનિવાર્ય છે) ની ગંધ પણ હોતી નથી, એટલે સુધી કે એવા વિષયનું પુસ્તક **સ્હમજવા** જેટલી પણ ત્હેમનામાં લાયકાત હોતી નથી.

એક માસિકપત્રમાં કે સાપ્તાહિક પત્રમાં કેવા વિષયો મૂકી શકાય અને કેવા નહિ, કયા વિષયને માટે કેટલી જગા ફાજલ પાડવી વાજબી ગણાય, ચર્ચાપત્ર કે મળેલા લેખમાં કેટલી હદનો વિશ્વાસ મૂકી શકાય, અમુક સંજોગોમાં કયા વિષયો છાપવા જેવા અને કયા દાબી રાખવા જેવા ગણાય, સારા પણ લાંબા વિષયને છાપાના કદના પ્રમાણમાં કેમ ટુંકાવી શકાય કે જેથી હેનો આશય, દલીલો અને જુસ્સો એમાંનું કાંઇ મરી જવા પામે નહિ, માસિકનો કેટલો ભાગ સાહિત્ય અગત્ય ધરાવતા વિષયોને, કેટલો ભાગ અમુક સમાજને લગતા વિષયોને, કેટલો ગૃહસંસારને લગતી ચર્ચાને, કેટલો તત્ત્વજ્ઞાનની ચર્ચાને અને કેટલો સમાચારને આપવો ઉચિત ગણાય, સમાચાર પૈકીના સાર્વજનિક અગત્યના, કોમી અગત્યના અને સ્થાનિક અગત્યના સમાચારોને કેટલો ઇનસાફ મળવો જોઇએ, નકારવાચક શૈલિમાં ક્યારે અને હકારવાચક ( affirmative ) શૈલિમાં ક્યારે લખવું જોઇએ, શાન્ત દલીલની શૈલિમાં ક્યારે અને ઉગ્ર અસર કરનારી 'અપીલ' તરીકે ક્યારે લખવું જોઇએ, ચાલુ બનાવોના ખબર આપવા હોય તેવે વખતે તે બનાવોના વર્ણન સાથે કોઇ કીમતી સમાજશાસ્ત્રને લગતા કે અધ્યાત્મશાસ્ત્રને લગતા સત્યનું મિશ્રણ કેવી રીતે કરી શકાય કે જેથી ગંભીર ગ્રંથો વાંચવાની રૂચિ અને શક્તિ વગરના માણસો સમાચાર જેવી તાત્કાલિક અગત્યવાળી બાબત વાંચતાં એ દ્વારા ગહન વિષયનું જ્ઞાન પામી શકે, કોઇ પણ જાહેર બનાવમાં ખુદ અધિપતિનો કાંઇ હાથ હોય અને એ બનાવની ચર્ચા કરતાં હેમાંના પોતાના હિસ્સા બાબત લખવાની જરૂર જેવું જ હોય તો તે કેવા સ્વરૂપમાં લખવું જોઇએ કે જેથી બુદ્ધિમાનોને આત્મશ્લાઘાનો રણકારો લાગે નહિ તેમજ હદપારનો વિનય કરવા જતાં સત્ય હકીકત છુપાવા પામે નહિ,-આવા આવા હજાર 'વિવેક' કરવાના છે અને તે વગર કોઇ પત્રકાર પ્રામાણિક ઠરી શકે નહિ, સમાજને હિતકર થઇ શકે નહિ. દીલગીરી સાથે કહેવું પડશે કે ગુજરાતી પત્રકારોમાંના—અને ખાસ કરીને જૈન પત્રકારોમાંના-૭૫ ટકાને આ પ્રશ્નો જીંદગીમાં ઉદ્ભવતા જ નથી.

અંકમાં શું છપાઇ જાય છે હેની બેદરકારી—કાંઇપણ ખોટો આશય ન હોવા છતાં—કેટલો ગજબ કરી બેસે છે હેનો એક દાખલો વિચારીએ. એક શ્વેતામ્બર પત્રકારે એક અંકમાં કોઇના

ચર્ચાપત્ર ઉપરથી છાપ્યું કે,ત્રણે જૈન ફીરકાના વિદ્યાર્થીઓ જ્યહાં સાથે રાખવામાંઆવે છે તેવી "સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહ" નામની સંસ્થાના ધાર્મિક શિક્ષક મૂર્ત્તિપૂજા વિરૂદ્ધ ઉપદેશ કરે છે. આ પત્રકારને ઉક્ત સંસ્થાપ્રત્યે કે ત્હેના સ્થાપક પ્રત્યે કાંઈ ઈર્ષા નહોતી એ તો એમણે ઉક્ત સંસ્થાની 'ઓપનીંગ સેરીમની' પ્રસંગે લખેલી 'નોંધ'-માં સંસ્થાની, સંસ્થાના સ્થાપકની અને બંધારણની કરેલી પ્રશંસા જ પુરવાર કરે છે. પરન્તુ જો સમ્પાદક અંકમાં છપાતું દરેક લખાણ પોતે નજર તળે કહાડવાની દરકાર રાખતા હોત તો, અગર જાહેર છાપાં વાંચવાની ત્હેમને ટેવ હોત તો, 'ઓપનીંગ સેરીમની'ના મેળાવડા વચ્ચે સ્થાપકે મુંબાઇ ખાતેની સંસ્થાના ધાર્મિક શિક્ષક તરીકે કામ કરવા એક **વિદ્વાન દિગમ્બર** મહાશય દેવચંદ જેટલે દૂરથી અને વગર પગારે આવી પહોંચ્યા છે અને અમદાવાદ ખાતેની સંસ્થામાં એક શ્વેતામ્બર **મૂર્ત્તિપૂજક** ગ્રેજ્યુએટ ઑનરરી ધાર્મિક શિક્ષક થયા છે એ બાબત જે ખુશાલી બતાવી હતી, તે ઉપરથી તેઓ સ્હમજી શકયા હોત કે જે સંસ્થામાં બન્ને **ધાર્મિક શિક્ષકો પોતે જ મૂર્ત્તિપૂજક જૈન છે** તે સંસ્થા સ્હામે મૂર્ત્તિપૂજા વિરૂદ્ધના શિક્ષણની ફર્યાદ મોકલનાર પર વિશ્વાસ કેવી રીતે રાખવો ? વળી આ સંસ્થાના સ્થાપકના ઉદાર ( liberal ) વિચારો સેંકડો લેખો અને ભાષણો દ્વારા તે પત્રકારને તે વખત આગમચ વિદિત થયેલા હોવા જ જોઇએ, અને તે ઉપરથી પણ પ્રથમ દૃષ્ટિએ 'સામાન્ય અક્કલ' ન માની શકે એવા સમાચારમાં શંકા લઇ જવી જોઇતી હતી, અને શંકાનું નિરાકરણ બે પૈસાના જ ખર્ચથી થતું હોવાથી (અને એવું નિરાકરણ એક જાહેર સેવાના કામને અંગે કરવાનું હોવાનો સવાલ હોવાથી એટલું ખર્ચ કરવું તે કોમી સેવાના આશયનો દાવો કરનાર પત્રકારને માટે આવશ્યક હતું ) લોકો તે સંસ્થા પ્રત્યે વહેમાઇ જાય એવું કાંઇ લખાણ પ્રગટ કર્યા પહેલાં નિરાકરણ કરવાની ત્હેની પ્રમાણિક અને અનિવાર્ય ફરજ હતી. આ પત્રકારને માટે વધારે દીલગીર થવા જેવું તો એ હતું કે, રા. મણિલાલ નથુભાઇ દોશી બી. એ. જેવા શ્વેતામ્બર મૂર્ત્તિપૂજક કોમમાં ઘણાં વર્ષોથી નિર્મળ દીલના લેખક તરીકે પ્રસિદ્ધ થયેલા વિદ્વાને જ્યહારે ખુલાસો લખી મોકલ્યો ત્યહારે, જો કે બી. એ. ની ડીગ્રીના માન ખાતર કે લેખકની પ્રસિદ્ધિના ડરને લીધે કે સંસ્થાનો સ્થાપક

એક માથાનો ફરેલો આગીઓ પત્રકાર છે એ ભયથી—ગમે તે કારણથી—હેણે તે ખુલાસો છાપ્યો તો ખરો પરન્તુ રા. દોશીનુ અડપલું કરી લીધા વગર તો નહિ જ! પત્રકારના પવિત્ર ધંધાનો આ કેવો દુરૂપયોગ!

એક બીજું દૃષ્ટાંત લઇએ. એક કાઠિયાવાડી જૈન ગ્રેજ્યુએટ, કે જે કેટલાંક વર્ષોથી ખુલ્લી રીતે બ્રહ્મોસમાજમાં ભળી આખું જીવન તે પંથના સિદ્ધાન્તો ફેલાવવાના કામમાં અર્પી ચૂકયા હતા, અને જહેમણે હમણાં ખ્રિસ્તિ ધર્મ ખુલ્લી રીતે સ્વીકાર્યો છે, હેમની બાબતમાં કેટલાંક જૈન પત્રોએ પુષ્કળ લવારો કરી મૂકયો છે. હવે આપણે કબુલ કરીશું કે, આ પત્રકારોને આ યુવાન પ્રત્યે કાંઇ **અંગત દ્વેષ નથી,** તેમજ હેની તરફથી તેઓ કાંઇ સ્વાર્થી આશા પણ રાખતા નહોતા. પણ **તેથી** કાંઇ હેમણે લીધેલું વળણ નિર્દોષ ગણી શકાય નહિ. પ્રથમ તો ઉમર લાયક અને પોતાનું હિતાહિત સ્હમજતી તમામ વ્યક્તિને પોતાની પસંદગી કરવાનો દરેક હકક છે તે વાત તેઓએ ભૂલવી જોઇતી નહોતી. જો આ વ્યક્તિગત હકકનું હેમને ભાન હોત તો, જૈનસમાજને એક માણસની પડેલી ખોટ માટે પોતાને ખેદ થવા છતાં, તેઓ વધારેમાં વધારે એટલું જ લખી શકત કે "ફલાણા વિદ્વાન ગૃહસ્થે ખ્રિસ્તિ ધર્મ સ્વીકાર્યો છે એવા ખબર અમે દુઃખની લાગણી સાથે વાંચ્યા છે. એમના જેવા એક ગ્રૅજ્યુએટે એક ધર્મના કરતાં બીજાને પસંદગી આપવા પહેલાં કમમાં કમ ફલાણાં જૈન તત્ત્વજ્ઞાનને લગતાં પુસ્તકોનો અભ્યાસ કરવાની દરકાર કરી હોત તો સંભવ છે કે પસંદગી જૂદી જ થાત. અમો માનીએ છીએ કે હેમને ખ્રિસ્તિ ધર્મ તરફ આકર્ષણ થવાનું નિમિત્ત કોઇ એ પંથના સમર્થ લેખક કે ઉપદેશક હશે; પરન્તુ એકાદ પુસ્તક કે એકાદ ઉપદેશકથી અંજાઇ જઇ હમેશનો નિર્ણય બાંધી લેવા પહેલાં એમણે થોડો વખત જવા દઈ એ પુસ્તક કે એ ઉપદેશકના પોતાને પસંદ પડેલા અમુક વિચારની બાબતમાં જૈન ધર્મ અને બીજા ધર્મોની ફીલસુફી શું કહે છે તે જાણવાની કાળજી કરી હોત તો, કાં તો તેઓ ખ્રિસ્તિ થવાનુ પસંદ કરત નહિ અગર તો બેવડી શ્રદ્ધાથી ખ્રિસ્તિ થાત—એમ બન્ને રીતે હેમને લાભ જ થાત. હજી પણ એ માર્ગ એમને માટે બંધ થઇ ગયો નથી. જેમ એક માણસ જૈન ધર્મમાંથી સ્વતંત્ર બુદ્ધિના આદેશથી

ખ્રિસ્તિ ધર્મમાં જઇ શકે છે, તેમ ત્હેના કરતાં વધારે સંતોષ આપતા સિદ્ધાન્તનું ભાન થયેથી તે ધર્મમાં પાછો જવાની સ્વતંત્રતા પણ ત્હેને છે જ." આવી કોઇ ગૌરવવાળી રીતે એ સમાચારની નોંધ લેવાઈ શકતે પરન્તુ મૂળ મુદ્દો કે જે મ્હેં ઇરાદાપૂર્વક છેલ્લો રાખ્યો છે તે તો એ છે કે, આ યુવાન ઘણાં વર્ષોથી અને ખુલ્લી રીતે બ્રહ્મોસમાજી થયા હતા અને તે પંથના મિશનરી તરીકે ગામોગામ ઉપદેશ કરતા હતા. હવે એક બ્રહ્મોસમાજી, ખ્રિસ્તી થાય તે બાબતમાં ત્હેને-માત્ર તે જૈન કૂળમાં જન્મ પામ્યા હતા તેટલા જ કારણથી-ધિક્કારવા લાગી જવું એ કોઇ જાતનો ન્યાય નથી.

એક ત્રીજું દૃષ્ટાંતઃ-એક તદ્દન અજ્ઞાન બાળક કે જેને પંદર રૂપિયાની માસિક નોકરી ઘણાં ફાંફાં મારવા છતાં મળતી નહતી ત્હેણે મ્હારા તરફના પૂજ્યભાવને લીધે મ્હને પત્ર લખી સલાહ પૂછાવી, એવું જણાવીને કે તે સમાજસેવાના જ આશયથી એક માસિકપત્ર કહાડવા ઇચ્છતો હતો. સખ્ત બીમારીના બીછાનામાંથી મ્હેં ત્હેને એક ઘણો લાંબો પત્ર લખી સલાહ આપી કે એ કામને લાયક તે નહતો; એ અભિપ્રાયનાં કારણો લખ્યાં; અને અભ્યાસ વધારવાની સલાહ લખી. સલાહ માગવાથી જે સલાહ ભયંકર બીમારીના બીછાનાપરથી લખવામાં આવી તે 'ગુન્હા' ના દંડ તરીકે તેણે મ્હારા ઉપર અસંખ્ય પ્રહારો કરતો પત્ર લખ્યો અને કેટલાક મહીનાઓ બાદ માસિકપત્ર શરૂ કર્યું, તે સાથે જ ગમે તે બ્હાને એકાદ ગાળ મ્હને ચોપડી લેવાનો પ્રસંગ તે અવશ્ય લેવા લાગ્યો! ત્હેની સાથે સવાલ જવાબ કે ચર્ચામાં ઉતરવાનું, સમાજમાંના મ્હારા દરજ્જાને તથા મ્હારા સિદ્ધાન્તને પાલવતું ન હોવાથી, મ્હેં જવાબ વાળ્યો નહિ. થોડા વખત ઉપર ત્હેણે મ્હને એક પોષ્ટકાર્ડ લખ્યું કે "મુંબઇની 'સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહ' ની મુલાકાત લેતાં કેટલાક પ્રતિષ્ઠિત ગૃહસ્થો જેમાંના કેટલાક જૈન કોમમાં ઘણી સારી રીતે પ્રસિદ્ધ છે તેઓએ મારા માસિકની ઓફીસ ઉપર એવો એક પત્ર લખ્યો છે કે એ સંસ્થામાં રહેતાં લગભગ બધા વિદ્યાર્થીઓ એ સંસ્થાના સ્થાપકના વર્તનની આખો દિવસ નિંદા અને સખત ટીકાઓ જ કર્યા કરે છે; ઘણી વખતે એમ પણ બને છે કે આવી બાબત જે હેતુથી કાર્યકર્તા હોય છે; તેમાં ઘણી વખતે અનર્થ કરે છે; અને કાર્ય કરનારના આ લક્ષમાં પણ હોતી નથી; અને કેટલાક

'ખોટું લાગી જશે' હોળીનું નાળીએર કોણ બને? એવા વિચારોથી આવી વાત જાણવામાં આવી શકતી નથી. મળેલા આ પત્ર પરથી ટુંકા સમાચારોમાં આ બાબત હું મુકવાનો છું. તેનો હેતુ શુદ્ધ છે. એ અગાઉથી સુચવવું **અમને** વાજબી લાગે છે. કારણ કે કદાચ આ પત્રથી પ્રેજ્યુડીસ બંધાવવાનો સમય મળી ના શકે."

આ પત્રની ભાષાપર ટીકા કરવાનું મ્હારે માટે ઉચિત નથી. હું એને જાહેર પત્ર (છાપા) દ્વારા તો શું પણ ખાનગી પત્ર (પોષ્ટ) દ્વારા પણ કાંઇ જવાબ ન આપતે, પરન્તુ હમણાં તે માસિકનો ધંધો કરે છે અને એક માસિક—પછી તે સારૂં હો વા ખોટુ—જૈન સમાજમાં અમુક વિચારો ફેલાવ્યા સિવાય રહી શકતું નથી, તેથી જો એ માસિકકારની આવી ભયંકર પ્રકૃતિ સુધારવાની કોશીશ ન કરવામાં આવે તો ઘણાઓને અને ઘણે પ્રસંગે નુકસાનકારક નીવડશે, એ ખ્યાલથી ત્હેને એક લાંબો જવાબ લખ્યો, જે એક ન્હાના-સરખા 'નિબંધ' તુલ્ય હતો, જેમાં કેવી બાબતો પર પત્રકારને લખવાનો હક્ક હોઇ શકે અને કેવી પર નહિ ત્હેનો ઇશારો કર્યો હતો, મ્હારા વિદ્યાર્થીઓ **મ્હારી** નિંદા કર્યા કરે તે સાથે **જાહેરને** કાંઇ લાગતુંવળગતું નથી એમ સૂચવ્યું હતું, મ્હારા વિદ્યાર્થીઓના સહવાસમાં હું લગભગ દરરોજ આવતો હોવાથી તેઓ મ્હારા પ્રત્યે કઇ દૃષ્ટિથી જુએ છે એ બાબતનો ખરો ખ્યાલ બાંધવાની જેટલી યોગ્યતા મ્હારામાં હોય તેટલી બીજાઓમાં હોઇ શકે નહિ એમ બતાવ્યું હતું, મ્હારી કયા વિચારની કે કયા વર્ત્તનની નિંદા કરે છે તે જાણવા પહેલાં આવી વાત છાપવાનો નિશ્ચય કરી દેવો અને તે છાપવા પહેલાં ચર્ચાપત્રી પાસેથી વિગત મંગાવવાને બદલે તથા તે 'વિગતો' મ્હને જણાવી મ્હારો ખુલાસો મેળવવાને બદલે '**અમે** ત્હમારી વિરૂદ્ધની ફર્યાદ છાપવાની ફરજ બજાવવાના છીએ' એવી ધમકી લખી મોકલવી એ સર્વ કેટલું બાળબુદ્ધિભર્યું અને મલીન આશયના તત્ત્વવાળું ગણાઇ શકે તે પણ મ્હેં સ્હમજાવ્યું હતું. લખી મોકલનાર માણસો આબરૂદાર ખરેખર છે કે કેમ, આબરૂદાર માણસોની ફર્યાદમાં પણ કેટલા કેટલા આશયો હોઇ શકે છે, આ ફર્યાદીનો આશય મલીન ન હોય તો તે અને હું બન્ને મુંબઇમાં હોવા છતાં મ્હને પોતાને કે કમીટીના કોઈ સભ્યને જણાવવાને બદલે પેપરમાં—અને તે પણ કોઇ દરેલ પત્ર ન મળ્યું તે એક બાળકના

પત્રમાં–દોડી જવાનું કયું ખાસ કારણ હેની પાસે છેઃ ઇત્યાદિ પ્રશ્નો વિચારવાની એક પત્રકારની ફરજ તરફ ધ્યાન ખેંચ્યું હતું. આ પત્ર પહોંચતાં હેણે મ્હારાપર મરજીમાં આવે એવા કટાક્ષોથી ભરપુર પોષ્ટકાર્ડ લખ્યું, અને ત્યાર પછી ત્રણ મહીને અંકમાં હેના પ્હેલા પત્રમાં જણાવેલો આરોપ છાપ્યો અને ઉપરથી "ફુગી આવેલા પેટના ખોટા ઉભરા કહાડવાનો ધિક્કારવા જોગ ધંધો લઇ બેઠેલા" વગેરે કટાક્ષ ઉમેર્યા. એના એ લેખનો ઉત્તર આપવા હું મુદ્દલ ખુશી નથી, અને એ માટે કાંઇ મ્હેં આ પ્રકરણ લીધું નથી. જૈન પત્રકારો સામાન્યતઃ કેવા આશયવાળા અને કેવા અક્કલવાળા હોય છે હેનાં દૃષ્ટાન્તો પૂરા પાડવા પુરતું જ અત્રે કામ છે. એમાં નોંધવા જેવા ખાસ 'મુદ્દા' એ છે કે, ખુલાસો પૂછવાની પત્રકારને દરકાર નથી અને તે સાથે ધમકીનો પત્ર લખવા તે ચૂકતો નથી; ધમકીના પત્રના જવાબમાં પણ એને એક પત્રકાર માની–કોઇ પણ ચર્ચાપત્રોને અંગે વિચારવા જોઇતા એકસોને એક મુદ્દા તરફ હેનું ધ્યાન ખેંચતો જવાબ હેને આપવામાં આવેલો હોવા છતાં અને એ જવાબમાં હેના ચર્ચાપત્ર-માંની હકીકત સ્વાભાવિક રીતે જ અને સમ્પૂર્ણતઃ જૂઠ્ઠી હોવાનો ઇશારો થઇ ગયેલો હોવા છતાં પગકાર તેવી હડહડતી જૂઠ્ઠી ખબર ત્રણ મહીના પછી પણ છાપે છે, અને જર્નાલીઝમના હુન્નર સંબંધી આપેલી "ખાનગી" સૂચનાઓના દંડ તરીકે ખુલ્લા પોષ્ટકાર્ડથી અને માસિકના અંકદ્વારા અપમાન કરી લે છે! આ એક એવું દૃષ્ટાંત છે, કે જેમાં ઘણાં તત્ત્વો એક સાથે રહેલાં જોવામાં આવે છેઃ આશયની મલિનતા, અંગત વૈરની વસુલાત જાહેર ખાતા પાસેથી કરવાની તુચ્છતા, ખોટા મુદ્દા ઉઠાવવાની નફ્ફટતા, ખરી હકીકત સત્તાવાર મળવા છતાં એમાંના એક અક્ષરને પણ જાહેરમાં ન લાવતાં બનાવટી કે ઇર્ષાજનક ચર્ચાપત્રને પ્રગટ કરવાની અપ્રમાણિકતા અને હઠ, અને વિવિધ નય અથવા દૃષ્ટિબિંદુઓ સ્હમજવાની અશક્તિ, ઇત્યાદિ, ઇત્યાદિ.

આ એક એવો દાખલો છે કે જેમાં માત્ર 'જર્નાલીસ્ટીક ડીસીપ્લીન'-ના તત્ત્વની જ ખામી નથી, પણ મનુષ્ય તરીકેના ગુણ અને વિનય—વિવેકની પણ સમ્પૂર્ણ ખામી પુરવાર થાય છે. એ તો ઠીક છે કે, એ વર્ત્તન મ્હારા પ્રત્યે હતું કે જેની ઇજ્જતનું બંધારણ વર્ષોના લોહીનાં ટીપાંથી બંધાયલું હતું અને તેથી કોઇના અડપલા માત્રથી

તે તૂટી જવાનો ભય નહતો, તેમજ જે ધારે તો અટકચાળા વાંદરાઓના હાડકાં ને પાંસળાં પણ છૂટાં થાય તેવો ઉત્તર આપવાની શક્તિ અને સગવડ ધરાવતો એક લેખક હતો; તેમજ જે આરોપ મૂકવામાં આવ્યો હતો તે એવો હતો કે તેથી બુદ્ધિમાનો તો ઉલટા એવો વિચાર કરે કે વિદ્યાર્થીઓ નિંદા કરે છે તે છતાં સંસ્થાનો સ્થાપક તો હેમને માટે આટલો મરી પડે છે, એ તો એને માટે ઉલટું વધારે માન ઉપજાવનારી બીના છે: આ બધાં કારણોને લઇને મ્હને એવા પત્રકારોની દરકાર કરવા જેવું રહેતું નથી; પરન્તુ **બીજાઓની** શી વલે ? જેઓ જવાબ આપવાની ફુરસદ કે શક્તિ કે સાધન ધરાવતા ન હોય એવા શ્રીમંતોને પરમાર્થબુદ્ધિથી સંસ્થાઓ સ્થાપવા છતાં આવી હડહડતી જૂઠ્ઠી નિંદાઓ થતી જોઇને સંસ્થા બંધ કરવાનો કે હેમાં રસ લેવાનું બંધ કરવાનો કે હવે પછી બીજું કાંઇ પરમાર્થનું કામ ન લેવાનો જ વિચાર થાય કે બીજું કાંઇ ? પરન્તુ પરમાર્થના કામમાં ગમે તેટલું નુકસાન થાઓ હેની આવા અશુભ આશયથી જ પત્ર કહાડી બેસનારાઓને શી ચિંતા હોય ? આવા સંજોગોમાં, **સમાજને** પત્રકારના ધંધાના **હક્કો, ફરજો, નીતિઓ અને મર્યાદાઓનું ભાન** કરાવવું એ એકનો એક જ રસ્તો ખુલ્લો દેખાય છે, કે જેવા તેવાં પત્રો વાંચવાં અને વંચાતાં પત્રોમાંથી પણ કેવી બાબતો પર વિશ્વાસ મૂકવો એ બાબતનો નિર્ણય કરતાં લોકો પોતે જ શિખે અને કોઇ વિષય, મનુષ્ય કે બનાવ ઉપર તરફેણનો કે વિરૂદ્ધનો મત કોઇ પત્રકાર કે ચર્ચાપત્રીથી દોરવાઇને ન બાંધતાં **સ્વતંત્ર રીતે** વિચાર બાંધતાં શિખે.

એક પત્રકાર "અધિપતિની નોંધ" એવા મથાળા તળે સાધુઓના વિહાર વગેરે **સમાચાર**ના ફકરા છાપે છે! એક બીજો વળી મુખ્ય લેખ અથવા 'લીડર' તરીકે ધર્મનું વ્યાખ્યાન (Sermon) છાપે છે! સમાચાર, શાસ્ત્રોપદેશ, અધિપતિની નોંધ અને લીડર વચ્ચેના તફાવતને નહિ સ્હમજનારાં બાળકો પત્રકાર બની 'અમે' શબ્દથી જ્યહારે જૈન કોમને લાંબોચોડો ઉપદેશ આપવા લાગી જાય છે ત્યહારે મ્હારી નજર આગળ કેટલીક હિંદી જ્ઞાતિઓમાં વારંવાર બનતો એક સામાન્ય દૃશ્ય તરી આવે છે; તે એ કે, બાળલગ્નની પ્રથાવાળી કેટલીક જ્ઞાતિઓમાં ૮ વર્ષનો વર અને ૧૫ વર્ષની કન્યા પણ લગ્નગાંઠથી જોડાય છે અને પછી પેલો નાગો નાચનો વર ગંભીર બનેલી પંદર વર્ષની પત્નીને લાકડીથી મારવા લાગી પડે છે, અને સ્ત્રી પતિની છોકરમત માટે મનમાં શરમાઇ

મરતી મ્હોં છૂપાવી રડયાં કરે છે. અમુક વયની જૈન સમાજ રૂપ સ્ત્રીને આવા બાળક પત્રકાર રૂપી પતિઓથી પાનાં પડયાં છે !

આ જમાના માટે એમ કહેવાય છે કે "વાડ ચીભડાં ગળે છે." જ્યહારે ઘણાખરા નરેશો પ્રજાને લૂટતા હોય, સાધુઓ ભકતોને ડૂબાવતા હોય, તબીબો ફીના બદલામાં દરદીને વધારે લાંબો વખત દરદમાં સપડાયલો રાખવાની કાળજીવાળા હોય, ત્યહારે પત્રકારો જેની પાસેથી લવાજમ લે છે ત્હેને અને ત્હેના સમાજને ડૂબાવે નહિ તો બીજું શું કરે ? ખરેખર જમાનો એવો બારીક આવ્યો છે કે જે માણસ પોતાનું હિત પોતે વિચારવાની શક્તિ અને ફુરસદ નહિ મેળવે તે એક અથવા બીજા 'પરગજુ સલાહકાર'ના હાથે ફસાઈ જ મરવાનો.

જૈન પત્રકારો ચોરી કેવી અને કેટલી હદની કરે છે તે પણ જોવા જેવું છે. કોઇ બનાવ કે વિષય ઉપર અમુક જાણીતો પત્રકાર કે ગ્રંથકાર કે નાયક શું કહે છે તે પોતાના વાચકો સમક્ષ પોતાના મતની પુષ્ટિ ખાતર રજુ કરવાના આશયથી ત્હેના વિચારોનો અમુક ભાગ **ત્હેના ખુલ્લા નામ** સાથે પોતાના લેખ કે પોતાની 'નોંધ'માં ટાંકી બતાવવો એ કાંઇ 'ચોરી' કહેવાય નહિ. પણ બીજા પત્રકારનો આખો લેખ કે આખી 'નોંધ' અથવા કોઇ પ્રસિદ્ધ લેખકના પુસ્તકમાંથી આખેઆખો એક વિષય કે પ્રકરણ પોતાના પત્રમાં એક ખાસ લેખ તરીકે પ્રગટ કરવામાં આવે એ તો 'ચોરી' જ કહેવાય. આવી ચોરી ઉપર જ જીવતાં પત્રો ચોરીમાં કેવી જાતની ચાલાકીઓ ચલાવે છે તે પણ જોવા જેવું હોય છે. એક માસિક કે જેનું લવાજમ વર્ષે રૂ. ૧॥ છે ત્હેનો બે માસનો ભેગો અંક હમણાં મ્હારી સ્હામે પડયો છે. કુલ ૫૬ પૃષ્ટમાંથી જાહેર ખબરોનાં ૮ પૃષ્ટ બાદ જતાં બાકી રહેતાં ૪૮ પૃષ્ટોમાં **બે લેખ** તો મ્હારા જ છે ! એના વાંચનાર કદાચ એમ ધારતા હશે કે આવા આવા લેખકો પણ આ માસિકમાં લેખો લખી મોકલે છે ત્હારે તેઓને આ માસિક એક ઉપયોગી પત્ર લાગ્યું હશે ખરૂં ! મહાત્મા ગાંધી, ઓન૦ રા. બ. રમણભાઇ નીલકંઠ, રા. ન્હાનાલાલ કવિ જેવાનાં નામ લેખની નીચે છપાયલાં જોઇ લોકો એમ ધારે એમાં નવાઇ નથી; પરન્તુ ખરી વાત એ છે કે, આ પ્રસિદ્ધ પુરૂષોએ આ અમુક માસિકમાં કોઈ દિવસ લેખ મોકલ્યા જ નથી ! ત્હેનો અધિપતિ

તે તે પ્રસિદ્ધ પુરૂષોનાં પુસ્તકોમાંથી ચોરી કરીને લેખ છાપે છે અને આવા પ્રસિદ્ધ પુરૂષો પણ આ માસિક માટે લેખો લખવામાં માન સ્હમજે છે એવું બતાવવા માટે ત્હેમનાં નામ લેખ નીચે મૂકવામાં આવ્યાં હોય છે. મ્હારા જે બે લેખો ચોરવામાં આવ્યા છે ત્હેમાંના એક લેખમાં "'જૈનહિતેચ્છુ'માંથી ઉતારો" એટલું લખવાની પ્રમાણિકતા પણ ત્હેને પાળવી નથી, એટલું જ નહિ પણ બીજા એક મ્હારા લેખમાં લેખક તરીકે મ્હારૂં નામ નહિ મૂકતાં 'ફુટ નોટ'માં "જુના જૈન સમાચાર પરથી કેટલાક સુધારા વધારા સાથે" એમ લખીને વાચકને એવું માનવાને દોરવ્યા છે કે આ માસિકનો અધિપતિ 'જૈનસમાચાર'ના અધિપતિના લેખને પણ સુધારી શકે એટલો મ્હોટો વિદ્વાન છે!—જો કે ખરેખર તો મ્હારા લેખમાં અક્ષર પણ વધારો કે સુધારો કરાયો નથી! વાંચવાલાયક બીજા લેખોમાં એક લેખ એવી જ રીતે બીજાની ચોરી છે અને એક લેખ એક 'સેકન્ડ રેટ' લેખકે લખી મોકલેલો છે. આ લેખો બાદ કરતાં વાંચવા જેવું કાંઇ નથી. હા, 'મિત્ર પરિચય' નામનો અધિપતિએ લખેલો એક લેખ (!) છે ખરો, કે જેમાં આદર્શ પુરૂષ તરીકે ત્રણ સ્થાનકવાશી જૈનોના ફૅટોગ્રાફ અને સંક્ષિપ્ત જીવનચરિત્ર આપ્યાં છે. છબી અને જીવન ચરિત્ર છપાવવા મોકલવાની પ્રકૃતિ સંબંધમાં ઘણું કહેવા જેવું છે, પરન્તુ અત્રે તેમ કરવાથી તે અમુક છબીઓવાળા ગૃહસ્થોને અંગત ટીકા જેવું લાગે એટલા ખાતર એ વિષયની સામાન્ય ચર્ચા પણ આ સ્થળે મોકુફ રાખીશ. 'ઉતારા' કરવાની બાબતમાં Journalistic privilege કયા સંજોગોમાં સત્તા આપે છે તે હું ઉપર જણાવી ચૂકયો છું, પણ એવે પ્રસંગે 'ફલાણા પત્રકારની કે ફલાણા લેખકની મહેરબાનીભરી પરવાનગીથી' એવા શબ્દો સાથે લેખક અને પુસ્તક કે પેપરનું નામ જાહેર કરવાની પ્રમાણિકતા દરેક ઉતારા કરનારે જાળવવી જ જોઇએ છે.

કેટલાંક માસિકોમાં ખોટી દાનત કે સ્વાર્થ વૃત્તિ નથી, 'ચોરી'ની આદત પણ નથી, નિંદાની પ્રકૃતિ પણ નથી, ભાષા પણ ઠાઉકી વાપરી શકે છે, પરન્તુ ત્હાં એક જૂદી જ પ્રકારનું દરદ જોવામાં આવે છેઃ તેઓ અમુક સંકુચિત વિચારોનું જ પિષ્ટપેષણ એક પછી એક અંકોમાં વર્ષો સુધી કરતાં હોય છે. તેઓ પ્રગતિ

ફેરી શકતાં નથી અને સમાજને પ્રગતિ આપી શકતાં નથી. તેઓને ઘણે ભાગે અમુક 'રાસ'ના ગ્રંથોનો સાર અને ક્રિયાકાંડની અમુક બાબતોમાં પૃષ્ટો ભરવાની ટેવ પડેલી હોય છે અને 'Periodical'ના આખા અંકમાં એક પૃષ્ટ (!) 'સમાચાર અને નોંધ' માટે 'રીઝર્વ્ડ' રાખે છે તો હેમાં માત્ર અમુક ગચ્છના અને હેમાં પણ અમુક જ મુનિઓને લગતા નિર્માલ્ય સમાચારનો વિસ્તાર કરવામાં આવ્યો હોય છે. આખા સમાજમાં બનતા બનાવોની 'ઉડતી નોંધ' લેવા જેટલી પણ હેમને દરકાર હોતી નથી આ દૃષ્ટાંતના મૂળમાં કોઇ ખાસ ધિક્કારવા યોગ્ય તત્ત્વ નથી હોતું, માત્ર સંકુચિત દૃષ્ટિ એ જ હેનું દરદ હોય છે. જૈન પત્રોના મ્હોટા ભાગ કરતાં આવાં પત્રો ઉચ્ચ શ્રેણિનાં ગણાઇ શકે, કારણ કે તે નિર્દોષ (innocent) તો છે.

આંગળીના વેઢે ગણાય એવાં કેટલાંક જૈન પત્રો એ વર્ગનાં છે, કે જ્હેના સ્હામે આશય સંબંધી, ભાષા સંબંધી, સામાન્ય વિવેક સંબંધી કાંઇ ખાસ ફર્યાદ ન કરી શકાય. હેના અધિપતિઓ પોતાથી બનતા પ્રયાસે પ્રમાણિક ઉદ્યોગ કરી લેખો લખે છે કે પૈસા આપી કોઇ પાસે લખાવે છે (જે પણ પ્રમાણિકતા જ છે) અને એ રીતે યથાશક્તિ સમાજસેવા બજાવે છે. **આમની** વિરૂદ્ધમાં કંઇ બોલવું તે ખલતા જ કહેવાય. સમાજ એમને પ્રમાણિક પત્રકાર તરીકે માન આપે એ ખુશી થવા જેવું છે. એમાં પણ **જ્ઞાન** અને **શ્રમ**ના પ્રમાણમાં ઉંચા નીચા નંબર તો છે. આપણે થોડાક દાખલા લઇશું; પરન્તુ આ અવલોકનકાર એક ગુજરાતી પત્રકાર હોવાથી ગુજરાતી પત્રકારોના નંબર પાડવાના પ્રયાસથી તે દૂર રહે એ જ ઇચ્છવા જોગ છે. એકાદ હિંદી જૈન પત્રને તપાસીશું. આમાં સૌથી ઉચ્ચ દરજ્જો "**જૈનહિતૈષી**" પત્રને આપવો જોઇશે. કેટલી ઐતિહાસિક શોધખોળ, કેટલી શાસ્ત્રીય શોધખોળ, કેવી પ્રમાણિક દલીલો, કેવી સુંદર ઠરેલ ભાષા, કેટલાં ઉદાર મન્તવ્યો, કેવી મનોરંજક વિષયવિવિધતા, કેવી ઉપયોગી સમાચારની પસંદગી, કેવી પ્રભાવશાલી કહાણીઓ, 'જૂના'ની કિમત સ્હમજવાની અને 'નવા'ની ચિકિત્સા કરવાની કેટલી નિર્મળ ઉત્કંઠા, પત્રકાર પોતે દિગમ્બર ફીરકામાં જન્મ પામેલા હોવા છતાં દિગમ્બર ગ્રંથોમાં જ્યહાં શ્વેતામ્બર ગ્રથોની ચોરીઓ કરાયલી જોવામાં આવે છે ત્યહાં કેટલી નિષ્પક્ષપાત અને નિડર આલોચના'–ટુંકમાં

કહું તો સમસ્ત જૈન વર્ગમાં 'જૈનહિતૈષી' એક આદર્શ પત્ર છે. વધારે મગરૂર થવા જેવું તો એ છે કે, સમ્પાદક ઉત્તમોત્તમ ગ્રંથો પ્રકટ કરી એમાંથી જ પોતાનું ગુજરાન ચલાવે છે અને કોઇની એમને આર્થિક સહાય નથી, તેમજ કોઇનાં જીવન ચરિત્રો કે પ્રશંસા છાપીને ખુલ્લી કે છુપી રીતે દ્રવ્ય મેળવવાની પ્રચલિત નીતિથી તે પત્રકાર હજાર કોષ દૂર રહે છે, તે છતાં આ દમદાર માસિક પાછળ દર વર્ષે અમુક ખોટ સહન કરે છે. જૈન શ્રીમંતો કચરાપટ્ટી પત્રકારોના કાલાવાલાને કે ધમકીને ઉત્તેજન આપે છે ખરા, પરન્તુ આવા ખરેખર પવિત્ર, નિષ્પક્ષપાતી અને નિર્મળ આશયથી પ્રગટ થતા વિદ્વત્તાપૂર્ણ પત્રને નીભાવવા જેટલી પણ સહાય મળતી નથી. સહાય તો દૂર રહી, દિગમ્બર કથાગ્રંથોની આલોચના કરનારા કેટલાક લેખ તે જ ફીરકાના એક સમર્થ વિચારકે તે પત્રમાં પ્રગટ કરાવ્યા તે ગુન્હા (!) બદલ એ પત્રપર આજકાલ એટલી ભયંકર પુષ્પવૃષ્ટિ થઇ પડી છે કે એના ત્રાસથી એક વર્ષ સુધી ત્હેને આરામ લેવાની જરૂર પડી છે. મ્હારી તો માન્યતા છે કે, જુલમ અને બેકદરદાની એ જ ઉચ્ચ જીવાત્માઓની ખરી 'કિમત' છે, અને એ વડે જ એમનો વધુ ને વધુ વિકાસ થાય છે, એટલુંજ નહિ. પણ આ વાત પણ ધ્યાનમાં રાખવા જેવી છે કે, લોકો જે શ્રેણિના હોય તે જ શ્રેણિના લોકનાયકો અને પત્રો કદર પામી શકે અને તેથી ઉચ્ચ શ્રેણિના લોકનાયકો કે પત્રકારોની કિમત પચ્ચીસ, પચ્ચાસ કે સો વર્ષ પછી જ થઇ શકે, કે જ્યહારે લોકસમૂહ એટલે દરજ્જે વિકસિત થવા પામ્યો હોય.

**સમાજસુધારણા**ના દૃષ્ટિબિંદુથી કામ કરનાર કોઇ આદર્શ પત્ર જૈન સમાજમાં જોવામાં આવતું હોય તો તે '**જાતિપ્રબોધક**' હિંદી પત્ર છે, જે એક જૈન ગ્રૅજ્યુએટ ત્રણ વર્ષથી ખોટ પોતે ખમીને નજીવી કિમતે બહાર પાડે છે. એનો આશય ફક્ત સંસાર-સુધારાનો હોઇ, એ એક જ દૃષ્ટિબિંદુને વળગી રહીને ભિન્ન ભિન્ન લેખો અને સમાચારો એમાં છાપવામાં આવે છે; પરન્તુ સંસાર-સુધારાના એક એક મુદ્દાને સાબીત કરવા વૈદક, ઇતિહાસ, તર્કશાસ્ત્ર, વસ્તીપત્રકો, અને જૈનશાસ્ત્રોમાંથી ઘણા ઉતારા લેવામાં આવે છે, કે જેથી એકની એક બાબત અનેક દૃષ્ટિબિંદુઓથી ચર્ચીને દૃઢપણે સાબીત કરી શકાય. એમાંની કવિતાઓ અને ટુંકી કહાણીઓ પણ હૃદય વીંધી નાખે એવી અસરકારક અને સંસારસુધારાના

કોઇ એકાદ વિષયને પુષ્ટિ આપનારી જ હોય છે. ઐક્ય, વિદ્યાપ્રચાર, કુરૂઢિઓનો ત્યાગ, જહેના વિના આજના સંજોગોમાં સમાજ નભી જ ન શકે એવા આવશ્યકીય સુધારા એ આ પત્રના દરેક અંકના સમાચાર, એડીટોરીઅલ્સ, લેખ, કાવ્ય તેમજ કહાણીમાં નજરે પડે છે. આવા પત્રની ગુજરાતી તેમજ મરાઠી ભાષામાં એકેક આવૃત્તિ નીકળવી જોઇએ છે અને ત્હેની હજારો પ્રતો ઘેરેઘેર વિનામૂલ્ય મોકલી શકાય એવી ગોઠવણ કોઇ જૈન કોમની ખરેખરી દાઝ જાણનાર શ્રીમંત મહાશય તરફથી થવી જોઇએ છે. આ સમાજસેવકની કિંમત આજે નહિ, પણ પચ્ચાસ વર્ષે પછી થવા પામશે.

હમણાં એક નૂતન પત્ર હિંદીમાં બહાર પડવું શરૂ થયું છે. ત્હેનું નામ '**સત્યોદય**' છે. આના સમ્પાદકમાં **માર્ટીન લ્યુથર** કે દયાનંદ **સરસ્વતીનો** જુસ્સો અને જૈનધર્મના પ્રેમનું સુંદર મિશ્રણ છે. તે એક પ્રબલ 'પ્રચારક' છે. ત્હેના વિચારો પ્રૌઢ અને ઉદાર છે, અને ભાષા વીજળી સમાન છે. અહીં કહેવું જોઇએ છે કે, ભાષાના **અનેક ભેદ** હોય છે, જેમ કે, એક વિવેચક તરીકેની ભાષા, એક સૂત્રકારની ભાષા, એક નિબંધકારની ભાષા, એક મિત્રમંડળી વચ્ચે ચાલી રહેલા વાર્ત્તાલાપ જેવી ભાષા, એક પત્રકારની ભાષા, એક પ્રચારક કે ઉપદેશકની ભાષા,વગેરે વગેરે. સમાજની આજની દશા જોતાં એને સૌથી વધારે અસરકારક થઇ પડે એવી ભાષા **પ્રચારકની ભાષા** છે.સમાજ એવો નિષ્ઠુર–મંદલાગણીવાળો–dull થઇ ગયો છે કે ત્હેને શાસ્ત્રીય કે સૂત્રકારની કે નિબંધકારની ભાષા અસર જ કરી શકતી નથી;એવી શૈલિમાં લખાયલું એક આખું પુસ્તક વાંચી જવા છતાં વાંચનારના મન પર અસર રહી જવા પામતી નથી, કહો કે ત્હેણે શું વાંચ્યું એનું એને 'ભાન' પણ હોતું નથી. આગ જેવી–વીજળી જેવી–ડંખવાળી ભાષા એના હૃદય પર **આઘાત** કરે છે અને એને ભયભીત કરી 'જગાડે' છે; **ભયથી** 'જાગેલું' તે હૃદય પછી ભયનું કારણ શોધવા પ્રેરાય છે અને એ શોધ કરવા જતાં પેલા પ્રચારકના લેખમાંના સિદ્ધાન્તો (truths) આપોઆપ એમાં ઘુસી જાય છે. આવા લેખકો કાંઇ ઇરાદાપૂર્વક એવી ભાષાનો ઉપયોગ કરતા હોતા નથી; પરન્તુ,જેમ અતિ ગરમી વર્ષાદના ઝાપટાને બોલાવી લાવનાર થઇ પડે છે તેમ, સમાજની અતિ શિથિલ દશા અમુક અમુક વ્યક્તિઓમાં એવી જ શૈલિ પ્રેર-

નાર થઇ પડે છે,જ્હેની તે લેખકને પણ ખબર હોતી નથી;તે તો માત્ર unconsciously પોતાની instinct (આંતરપ્રેરણા)ને અનુસરે છે, પણ તે instinct ની પાછળ પ્રેરક તત્ત્વ સમાજની દશા હોય છે એવું એને ' ભાન ' હોતું નથી. આમ થવામાં કુદરતનો હેતુ એ જણાય છે કે, વ્યક્તિના ભોગે સમષ્ટિનો ઉદ્ધાર કરવો. જે યોદ્ધો હાથમાં તરવાર લઇ હજારો શત્રુઓની વચ્ચે પડે છે અને શિર ગુમાવી બેસે છે તે જો બુદ્ધિતત્ત્વની સલાહ લેવા બેઠો હોત તો ભાઇચારાના સિદ્ધાન્તથી અક્રિય બની ગયો હોત અગર સ્ત્રી-પુત્રાદિ તરફના કર્તવ્યે ત્હેને'લેખાં ગણનારો'(calculating) બનાવી દીધો હોત; પરન્તુ વિશ્વવ્યવસ્થા માટે જે જે ચીજોની જરૂર હોય છે તે તે ચીજો કુદરત અમુક અમુક મનુષ્યો પાસે કરાવે છે અને એમ કરવા માટે તે પુરૂષોના હૃદયમાં અમુક ભાવના ( ideal ) પ્રેરે છે."દેશ માટે મરવું એ જીવનની સાફલ્યતા છે "-"Patriotism (સ્વદેશભક્તિ)'સદ્ગુણ' છે"-એ વગેરે 'સિદ્ધાંતો' કુદરત અમુક પુરૂષોના હૃદયમાં પ્રેરે છે, અને તેઓ પછી એ પ્રકાશનાં કિરણ જે માર્ગ પર પડતાં હોય તે માર્ગ પર જ કુચ કર્યા કરે છે, પછી ભલે તે કુચમાં ત્હેમનું માથું જાય કે ખાડામાં પડી હાથ-પગ ભાંગી બેસે. એ વ્યક્તિઓના અંગત ભોગદ્વારા જ સમષ્ટિનું અસ્તિત્વ ટકી રહેવાનું છે એવા ખ્યાલવાળી કુદરત તે વ્યક્તિઓને અંગત નુકશાન થાય એવા કામમાં ' આનંદ ' માનવાની પ્રેરણા કરે છે. કુદરતનો આ આશય કર્મવીરો ઘણે ભાગે જાણતા હોતા નથી અને તે ન જાણે અગર વાંચવા છતાં ત્હેની શ્રદ્ધામાં તે ન ઉતરે એમાં જ કુદરતનો જય છે. લેખકો, સુધારકો અને કર્મવીરો તો માત્ર કુદરતનાં ઓજારો છે; ઓજાર યોદ્ધાના હાથમાં છતાં ત્હેને ' ભાન ' નથી હોતું કે મ્હને કોણ વાપરે છે અને શા માટે મ્હારા ટુકડા કરાવે છે. આ પ્રમાણે, જ્યારે, ' સત્યોદય ' પત્રને જૈનસમાજની આજની દશાએ જ સમરાંગણમાં મોકલ્યું છે અને તે એક બહાદૂર વીરની માફક કામ કરી રહ્યું છે. એના વિષયો એક એકથી ચ્હડીઆતા છે; એના વિવિધ લેખકો વિચારશીલ અને ગંભીર છે; એના દરેક પૃષ્ઠમાં સમાજને માર્ગસૂચન કરતી એકાદ સલાહ અવશ્ય હોય છે; દુરાગ્રહી લોકો માટે એ એક તિક્ષ્ણ તલવારનું કામ કરે છે. એમાં Mysticism નથી એ હું કબુલ કરીશ પણ જે

જમાનામાં જે લોકો માટે એનો જન્મ છે ત્હેનો ખ્યાલ રાખનારી કુદરત એને Mysticism (ગુપ્ત વિદ્યા) પ્રેરવા ઇચ્છે જ નહિ.

એક ઉંડાણ વાળું માસિક પત્ર 'સનાતન જૈન' જૈન સમાજને શોભા આપનારૂં હતું, ત્હેનું સ્મરણ અત્રે કરવું ઉચિત છે. એમાં તર્ક કરવાની શક્તિ સારી હતી.આશય નિર્દોષ હતો,ભાષા ક્લિષ્ટ પણ પ્રૌઢ હતી.એ એક ઉચ્ચ પ્રતિના વાચક વર્ગને ખરનું માસિક હતું. પણ ત્હેને ઉત્તેજન મળ્યું નહિ, તેમજ સમ્પાદકને બીજી જંજાળ પણ ઘણી તેથી અનિયમિત થઇ છેવટે પત્ર બંધ થયું.

કેટલાંક પત્રોએ ખાસ અંકો કહાડવાની પ્રથા ચલાવી છે. આમાં મુખ્યત્વે એમ બને છે કે કાંઇ ચોક્કસ લક્ષબિંદુ વગર ગમે ત્હેના અને ગમે તે વિષય ઉપરના લેખો-ઘણે ભાગે લેખકની ડીગ્રી કે પ્રસિદ્ધિથી જ મોહીને-મંગાવવામાં અને છાપી દેવામાં આવેછે. તો પણ ધીમે ધીમે કાંઇક સુધારો થતો આવે છે. 'જૈનધર્મ પ્રકાશ' માસિકે સભાના સીલ્વર જ્યુબીલી અંક તરીકે ઠીક વાચન પુરૂં પાડયું હતું, તેમજ 'શ્વે. કૉન્ફરન્સ હૅરલ્ડ'ના '**મહાવીર અંક**'માં ઐતિહાસિક દૃષ્ટિએ સારો પ્રકાશ પાડવામાં આવ્યો હતો. એકાદ પત્રે 'ખાસ અંક'માં તમામ જૈન સંસ્થાઓની ઉત્પત્તિ, ભંડોળ, ધારાધોરણ, હાલની ત્હેની સ્થિતિ, ત્હેની ખાસ ખુબીઓ અને ખામીઓ, ખામીઓ સુધારવાના વ્યવહારૂ માર્ગ, ત્હેની જરૂરીઆતો: એ વગેરે ચર્ચા ઉદાર દૃષ્ટિથી કરવાની જરૂર છે. વળી બીજા કોઇ પત્રે અત્યાર સુધીમાં બહાર પડેલા જૈનસાહિત્યની 'ઉડતી નોંધ' લેવાનું કામ ઉઠાવવું જોઇએ છે. ત્રીજાએ એકંદર જૈનસમાજની સામાજિક સ્થિતિ, ત્હેની અનેક પેટાઓમાં વહેંચણી કરીને, વર્ણવવાની કોશીશ કરવી જોઇએ છે, અને સમાજે છેલ્લા દાયકામાં અને ખાસ કરીને નિરીક્ષણવાળા વર્ષમાં કઇ દિશામાં અને કેટલી પ્રગતિ કરી તે બતાવવાની કોશીશ કરવી જોઇએ છે; તે સાથે હિંદની બીજી કોમોની પ્રગતિ સંક્ષેપમાં જણાવી મુકાબલો કરવાનું પણ ચૂકવું જોઇતું નથી,કે જેથી સમાજને આગળ વધવાની લાગણી અને માર્ગસૂચન થાય.

**સમાલોચના** બાબતમાં તો જૈન પત્રકારો છેક જ નિર્માલ્ય દેખાવ કરી શકયા છે. પ્રાય: નિર્માલ્ય પુસ્તકોનાં 'રિવ્યુ' ભરવામાં આવે છે. પુસ્તક આખ્ખું વાંચી ત્હેના વિચારો, શૈલિ અને દલીલો પર મત આપતું કોઇ પત્ર ભાગ્યે જ જોવામાં આવે છે. કેટલાક

પત્રકારો એવા ભલા હોય છે કે, પોતાને વિનામૂલ્ય પુસ્તક મોકલનાર પ્રત્યે પ્રતિઉપકાર કરવો એ જાણે કે 'ફરજ' જ ન હોય એમ લગભગ તમામ પુસ્તકોનું 'સારૂં' એટલે પ્રશંસાવાળું જ અવલોકન લખે છે, જ્યહારે કેટલાક એવા ઘમંડી હોય છે કે ગમે તેવા સારા પુસ્તક પર પણ એકાદ કટાક્ષ કર્યા વગર ત્હેમની ખુજલી જતી નથી ! અંગ્રેજી પેપરો 'રિવ્યુ' લખવા માટે જૂદા જૂદા વિષયના **ખાસ** અભ્યાસી એવા વિદ્વાનોને પુસ્તકો મોકલી આપે છે, જેઓ શોખ ખાતર, સેવા ખાતર, કે થોડાઘણા બદલા ખાતર પણ સ્વતંત્ર અને વિસ્તૃત અવલોકન લખે છે. આ દેશમાં અને ખાસ કરીને જનસમાજમાં હજી જર્નાલીઝમ એટલું ખેડાણ પામ્યું નથી અને પત્રકારોની સ્થિતિ પૈસા આપીને ખાસ લેખો લખાવવા પુરતી નથી ત્હાં 'અવલોકન' લખાવવાની વાત કેવી રીતે કરી શકાય ? પરન્તુ પ્રમાણિક જૈન પત્રકાર એટલું તો કરી શકે કે, (૧) જે પુસ્તક કે રિપોર્ટ પોતે પુરેપુરો ન વાંચી શકે ત્હેનું અવલોકન લખવું નહિ, (૨) જે વિષયમાં પોતાનો અભ્યાસ ન હોય તે વિષયના ગ્રંથપર અવલોકન લખવાનો ઘમંડ કરવો નહિ, (૩) પોતે જે વિષયને ઇનસાફ આપી શકે તેમ હોય તે વિષયના પુસ્તકના ગુણ-દોષ બન્ને તપાસી ગુણો જાહેર કરે અને દોષો સુધારવાનાં સૂચન (દલીલ સાથે) કરે, (૪) દોષ મ્હોટા ન હોય, **સમાજને** નુકશાન કરી બેસે એવી જાતના ન હોય, તો ઉત્તેજક શબ્દોમાં ત્હેનું અવલોકન લખે, (૫) પિષ્ટપેષણ કરનારાં, ભાષાના પણ ઠેકાણાં વગરનાં,દલીલના અંશ વગરનાં પુસ્તકોને ઉત્તેજન ન મળવા પામે એવી જાતનું અવલોકન લખે, (૬) સારા કે ખરાબ,જાણીતા લેખકના કે અજાણ્યા લેખકના જે પુસ્તકને વાંચી જવાની પોતાને ફુરસદ ન મળે (અને ફુરસદ ન મળે એ કાંઇ દોષ નથી) ત્હેને માટે માત્ર "આભાર સાથે સ્વીકારીએ છીએ" એટલું જ લખીને બસ કરે, (૭) ઉત્તમ પુસ્તકોનું 'રિવ્યુ' લેતી વખતે બનતાં સુધી એના કેટલાક ફકરા વાચકવર્ગનું ધ્યાન ખેંચવા માટે ટાંકી બતાવે, (૮) જે પુસ્તક ખરેખર સમાજ માટે અતિ ઉપયોગી લાગે ત્હેની ટુંક જાહેરખબર ગ્રંથકારની વિનંતિ વગર અને ફીની આશા વગર પણ એકાદ બે અંકમાં છાપે.

**સમાચારની પસંદગી** તરફ પણ પુરતું ધ્યાન અપાતું નથી. નમાલી મીટીંગોનાં લાંબાંચોડાં બ્યાન આપવામાં આવે છે. એક

ન્હાની ઓરડીમાં બે ચાર કુટુમ્બીઓ કે અપ્રસિદ્ધ વ્યક્તિઓ મળીને એક ભાષણ કરે કે યુદ્ધમાં વિજય ઇચ્છે કે કોઇ શેઠને રવાના કરવા જાય એ બાબતની ૪૦ લીટીના સમાચાર છાપવામાં આવે છે ! કેટલાક વાયડાઓ આવા રિપોર્ટદ્વારા એવી પ્રસિદ્ધિ પામી જાય છે કે ગામડાઓમાં મહાત્મા તરીકે પૂજાય છે ! મુનિઓના વિહાર બાબતમાં પણ નમાલી બાબતોના લાંબા રિપોર્ટો છપાયાં જ કરે છે. એથી ઉલટું, ધારાસભા માટે જૈન પ્રતિનિધિત્વનો ખાસ હક્ક માંગવો જરૂરનો છે કે નહિ એ બાબતની ચર્ચા માટે મુંબઇમાં બબ્બે મીટીંગો થઇ અને મ્હોટામાં મ્હોટા આગેવાનોની સહીઓથી પ્રોટેસ્ટ મોકલવામાં આવ્યા ત્હેનો કશો રિપોર્ટ એક પણ જૈન પેપરમાં જોવામાં આવ્યો નહિ ! કૉન્ફરન્સમાં બનેલા કેટલાક ખાસ બનાવો અને થયેલાં કેટલાંક નોંધવા લાયક ભાષણોનું અવલોકન એકકે પત્રમાં જોવામાં આવ્યું નહિ ! સુરતમાં જૈન સાધુઓ વચ્ચે લાકડીથી મારંમારી થઇ અને અજૈન પત્રમાં ટીકાઓ થવા પામી ત્હાં સુધી જ્હેને લાગેવળગે છે તે કોમના કોઇ પત્રે એ ખબર જ બહાર પાડયા નહિ, તો શિક્ષાવચન લખવાની તો વાત જ શી કરવી ? દિગમ્બર ફીરકામાં બનતા જાણવા જોગ બનાવોનો સાર શ્વેતામ્બર પત્રોમાં નથી ઉતારવામાં આવતો અને શ્વેતામ્બર ફીરકામાં બનતા એવા બનાવોનો સાર દિગમ્બર પત્રોમાં નથી ઉતારઆવતો; તે એટલે સુધી કે એક બીજાનાં કૉન્ફરન્સ જેવાં સમ્મેલનોનો પણ ઇસારો ભાગ્યે જ કરવામાં આવે છે ! ફલાણા ગામમાં આટલા તપ થયા, આટલી આયંબીલની ઓળી થઇ, આટલી લ્હાણીઓ થઇ, વરઘોડો આવો નીકળ્યો, એ વગેરે સમાચાર જાણવાથી **સમાજને શું લાભ છે** તે કાંઇ સ્હમજાતું નથી. અમુક મુનિ અમુક સ્થળે છે એ સમાચાર અલબત મુલાકાત કે પત્રવ્યવહાર ઇચ્છતા જૈનોને ઉપયોગી છે, પણ વરઘોડા–તપ–લ્હાણીઓની વાત છાપવાથી માત્ર અમુકની વાહવાહ સિવાય બીજો કયો સામાજિક લાભ થાય છે ? હિંદી પ્રજાકીય કૉન્ગ્રેસ તથા પ્રજાકીય શિક્ષણ-સમિતિની હીલચાલોના સમાચાર અવારનવાર દરેક કોમી પત્રે આપતા જ રહેવું જોઇએ અને કેટલીક વખત તે પર ' નોંધ ' પણ લખવી જોઇએ.

જૈન સાપ્તાહિકોમાં ' ગુજરાતી ' વગેરે પત્રોની દેખાદેખીથી વાર્ત્તા લખવાનો પ્રઘાત ચાલ્યો છે. લોકરંજન માટેનો એ

ઉપયોગીતાના દૃષ્ટિબિંદુવાળાઓ મુદ્દલ પસંદ કરશે નહિ. ત્હેમાં પણ દળદાર પેપરો ગમે તેમ કરે, ચચ્ચાર ફૉર્મના જૈન પત્રોમાં એ અનુકરણ કરવું તદ્દન અયોગ્ય છે અને કોમને ગેરઈન્સાફ આપવા બરાબર છે.

કોમી કે અમુક ધર્મના પત્રકારોએ કઇ કઇ બાબતો ધ્યાનમા રાખીને પત્ર કહાડવાં જોઇએ એ વિષયનો નિબંધ લખવાનો આ પ્રસંગ નથી. એ ઉપર ઘણું લખવા જેવું છે, પણ તે સ્વતંત્ર પુસ્તક તરીકે લખાય તો જ ઠીક ગણાય. અહીં તો પ્રસંગવશાત્ આટલું બસ છે. છેવટમાં દિલ્લીના છેલ્લા બાદશાહના કુટુમ્બના એક સભ્ય (મરઝાં જહાંદારશાહના વિચારોનો થોડો ભાગ અત્રે ટાંકી આ ચર્ચા ખતમ કરીશ:—

" છાપાંઓ જનસમાજની સેવા માટે હોઇ એમને યોગ્ય સહાયતા આપવી એ પ્રજાનું કર્તવ્ય છે, તેમજ પ્રજાની ઉન્નતિ તરફ નજર રાખી લેખો લખવા એ છાપાંનું કર્તવ્ય છે. સરકારે સામાન્ય રીતે છાપાને લગતા જે કાનુન મુકરર કર્યા છે ત્હેને જ સાચવીને ચાલવું એ બસ નથી, પરન્તુ નૈતિક લગામને પણ સાચવીને ચાલવું જોઇએ; કારણ કે જેમ સત્તા વધારે તેમ જોખમદારી પણ મ્હોટી જ હોય......જે સમાચાર નિરૂપયોગી હોય, જે સમાચાર શંકાભર્યા હોય, જે અતિશયોક્તિભર્યા હોય, તે ન છાપવા જોઇએ......ખબરપત્રો છાપવા પહેલાં એ કેવા માણસ તરફથી આવે છે તે વિચારવાની કાળજી રાખવી જોઇએ......ખબરપત્રોમાં સાચા સમાચાર સાથે કટાક્ષ કે યુક્તિરહિત ટીકા કરાયલી હોય તો તે ભાગ દૂર કર્યા વગર પત્ર છાપવો ન જોઇએ......સમાચાર પત્રો ઉપરથી અમુક દેશની કે કોમની કે ફીરકાની કિમત અંકાય છે, માટે દેશ, કોમ કે ફીરકાના વાજીંત્રરૂપ પત્રકારોએ સમાજની પ્રતિષ્ઠાનો ખ્યાલ રાખીને ઉદાર શૈલિથી લખવું જોઇએ......દરેક પત્રકારે પોતાનું કાર્યક્ષેત્ર અને દિશા મુકરર કરવાં જોઇએ અને બનતાં સુધી એને વળગીને જ લખવું જોઇએ; બીજાં પત્રોની દિશા કે દૃષ્ટિબિંદુ જૂદાં હોય તો તે તરફ તિરસ્કાર ન કરતાં એમનું માન જાળવીને લખવું જોઇએ; બીજા પત્રકારોના જે વિચારો પોતાના વિચારોને પુષ્ટિ આપતા જણાતા હોય તે અવારનવાર સંક્ષેપમાં ટાંકી બતાવવા જોઇએ, તેમજ પોતાથી જૂદા પણ પ્રમાણિક વિચાર ધરાવનારના દૃષ્ટિબિંદુને પણ માન આપી ત્હેનો ઉલ્લેખ કરવો જોઇએ

અને ત્હેની સ્હામે પોતા પાસે **દલીલો** હોય તો તે વિનયપૂર્વક રજુ કરવી જોઇએ. સમ્પાદકોએ ઘણા વિષયોનું પ્રાથમિક જ્ઞાન તો અવશ્ય ધરાવવું જોઈએ. કોઇ સંસ્થા ઉપર ટીકાટીપ્પણી કરતી વખત એ સંસ્થાના **એકાદઅંશ** ઉપર જ વાચકનું લક્ષ ખેંચાય અને બાકીનું આખું સ્વરૂપ અંધારામાં રહી જાય એવી રીતે ટીકા-ટીપ્પણી નહિ કરવી જોઇએ. એ સંસ્થાના સર્વાંગનો ખ્યાલ આપવા સાથે અમુક અંગની ખુબી કે દોષ જણાવવામાં અપ્રમાણિકતા નથી. અધિપતિના પોતાના સ્નેહી કે મિત્રોની પ્રશંસા અને અધિપતિના પ્રતિપક્ષીની ટીકા એ બે બાબતના પ્રસંગ જેમ બને તેમ ઓછા અને હદમાં રહીને લેવાય એ બાબતની કાળજી રાખવી જોઇએ. જે વખતે જે વિષયની ચર્ચા ચાલતી હોય ત્હેમાં વચ્ચે ભળતા જ વિષય સંબંધી કોઇ વ્યક્તિના ગુણુ કે દોષનું સ્મરણ કરાવવું પ્રમાણિક નથી. ( જેમકે કેળવણીને લગતા એક લેખકના લેખની આલોચના કરતાં સમાજસુધારાને લગતા એ લેખકના વિચારો ઉપર ટીકા કરવી એ અપ્રાસંગિક અને ઈર્ષાયુક્ત ગણાય.) જાહેર પત્રોને કોઇ પણ વ્યક્તિ સાથે અંગત મિત્રતા કે શત્રુતા ન જોઇએ, અર્થાત્ કોઇ માણુસ અમુક પત્રના અધિપતિનો મિત્ર હોય **તેથી** ત્હેની તારીફ ત્હેમાં ન થવી જોઇએ અને કોઇ શત્રુ હોય તેથી પત્રમાં ત્હેની નિંદા થવી ન જોઇએ. પત્રમાં માત્ર જાહેર હિતની દૃષ્ટિએ જ આલોચના થવી જોઇએ અને તે પણ તેવો વાજબી **પ્રસંગ પ્રાપ્ત થયો હોય તો જ** 'કોથળામાં પાંચશેરી ' જેવી ટીકાઓથી પત્રકારોએ બચવું જોઇએ, જેમ કે '**इस संस्थाकी व्यवस्था बहुधा संतोषजनक नहीं है, परन्तु इसके विस्तृत वर्णनकी हम आवश्यकता नही देखते.**' આવી જાતના એક લીટીની ટીકા કેટલીક વખત નિર્દોષ સંસ્થાઓને નિર્મૂળ કરનારી થઇ પડે છે. ત્હેની મ્હોટી પીડા તો એ હોય છે કે, એવા ગુપ્ત અને નનામા આરોપની અસત્યતા જાહેર કરવાની તક તે સંસ્થાને મળી શકતી નથી....કોઇ વ્યક્તિ કે સંસ્થાની વિરૂદ્ધ શુદ્ધ બુદ્ધિથી ટીકા છાપ્યા પછી જો તે વ્યક્તિ કે તે સંસ્થા તરફથી ખુલાસો મળે તો ત્હેને પ્રમાણિક પત્રકારે પોતાના વળતા અંકમાં જગા આપવી જોઇએ અને પોતાની કે પોતાના ચર્ચાપત્રી કે ખબરપત્રીની ભૂલ જણાતી હોય તો તે માટે ક્ષમા પ્રદર્શિત કરવી જોઇએ. ખુલાસો છાપવા

છતાં અને એ પરથી પોતાની ભૂલ ખુલ્લી રીતે નજરે પડવા છતાં, એક પત્રકાર તરીકેની સત્તાનો દુરૂપયોગ કરી, ખુલાસા નીચે ઇરાદાપૂર્વક લેખકને ઝાટકવો એ પત્રકારના ધંધાને માનપ્રદ નથી...... બનતાં સુધી એક પણ કથન દલીલ કે હકીકતના ટેકા વગર ન મૂકવું જોઇએ......જોખમદારીથી બચવા માટે કેટલાક પત્રકારો અમુક ટીકા 'અધિપતિની નોંધ'માં ન મૂકતાં જાણે કે કોઇનું ચર્ચાપત્ર લખાઇ આવ્યું હોય એવા રૂપમાં ગોઠવી ત્હેમાં તે ટીકા દાખલ કરી કલ્પિત નામથી છાપે છે તે ઘણું ખરાબ કહેવાય......અનુચિત, આક્ષેપપૂર્ણ કે શંકાશીલ લેખ કે સમાચાર કોઇ સમ્પાદકને મળે તો તે ગમે તેવી મહાન વ્યક્તિ તરફથી મળ્યા હોય તે છતાં છાપવા ન જોઇએ......કોઇ સંસ્થા કે વ્યક્તિ સંબંધમાં કોઇ ચર્ચપત્રીએ ફર્યાદ લખી મોકલી હોય અગર અધિપતિને પોતાને જ કોઇ ફર્યાદ કરવા જેવું લાગતું હોય તો સમાજહિતની દૃષ્ટિથી તે તેમ કરવાને હકદાર છે, પરંતુ એ ફર્યાદ જો એવા પ્રકારની હોય કે જે તે સંસ્થા કે વ્યક્તિને મિત્રબુદ્ધિએ લખી જણાવવાથી ફર્યાદ દુર થવાનો સંભવ હોય, તો પ્રથમ ત્હેને લખી જણાવવાની પ્રમાણિકતા બતાવવી જોઇએ અને તે પણ એક સત્તાધીશ કે દેવ તરીકેની નહિ પણ મિત્ર તરીકેની ભાષામાં. જો ત્હેનું પરિણામ જોવામાં ન આવે તો પછી ઉચિત શબ્દોમાં તે ફર્યાદ પ્રકટ કરવી એ પત્રકારનું કર્તવ્ય છે. ......કામોત્તેજક અશ્લીલ અસભ્ય જાહેરખબરો ગમે તેવો સારો ભાવ મળતો હોય તો પણ ન દાખલ કરવી જોઇએ..... પોતાના સમાજ અને એકંદરે કેળવાયલી દુનિયામાં ચાલતી પ્રવૃત્તિનું દરેક પત્રકારને ભાન હોવું જોઇએ અને વાચકોને એ ભાન કરાવવાને ત્હેણે અહોનિશ કાળજી રાખવી જોઇએ. ત્હેનું વાંચન બહોળું હોવું જોઇએ અને જે સર્વોત્તમ સત્તા કોઇના વગર આપ્યે તેણે લીધા છે ત્હેની જોખમદારીના સમ્પૂર્ણ ભાનપૂર્વક તેણે વર્તવું જોઇએ."

---

વિદ્વાનો, રાજદ્વારીઓ, ધર્મગુરૂઓ વગેરેનું મ્હોટામાં મ્હોટું દુઃખ, 'ગંભીર' રહેવાની ત્હેમણે માનેલી માન્યતા છે. ત્હમે ગમે તે હો, પણ ખુબ ચાલો, ફરવા જવાનું ન જ બની શકે તો થોડીક મીનીટ ખુબ કુદો—નાચો. ત્હમારા જડ યન્ત્રોને જોઇતી કસરત રૂપ કૂદવું-નાચવું એ કાંઇ હીણપદ નથી. ટટાર રહેવું, છાતી કાઢીને ચાલવું, એ કાંઇ ઉદ્ધતાઇ નથી.

# [१३] कोल्हापुर दरबारनो विचित्र विद्याप्रेम !

હમણાં જ્યહારે મ્હૈસુર રાજ્યે કૉલેજનું શિક્ષણ મફત કરી નાખ્યું છે ત્યહારે, પુનાનું એક પેપર જણાવે છે કે,કૉલ્હાપુર દરબાર પ્રાથમિક કેળવણી મુફત અને ફરજયાત કરવા માટે જોઇતાં નાણાં ફાજલ પાડવા ખાતર તે રાજ્યના સંસ્થાપક રાજારામના નામપર ચાલતી કૉલેજ કે જે તે રાજ્યની એકની એક કૉલેજ છે તે બંધ કરવા ધારે છે. દરબારને માથે એ કૉલેજને અંગે વાર્ષિક રૂ. ૧૦ હજારનો ખર્ચ છે.

આ સમાચાર ટુંકા જ છે, અને તે પણ દેખીતી રીતે એક રાજ્યને લગતો વિષય છે. પરન્તુ વસ્તુતઃ આ સમાચાર સાથે આર્ય સભ્યતા (Indian civilisation) નો પ્રશ્ન સમાયેલો છે અને તેથી જ હું આ ધાર્મિક અને સામાજિક વિષયો ચર્ચતા પત્રમાં આ બનાવ (event) ઉપર કાંઇક કહેવા માગું છું.

મુફત અને ફરજયાત પ્રાથમિક શિક્ષણની હીમાયતનો આજકાલ પવન ચાલ્યો છે એટલે કોલ્હાપુર દરબારને વાહવાહ મેળવવા ખાતર એ ધોરણ દાખલ કરવું પડે છે, પરંતુ એ વાહવાહની કિમત પોતે ભરવા ખુશી નથી. કિમત તો લોકો જ ભરે, એમ તેઓ ઇચ્છતા જણાય છે. અહીં જ આજના ઘણાખરા રાજાઓની ભાવનામાં રોગ છે. તેઓએ પાશ્ચાત્ય સભ્યતા (Western civilisation) જોયા પછી હિંદુરાજાની પુર્વની ભાવના તેઓ લગભગ ભૂલી જ ગયા છે. યુરોપની ઉપરાઉપરી મુસાફરીઓમાં, યુરોપીઅ પરોણાઓના સ્વાગતમાં, મહેલો વગેરે શણગારવામાં, લગ્નોના ઠાઠમાઠમાં, ખુશામતીઆઓથી ઘેરાયલા રહી તેઓને બેઠાબેઠ પગારો ખર્ચા કરવામાં; ઇત્યાદિ કામોમાં હેમને આજકાલ એટલો મ્હોટો ખર્ચ કરવો પડતો હોય છે અને એટલો કિમતી વખત ગુમાવવો પડતો હોય છે કે, કેળવણી, ખેતી, વ્યાપાર હુન્નર અને સમાજસુધારણાને અંગે અવશ્ય કરવાનાં કામો માટે દ્રવ્યનો તેમજ વખતનો ઘણો જ થોડો હિસ્સો તેઓ ફાજલ પાડી શકે છે. કોઇ ગણ્યાગાંઠ્યા નરેશોને જ પ્રાચિન આર્ય ભાવનાનું સ્મરણ હશે કે, પ્રજા પાસેથી વેરા તરીકે ઉઘરાવેલી રકમ વડે પ્રજાની સર્વ દિશામાં ઉન્નતિ કરવા માટે નીમાયલો વંશપરંપરાનો અધિકારી, તે જ 'રાજા' છે. થોડા

દિવસ ઉપર રાજપૂતાનામાં આવેલા ઝાલાવાડ સ્ટેટના વિદ્વાન મહારાજા સર ભવાનીસિંહજી બહાદૂર K. C. S. I., M. R. A. S. એઓએ ઝાલરાપાટનમાં 'બાલચંદ હૉસ્પીટલ'નો પાયો નાખતી વખતે પ્રજા સમક્ષ ભાષણ કરતાં વાજબી જ કહ્યું હતું કે "હું પ્રજાનો અદનામાં અદનો નોકર છું અને જીંદગી પર્યંત બંધાયલો નોકર છું. બીજો કોઇ નોકર તો વધારે પગારની આશાએ જૂની નોકરી છોડી પણ શકે, પરન્તુ હું જો ત્હમારી નોકરી છોડું તો ક્યાં જાઉં ? મ્હને રાખે કોણ ? આજે પહેલાની માફક કાંઇ તલવારથી રાજ્યો મેળવી કે જાળવી શકાતાં નથી; આજ તો પ્રજાની સારી પેઠે સેવા કરી ત્હેને પ્રસન્ન રાખી હોય તો ત્હેની ઇચ્છાથી જ રાજ્ય કરી શકાય છે." આ શબ્દોમાં પ્રાચિન આર્ય સભ્યતાનું જીગર સમાયેલું છે.

પરન્તુ શું બધા રાજાઓ આ સિદ્ધાંત સ્વીકારશે? માત્ર શબ્દોથી નહિ પણ જીગરથી અને કાયથી સ્વીકારનારા કેટલા થોડા રાજાઓ હશે ? કોલ્હાપુરના પ્રિન્સના લગ્ન નજીકમાં જ છે તે વખતે થવાના લાખોના ખર્ચમાં કરકસર નહિ થવાની, તેમજ લગભગ દરેક રાજા અંગત ખર્ચોમાં કોઇ જાતનો કરકસર કરવાને પોતાને 'બંધાયલા' માનતા નથી. આજે જો મનુ મહારાજ હયાત હોત, અગર જો મહાત્મા ગાંધી જેવાને કોઇ દેશી રાજા પાસે બોલવાનો પ્રસંગ આવે, તો તે એમ જ કહે કે, જે રાજાના રાજ્યમાં ખેડુતો ભુખે મરતા હોય, સામાન્ય પ્રજા મ્હોટે ભાગે અભણ હોય —એટલે સુધી કે એક સામાન્ય ભાષણ કે પુસ્તકનું રહસ્ય સ્હમજવાને પણ અશક્ત હોય, ધંધો એટલો પાયમાલ હોય કે ગુજરાન માટે માણસોએ બીજી હદમાં જવું પડતું હોય, અને સમાજસુધારાનું તો લોકો નામ પણ જાણતા ન હોય, એવો રાજા લોકો તરફ 'વફાદાર' નથી અને 'નોકરી'નો ભારે પગાર તે ખોટી રીતે લે છે. જે રાજાઓ એક અમેરિકન પ્રેસીડન્ટની માફક કે એક વ્યાપારી પેઢીના માલેક કે મુનીમની માફક પોતાને અંગે થતાં થોડામાં થોડા ખર્ચની નીભાવી લઇ રાજ્યની સઘળી આમદાની રાજ્યમાં ખેતી, વ્યાપાર હુન્નર, કેળવણી અને સમાજસુધારો ખીલવવા પાછળ જ ખર્ચે અને પોતાનો પણ બધો વખત ઉક્ત પ્રમુખ કે પેઢીના માલીકની પેઠે ઉક્ત કામોની જાતે દેખરેખ રાખવા પાછળ ખર્ચે, તે જ રાજા પ્રજાનું લુણ હલાલ કરનારો અને પૂજ્ય

પુરૂષ ગણાય; અને તેવા રાજાના રાજ્યમાં, બ્રિટિશ સરકાર પોતાની પ્રજામાં જે પ્રગતિ ૧૦૦ વર્ષમાં ન કરી શકે તેટલી, માત્ર ૧૫ વર્ષમાં થઈ શકે. આજે ઘણાખરા દેશીરાજાઓ ' નોકરી ' ને કેટલા 'વફાદાર' છે તે ' પરિણામ ' ઉપરથી જોવા જઈશું તો જણાશે કે, વ્યાપાર માટે તેમજ કેળવણી લેવા માટે દેશી રાજ્યોની રૈયતને ઘણે ભાગે બ્રિટિશ હદમાં જ જવું પડે છે, એટલું જ નહિ પણ સંસારસુધારકો પણ દેશીરાજ્યોમાં ભાગ્યે જ પોષાય છે. (કારણ કે કેટલાક રાજાઓને ખુશામતીઆઓ, મિત્રો, માનીતાઓ, ગવૈયાઓ, નાટકીઆઓ, ખેલાડીઓ અને કેટલાકને તો ' દલાલો ' ને પણ પોષવા પડતા હોય છે ! ત્યહાં પછી સંસારસુધારકોનું કામ જ શું ? ) મિત્રો અને અમલદારો, ઠાઠો અને મોજશોખો, ટાઇટલોની અને વાહવાહની ભૂખ: આ સર્વ પાછળ થતા દ્રવ્ય અને સમયનો ભોગ બંધ કરવામાં ન આવે ત્યહાં સુધી ગમે તેવો કેળવાયલો કે ભલો રાજા પણ પ્રજાનો ઉદ્ધાર કરી શકવાનો નથી જ. હિંદનું એક પણ દેશી રાજ્ય, આજની દુનિયાની પ્રગતિના ધોરણથી જોઇએ તો, દમવાળું કે પ્રગતિવાળું નથી. આશ્ચર્યની વાત છે કે સ્વરાજ્યની ગર્જનાના જમાનામાં પણ દેશીરાજ્યોમાં બે તત્ત્વોની પુરેપુરી ખામી જોવામાં આવે છે: (૧) રાજાઓને લખલૂટ ફજૂલ ખર્ચોનું અને રાજ્યની ખરી સ્થિતિનું ભાન કરાવવાની હિમત ધરે એવો કોઇ પણ ધર્મનો ધર્મગુરૂ કે નગરશેઠ આજે જોવામાં આવતો નથી; (૨) જે રાજ્યમાંથી કેટલાક માણસો ભણીને બીજાં રાજ્યોમાં દીવાન કે જજ કે મૅજીસ્ટ્રેટ કે વકીલ બન્યા છે તેવાં રાજ્યોમાં પણ કોઈ એવો સ્વદેશપ્રેમી ન નીકળ્યો કે જે બીજા રાજ્યની નોકરી કરવાને બદલે માત્ર રોટલા સાટે પોતાના રાજ્યને સુધારવાના આશયથી પોતાની નોકરી રાજ્યને આપે. જ્યહાં સુધી આવી જાતનો સ્વદેશપ્રેમ કેળવાયલા હિંદીઓમાં જાગ્રત્ થયો નથી અને જ્યહાં સુધી આવી જાતની આધ્યાત્મિક નિડરતા હિંદી ધર્મગુરૂઓમાં જાગ્રત થઈ નથી ત્યહાં સુધી બ્રિટિશ સરકારના હાથે તો શું પણ દેશી રાજાઓને હાથે પણ પ્રજાનો ઉદ્ધાર થતો જોવાની આશા ભાગ્યે જ રાખી શકાશે. પ્રાચિન હિંદ અને પ્રાચિન ગ્રિસ એ બન્નેનાં ખાસ લક્ષણ **નિડરતા** અને **આત્મભોગ** એ જ હતાં; અને એ ખાસ લક્ષણો વગર કોઇ દેશ તરવાની આશા રાખવાને હક્કદાર ન હોઇ શકે.

---

# ( ૧૪ ) जाग्रत हिन्द.

હિન્દ જાગ્યું છે. સ્વરાજ્યની ચળવળ બ્હોળા વિસ્તારમાં અને પહેલાં કરતાં વધારે ‘ લાગણી ’ તથા જુસ્સાથી થવા લાગી છે. વકીલ વર્ગ કે જે આજ સુધી ઘણે ભાગે પૈસાથી જ સગાઇ રાખતો હતો ત્હેનું હૃદય હવે પલળ્યું છે અને સ્વદેશસેવા તરફ કાંઇક કાંઇક ઢળવા લાગ્યું છે. શેઠીઆ વર્ગની સખાવતો કોમી બાબતોમાં જ વહેતી હતી તે કાંઇક કાંઇક રાષ્ટ્રિય સેવા તરફ વળવા લાગી છે. ગામડાના લોકોમાં અને હિંદના સ્ત્રીવર્ગમાં પણ કાંઇક અંશે રાષ્ટ્રિય જુસ્સો અને જાગૃતિ જોવામાં આવે છે. હિન્દુ—મુસલમાનનું ઐક્ય અગાઉ કદાપિ નહિ જોવામાં આવેલું એટલી હદ સુધીનું આજે જોવામાં આવે છે. ખેડૂત વર્ગ જેવો અભણ વર્ગ પણ પોતાના હક્ક અને સ્વમાન માટે લડવામાં ‘ ગૌરવ ’ માનવા લાગ્યો છે. કેળવણીના પ્રચાર માટે સ્કૉલરશીપો, બોર્ડીંગ હાઉસો વગેરેની સંખ્યામાં ધીમો પણ મક્કમ વધારો થતો જાય છે, હિંદુ યુનીવર્સીટી સ્થપાઇ છે, એક મહારાજાએ પોતાની સઘળી મિલ્કત સાર્વજનિક કન્યામહાવિદ્યાલય માટે કહાડી આપી છે (એવા આશયથી કે ત્હેમાં હિંદુ તેમજ મુસલમાન કન્યાઓ રહે અને શિખે) અમદાવાદ, સુરત અને મુંબઇમાં નવી કૉલેજ સ્થપાવાની તૈયારી ચાલે છે, મ્હૈસુર રાજ્યે કૉલેજનું શિક્ષણ પણ ફ્રી કરી દીધું છે, અને ‘ રાષ્ટ્રિય શિક્ષણ ફંડ’ ની નવી મહાભારત યોજના દેશનાયકોએ ઉભી કરી છે, જેમાંથી સ્થળે સ્થળે દેશી ધોરણ પરની વિદ્યાસંસ્થાઓ ખોલવામાં આવનાર છે. હિંદી ભાષાના પ્રચાર માટે અને એને રાષ્ટ્રભાષા બનાવવાને મહાત્મા ગાંધી અને બીજાઓ કોશીશ કરી રહ્યા છે. ગુજરાતી ભાષાની ખાસ યુનીવર્સીટીનાં સ્વપ્ન ‘ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી’ને આવવા લાગ્યાં છે, જે એમ સૂચવે છે કે જે યોજના આજે સંકલ્પના સૂક્ષ્મ રૂપમાં છે તે કાલે કાર્યના સ્થૂલ રૂપમાં પણ ઉતરશે જ.

સાધુ વર્ગ પર લોકો અશ્રદ્ધાળુ બનવા લાગ્યા હતા, પણ નવા પ્રવાહે એ વર્ગ ઉપર પણ અદશ્ય જાદુ કરવા માંડ્યું છે. દાખલા તરીકે સમસ્ત હિંદમાં હિંદુઓના પૂજ્ય મનાતા કરવીર પીઠના શંકરાચાર્યની ગાદીએ હમણાં એક એવા ગૃહસ્થની નીમણુક થવા પામી છે કે જે ‘ ડૉક્ટર ઑફ ફીલોસોફી ’ ( Ph. D. ) છે, અને જે-

મના પ્રાઇવેટ સેક્રેટરી પણ એક M. A. છે.તેઓને પ્રજા તરફથી જે જે ભેટસોગાદ મળે છે તે પોતાના ઉપયોગમાં ન લેતાં સંસ્થાઓને આપી દે છે. તત્ત્વજ્ઞાનના પ્રચાર માટે 'બ્રિટિશ એકેડેમી' ની પદ્ધતિ પર 'ઇંડિયન એકેડેમી' સ્થાપવાની હીલચાલ તેઓ કરે છે. તેઓ સ્વરાજ્યનો ઉપદેશ ધાર્મિક આચ્છાદન સાથે ઘણી સરસ રીતે કરે છે. વહેમોની વિરૂદ્ધ નિડરતાથી તેઓ કટાક્ષ કરે છે. એક વિદ્વાન હેમની સાથે થયેલા પ્રશ્નોત્તર પ્રગટ કરે છે, હેમાંનો કેટલોક ભાગ આ નિચે આપવામાં આવ્યો છે, કે જેથી હિંદુ ધર્મના મહાન અધિકારીને **હિંદનું નશીબ** કઈ દિશામાં ખેંચી જાય છે, તે જોવાની બુદ્ધિશાળી વાચકને તક મળે:-

**પ્રશ્ન:**—ધર્મશાસ્ત્ર એટલે શું ?

**ઉત્તર:**—પૂર્વજોએ પોતાના જાત અનુભવથી બાંધી આપેલા નિયમ.

**પ્રશ્ન:**—દેશકાળાનુસાર ધર્મશાસ્ત્રના વિધિ-નિષધોમાં ફેરફાર કરવાને કાંઇ હરકત છે ?

**ઉત્તર:**—હરકત નથી, એમ ખુદ શાસ્ત્રોમાં જ કહેલું છે. ફેરફાર કરવા. એ સશાસ્ત્ર જ છે.

**પ્રશ્ન:**—ધર્મ એટલે શું ?

**ઉત્તર:**—" **યતોऽभ्युदयनिःश्रेयस सिद्धिः सधर्मः** " એવી ધર્મની એક વ્યાખ્યા છે અને તે જ મ્હને માન્ય છે. અર્થાત્, ઐહિક ઉન્નતિ અને પારમાર્થિક મોક્ષ એ જ ધર્મનું ધ્યેય હોવું જોઈએ.

**પ્રશ્ન:**—ઘણીખરી જાતિઓનો અજ્ઞ બહુજન સમાજ ન્યાયનીતિ, સારાસારવિચાર, પરિસ્થિતિ વગેરે તરફ દુર્લક્ષ રાખી પેટાજાતિનું એકીકરણ, પરદેશગમન, પ્રૌઢ વિવાહ આદિ રાષ્ટ્રિય અને સામાજિક દૃષ્ટિએ અત્યંત આવશ્યક અને ઇષ્ટ સુધારા આચારમાં લાવનારાઓનો બહિષ્કાર કરે છે તે બાબતમાં **કાયદાના બળથી** અટકાવ થવાની જરૂર છે કે ?

**ઉત્તર:**—હા, છે. સમાજના વિદ્વાન અને વિચારવંત લોકો અને ધર્મગુરૂઓની સમ્મતિપૂર્વક બ્રિટિશ સરકાર અને સંસ્થાનિકોએ એ બાબતમાં **કાયદા** કરી હેનો અમલ કરવો જોઇએ છે.

**પ્રશ્ન:**—ચાર વર્ણ અનાદિ સિદ્ધ નથી, જાતિભેદ પણ **મનુષ્યકૃત** જ છે, તો પછી તેમાં યોગ્ય ફેરફાર કરવો એ ઇષ્ટ છે કે નહિ?

**ઉત્તર:**—કાંઇ પણ **મહત્વના ફેરફાર (radical changes)**

હાલની જાતિભેદપદ્ધતિમાં કરવાની જરૂર છે, એમાં **શંકા નથી.**

**પ્રશ્ન:—મહાર, માંગ** વગેરે લોકો જ્યારે હિંદુ જ છે ત્યારે ત્હેમનું અસ્પૃશ્યત્વ કાયમ રહેવું ઇષ્ટ છે કે ?

**ઉત્તર:**—તે જાતિનું અસ્પૃશ્યત્વ કાયમ રહેવું ઇષ્ટ નથી. સમાજે કાંઈપણ ઉપાય યોજવો જોઈએ છે અને ધર્મગુરૂઓએ ત્હેને પોતાની સમ્મતિ આપવી જોઇએ છે.

**પ્રશ્ન:**—આપણાં દેવસ્થાનફંડો અને ત્હેની આવકનો ઉપયોગ, પ્રાથમિક શિક્ષણની શાળાઓ, મફત વાંચનાલયો, સંસ્કૃત પાઠશાળાઓ, ધાર્મિક સાહિત્યનો પ્રચાર આદિ કામોમાં કરવો વાજબી છે ?

**ઉત્તર:**—તેવો ઉપયોગ કરવો યોગ્ય જ છે, અને કરી પણ શકાશે.

આ પ્રશ્નોત્તર બતાવી આપે છે કે **હિંદુ** જનસમાજના હૃદય પર કાબુ ધરાવતી વ્યક્તિ દ્વારા **હિંદ**સેવામાં કેટલો ફાળો અપાવો નિર્માયલો છે. ઉંચા સંસ્કાર, ઉંચા અભ્યાસ અને સ્વતંત્ર વિચાર કરવાની શક્તિ જેઓમાં હોય તેવા જ માણસો **હિંદ**ના ધર્મગુરૂ બનશે, અને તેવા જ એ સમાજને આબાદ બનાવી શકે. ખાવાના સાંસા પડવાથી સાધુ બનેલા, અભણ કે **સંસ્કૃત—માગધી** થોડા પાઠ ગોખીને પંડિત બનેલા, માનમાં મરી પડતા, અને કલહપ્રેમી ધુતારાઓનું હવે **હિંદ**માં કાંઈ કામ રહ્યું નથી. એમના દિવસો ગણાઈ ચૂક્યા છે. સરકારને હમણાં લડાઇમાં ઘણાં માણસો જોઈએ છે. **હિંદ**નો પ્રજાગણ ભૂખ અને આધિ—વ્યાધિ તથા પરતંત્રતાને લીધે નિર્બળ છે તેથી તે હાલ ને હાલ લડાઇમાં કામ લાગે તેવો નથી; પણ અનિયંત્રીત સત્તા અને સગવડો ધરાવતો **હિંદ**નો સાધુવર્ગ પ્રાય: મસ્ત અને લડાઇમાં કામ લાગે તેવો છે. ત્હેમને જો લડાઇમાં ફરજ્યાત રીતે ઉતારવાનો કાયદો થાય તો સરકારને લાખો માણસો વિના મહેનતે મળી રહે અને હિંદી પ્રજાને માથેથી લાખ્ખો ભીખમંગા જુલમગારોને નીભાવવાનો જાથુનો ખર્ચ બચે, એટલું જ નહિં પણ હિંદીઓની જે બુદ્ધિ આ જુલમગારોના ઘેર ઘરાણે મુકાયલી છે તે પણ છૂટી થાય અને તેથી હિંદીઓ વધારે ત્વરાથી ઉન્નત પ્રજા બની શકે.

અસ્પૃશ્યત્વ બાબતમાં જો કે હજી લોકસમૂહની ખુશામત દ્વારા જીવવાની આશા રાખતું ‘ ગુજરાતી ’ પત્ર બબડ્યા જ કરે છે તો પણ **હિંદુ**ધર્મના મહાન સત્તાધીશે તેમજ લો૦ મા૦ તિલક, મહા-

ત્મા ગાંધી, અને ઑન૦ માલવિયાજી જેવા ચુસ્તમાં ચુસ્ત હિંદુ લોકનાયકોએ પણ હમણાંહમણાં ખુલ્લી રીતે અસ્પર્શ્ય જાતિનો પક્ષ લીધો છે.

આમ ચોતરફથી હિંદમાં જાગૃતિનાં ચિન્હો જણાવા લાગ્યાં છે. પણ આ દશા જેટલી ખુશી થવા જેવી છે તેટલી જ ગંભીર–જાળવવા જેવી–પણ છે. આ ગર્ભકાળ છે. સંતાન જન્મવાને હજી વખત છે. આ વખતે ઘણી જ સાવચેતી રાખવાની જરૂર છે. હિંદના ઇતિહાસમાં આવો ગંભીર–આવો અર્થસૂચક–જેનાં પરિણામ ઘણે દૂર સુધી પહોંચે એવો–સમય આ પહેલો જ છે. હિંદ તે સમયનો કેવો ઉપયોગ કરે છે તે ઉપર ભવિષ્યની આબાદી કે ક્ષયનો સઘળો આધાર છે. ગર્ભવતી સ્ત્રીને જો બરાબર જાળવવામાં આવી તો સમર્થ બાળકની ગૅરન્ટી ૮૦ ટકા તો મળી ગઈ સ્હમજવી. હિંદના આ ગર્ભકાળમાં બે તત્ત્વોની ખાસ જરૂર છે: (૧) બહારની સખ્તાઇ અને (૨) અંદરનું ઐક્ય. સરકાર જેમ સખ્તાઈ કરે–કાયદાને સખ્ત કરીને તથા બીજી રીતે–તેમ ગર્ભવતી હિંદસુંદરીને મજબૂત હિંદબાળ જન્મવાનો વધારે સંભવ છે. માટે આવી જાતનાં બાહ્ય સંકટોથી ગભરાઇ ન જતાં સંકટોને આમંત્રણ આપવું જોઇએ. રીઢા–ઘડાયલા–મેરૂ પર્વતને ટચલી આંગળીથી દબાવી શકે એવા–પ્રાચિન સ્પાર્ટન જેવા નૂતન હિંદબાળને ઉત્પન્ન કરવા માટે જ કુદરત આપણી સરકાર પાસે unconsciously સખ્તાઈ કરાવે છે. બીજું, અંદરનું ઐક્ય જરૂરનું છે: સુવાવડી પાસે મ્હારૂં--ત્હારૂં અને લડાઈટંટા સુદ્દલ ન થવા દેવા જોઇએ. હમણાં સઘળી કોમો, સઘળા ધર્મફીરકાઓ અને સઘળી જ્ઞાતિ--ઉપજ્ઞાતિઓએ પોતાના 'વાડા' ને ભૂલી વિશાળ દેશભાવનાને જ નજર સ્હામે રાખી સઘળી પ્રવૃત્તિ કરવી જોઇએ છે. દશાશ્રીમાળી બોર્ડીંગ, શ્રીમાળી ઇસ્પીતાલ, ભાટીઆ અનાથાલય, લુહાણા ઑર્ફનેજ, જૈન કૉલેજ, મોસ્લીમ લાઇબ્રેરી: આવી સંસ્થાઓ હવે હિંદમાં નીકળવી ન જોઈએ. જે થઈ ચૂકી છે ત્હેનું સ્વરૂપ આસ્તેઆસ્તે વિસ્તૃત બનાવવા કોશીશ કરવી જોઇએ અને નવી દરેક સંસ્થા રાષ્ટ્ર ભાવનાથી જ કહાડવી જોઇએ. જેટલે દરજ્જે જ્ઞાતિ--ઉપજ્ઞાતિ અને ધર્મફીરકાના ભેદોને યાદ કરાવવા જેવાં ખાતાં ઉઘાડવામાં આવશે તેટલે દરજ્જે હિંદનું ભવિષ્ય બાળક નિર્માલ્ય–માંદલું–થશે. જેઓ ભેદભાવને પુષ્ટિ આપશે

તેઓ હિંદમાતાના ખુની બનશે. હિંદના બત્રીસ ક્રોડ દેવતાઓનું **ધ્યાન** એક જ જોઈએ, **ધ્યેય** એક જ જોઈએ, **ઇચ્છા** એક જ જોઇએ, **માર્ગ** એક જ જોઈએ, **શોખ** એક જ જોઇએ, **સુખ-દુ:ખની લાગણી** એક જ જોઈએ. ત્હેના ઉપર આખી **ભારત** પ્રજાના શાપ પડજો કે જે હિંદની એકતાને–જાણે કે અજાણે–બાધા કરે ! હિંદની તમામ જાતિઓ જીવે તો સાથે જ જીવે, મરે તો સાથે જ મરે, આગળ વધે તો સાથે જ વધે, પાછળ પડે તો સાથે જ પડે, મુક્તિ પામે તો સાથે જ પામે અને બંધન પામે તો સાથે જ પામે: **એ જ મંત્ર**–એ જ ઉપદેશ–એ જ નીતિ દરેક **ધર્મગુરૂ**એ–દરેક **અગ્રેસરે**–દરેક **વ્યાખ્યાનદાતાએ**–દરેક **સુધારકે**–દરેક **પત્રકારે** દરેક પ્રાંતમાં અને દરેક સમયે આપવો જોઈએ છે. આ બાબતમાં ભૂલ થઇ તો જાણવું કે હિંદનો હમેશને માટે ઉત્થાનનો પ્રસંગ ગયો જ છે અને હિંદ સદાને માટે સાતમી નરકમાં પટકાયું જ છે ! હિંદના રક્ષક દેવતાઓ તે વખત ન આવવા દે ! અસ્તુ !

---

**સોરઠમાં જૈન પરિષદ્**—પ્રસિદ્ધ વક્તા મુનિ શ્રી ચારિત્ર-વિજયજી મહારાજના પ્રયાસથી અને ત્હેમના પ્રમુખપણા નીચે સોરઠના ગામ વડાલમાં તા. ૧૭-૧૮-૧૯ ફેબ્રુઆરીના દિવસોમાં પ્રાન્તિક જૈન કૉન્ફરન્સ ભરવામાં આવી હતી. પ્રમુખશ્રીએ તથા સ્થા. મુનિ શ્રી છોટાલાલજી મહારાજે શ્વે. મૂ. તથા સ્થાનકવાસી જૈનોથી બનેલા શ્રોતાગણમાં ઉદાર ભાવનાઓ સારા પ્રમાણમાં ફેલાવી હતી. આ મેલાવડાનું કોઇ પ્રસંસાપાત્ર ચિન્હ હોય તો તે એ જ છે કે જે વખતે કેટલાકો બે ફીરકાઓ વચ્ચેનો અખાત વધારવા કોશીશ કરે છે તે વખતે ઉક્ત મુનિઓ વ્યવહારૂ કાર્યથી બન્ને ફીરકા વચ્ચે એકતા ઉત્પન્ન કરવા કોશીશ કરે છે. ન્હાનાં ગામડાઓમાં ઉદાર વિચાર વાતાવરણ ફેલાવવાની ત્હેમની કોશીશ ધન્યવાદને પાત્ર છે, એવીજ રીતે, મ્હને જાહેર કરતાં હર્ષ થાય છે કે, થોડા વખત ઉપર મુંબઈના 'સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહ' માં શ્વેતામ્બર મૂર્ત્તિપૂજક મુનિવરો અને સ્થાનકવાસી મુનિવરોને એક સાથે આમત્રણ આપી ત્હેમનો ઉપદેશ ઉક્ત સંસ્થાના વિદ્યાર્થીઓ તેમજ ખાસ આ મંત્રાયલા ત્રણે ફીરકાના જૈન ગૃહસ્થો સમક્ષ કરાવવામાં આવ્યો હતો, તે વખતે પણ તે સ્થળે શાન્તિ અને ભાઇચારાની લાગણીની ખુશબો મ્હેકી રહી હતી. આવાં વધુ પ્રસંગો સ્થળે સ્થળે ઉત્પન્ન કરવાની જરૂર છે.

# (૧૫) હાથનાં કર્યાં હૈયે વાગ્યાં !

દિગમ્બર ફીરકાનું પુરાણપ્રેમી ( orthodox ) સાપ્તાહિક પત્ર 'જૈનમિત્ર' બળાપો કરે છે કે "જબલપુરમાં ગરીબદાસજી નામના પ્રતિષ્ઠિત ગૃહસ્થે હમણાં લગ્નપ્રસંગે કટનીના મંદીરોમાં ચાંદીનાં વાસણ, છડી, ચામર, છત્ર વગેરે **સર્વ કાંઈ આપ્યું**, પરન્તુ વિદ્યાસંસ્થાઓમાં બદામ પણ આપી નહિ......આશા રાખી હતી કે સ્થાનીય બોર્ડીંગને તેઓ તરફથી સારી રકમની મદદ મળશે, પણ મગદૂર છે કે એ તરફ ધ્યાન આપે ?"......બિચારૂં 'જૈનમિત્ર' ! **ઘણું** મોડું **થયું ત્યહારે** હવે બળાપો કરે છે ! પણ હજી ત્હેને આ ખેદજનક વર્તનનું **મૂળ કારણ** શોધી કહાડવાની ઇચ્છા થતી **નથી.** આસમાનને સ્પર્શ કરતાં, ભવ્ય, અને સોનાથી મઢેલાં, **એવાં** જીનમંદિરોની કથાઓ યોજનારા અને મંદિરો પાછળ લખલૂટ ખર્ચ કરવાથી સ્વર્ગ અને સ્વર્ગની સેંકડો અપ્સરાઓ મળવાની ગૅરન્ટી આપનારા જૈન આચાર્યોની લીલા જ્યહારે બાબુ **જુગલકિશોરજી** જેવા વિદ્વાન દિગમ્બર પંડિતો ખુલ્લી કરે છે ત્યહારે 'જૈનમિત્ર' પોકાર કરી મૂકે છે, અને જ્યહારે એ જનસમાજને ભમાવનારી કથાઓના કેફથી લોકો હજારો રૂપિયા મંદિરો પાછળ ખર્ચે છે અને વિદ્યાસંસ્થાઓને ભૂખે મરવું પડે છે ત્યહારે પાછા તેના તે જ 'જૈનમિત્ર' બાવા મંદિરની ભક્તિ કરનાર ઉપર કટાક્ષ કરવા લાગી જાય છે ! એમનાથી **આએ** નથી ખમાતું, અને **તેએ** નથી ખમાતું ! તેઓ ગરીબદાસ ઉપર જે બખાળા કહાડે છે તે વ્યર્થ છે: તે તો જેવું **શિખવવામાં** આવ્યું છે તેવું કરે છે. આજે એકંદર જૈન સમાજ ગરીબદાસ છે, **ગરીઓનો** ( અર્થાત્ ગરીબ આત્માઓનો-નિર્માલ્ય કથાકાર આચાર્યોનો ) **દાસ છે.** એકલા દિગમ્બરોમાં જ આમ છે એવું કાંઈ નથી: શ્વેતામ્બર મૂ૦ જૈન કોમના 'જૈનશાસન' પત્રને પણ બૂમ મારવી પડી છે કે, ભાવનગરમાં લગ્નના વરઘોડામાં ભગવાનની મૂર્તિ અને પંચમહાવ્રતધારી સાધુઓની હાજરીનો નવો રીવાજ દાખલ થઈ ગયો છે તેથી ધર્મની હેલણા થાય છે. આ બધા લોકો **'પરિણામ'** ઉપર ગુસ્સે થાય છે તે કરતાં **'કારણ'** ઉપર ગુસ્સો કરતાં શિખે તો **કેવું સારૂં**? જ્યહારથી **વ્યવહાર**માં ધર્મ ઘૂસાડવા માંડયો ત્યહારથી જ આ પવિત્ર ધર્મની હેલણા શરૂ થઇ ચૂકી છે ! રહસ્ય નહિ સ્હમજી શકનારા

સામાન્ય લોકસમૂહને જૈન ધર્મ જેવા લોકોત્તર ધર્મ તરફ ખેંચવા માટે જ્યહારથી પદાર્થો, સ્થાનો, ક્રિયાકાંડ અને ધામધૂમો સાથે 'ધર્મ'નું નામ ઘુસાડવામાં આવ્યું ત્યહારથી ધર્મ પતીત થવા લાગ્યો છે. આકાશની ગંગા નીચે આવે તો મલીન અને ધૂળવાળી થાય એમાં નવાઈ નથી. **'લોકોત્તર' ધર્મને 'લોકધર્મ' બનાવવાની ઇચ્છા કરવામાં આવે તો તે મલીન અને ધૂળવાળો થાય એમાં આશ્ચર્ય શું ?** આજે દુનિયાને **સર્વમાન્ય** ધર્મની 'ઘેલછા' લાગી છે; આખી દુનિયાને રૂચે એવો પોતાનો ધર્મ છે, એમ કહેવામાં બધાને અભિમાન થાય છે; પણ દુનિયામાં વિવિધ પ્રકૃતિઓ, વિવિધ રૂચિઓ અને વિવિધ યોગ્યતાઓ હોઈ કોઈ ઉચ્ચ ધર્મ સર્વમાન્ય બની જ શકે નહિ, અને ઉચ્ચતમ ધર્મ હમેશ થોડાઓ માટે જ હોય. જે ધર્મને ઘણાઓ સ્હમજી શકે કે પાળી શકે તે ધર્મ ઉચ્ચતમ હોઈ શકે નહિ. જ્યહારથી આચાર્યોમાં જૈનધર્મને સર્વમાન્ય સ્વરૂપ આપવાની ઇચ્છા ઉદ્‌ભવી ત્યહારથી 'લોગ'વર્ગને ગમતા ઢોંગસોંગને દાખલ કરવા પડયા અને ત્હેને ધાર્મિક સ્વરૂપ આપવું પડ્યું. જૈન ધર્મનો આત્મા આ પ્રમાણે શનૈઃ શનૈઃ વનકેશરી મટીને ઘેટું બન્યો. બ્રાહ્મણોએ પુરાણો વડે ક્રિયાકાંડ વધારી દીધો અને તુચ્છ'વ્યવહાર'નો ઉચ્ચ 'અધ્યાત્મ' સાથે સંયોગ કર્યો ત્યહારથી જો કે તે ધર્મને માનનારાની સંખ્યા વધી ખરી પણ તે ધર્મનો આત્મા તો આવરાઈ ગયો એમાં શક નથી. આજે પૂર્વના વેદાન્તીનો બળવાન આત્મા આટલા કોડ હિંદુઓ પૈકી કેટલા થોડામાં જોવામાં આવે છે ? એક ધર્મ નિર્માલ્ય પચાસ ક્રોડ મનુષ્યોમાં ફેલાઈને જીવતો રહે તે કરતાં એક ધર્મ થોડા સો અધિકારી મનુષ્યોમાં વસી ત્હેમને પચાસ કોડમાં નવું જીવન રેડનારા બનાવી શકે, એ **વધાર** ઇષ્ટ છે, વધારે અભિમાન લેવા યોગ્ય છે. બ્રાહ્મણોએ વેદધર્મને સર્વવ્યાપક બનાવવાની ધૂનમાં ત્હેને નિર્માલ્ય કરી નાખ્યો, અને જૈનોએ બ્રાહ્મણોની દેખાદેખીથી અનેક નિર્માલ્ય ક્રિયાઓ યોજીને તથા ત્હેમને ધર્મનું ખોખું પહેરાવીને 'ધર્મ'ને ગુંગળાવી માર્યો ! પણ પૂર્વના સમર્થ તત્ત્વવેત્તાઓએ પોતાના સૂર્ય સમાન આગીઆ આત્માનો જે હિસ્સો વિચારો અને ભાવનાઓના શરીરમાં મૂકયો હતો તે હિસ્સો એટલો પ્રબળ છે કે હજી—આટઆટલા ત્હેને ઢાંકી દેવાના અને શિતળ કરી નાખવાના પ્રયત્નો ત્હેના અનુયાયીઓ તરફથી થવા છતાં—એમાં કંઈક ચેતન્ય તો રહી જવા પામ્યું છે. આ ચૈતન્યને હજી બળતા પહાડ જેવાં સૂર્યના રૂપમાં પ્રક-

ટાવી શકાય તેમ છે; પરન્તુ જૈનો તેજ ખમવા તૈયાર છે ? કે હજી તેઓ તે તેજ ઉપર વધારે ને વધારે કચરો નાખ્યા કરી એમાં જ મુક્તિ માનવા ઇચ્છે છે ? હાલની વર્તણુક જોતાં તો........; પણ શા માટે મ્હારે ભવિષ્ય ભાખવું જોઇએ ? મ્હને તેવો અધિકાર નથી; હું માત્ર વસ્તુસ્થિતિ તરફ લક્ષ ખેંચી શકું, લોકોને ત્હેમનો નિર્ણય કરવાને છૂટા જ રાખવા જોઇએ. કોઈ, કોઇને પરાણે મુક્તિ આપી શકે નહિ. વસ્તુસ્થિતિ એવી છે કે, દેરાં—અપાસરા પાછળ મરી પડવાનો પવન ઘટવાને બદલે પ્રતિદિન વધતો જાય છે; ન્હાનામાં ન્હાના ગામમાં જ્યહાં ૨–૪ શ્રાવકો વસતા હોય ત્યહાં પણ ભણ્યાગણ્યા પ્રખ્યાત સાધુઓનાં પગલાં એકવાર થયાં કે ભવ્ય મંદિર અને અપાસરો થવો જ જોઇએ! ( તા. ૭–૪–૧૮ નું 'જૈન' જણાવે છે કે, માળીઆ ગામમાં શ્વે. મૂ. જૈનોનાં ઘર મુદ્દલ નથી; વિજયધર્મ સૂરિજી પધાર્યા; ત્હેમણે વેરાવળ જઇને પંદર મીનીટમાં રૂ. ૨૫૦૦ નું ફંડ માળીયામાં ધર્મસ્થાન કરાવવા માટે ઉભું કર્યું. )એક રાવળીઆને સૂત્રધાર બનાવી એક ઉસ્તાદ ગરીબ વાણીઆએ એકજ જૈનવાળા ન્હાના ગામડામાં દટાવેલી મૂર્તિ કઢાવીને ત્યહાં મ્હોટું તીર્થ બનાવવાની પોતાની ધારણા સફળ કરી; આજે ત્યહાં લાખો રૂપિયાનું પાણી થઈ રહ્યું છે. તે વખતે અગાઉથી પુરી ખાત્રી જાતે કરીને લોકોને જાહેર છાપાની હજારો વિનામૂલ્ય વહેંચાતી નકલો દ્વારા ચેતવવા છતાં લોકોને ધર્મગુરૂઓએ ચેતવા દીધા નહિ. તા. ૯ સપ્ટેમ્બરનું 'જૈન' પત્ર જણાવે છે કે, તે જ પત્રના તા. ૨૬ અગષ્ટના અંકમાં એક જૈન ગોડીના ઘરમાં તોપ જેવા ભડાકા થવાના ચમત્કારની ખબર છાપવામાં આવી હતી તે કોઈ ચમત્કાર નહોતો પણ ત્હેને દવાઓ બનાવવાનો ધંધો હતો તેથી પોટાશની શીશી ફાટવાથી ધડાકો થયો હતો એમ **રાજ્ય** તરફથી તપાસ થતાં જણાયું છે અને ચમત્કારની ગપ્પ દ્વારા ભગવાનના માનીતા બની સ્વાર્થ સાધવા ઇચ્છતા તે જૈન ગોઠીએ પોતે તે બાબતનો લેખિત એકરાર કરવો પડયો છે. જ્યહાં જ્યહાં 'ચમત્કાર' કહેવામાં આવે છે ત્યહાં ત્યહાં **રાજ્ય** તરફથી તપાસ થતી હોય તો પોપલીલા બધી ખુલ્લી થવા પામે. આમ કહીને હું મૂર્તિપૂજકોને મૂર્તિપૂજાથી વિરૂદ્ધ ખેંચી જવા નથી માગતો; બલ્કે જેઓને મૂર્તિપૂજા કરવી જ હોય તેઓ **વધારે શુદ્ધ રીતે** તે કરી શકે એટલા જ ખાતર કહું છું. ઉચ્ચ ભાવના દૃષ્ટિ સમક્ષ રાખવા ખાતર મૂર્તિપૂજાની યોજના કરવામાં આવી હતી,

ઉચ્ચ ભાવનાને 'ચમત્કાર'ની **જરૂર** નથી, અને એ બે વચ્ચે કાંઇ **સં-બંધ** હોઇ શકે નહિ. 'ચમત્કાર' માનવાથી ઉલટું મૂર્ત્તિપરની **શ્રદ્ધાને** નુકશાન થવાનો ભય છે;જેમકે,જો મૂર્ત્તિઓમાં કે પૂજારીઓમાં ચમત્કાર જેવું કંઇ ખરેખર જ હોય તો પછી દેરાસરમાંથી મ્હોટી ચોરીઓ કેમ થવા પામે ? મૂર્ત્તિ અને દેરાસરને લગતા કેસમાં ભક્તો હારે કેમ ? માટે મૂર્ત્તિપૂજાના સિદ્ધાન્તને હરકત ન આવવા પામે એવું ઇચ્છનારાઓએ ચમત્કારની વાતોને ડહાપણપૂર્વક દૂર રાખવી જોઇએ અને પત્રકારોએ તો ખાસ. 'ખબરપત્રીએ લખી મોકલ્યું એટલે છા-પ્યું' એમ કહેવું એ જોખમદારીનું ભાન ન હોવાનો પુરાવો પુરો પાડવા જેવું ગણાય. એક પ્રજાકીય છાપું પણ આવા ખબર છાપતાં વિચાર કરે, તો કોમી છાપાએ પોતાની કોમને લગતા આવા સમાચાર છાપવા પહેલાં બેવાર વિચાર કરવો જોઇએ. વિચિત્ર ખબર છાપવાથી લોકોમાં છાપું આકર્ષણ પામશે એવો, અગર શ્રદ્ધાળુઓ છાપાવાળાથી ખુશ રહેશે એવો ખ્યાલ સમાજના હક્કમાં બહુ નુકશાનકારક છે. ભાવનાની પુષ્ટિ માટે સુકાતી મૂર્ત્તિ ચમત્કાર ઉપજાવી શકે નહિ. પણ મનુષ્ય તો યોગબળથી ચમત્કાર ઉપજાવી શકે એ **બનવા જોગ** છે, તોપણ, જો કોઇ **સ્થાન**કવાશી સાધુએ એવો કંઇ ચમત્કાર કર્યાના ખબર મ્હને મોકલવામાં આવે તો હું તે હરગીજ છાપું નહિ અને પુરી તપાસને પરિણામે મ્હને ખાત્રી થાય તો છાપું પણ તે સાધુની તારીફના રૂપમાં નહિ પણ ઝાટકણીના રૂપમાં; કારણ કે ધર્મ કે યોગ કંઇ ચમત્કાર માટે નથી. એ કાંઈ વેવલા–નમાલા લોકોને એકઠા કરી તાળીઓ પીટાવવા માટે નથી.

માત્ર મૂર્ત્તિના જ નામે ચમત્કાર થાય છે અને ચમત્કાર ખ-ચાળ થઈ પડે છે એમ નથી, સાધુઓ પણ ચમત્કાર જણાવવા અને પૂજાવા કે બીજા સ્વાર્થ સાધવા બહાર પડે છે. તા. ૧૭–૨–૧૮ નું 'જૈન' પત્ર જણાવે છે કે, 'હાલ અત્રે પુના કાંપમાં **સાક્ષર શી-રોમણી મહાન** જયચંદ્ર મહારાજ **સાહેબ** પધાર્યા છે.... **મહારાજ સાહેબ અપરા જીતા મહાવિદ્યાથી પલેકની સાંતિ કરી શકે છે.** " ખબરપત્રની ભાષા શુદ્ધ કરવા જેટલી પણ જોખમદારી ન સ્વીકારનાર પત્રકાર ખબરનું ખરાપણું તથા તે પ્રગટ કરવાથી સમા-જને લાભ છે કે ગેરલાભ તે વિચારવાની જોખમદારી તો સ્વીકારે જ કેમ ? એ જ 'જૈન' પત્રમાં એક વખત પ્લેગથી હિંદમાં દર અઠવાડીએ કેટલા હજાર માણસો મુઆ ત્હેના સમાચાર છાપ્યા હતા;

તો પછી નાહક શા માટે લોકોને મરવા દો છો? 'સાક્ષર-શિરોમણિ મહાન જયચંદ્ર મહારાજ સાહેબ' ની હયાતીમાં અને એમની અપરાજીતા (કે અપરાધીતા) મહાવિદ્યા કાયમ છતાં શા માટે લાખો હિંદીઓએ અને હજારો જૈનોએ પ્લેગથી મરવું જોઇએ? એક સાધુ માત્ર બે પૈસાના કબ્બ્હરનું ખર્ચ (અને તે પણ શ્રાવકોના હિસાબે અને જોખમે) કરવાથી અને એક પત્રકાર માત્ર એક કલમના બે ગોદાથી સેંકડો ભોળા લોકોને પુના સુધી દોડાવશે, જાહેરમાં ન મૂકી શકાય એવાં કંઇ કંઈ ખર્ચો લોકો કરી બેસશે અને ખુવારી સાથે મિથ્યાત્વનો પોટલો બાંધશે. ગયું કંઇ છાપાવાળાનું કે સાધુનું? એક સ્થાનકવાશી મુનિ પ્રસન્નચંદ્ર પણ એવા જ ચમત્કારી છે! પોતાના નામની આગળ તેમજ પાછળ જૈનાચાર્ય, પંડિત, પ્રભાકર આદિ અનેક પૂંછડાં લગાવી તેઓ લોકોને પોતા તરફ ખેંચી શકે છે અને ધન કમાવવાની ચમત્કારી સહાય કરી શકે છે! જોખમદારીના ભાન વગરના પત્રકારો આવાઓને જાહેરાત આપનાર થઇ પડે છે. ધૂર્તોનું અને મિથ્યાત્વનું જોર આજે વધ્યું હોય તો તે છાપાંઓ, પુસ્તકો અને સીનેમેટોગ્રાફોથી જ વધ્યું છે. મિથ્યાત્વ, વહેમ, ઠગાઈ સર્વ કંઇ અનાદિ કાળનાં છે: 'સોનેરી જમાના' માં હેનું અસ્તિત્વ નહોતું એમ કંઇ નથી; પરન્તુ એનો પ્રચાર અને વિજય એ વખતે આજના જેટલી ત્વરાથી અને બહોળા વિસ્તારમાં થઈ શકતો નહિ.

તીર્થોને લગતી મુકદમાબાજીમાં આજકાલ જે તીવ્રતા અને ધમાલ જોવામાં આવે છે તે પણ જનસમાજ સમક્ષ એક ભયંકર ભાવના ખડી કરવા બરાબર થાય છે. ઉચ્ચ ભાવનાના સાક્ષાત્કાર માટે મૂર્ત્તિ સ્થાપવી અને એ જ મૂર્ત્તિના નામે કલહની ભાવના ફેલાવવી એ પોતાના લક્ષ્યબિંદુને ખોટું પાડવા જેવું આચરણ છે. અને આશ્ચર્ય તો એ છે કે જેઓ મૂર્ત્તિને ચુસ્તપણે માને છે તેવા જ આ કલહની ઉશ્કેરણી કરે છે! હું નથી કહેતો કે દિગમ્બર કે શ્વેતામ્બર પત્રકારોએ પોતપોતાની કોમને પોતાના હક્ક ગુમાવવાની સલાહ આપવી; એટલી ઉચ્ચ ભાવના તો ગાંધી જેવા મહાત્મા જ શિખવી શકે, અને ખેડાના ખેડૂત જેવા સરલ જીવો જ શિખી શકે. આપણને તો જૈન કૂળમાં જન્મ્યા ત્હારથી—બહુ તો અમુક તીર્થની યાત્રા કરવા પગ ઉપાડયો ત્હારથી—અને એથીએ આગળ વધીએ તો

અમુક મંદિર બંધાવ્યું ત્યારથી દેવલોકનું વચન મળી જ ગયું **છે,** એટલે પછી ભાઈભાઈની સાથે લડાઈ કરીએ તો પણ વાંધો **નથી!** સુલેહની આટલી બધી ખટપટ ચાલવા છતાં જૈનપત્રકારો એક મુખેથી સુલેહની જરૂરીઆત ગાય છે અને બીજે મુખેથી સ્હામા પક્ષને જૂઠા—બીજાના હક્ક ઉપર તરાપ મારનારા—અને એવાં કોડીબંધ તહોમતોથી નવાજી પોતાના પક્ષને લડવા ઉશ્કેરે છેઃ આ શું સુલેહની દાનત છે? કોઈ પત્રકારે કે ઉશ્કેરણી કરનાર સાધુ, પંડિત કે શેઠીઆએ પરસેવો વાળીને રળેલા **પોતાના** પૈસે કેસ ચલાવ્યા છે ? પૈસા પારકા, લડનારા વકીલ પારકા, ફક્ત 'ધર્મરક્ષણ માટે કેવા લાગણીવાળા **છે?**' એવી વાહવાહ **પોતાની** થાય ! તાણ જ **પ્રમાણિકતાની** છે. ક્યાં છે પ્રમાણિક પત્રકારો, પ્રમાણિક સાધુઓ, કે પ્રમાણિક અગ્રેસરો ?

મૂર્ત્તિ અને સાધુ એ પવિત્ર રહે એવી જ્હેને **જીગરની** ઇચ્છા હોય, એમના ઉપર લોકગણની શ્રદ્ધા **બની** રહે અને ઉલટી **મજબૂત** થાય એવી જો ખરેખર ઇચ્છા હોય તો, એ બન્ને તથા લોકસમૂહ વચ્ચે **પુરતું અંતર** રાખવું જોઈએ. **અતિ પરિચય, અતિ સાન્નિધ્ય શ્રદ્ધાને બાધક થાય છે.** લગ્નના વરઘોડામાં તો શું પણ ધર્મના વરઘોડામાં પણ મૂર્ત્તિ અને સાધુને સામેલ રાખવાથી ત્હેમના તરફનું **બહુમાન** ઓછું થઈ ભક્તિની શિથિલતા થવા પામે છે. ઉચ્ચ તત્ત્વોને અને ઉંચા પદાર્થોને સામાન્ય પદાર્થો બનાવો તથા મનુષ્યોના સહવાસથી ખમવું જ પડે છે. જે જે ચીજમાં 'પવિત્રતા' 'આરોપ'વાની જરૂર લાગે તે દરેક ચીજ તરફ awe and veneration ની લાગણી ઉત્પન્ન કરવી જોઈએ, અને અતિ પરિચય કોઈ રીતે થવા દેવો ન જોઈએ. Awe ગયું એટલે પવિત્રતાનો 'રંગ' પણ ગયો સમજજો. વરઘોડા અને ધામધૂમો વડે 'ભક્તિ' વધારવા ઇચ્છનારાઓ **આ માનસશાસ્ત્રનો સિદ્ધાન્ત** નહિ જાણવાથી ભક્તિને બદલે અભક્તિ વધારનાર થઈ પડે છે. અસલના વખતમાં સાધુઓ વસતિથી અલગ જ રહેતા અને કોઈ કોઈ વખતે લાભ આપવા આવતા તો પણ શહેર બહારના ઉદ્યાનમાં જ ઉતરતા, અને મંદિરો પહાડ ઉપર જ બંધાતાં, એનો આશય ઉપર કહેલા માનસશાસ્ત્રના કિંમતી સિદ્ધાંતને અનુસરતો હતો. આજે એ પ્રથા ફરી દાખલ થાય તો દ્રવ્યે અને ભાવે—બન્ને રીતે—લાભ થાયઃ (૧) મંદિરો અને સાધુઓની સંખ્યા મર્યાદિત થાય (અને તેથી ત્હેમના પ્રત્યેની ભક્તિ **વધારે** તીવ્ર **થાય**) તથા (૨) જંગલમાં રહી ન શકે એવાઓ સાધુ બનતા અટકી જવાથી અને ગામડે ગામડે નવાં મંદિરો બંધાવવાનું બંધ **થવાથી** જૈન સમાજની તાત્કાલિક જરૂરીઆતો પૂરવાનાં સાધન **વધારે** ફાજલ

શકી શકાશે. મોક્ષ, દીક્ષા, પૂજન વગેરે ઉંચી ‘ભાવના’ઓને જેટલું સસ્તાપણું અને સાન્નિધ્ય આપવામાં આવે છે તેટલું વધારે નુકસાન છે.

‘જૈનમિત્ર’ના પુરાણપ્રેમી સમ્પાદક મહાશયને, ગરીબદાસે મંદિરમાં હજારો રૂપિયા ખર્ચ્યા અને વિદ્યાદાનમાં કાંઇ ન આપ્યું, એ માટે ખેદ થાય છે; પણ ‘જૈનમિત્ર’નો કે હરકોઈ દિગમ્બર કે શ્વેતામ્બર પત્રનો કોઇ પણ અંક લઇને જુઓ કે એમાં મંદિરો, દેરાસરો, યાત્રાઓ, લ્હાણીઓ, ઇત્યાદિ પાછળ થતી ન્હાની મ્હોટી ધાંધળો અને ખર્ચોના કેટલા બધા અને કેવા લાંબા સમાચારની ભરમાર છે, દરેક અંકમાં એક યા બીજા ગામના લોકોની એવાં કામો માટે પૈસાની કેટલી બધી અપીલો છપાય છે; શું આવું **નિરંતર** અપાતું વાચન **બીજું** પરિણામ ઉપજાવી શકે? ૧૦ મણ ઘી બોલનારનું, પાંચ રૂપીઆનાં પતાસાંની પ્રભાવના કરનારનું, અમુક મહારાજ બહાદુરનાં દર્શન કરવા જનારનું અને ‘પ્રતિષ્ઠા’ કરાવનારનું નામ છાપામાં છપાય એટલે પછી અપઢ લોકો છાપાની વાહવાહ ખાતર પણ એ જ કરવા લલચાવાના. જૈન પત્રકારો જો **નવાં** મંદિર બંધાવાની અને ધામધૂમો પાછળ ખર્ચ કરવાની **ખરેખર જ** વિરૂદ્ધમાં હોય તો હેમણે પ્રતિજ્ઞા લેવી જોઇએ છે કે તેઓ હવે પછી એવા સમાચાર નહિ જ છાપે અને છાપશે તો એ પ્રવૃત્તિઓ અટકાવવાની સલાહના રૂપમાં જ છાપશે. રા. ચુનીલાલ છગનલાલ શ્રાફ નામના એક શ્વે૦ મૂ૦ સદ્‌ગૃહસ્થ બળતા હૃદયે શ્વે૦ પત્ર દ્વારા જણાવે છે કે, “દક્ષિણ મહારાષ્ટ્રમાં આશરે ૧૦૦ વર્ષથી ગુજરાતી અને મારવાડી શ્વે. જૈન ભાઇઓ વ્યાપાર નિમિત્તે આવવા લાગ્યા છે. ગુજરાતી ભાઇઓ મહારાષ્ટ્ર અને દક્ષિણ મહારાષ્ટ્રનાં ગામડાંઓમાં વધારે પ્રમાણમાં છે. તેઓ અહીં ઘર કરીને રહ્યા છે અને ભાષા અને પોશાક પણ આ જ દેશનો સ્વીકાર્યો છે. ઘરોઘર કુંવારા પુરૂષો આખો જન્મ લગ્ન વિનાના રહેલા હોવાથી **ઘણો જ અનાચાર વધેલો છે. બાળવિધવાઓની સંખ્યા પણ ઘણી જ વધેલી છે.** ઘણાખરા ગામોમાં કુંવારા પુરૂષો મરણ પામવાથી સેંકડો ઘરે **તાળાં** વસાણાં છે ને **કોમની સંખ્યા હદ ઉપરાંત ઘટયે જ જાય છે.** તેથી **હજારો-લાખોના ખર્ચે બંધાવેલાં જીનાલયોની પૂજા પણ ભવિષ્યમાં થશે કે કેમ તે પ્રશ્ન છે.** ગામડાઓમાં તેમજ મોટાં ગામોમાં દેરાસરો થયેલાં છે અને **નવીન થતાં જાય છે,** પણ વિવેકની ગેરહાજરીમાં પૈસાનું પાણી થાય છે; કારણ કે ગામડાંઓમાં બે કે ત્રણ ઘર પણ આપણાં જે ઠેકાણે નથી તેવે ઠેકાણે હજારો રૂપિયા ખર્ચી

જિનાલયો બાંધેલાં અને પ્રતિષ્ઠા વખતે નોકારસીના જમણનું પ્રમાણ પણ હદ ઉપરાંત વધેલું. કોઇ કોઇ ગામોમાં જ્યાં હજારોના ખર્ચે જિનાલયો બાંધેલાં છે તે ઠેકાણે હાલ આપણી વસ્તી પણ રહેવા પામી નથી. ”—અને ધ્યાનમાં રહે કે આ ફેરફાર સો વર્ષની અંદર અંદરમાં થયો છે. ૧૦૦ વર્ષ ઉપર જ શ્વે. જૈનો ત્હાં રહેવા ગયા હતા અને રળતા ગયા તેમ તેમ ધનનો લ્હાવો લેવા માટે મંદિર ઉપરાંત મંદિર બંધાવતા ગયા અને પછી ૪૦–૫૦ વર્ષમાં મંદિરને સાચવનાર જ કોઈ રહ્યું નહિ; અને તે છતાં હજી નવાં મંદિર બાંધવાનો જૈનીઓ બંધ પડ્યો નથી—હજી એમનાં ‘તાળાં વસાતાં’ ઘરોને ખોલવાની અર્થાત્ કન્યાપ્રાપ્તિની અને વધતી જતી વિધવાઓની મુશ્કેલી દૂર કરવાની કોઇ સાધુને કે પત્રકારને કે આગેવાનને કે કૉન્ફરન્સને સ્વપ્નમાં પણ ઇચ્છા થતી નથી. હું તો અંતઃકરણથી માનુંછું કે સાચી દયા જ સાધુઓ અને અગ્રેસરોના હૃદયમાંથી પ્રાયઃ મરી ગઇ છે; નહિ તો સમાજ મરતો હોય તે જોયા કરવા અને નકામી ધામધુમો પાછળ ત્હેમને વધારે ખુવાર કરવા તેઓ કોઇ દિવસ પ્રેરાય નહિ. આ જગાએ મુક્તિફોજ કે આર્યસમાજ જેવી સંસ્થાઓ આશ્ચર્યજનક કામ બજાવી શકે. મ્હને ભય છે કે મૂર્ત્તિ અને સાધુપદનો **આટલી હદ સુધી વધતો જતો દુરૂપયોગ** આખરે અન્ય ધર્મીઓને જૈનોને વટલાવવામાં ફતેહમંદ બનાવનાર થઇ પડશે.

‘**જૈન**’ પત્રના તા. ૯ **સપ્ટેમ્બર** ૧૯૧૭ ના અંકમાં એક ધંધુકા તાબાના ગામની જૈનશાળા જાહેર કરે છે કે “ **શ્રાદ્ધવિધિ** પુસ્તક પાના ૧૫૨ માં લખેલું છે કે જીનેશ્વર ભગવાનની પૂજા કરનાર પશ્ચિમ દિશાએ મુખ રાખી પૂજા કરે તો તે માણસની ચોથી પેઢીએ **કૂળક્ષય** થાય, તથા દક્ષિણ દિશાએ મુખ રાખે તો તે માણસને આગળ **સંતતીની વૃદ્ધિ થાય નહિ,** અગ્નિકોણ તરફ મુખ રાખે તો **ધન હાનિ** થાય, વાયવ્ય તરફ મુખ રાખે તો **સંતતી ન થાય,** નૈઋત્ય તરફ મુખ રાખે તો **કૂળક્ષય** થાય, ઇશાન તરફ મુખ રાખે તો સંતતી બીલકુલ **ન** થાય....આ પ્રમાણે લખેલું છે, તો અમારા ગામે શિખરબંધ દેરાસર છે, દેરાસરનું બારણું ઉત્તર તરફનું છે તેમજ પ્રભુ પ્રતિમાઓ છે તેમનું સુખ પણ ઉત્તર તરફ છે, તો અમો સર્વ પૂજા કરનારનાં મુખ દક્ષિણ દિશામાં જ રહે તે સ્વાભાવિક છે, તો આ બાબતનું અમને જ્ઞાન નહિ હોવાથી કોઇ વિદ્વાન શ્રાવક અથવા મુનિમહારાજ આનો ખુલાસો આપશે તો ઉપકાર થશે. ” હવે હું પૂછીશ કે, શું આ બુદ્ધિવાદના જમાનામાં આવાં ચર્ચાપત્રો છપાવાં જોઇએ ખરાં ? ‘ **શ્રાદ્ધવિધિ** ’ ગ્રન્થમાં એમ લખેલું છે તે મ્હેં વાંચ્યું

છે, અને અમુક શ્રાવકે પત્રકારને આ ચર્ચાપત્ર છાપવા લખેલું તે વાત બહુ સાચી જ હશે; પરન્તુ જગાની તંગીવાળા ન્હાના પત્રમાં આવી બાબત છાપવા કરતાં અધિપતિએ સામાન્ય અક્કલથી બારોબાર જવાબ લખી વાળ્યો હોત તો કેટલું સારૂં થાત, કે–"બંધુઓ! લેશ માત્ર શંકા કે ભયમાં પડશો નહિ. ભગવાન–અને ત્હેમાં પણ જે ધર્મના પાયામાં દયા છે તેવા આપણા જૈન ધર્મના ભગવાન–કોઇ દિવસ કોઇનો ક્ષય કરે નહિ અને તેવા દયાસાગર ભગવાનના આસ્તિક દેવો પણ કોઇનો કૂળક્ષય કરે નહિ કે ધનહાની કરી દુઃખી કરે નહિ; અને **ખાસ** કરીને ત્હેમની **ભક્તિ** કરનારને તો પજવે નહિ જ. માટે તમે નિર્ભયપણે ભગવાનની ભક્તિપૂજા કર્યા કરજો અને 'કોઈ વિદ્વાન શ્રાવક અથવા મુનિમહારાજના ખુલાસા' ના મોહમાં પડી નાહક મંદિરમાં ફેરફારની ખટપટ અને ખર્ચ વહોરશો નહિ. તમે જ્યહારે દેરાસર બંધાવ્યું હશે ત્યહારે પણ વિદ્વાન (!) સાધુ પોતે બંધાવવામાં શામેલ હશે તે છતાં હવે શંકા શા માટે કરોછો? 'શ્રાદ્ધ-વિધિ' ને ખોટી માનશો તો ત્હેના લેખક જે મહાન ધર્મગુરૂ હતા ત્હેમના તરફ અવિનયનો દોષ થશે, અને 'શ્રાદ્ધવિધિ' ને સાચી માની કોઇની સલાહ પૂછશો તો તમારૂં મંદિર બંધાવનાર સાધુજીનો અવિનય થશે. માટે સાચ–જૂઠનાં પીંજણમાં ન પડતાં ફક્ત દયાળુ દેવ સદાકાળ સર્વ દિશામાં અને કોઇ પણ રીતે ભક્તિ કરનારને પવિત્ર જ કરે છે એ શ્રદ્ધામાં અડગ રહી આત્માર્થ સાધો." પત્રકારે કાં તો આવો ખાનગી ઉત્તર આપીને બેસી રહેવું જોઇતું હતું, અગર તો, જો તે ખરેખર સમાજહિતની આગવાળો હોય તો, ચર્ચાપત્રની નીચે "શ્રાદ્ધવિધિ'ના આવા ફતવાના ચૂરેચૂરા થાય એવો ખુલાસો પોતાની તરફથી છાપવો જોઇતો હતો; પણ પ્રશ્ન છાપીને બેસી રહેવું જોઇતું નહોતું. અસ્તુ, પત્રકારો કેવું કર્ત્તવ્ય પસંદ કરશે તે સવાલ અત્રે મહત્વનો નથી, અત્રે સવાલ એ છે કે ક્રિયાકાંડની સાથે કૂળક્ષય અને કૂળવૃદ્ધિ, ધનક્ષય અને ધનવૃદ્ધિ આદિ ભય અને લાલચો ઘુસાડવાથી જૈનાચાર્યોએ જૈનધર્મની સેવા બજાવી છે કે ત્હેને ઇજા પહોંચાડી છે? પંડિત જુગલકિશોરજી અને બીજા જે ગણ્યાગાંઠયા દિગમ્બર વિદ્વાનોએ આવા મુદ્દાઓ તરફ સમાજનું લક્ષ ખેંચ્યું છે તે માટે ત્હેમનો આભાર માનવાને બદલે 'જૈનમિત્ર' જેવાં જે પેપરો ત્હેમના સ્હામે "ક્રુઝેડ' ચલાવવા કટિબદ્ધ થયાં છે ત્હેમને એટલો જ જવાબ બસ છે કે અત્યાર સુધી હાથનાં કર્યાં હૈયે વાગ્યાં છે અને હવે વળી વધારે વાગશે.

# [૧૬] આનું નામ તે પ્રમાણિકતા !

કેટલાક ધર્મી જીવડા સમાજહિતકારી સલાહ અને હીલચાલને નિંદવા અને કોળાહળ કરવા લાગી પડી સમાજમાં ઐક્યની જગાએ કુસંપ કરાવી બેસે છે; તેવા વખતમાં એક અમ્બાલાનિવાસી બનારસીદાસ, જૈન નામના પંડિતે 'જૈનમિત્ર' દ્વારા દિગમ્બર કૉન્ફરન્સને અરજ કરી છે કે, (૧) વિધવાવિવાહની હીલચાલને અટકાવવા માટે, (૨) દિગમ્બર જૈન ધર્મના સંરક્ષણની પ્રવૃત્તિ માટે તથા (૩) હાનીકારક રીતરીવાજને તોડવા માટે કૉન્ફરન્સે જૂદી જૂદી ત્રણ કમીટીઓ મુકરર કરવી અને તે કમીટીઓએ તે ત્રણે કામ માટે દરેક પ્રાન્તમાં ત્રણ ત્રણ સભાઓ કાયમને માટે સ્થાપીને સતત ઉપદેશ અને હીલચાલ કરવી. આ સૂચનાને હું પ્રમાણિક અને હૈવતવાળી માનું છું, અને હેને ખરા જીગરથી અનુમોદન આપું છું. વરઘોડા કે ફરજ્યાત વૈધવ્ય વિરૂદ્ધ અભિપ્રાય આપનાર સ્હામે ધૂળ ઉડાડવાથી કાંઈ દહાડો વળવાનો નથી, પણ જે અભિપ્રાયો સમાજને હિતકર નથી એમ લાગતું હોય અને જ્હેનો પ્રચાર અટકાવવાની જરૂર જ લાગતી હોય ત્હેની સ્હામે નિયમબદ્ધ સુવ્યવસ્થિત અને કાયદેસરની લડત ('ક્રુઝેડ') ચલાવવી એ જ જરૂરનું છે. ફરજ્યાત વૈધવ્યમાં જ સમાજનું હિત છે એવી **માન્યતા હોવી** એ કાંઈ અપ્રમાણિકતા કે ગુન્હો નથી; પરન્તુ એવી માન્યતા જો ખરેખર જ હોય તો વિધવાલગ્નની હિમાયતને લોકપ્રિય થતી જોવા છતાં માત્ર ગાળો દઈને બેસી રહેવું એ ખરેખર સમાજનો દ્રોહ કરવા સમાન ગુન્હો જ ગણાય. હું પોતે વરઘોડા અને ધાર્મિક ધૂમધામો તથા ફરજ્યાત વૈધવ્યની વિરૂદ્ધ મત ધરાવું છું અને હમેશ એ જ મત ફેલાવું છું, પરન્તુ મ્હને એ મતની વિરૂદ્ધ બીજાઓ પોતાનો પ્રમાણિક મત મક્કમપણે જાહેર કરે અને પદ્ધતિસરની લડત ચલાવે એ જોઈને જેટલો આનંદ થાય તેટલો ત્હેમની ચુપકીથી થતો નથી.એ વિજયમાં આનંદ શો છે કે જે **સોંઘી કિમતે**મળતો હોય ? લડવૈયામાં બે તત્ત્વોની જરૂર છેઃ(૧) જે સિદ્ધાંત માટે લડવું હોય તે સિદ્ધાત–પછી તે બીજાને મન ભલે ખોટો દેખાય—સાચો હોવાની **પોતાને** શ્રદ્ધા હોવી જોઈએ,અને(૨)એ સિદ્ધાન્તના વિજય માટે **પેટ ભરીને** લડવાની ત્હેનામાં **'આગ'** હોવી જોઈએ, પ્રચલિત શબ્દોમાં કહું તો–'સત્યાગ્રહ' હોવો જોઈએ. સહેજમાં થાકી જાય, કંટાળી

જાય, નમી જાય એવા માણસો જ સમાજને માટે ભયંકર છે. આવી લડાઈ બન્ને પક્ષને અને આખરે સમાજને પણ હિતાવહ છે. લોકોમાં તેથી આજસુધીનું મુડદાલપણું છે તે દૂર થઇ કંઇક જાગૃતિ, કાંઇક ચેતન્ય આવશે. પરિણામે ભલે વિધવાલગ્નનો પક્ષ હારે કે ફરજ્યાત વૈધવ્યના સિદ્ધાન્તનો પક્ષ હારે, પરન્તુ હાર–જીતનું છેવટનું પરિણામ આવતા સુધીમાં બન્ને પક્ષ તરફથી જે દલીલો રૂપી અસ્ત્રશસ્ત્રનો ઉપયોગ થયો હશે તેથી લોકોનાં માનસિક શરીર મજબૂત રીઢાં–તો જરૂર થશે અર્થાત્ એક ચીજની અનેક બાજુ બુદ્ધિપૂર્વક તપાસવાની શક્તિ તેઓમાં જરૂર આવશે; અને એવી શક્તિ એકવાર સમાજમાં દાખલ થઇ તો તે પછી નાશ પામવાની નહિ જ. આજના માણસો મરી નવા જન્મશે, પણ બુદ્ધિપૂર્વક વિચાર કરવાની શક્તિ તો કાયમ જ રહેશે અને વધારે ને વધારે ખીલતી જશે. બીજો લાભ એ થશે કે, વિધવાલગ્ન તરફ લોકો ખેંચાઇ જાય તેમ થતું અટકાવવા માટે વિધવાલગ્નની સ્હામી પાર્ટીએ બાળલગ્નો અને વૃદ્ધલગ્નો અને કન્યાવિક્રય અને કજોડાં અને અતિ સંકુચિત કન્યાવ્યવહાર આદિ ઉઘાડી બદીઓને રોકવા તનતોડ **કોશીશ કરવી પડશે**, એ પણ લાભમાં જ લેખું છે. **પ્રમાણિક અને જીગરથી લડાતું દરેક યુદ્ધ મનુષ્યનું હિત જ કરે છે.** ગાળો અને નિંદા સમાજને તેમજ વ્યક્તિને નુકશાન કરે છે. ખરી વાત તો એ છે કે, ધર્મ–ધર્મની બૂમો પાડનારાના **હૃદયમાં** ધર્મ જ નથી, નહિ તો તેઓ ધર્મરક્ષા માટે પ્રમાણિક અને કાયદેસરનું યુદ્ધ કરવા કટિબદ્ધ થયા વગર રહી શકે જ નહિ. માત્ર બાળકો, બૈરીઓ અને પાવૈયાઓ જ **બબડી** શકે; મરદો અને વ્હેમાં પણ ક્ષત્રીયવંશી તીર્થંકરોના તનુજો અર્થાત્ જૈનો તો **લડી** જ શકે અને માથું બાજુએ મૂકીને લડી શકે. એ સત્યાગ્રહ—એ ઉચ્ચ લડાયક તત્ત્વ—ગમે તે ભોગે પણ ફરી દાખલ થતું હોય તો સંતોષ લેવા જેવું છે. આજન્મ બ્રહ્મચર્યને જ સર્વોત્તમ માનનારો હું ખામોખાં વિધવાલગ્નની હિમાયત જ માત્ર નહિ પણ પ્રચાર માટે કૂદી પડયો છું અને હજી જો વિધવાલગ્ન વિરૂદ્ધ નિયમિત લડાઇ શરૂ કરવાનું જાહેરનામું પ્રગટ થશે તો વિધવાલગ્નોને ઉત્તેજન અને આર્થિક સહાય આપવાની યોજના પણ તૈયાર કરીશ, કે જેથી મ્હારા તે પ્રયાસને નિષ્ફળ કરવા માટે **એટલા** જ બલ્કે **એથીએ વધારે** બળથી—વિધવાલગ્ન વિરૂદ્ધની પાર્ટીને પોતાનું મિશન ફેલા-

વવાની ફરજ પડે. હારવા તેમજ જીતવામાં–બન્નેમાં–મ્હને **આનંદ** છે અને સમાજને **લાભ** જ છે. કૉન્ફરન્સો ચીડાયા કરે અને 'આ સભા બાળલગ્નને બંધ થયેલાં જોવા ઇચ્છે છે' એવા ઠરાવ (!) પસાર કર્યા કરે એથી શું દહાડો વળવાનો છે? નિયમબદ્ધ કામ કરવાને એક ધરખમ કમીટી સ્થાપવી જોઇએ, અને કમીટીએ ઉપદેશ માટે ગામેગામ સમર્થ વક્તાઓ મોકલવા જોઇએ, એટલું જ નહિ પણ ગામના મુખીઆઓને મળીને કૉન્ફરન્સના આગેવાનોના નામથી ત્હેમના ઉપર દબાણ કરી બાળલગ્નાદિ વિરૂદ્ધ પ્રતિબંધ કરાવવા જોઇએ. માત્ર 'આમ ઇચ્છીએ છીએ–અને તેમ પસંદ કરીએ છીએ' એવાં ફારસોથી કાંઈ વળવાનું નથી. અને કૉન્ફરન્સો એવી 'ઇચ્છા'ઓ કરતી રહે ત્હાં સુધી અમો કે જેઓના દીલમાં ખાત્રી છે કે સાધુઓ અને આગેવાનો બાળલગ્નાદિ ઉપર કહેલા સડા દૂર કરી **શકવાના જ નથી**, તેવા અમો એ સડા દૂર થવાની મૂર્ખતાભરી રાહ જોઈ બેસી રહી વિધવાઓને મરવા દેવા કરતાં વિધવાલગ્નનો પ્રચાર કરવાનું કર્ત્તવ્ય જ જોરશોરથી કર્યા કરવાના. અમારી એ પ્રવૃત્તિ જેમને ભયંકર લાગતી હોય તેઓએ **વગર વિલંબે** જાગવું જોઇએ અને સમાજને સડામાંથી છોડવવા અને વિધવાલગ્ન જેવી કડવી–ન છૂટકે ખાવી પડતી–દવાથી બચાવવા કમર કસવી જોઇએ. તેઓ બાળલગ્ન, કજોડાં, કન્યાવિક્રય, સો સો ઘરની સંકુચિત મર્યાદા વગેરે બલાઓ દૂર કરે પણ નહિ અને અમને વિધવાલગ્નરૂપી કડવી દવા વાપરવા પણ દે નહિ, એ તો સમાજને ઇરાદાપૂર્વક મારવા જેવું જ કહેવાય. કડવી દવા પસંદ ન હોય તો હોમોપથીની મીઠી દવા પુરી પાડો, અગર 'મૅન્ટલ હીલીંગ' (માનસિક પ્રયોગથી દરદ મટાડવાની વિદ્યા) વડે દરદ મટાડો, અથવા યોગવિદ્યાથી આરામ કરો, નેચરોપથીથી આરામ કરો, અગર ગમે તે રીત કે જે **ત્હમને** પસંદ હોય તે વડે રોગની ભયંકર સ્થિતિ આગળ વધતી તો અટકાવશો કે માત્ર કડવી દવાને ગાળો જ દીધા કરશો અને 'આરામ થઈ જાય,' એવી બાલીશ 'ઇચ્છાઓ'માં જ રમ્યા કરશો? એમાં સમાજનું કાંઈ વળ્યું?

# [૧૭] 'જૈનમિત્રને સમર્પણ !

**દિગમ્બર** 'જૈનમિત્ર' પત્ર કે જે ફરજ્યાત વૈધવ્યથી થતા ગેરલાભ ઉપર યુક્તિ બતાવનાર દરેક વ્યક્તિ ઉપર ગાળીપ્રદાનનો ધંધો લઈ બેઠું છે ત્હેને, **ત્હેણે પોતે** છાપેલા સમાચાર સમર્પિત કરૂં છું ! તા. ૧૭ **માર્ચ**ના અંકમાં મિત્ર લખે છે કે, **સિવનીનિવાસી રાયબહાદૂર** શેઠ **પૂરણસાહજી**ના ૧૫ વર્ષની ઉમરના પુત્ર **શિખર** ચંદજી ગુજરી ગયા છે; ત્હેનું લગ્ન ૩ વર્ષ ઉપર એટલે ૧૨ વર્ષની ઉમરે **લલીતપુર**ના એક ધનાઢ્ય ગૃહસ્થની બાલક પુત્રી સાથે થયું હતું, જેનું વય હાલમાં ૧૦ વર્ષનું છે.

અલબત આ ખબર ગમે તેવા પથ્થરના હૃદયને પણ પીગળાવે તેવા છે. દુઃખથી આકુળવ્યાકુળ થયેલો '**મિત્ર**'નો ખબરપત્રી લખે છે કે "હે કાલ! તું આવા જ ગજબ કરે છે કે ? શ્રી **જીનેન્દ્ર** દેવને પ્રાર્થના કરૂં છું કે બન્ને **શ્રીમાનો**નું દુઃખ **શીઘ્ર** નાશ **પામો** ! ત્હેમના આત્માને એટલું બળ આપો કે જેથી તેઓ ધૈર્ય ધારણ કરે !" અરેરે, દુનિયાની લીલા તો જુઓ કે એક **શ્રીમંત**ના ઘેર દુઃખ આવ્યું ત્હારે કાળને 'ગજબ કરનારો' વગેરે શબ્દો લખવાનું અને નિષ્ક્રિય જિનેન્દ્ર દેવને—મદદે દોડવાની—પ્રાર્થના કરવાનું સૂઝયું; પણ એવા તો ગજબ એક લાખ જૈનોના ઘરમાં થઈ ચૂક્યા છે અને દરરોજ થયા કરે છે; ત્હેને માટે જિનેન્દ્ર દેવને કેમ કોઈ યાદ કરતું નથી ? **ભારત**માં દશ વર્ષની **લાખો** કન્યાઓ રંડાઈ છે ત્હેને માટે કોઈ કેમ આંસુ પાડતું નથી ? ઓ વજ્રનાં હૃદયો ! કર્મમલરહીત જીનેન્દ્ર દેવને ત્હમારી પોતાની મૂર્ખાઈઓ ઉપર દયા ખાવા અને આંસુ પાડવા આમંત્રણ આપનારા ઓ 'મિથ્યાત્વી'ઓ ! આવા ને આવા ઢોંગ ક્યહાં સુધી હવે ચલાવશો ? ત્હમને શું લાખો દશ દશ વર્ષની વિધવાઓની દશા બે મીનીટનાં જૂઠ્ઠાં આંસુ જેટલી જ કિંમતની લાગે છે કે ? ત્હમારે મન આ **શું** તમાસો કે એક **પાંડિત્યની ચર્ચા** માત્રનો વિષય જણાય છે કે ? પેટમાં ભૂખની આગ લાગે, આકાશ આખું ફાટવા લાગે, તે વખતે પવિત્રતાની માની લીધેલી ભાવનાઓની ચર્ચા માત્રથી જ તે આગ બુઝાવવાની અને આકાશ સાંધવાની ત્હમે આશા આપો છો કે ? ઓ નિર્દયો, ત્હમારી ચર્ચા પુરી પણ ન થાય અને નવી નવી

બાળકીઓ રંડાતી બચે પણ નહિ એમ જ ત્હમે ઇચ્છો છો કે? બાલવિવાહ અટકાવવા ઉપર વિધવાના સવાલને લટકાવી રાખનારા જુલમીઓ! શું ત્હમે નથી જોતા કે બાલવિવાહ તો ત્હમારા 'રાયબહાદૂર' જેવા ભણ્યાગણ્યા અને રાજ્યમાન ધરાવતા પુરૂષોથી પણ અટકી શકયા નથી, તો ગરીબોથી અને અભણોથી શું અટકવાના હતા! 'કાગડાને મન રમત, અને દેડકાનો જીવ જાય' એવી ત્હમારી રીત છે; ત્હમારે મન 'ચર્ચા' છે, અને હજારો બાળકીઓને મન જીંદગી પર્યંતની 'હોળી' છે. એવા મ્હોટા ધર્મીના દીકરા છો તો જાઓને બાલવિવાહ અટકાવવાનો પ્રયાસ કરવા? 'પોથાં પંડિતો'ને ઘરમાં બેસી 'વાતો' કરવી અને એમની માનેલી પવિત્રતાની વ્યાખ્યાની કિંમત નિર્દોષ બાલિકાઓ પાસે ભરાવવી છે! ઓ ત્રાસ! ઓ જુલ્મ! ઓ મૂર્ખતાની હદ! હું સિદ્ધાંતે મદદે નહિ બોલાવું, પણ વિજળીને, ગર્જનાને, રાજકીય જુલમી ફેરફારોને આમંત્રીશ 'કે' તેઓ આ નિર્માલ્ય સમાજ ઉપર ટૂટી પડે અને ત્હેનું અસ્તિત્વ મટાડે!

---

**પંજાબમાં અમર જૈન બોર્ડીંગઃ**—લાહોરથી ઉક્ત સંસ્થાના ઓ. સેક્રેટરી લખી જણાવે છે કે મરહુમ પુજ્ય શ્રી અમરસિંહજી મહારાજના સ્મરણાર્થે પંજાબી સ્થા. જૈન ભાઇઓ છેલ્લા ૭ વર્ષથી ફંડ કરતા હતા, જેમાં રૂ. ૮૦૦૦ એકઠા થતાં લાહોર ખાતે સ્થા. વિદ્યાર્થીઓ માટે બોર્ડીંગ ખોલવામાં આવી છે, જેમાં ૨૪ કૉલેજીઅન વિદ્યાર્થી રહે છે. પંજાબમાં થતા દરેક પ્રાન્તિક કૉન્ફરન્સના મેલાવડામાં આ સંસ્થા માટે બુલંદ અપીલ કરવામાં આવે છે. આ જોતાં આ ફંડ પંજાબી સ્થાનકવાસી સંઘને જેબ આપનારૂં ગણાશે નહિ. અત્યાર સુધીમાં ૫૦ હજારની રકમ થઇ જવી જોઇતી હતી. આખા પ્રાંતમાં એક જ સંસ્થા અને ત્હેને માટે પણ ૭ વર્ષમાં ફક્ત રૂ. ૮૦૦૦ એકઠા થઇ શકે તે અસહ્ય છે, પંજાબ, આર્યસમાજીઓનું જાગતું જીવતું કર્મક્ષેત્ર છે હમણાં જ હરદ્વાર ગુરૂકૂળનો વાર્ષિક મેલાવડો પંજાબમાં થયો તે પ્રસંગે ૧॥। લાખનું ફંડ થયું. દર વર્ષે મેલાવડા થાય છે અને દરવર્ષે લાખ બે લાખ ભરાયાજ જાય છે ધ્યાનમાં રહે કે સમાજીભાઇઓમાં શેઠીઆ વર્ગ જેવું કાંઇ નથી, ઘણે ભાગે નોકરીઆત વર્ગ છે. પંજાબના સ્થા. જૈનો ત્હેમની નજર આગળના ઉત્સાહપ્રેરક દેખાવો જોવા છતાં આવા ઠંડા રહે એ અફસોસજનક છે.

# [૧૮] હવે ધર્મરાજ બોલ્યો ખરો !

'જૈન શાસન' પત્ર કહે છે કે "ભાવનગરમાં થોડાક વર્ષો થયાં લગ્ન પ્રસંગે ધાર્મીક વરઘોડા ચડાવવાનો એક નવીન આડંબર ઉભો થયો છે. ધર્મના ચુસ્ત હિમાયતીઓ આ રીવાજને અનુમોદન આપી તેને એક ધર્મનો ઉદ્યોગ થતો માને છે, પણ તેની અંદર **જૈનધર્મમાં માન્યકરેલા દેવતત્વની હીનતા અને આશાતના** થાય છે તે તરફ કોઇ ધર્મજ્ઞાતા ગૃહસ્થનું લક્ષ જતું નથી, એ આશ્ચર્યની વાત છે." અને હવે **'શાસન'**ની કલમદ્વારા ધર્મરાજા પોતે બોલે છે કે--"સાંસારિક પ્રસંગોનો લ્હાવો લેવામાં ધાર્મિક પ્રસંગ દર્શાવવો એ એક ધર્મની ગૌણતા કરનારો થાય છે. **સંસાર અને પવિત્ર ધર્મની ક્રિયાનો સહયોગ થઈ શકતો જ નથી,** એ પ્રથમ વિચારવાનું છે." હાર્દિક ધન્યવાદ આ સ્પષ્ટ વક્તવ્ય માટે! હું ફરી ફરીને એ શબ્દો ગોખીશ કે "સંસાર અને પવિત્ર ધર્મની ક્રિયાનો સહયોગ થઇ શકતો જ નથી."—અને તે છતાં જૈન લગ્નવિધિનું મિથ્યાત્વ જૈનોમાં ઘુસી ગયું છે! કામવિકારને દાબવામાં તો ધર્મનું નામ હોય, પણ કામવિકારને ખોરાક આપવામાં—લગ્નમાં—વીતરાગ દેવ અને ત્હેના ધર્મના નામનો સહયોગ થાય એના જેવો બીજો કયો 'મોહ'--ધર્માન્ધતા કે મિથ્યાત્વ હોઇ શકે? ધર્મો આમજ આસ્તેઆસ્તે ભ્રષ્ટ થતા જાય છે. યાદ રહે કે,માણસો જ ધર્મ સ્થાપે છે, મજબૂત કરે છે,અને ભ્રષ્ટ કરે છેઃ કોઇ આકાશમાંનો ફીરસ્તો કે પાતાળનો પરમાધામી આવીને તે કામ કરતો નથી. ફીરસ્તા પણ આપણે છીએ અને પરમાધામી પણ આપણે જ છીએ. જેટલી જેટલી પ્રવૃત્તિઓની જરૂર છે તે **સર્વ** સાથે ધર્મનું નામ આમેજ કરવું એ બુદ્ધિમાનનું કામ નથી. લગ્નની જરૂર પડે છે **એટલા** માટે એમાં જૈન ધર્મનું નામ આમેજ કરવું જોઇએ એમ કહેનારે ભોજન કરવામાં, પાયખાને જવામાં, સંતાન ઉત્પન્ન કરવામાં ઈત્યાદિ સર્વ ક્રિયાઓમાં—કે જે પણ અનિવાર્ય જરૂરીઆત વાળી ક્રિયાઓ છે—જૈન ધર્મનું નામ આમેજ કરવું પડશેઃ—**પાલવશે** જૈનોને એમ કરવું? આપણે ત્રીજી વાર કહીશું કે "સંસાર અને પવિત્ર ધર્મની ક્રિયાનો સહયોગ થઈ શકે જ નહિ"—અને ત્રીજીવાર તે નિડર સત્ય કહેનાર 'શાસન'ને ધન્યવાદ આપીશું.

# [૧૯] અતિરક્ષાનું પરિણામ.

બાળક પડી જશે તો દુઃખી થશે એવા ડરથી બાળકને પોતાના પગ ઉપર ચાલવા નહિ દેનાર પિતા ત્હેનો અને પોતાનો શત્રુ બને છે. ગુમાસ્તાને ધંધાની સઘળી વાત જોવા દઇશું તો તે કોઈ દિવસ વ્યાપારી બની જશે અને આપણી નોકરી છોડી જશે, એવા ભયથી ત્હેને અજાણ્યો રાખનાર શેઠ કોઇક દિવસ પોતાને જ નુકશાન કરી બેસશે. ધર્માચાર્યોએ નરકના જે ભયો ન્હાનાં ન્હાનાં કામોમાં પણ ઘુસાડી દીધા છે તેથી લોકો પવિત્ર થવાને બદલે ઉલટા ધૂતારા થતા ગયા છે, અને નિર્માલ્યતા વધી તે તો વ્યાજમાં!

હિંદમાં આવી બ્રિટિશ પ્રજાએ એવી વ્યવસ્થા કરી નાખી કે લૂટફાટ અને ધાડો વગેરેનું નામનિશાન લગભગ બંધ થઇ ગયું. હિંદીઓને હવે બળ વાપરવાની જરૂર જ પડશે નહિ એમ ધારી સરકારે હથીઆરબંધીનો કાયદો પસાર કર્યો. પરિણામ એ આવ્યું કે, બંગાળમાં ઉપરાછાપરી થતી ધાડો અને લૂટો અને ખૂનોથી બચવા શહેરીઓ પાસે કાંઈ સાધન ન મળે, જ્યહારે બદમાસો તો બંદુકના બ્હાર કરી મારી લૂટી વાતવાતમાં ચાલ્યા જાય છે. કાયદો ગમે તેવા હેતુથી કર્યો, પણ તે હાલ તો બદમાસોને બળ આપનાર અને નિર્દોષ શહેરીઓને નિરાધાર બનાવનાર થઈ પડયો. લડાઇને લીધે થયેલી મોંઘવારીએ મુંબઇમાં લૂટફાટ ઉભી કરી, કલાકો સુધી અને વળતે દિવસે પણ લૂટફાટ ચાલી અને લોકો 'લે બાપા, ત્હારે જોઇએ તે મ્હારે ન જોઇએ' એમ કહી હાથ જોડી દૂર ઉભા રહ્યા કે ભાગવા લાગ્યા. પોલીસની મદદ તો, લૂટ પૂરી થયા પછી આવી પહોંચી. ઠીક છે, આ તો પ્રજા પૈકીના માણસોએ જ લૂટ ચલાવી હતી અને ત્હેમની મતલબ ભૂખમરો બુઝાવવા પુરતી જ હતી તેથી થોડા માણસોનું ધન કે અન્ન જ ગયું, પરન્તુ પ્રાણ જાય તે વખતે શું? હિંદીને પોતાના પ્રાણ બચાવવાનો પણ હક્ક નહિ! આપખુદ જર્મનો ઈંગ્લાંડના લશ્કર ઉપર હમણાં જે રાક્ષસી ધસારો લાવ્યા છે અને જેના પરિણામ ઉપર ઈંગ્લાંડના જીવવા—મરવાનો સવાલ લટકી રહેલો છે એમ ખુદ સરકાર વારંવાર કહે છે અને હિંદ પાસે વધારે માણસોની મદદ માગે છે, એવા વખતે પણ હજી, હથીઆરબંધીનો કાયદો તોડવાનું સુઝતું નથી. વિશ્વાસ કરવોએ નથી, અને હથીઆર વાપરનારા બહાદૂર

માણસો હિંદમાંથી મ્હોટી સંખ્યામાં મેળવવાની આશા પણ છોડવી પાલવતી નથી. કેટલો પરસ્પરવિરોધી સ્વભાવ! એક તો પરાણે પ્રિત કોઈ દિવસ થઈ શકતી નથી અને થાય તો તે અર્થસાધક નીવડે નહિ; બીજું, હથીઆર વગર રહેલી પ્રજાને ગમે તેટલી તાલીમ આપવામાં આવે તેથી કાંઇ ત્હેની પ્રકૃતિમાં **એકાએક** લડાયક જુસ્સો આવી શકે નહિ; ત્રીજું, સરકાર લોકો ઉપર વિશ્વાસ ન રાખે તો લોકો સરકાર માટે ખરી-**જીગરની** 'આગ'થી લડી શકે નહિ અને લડવા જાય તો પણ કાંઇ લીલું વાળી શકે નહિ; કારણ કે જ્યહાં હૃદયનો પડઘો નથી પડતો ત્યહાં ગરમી-જુસ્સો આવી શકે જ નહિ; ચોથું, હથીઆર અને વિશ્વાસ એ બે કે જે દરેક પ્રજા પોતાના રાજ્યકર્ત્તા પાસે **હક્કપૂર્વક** માંગી શકે તે બે ચીજોથી **પ્રજાને** જેટલો ફાયદો છે તેથી વિશેષ તો **સરકારને** છે એમ હરેક શરીરવિજ્ઞાનશાસ્ત્રી અને ઇતિહાસશાસ્ત્રી કહી શકશે. પરન્તુ કેટલીક પળો એવી આવે છે કે જ્યહારે ડાહ્યામાં ડાહ્યા રાજ્યદ્વારીઓ, વિજ્ઞાનશાસ્ત્રીઓ અને ઇતિહાસશાસ્ત્રીઓ **પ્રાથમિક** સત્યો પણ ભૂલી જાય છે; અને બીજાને અન્યાય આપવા જતાં **પોતાને** ઇજા કરનારા થઈ પડે છે,-એવી ઇજા કે જ્હેનાં પરિણામો સૈકાઓ સુધી ભૂલાઇ શકે નહિ. સરકારનો ખરામાં ખરો મિત્ર—વફાદારમાં વફાદાર પ્રજાનાયક-**આ પ્રસંગે** તે જ હોઈ શકે કે જે સરકારની ઇતરાજી વ્હોરીને પણ માનસશાસ્ત્રનું મ્હોટામાં મ્હોટું સત્ય [કે, "જ્યહાં સ્વરક્ષણની શક્તિ નથી ત્યહાં સાચી વફાદારીનું સ્થાન ડરપોક ખુશામત અને li;-loyalty જ લે છે"] સરકારની નજર આગળ આગ્રહપૂર્વક રજુ કરે. ડરપોક અને નિર્બળ માણસો કોઈ દિવસ દીલોજાન મિત્ર, જીગરી આશક કે વફાદાર પ્રજા બની શકે જ નહિ. વફાદારી, આત્મભોગ, પ્રેમ એ સર્વ **તાકાદનાં** સંતાન છે. **નિર્બળતાની** મગદૂર નથી કે તે તેવાં બાળકો જણી શકે. i-loyalty હમેશ ભયંકર છે, ખુશામતીઆ કે બ્હીકણ ભક્તો અને **સેવકો** કરતાં બહાદૂર **શત્રુ** હોવો વધારે ઇચ્છવા જોગ છે. હથીઆરથી લોકો બળવાન થાય અને કોઈ વખત સ્હામા થાય એવો વ્હેમ અસ્થાને છે અને ત્હેના રદીયા હિંદી પ્રજાનાયકોએ હજારો વખત જાહેર કર્યા છે. પરન્તુ એક નવો રદીઓ એ છે કે, જે માની લીધેલા ભયથી સરકાર તે ભય કરતાં પણ મ્હોટું જોખમ ખેડે છે તે ભયને દૂર રાખવાની **ઇચ્છા છતાં** સરકાર પોતે જ હમણાં એક

ખરા ભયને જન્મ આપે છે એનું સરકારને 'ભાન' નથી: દાખલા તરીકે ખેડાના લોકોને જે જાતની વર્તણુંક અને જે જાતની ધમકી આપવામાં આવે છે તે માત્ર લોકોને ભયંકર બનાવવા જેવું જ કામ થાય છે. તેમજ હોમરૂલ ડેપ્યુટેશનને અટકાવવાનું પગલું પણ તેવું જ અવિચારી છે. હથીઆરથી જે ભય માનવામાં આવે છે ત્હેના કરતાં સરકાર પોતે **પોતાના હાથે** જે આ ભય ઉત્પન્ન કરે છે તે વધારે **ગંભીર** છે. હું ન્યાય–અન્યાયની દલીલ કરવા માંગતો નથી; હું માત્ર એક જ કુદરતી સત્ય જણાવવા માગું છું કે, હથીઆરથી પ્રજા બહાદુર અને **ઉંચા ખમીરની** (noble) બનશે, જેથી સરકાર તરફ **સહેજે** વફાદાર થશે; અને ખેડા જેવી સખ્તાઇથી હથીઆર વગરની પ્રજા પણ ભયરૂપ થઇ પડવાનો સંભવ ઉભો થશે. ઇચ્છાપૂર્વક **આપેલું** શૌર્ય તે આપનાર તરફ વફાદારી જ શિખવે, સખ્તાઇથી **આપોઆપ** ઉભરાઈ આવતું શૌર્ય ઉપરીને ભયરૂપ જ થઈ પડે. **આ માનસશાસ્ત્રનો નિયમ છે,** કુદરતનો કાનુન છે. અને આખી દુનિયાપર જહેના હાથ વિસ્તરાયલા છે તેવી શાણી સરકાર આવી દેખીતી ભૂલ થતી અટકાવે તો એમાં રાજા પ્રજા બન્નેનું સદાનું હિત છે અને દુનિયાની શાન્તિનો તે પર જ આધાર છે.

---

# [२०] धर्मादा खातानां कमनशीब.

'જેન' પત્ર જણાવે છે કે, 'ધર્મના કાંટા'ના તથા 'સુરત પાંજરાપોળ'–ના ફંડોના પ્રમુખે પોલીસને ખબર આપી છે કે, ચોપડામાં ગોટાળો કરી ૧૪૦૦૦ રૂપિઆ ઉચાપત કરાયલા જણાય છે અને કેટલાકોની હાજરીમાં તીજોરી ઉઘાડી તપાસતાં ૩૬૦૦૮ ત્હેમની મતલબ લખ–ડીની જગાએ પુસ્તકોના લાટા મુકવામાં માણસોનું ધન કે અન્ન કેમ કે ધર્માદા ખ પ્રાણ **વાંગળાં** વખતે શું? હિંદીને પોતાના પ્રાણ શકયો હશે? ણ નિ નહિ ! આપખુદ જર્મનો ઈંગ્લાંડના લશ્કર હિ જ હોય? રાક્ષસી ધસારો લાવ્યા છે અને જેના પરિણામ ઉ– ઉપજાવવાને કે જીવવા–મરવાનો સવાલ લટકી રહેલો છે એમ ખુદ નહિ જ જડી ર કહે છે અને હિંદ પાસે વધારે માણસોની મદદ હશે? શું પો વખતે પણ હજી, હથીઆરબંધીનો કાયદો તોડવાનું દુનિયામાં કોઈ શ્વાસ કરવો એ નથી, અને હથીઆર વાપરનારા બહાદૂર દેખાતો નહિ હે

સ્થાને શા માટે કરાવતા હશે? પણ સવાલ એ છે કે, ધર્માદાખાતાઓના હિત માટે કોનું મગજ નવરૂં છે? એની રકમ સહીસલામત છે કે નહિ, એનું વ્યાજ બરાબર ઉપજે છે કે નહિ, વારફેર બરાબર થાય છે કે નહિ, તે જોવા કોને પરવા છે? અને જ્યહાં એકઠા થયેલાં નાણાં જાળવવા જેટલી પણ તકલીફ પાલવતી નથી ત્યહાં તે નાણાંનો સારામાં સારો ઉપયોગ થાય છે કે નહિ તે વિચારવાની તકલીફ તો પાલવે જ કેમ? 'ધર્મના કાંટા'ની રકમ પબ્લીકની છે,અને તે આવક નિરંતર ચાલુ છે અને ઘણી મ્હોટી છે, એટલી મ્હોટી કે એમાંથી એકાદ સાયન્સ ઇન્સ્ટીટ્યુટ નભી શકે અને તે દ્વારા દેશને વધારેમાં વધારે જરૂરનું સાયન્સ કે હુન્નરનું શિક્ષણ આપવાનું બની શકે. પણ હાલ તો નવરા ભીખારીઓની મ્હોટી ફોજને મુઠી ચણા આપવામાં કે કોઈ સાહુને જગન્નાથજી જવાનું ભાડું આપવામાં કે એવાં કામોમાં તે આમદાનીનો મ્હોટો ભાગ ખર્ચાઈ જાય છે.કેટલાકો તો **તોફાન** કરીને અન્ન કે ધન મેળવી જાય છે! આવા પોલીસને સ્વાધીન કરવા જેવા માણસોને ઉત્તેજન આપવાનું કામ 'ધર્મના કાંટા'ના ધર્માદા[?] માંથી ચાલે છે! કોઈ કોઈ વખતે કોઇ સંસ્થાને નજીવી રકમ મળે પણ છે, પરન્તુ તે માટે બહોળી લાગવગ અને ખટપટની જરૂર પડે છે."સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહ'ના એકાદ બે વિદ્યાર્થીઓને ઇચ્છા મુજબની સ્કોલરશીપ આપવાની અરજી લખી મોકલવામાં આવી ત્હેનો, મહીનાઓ વીતી જવા છતાં, ઉત્તર જ ન મળે! એકલા 'કાંટા' ના 'અમારે' ની બાબતમાં જ આમ છે એમ કંઈ નથી,આ દેશમા જ્યહાં જુઓ ત્યહાં પ્રાય: લાગવગ અને અંધેર ભર્યાં જ પડ્યા છે! અને તે છતાં આપણને **પારકા** પાસેથી ન્યાય અને રહેમ જોઇએ છે! સ્વરાજ્ય જોઇએ છે!

જૈન શ[illegible]ળ માણસો કોઇ [illegible] સ્વરાજ્ય એ દિવસ સોંપવામાં આવે તો,
[illegible]ર પ્રજા બની શકે જ નહિ. [illegible] થઇ જાય, અને સમર્થ પુરૂષો માર્યા
[illegible]**કાદનાં** સંતાન છે. **નિર્બળતાની** મગ[illegible] સામર્થ્યને [illegible] તે [illegible] પાડનારા
[illegible]કો જણી શકે. i –loyalty હમેશ ભયંકર છે, ખુશા[illegible] [illegible] જ કુદરતની
[illegible]

[illegible]ડીકણ ભક્તો અને **સેવકો** કરતાં બહાદૂર **શત્રુ** હોવો વધ[illegible] [illegible]ક ઉઠાઉ ગી-
જોગ છે. હથીઆરથી લોકો બળવાન થાય અને કોઈ વખ[illegible] પાડે છે. તે
થાય એવો વ્હેમ અસ્થાને છે અને ત્હેના રદીયા હિંદી પ્રાં[illegible] [illegible]ડે ચોક ક્-
હજારો વખત જાહેર કર્યા છે. પરન્તુ એક નવો રદીઓ એ[illegible] [illegible]ી ફર્યાદ કરે
માની લીધેલા ભયથી સરકાર તે ભય કરતાં પણ મ્હોટું [illegible] ખબરપત્રીના
છે તે ભયને દૂર રાખવાની **ઇચ્છા છતાં** સરકાર પોતે જ [illegible]